વિદ્યા વિનોદ.

[illegible]

વનિતા વિનોદ

સ્ત્રી ઉપયોગી સટીક સાહિત્ય સંગ્રહ.

સંયોજક

ઉમેદરામ જદુરામ સ્માર્ત

આ. શિક્ષક, યુનિયન હાઇસ્કૂલ, સુરત.

પ્રથમાવૃત્તિ

સંવત્ ૧૯૭૧ સને ૧૯૧૫

કિંમત રૂ. ૧।

છપાવી પ્રસિદ્ધ કરનાર—ઉમેદરામ જદુરામ સ્માર્ત્ત,
ઠે. ગોપીપુરા—સુરત.

પ્રસિદ્ધ કરવાનું ઠેકાણું—ગોપીપુરા—સુરત.

છાપનાર—ઠાકોરદાસ માનસીંગ.

છાપવાનું ઠેકાણું—"જૈન વિજય પ્રીન્ટીંગ પ્રેસ"
ચૌટાના પુલ ઉપર—સુરત.

ગ્રંથાર્પણ.

સકલગુણસંપન્ન, વિદ્યાનુરાગી

શ્રી. અ. સૌ. માતુશ્રી મહારાણી સાહેબ

શ્રી ચીમનાબાઈ ગાયકવાડ, સી. આઇ.

ની પવિત્ર સેવામાં.

આપ વિદ્યાપ્રેમી નૃપતિના વિદ્યારસિક રાજ્ઞી છો. મહાન પદ્વીએ છતાં આપનું હૃદય નમ્રતામાંજ પ્રભુતા ગણે છે. સ્રી સમાજના ઉન્નતિના કાર્યમાં આપ અગ્રગણ્ય ભાગ લોછો. સ્રીઓની પદવીના ગૌરવનુ ભાન આપે તેમને તથા જનસમાજને એક સુંદર પુસ્તક દ્વારા કરાવ્યું છે. આપનું જીવન સર્વ રીતે એક આર્યાને શોભે તેવું છે. માટે આર્યાવર્તની આર્યાઓની સેવા માટે પ્રકટ થતું આ વનિતા વિનોદ પુસ્તક આપ જેવા એક આદર્શ આર્યા, ગૃહિણી, અને મહારાણીને સમર્પણ કરી કૃતકૃત્ય થાઉં છું.

લી૦ સેવક.

ઉમેદરામ જદુરામ સ્માર્ત.

માતૃભૂમિની આશા.

હરિગીત.

ઓ હિંદની આશા ! સખી ! મુજ નેત્ર કેરી નંદિની !
પ્રારબ્ધની ધાત્રી ! અહો દેવી ! અહો યશવર્ધિની !
ઓ પુત્રી મુજ ! મુજ રંકની આશા બધી તુજ સાથમાં,
તુજથી જ વિશ્વે હું ગણાઈ છું અનાથ સનાથમાં.
તુજ સૌખ્યમાં મુખ સૌખ્ય ને તુજ પુનિતતા બલ બુદ્ધિમાં,
મુજ પુનિતતા બલ બુદ્ધિ છે તુજથી વડી હું વિશ્વમાં.
તુજથી જ હું જગવંદ્ય કે અતિ તુચ્છ છું તો દેવીઓ !
મુજ યાચના અતિ દીન આ લઈ લક્ષમાં સફળી કરો.
ઓ બેનીે તમ જાતિ વિષે વિદ્યાવ્યસન પ્રચલિત કરો,
ને ખીલવી તમ શક્તિઓ બલ બુદ્ધિને સમૃદ્ધ કરો;
એ સમૃદ્ધિ તમ બાલમાં સીંચો અતિ ખતે કરી,
એ બાલમાં મુજ ભાવિની છે ઝળકતી આશા બધી.
દેજો સુશીલ સુધીર ને શૂરવીર સુત મુજ અંકમાં,
જે ઝગઝગાવે જ્યોતિ મુજ ઝાંખી પડેલી વિશ્વમાં.
પામે સુયશ જગમાં વિજયનો ધર્મધ્વજ ફરકાવતા,
પાવન કરે આ વિશ્વને શુભ બોધને વિસ્તારતા.
મુજ બાહુને મુજ બુદ્ધિને મુજ રિદ્ધિને મુજ સિદ્ધિને,
સમૃદ્ધ કરી કંઈ અવનવું પૂરે અલૌકિક તેજને.
જે તેજની જ્યોતિ ઘડીભર આંખ ઠારે વિશ્વની,
તેજોમયી એવા પુનિત સુત અર્પ ઓ મુજ નંદિની.
મેં ભોગવ્યું છે તેજવંતું પુનિત પદ જે પુરવે,
તે ઉચ્ચતર પદમાં પુનઃ અભિષેક મારો એ કરે.
ને જગતની સમૃદ્ધ પ્રજાની પંક્તિમાં લાવે મને,
તેવા સમર્થ સુશીલ વીર ઓ દેવી તું દેજે મને.

સ્વ. જીવાભાઈ અમીચંદ પટેલ.

પ્રસ્તાવના.

આપણો દેશ સ્ત્રી શિક્ષણમાં પછાત છે. અને આપણી એ સ્થિતિ અનિષ્ટ છે તથા તેમાં સુધારો થવો જોઇએ એ વાત સર્વત્ર સમજાવા લાગી છે. કન્યાઓને શિક્ષણ આપવા દિન પર દિન વધારે પ્રયાસ થાય છે. તેમજ સ્ત્રીઓને યોગ્ય વાંચનનાં સાધન પણ યોજાય છે. તેવા એક સાધનરૂપ પ્રસ્તુત પુસ્તક છે. એમાં કેટલાક નવીન લેખો છે અને ઘણાક ઉતારા છે. સ્ત્રીઓને રસ પડે, તેમનું જ્ઞાન વધે, અને તેમને વધારે વાંચવાનો શોખ ઉત્પન્ન થાય એવા હેતુથી ગ્રંથ કર્તાએ આ પુસ્તક પ્રકટ કર્યું છે. અને એ હેતુ સફલ થાય તેવા લેખો તેમાં દાખલ કર્યા છે. શિષ્ટ લેખકોના ગ્રંથોના ઉતારાની પસંદગી કરવામાં ઘટતી સાવચેતી રાખી છે અને તે સ્ત્રી ઉપયોગી થઇ પડે તે બાબત તેમાં કાળજી રાખેલી જણાય છે. સ્ત્રીઓ માટે માસિક ચોપાનીઆં ઉપરાંત આવા પ્રકારનાં પુસ્તકોની જરૂર છે, તે ખોટ આપણી ભાષામાં પુરી પાડવાનો આ એક પ્રયત્ન છે. સાધારણ શિક્ષણ પામેલી કન્યાઓ તે સહેલાઇથી સમજી શકે તેમ છે. વળી હાલમાં મોટી ઉમરની સ્ત્રીઓ માટે 'ગૃહવર્ગો' અથવા 'હોમ કલાસીસ' ઘણે સ્થાને ઉઘાડવામા આવ્યા છે ત્યાં ચઢતા અભ્યાસના વર્ગમાં આવું પુસ્તક ખરેખર ઘણું ઉપયોગી થઇ પડશે, એમ આશા રાખવામાં આવે છે. અંગ્રેજી ભાષામાં Selectionsનાં અનેક પ્રકારનાં પુસ્તકો હોય છે. આપણી ભાષામાં તેવાં બહુ થોડાં છે અને છે તે છેક હાલના સમયનાંજ છે. સાહિત્યના એવા એક ઉણા પ્રદેશમાં, અને ખાસ કરીને સ્ત્રી સાહિત્યના લગભગ ખાલી પ્રદેશમાં આવું પુસ્તક આવકારને પાત્ર છે એ નિઃસંશય છે. રા. સ્માર્તનું આ પુસ્તક સ્ત્રી વર્ગમાં સત્કાર પામશે એવી પૂર્ણ ખાતરી છે. તેઓ ભવિષ્યમાં સ્ત્રી સાહિત્યનાં બીજાં પુસ્તકો પ્રકટ કરશે એવી આશા રાખવામાં આવે છે.

અમદાવાદ.
તા. ૧૬-૮-૧૫

સૌ. વિદ્યા રમણભાઈ નીલકંઠ.

બે બોલ.

શાળાઓમા શિક્ષણ લેતી બાળાઓ, શિક્ષણાનુભવ મંદિરોમા શિક્ષણ પદ્ધતિનો અનુભવ લેતી ભાવિ શિક્ષિકાઓ, અને સકળ ગુજરાતની સાહિત્ય પ્રેમી ગૃહિણીઓની સેવામાં આ પુસ્તકરૂપી પુષ્પાંજલી મૂકતાં પ્રકટ કર્તાને અતિ આનંદ પ્રાપ્ત થાય છે.

વડોદરાના **નામદાર મહારાણી સાહેબે** આ પુસ્તકનુ સમર્પણ સ્વીકાર્યું છે, અને અ. સૌ. વિદુષીબહેન વિદ્યાગૌરીએ આ પુસ્તકની પ્રસ્તાવના લખી આપવા કૃપા કરી છે, એજ આ પુસ્તકની ઉપયોગીતા વિષે સાક્ષી પુરેછે.

જોડણીની બાબતમાં વર્નાક્યુલર ટેક્સ્ટ બુક કમીટીના નિયમો અનુસરવાનો બનતો પ્રયત્ન કરવામાં આવ્યો છે.

જે જે કર્તાઓના લેખો આ સંગ્રહમાં લેવામા આવ્યા છે, અને જે જે વિદ્વાનોએ આ પુસ્તકના સંબંધમાં ઉપયોગી સૂચનાઓ કરી છે તેમનો હું આભારી છું. વળી મારા મિત્રો—રા. રા. એમ. જે અંજારીઆ બી. એ. એસ. ટી. સી. ડી. હેડમાસ્તર શ્રીસયાજી હાઇસ્કૂલ, તથા રા. રા. રતનરામ ઉત્તમરામ ભટ, સંસ્કૃત શિક્ષક સાર્વજનીક હાઇસ્કૂલ સુરત, (સાહિત્ય વિલાસના કર્તા) કે જેઓએ આ પુસ્તકના સંબંધમાં ઘણોજ પરિશ્રમ લીધો છે તેમનો હું આ સ્થળે અંતઃકરણપૂર્વક આભાર માનુંછું.

દોષરહિત તો કાંઈ હોતું નથી તદનુસાર આ પુસ્તકમા દોષ તો હશેજ, તો તે સુધારીને વાંચવાને અને તે તરફ મારૂં લક્ષ ખેંચવાને વિદ્વજ્જનો પ્રતિ મારી પ્રાર્થના છે.

યુનિયન હાઇસ્કૂલ,
સુરત.
તા. ૧ લી સપ્ટેમ્બર ૧૯૧૫.

લિ.
ઉ. જ. સ્માર્ત.

અનુક્રમણિકા.

વનિતા વિનોદ.

પદ્ય.

*આ લેખની ઉપર કર્તાનું નામ ચોપડીમાં ૨૬૬ મે પાને **'મોતીલાલ સક્કાવાળા'** ભૂલથી છાપવાનું રહી ગયું છે. પા. ૨૬૭ થી ૨૭૩ ને મથાળે **'શીઘ્ર કવિ શંકરલાલ'** ને બદલે **'મોતીલાલ સક્કાવાળા'** વાંચવું.

વનિતા વિનોદ.

નરસિંહ મહેતો.

૧—પ્રભાતીઉં.

ધન્યરે ધન્ય મહાપુણ્ય જશોદાતણું, પુત્રભાવે પરિબ્રહ્મ રાજે;
નંદનો નંદ આનંદ થઈ અવતર્યા, શેષ બળિભદ્ર સંગે બિરાજે. ધન્યરે.
અમર આહીર અરધાંગ ગોપાંગના, વૃક્ષવેલી સર્વે ઋષીરાણી,
ભક્તિ તે રાધિકા, મુક્તિ જશોમતી, વ્રજ વૈકુંઠ તે વેદવાણી. ધન્યરે.
નિગમ વસુદેવજી, ગાય ગોપી ઋચા, દેવકી બ્રહ્મવિવાદ કહાવે;
બ્રહ્મા કરલાકડી, વેણુ મહાદેવજી, પચવદન કરી ગાન ગાવે. ધન્યરે.
ઈંદ્રિ અર્જુન અહકાર દુર્યોધન, દેવતા સર્વે અવતાર લીધો;
ધર્મ તે રાય યુધિષ્ઠિર જાણજો, દાસનો દાસ નરસૈંને કીધો. ધન્યરે.

૨—પ્રભાતીઉં.

ઊઠ ઉતાવળો, ચાસ્યને વિઠ્ઠલા, ગોવિંદ ગાયને વચ્છ ધાવે;
જાગને જાદવા, જનની જશોદા વદે, કહાન કાં ઘણી તને નિદ્રા આવે. ઊઠ
દંતધાવન કરો, આળસ પરહરો, રજનીતિમિર ગયું પોહો ફાટયુ;
કૂર ને કરમળો, શે ન શિરાવતો, દહીંરે દામોદરા થાય ખાટું. ઊઠ.
બારણા બહાર બળિભદ્ર ઉભા રહ્યા, જોરે વહાલા તારી વાટ જોયે;
નરસૈના સ્વામિનુ, મુખડું દીઠડે, માતાનું મનડું અતિરે મોહે. ઊઠ

૩—દ્રૌપદીની પ્રાર્થના.

પદ.

દ્વારકાના વાસીરે, અવસરે આવજોરે, રાણી રુક્મિણિકેરા કંથ;
દુષ્ટ દુર્યોધનરે, લાગ્યો મને પીડવારે, પ્રભુ મારા ચોગમ ન્યાળું તારો પંથ.—ટેક.
સોડ તાણીને રે, શુરે સુતો શામળારે, આળસ મોડીને ઊઠો આજ;
લક્ષ્મીજી તળાંસેરે, પાવન તારા પાવલાંરે, અમપર મહેર કરો મહારાજ. દ્વા.
ગ્રાહ થકીરે, ગજ મુકાવિયો રે, કીધી તમે સુધન્વાની સહાય;
નરસિંહરૂપે રે હિરણ્યકશિપુ હણ્યોરે, પ્રહ્‌લાદ ઉગાર્યો લાગ્યો પાય. દ્વા.
છપ્પનક્રોડ રે જાદવ તાહરા રે, સાથ બળિભદ્ર સરીખા ભ્રાત;
કાળીનાગ નાથ્યોરે, જરાસંધ જીતીઓરે, તે બળ ક્યાં ગયું મારા નાથ. દ્વા.
વસમી વેળમાંરે, વહારે ચડો વિઠ્ઠલારે, ધાજો તમે છત્રપતિ નિરધાર;
અસવારી કરજોરે, ગરુડની ઉપરે રે, નરસૈંઓ વીનવે વારંવાર. દ્વા.

૪—પ્રભાતીઉં.—નાગદમન.

જલકમલ છાંડી જાનેબાળા, સ્વામી અમારો જાગશે;
જાગશે તને મારશે, મને બાળહત્યા લાગશે. જલ.
કહે રે બાલક તું મારગ ભૂલ્યો, કે તારા વેરીએ વળાવીઓ;
નિશ્ચય તારો કાળજ ખૂટયો, અહીંઆં તે શીદ આવીઓ. જલ.
નથી નાગણ હું મારગ ભૂલ્યો નથી મારા વેરીએ વળાવીઓ;
મથુરા નગરીમાં જુગટું રમતાં, નાગનું શીશ હું હારીઓ. જલ.
રંગે રૂડો રુપે પૂરો, દીસંતો કોડીલો કોડામણો;
તારી માતાએ કેટલા જન્મ્યા, તેમાં તું અળખામણો. જલ.
મારી માતાએ બેઉ જન્મ્યા, તેમાં હું નટવર નહાનડો;
જગાડ તારા નાગને, મારૂં નામ કૃષ્ણ કહાનડો. જલ.

લાખ સવાનો મારો હાર આપું, આપુંરે તુજને દોરીઓ;
એટલુ મારા નાગથી છાનું, આપુ તુજને ચોરીઓ. જલ.
શુ કરૂ નાગણુ હાર તારો, શુ કરૂ તારો દોરીઓ;
શાને કાજે નાગણુ તારે, કરવી ઘરમાં ચોરીઓ જલ.
ચરણુ ચાંપી મૂછ મરડી, નાગણે નાગ જગાવીઓ;
ઊઠોને બળવંત કોઈ, બારણે બાલક આવીઓ. જલ.
બેઉ બળીયા બાથે વળગ્યા, કૃષ્ણે કાલિનાગ નાથીઓ;
સહસ્ર ફેણુ ફુંફવે જેમ, ગગન ગાજે હાથીઓ. જલ.
નાગણુ સૌ વિલાપ કરે જે, નાગને બહુ દુઃખ આપશે;
મથુરા નગરીમાં લઈ જશે, પછી નાગનું શીશ કાપશે. જલ.
બેઉ કર જોડીને વીનવે, સ્વામી, મૂકો અમારા કથને;
અમે અપરાધી કાંઇ ન સમજ્યાં, ન ઓળખ્યા ભગવતને. જલ.
થાળ ભરી સગ મોતીએ, શ્રીકૃષ્ણને રે વધાવીઓ;
નરસૈંઆના નાથ પાસેથી, નાગણે નાગ છોડાવીઓ જલ.

૫—વિપત્તિમાં ધૈર્ય.

રાગ વેરાવળ.

સુખ દુઃખ મનમાં ન આણીએ, ઘટ સાથે રે ઘડીઆં;
ટાળ્યાં તે કોઇનાં નવ ટળે, રઘુનાથનાં જડીઆં સુખ દુઃખ-ટેક.
નલ રાજા સરખો નર નહીં, જેની દમયંતી રાણી;
અર્ધે વસ્ત્રે વનમાં ભમ્યાં, ન મળ્યાં અન્ન ને પાણી. સુખ દુઃખ૦
પાંચ પાંડવ સરખા બંધવા, જેને દ્રૌપદી રાણી;
બાર વરસ વન ભોગવ્યાં, નયણે નિદ્રા ન આણી. સુખ દુઃખ૦
સીતા સરખી સતી નહીં, જેના રામજી સ્વામી;
રાવણુ તેને હરી ગયો, સતી મહા દુઃખ પામી. સુખ દુઃખ૦

રાવણ સરીખો રાજીઓ, જેની મદોદરી * રાણી;
દશ મસ્તક છેદાઈ ગયાં, બધી લંકા લુંટાણી સુખ દુઃખ૦
હરિશ્ચંદ્ર રાય સતવાદીઓ, તારાલોચનિ રાણી;
તેને વિપત્તિ બહુ પડી, ભર્યાં નીચ ઘેર પાણી. સુખ દુઃખ૦
શિવજી સરખા સતા નહીં, જેની પાર્વતી રાણી;
ભોળવાયા ભીલડી થકી, તપમાં ખામી ગણાણી. સુખ દુઃખ૦
સર્વ દેવને જ્યારે ભીડ પડી, સમર્યા અંતરજામી;
ભાવટ ભાંગી ભૂધરે, મહેતા નરસૈંને સ્વામી. સુખ દુઃખ૦

૬—પોપટ વિષે.

રાગ રામગ્રી.

પઢોરે પોપટ રાજા રામના, સતી સીતા પઢાવે;
પાસે બંધાવી પાંજરૂ, મુખે રામ જપાવે. પઢોરે.
પોપટ તારે કારણે, લીલા વાંસ વઢાવું;
તેનું ઘડાવું પોપટ પાંજરૂં, હીરા રતને જડાવું. પઢોરે.
પોપટ તારે કારણે, શી શી રસોઈ રંધાવું;
સાકરનાં કરી ચૂરમાં, ઉપર ઘી પીરસાવું. પઢોરે.
પાંખ પીળીને પગ પાંડુરા, કોટે કંઠલો કાળો;
નરસૈંયાના સ્વામીને ભજો, રાગ તાણી રૂપાળો. પઢોરે.

પ્રેમાનંદ.

૭—ઓખાનું સ્વપ્નુ અને ચિત્રલેહાનુ આશ્વાસન.

રાગ વેરાડી.

આશા ભંગ થઈ ભામિની, રૂએ સ્તુતિ કરે સ્વામીની;
ચિત્રલેહા ભણી તે ગઈ, ઊઠ બેની તું શું સૂઈ રહી.
છે ચતુર કોભાંડ કુમારી, પૂછે વાત સકળ વિસ્તારી;
ચિત્રલેહા કહે સુણ બાળી, કેમ રૂએ છે આંસુડાં ઢાળી.
જાગી મૈયર એબાકૂળી, કેમ રૂએ છે કન્યા વ્યાકૂળી;
આવડી ઓખા શાને કાંપી, શકે ઓથારે તુજને ચાંપી.
મારી મોટી તું રહે છાની, તને રક્ષા કરે રે ભવાની;
કહે બેની તને શું હતું, સ્વપ્નામાં દીઠું કાંઈ નવું.
ઓખા કહેછે કર્મે દઇ હાથ, થોડા સારૂ ડુબ્યો મે નાથ;
હસતાં રમતાં ચઢી ગયો ક્રોધ, ફોકટ ફાંસૂ થયો વિરોધ.
કર દીવો ને ઘર નિહાળીએ, છે તો આટલામાં પિયુ ભાળીએ;
ચિત્રલેહા કહે ઘેલી થઈ, દેવે અહીંઆં અવાયે નહીં.
આવી ન શકે પ્રાણી પંખના, એ તો સ્વપ્નાની ઝંખના;
પિયુ પિયુ કરતાં તું સૂતી, માટે સ્વપ્નામાં દીઠો પતી.
સ્વપ્ને નિર્ધન પામે ધન, સ્વપ્ને વંઝા પ્રસવે તન;
જાગે ને ઠાલો ઉછંગ, સ્વપ્ન મૃગજળના તરંગ.
ઇંદ્રજાળની જેવી વસ્ત, ગ્રહીએ ને ઠાલો હસ્ત;
લભ્ય ન થાય દીઠું સ્વપ્ને, દર્પણ રૂપ ન આવે કને.
ગાંધર્વ નગર ને ગગન કુસુમ, ભોગ અસ્થિર સ્વપ્નના તેમ;
નિદ્રાવશ મન ક્યાંહીં ભમે, સ્વપ્ન સુખ નહિ સાચું ક્યમે.

ચિત્રલેહાએ દીધી હારણુ, સખી ઓખાને આપે ધારણુ;
કુંવરીનું મનાવા મન, કીધો દીપ ફેરવ્યો ભવન.
તપાસ્યું માળીઉ, ચારે પાસ, પડી, ઓખા થઈને નિરાશ;
વાધી વિરહતણી વેદના, મૂર્છાગત થઈ અચેતના.

ચિત્રલેહાએ બેઠી કરી, હૃદયે ચાંપી બે ભુજ ભરી;
ચિત્રલેહા કહે સુણ સતી, સાવધાન થા તું, લાવું પતિ.
કેમ વિસર્યું ઉમાનું વચન, સ્વપ્ને વરશો સ્વામિજન;
ઓખા કહે મને સ્મરણ થઈ, આણી આપ પ્રભુને અહીં.

વિધાત્રી કહે શું તેનું નામ, સ્વપ્ને સ્વામીનું કોણ ગામ;
કોણ જાત પિતા ને માત, લઈ આવું કહે માંડી વાત.

ઓખા કહે કર્મે દઈ ભુજ, વારે વારે શું પૂછે મુજ;
મન મળવા રહ્યું ટમટમી, તેનું રૂપ અંતર રહ્યું રમી.
ઓખા કહે હું તો ઘેલી થઈ, નામ ઠામ પુછાયુ નહીં;
નાત જાત ને માત પિતાય, પ્રીછિ નહિ જે પ્રથમ પુછાય.
રૂપ કળા મને મન ગમી, તે સ્વરૂપ રહ્યું ચિત્ત રમી,
બાહ્ય નાથે મિથ્યા મને દમી, સુખ સૂરજ ગયો આથમી.

નિશા નહિ જાયે નિર્ગમી, મળવા મનડું રહ્યું ટમટમી,
વિરહ દુઃખ ન રહેવાય ખમી, લાવ નાથને ચરણે નમી.

સખી કહે કર્મ દઈ હાથ, તું માંડી કહે બધી વાત;
મિથ્યા વાત કહેછે મને, નામ ઠામ વિના લાવું કોને.

તું કાંઇએક આશરો વધ, તારા સ્વામીને લાવું સધ;
ઓખા બોલે છે આલપંપાળ, આવે તો ઓળખું તત્કાળ.

ઘણું રૂપ સબળ છે સારૂં, તેણે ચિત્તડું ચોર્યું મારૂં;
લાવ સખી શીઘ્ર તેહને, નહિ તો પાડું મારા દેહને.
સ્વામિ વિના તો જીવવું વૃથા, માટે પિંડ પાડું સર્વથા;

વલણ.

પિંડ હું પાડું સર્વથા, આજ ન આવે સ્વામીરે;
ચિત્રલેહા રૂપ ચીતરે, કાગળમાં બહુ કામીરે.

૮—અનિરુદ્ધ સ્વરુપાલેખન.

રાગ નટની દેશી.

કાગળ રંગ લીધોરે વિધાત્રી, ભાતભાતનાં, ચિતરે સ્વરુપ;
સ્વર્ગના સુર પાતાળના પન્નગ, લખીઆ તે ભૂમિના ભૂપ. કાગળ.
વાયુ વરુણ ને પાવક લખીઆ, જક્ષરાય ને જંમ,
ઓખા કહે તું લઘુને મૂકીને વૃદ્ધને દેખાડે ક્યમ. કાગળ.
ગણેશ ઇશ ને અંબુઇશ લખીઆ, લખીઆ તે સેનાના ધીશ;
જુગ્મ તુરૈયા સક્તિ જોતડાવ્યા, તોએ ધુણાવે શીશ. કાગળ.
પ્રભાકર સુધાકર લખીઆ, ગિરીજાવર ગંભીર;
ઓખા કહે એમાં કોઈ નહીં, મારા સ્વામીજી કેરું શરીર. કાગળ.
અષ્ટ વસુ ગુણુ ગાંધર્વ લખીઆ, લખીઆ તે બારે મેહ;
સપ્ત જળનિધિ અષ્ટ ધાતુકર, લખી તે તેની દેહ. કાગળ.
વેદ મુનિ ને જુગ્મ વીણાધર, લખીઆ તે ચિત્રવિચિત્ર;
મારુતગણુ ને લખીઆ વિદ્યાધર, સપ્ત ઋષિજી પવિત્ર. કાગળ.
શત કૈરવ ને પાંચ પાંડવ, દેશ દેશના રાય;
કન્યાના કોઈ મનમાં ન આવે, આકુળ વ્યાકુળ થાય. કાગળ.
ચતુરભુજ પીતાંબરધારી, લખીયા તે શ્રીમહારાજ;
દીઠા શ્રીકૃષ્ણુ ને ઓખા ઊઠી, કીધી વડસસરાની લાજ. કાગળ.
અરે સહિયર એ બિયાનારે કુળમાં, છે મારો ભરથાર;
તવ પ્રદ્યુમ્નને લખી દેખાડયો, લાજ કીધી બીજી વાર. કાગળ.

કન્યા કહે અવયવ પ્રભુના, આ પુરૂષ કોઇ વૃદ્ધ,
ચિત્રલેખાએ લખી દેખાડયો, કાગળમાં અનિરુદ્ધ. કાગળ.
મુગટ ભમરપર વદન સુધાકર, નેત્ર બે અંબુજ;
ઘેલી ઓખા ધાઇને ભેટી, કાગળને ભરી ભુજ. કાગળ.
ધન્ય ધન્ય નાથજી, હાથ ગ્રહીને, ન મૂકીએ તે બીડી સારૂ;
હૃદય અબળાનું હોય કાચું, કુણ ગજું છે મારૂં. કાગળ.
ના ના ઓશો મારા સમ છે, લાજો છો શા મારે;
ચિત્રલેહા કહે ન હોય સ્વામી, વળગ્યામાં કાગળ ફાટે. કાગળ.

વલણ.

કાગળ ફાટે કામની, ચિત્રલેહા બોલી વાણીરે;
ઓખા કહે તું દ્વારિકાથી, આપ પ્રભૂને આણીરે.

૯

અનિરુદ્ધને લાવવા માટે ઓખા ચિત્રલેહાને વિનવે છે.

રાગ મારૂ.

ઓખા કહે છે સૂણ સાહેલી, લાવ નાથને વહેલી વહેલી;
બાઈ તું છે સુખની દાતા, લાવ સ્વામીને થાય સુખ શાતા.
ઓખા તને તો પડ્યા એ હેવા, સખી આણ્યાના ઉપાય કેવા;
તને પરણ્યાતણું મન થાય, નથી લાવ્યાનો એક ઉપાય.
દૂર પંથ છે દ્વારામતી, કેમ જવાય મારી વતી;
ત્યાં તો જઈ ન શકે રાય શક્ર, રક્ષા કારણ ફરેછે ચક્ર.
જીવતાં તો ફરી ન અવાય, નિશ્ચે મસ્તક છેદન થાય;
જાતુ જોજન સહસ્ર અગીઆર, તારો કેમ આવે ભરથાર.

નયણે નીરની ધારા વહેછે, કર જોડીને કન્યા કહેછે;
બાઈ તારી ગતિ છે મોટી, તને તો ન કરે કોઈ ખોટી.
સહિયરને સહિયર હોય વાલી, બાઈ તેં મને હાથે ઝાલી;
આપણે બે બાળસંઘાતી, તું તો પ્રાણદાતા છે વિધાત્રી.
માબાપ વેરી થયાં મારાં, મેં તો ચરણ સેવ્યાં છે તારાં;
ચિત્રલેખા તું દીન દયાળ, એમ કહિને પગે લાગી બાળ.
ચિત્રલેહાએ ધારણા દીધી, પછી કાયા પક્ષિણીની કીધી;
બોલિ ચિત્રલેહા સત્ય વાણી, ક્ષણ એકમાં આપું આણી.
તેશું પરણાવું રૂડી રીત, તો તું જાણજે મારી પ્રીત;
ઓખા કહે રહેજે રૂડે આચરણે, રખે અનિરૂદ્ધને તું પરણે.
સખિ સુંદર વરને જાણી, રખે થાતી તું પટરાણી;
એનો અતિશે છે હાથ રૂપાળો, રખે મેળવે તું હાથેવાળો.
બાઈ જાદવ વર છે રૂડો, રખે પહેરીને બેસતી ચૂડો;
બાઈ જશ્નને આવજે તર્તે, રખે તે સાથે મંગળ વર્તે.
સખિ આવજે વહેલી વહેલી, વહાણું વાતાં પહેલી પહેલી;
બાઈ તારો છે વિશ્વાસ, રખે કરતી મને નિરાશ.
કોઈ ન જાણે એવું કરજે, વેગે સ્વામીને લઈને ફરજે;
જો જાણશે પિતા બાણ, તો તો આપણા લેશે પ્રાણ.
તું તો કરજે સ્વામીનું જતંન, મુજ રાંકને હાથ રતંન;
પછે પંથે વળાવિ વિધાત્રી, પક્ષિણી મન વેગે જાતી.
દ્વારિકા પહોંચી કામિની, છેલ્લી દોઢ પહોર રહી યામિની;
જાવા કીધું નગરમાં મન, એવે આવ્યું સુદરશન.
જેવું મસ્તક છેદે બળમાં, કન્યા પેઠી ગોમતિના જળમાં;
એવે નારદ ઋષિ ત્યાં આવી, ચક્રભયથકી કન્યા મુકાવી.
કહે નારદ સુદરશન, એને લઈ જવા દેજે તંન;
એ તો કામ છે કૃષ્ણને ગમતું, માટે રખે તું એને દમતું.

પછે ઉદકની અંજલિ લીધી, મંત્ર વિધાત્રી નિર્ભય કીધી;
તામસી વિદ્યા ઋષિએ આપી, પછે પીઠ પ્રેમદાની થાપી.
હવે અલ્પ રહી છે રાત્રિ, જા લે અનિરૂદ્ધને તું વિધાત્રી;
ગયુ ચક્ર તે પશ્ચિમ પાસે, ઋષિ, નારદ વળીઆ આકાશે.
ચાલી ચિત્રલેખા જોતી ગામ, સામસામાં શોભીતાં છે ધામ;
સપ્ત ભોમિના ભવન તે ભાસે, જોતાં ભૂખ તરસ તે નાસે.
બહુ કળશ ધજા બિરાજે, જોતાં અમરાપુરી તો લાજે;
શોભે છજાં ઝરૂખા ને માળ, મણીમય થંભ ઝાકઝમાળ.
વાંકી બારી ને ગોખે જાળી, લીલા કાચ મૂકયા છે હાળી;
લીંપી ભીંતે સોનાની ગાર, ચળકે કામ તે મીનાકાર.
ભલાં ચૌટાં શેરી ને પોળ, સામસામી હાટની ઓળ;
ઘેર ઘેર તે વાટિકા કુંજ, કરે ભમર તે ગુંજાગુંજ.
મોટા માતંગ ઘૂમે ને ડોલે, ગુણગાન બંદીજન બોલે;
દીસે દ્વારિકા વૈકુંઠ સરખી, ચિત્રલેહાએ નગરી નિરખી.
દુર્ગ કોસીસાં રૂડાં બિરાજે, ચારે પાસે રત્નાગર ગાજે;
ત્યાં ગોમતિનો સંગમ, ઉદ્ધરે સ્થાવર ને જંગમ.
શકે અવાસ અડશે વ્યોમ, જાણે વૈકુંઠ આણ્યુ ભોમ;
ઘેર ઘેર હરિગુણ ગાય, ચિત્રલેહા તે જોતી જાય.
વસુદેવનાં ઘર નિહાળી, ગઈ જ્યાં વસે શ્રીવનમાળી;
હરિના સાઠ લાખ છે તંન, જોયાં તેહતણાં ભવંન.
જોયું કામધામ ઝોતકાર, દીઠો મેડીએ કામકુમાર;
અનિરૂદ્ધ સૂતોછે હિંડોળે, ત્યાં દાસીઓ વાયુ ઢોળે.
શોભે દીપક ચારે પાસ, બે ચરણ તળાંસે દાસ;
ત્યાં બાવનાં ચંદન બહેકે, બહુ હિંડોળે ફુમતાં લહેકે.
કામકુંવર તે કામ જ જેવો, ચિત્રલેહાને ચોરી લેવો.
લેવા કુંવરને કારણ, સમર્યું નિદ્રાનું ધારણ;
રાતે જે કોઈ જાગતું હતું, તે તો જે જેમ તે તેમ સૂતું.

ધારણુ ભારણુ ભારી કાયા, વ્યામમાન થઈ જોગમાયા;
અનિરુદ્ધતણી કિંકરી, તે તો સૂતી નિદ્રાએ ભરી.
ચિત્રલેહા ઘરમાં ગઈ, પણ કુંવર જાગ્યો નહીં;
ત્યાં વિચાર અંતરમાં કીધો, કડાં કાઢી હિંડોળો લીધો.
એ બે દાંડી કરમાં ઝાલી, ખેચર રીતે તે ચતુરા ચાલી;
કરે યત્ન અંતરમાં વહાલ, એવી ઊડિ જે આવે ન આલ.
ગોવિંદે ગોઠવણી કીધી, જાણી જોઈને જાવા દીધી;
ઘેર ઓખા જુવે છે વાટ, નાવ્યા નાથ ને થાય ઉચાટ.
એવે સાંભળી પાંખ જ વાગી, ત્યારે ઓખાની આરત ભાંગી,
લાવી ચિત્રલેહા કહેવા લાગી, આપ વધામણી મુખ માગી.
આ નાથ તારો હિંડોળે, નર નાગી મળો તમે ટોળે.

સાખી.

ટોળે મળો તમે તારૂણી, આ તારો ભરથાર;
પછી ઓખાએ ચિત્રલેહાને, દિધા સોળ શણગાર.

૧૦—બાણુમતીએ ઓખાને આપેલી શિખામણ.

રાગ ધન્યાશ્રી.

પુત્રી પધારોરે, સૌભાગ્ય સાસરે, ભાગ્ય તમારૂંરે તુલના કુણ કરે;
અમે અપરાધી બહુ, અવગુણ ભર્યાં, પુત્રી તમનેરે, અતિ દુખીઆં કર્યાં.

રાગ બીભાસની.

દુ:ખ પામી દીકરી તે, મરણ લગી કેમ વીસરે;
માત પિતા વેરી થયાં તારાં, મનની ખટપટ કેમ નીસરે.

બાઈ બાપે તુને બંધનમાં રાખી, દુઃખ વેઠયું બહુ દીકરી;
મોટું ઘર કુળ પામી તે તો, તું તારે ભાગ્યે કરી.
ઉગ્ર પુણ્યે ઓખાબાઈ તમો, પામ્યાં અનિરુદ્ધ નાથને;
તે સુખ આગળ દુઃખ વિસાર્યું, જોખમ બાણના હાથને.
શિક્ષા દઉં તને દીકરી, મારી તારી લાજ વધારજે;
જો પ્રીતે પિયુ આજ્ઞા આપે, તો પીયરભણી પધારજે.
ઉગ્રસેન હળધર પ્રધુમન, વાસુદેવ ત્રિભુવન ધણી;
શ્વશુર પક્ષમાં સર્વ કુટુંબની, સેવા ભક્તિ કરજો ઘણી.
રુક્મિણી જાંબુવતી ને ભદ્રા, સત્યભામા સત્ય સુંદરી;
લક્ષ્મણા કાલિંદી વૃંદા અષ્ટ પટરાણી ખરી.
રતી રંભાવતી દેવકી, માયાવતી સતી રેવતી;
રખે દીકરી આળસ કરતી, તું ચરણ તેના સેવતી.
રુડી ભુંડી વાત સાંભળી હોય, કોઇ આગળ નવ ચેહેરીએ;
ઉઘાડા કેશ ન મૂકીએ, ઘણું ઝીણું વસ્ત્ર ન પેહેરીએ.
કામ ઘરનાં બતાવ્યાં કરીએ, ન કીરએ કાંઇ અરંપરું;
પૂછ્યા પુંકે સૂક્ષ્મ સાદે, બોલીએ જાઈને ખરું.
પાત્ર પગે નવ ઠેલીએ, ક્ષમા રાખીએ બહુ ઉદરે;
આઘું ઓઢી ચાલીએ, રાખીએ દૃષ્ટિ ભૂમિપરે.
સંતાપ સાસરે ન કીજીએ, પીયરને નવ વખાણીએ;
લક્ષ દુઃખ હોય સાસરે, પણ સ્વામીને ન જણાવીએ.
દાસી માણસનો સંગ ન કીજે, નીચને મળે માઠું સહી;
સાસુ રીસ કરે ઘણી, પણ સામો બોલ કરીએ નહિ.
સાસુ નણંદ ને જેઠાણીની, સેવા ભક્તિ કરજો ઘણી;
પર ઘેર નિત્ય જઇએ નહીં, ગયે હલકાઇ થાયે આપણી.
મોટે સ્વરે હસીએ નહીં, કોઈ સાથે તાળી નવ દીજીએ;
ઉભાં રહી ઉઘાડે માથે, પુત્રી પાણી ન પીજીએ.

ભરથાર પહેલું જમીએ નહીં, બાઈ ઉચ્છિષ્ટ જમીએ નાથનું;
તુંકારીએ નહીં સેવક આદે, મન રાખીએ સર્વે સાથનું.
માત પિતા ને ભ્રાત ભગિની, પીયર સુખ ન સંભારીએ;
આવો બેસો જીજી કહીને, કુળની લાજ વધારીએ.
સહુને ગમતું બોલીએ, બાઈ અહંકાર કરીએ નહીં;
હસતું વદન નિત્ય રાખીએ, સુખ દુઃખ સમાન ગણીએ સહી.
દિવસે ન સૂઈએ દીકરી, બહેન વચન પિયુનું પાળીએ;
સાસુજી જ્યારે સાદ કરે, ત્યારે જીજી કરી ઉત્તર આલીએ.
શ્વશુર જેઠની લાજ કીજે, ન બોલીએ ઉંચે સ્વરે;
એમ ઘણી શિક્ષા દઈ માતા, પુત્રીને વિદાય કરે.

વલણ.

વિદાય કરે પુત્રીને, ધન વસ્ત્ર દઈ અપારરે;
માતપિતા વળાવવા આવ્યાં, સાથે કુટુંબ પરિવારરે.

૧૧—ઓખાની વિદાયગીરી.

રાગ કેદારો.

ઓખા બાઈ ચાલ્યાં ચાલણહાર, સાથ મૂક્યો સહિયરતણોરે;
મૂક્યાં માતપિતા પરિવાર, સાથ લીધો જાદવતણોરે.
ઓખા બાઈએ ભરીયાં નયણે નીર, મનમાં આનંદ અતિ ઘણોરે;
ચિત્રલેહા આવી દેવા ધીર, મિલાપ કરી ઓખાતણોરે.
બન્યો ભેટયાં હૈડાં સાથ, મનમાં આનંદ પામીઆંરે;
ભલે પામી તું અનિરૂદ્ધ નાથ, દુઃખ તે સઘળાં વામીઆંરે.
આપણ રમતાં સહિયર સાથ, સુખમાં તે બહુ મહાલતાંરે;
હવે લીધો બાઈ જાદવ સાથ, અમને મૂકી થયાં ચાલતાંરે.

મોટું ઘર પામી સહિયર તું, રાજી હું મનમાં થઈરે;
સુખમાં તારે બાકી શું, પીડા તુજ મનતણી ગઈરે.
બેની ડાહ્યાં થાજો આપ, માયા મનમાં રાખજોરે;
બોલ્યુ ચાલ્યુ કરજો માફ, વહેલાં તે દર્શન દાખજોરે.
ત્યારે કહેછે ઓખાબાઈ, ચિત્રલેહાને પાયે પડીરે;
બેની તુજ સાચી સગાઈ, સહુ સહિયરમાં તું વડીરે.
બાઇ તેં ઝાલ્યો મારો હાથ, રક્ષા કીધી મુજતણીરે;
મેળવી આપ્યો તેં અનિરુદ્ધ નાથ, દયા આણી તેં ઘણીરે.
જ્યારે જપતી પતિ મન માંહી, વ્યાકુળ બેની હું થતીરે;
સુબોધ કરતી મુજને ત્યાંહી, સમજ મુજમાં ન હતીરે.
અનેક ગુણ છે તારા બેન, તે મુજને નહીં વિસરેરે;
તુજ વિના મુજને નહીં ચેન, હેતે મુજ હૈડુ ઠરેરે.
બાઈ તુજને કહું આપોઆપ, સહિયર કો દિન આવશુરે;
અપરાધ મારો કરજે માફ, કુશળતા અમો કહાવશુંરે.
એમ કહી ભરતી નયણે નીર, ચિત્રલેહા છાની રાખતીરે;
બેની ભીંજે તારાં ચીર, હૈડાં સાથે ચાંપતીરે.
એટલે આવી ઓખાની માત, નયણે નીરધારા વહેરે;
પુત્રી મારી સાંભળ વાત, મુજ શિખામણ મન લહેરે.
તુજને કહેતી ગુંજની વાત, દૂર પધારશો દીકરીરે;
હવે મુજને કોણ કરશે શાંત, કોને જોઈને રહું ઠરીરે.
બેની મધુરી બોલતી વાણ, તે મુજને બહુ સાંભરેરે;
વહાલી તું તો મારા પ્રાણ, વિસારી નહીં વિસરેરે.
બેની રૂડાં તારાં ભાગ્ય, દીપાવ્યો જાદવ સાથનેરે;
પુત્રી રહેજો અખંડ સૌભાગ્ય, પામ્યાં અનિરૂદ્ધ નાથનેરે.
એમ દીધો ત્યાં આશીર્વાદ, મહિયર વહેલાં આવજોરે;
સેવો પવિત્ર સાસુના પાદ. દુઃખ હોય દોહ્યલાં કહાવજોરે.

ઓખાબાઇ રહેજો દ્વારિકાંમાંહી, ત્યાં અમને સંભારજોરે;
ગોમતી નહાજો જઇને ત્યાંહી, ત્રણે પક્ષને તારજોરે.
એમ કહી દૂર રહી ત્યાં માત, નિરખેછે નયણાં ભરીરે;
એટલે આવ્યો સહિયર સાથ, મળવા તૈયારી કરીરે.
સાસરે જાઓછો તમે બેન, ગમશે નહીં અમને કંઇરે;
તુજ વિના નહીં અમને ચેન, સહિયર તું સમી કો નહીરે.
બેની રમતાં આપણ સાથ, સહિયર ટોળે સહુ મળીરે;
હવે પામ્યાં અનિરૂદ્ધ નાથ, પાછાં પિયર આવજો વળીરે.
બેની તું મા આંસુ પાડ, છાની રહેને તું જરીરે;
એટલે ત્યાં આવ્યો કૌભાંડ, બેની વાત કહુ ખરીરે.
અદકી ઓછી કહી હોય વાત, તે મનમાં નવ રાખજોરે;
ક્ષમા કરજો મારી માત, વહેલાં મુખડું દાખજોરે.
એમ સર્વે મળી ભેટ્યાં ત્યાંહે, માતપિતા સહિયર સહુરે;
વાત કરેછે માંહોમાંહે, મનમાં આનંદ છે બહુરે.

વલણ.

ઓખાને સંતોષીઆં, ન્યૂન ન રાખી કાંયરે;
જાનીવાસે ગોત્રજ આગળ, દોરડો કેમ છોડાયરે.

૧૨—દમયંતી બાળકોને મોસાળ વળાવે છે.

રાગ મેવાડો.

મોસાળ પધારોરે, મોસાળ પધારો—
મોસાળ પધારોરે બાહુઆંરે, મારાં લાડકવાયાં બે બાળ;
નમાયાં થઇ વરતજો, સહેજો મામીની ગાળ—મોસાળ.

હૃદયા ચાંપેરે; રાણી હૃદયા ચાંપે,—
હૃદયા ચાંપે પેટનેરે, એ છેલ્લું વેહ્લું લાડ;
હવે મળવાં દોહલાંરે, મળીએ તો પ્રભુને પાડ—મોસાળ.
થયાં માત વહોણાંરે, થયાં માત વહોણાં,—
માત વહોણાં થયાં દામણાંરે, નહીં કો રુડો સાથ;
રૂએ રાણી હૃદયા ફાટેરે, કોણ માથે ફેરવશે હાથ—મોસાળ
મંદિરના ગુરૂજીરે, મંદિરના ગુરૂજી,—
મંદિરના ગુરૂજી સુદેવજીરે, તમારે ખોળે સોંપું બે તંન;
જઇ કહેજો મારી માતનેરે, જીવની પેરે કરજો જતંન—મોસાળ.
પુત્રી જમાઈરે, તમતણાં પુત્રી જમાઈ,—
પુત્રી જમાઈ તમતણાં, કહેજો વનમાં પુર્યો વાસ;
જઈ કહેજો મારા તાતનેરે, અમ જોગીનો લે તપાસ—મોસાળ.
ચુંબન કરતીરે, માવડી ચુંબન કરતી,—
ચુંબન કરતી માવડીરે, ફરી ફરી મુખ જોય;
હૈયેથકાં નવ ઉતરેરે, એમ કહી દમયંતી રોય—મોસાળ.

વલણ.

ગેયે રાણી અતિ ઘણું, વત્સ સોંપ્યા ગુરુકર માંહેરે;
ઋષિ સાથે બે બાળકાં, વળાવ્યા નળરાયેરે.

૧૩—દમયંતીનું માસીને ત્યાં આગમન.

રાગ ગોડી.

દમયંતી મંદિરમાં પળે, અવાસ ન આવે આંખડી તળે;
ભાનુમતી જોઇ વિસ્મય હવી, કહે પ્રેમદા કોણે પરભવી.

પ્રભુતા તારા તનમાં રમે, ભાગ્યવાન દીસે કાં વન ભમે:
છો રૂદ્રાણી બ્રહ્માણી કે વૈષ્ણવી, કોણ કારણ રૂપ ધર્યું માનવી.
લૌકિક કષ્ટ વેઠોછો માત, કહો મન મૂકી જથારથ વાત;
બાઈ હું માનવી સર્વથા, કર્મ જોગે ભોગવવી વ્યથા.
નર નારીએ તીર્થે જાત્રા માંડી, અંતરિયાળ પ્રભુ ગયા છાંડી;
ન જાણીએ શું દુઃખ મનમાં ધરી, નિશાએ નાથ ગયો પરહરી.
કર્મ કથા એ માતા મારી, માસી કહે સાંભળ નારી;
કહીં એક તું દીઠી છે ખરી, જાણે ભગિનીની દીકરી.
પણ તેને નોહે અવસ્થા એવી, રૂપે છે તું દમયંતી જેવી;
સુખે રહે સદનમાં સતી, તું મારે જેવી ઇંદુમતી
સુબાહુ મારો સુત જેહ, બેન કહીને રાખશે તેહ;
કહે દમયંતી રાખી મામ, નહીં કરૂં હું નીચું કામ
દહાડી એક વિપ્રને આપું અંન, હવિષ્યાન્ન કરૂં ભોજંન;
એવું સાંભળી હરખ્યાં રાણી, રાખી પ્રેમદા ઉલ્લટ આણી.
સતી નામ ધરાવી રહી, દમયંતી ઓળખાઈ નહીં,
રાત દિન કરે નળનુ ધ્યાન, વિદેશી વિપ્રને આપે આમાન.
તેડાવે ટેલીઓ વાટે જતો, જાણે નળ સ્વામી થાય છતો,
હવિષ્યાન્ન જમે ને અવની સૂએ, દેહ દમન કરી દિન ખૂએ.
સાંભરે સુખ ત્યારે તન તપે, રાત દિવસ નળને જપે;
એમ ઘણા દિવસ ગયા વહી, કળીને મન ચિંતા થઈ.
નળથી મંન ચળે નહીં સતી, તો કેમ વરાય મારી વતી.
જો દ્વેષ આણે નળ સાથે, તો દમયંતી આવે હાથે.
કાંઈ વળી વિપત પાડું, એને માસી સાથે વઢાડું;
માસીની કુંવરી ઈંદુમતી, એક દિવસે નહાતી હતી.
દમયંતી પાસે તે સમે, સંગ ઇંદુમતીને ગમે;
મોતીનો હાર કંઠેથી કહાડયો, ભીંતને ટોડલે વળગાડયો.

ટોડલામાં પેઠો પાપી કળી, મુક્તાફળની માળા ગળી;
ઇંદુમતીએ માંડયો શણુગાર, જુએ તો નવ દેખે હાર.
અરો પરો તે ખોળ્યો ઘણું, વિચાર્યું એ કૃત્ય દાસી તણું;
પૂછ્યું દાસી તેડીને એકાંત, બાઈ તુજપર આવે છે ભ્રાંત.
લાવ વહેલી ક્યાં મૂકી માળા, દમયંતીને લાગી જ્વાળા;
બાઈ બેન મા ચડાવો આળ, પૃથ્વી જાશે રસાતાળ.
જોઈ બોલવું વદને વાંક, સ્વામીદ્રોહી પડે કુંભીપાક

વલણ.

કુભીપાક પડે સર્વથા, સાચું ન બોલે જેહરે;
ઘેર રાખી રંક જાણી, હવે કાં આપો છેહરે.

૧૪–દમયંતીપર આરોપ.

રાગ પરજીયો.

ઇંદુમતી કહે બાઈ સાંભળ, લોકને કાં સંભળાવો;
કહે વૈદરભી વણુ ચોરીએ, શા માટે અકળાવો.

હાથમાંહેથી હાર લઈને, ના કહે કેમ ચાલે;
તસ્કર કરીને તો બાંધે, જો વસ્તુ હાથે ઝાલે.

મિથ્યા હું કહેતી નથી, કોણુ માળા લે તુજ પાખે;
એવી ચોરટી હું હઉં તો, રાજમાતા કેમ રાખે.

માતા મારીએ માન દીધુ, સતી સરખી જાણી;
અસાધવી મુને કેમ ઓળખી, શું લેતાં અણોછે પાણી.

અમે પરીક્ષા તારી કરી, જો ભરથારે પરહરી;
બાઈ હું મેણું જોગ થઈ, તમારા ઘરની પેટભરી.

ચોરી કરવી આંખ ભરવી એ તે ક્યાંનો ન્યાય,
એવે રાજમાતા પધાર્યાં, રોઈ બંને કન્યાય.
આપ આપણું દુઃખ કહે માતાને, નયણે ઢાળી આંસુ,
એક કહે મારો હાર લીધો, એક કહે ચોરી ફાંસુ.
ચતુર શિરોમણી રાજમાતા, અંતરમાં વિમાસે;
માળા ગઈ તે મોટું અચરજ, સતીને કેમ કહેવાશે.
તું તો દેવી જેવી દીસેછે, નારાયણની દાસ;
આપો હાર ક્લેશ નિવર્તે, જો કીધુ હોય હાસ.
સરખે સરખાંમાં હોય કૌતક, આપો હાર મોતી તણો;
રાજકુવર રિસાળ ઘણું છે, જાણે થશે ક્લેશ ઘણો.
માળા હોય આપણા ઘરની, તો ફરી શોધ નવ કીજે,
છે શ્વશુર પક્ષની સર્વે જાણે, તેને શો ઉત્તર દીજે.
હૃદે ફાટતે કહે દમયતી, અપવાદ દીધો એવો,
હાં હાં બાઈજી હાર તમારો લીધો છે મેં દેવો.
ન ઘટે રાજમાતાજી તમને, દુઃખ દેવું ઘેર રાખી,
અમો ન હોઉ ચોરી કરનારાં, છૌં જશનાં અભિલાખી
ઈંદુમતી કહે આપે છૂટશો, શો શોર કરવો ઠાલો;
માળા મારી કરમાં મૂકો, જો જશ હોયે વહાલો
સેવક સખીઓ એમ કહેછે, એણીએ માળા લીધી;
મારો બાંધો તાણો પછાડો, અબળા આકળી કીધી.

વલણ.

કીધી એ નિશ્ચે ચોરટી, રાજમાતાએ જણાવી રીસરે;
દમયંતી દુઃખ પામી ઘણું, પછે સમર્યા શ્રીજગદીશરે.

૧૫-દમયંતીના દુઃખોદ્‌ગાર અને પ્રભુ પ્રત્યે પ્રાર્થના.

રાગ મારૂ.

હો હરિ સત્યતણા સંઘાતી, હરિ હું કહીંએ નથી સમાતી;
હરિ મારે કોણુ જન્મના કરતું, પ્રભુ ચોરીથકી શું નરતું.
હરિ હું શા માટે દુઃખ પામુ, પ્રભુ જુઓ હું રાંકડી સામુ;
હરિ તમે ગ્રાહથી ગજ મુકાવ્યો, તો હું ઉપર શો રોષ આવ્યો.
હરિ હું નથી દુઃખની ધીર, તમો છો વિપત સમેના વીર;
હરિ તમે મન અપરાધ ન લાવો, હરિ તમે અનાથબંધુ કહાવો.
હરિ હુ તો હરખે હણાઈ, હરિ હું ચોરટીમાં ગણાઈ;
હરિ હું કેની ને કોણુતણી, હરિ જુઓ હું રાંકડી ભણી.
હરિ હું તારી સેવા ચૂકી, તો નળે વનમાં મૂકી;
હરિ મેં વિપ્ર ન પૂજ્યા હાથે, તેથી શું તરછોડી નાથે.
હરિ મેં શિવ ન પૂજ્યા જળે, તો શું રોતી મૂકી નળે;
હરિ દોહેલે ઉદર ભરવું. હરિ મુજને ઘટેછે મરવુ.
હરિ હું ભરથારે છાંડી, હવે દુઃખ કહું કેને માંડી;
હરિ મેં કોણુ પાતક કીધાં, હરિ મેં સાધુને મેણાં દીધાં.
હરિ મેં રાખ્યું હોય સત્ય, જો વહાલા હોય નળપત્ય;
મારા કોટિક છે અવગુણુ, પણુ તમો તો છો રે નિપુણુ.
અપરાધ સર્વે વિસારી, ચઢો વિઠ્ઠલા વહારે મારી;
જો નહિ આવો જગદીશ, તો પ્રાણુ હું મારા તજીશ.
એવું કહીને આંખે ભર્યું જળ, અમો અબળા તણું શું બળ;
એવું મનમાં ધરીયું ધ્યાન, સતીની વારે ચઢયા ભગવાન.
અંતરજામીએ બુધ દીધી, સતીએ આંખ રાતડી કીધી;
કહે માસીને કરી ક્રોધ, ફરી કરો હારની શોધ.
સાખી સૂરજ વિષ્ણુ ને વાય, જો મેં કીધો હોય અન્યાય;

બાઇ હાર તમારો જડજો, લેનારો ફાટી પડજો.
એવું કહેતામાં કળીજુગ નાઠો, ત્યારે તડાક ટોડલો ફાટયો;
માંહે થકી પડયો નીસરી હાર, સતીને ત્રૂઠયા વિશ્વાધાર.
અંત્રિક્ષથી અકસ્માત, વરસ્યો હારતણો વરસાદ;
એક એકપેં અદકાં મોતી, રાજમાતા ટગટગ જોતી.
પછે દમયંતીને પાગે, રાજમાતા ફરી ફરી લાગે;
બાઈ તું છે મોટી સાધ, મારો ક્ષમા કરો અપરાધ.
ઈદુમતી થઈ ઓશિયાળી, મુખડું ન દેખાડે વાળી.

વલણ.

વાળી મુખ દેખાડે નહીં, સત સતીનું રહ્યું રે;
બ્રહદશ્વ કહે યુધિષ્ઠિરને, વૈદર્ભ દેશમાં શું થયુંરે.

બૃ. કા.

મામેરૂ.

૧૬ રાગ આશાવરી.

શ્રીગુરૂ ગણપતિ શારદા, હું સમરૂં સુખે સર્વદા;
મનમુદા કહું મામેરૂં, મહેતાતણુંરે.

ઢાળ.

મામેરૂં મહેતાતણું, પદબંધ કરવા આશ;
નરસિંહ મહેતો ભક્ત બ્રાહ્મણ, જુનાગઢમાં વાસ.

ભાભીએ એક વચન કહ્યું, મહેતાને લાગી દાઝ;
પરિત્યાગ કીધો ઘરતણો, મહેતો વન ગયા તપકાજ.

તે વનવિષે એક દહેરું દીઠું, અપૂજ્ય શિવનું લિંગ;
નરસૈંયે તેની પૂજા કીધી, અંતરમાંહી ઉમંગ.

ઉપવાસ સાત મહેતે કર્યા, તવ રીઝયા શ્રીમહાદેવ,
કમળની પેરે લિંગ વિકાસ્યું, પ્રભુ પ્રગટ થયા તતખેવ.

કર્પૂર ગૌર સ્વરુપ શોભા, ધર્યા ઉમયા ડાબે પાસ;
બિરાજે જટામાં જાહ્નવી, લીલવટ ચંદ્ર પ્રકાશ.

છે રુંઢમાળા સર્પભૂષણ, વાઘાંબર ગજ ચમ;
વાજે ડાક ડમરૂ શંખ શૃંગી, મહેતે દીઠા પરિબ્રહ્મ.

તવ નરસૈંયો જઈ લાગ્યો, ત્યારે મસ્તક મૂકયો હાથ;
માગ, માગ, હું કૃપાળ છું, એમ બોલ્યા ઉમયાનાથ.

મહેતો કહે મહાદેવજી, એક માગું છુ સ્વામીન;
તમતણું દર્શન પામીઓ, હવે વિષ્ણુનુ દર્શન.

ધન્ય ધન્ય સાધુ શિવ કહે, તને ભક્તિની છે આશ.
અખંડ વ્રજમાં ગયા તેડી જ્યાં, હરિ રમે છે રાસ.

વલણ.

રાસમંડળતણી રચના, લીલા શી વખાણે કવી;
નરસૈંઓ કૃતારથ થયો, તે કૃપા શ્રીહરની હવી.

રાગ ધન્યાશ્રી.

અદ્ભુત લીલા રાસ વિરાજેજી, દર્શન કીધે ભવદુઃખ ભાજેજી;
ગોપિકા ગાય વાજિત્ર વાજેજી, મહા સુખ દીધું શિવ મહારાજેજી.

ઢાળ.

મહારાજ શિવ મહારાજજીએ ગ્રહ્યો મહેતાનો હાથ;
તે સદાશિવને દેખીને, સામા આવ્યા વૈકુંઠનાથ.
હરિ હર હરખીને મળ્યા, નમી ગોપી શિવને પાય;
નરસૈંઓ જઈ નમ્યો નાથને, તવ પૂછે ગોકુળરાય.
કહો સદાશિવ આ કોણ છે, તમે દેખાડયો આ ઠામ;
મહાદેવ કહે એ દાસ તમારો વિપ્ર નરસિંહ નામ.
ભક્તિ ઇચ્છે તમારી, કીર્તન કરે ગુણ ગાય;
કરુણા કરો શ્રીકૃષ્ણજી, તવ બોલ્યા વૈકુંઠરાય.
હાથ ગ્રહી તમે તેડી લાવ્યા, સદાશિવ ભગવાન;
એ નરસૈંઓ મેં ભક્ત કીધો, ઉદ્ધવ વિદુર સમાન.
મસ્તક ઉપર હાથ મૂકી, કહે શ્રીગોપાળરે;
દુઃખ વેળા મને સંભારજે હું ધાઈ આવીશ તત્કાળ.
કરજે તું કીર્તન ભક્તિ મારી તરીશ ભવસંસાર;
આ દીઠી તેવી લીલા ગાજે, કેવળ રસ શૃંગાર.
પછી રાસમંડળતણી રચના, દેખાડી તેણીવાર;
નરસિંહ મહેતા પ્રત્યે બોલ્યા, સ્વામી શ્રીત્રિપુરાર.
રખે લોકાચાર મનમાહિં ગણતો, મસ્તક સાટે ભક્તિ;
રાધાકૃષ્ણનો વિહાર ગાજે, જુએ તેવી જુક્તિ.
અંતર્ધ્યાન થયા એમ કહીને, ભોળા શંકર દેવ;
પળ માત્રમાં નરસૈંને મૂક્યો, જુનેગઢ તતખેવ.
થઈ નરસૈંઆની નિર્મળ વાણિ, કવિ શક્તિ ભક્તિ અપાર;
રાધાકૃષ્ણશું રંગ લાગ્યો, ગણે તૃણવત સંસાર.
પછી તાલ વાતા ગીત ગાતા, પધાર્યા પુરમાંય;
નરસિંહ મહેતો જઈને નમીઆ, ભાભીકેરે પાય.

તમને ગોરાણી મેં પ્રમાણી, હુંને કહ્યું કઠણ વચંન;
હરિ હર બંને મુજને મળ્યા, તે ભાભી તમારૂં પુણ્ય.

વલણ.

પુણ્ય તમારૂ માત મારી, મને મળ્યા શ્રીપરિબ્રહ્મરે;
છે સાધવી સ્ત્રી મહેતાતણી, પછી માંડયો ગૃહસ્થાશ્રમરે.

રાગ વેરાડી.

મહેતે માંડયો ગૃહસ્થાશ્રમ, પતિવ્રતા ઘેર નારી પર્મ;
દામોદરની સેવા કરે, માળા તિલક ને મુદ્રા ધરે.
સાધુ વેરાગી વૈષ્ણવ સંગ, શંખ તાળ ને વાજે ચંગ;
ચોક માંહી તુળસીનાં વંન, અહર્નિશ થાયે કિર્તન.
નહિ ખેતી ઉદ્યમ વેપાર, હરિભગત મહેતો તદાકાર;
જે આવે તે વૈષ્ણવ જમે, ગુણ ગાઈને દહાડા નિર્ગમે.
વિશ્વંભર પુરૂં પાડે અન્ન, વિશ્વાસ ઘણો મહેતાને મંન;
બે સંતાન આપ્યાં ગોપાળ, એક પુત્રીને એક જ બાળ.
શામળદાસ કુંવરનું નામ, તે પરણાવ્યો રૂડે ઠામ;
કુંવરબાઈ નામે દીકરી, પરણાવ્યાં રૂડો વિવાહ કરી.
પામ્યાં મરણ પત્ની ને પુત્ર, મહેતાણું ભાંગ્યું ઘરસૂત્ર;
પતિવ્રતા વહુ વિધવા થઈ, કુંવર બાઈ તે કુશળી રહી.
સ્ત્રી પુત્ર મરતે રોયાં લોક, મહેતાને તલ માત્ર ન શોક;
ભલું થયું ભાંગ્યો જંજાળ, સુખે ભજશું શ્રીગોપાળ.
કુંવર બાઈ પછે મોટી થઈ. આણું આવ્યું ને સાસરે ગઈ;
સસરો શ્રીરંગ મહેતો નામ, મોટું ઘર કહાવે બહુ દામ.
છે સાસરીઆંને ઘણું અભિમાન ધનનું તે અતિ કરે ગુમાન;
નણંદ જેઠાણી વાંકું ભણે. કુંવર બાઈને દુબળી ગણે.

આવો વૈષ્ણવની દીકરી, સાસરવેલ સૌ પાવન કરી;
ચેષ્ટા કરે સાસુ ગર્વભરી, કુંવરબાઈ નવ બોલે ફરી.
છે લઘુવેષ નહાનો ભરથાર, તે નવ પ્રીછે વિવેક વિચાર;
કુંવર બાઈનુ આવ્યું સીમંત, સાદર વાત ન પૂછે કંથ.
રૂપ દેખી અતિ વહુવરતણું, સાસરીઆં મન હરખે ઘણું;
કહે મહેતો હરિનો છે દાસ, મોસાળાંની શી કરવી આશ.
વહુનો ઓરિયો વીતે ખરો, કાંઈક મોસાળું ઘરથી કરો;
દુર્બળની દીકરી રાંકડી, આચાર કરી બાંધો રાખડી.
ન કહાવ્યું પીયર ન કોને કહ્યું, પંચમાસી તો એળે ગયું;
સીમંતના રહ્યા થોડા દંન, કુંવરબાઈને થઈ ચિંતા મંન.
ઓશિયાળી દીસે દામણી, વહુવર આવી સાસુ ભણી;
બોલી અબળા નામી શીશ, બાઈજી રખે કરતાં રીસ.
આપણો ગોર પંડ્યો ખોખલો, જુનાગઢ સુધી મોકલો;
મોકલો લખાવી કંકોતરી, તવ સાસુ બોલી ગર્વે ભરી.
કાં વહુવર તને ઘેલું લાગ્યું, મા મુઈ ત્યારે મહોયર ભાંગ્યુ;
તાળ વજાડે કીર્તન કરે, નાચી ખુંદીને ઉદર ભરે.
દરિદ્ર ઘરમાં ફેરા ફરે તે મોસાળું ક્યાંથી કરે;
જે સગાંથી અર્થ નવ સરે, શું થાય તેને નોતર્યે
મહેતાને વહાલું હરિનું નામ, જોવા મળશે બાધુ ગામ;
તમને ડોસો મળવાનુ હેત. અમો નાતમાં થઈએ ફજેત.
તમારો સસરો લાજે બાઈ, વણુ આવે સરશે વેવાઈ;
કુવર બાઈ તવ આંસુ ભરી, સાસુ પ્રત્યે બોલી ફરી.
બાઈજી એમ બોલતાં શુ ફગો, દુર્બળ પણ પોતાનો સગો;
અહીં આવી પાછા જાશે ફરી, એ મિષે મળશું બાપ દીકરી
સાસુને મન કરુણા થઈ, પોતાના સ્વામીને પૂછ્યું જઈ;
રહ્યા સીમંતના થોડા દહાડા, કુંવર વહુ લે છે આડા.

લખી મોકલો કંકોતરી, મળવા ધોને બાપ દીકરી;
વેવાઈને લખીએ એક પત્ર જેમ તેમ કરતાં આવજો અત્ર.
શ્રીરંગ મહેતો પરમ દયાળ, કાગળ એક લખ્યો તત્કાળ;
સ્વસ્તિશ્રી જુનાગઢ ગામ, જે હરિ વૈષ્ણવનો વિશ્રામ
નાગરી નાતતણા શણગાર, સાધુશિરોમણિ પરમ દયાળ:
ભક્તનાયક વૈષ્ણવના ધણી, સદા કૃપા હોય કેશવતણી.
સર્વોપમા જોગ કરુણાધામ, મહેતા શ્રીપંચ નરસં નામ;
અહીં સહુને છે કુશળક્ષેમ, લખજો પત્ર તમો આણી પ્રેમ
એક વધામણીતણો સમાચાર, અમારા ભાગ્યતણો નહિ પાર;
કુંવર વહુને આવ્યું સીમંત, અમ ઉપર ત્રુઠા ભગવંત.
માઘ શુદિ સપ્તમી રવિવાર, મુહૂર્ત અમે લીધું નિર્ધાર;
તમો તે દિન નિશ્ચય આવજો, સગાં મિત્ર સાથે લાવજો
ન આણશો મનમાં આશંક, તમ આવે પામ્યા લાખ ટંક;
ઉજળો સગો આવ્યો બારણે, સોનાનો મેરૂ કીજે વારણે.
જો મહેતાજી નહિ આવો તમો, ખરેખરા દુભાઇશું અમો;
આપ્યું પત્ર ગુરના કરમાંય, પંડયો ખોખલો કર્યો વિદાય
કુંવરબાઈએ તેડયા ઋષિરાય, એકાંતે બેસાડી લાગી પાય;
ત્યાં બે દહાડા પરણા રહેજો, મહેતાને સમજાવી કહેજો.
કાંઈ મોસાળું સારૂ લાવજો, સંપત્ત હોય તો ત્યાં આવજો;
કાંઈ નામ થાય જો પૃથ્વી તળે, સાસરીઆંનું મેણું ટળે
જો અવસર આ સુનો જશે, ભાનું મેણું મુજને થશે;
બોલબાણ નણદી મારશે, શત્રુનું કામ દીયર સારશે.
રખે નાગરી નાતે કૌતક થાય, તમારે માથે છે વૈકુંઠ રાય;
પંડયો ખોખલો કીધો વિદાય, સંઘ પહોતો જુનાગઢ માંય.

વલણ.

જુનાગઢમાં આવીઆ, મહેતો લાગ્યા પાય રે:
સ્તવન સ્તુતિ પૂજા કરી, પંડે માંડી પાટ સુખદાયરે.

રાગ ધનાશ્રી.

ખોખલે પંડે પત્ર જ આપ્યુ, મહેતાજીને હાથજી;
વધામણી કાગળમાં વાંચી, સમર્યા વૈકુંઠનાથજી.
મામેરૂં પુત્રીને કરવું, ઘરમાં નથી ખોટો દામજી;
ત્રીકમજી ત્રેવડમાં રહેજો, દ્રવ્યતણું છે કામજી.
ભોજન કરાવી દક્ષિણા આપી, મહેતો લાગ્યા પાયજી;
મોસાળુ લેઈ અમો આવીશું, પંડ્યો કીધો વિદાયજી.
નરસૈં મહેતે ઘેર તેડાવ્યા, સગા તે વૈષ્ણવ સંતજી;
મોસાળું લઈ આપણે જાવું, છે કુંવરબાઇનું સીમંતજી.
જુની વેલ ને ધૂંસરિ વાંકી, સાંગી સોટા ભાગીજી,
કોના તળાવા ને કોની પીંજણિયો, બળદ આણ્યા બે માગીજી.
મહેતોજી મામેરે ચાલ્યા, સમર્યા શ્રી જગદીશજી;
ત્રણ સખીઓ સંઘાતે ચાલી, વેરાગી દશ વીશજી.
સંપુટ ત્રાંબાની ડાબલીનો, તેમાં બાળમુકુંદજી;
કંઠે હાર કરીને રાખ્યા, દામોદર નંદનંદજી.
વેલની પુંઠે કોથળો બાંધ્યો, માંહી ભર્યાં વાજીંત્રજી;
ગાંઠડી એક ગોપીચંદનની, તુળસી કાષ્ટ પવિત્રજી.
મોસાળાની સામગ્રીમાં, તિલક ને તુળસીમાળજી;
નરસૈંયાને નિર્ભય છે જે, ભોગવશે ગોપાળજી
બળ હીણા બળદો શું હીંડે, ઠેલે વૈષ્ણવ સાથજી;
શોર પાડે ને હાળ ચડાવે, જે જે વૈકુંઠ નાથજી.

એક બળદ ગળીઓ થઈ બેસે આખલો તાણી જાયજી;
પઆને પૂછ ગ્રહી ઉઠાડે, કૌતુક કોટી થાયજી.
સાલે સાલ જુજવાં દીસે, રથતણાં બહુ વક્રજી;
સાંગીનો બહુ શબ્દ જ ઊડે, ચૂચવે છે બહુ ચક્રજી.
ચડે બેસે ને વળી ઉતરે, લે રામ કૃષ્ણનું નામજી:
મધ્યાહ્નને મહેતાજી આવ્યા, જોવા મળ્યું ઉના ગામજી.
શું જાણે વૈષ્ણવનો મહીમા, વિષયી પુરનાં લોકજી;
કોડ પહોંતા કુંવર વહુના મામેરૂં છે રોકજી.

વલણ.

રોક મામેરૂં મહેતો લાવ્યા, જુઓ વૈષ્ણવની વસાતરે.
અકેકી માળા આપશે તો, પહેરશે નાગરી નાતરે.

રાગ મારૂ.

સુણી શ્રીરંગ મહેતો આવ્યા ધાઈ, ભાવે ભેટયા બને વેવાઈ;
મળ્યો જમાઈ જમાઈનો ભ્રાત, મળ્યો સહુ નાગરનો સાથ.
કપટે ભેટીને પાછા ખસે, જોઈ જોઈ સામગ્રીને હસે,
ઉતરવા ઘર આપ્યું એક, ઝાઝાં ચાંચડ મચ્છર વિશેક.
ખાડા ટેકરા વસમો ઠામ, ઉપર નળીઆનું નહિ નામ;
કોહ્યું છાજને જુની વળી, ભીંત્યો દોદશ બેવડ વળી.
ઝાઝા માંકણુ ઝાઝા જુઆ, ત્યાં મહેતાના ઉતારા હુઆ;
વેવાઈ ગયા ઉતારો કરી, બોલે હસણી નાત નાગરી.
કુંવર વહુના વૈષ્ણવ બાપ, દર્શન કરીને ખોઈએ પાપ;
મહેતાને જોવા હરખે ભરી, ઘેરઘેરથી ચાલી સુંદરી.
મન વિના મહેતાને નમે, સારૂં થયું જે આવ્યા તમે;
માંહો માંહી કહે સુંદરી, મહેતો દીઠે દીઠા હરિ.

જુઓ સાથ કેવો ફૂટડો, એને પરમેશ્વર ત્રુઠડો;
કુંવર વહુનું ભાંગ્યું દુઃખ, એવું કહીને મરડે મુખ.
જુઓ બળદ મહેતાજી તણા, બગાઈઓ શબ્દ કરે છે ઘણા;
વજાડશે મંડપમાં ચંગ, નાગરી નાતમાં રહેશે રંગ.
આ ગાંઠડી વળગાડી લટકે, તાળના જોડા બાંધ્યા પટકે;
તુળસી કાષ્ટતણો એ ભારો, હવે મામેરાનો શો ઉધારો.
છાબમાં તુળસી દળ મૂકશે, ઉભો રહીને શંખ ફૂંકશે;
વેરાગી હરિના ગુણ ગાશે, એટલે મોસાળું પુરૂ થાશે.
એમ નાગરી કૌતક કરે, ટોળ કરીને પાછી ફરે;
કુવર બાઈએ જાણી વાત, મોસાળું લઈ આવ્યા તાત.
ઉતાવળી મળવાને ધસી, બોલી નણદી મર્મે હસી;
આ શું પિતા પુત્રીનું હેત, શાને કરવા આવ્યો ફજેત.
લજાવ્યુ સાત પેઢીનું નામ, સાથે વેરાગીનું શું કામ;
શું મળવા ચાલ્યાં એકલાં, એ બાપથી ન બાપા ભલાં.
કઠણ બોલ એવો સાંભળી, કુવર બાઈ બોલી પાછી વળી;
નણદી શું મચ્છર આવડો, પુઠળથી બાઈ શું બડબડો.
સુખી પિતા હશે જે તણો, તે પુત્રીને લાભજ ઘણો;
કોનો પિતા લખેશરી કહાવે, તે તો મારે શે ખપ આવે.
રાંક પિતા આવ્યો મુજ ઘેર, એક કાપડું સોનાનો મેર;
તમે મન માને તે કહો, એ પિતા મારે જીવતો રહો.
મર્મ વચન નણદીને કહી, પછે પિતા પાસે પુત્રી ગઈ;
દૂરથકી દીઠી દીકરી, મહેતાએ સમર્યા શ્રીહરિ.
અન્યોન્ય નયણાં ભરી, ભેટયાં બેઉઓ આદર કરી;
મહેતે મસ્તક મૂકી હાથ, પાસે બેસાડી પૂછી વાત.
કુંવર બાઈ કહો કુશળક્ષેમ, સાસરીઆં, કાંઈ આણે છે પ્રેમ;
રૂડો દિવસ આવ્યો દીકરી, તો મોસાળું કરશે શ્રીહરિ.

કુંવર બાઈ બોલી વિનતિ, મોસાળું કાંઈ લાવ્યા નથી;
નાગરી નાતે રહેશે કેમ લાજ, વિના દ્રવ્ય આવ્યા શે કાજ.
નિર્માલ્ય નિર્ધનનો અવતાર, નિર્ધનનું જીવ્યું ધિક્કાર;
નિર્ધનને કોઈ નવ ગણે, નવ રાખે ઉભો આંગણે
ચતુરપણું નિર્ધનનું જેહ, ઘેલામાંહી ગણાએ તેહ;
લોક બોલાવે દુર્બળ કહી, એથી માઠું કાંઈ બીજું નહીં.
પિતાજી કાંઈ ઉદ્યમ નવ કરો, ધનનો નવ રાખો સંઘરો;
આ અવસર સચવાશે કેમ, પિતાજી તમે વિચારો એમ.
નથી લાવ્યા કંકુની પડી, નથી લાવ્યા મોડ નાડાછડી;
નથી માટલી ચોળી ને ઘાટ, એમ શું આવ્યા બારેવાટ.
કેમ કરી લજ્જા રહેશે તાત, હું શે ન મુઈ મરતે માત;
માત વિના સુનો સંસાર, માતા વિના તે શો અવતાર.
જે બાળકની માતા ગઈ મરી, બાપની સગાઈ સાથે ઉતરી;
જેવું આથમતા રવિનું તેજ, મા વિના એવું બાપનું હેત.
સુરભિ મરતાં જેવું વચ્છ, જળ વિણ જેવું તલફે મચ્છ;
ટોળાં વછોઈ જેવી મૃગલી, મા વિના દીકરી એકલી
લવણ વિના જેવું ફીકું અન્ન, ભાવ વિના જેવું ભોજન;
કીકી વિના જેવું લોચન, મા વિના તેવું બાપનું મન.
ઘડો ફુટે રઝળે ઠીકરી, મા વિના એવી દીકરી;
ગોળ વિના મોળો કંસાર, માતા વિના સુનો સંસાર.
શીદ કરવા આવ્યા ઉપહાસ, સાથે વેરાગી પાંચ પચાસ;
શંખ તાળ ને માળા અંગ, એ મોસાળું કરવાના ઢંગ.
ન હોય તો પિતા જાઓ પાછા ફરી, એવું કહીને ગઈ દીકરી;
મહેતે મસ્તક મૂક્યો હાથ, કરશે મોસાળું વૈકુંઠનાથ.
પહેરામણી કરવી હોય જેટલી, આસામી લખી લાવો તેટલી;
લખજો સાસરીઆં સમસ્ત, વિસારશો મા એકે વસ્ત.

વચન મહેતાજીનાં સુણી, કુંવરબાઇ આવ્યાં સાસુભણી;
મારે પિતાએ મોકલી હુંય, લખો કાગળમાં જોઇએ શુંય
મુખ મરડીને બોલી સાસુ, શો કાગળ ચીતરવો ફાંસુ;
છાબમાં તુળસીદળ મૂકશે, ઉભો રહીને શંખ ફૂંકશે.

વલણ.

ફૂંકશે શંખ ઉભો રહી, નરસૈંઓ મોસાળું શું કરે;
સંવાદ વહુઅરનો સાંભળી પછે વડ સાસુ એમ ઓચરે.

રાગ સામેરી.

વડ સાસુ ઘણું ભારે માણસ, બોલ્યા પરમ વચંન; વહુજી;
વડી વહુઅર તમે કાંઇ નવ જાણો, છે મહેતો વૈષ્ણવ જંન. વહુજી,
જેને સ્નેહ શામળીઆ સાથે, તેને શાની ખોટ; વહુજી;
પહેરામણી મન ગમતી માગો, કરો નાગરી ગોઠ. વહુજી.
કુંવર બાઈને કાગળ આપ્યો લખો લખાવું જેમ; વહુજી,
રૂડો વેવાઈ આંગણે આવે. કોડ ન પહોંચે કેમ. વહુજી,
લખો પાંચ શેર કંકુ જોઈએ, શ્રીફળ લખો સેં સાત; વહુજી;
વીશ મણ વાંકડીઆં ફોફળ, મળશે મોટી નાત. વહુજી.
પાંચ વસ્ત્રના પંચાંવિશ વાઘા, ચાર ચોકડી તાસ; વહુજી;
લખો પછેડી પંદર કોડી, પટોળાં પચાસ. વહુજી
સાડેક મુગટા ને સોએક સણીઆં, ચીર લખો ચાલીસ; વહુજી;
ધોતીઆં તો બ્રાહ્મણને જોઈએ, તે લખો કોડી સાર વહુજી.
બે કોડી જરકશીની સાડી, રેશમી કોડી બાર; વહુજી;
સાદી સાડીઓ લખો ત્રણસેં, છાયલ લખો સેં ચાર. વહુજી.
ઘરસાડી લખો દશ વીશ કોડી, સોળ કોડી લખો ઘાટ; વહુજી;
ઘાટ મોરની ટુંકડી સોએક, નવ કોડી લખો નાટ વહુજી.

મશરૂ ગજીયાણી દરિયાઈ, લખો થાન પંચાસ; વહુજી;
હજાર બારસેં લખો કાપડાં,લોક કરે બહુ આશ. વહુજી.
સોળસેં લખો શેલા સાળુ, તેલ પાનનો શો આંક; વહુજી;
આશરા પડતું મેં લખાવ્યું, બાપ તમારો રાંક. વહુજી.
તમને સોળ શણગાર ઘડાવે, બાપ લડાવે લાડ; વહુજી;
ઘટે જમાઈને સોનાનાં સાંકળાં, તેમાં અમને શો પાડ. વહુજી.
સહસ્ત્ર મહોર સોનાની રોકડી, કહેતાં પામુ ક્ષોભ; વહુજી;
ઘરડાં અમે માટે ધર્મેં લખાવ્યું, ન મળે ઝાઝો લોભ વહુજી.
એ લખ્યાથી અદકું કરો તો, તમારા ઘરની લાજ; વહુજી;
તવ મુખ મરડી નણદી બોલી, સિદ્ધ થયાં સર્વ કાજ. વહુજી.
ભારે મોટા બે પહાણુ લખોની, જે મહેતાથી અપાય; વહુજી;
ડોશી કહે શો શોર કરોછો, લખતાં તારૂં શું જાય. વહુજી.

વલણ.

શું જાય લખતાં તાહરું, કહે વડ સાસુ વિકાળરે;
કાગળ આપ્યો હાથમાં, પડી પેટડીઆમાં ફાળરે.

રાગ મારૂ.

ડાટ વાળ્યો રે, ડોસીએ ડાટ વાળ્યો રે;
વડ સાસુ વેરણ થઈ મારી. હરખ હૈયાનો ટાળ્યો રે. ડોસીએ.
મીઠાં વચની ને થોડા બોલી, હીંડે હરીગુણ ગાની રે;
પરમારથી થઈ પત્ર લખાવ્યું, મનમાં મોટી કાતી. ડોસીએ.
કાગળ લઈને કુંવરબાઈ આવ્યાં, પિતા કેરે પાસે રે;
વડ સાસુએ વિપરીત લખાવ્યું, કહો હવે શું થાશે. ડોસીએ.
લખેશ્વરીથી ન પડે પુરું, એવું માંહી લખાવ્યું રે;
સાધુ પિતાને મહા દુઃખ દેવા,:મુને સીમંત શાને આવ્યું. ડોસીએ.

સહસ્ત્ર મહોર સોનાની રોકડી, વસ્ત્રતણું નહિ લેખું રે;
તાતજી હું તમારી પાસે, કોડી એક ન દેખું. ડોસીએ.
પિતાજી તમો પાછા પધારો, અહીં રહે ઇજ્જત જાશે રે;
મહેતાજી કહે પુત્રી મારી, રહો તમે વિશ્વાસે;
ડોસીએ રૂડું કીધુરે આપણું કારજ સિધ્યું રે. ડોસીએ.
શ્યામળીઓ અવસર નહિ ભૂલે, તું કાં આંસુડાં પાડેરે;
દામોદર કાંઈ નથી દોહલો, નહિ કરજે કાઢે ડોસીએ.
કુંવરબાઈ તમે ઘેર પધારો, આપણું એમાં શું જાશે રે;
જો મામેરૂં હરિ નહિ કરે તો, ઉપહાસ એનો થાશે. ડોસીએ
પચાળીનાં પટકુળ પૂર્યાં, નવસેં ને નવાણું રે;
તે રીતે મામેરૂ કરશે, તું થાવા દેને વહાણું. ડોસીએ.
વિશ્વાસ હદેમાં રાખો તમો, છો વૈષ્ણવની બાળ રે;
આપણું એ પ્રતિપાલન કરશે, શ્યામળીઓ ગોપાળ. ડોસીએ.
હૈડે હેત દીકરીને આવ્યું, સુણી તાતની વાણી રે;
કુંવર બાઈ ફરી મંદીર આવ્યાં, વિશ્વાસ ઉરમાં આણી. ડોસીએ.

રાગ ગોડી.

જોજો રે કૌતક કલિજુગનાં, વૈષ્ણવની ચેષ્ટા થાયરે;
વાંકા બોલી નાત નાગરી, સહેજે બોલે અન્યાયરે. કૌતક.
ભોજન કરવા મહેતાજી તેડ્યા, સાથે બહુ વેરાગીરે;
ટોળે મળે સહુ નાત નાગરી, જોઈ જોઈ હસવા લાગીરે કૌતક.
ચીર્યાં તિલક ને તુળસીની માળા, છાપાં અંગ બિરાજેરે;
વેવાઈનાં રૂપ જુઓરે બાઈઓ, કોટિક કદર્પ લાજેરે. કૌતક.
મલાર ગાશે નહાતી વેળા, વરસશે વરસાદરે;
પ્રસાદ કરતાં થાળ ગાશે, જમશે જાદવનાથરે કૌતક

સ્નાન કરી સહુ નાગર બેઠા, જેને જેશું મળતુંરે;
મહેતાજીને નહાવા અર્થે, જળ મેલ્યું કળકળતુંરે. કૌતક.
જેમ તેલ કઢા તાતી ઉકાળી, સુધન્વાને તળવારે;
તેમ વેવાણે જળ ઉકાળ્યું, મહેતાજીને છળવારે. કૌતક.
ઉષ્ણોદક ઉનું દેખીને મહેતે, માગ્યું ટાઢુ પાણીરે;
મર્મ વચન મુખ મરડીને બોલી, કુંવર બાઇની જેઠાણી. કૌતક.
માગ્યા મેહ વરસે મહેતાજી, તો અમ પાસે શું માગોરે,
બાજઠે બેઠાં તાળ મંગાવી, બોલ હૃદેમાં વાગ્યો. કૌતક.
સ્મરણ કીધું શ્યામળીઆનું, આલાપ્યો રાગ મલારરે;
નાગર લોક જોવાને મળીઆ, બોલે વ્યંગ ઉચ્ચાર. કૌતક.

રાગ સોરઠ મલાર.

મહેતાજી બેઠા બાજઠે, સમર્યા શ્રીગોપાલ;
મલાર ગાયો પ્રીતમશું, મેઘ ગર્જ્યો વજાડી તાળ. મહેતાજી.
ઉપહાસ થાય તારા દાસનો, શ્યામળા કરો સહાય;
નાંખ્યું ઉષ્ણોદક અતિ ઉકળ્યું, શ્રીફળ ફાટી જાય. મહેતાજી.
જેમ કઢા ઉકાળી તેલની, કોપ્યો હંસધ્વજરાય;
તારી કૃપાએ ટાઢું થયું, ઉગાર્યો સુધન્વાય. મહેતાજી.
હુંડી શિકારી તે શ્યામળા, આપ્યા રૂપૈઆ સેં સાત;
તે વિશ્વાસે વળગી રહ્યો, વિઠ્ઠલ મોકલજો વરસાદ. મહેતાજી.
સમોવણ નહિ આપો શ્યામળા, કરશો મામેરૂં ક્યમ;
વિનતિ નરસૈંઆની સાંભળી, પ્રેર્યો ધન-પરિબ્રહ્મ મહેતાજી.
પળમાંહિ આભે ઘટા થઈ, ચોદશ ચઢ્યો અંધકાર;
ગગન વિષે ઘન ગડગડે, થાય વીજતણા ચમકાર. મહેતાજી.
ઉડે કૌરણ બહુ કાંકરા, વરસે મૂસળધાર;
વહેવાઇના ઘરમાં જળ ધસ્યું, કરે લોક પોકાર મહેતાજી.

સર્વે નાગરીઓ પાયે પડે, ક્ષમા કરો અપરાધ;
અમો અજ્ઞાને ન ઓળખ્યા, તમે શિરોમણિ સાધ. મહેતાજી.
શ્રીરંગ મહેતો સ્તુતિ કરે, વહેવાણો માગે માન;
વરસાદ વિસર્જન થયો, કીધું મહેતાજીએ સ્નાન. મહેતાજી.
ઠગ નાગર કહે થયું માત્રહું, એમ થાય છે બહુ વાર;
પ્રતીત ન પ્રત્યક્ષ પારખે, કલિજુગનો પ્રકાર. મહેતાજી.

વલણ.

મહેતોજી ભોજને બેઠા, કરમાં લીધી તાળરે;
ટોળું વેરાગી તણું, તેણે ગાવા માંડી થાળરે

રાગ સામેરી.

મહેતે ગાઈ પ્રસાદની થાળી, આરોગાવ્યા શ્રીવનમાળી;
લીધો પ્રસાદ પરણ પ્રીતે, પછે શું થયું રજની વીતે.

ઢાળ.

વીતી રજની કીર્તન કરતાં થયો પ્રાતઃકાળરે;
કુંવરબાઈ આવ્યાં પિતા પાસે, હવે મોસાળાંની કરો ચાલરે.
મહેતાજી કહે પુત્રી મારી, જઈ ન્યાતને તેડાં કરો,
વિશ્વાસ આણી મંડપમાંહી, એક છાબ ઠાલી જઈ ધરો.
જ્ઞાતિ સગાં સહિત બધરાવો, સર્વકુટુંબ પરિવારજી;
છે વાર જ્ઞાતિ મળ્યાતણી, નથી મોસાળાંની વારજી.
કુંવરબાઈ કહે તાતજી મને, કેમ આવે વિશ્વાસરે;
ઠાલી છાબ હું કેમ ધરૂં, થાય લોકમાં ઉપહાસરે.

મહેતોજી કહે પુત્રી મારી, છો વૈષ્ણવની દીકરી;
તારે મારે ચિંતા શાની, મોસાળું કરશે શ્રીહરી.
મર્મ વચન સુણી તાતનું, સાસુ કને આવી વહુ;
મારો પિતા મોસાળું કરેછે, સગાં મિત્ર તેડો સહુ.
ખોખલે પંડયે તેડાં કીધાં, મેળવ્યું બધું ગામ;
વહેવાઈ વરગ એણીપેરે બોલે, મહેતો મૂકીને જાશે મામ.
મંડપમાં મહેતોજી આવ્યા, હાથ ગ્રહી છે તાળરે;
નાગર સઉ ઉભા થઈ, કહે પ્રેમે જેગોપાળરે.
મંગાવી એક છાબ ઠાલી, તે ચોકમાં આણી ધરી;
મહેતાજીએ શંખ પૂર્યો, વિનતિ શ્રીહરિની કરી.

રાગ મારૂ.

મેહેતે વજાડયો શંખ, સમર્યા વનમાળી;
લાગી હસવા ચારે વર્ણ, માંહોમાંહી દે તાળી
જુઓ મોસાળાનાં ઢંગ, વહેવાઈએ માંડ્યા;
નાગરના વહેવાર, એણે સર્વ છાંડ્યા.
છાપાં તિલક ને તાળ, જુઓ તુળશી માળા;
નરસૈંઓ કરશે નૃત્ય, ગાશે ટોપીવાળા.
જોવા મળી નાગરી નાત, બહુ ટોળે ટોળાં;
મુખ મરડી કરે વાત, આપશે ઘરચોળાં.
બહુ નાની મોટી નાર, મંડપમાંજ મળી;
કરે વાંકી છાની વાત, સાકરપેંજ ગળી.
મહેતાને કરે જેશ્રીકૃષ્ણ, હસી પરૂં જોતી;
મુખ ઉપર લળકે સાર, વેસરનાં મોતી.
સજ્યા સોલ શણગાર, ચરણા ને ચોળી;
જોબન મદભરી નાર, કરે બહુ ઠંઠોળી.

માળા મોતી હાર, ઉરપર લળકે છે;
જડાવ ચૂડો હાથ, કંકણુ ખળકે છે.
સમી રહી ઓઢે ચીર, શણગટ વાળે છે;
અણિયાળાં લોચંન, કટાક્ષે ભાળે છે.
છૂટે અંબોડે નાર, વેણી લાંબી છે,
ઝાંઝર ઝમકે પાય, કડલાં કાંબી છે.
કેસર તિલક વિશાળ, ભાલે કીધાં છે;
કોઈએ નહાનાં બાળ, કેડે લીધાં છે.
કોઈ જોવા ઠાલી છાબ, અબળા ઊઠેછે;
કોઈ વહુવાર લજ્જવાળ, નણુદી પુઠે છે.
કો શીખવી બોલાવે બાળ, વારી રાખે છે;
કો વાંકા બોલી નાર, વાંકું ભાખે છે.
એવાં કૌતક અનેક, સહુકો દેખે છે;
સહેજે બોલે અન્યાય, હરિને ન લેખે છે.
બાઈ કુંવર વહુનો બાપ, કરશે મામેરૂ;
લઈશ પટોળી સાર, સાડી નહિ પહેરૂં.
વૈષ્ણવને શી ખોટ, કોટે માળા છે;
વહેવારીઆ દશ વીશ, ટોપીવાળા છે,
કુંવર વહુ ધન્ય ધન્ય, પીયર પનોતી છે;
બાપે વગાડયો શંખ, સાદર પોતી છે.
વાંકા બોલા વિપ્ર, બોલે ઉપહાસે;
મૂકો છાબમાં પહાણ, વાયે ઉડી જાશે.
મૂકયો દીકરીએ નિઃશ્વાસ, આવી પિતા પાસે;
મહેતે કીધી સાન, રહેજે વિશ્વાસે.

વલણ.

વિશ્વાસ રાખો દીકરી, કરમાં લીધી તાળરે;
કાગળ મૂક્યો છાબમાં, મહેતે સમર્યા શ્રીગોપાળરે.

રાગ સારંગ.

ઠાલી છાબમાં કાગળ ધરી, નરસિંહ મહેતે સમર્યા હરિ;
વેરાગી સર્વ પુછે ગાય, નાગરને મન કૌતક થાય.
વાંકાં વચન બોલે વેદીઆ મહેતો માધવમાં ભેદીઆ;
જુઓ છાબમાં મૂક્યું સાર, એ દીસે કમખાની હાર.
તે બોલ અંતર નવ ધરે, મહેતો સ્તુતિ માધવની કરે;
જય દામોદર બાલમુકુન્દ, નરકનિવારણ નંદાનંદ.
વિશ્વેશ્વર વૃંદાવનચંદ, દેવકીનંદન આનંદકંદ;
ગોપીનાથ ગોવિંદ ગોપાળ, અનાથબંધુ દીનદયાળ.
હુ સેવકની લેજો સંભાળ, મોસાળાંની કરજો ચાલ;
મુખે કીર્તન હાથે તાળ, નાત નાગરી બોલે આળ.
છે દોહલો લોકાચાર લજ્જા રાખજો આણીવાર,
મારો શેઠ તું નંદકુમાર, શું કરશે પાપી સંસાર.
તમો પ્રતિપાળો પોતાના દાસ, મારે મુજને છે વિશ્વાસ,
અંબરીષનો નિવાર્યો ત્રાસ, તમે ભોગવ્યા છે ગર્ભવાસ.
લીધો મચ્છતણો અવતાર, શંખાસુરનો કીધો સંહાર;
કચ્છપરૂપ ધર્યું મોરાર ચૌદ રત્ન મથી કાઢયાં બહાર
માર્યો હિરણ્યાક્ષ મહા પાપી, ધરણી સ્થિર કરીને સ્થાપી;
અજામેલ સરખો મહા પાપી, પુત્રને નામે પદવી આપી.
પ્રહ્લાદની દોહલી જાણી વેળા, પરમેશ્વર પ્રગટ થયા વહેલા;
ધ્રુવનો જન્મમરણ ભય હર્યો, અવિચળ પોતા સરખો કર્યો.

પોપટ પદ્માવતી પુંશ્ચલી, વમાને બેશી વૈકુંઠ પળી;
તમો ઉચ્છિષ્ટ આરોગ્યા બદરી, તો પરમ ગતિ પામી શબરી.
લગાર ચરણ નમાવ્યું શીશ, વિભીષણ કીધો લંકાધીશ;
તાર્યો કુટુંબ સહિત તે માછી નવ પામ્યો જન્મ પીડા પાછી.
છો દોહેલી વેળાના સાથી, તમે ગ્રાહથી મુકાવ્યો હાથી;
બટુક વેષ થયા વામન, જાતું રાખ્યું ઇંદ્રાસન.
પ્રભુ પાંચાલીનું દુઃખ જાણ્યું, પૂર્યાં ચીર નવસેં નવાણું,
કૌરવથી જીતાડયો પારથ, કુરુક્ષેત્રમાં હાંક્યો રથ.
રુક્માંગદ તાર્યો સંસાર, હરિશ્ચંદ્રની કીધી વાર;
શંખ પૂજતો રાજકુમાર, ચંદ્રહાસ રાખ્યો ત્રણ વાર.
તમે સુધન્વા બળતો રાખ્યો, જો પિતાએ કઢામાં નાંખ્યો;
વહેરાતાં નવ રોયો રજ, મુક્તિ પામ્યો મુરધ્વજ.
ખાંડવ વન ખગ લીધાં રાખી, ગજઘંટા તે ઉપર નાંખી;
વિદુરની આરોગ્યા ભાજી, તેની પ્રીતે થયા તમો રાજી.
સુદામાના લેઈ તાંદુલ, નવનિધ આપી તે અમૂલ્ય;
મદ મઘવાના મનનો હર્યો, લીલાએ ગોવર્ધન ધર્યો.
દાવાનળ પીધો જદુરાય, બળતાં રાખ્યાં ગોપી ગાય;
કુબ્જાની તમે લીધી અર્ચા, તમે લોકતણી સહી ચર્ચા.
અનાથબંધુ દીનદયાળ. હું સેવકની લેજો સંભાળ;
તમો શ્રો દામોદર દક્ષ, હું સરખા સેવક છે લક્ષ.
મારે એક તમારી પક્ષ, પરમેશ્વર થાજો પ્રત્યક્ષ;
મારે માથે દુઃખનાં વૃક્ષ, તેથી લાજે તમારો પક્ષ.
ધનવંત છે નાગરી નાત, તેમાં દુર્બળ મારી જાત;
દુઃખે દુભાયે તેત્રીસ ક્રોડ, કલ્પવૃક્ષને લાગે ખોડ.
શોભા વૈષ્ણવની જો ગઈ, કળા તમારી ઝાંખી થઈ,
મુને સગાં થઈ લાગ્યા જમ, તમને નિદ્રા આવે કયમ.

સગાં સૌ બેસાડ્યાં આણી, પુત્રીના કરમાંહી પિગાણી;
છે કંકુવોણી કંકાવટી, પુત્રીને થાએ ચટપટી.
મધ્યાહ્ને ઉપર થઈ ઘડી, વહેલા આવો વેળા વડી;
કુંવરબાઇ તારે આશરે, હું દુર્બળથી અર્થ ન સરે.
શું સૂતો વૃંદાવન માંય, ત્યાં શુ રાધાજી ચાંપે પાય ?
લલિતા વિશાખા ચંદ્રાવળી, તને ઉત્તમ નારી કો મળી.
રંગમાં જાએ શર્વરી, તેણે ભક્ત ગયો વીસરી;
જાગી જો રે જાદવપતિ, સાંભળ સેવકની વિનતિ.
કબીરને જેમ કરૂણા કરી, સમયે દર્શન દીધું હરિ;
ભક્ત એક દામોદરજી, તેનુ પય પીધું તમે હરજી.
ત્રિલોચનનું મહા દુઃખ હર્યું, સેવક થઈને પાણી ભર્યું;
અભયદાન કોળીને દીધું, મીરાંબાઈ તણું વિષ પીધુ
સેના માટે નાપિક થયા, વપન કરવાને પ્રભુજી ગયા,
હું તમને કદી નવ સંભારતો, લાવતો ઘાસ મહિષી ચારતો.
નવ જાણતો ધોળાપર કાળો, ભાભીએ મને કીધો ગોવાળો;
સદાશિવે મને કીધો દાસ, દેખાડયો મને અખંડ રાસ.
મેં જોયો તમારો વિલાસ, તેવો મેં કીધો અભ્યાસ;
લોક બોલે મને ઉપહાસ, મારે મન તારો વિશ્વાસ.
બોલાવીએ પોતાનો કહી, તેને ત્રીકમ તજીએ નહીં;
ખીચડો જમાડવા આવ્યા નાથ, હું માટે કીધા પચ હાથ.
હું મધ્યરાતે તરસ્યો જાણી, ઝારી લઈને પાયુ પાણી;
મને સાચો કીધો કોટીવાર, હુંડી શિકારી શ્રીમોરાર.
તમો તે રીતે મોસાળું કરો, ઠાલી છાબ સોનૈએ ભરો;
જો નહિ આવો સુંદરસ્યામ, તો નાગર સાથે છે કામ

વલણ.

નાગર સાથે કામ છે, સમજી લેજો વાતરે;
સુણી નરસૈંની વિનતિ, ઊઠી ધાયા વૈકુંઠનાથરે.

રાગ પ્રભાત.

ઉધડકી ઊઠીઓ, વેગે વૈકુંઠપતિ, ગરુડ ક્યાં, ગરુડ ક્યાં વદત વાણી;
ચાલ ચતુર, ચતુર્ભુજ ભણે ભામિની, નટ નાગરે મારી ગત જાણી. ઉ.
નરસૈંઓ નાગરો, ભક્ત તે માહરો, છાબ તેહની ભરો શીઘ્ર થાઓ;
જન ઘણા હઠ કરે, ગયા વિના નવ સરે, રિદ્ધી સિદ્ધી લેઈ સખી જાઓ. ઉ.
હાથ હેમ સાંકળાં, નંગ બહુ નિર્મળાં, શુભ શણગાર જઈ અંગ સારો;
રીત ને ભાત, રોકડ રખે વીસરો, દીન થઈ કરગરે દાસ મારો. ઉ.
ચીર ચરણાં ઘણાં, હોય ચતુરે વણ્યાં, અધિક એક એકથી અમૂલ્ય જાણો;
સ્વપ્ને કો નવ પડે, નામે કો નવ જડે, અંગ આળસ તજી તેહ આણો. ઉ.
ઇંદ્ર બ્રહ્મા જેનો, પાર પામે નહીં, માગે મુખ બોલતાં વદત વાણી,
નાથ લક્ષ્મીતણો, એણીપેરે આવીઓ, અગણિત ગાંઠડી સંગ આણી. ઉ.

રાગ મારૂ.

ભક્ત નરસૈંઆનું દુઃખ જાણીરે, ઊઠી ધાયા પુરૂષપુરાણીરે;
થયા શેઠ તે સારંગપાણીરે, સાથે લક્ષ્મી થયાં શેઠાણીરે.
નંદ સુનંદ ગરૂડ સાથેરે, વસ્ત્ર ગાંડડીઓ તેને માથેરે;
રથે બેઠા શ્રીગોપાળરે, ધમકે ધોરીને ઘુઘરમાળરે.
લોકે ઓળખ્યા નહિ જગદીશરે, સાથે વાણોત્તર દશ વીશરે;
સર્વે જોઈ જોઈ વિસ્મય થાયરે, પ્રભુ આવ્યા મંડપમાંયરે.
છડીદારે વાટ મુકાવીરે, નાગરી નાત જોવાને આવીરે;
આ વહેવારીઓ, કોઇ આવ્યોરે, સાથે ગાંઠડીઓ ઘણી લાવ્યોરે.

કોઈ જાણે ન ત્રિભુવન ભૂપરે, વહાલે લીધું વણિકનું રૂપરે;
રથ ઉપરથી ઉતરીઆરે, હરિ સભામાંહી સાંચરીઆરે.
ખટ દર્શને ખોળ્યો ન લાધેરે, જેને ઉમયાવર આરાધેરે;
ન જડે ધ્યાને દાને બહુ જાગેરે, તે હરિ અણવાણે પાગેરે.
જે ચૌદ લોકનો મહારાજરે, મહેતા માટે થયા બજાજરે;
વાઘો શોભે કેશર છાંટેરે, બાંધી પાઘડી અવળે આંટેરે.
કાને કુંડળ હીરે જડીઆંરે, નેત્ર પ્રલંબ શ્રવણે અડીઆંરે;
એક લેખણ કાંને ખોશીરે, નામ ધર્યું દામોદર દોશીરે.
ઝીણા જામા ને પટકા ભારેરે, હરિ હળવે હળવે પધારેરે;
ખાંધે પછેડી ઓઢી નાથેરે, બેઉ છેડા ગ્રહ્યા છે હાથેરે.
વીંટી વેઢ દશે આંગળીએરે, સાદાં મોજાં પહેર્યાં શામળીએરે;
ઘણા વાણોતર છે સાથેરે, કાણે ઝોળા ગ્રહ્યા છે હાથેરે.
ઘણા સેવક સેવામાં સજ્જરે, ઉદ્ધવના હાથમાં ગજરે;
પ્રભુ પુંઠે કમળા રાણીરે, સભા મોહી જોઈ શેઠાણીરે.
ઉતર્યાં નાગરીઓનાં અભિમાનરે, જાણે ઉગ્યા શશીયર ભાણુરે;
ભલું ભાલ ભમર રૂડી રાજેરે, રત્ન જડિત્ર રાખડી છાજેરે.
વિશાળ લોચન ચંચળ ચાલેરે, કે શું ખંજન પડીઆં ગાલેરે;
છે અધર બિંબ પરવાળીરે, મસ્તક ઉપર વેણ વિશાળીરે.
બાજુબંધ ગલુબંધ માળરે, નાકવેસર ઝાકઝમાળરે;
કટી ધમકે ક્ષુદ્ર ઘંટાળીરે, પહેરણ ચંપકવરણી સાડીરે.
ઝમકે ઝાંઝર ઉજ્જવલ પાગેરે, વિંછુવા અણુવટ બહુ વાગેરે;
જડાવ ચૂડો કંકણ ખળકાવેરે, માયા મહેતી રૂપે આવેરે.
મોહી સભા લક્ષ્મીને નિરખીરે, દેવી દીસે વાણિયણ સરખીરે;
લલિતા વિશાખા બે ખવાસીરે, છે ભક્તિમુક્તિ ચારે દાસીરે.
આવ્યા સજોડે દેવાધિદેવરે, મહેતે હરિ ઓળખ્યા તતખેવરે;
ભલે આવ્યા શેઠ શ્યામળીઆરે, મહેતો માધવજીશું મળીઆરે.

મળતાં બોલ્યા સુંદરસ્યામરે, મારૂં પ્રગટ ન લેશો નામરે;
રખે વાત અમારી ચરચોરે, તમારે જોઈએ તે ખરચોરે.
કુંવરબાઇનાં પૂરો કોડરે, એમ કહી બેઠા રણછોડરે;
પછે સભા સહુ સાંભળતાંરે, હરિ વચન બોલ્યા છે વળતાંરે.
જાઓ શેઠાણી દુઃખ કાપોરે, કુંવરબાઈને હદિયાશું ચાંપોરે;
એવું કહેતામાં કમળા હીંડ્યાંરે, કુંવરબાઈને હદિયાશું ભીડયાંરે.
મારી મીઠી ન ભરીએ આંસુરે, તેડો ક્યાં છે તમારી સાસુરે;
મળી નાગરીઓ સેં બેચારરે, જોઈ રૂપ મેલ્યો અહંકારરે.
વેવાણ કમળાને એમ પૂછેરે, મહેતા સાથે સગપણ શું છેરે;
કોકિલા સ્વરે અમૃત વાણીરે, ત્યારે હસીને બોલ્યાં શેઠાણીરે.
વેવાણ તમોએ શું નવ જાણીઆરે, તમો બ્રાહ્મણ ને અમો વાણીઆરે;
વેપાર દોશીનો ઘેર કોઠીરે, અમારે ઓથ નરસૈઆની મોટીરે.
અમો ધન મહેતાજીનું લીજેરે, વેપાર કાપડનો કીજેરે;
અમો આવ્યાં મોસાળું કરવારે, ઠાલી છાબ સોનૈએ ભરવારે.
મહેતે જે જે વસ્ત્ર મંગાવ્યાંરે, અમો લખ્યા પ્રમાણે લાવ્યાંરે;
એવું કહીને બેઠાં શેઠાણીરે, સહુ નાગરી સાસે ભરાણીરે.
તેડ્યા શ્રીરંગ મહેતો વહેવાઈરે, ભાવે ભેટ્યા શ્રીજદુરાયરે;
ત્યારે વિસ્મય થયા સહુ નાગરરે, છાબ ભરી તે કરુણા સાગરરે.
મહેતાને કહે વનમાળીરે, કરો પહેરામણી સંભાળીરે.

વલણ.

સંભાળી કરો પહેરામણી, એવું કહે સુંદરશ્યામરે;
વળી ઘટે તે માગજો, અમો વાણોતર સરખું કામરે.

રાગ મારૂ.

મહેતે તેડાવી દીકરી, આ છાબ જુઓ સોનૈયે ભરી;
પહેરાવો સહુ નાત નાગરી, આવો અવસર નહિ આવે ફરી.

કંકાવટીને કરમાં ધરી, સાસુ પાસે વહુ સંચરી;
હાંકીને ગર્વે ઓચરી, જુઓ છાબ સોનૈયે ભરી.
વૈષ્ણવ કહીને દેતાં ગાળ, એ શું મોસાળું કરશે કપાળ;
તમો નિંદતાં તુળસી ને તાળ, તેણે વશ કીધા ગોપાળ.
જુઓ કમાઈ દુર્બળતણી, જીવેછે હરિના ગુણ ભણી;
જો લખ્યાથી આશા હોય ઘણી, તો માગી લેજો પહેરામણી.
સાંભળી કુંવર વહુની વાણી, સાસુએ તેડ્યાં ગોર ગોરાણી;
પૂજ્યા પાગ કરમાં પિંગાણી, આઠ વસ્ત્ર આપ્યાં તેને આણી.
પછે નાગરની ભીડ ઘણી ભાળી, પછેડીની પલવટ વાળી;
આવ્યા છાબ પાસે વનમાળી, છોડે ગાંઠ આગે વસ્ત્ર ટાળી.
મહેતાજી કહે લ્યો દીકરી, રૂસરાને આપો પામરી;
ગડી જરકશી વાઘાની કરી, હેમ સાંકળી ઉપર ધરી.
એ વરના મુખ આગળ ધરો, નીચું જોઈને પાછાં ફરો;
પહેરામણી મન ગમતી કરો, રખે પગલું પાછું ભરો.
સજોડે તેડ્યાં જેઠ જેઠાણી, આઠે વસ્ત્ર ત્યાં આપ્યાં આણી;
પ્રીતે પૂજ્યાં દીયર દેરાણી, ખુસટિયો તવ બોલ્યાં વાણી
જ્યાં નરસૈંઓ ત્યાં નવ નીધ, દીયરીઓ બેઠો હઠ કીધ;
પંચ મોર સોનાની લીધી, પછી પહેરામણી ચાલતી કીધી.
પહેરામણી નણદીએ અટકાવી, કુંવરબાઈ પિતા કને આવી;
બે તોલાની રાખડી લાવી, દશ તોલા આપી સમજાવી
આપ્યા સાસુને સોળ શણગાર, પહેરાવી કીધો નમસ્કાર;
તવ કોપ્યાં વડ સાસુ અપાર, સર્વ કુટુંબનો કીધો તિરસ્કાર

વલણ.

તિરસ્કાર કીધો ડોસીએ, હવે પહેરામણી પહેરૂં નહીરે;
વડી વહુઅર આગળ થઈ, ને હું ઘરડી બેસી રહીરે.

રાગ મેવાડો.

વડી વહુવાણુ રીસાયાં જાણી, લક્ષ્મીજી પાસે આવ્યાંજી;
સારૂ ખીરોદક ખાંધે મૂકી, ડોસીને સમજાવ્યાંજી.
જેજેકાર થયો મંડપમાં, ગીત ગાયછે રામાજી;
મોસાળું તે મહેતાજીનું, બીજા સર્વે ભામાજી.
પોત પોતાનાં સગાં તેડયાં, જેનો જ્યાં સગવેડજી;
મનવાંછિત પહેરામણી દેખી, માંડી તેડાતેડજી.
ઘેર ઘેર વાત થઈ નાગરમાં, મહેતો કરે મામેરૂજી;
વિચાર કરતી અબળા દોડી, મનમાની સાડી પહેરૂજી.
ચાર વરણુ સહિ ચરણે ચાલી, આવ્યાં મંડપમાંયજી;
પલવટ વાળી શ્રીવનમાળી, તતક્ષણુ આવ્યા ત્યાંયજી.
મહેતોજી ઊભા તાળ વજાડે, ગાય વેરાગી ગીતજી;
વડસાસુ કુંવરવહુને કહે, પહેરામણીની રીતજી.
શ્રીરંગજી ને શામળ મહેતો, પામ્યા ધોળાં શેલાંજી;
હેમજી ખેમજી મહેતાને, દશેક ખાંધે મેલ્યાંજી.
કભાય કોને પામરી પટકા, નામ ન જાયે ગણીઆંજી;
કોને સુગટા કોને પીતાંબર, કોને શેલાં સણીઆંજી.
મગીઆં દોરીઆ અસાવળી કોને, શેલાં પટ્ટુ સાલજી;
ગુચ્છ પેચ પાઘડીઓ તોરા, દીસે ઝાક ઝમાલજી.
પાયજામા નીમા પછેડી, જામા અવળા બંધજી;
વસ્ત્રતણો તો વરસાદ વરસ્યો, જ્યાં દોશી કરૂણાસિંધજી.
બાજુબંધ બેરખા અતિ સુંદર, વેઢ વીંટીઓ છાપજી;
દુગદુગી માળા ને માદળીઆં, આપ્યાં મોતી અમાપજી.
કોને કંદોરા ને કંઠી પહોંચી, કોને સાંકળી માળજી;
કનક કડાં ને કાંને કુંડળ, જડાવ ઝાક ઝમાળજી.

પહેરામણી પુરૂષોને પહોંતી, તેડયો અબળા સાથજી;
પીયળ કાઢીને ખાંધે મૂક્યાં, પટકુળ નાના ભાતજી.
ગંગા વહુને ગજીયાણી સાડી, સુંદર વહુને સાળુંજી;
ગોરે અંગે સુંદર શોભે, માંહે કાપડું કાળુંજી.
છબીલી વહુને છાયલ ભારે, ભાત તે રાતી ધોળીજી;
કોડ વહુને કલગેર આપી, પ્રેમ વહુને પટોળીજી.
રામકુંવરને કૃષ્ણકુંવરને, આપ્યા ઉત્તમ ઘાટજી;
છેલ વહુને છીંટજ આપી, નહાની વહુને નાટજી.
પાન વહુ તો પીતાંબર પહેરે, તાકે બચ્ચીબાઇજી;
રૂપકુંવરને રાતો સાળુ, દેવકુંવર દરિયાઇજી.
સ્યામકુંવરને સોનેરી સાળુ, ગુણકુંવરને ઘરચોળુંજી;
લક્ષ્મી વહુને, લાછા વહુને, લાલ વહુને પટોળુંજી.
જશમાંદે જશોદા જીવી, જમુના જાનકી વહુવજી;
ચરણા ચોળી ને ઘરસાડી, પહેરી ઉભાં સહુવજી.
માનબાઈ ને વેલ વહુ ને, રંભાવતી ને રૈયાંજી;
જુના કાઢીને નવાં પહેરાવ્યાં, હેડાં મૂકી છૈયાંજી.
છાબની પાસે છબીલો બેઠા, જે જોઈએ તે આપેજી;
મશરુ ગજીઆં ને ગજીઆણી, ગજ ભરીને કાપેજી
પાટ પીતાંબર અતલસ અંબર, ચોળે રંગે ચીરજી;
શોભે સુંદર ભાત નવરંગી, પૂતળીઓ ને કીરજી.
સાડી જરકશીની ઓઢણી, ચળકે સુંદર જોરજી;
કેસર છાંટયા ધોળા સાળુ. ફરતી કસબી કોરજી.
ચંદ્રકળા ને મોરલી શોભે, દરિયાઇમાં દોરજી;
અતલસ પાંચ પટા આભૂષણ, સોના રૂપાની મહોરજી.
કોને અકોટી કોને ટોટી, ગળુબંધ બહુ મૂલજી;
કોને ભમરી કોને સેંથો, ત્રસેંથીઆં શીશફૂલજી.

કો મહેતા પાસે માળા માગે, ઉભી રહી કર જોડેજી;
કેટલીએક પોતાનાં બાળક, મહેતા આગળ ઓડેજી.

વલણ.

ઓડે બાળક જાણે કંઈ આપે, મનવાંછિત પામ્યાં સહુ;
સાસરીઆંનું મહેણું ટળ્યું, પીયર પનોતી કુંવર વહુ

રાગ ધનાશ્રી.

કોડ પહોત્યા કુંવર વહુના, ભાગ્યું ભવનું મહેણુંજી;
મનવાંછિત પહેરામણી પામ્યાં, જેને જેવું લેણુંજી.
નાગરી નાત કુટુંબ પાડોશી, ચાકર કોળી માળીજી;
પહેરામણી સહુકોને પહોંતી, વાચા પ્રભુએ પાળીજી.
સોળે શણગાર કુંવરબાઈને, આપી દીધું માનજી;
કનક પહાણ એ છાબમાં મૂક્યા, હરિ થયા અંતર્ધ્યાનજી.
સભા સહુકો વિસ્મય પામી, અલૌકિક શેઠ શેઠાણીજી;
મહેતાને સહુ પાયે લાગે, ભકિત સાચી જાણીજી.
કુંવરબાઈની નણદી આવી, બડબડતી મુખ મોડેજી;
પહેરામણી કોઈને નવ પહોતી, વેવાઈને અવખોડેજી.
પહેરામણી પરનાતિ પામ્યાં, ઘરનાં માણસ ગયાં ભૂલીજી;
એક કટકો કાપડું નવ પામી, પુત્રી મારી ફુલફૂલીજી.
મને આપ્યું તે લ્યો ભાભી પાછું, રાખડી બંધામણજી;
નામ મહેતો પણ નોહે નાગર, દીસે દુર્બળ બ્રાહ્મણજી.
કુંવરબાઈ પિતા કને આવી, તાત હવે શું થાશેજી;
આટલું ખરચતે મેણું રહ્યું તે, હવે ક્યમ જીવાશેજી.
વીસરી દીકરી નણદી કેરી, નાનબાઈ તેનું નામજી;
૭ મહિનાની છે તે છોકરી, એક કાપડાનું કામજી.

મહેતાજી કહે પુત્રી મારી, સમરો શ્રીગોપાળજી;
એક તાંતણો મુજથી ન પામો, બેઠો વજાડું તાળજી.
ફરી ધ્યાન ધર્યું માધવનુ, ત્રીકમ રાખજો ટેકજી;
પચરંગી ત્યાં કાપડું સુંદર, આકાશથી પડયું એકજી.
નણુંદી સંતોકી કુંવર બાઈની, મહેતાજી માગે વિદાયજી.
સહસ્ત્ર મહોર સોનાના પહાણુા, મૂક્યા તે છાબમાંયજી.
નાગર લોક સહુ પાયે લાગે, પ્રજા કરે વખાણુજી;
નાગરી નાતે મોટો નરસિંહ, માથે સારંગપાણુજી.
ધન્ય મહેતાજી તમ સમોવડ, આ કલિયુગમાં નોયજી.
નાગરી નાતનો મહિમા રાખ્યો, ઉજળું કીધુ સહુ કોયજી.
અમને તો વિશ્વાસ નોતો જે, મહેતો કરે મામેરૂંજી;
સર્વની લજ્જા પ્રભુએ રાખી, મેણું ટળ્યુ ભવ કેરૂંજી.
પછે મહેતાજી વિદાય માગે, બોલે બે કર જોડીજી,
કુંવરબાઈને વોળાવો, વેલ આણી છે જોડીજી,
પછે કુંવરબાઈ વેલે બેસી, જુનેગઢ તે જાયજી;
સહુકો વોળાવી પાછાં વળીઆં, ધન્ય ધન્ય વૈકુંઠરાયજી.
વીર ક્ષેત્ર વડોદરૂં, ગુજરાત મધ્યે ગામજી,
ચાતુર્વંશી જ્ઞાતિ બ્રાહ્મણ, ભટ પ્રેમાનંદજી નામજી.
સંવત સત્તર ઓગણચાલો, આશો શુદિ નવમી રવિવારજી;
પૂરણ ગ્રંથ થયો તે દિવસે, યથા બુદ્ધિ વિસ્તારજી.
પ્રીતે કરી જે ગાય સાંભળે, દારિદ્રય તેનુ જાયજી;
એવું જાણી ભક્તિ કરે તેને, સન્મુખ વૈકુંઠરાયજી.

વલણ.

વૈકુંઠનાથ સન્મુખ હોય, જો નિર્મળ મને સાંભળે;
ભટ પ્રેમાનંદ કહે કથા, તેને માધવજી નિશ્ચે મળે.

બૂ. કા.

૧૭— સુદામાનો ગૃહસંસાર.

રાગ વેરાડી.

ભિક્ષાનું કામ કામિની કરે, કોનાં વસ્ત્ર ધુએ ને પાણી ભરે;
જેમ તેમ કરીને લાવે અન્ન, નિજ કુટુંબ પોષે સ્ત્રીજંન.
ઘણા દિવસ દુઃખ ધરતું રહ્યું પુરમાં પછે અન્ન જડતું રહ્યું;
બાળકને થયા બે ઉપવાસ, ત્યારે સ્ત્રી આવી સુદામા પાસ.
હું વીનવું જોડી બે હાથ, અબળા કહે સાંભળીએ નાથ;
બાળક ભૂખ્યાં કરે રૂદંન, નગરમાં નથી મળતું અન્ન.
ન મળે કંદ મૂળ કે ફળ, બે દિવસ થયાં લેઈ રહે જળ;
સુખ શય્યા ભૂષણ પટકૂળ, પ્રભુ ક્યારે થશે સાનુકૂળ.
ભૂખ્યા બાળક જુએ માનું મુખ. સ્ત્રી કહે સ્વામીને દુઃખ;
હું કહેતાં લાગીશ અળખામણી,સ્વામી જુઓ આપણા ઘરભણી.
ધાતુપાત્ર નહીં કર સહાવા, સાજું વસ્ત્ર નથી સમ ખાવા;
જેમ જળવિણ વાડી ઝાડુવાં, તેમ અન્નવિણ બાળક બાહુવાં.
વાયે ટાઢ બાળકડાં રૂએ, ભસ્મમાંહિ પેસીને સુએ;
હું તે ધીરજ કેઈપેરે ધરૂ, છોકરાંનું દુઃખ દેખીને મરૂ.
નીચાં ઘર ભીંતડીઓ પડી, શ્વાન માંજર આવે છે ચડી;
અતિથિ ફરી નિર્મુખ જાય, ગવાનિક નવ પામે ગાય.
કરો છો મંત્ર ભણીને સેવ નૈવેદ્ય વિના પૂજો છો દેવ;
પુજ્ય પર્વણી કો નવ જમે, જેવો ઉગે તેવો આથમે.
આ બાળક પરણાવવાં પડશે, સત કુળની કન્યા ક્યાંથી જડશે;
શ્રાદ્ધ સંવત્સરી સહુકો કરે, આપણા પિત્રી નિર્મુખ ફરે.
અન્ન વિના પુત્ર મારે વાગલાં, તો ક્યાંથી ટોપી આંગલાં;
અબોટીયું પોતીયું નવ મળે, સ્નાન કરેછે શીતળ જળે.

નખ વાધ્યા ને વાધી જટા, માંહિ ઉડે રક્ષાની ઘટા;
દર્ભતણી તૂટી સાદડી, નાથજી તેપર રહો છો પડી.
બીજે ત્રીજે પામોછો આહાર, તે મુજને દહેછે અંગાર,
હું તો દરિદ્રસમુદ્રમાં બુડી, એવાતનમાં એકજ ચૂડી.
સૌભાગ્યના નથી શણુગાર, નહિ કાજળ નહીં કિડીઆં હાર,
નહિ લલાટે દેવા કંકુ, અન્ન વિના શરીર રહ્યું શકુ.
હું પૂછુંછું લાગી પાય, આવું દુઃખ ક્યાંસુધી સેવાય;
તમે દહાડી કહો છો ભરથાર, માધવ સાથે છે મિત્રાચાર.
જે રહે કલ્પ વૃક્ષની તળે, તેને શી વસ્તુ નવ મળે.
જે જીવ જળમાં ક્રીડા કરે, તે પ્રાણી ક્યમ તરશે મરે.
પ્રગટ કરી સેવે હુતાશ, તેને શીત આવે ક્યમ પાસ.
અમૃત પાન કીધુ જે નરે, જમકિંકરનો ભય ક્યમ ધરે.
જેને સરસ્વતી જીભે વસી, તેને અધ્યાત્મ ચિંતા કશી;
સદ્ગુરુનાં જેણે સેવ્યાં ચરણ, તેને શાનુ માયાવરણ
જે જન સેવે હરિને સદા, તેને જન્મ મરણ શી આપદા,
જેનુ મન હરિચરણે વસ્યુ, તે પ્રાણીને પાતક કશું.
જેને સ્નેહ શામળીઆ સાથ, તેનુ ઘર નવ હોય અનાથ.
છેલ્લી વિનતિ દાસી તણી, પ્રભુ પધારો ભૂધર ભણી;
તે છે ચૌદ લોકના મહારાજ, બ્રાહ્મણને ભીખતાં શી લાજ.

વલણ.

લાજ ન કીજે નાથ મારા, માધવ મનવાંછિત આપશેરે,
દીન જાણીને દયા આણી, દરિદ્રનાં દુઃખ કાપશેરે.

રાગ રામગ્રી.

પછે સુદામોજી બોલીઆ, સુણ સુંદરીરે;
શી કહું હું શિખામણ, ઘેલી કોણે કરીરે.

જે નિર્મ્યું છે તે પામીએ, સુણ સુંદરીરે.
વિધિએ લખ્યાં વૃદ્ધિ હાણ્ય, ઘેલી કાણ્ય કરીરે
દીધા વિના ક્યાંથી પામિએ, સુણ સુંદરીરે;
નથી આપ્યું જમણે હાથ, ઘેલી કાણ્ય કરીરે.
જને ખડધાનજ વાવીએ, સુણ સુંદરીરે;
તો ક્યાંથી જમીએ શાળ, ઘેલી કાણ્ય કરીરે.
જળ વહી ગયે શી શોચના, સુણ સુંદરીરે,
જને પ્રથમ ન બાંધી પાળ, ઘેલી કાણ્ય કરીરે
એકાદશી વ્રત નવ કર્યા, સુણ સુંદરીરે,
નવ કીધા તીરથ ઉપવાસ, ઘેલી કાણ્ય કરીરે.
અગ્નિ તૃપ્ત કીધા નહીં, સુણ સુંદરીરે,
નહિ શ્વાન વાયસ ગૌગ્રાસ, ઘેલી કાણ્ય કરીરે.
બ્રહ્મભોજન કીધા નહીં, સુણ સુંદરીરે,
નથી કીધા હોમ હવન, ઘેલી કાણ્ય કરીરે.
અતિથિ નિર્મુખ વાળીઆ, સુણ સુંદરીરે,
તો ક્યાંથી પામીએ અન્ન, ઘેલી કાણ્ય કરીરે.
હરિપ્રસાદ લીધો નહીં. સુણ સુંદરીરે;
નિત્ય અશુદ્ધ કીધો આહાર, ઘેલી કાણ્ય કરીરે.
આપ ઉદર પાપે ભર્યું. સુણ સુંદરીરે.
છૂટ્યા પશુતણો અવતાર, ઘેલી કાણ્ય કરીરે,
સન્તોષ અમૃત ચાખીએ, સુણ સુંદરીરે
હરિચરણે સોંપો મન, ઘેલી કાણ્ય કરીરે;
ભક્તિએ નવનિદ્ધ આપશે, સુણ સુંદરીરે.
ધરો ધીર તમે સ્રીજન ઘેલી કાણ્ય કરીરે.
આંખ ભરી અબળા કહે, રૂષિરાયજીરે;
મારૂં જડ થયું છે મન, લાગું પાયજીરે.

એ તો જ્ઞાન મને ગમતું નથી, રૂષિરાયજીરે;
રૂએ બાળક લાવો અન્ન, લાગું પાયજીરે.
અન્ન વિના ચાલે નહીં, રૂષિરાયજીરે;
મોટા જોગેશ્વર હરિભક્ત, લાગું પાયજીરે.
અન્નવિણ ભજન સુજે નહીં, રૂષિરાયજીરે;
જીવે અન્ને આખું જગત, લાગું પાયજીરે.
શિવે અન્નપુર્ણા ઘેર રાખીઆં, રૂષિરાયજીરે;
સૂરજે રાખ્યું અક્ષયપાત્ર, લાગું પાયજીરે.
ઇંદ્ર સેવે કામધેનુને, રૂષિરાયજીરે;
તો આપણે તે કોણ માત્ર, લાગું પાયજીરે.
સુર સેવે કલ્પવૃક્ષને, રૂષિરાયજીરે;
મનવાંછિત પામે આહાર, લાગું પાયજીરે;
ધર્મ પ્રાણ અન્ન વિના નહી, રૂષિરાયજીરે.
ઉભો અન્ને સકળ સંસાર, લાગું પાયજીરે;
ફેરાનું ફળ જાશે નહીં, રૂષિરાયજીરે.
જઇ જાચો કૃષ્ણ બળદેવ, લાગું પાયજીરે;
વિધિએ લખ્યા અક્ષર દરિદ્રના, રૂષિરાયજીરે;
ધોશે ધરણીધર તતખેવ, લાગું પાયજીરે.

વલણ.

તતક્ષણ ત્રિકમ છેદશે, દરિદ્રકેરાં ઝાડરે;
નાથ પધારો દ્વારિકા, હું માનું તમારો પાડરે.

સુદામા ચરિત્ર.

૧૮—શ્રીકૃષ્ણનો વૈભવ અને સુદામાનો સત્કાર.

રાગ મારૂ.

સૂતા શય્યાએ શ્રીઅવિનાશરે, અષ્ટ પટરાણીઓ છે એ પાસરે;
રુક્મિણી તળાંસે પાયરે, મિત્રવિંદા ઢોળે છે વાયરે.
ધર્યું દર્પણ ભદ્રા નારીરે, જાંબુવતીએ ગ્રહી જળ ઝારીરે;
યક્ષકર્દમ સત્યા સેવેરે, કાલિંદીજી અગર ઉસેવેરે.
લક્ષ્મણા તાંબુલ લાવેરે, સત્યભામા બીડી ખવરાવેરે;
હરિ પોઢ્યા હિંડોળા ખાટરે, પાસે પટરાણી છે આઠરે.
બીજી સોળ સહસ્ર શત સ્યામારે, કોઈ હંસગતિ ગજગામારે;
મૃગાનેણી ને ચંદ્ર ચકોરીરે, કોઇ સ્યામલડી કોઈ ગોરીરે.
કોઈ મુગ્ધા બાળા કિશોરીરે, ખળકાવે કંકણ મોરીરે;
ચપળા ચિતડું લે ચોરીરે, કોટે હાર કંચુકી કોરીરે.
કોઈ ચતુરા સંગીત નાચેરે, કોઈ રીઝવે ને ઘણું રાચેરે;
એક બીજીને વાત વાસેરે સરખા સરખી ઉભી પાસેરે.

હરિ આગળ હરિગુણ ગાતીરે, વસ્ત્ર વિરાજે નાનાભાતીરે;
ચંગ ઉપંગ મૃદગ ઘણાં ગાજેરે, શ્રીમંડળ વેણા વાજેરે
ગાંધર્વીકળા કોઈ કરતીરે, શુભ વાયક મુખ ઉચરતીરે;
ચતુરા નવ ચૂકે તાળીરે, બોલે મર્મવચન મરમાળીરે.

જેથી રીજે પ્રાણાધારરે, એમ થઈ રહ્યો થેઈથેઈકારરે;
એવે દાસી ધાતી આવીરે, જોઈ નાથે પાસે બોલાવીરે.
બોલી સાહેલી શિર નામીરે, દ્વારે દ્વિજ આવ્યો કોઈ સ્વામીરે;
ન હોય નારદ અવસ્યમેવરે. નહીં વસિષ્ઠ ને વામદેવરે.
ન હોય દુર્વાસા ને અગસ્ત્યરે, મેં તો ઋષિ જોયા છે સમસ્તરે;
નહીં વિશ્વામિત્ર કે અત્રિરે, નથી લાવ્યો ચિઠ્ઠી કે પત્રીરે.

દુઃખી દરિદ્ર સરખો ભાસેરે, એક તુંબી પાત્ર છે પાસેરે;
પિંગળ જટા ભસ્મે ભરીઆરે, ક્ષુધારૂપી નારીને વરીઆરે.
શેરીએ, શેરીએ થોકાથોકરે, તેને જોવા મળ્યાં બહુ લોકરે,
તેણે કહાવ્યુ કરી પ્રણામરે, મારૂં પ્રિય સુદામો છે નામરે.
એમ દાસી કહે કર જોડરે, ખરો ખરો કહે રણછોડરે;
મારો બાળા સ્નેહી સુદામોરે, હુ દુઃખીઆનો વિસામોરે.
ઊઠી ધાયા જાદવ રાયરે, નવ પહેર્યાં મોજાં પાયરે,
પીતાંબર ભૂમિ ભરાયરે, રાણી રુકિમણી ઉચા સાંયરે.
અતિ આનંદે ફૂલી કાયરે, હરિ દોડે ને શ્વાસે ભરાયરે.
પડે આખડે બેઠા થાયરે, એક પળ તે જુગ જેવી જાયરે
સ્ત્રીઓને કહી ગયા ભગવાનરે, પૂજા થાળ કરો સાવધાનરે;
હુ જે ભોગવું રાજ્યાસંનરે, તે તો એ બ્રાહ્મણનુ પુન્યરે
જે કોઈ નમશે એનાં ચરણ ઝાલીરે, તે નારી સહુપે મને વહાલીરે;
તવ સ્ત્રી સહુ પાછી ફરતીરે, સામગ્રી પૂજાની કરતીરે.
સહુ કહે માહો માંહી બાઈરે, કેવા હશે શ્રીકૃષ્ણના ભાઈરે,
જેને સ્યામળીઆશુ સ્નેહરે, હશે કંદર્પ સરખો દેહરે.
લઈ પૂજાના ઉપહારરે, રહી ઉભી સોળ હજારરે;
બાઈ લોચનનુ સુખ લીજેરે, આજ જોડનુ દર્શન કીજેરે.
ઋષિ શુકજી કહે સુણ રાયરે, શ્યામળીઓજી મળવા જાયરે;
છબીલીજીએ છુટી ચાલેરે, દીધી દોટ તે દીનદયાળેરે.
સુદામે દીઠા કૃષ્ણ દેવરે, છુટયાં આંસુ શ્રાવણ નેવરે;
જૂએ કૌતક ચારે વર્ણરે, કયાં આ વિપ્ર કયાં અશરણશર્ણરે.
જૂએ દેવ વિમાને ચડીઆરે, પ્રભુ ઋષિજીને પાય પડીઆરે,
હરિ ઊઠાડ્યા ગ્રહી હાથરે, ઋષિજી લીધા હૈડા સાથરે.
મળ્યા જાદવ જોવા પુઠેરે, પ્રેમનાં આલિંગન નવ છુટેરે;
મુખ અન્યોન્યે જોયાંરે, હરિના આંસુ સુદામે લોહ્યાંરે.

તુંબિપાત્ર ઉલાળિને લીધુંરે, દાસત્વ દયાળે કીધુંરે.
ઋષિ પાવન કર્યું મુજ ગામરે, તમે પવિત્ર કર્યો રંક ધામરે.
તેડી આવ્યા વિશ્વાધારરે, મંદિરમાં હરખથી અપારરે,
હસ્ત ઝાલી હરખે મુરારિરે, જોઈ હાસ્ય કરે સહુ નારીરે.
ઘણું વાંકાં બોલ્યાં સત્યભામારે, આવા ફુટડા મિત્ર સુદામારે;
હરિ તેને ઊઠીને શું ધાયારે, ભલી નહાનપણાંની માયારે.
ભલી જોવા સરખી જોડીરે, હરિને સોંધા એને રાખોડીરે;
જો કોઈ બાળક બાર નીકળશેરે, તે તો કાકાને દેખી છળશેરે.
નવ બોલ્યાં રુક્મિણી રાણીરે, તમે બોલો છો શું જાણીરે.

વલણ.

શું બોલો વિસ્મય થઈ, હરિભક્તને ઓળખો નહીં;
બેસાડ્યા મિત્રને શય્યા ઉપર, ઢોળે વાયુ હરિ ઉભા રહી.

૧૯—દેવકી વિલાપ.

રાગ મેવાડો.

વિનવે દેવકી હો, વીરાને વલવલી,
માનને માગે હો, મુખે દશ આંગળી.
હૃદયા ફાટે હો, નયણે જળ ભરે,
સુકુમાર કુંવરી હો, કાલું કાલું બોચરે.
માનષી દેહ ધરી હો, વિપત્ત શી આવડી,
કોણ મુકાવે હો, નહીં પિતા માવડી.
ભાઇ તેં ઉછેરી હો, નમાઈ હું રાંકડી;
કેમ સહું રાતી હો, વીરાજીની આંખડી.

મહીએર તો મારૂં હો, તું મથુરાપતિ;
ઉગ્રસેન કાકા હો, આજ પાસે નથી.
કહાં ભોગવશો હો, પાપનો પોટલો;
શિર મારૂ દુખે હો, તાણો મા ચોટલો.
માળા મારી તૂટી હો, પડે કરમુદ્રડી;
દેખે અંગ લોકડા હો, ખસી મારી ચુંદડી.
વેણી વીખરાણી હો, કાકીએ સેસ ભગી;
ભલુ થાઓ દેવનું હો, વાણી એવી ઓચરી.
જે પરણાવે હો, તે તો વધ કેમ કરે;
મીંઢળ નથી છુટયાં હો, ના ગઈ સાસરે.
તંબોલ પરણ્યાનો હો, સુકયો નથી સાવલીએ;
મા મારો છઉં કોડ ભરી હો, લાગું તારે પાવલીએ.
જેને ઉછેરીરે હો, તેને નવ મારીએ;
ઘણું વોળાવી હો, ઘેર પધારીએ.
ગગનવાણી હો, કો વેરણુ મુજતણી;
સાચું રખે માનો હો, જુઓ હું દુર્બળ ભણી.
એમ વલવલતી હો, રોતી ગજગામની;
દેવકી રોતાં હો, રોઈ પ્રજા ગામની.
રોયાં વૃદ્ધ જોબન હો, ને બાળક બાહુવાં;
રોયા હય હસ્તી હો, રોયાં નગ્ર ઝાડુવાં.
રોયા ગગને દેવતા હો, રોયા વસુદેવપતિ;
પણ નિરદે કંસને હો, દયા નથી આવતી.

વલણ.

દયા ન આવે કંસને ક્રોધી મથુરાનાથરે;
જેવે ધાઈ ઘાય મૂકે, વસુદેવે ઝાલ્યો હાથરે.

દશમ સ્કંધ

૨૦—કૃષ્ણ બાળચરિત્ર

રાગ મારૂ.

કોણે ફોડી હો, આ ગોળી કોણે ફોડી હો;
સાદ સાંભળી નાઠા નરહરિ, અંબા દોડી હો. આ ગોળી૦

ઉડયું વદનને હાથ ઘસતી, પુઠે હીંડી હો;
બાઈ ગોરસનું મને દુ:ખ નથી, ભાંજી ગોળી રીઢી હો. આ ગોળી૦

પરસાળ છાસે છબછબે, જેમ તળાવની લહેરી હો;
આખા ગોરસ ઉજડ વાળ્યુ, દીકરો કે વેરી હો. આ ગોળી૦

માખણ ખવરાવ્યું માકડાંને, ઉછંકળ છૈયો હો;
પાત્ર રૂંઢું ને નેતરૂં તૂટું, ભાંગો રવૈયો હો. આ ગોળી૦

આખો દિવસ આજ બાંધી મૂકું, જોઉં કોણ મુકાવે હો;
પ્રેમાનંદ પ્રભુ સીતાપતિ, કેમ હાથ આવે હો. આ ગોળી૦

રાગ પંચમ—સામગ્રી.

સોટી લીધી હાથ, ધાયાં જસોમતીરે;
ઘુંટણીએ ઘનશ્યામ, નાસે જદુપતિરે.

જોવા મળી વ્રજનાર, અંત્રિક્ષ સુરવધુરે;
આગળ પુત્ર ને પૂઠે માત, ખુંધું ગામ બધુરે.

બીજાં બાળક નાસી જાય, મર્કટ વૃક્ષે ચડયાંરે;
થાકાં જસોદા માત, ધાતા ઢળી પડયાંરે.

પુનરપિ બેઠાં થાય, અંબા શ્વાસે ભરીરે;
છેડો ખસી ખસી જાય, વેણી વીખરીરે.

નાનાં બાળક માંય, શક્તિ ક્યાંથી આવડીરે;
તાળી દઈ, હસે ગોવાળ, દાઝે માવડીરે.
જુએ ઇંદ્રાદિક દેવ, કૌતક કૃષ્ણતણારે;
છે આંસુ ભર્યાં લોચંન, દીસે સોહામણારે.
છે ક્રોધ ભર્યું કપાળ, રીસે તરડીયુંરે;
શોભે મોહનજીનું મુખ માખણ ખરડીયુંરે.
છે ખીટળીઆળા કેશ, માંહે રેણુ ભરીરે;
નાસે ત્રિભુવનનાથ, જુએ ફરી ફરીરે.
છે ગોરસ ખરડયો દેહ, તક્રનાં બિંદુ ઝરેરે;
એવા દુઃખમાં દીનાનાથ, માખણ ભક્ષ કરેરે.
ખોડંગતો વિશ્વનાથ, ચૌટે ચાલતોરે;
સોને મઢયો સિંહનો નખ, હૈડે હાલતોરે.
કમળપેં કોમળ પાય, કઠીણ ભોમ્ય ધરેરે;
ભાંગે કાંટા વાગે પાષાણ, શોણિત અંગે ઝરેરે
છે અંતરજામી નાથ, માને કીધી મયારે;
ઘણું થાકી જાણી માત, પ્રભુ પડી ગયારે.
હું નહીં કરૂ અન્યાય, એકવાર ચૂકોરે;
કહો તેવા ખાઉં સમ, આવારકો મૂકોરે.
જઈને ઝાલ્યો હાથ, દાસી કને દોરડું માગેરે;
પરમેશ્વર માગે માન, માતને પાય લાગેરે.
મંદિરમાં આવ્યાં માત, પાંખોટે ગ્રહીરે;
બાંધવા માંડયા હાથ, દોર પોંચે નહીરે.
કેમ કરી બાંધ્યો જાય, સુંદર શ્યામજીરે;
ભટ પ્રેમાનંદનો નાથ, અકળ રામજીરે.

દશમ સ્કંધ.

૨૧—ભોળી સુભદ્રા.

રાગ દેશાખ.

માતાને ઘેર ગયા મોરારીરે, ત્યારે ટોળે મળી સર્વે નારી રે;
સોળ સહસ્રે વાત વિચારી રે, શું લાવ્યા ગિરિવરધારી રે.
આવ્યા સુભદ્રાની પાસે રે, જ્યારે બહાર પધાર્યા અવિનાશ રે;
ત્યારે નણુંદ થયા પ્રસન્ન રે, આપ્યા સોળ સહસ્રને આસંન રે.
પછે સુભદ્રાજી હરખે પૂછે રે, ભાભી સર્વે આવ્યાં તે શું છે રે;
સુણી સુભદ્રાની વાણીરે, ત્યારે બોલ્યાં રૂક્મિણી રાણી રે.
આવ્યાનું સ્થાનક અમારૂ રે, તે તો બાઈ ભોવન તમારૂ રે;
અમો ભાભી જે સોલ હજાર રે, તેને તમારો છે આધાર રે.
જ્યારે તમો જાશો સાસરડે રે, નહિ કદી અવાય વસુદેવ ઘર રે;
સાસરવાસો સર્વે ભોજાઈ રે, કરવા ઇચ્છેછે તમને બાઈ રે.
અમ સરખુ કંઈ કામ દેજો રે, મન ગમે તે માગીને લેજો રે;
જ્યારે એમ બોલી વડી વામા રે, ત્યારે બોલ્યા સત્યભામા રે.
આપણુને એથી અધિક કંઇ નહીં રે, દૂધ છે તોય એને છેએ દહીં રે;
આપ્યાનો તે શો છે ઉધારો રે, બાઇજી લોની આ હાર અમારો રે.
આપણુ ક્યાં ખરચીશુ ગર્થ રે, સાસુ નણુંદ એ મોટું તીર્થ રે;
આપ્યો હાર તે સત્યભામા સતી રે, ત્યારે ઊઠીઆં જાંબુવંતી રે.
આ પહેરો સુભદ્રાજી ચીર રે, ચિત્રવિચિત્ર ભર્યું છે હીર રે;
રૂક્મિણી મન કીધું બહોળું રે, આપ્યું પહેરવાને ત્યાં પટોળું રે.
એક કહે લ્યો સુભદ્રા બહેન રે, આ માળા લ્યો મોટી મોહનરે;
કેણે આપ્યા કંકણુ ને ચૂડી રે, નણુદી કહે ભાભીઓ રૂડી રે.
ઘોળા સાળુ છાંટયાં કેસર રે, મોટાં મોતી નાકે વેશર રે;
કો જોડ આપે અણુવટની રે, કો છોડે કટિમેખલા કટની રે.

કલ્લાં કાંબી ને ઝાંઝરીઆં રે, નણંદને અર્પણ કરીઆં રે;
એમ આભ્રણ આપ્યાં સર્વે રે, ત્યારે બોલ્યાં સુભદ્રા ગર્વે રે.
આજ ભાભી પરોણાં રહીએ રે, વળી કામ અમ સરખું કહીએરે.
જેવાં કરશો તેવા થઈશું રે, વહાલી વાત તે તમને કહીશું રે;
સુણી સુભદ્રાની વાણી રે, ત્યારે બોલ્યાં ને રૂક્મિણી રાણી રે.
કહુંછું કહો સુભદ્રા બાઈ રે, આજ આવ્યા હુતા તમારા ભાઈ રે;
પેટી હતી તે લીધા કનેરે, આવીને તે આપી છે તમને રે.
તે પંજરમાં તે શું છે રે, ભાભીસાથ મૌકો પૂછે રે;
આપણે બોલવું ચાલવું શાનું રે, એને જોઈ જાવું છે છાનું રે.
મારે ઉઘાડો પંજરતાળું રે, અમો વેગળી રહીને નિહાળું રે;
નણદે જીભ કરડી ત્યાં દંત રે, ભાભી ક્રોધી તમારો કંથ રે.
જાણો છો ત્રીકમની ટેવ રે, અમિકટકો છે કૃષ્ણદેવ રે;
એ તાળાંની કૂચી રે, મોહને મૂકી છે ઉંચી રે.
શું જાણીએ ઘો છે કે સાપ રે, તેને દેજો તમે જબાપ રે;
ત્યારે સત્યભામા ત્યાં પૂછે રે, બાઈ આવડું બીહોકો તે શું છે રે.
જો તમ ઉપર કોપે શ્યામ રે, ત્યારે મારૂ તમો લેજો નામ રે;
જો હરિ દેખાડે મુને બળ રે, રૂડી પેરે ઉતારૂ ઝાકળ રે.
ત્યારે બોલ્યાં તે જાંબુવંતી રે, એક મેં વિચારી છે મતિ રે;
આપણ અધરી પ્રતિજ્ઞા કીજે રે, કોઈ બહાર જઈ વાત ન કીજે રે.

વલણ.

ન કીજે વાત વિઠ્ઠલની ચોરી, જાંબુવંતી એમ ઉચ્ચરે;
સંજય કહે સાંભળ ધૃતરાષ્ટ્ર, પછે સ્યામા સમ કેવા કહેરે.

૨૨—ભોજાઇઓની ભાવના

રાગ મારૂ.

જાંબુવંતી કહે બહાર જઈને, કરે પિંજરની વાત;
તેને માથે ભાર એટલો, નહીં પિતાની જાત.
પછે સુભદ્રાના હાથમાં તે આપ્યાં સત્ય વચન;
વસ્ત્ર આભુષણ રહ્યાં જોઈને, માન્યું માનુનીમન.
ચાલી સુભદ્રા પિંજર પાસે, કૂચી કરમાં સહાઈ;
એકલીએ તાળું ઉઘાડયું, જુએ વેગળી સર્વે ભોજાઈ.
દ્વાર બંને જુજવાં કીધાં, જુએ છે સર્વે સાર;
માંહે મૃત્યુક મોટું દીઠું, ત્યારે હસી રાજકુમાર.
અહિલોચનનો પ્રાણ રહ્યોતો, વળગી પેટીના પાસા માંહે;
હસતાં હાસ કરી હંસ પેઠો, હરિભગિનીના નાક માંહે.
અબળાને ગર્ભ છે અર્જુન કેરો, થયા છે પંચ માસ;
તે પિંડ માંહે પાપી પરાણે, સઘ પૂર્યો વાસ.
તે જીવ વિચારે અહિલોચનનો, હું આવ્યો હરીને ઘેર;
ન થાઉં પ્રસવ મારૂ સુભદ્રાને, વાળું પિતાનું વેર.
ત્યારે કૃષ્ણની કામનીએ કૌતક કીધું, મરકલડે મુખ તાણ્યુ;
કમાઈ જુઓ આપણા કંથની, મુવું મડદું મસાણેથી આણ્યુ.
તાળી દઈ હસ્યાં માંહો માંહે, સર્વમાં સત્યભામા ડાહ્યાં;
બાઈએ હેત કીધું ભગિનીને, અવિલોકે અભડાવ્યાં.
પીતાંબરનો પાલવ ઢાંકી, પ્રભુએ પિંજર આણ્યુ;
મારે મંદીરે ન આવ્યા, મેં ત્યારથકી કૌતક જાણ્યું.

મુખ મરડીને તાણે સરકડા, કરવા લાગી ઠંઠોળી;
સુભદ્રાને વીંટી વળી ભાભી, સોલ સહસ્રની ટોળી.
રૂક્મિણી કહે બાઇ મારે મંદીર, ટબકલી છીંટ છે આછી;
તે તમને હું આપીશ બાઈ, પટોળી આપોની પાછી.
જાંબુવતી કહે બત્રીશ લક્ષણો, બાઈ તમારો વીર;
તે જાણે તો મુને ઠાર મારે, માટે આપો મારૂ ચીર.
સાંસતાં રહી સત્યભામાં બોલ્યાં, હાથ દઈને ગાલે,
આજ તો હાર લાવોની પાછો, જોઈએ તો આવજો કાલે.
એક કહે નહીં રાખે આપણું, નહિ અભૈયા ભીખારી,
હસ્તિનાપુરમાં કેમ જાશે, અંગુઠી પહેરી મારી.
એક કહે એ અભૈયાને આપતાં, આપણું હૈડું હીસે;
પાછું લઈએ છીએ એટલા માટે, જે પીએરમાં વરણાગી દીસે.
માન દઈ અપમાન માંડયું જ્યારે વસ્તુ પેટીની જાણી;
મૂળગું વસ્ત્ર જે સુભદ્રાનુ, ભાભીએ લીધું તાણી.
ત્યારે બડબડતાં સુભદ્રા બોલ્યાં, જે ધણી હું માનમોહોતી,
હવે સાસ્લા સોતી જવા દો, ભાભીઓ ભાવના પહોતી.

વલણ.

પહોતી ભાવના ભાભીઓ, એમ નણંદે ટચકો ચોડીઓ,
લટપટ કરીને વસ્ત્ર હર્યાં, પછે આપ આપને મંદીર દોડીઓ.

અભિમન્યુ આખ્યાન.

બ્રૂ કા.

શામળ.

૨૩—સ્ત્રીના વખાણ.

છપ્પા.

સ્ત્રીવશ સૂર્ય ને ચંદ્ર. ઇંદ્ર તુરણી વશજ્યારે;
સ્ત્રીવશ દેવ મહાદેવ, મોટી માયા તે ત્યારે;
સ્ત્રીવશ રૂડા ગામ, સ્ત્રી વશ મુનિવર મોટા;
સ્ત્રીવશ સઘળી સૃષ્ટિ, છેક મોટા ને છોટા;
વશ વરતે નર સહુ તે તણે જુવાની જ્યારે ઘણી,
કવિ શામળ કહે અજીત એ, તરતીબ ઘણી તરૂણી તણી.

નારી તેનું નામ, કરે સ્વામીની સેવા;
નારી તેનું નામ, કંથને જાણે દેવા;
નારી તેનુ નામ, દુઃખ જે આગળ કહીએ;
નારી તેનું નામ, સ્વામીના અવગુણ સહીએ;
વળી નારી નમીને ચાલશે, નારી સપૂત કુળે ફળે;
જીવતાં જશ જીતી લીએ, અંતકાળે વાંસે બળે.

પ્રમદા તેજ પ્રધાન, પ્રીત પ્રમદાની પ્રૌઢી;
પ્રમદાથી શોભે પુરૂષ, કહેવાય નરનારી જોડી;
પ્રમદા વડે ઘરસુત્ર, પુત્ર પ્રમદાથી પામે;
અર્ધાંગ પુન્ય વિભાગ, દુઃખ વનિતાથી વામે;
ઘર છિદ્ર ઢંકાય ઘરૂણી થકી, માન સન્માન મહિમા મળે;
શુભ ઇચ્છે તે સ્વામી તણું, અંતકાળે અગ્નિમાં બળે.

મળે કામની કંથ, પ્રથમ તો લજ્જા પામે;
ગળે કામની કંથ, નેણ તે નીચાં નામે;
મળે કામની કંથ, સ્નેહનાં વાયક સૂઝે;

મળે કામની કંથ, જોર જોબનનું ઝૂઝે;
જ્યાં મળે કંથ ને કામની, હાવ ભાવ મનમાં ભરે;
પકડે તે તરૂણી તોલ ત્યાં, શામળ કહે શોભા ધરે.
રામા રત્નની ખાણુ, જાણુ એ રંભા રૂડી;
ધરે સોળ શણુગાર, હાર કંઠે કર ચૂડી;
શોભે જળહળ ગેહ, દેહ કોમળ શુભ સાજી;
શોભા કેરૂં સદન, વદન હસી રાખે રાજી;
ભડ ભોજ કરણુ વિક્રમ અને, હરિશ્ચંદ્રની હારના;
પંડિત ચતુર :પુર પાટવી, નૃપતિ નેટ પણુ નારના.
જે ઘરમાં ઘરનાર, દામ ઉધારે દેશે;
જે ઘરમાં ઘરનાર, પિંડ પિત્રી પણુ લેશે,
જે ઘરમાં ઘરનાર, તોજ મેણું શિર ટળશે;
જે ઘરમાં ઘરનાર, માન માણુસમા મળશે;
ઘરનાર જેહને ઘર હશે, શોભિત શાહ સરસ જસો;
ઘરનાર વિના નર નિર્બળો, શાહ તોય તસ્કર તસો.
નાર વિના નર રંક, સંગ રાખે નહિ કોઈ;
નાર વિના નર ચોર, જોર જર બેસે ખોઈ;
નાર વિના નર નિર્બળ, સબળ રાખે નહિ સંગે;
નાર વિના નર દીન, હીનસુખ એકલ અંગે;
ચતુરા વિણુ ચાલે નહીં, જગતમાંહિ રહે જ્યાહરે,
શામળ કહે છે સ્યામા કશી, તજે જગત તો ત્યાહરે.
જોબનમાં દે રંગ, સંગ સુખ ટાઢક તનની;
વાલપણે કરી વાત, મટાડે પીડા મનની;
સુખ દુઃખમાં સમ ભાગ, રાગ રૂડે ગુણુ ગાતી;
ચતુરા ચિત્ત હરનાર, સાર ઉરમાં મદમાતી;
વળી વૃદ્ધપણે સેવા કરે, દેખ્યાથી દિલ દુઃખ ટળે;
એ અંત કાળ અળગી નહિ, બહુ સ્નેહે સાથે બળે.

રાખે કંથની રીઝ, કામ કરવા દિલ દાસી;
પિયુ ઘર કામ પ્રધાન, હોય મધુરી મુખહાસી;
દુઃખની વેળા કામ, ખરૂં દિલ રિઝવે ખાંતે;
વેલી સેવામાંહિ, ધણી રૂપાળી ધારે;
પતિવ્રતપણું પાળે ઘણું, નર ઉપર દિલ નેહનું;
કવિ શામળ કહે શોધી મળે, તરૂણી નામજ તેહનું.
નારી તેનું નામ, કરે સ્વામીની સેવા;
નારી તેનું નામ, દિલથી જાણે દેવા;
નારી તેનું નામ, દુઃખ સુખ ઘટતાં લહીઆ;
નારી તેનું નામ, સ્વામીના અવગુણ સહીઆ;
વળિ નારી જે નમી ચાલશે, નારી સફળ ફળે ફળે;
જીવે ત્યારે જશ જીતી લે, અંતકાળ બાંહેબળે.

નારી દેખી નર લાખ, ભોળવાણા કઇ ભટક્યા;
જોગી મૂક્યા જોગ, કઇક સંન્યાસી સટક્યા;
સિદ્ધ તજી સિદ્ધાઈ, બ્રહ્મચારી કઈ ભમીઆ;
પંડિત તજી પુરાણ, રંગ રામાસું રમીઆ;
વળી વ્રત મૂક્યાં કઈ વરતીયે, વગોવ્યો વેષ વેરાગીએ;
સર્વ સ્ત્રી સુખમાંહી શમી ગયા, તરૂણી ન તજી ત્યાગીએ.

પશુ ચરે છે તરણ, રહેછે રણમાં રમતાં;
નર નારીની જોડ, ભાળીએ સાથે ભમતાં;
ઉડે પંખી આકાશ, જુઓ તેનું પણ જોડું;
કોણ ઉંચ કે નીચ, ગધેડું કે કાં ઘોડુ;
સુર અસુર નાગ કિન્નર વિષે, દેવી નાગણ દાનવી;
મન ગઈ કર્યા છે મેરીએ, કોણ માત્રમાં માનવી.
નાર વિના નર રંક, દામણો દીસે દેહે;
નાર વિના નર રંક, દિસે ગુણહીણો ગેહે;

નાર વિના નર રંક, નહીં ધન ધારે કોય;
નાર વિના નર રંક, હરી પૂજન નવ હોય;
નિર્બળ છે નર નારી વિના, ભોગ કશા તે ભોગવે.
અવગુણ અદકા અચુતેગણા, જુવતી વણ નર જોગવે.

નારી નરનું અંગ, સુખ દેયણુ કર સેવા,
બજે પુણ્યમાં ભાગ, લાભ જશ લાખો લેવા.
જ્યામાથી સંતાન, ધર્મ બુદ્ધિ તે ધારે.
પ્રગટે પુત્ર સપૂત, કુળ ઇકોતેર તારે;
કુળ શુદ્ધ મળે જો કામની, સ્વામીને સુખ દે સતી.
હું એમ વિચારૂ આપથી, પુણ્યવંત તેનો પતી

માનનિ મોટું મૂલ્ય, મહા માયા એ મોટી;
જીતવા ઇચ્છે જેહ, તેહની ખાંતજ ખોટી;
સ્વર્ગ મૃત્યુ પાતાળ, ભેદ ભારત જે ભણીઆ:
ઉચ નીચ ને અમીર, સર્વ જુવતિએ જણીઆ
સ્ત્રી ખરા રત્નની ખાણ છે, મોટી પુરૂષથી પ્રીછજે.
સહુ શાસ્ત્ર સાક્ષી શામળ કહે, અંતરમાં સહુ ઇચ્છજો.

નિર્મળ મનની નાર, સ્વામીને સ્વર્ગ પમાડે;
જુવતી જોબનમાંહી, રીઝથા રંગ રમાડે;
ઢાંકે કુળ કલંક, સરસ ચલવે ઘરસુત્ર;
વધે તેહથી વંશ, પ્રસવે પુત્ર સુપુત્ર;
નારી હોય સતી શુભ સાધરી, પુણ્યવંતી તે પારખી;
છે નીચ કોઇકજ નારીઓ, સ્વભાવે સહુ નહિ સારખી.

દયારામ.

૨૪—રાધિકાનું સ્વપ્નું.

ગીત.

માતાજીરે આજ આનંદ મારે અંગેરે, શ્રીકૃષ્ણ પરણ્યા મારે સંગેરે, આજ. ટેક
માતાજીરે આજ સપન એવુ દીઠુ રે, અમૃતથી લાગે મુજને મીઠુ રે, આજ.
માતાજીરે જાણે વૃષભાન મુજ તાતેરે, બ્રાહ્મણ મોકલ્યો પરભાતેરે; આજ
માતાજીરે તમે જાણે નંદ ઘેર વીવા કીધોરે, મે જાણે હરિવર માગી લીધોરે; આજ.
માતાજીરે રૂપ વંતો ગુણવંતો હુ નરખુંરે, હૈડામાં એને જોઈ હરખુંરે; આજ.
માતાજીરે તમે જાણે જમાઈ તેડયો જમવારે, હું દેખી લજવાણી ગઈ રમવારે, આજ.
માતાજીરે તમે જાણે લગન મારાં લીધાંરે, સગાં સંબંધી ભેળાં કીધાંરે; આજ.
માતાજીરે બારણીએ તોરણ બંધાયરે, માનની મંગળ ગાયરે; આજ.
માતાજીરે સગાં સંબંધી મળી આવ્યાંરે, લાડકા-લાડુ સરવે લાવ્યાંરે; આજ.
માતાજીરે જાણે નટવર ચડીઆ વરઘોડેરે, આવીને ઉભા તારે ટોડેરે; આજ.
માતાજીરે તમે પોંખી પધરાવ્યા પ્રીતેરે, માંડવો શોભ્યો રૂડી રીતેરે; આજ.
માતાજીરે મને જાણે હરિ સંગે પધરાવીરે, મે જાણ્યું માયરામાં હુ આવીરે; આજ
માતાજીરે કંથે કસાર જમાડયો રીતેરે, મે પણ પ્રભુને જમાડ્યા પ્રીતેરે; આજ.
માતાજીરે વૃષભાનજી મુજ તાતેરે પેરામણી આપી ભલી ભાતેરે; આજ.
માતાજીરે તમે જાણે કુલની રીત કરાવીરે, મુજને સાસરીએ વળાવીરે; આજ.
માતાજીરે જશોદા સાસુને પાયે લાગીરે, એટલે હુ ઝબકીને જાગીરે. આજ.
લાડકડીરે તારૂં સપન જે કોઈ ગાશેરે, દયાનો સ્વામી પરમન થાશેરે. આજ

૨૫—બાળ લીલા.

ગરબો.

સજ્જન સાંભળોરે, હરિની બાળલીલા કાંઇ ગાશુ.
કોટી કલ્પનારે, પતિતપણાથી પાવન થાશુ—૧

ઇશ્વિર અખિલતણુરે, જેનું કરે શેષ શિવ વંદન,
ભક્તવત્સલ પ્રભુરે, માટે થયા નંદના નંદન.—૨
ગોકુળ ગામમાંરે, નિત્ય યશોમતીઘેર આનંદ હેલી,
કાલાં તોતલાંરે, સુતનાં વચન સુણી થાય ઘેલી—૩
મોહન મૂરતીરે, સહેજે દીઠેથી મોહ લાગે,
તે હરિ હઠ કરીરે, મા મા કહીને માખણ માગે.—૪
પાયે લંગરીરે, છમછમ કરતો છબીલો ચાલે,
લટકે લાડકોરે, રંગત લાકડલી કર ઝાલે.—૫
કટિકંદોરડોરે, ચરણ ધરંતાં ખમખમ બોલે,
લટકે ફૂમતુંરે, શોભા નહીં કોઈ તેની તોલે.—૬
પહોચાં સાંકળાંરે, કરમાં કંચનકંકણ શોભે,
બાજુ બેરખાંરે, બાજુબંધે બહુ મન લોભે.—૭
ઉરપર સાંગલુંરે, સિંહનખ શોભે સુવરણમઢીઓ,
મણી મુક્તાતણીરે, માળાઓ જઈ નાભી અડીઓ.—૮
મોહન મુખડુ રે, શરદપુનમ શશીથકી બહુ સારૂં;
નિરમળ નાસિકારે, મોતીલળકે મોહ્યું મન મારૂં.—૯
આંજી આંખડીરે, માજી ગાલ નજરીઉં કીધુ;
લીલવટ લાલનુંરે, શોભે કુંમકુંમ બિંદુ દીધું.—૧૦
કુંડળ કાનમાંરે, પડયાં પ્રતિબિંબ કપોળે ઝળકે;
ઝુંમણુ વેળાઉરે, મોતી ભરીઉં લટકે લળકે.—૧૧
મુખપર ઝૂમતારે, હરિને ખિટળીઆળા કેશ;
છબી ઘનસ્યામ છેરે, મનમોહન પ્રભુ બાળક વેશ.—૧૨
મુખ દધિ લેપિયુંરે, નિરખે ઉર ભરી આવે વા'લ;
પરમ આનંદનોરે, સાગર નવનીતપ્રિય નંદલાલ—૧૩
એવો લાડીલોરે, ઠમકે ચાલ ઠમકતી ચાલે;
મહીડું વલોવતાંરે, ગોવિંદ ગોળી રવૈ ઝાલે.—૧૪

બોલે તોતલુંરે, ઠણુઠણુતો કાનડ કાળો;
માડી ધવડાવતીરે, હઠ કરી કેતાં લાગે વહાલો.–૧૫
પાહનો ઉભયેરિ, કોકા દૈને કંઠ લપટાવે;
શિરશુદ્ધિ કરીરે, ઉછંગે લઇને ધવરાવે–૧૬
ગોવિંદ ઘુંટડેરે, દૂધ પીએ જસોદા મુખ જુએ;
બુચકારી કરીરે, જનુની આંખનાં આંસુ લુએ.–૧૭
ત્રપ્ત થયા પછેરે, માજી વિવિધ રમકડાં આપે;
ખેલે આંગણેરે, ગોપી જન લઈ હૃદયે ચાંપે.–૧૮
લેતી ભામણાંરે, નિરભે શિશુ માટે મુખ ચૂમે;
ઘેર જવાય નહીંરે, લલચ્યું લાલ વિશે મન ઘૂમે.–૧૯
રમતાં આંગણેરે, કરદમ વળગ્યો છે શ્રીઅંગે;
બહેકે બરાસથીરે, ઝાઝી ફેલી છે હરી સંગે–૨૦
એવા જે ભર્યારે, વછનું પૂંછ ગ્રહી ફરે પૂઠે;
પડી જવાયછેરે, ગોપી હસીપડે વળી ઊઠે.–૨૧
વ્રજની સુંદરીરે, લાલચ માખણતણી બતાવે;
અંતર પ્રેમથીરે, પ્રભુને થૈથૈ થનક નચાવે.–૨૨
બાળચરિત્રનોરે, આનંદ એવો વ્રજજન માણે;
વ્રજવાસીતણાંરે, ભાગ્યનો પાર કોઈ નવ જાણે.–૨૩
નેતિ નિગમ કહેરે, અગમ અગોચર સહુથી અળગો;
તે પ્રભુ પ્રેમથીરે, આહીરડાંને આવી વળગ્યો.–૨૪
ક્રીડાઅવતાર ઘણોરે, શિરોમણિ વ્રજલીલા વ્રજરાણો;
દાસ દયા તણોરે, પ્રાણજીવન ધન એ પ્રભુ જાણો.–૨૫

૨૬—હાલરડું.

માતાનો પુત્રપ્રેમ.

માતા જસોદા ઝુલાવે પુત્ર પારણે.
ઝુલે લાડકડા પુરૂષોત્તમ આનંદભેર,

હરખી નરખી ને ગોપીજન જાયે વારણે;
અતિ આનંદ શ્રીનંદજીને ઘેર;
માતા જસોદા ઝુલાવે પુત્ર પારણે.

હરિના મુખડાં ઉપર વારૂ કોટિક ચંદ્રમા,
પંકજલોચન સુંદર વિશાળ કપોળ;
દીપકજ્યોતિ સરખી દીપે સુંદર નાસિકા,
કોમળ અધર અરૂણુ છે રૂડા રાતા ચોળ, માતા૦

મેઘસ્યામ કાન્તિ ભ્રકુટી છે વાંકડી,
ખીટળીયાળા ભાળ ઉપર ઝુમે કેશ;
હસતાં દંતુડી દીસે બેઉ હીરાકણી,
જોતાં લાજે કોટી મદન મોહનવેશ; માતા૦

સિંહનખ જડેલું સુવર્ણ શોભે સાંગલું,
નાજુક આભ્રણ સઘળાં કંચન મોતી હાર;
ચરણ અંગુઠો ધાવે હરજી બે હાથે ગ્રહી,
કોઈ બોલાવે તો કરે કિલકિલાકાર; માતા૦

લાલ લલાટે કીધો કુંકુમ કેરો ચાંદલો,
શોભે જડિત્ર જાણે મરકતમણિની માળ;
જનની જુગતે આંજે અણિયાળી બેઉ આંખડી.
સુંદર કાજળ કેરૂ ટપકું કીધુ ગાલ; માતા૦

સરવે સોનાનું જડિત્ર મણિમય પારણું,
ઝુલાવે રૂમ ઝુમ વાજે ઘુઘરીનો ઘમકાર;
માતા વિધ વિધ વચને હરિગુણ ગાયે હાલડાં,
ખેંચે કુમતીઆળી રેશમદોરી સાર; માતા૦

હંસ કારંડ ને કોકિલ પોપટ પારણે,
બપૈયા ચકોર ને કાંઈ સારસ મેના મોર,

રમકડાં મૂક્યાં રમવાને મોહનલાલને,
ધમધમ ઘુઘરા વજાડે નંદકિશોર, મારા૦
મારા કહાનાની સમાણી કન્યા લાવશું,
મારા લાલને પરણાવીશ મોટે ઘેર;
મારો જાયો વરરાજા થઈ ઘોડે બેસશે,
મારો કહાનો કરશે સદાય લીલાલહેર; મારા૦
મારો લાડકવાયો સખામાં રમવા જશે,
સારી સુખલડી હું આપીશ હરીને હાથ.
જમવા વેળા રૂમઝુમ કરતો ઘેર આવશે,
હું તો ધાઈને ભેટાડીશ હૃદયા સાથ, મા૦ ૧૦
જેનો શેષ શંકર સરખા પાર પામે નહીં,
નેતિ નેતિ કહે છે નિગમ વારંવાર;
તેને નંદરાણી હુલરાવી ગાયે હાલરાં,
નથી નથી એનાં ભાગ્ય તણો કાંઈ પાર. મા૦ ૧૦
વ્રજવાસી સૌ સરવેથી સુભાગી ઘણાં,
તેથી નંદજસોદા કેરૂ ભાગ્ય વિશેષ;
તે સર્વેથી ગોપીજનનુ ભાગ્ય અતિ ઘણું,
જેની કરે પરીક્ષા બ્રહ્મા શિવ ને શેષ; મારા૦
ધન્ય ધન્ય વ્રજવાસી ગોપીજન નંદજસોમતી,
ધન્ય ધન્ય વૃંદાવન, હરિ કેરો જ્યાં છે વાસ;
સદા જુગલકિશોરે ત્યાં લીલા કરી,
સદા બલિહારી જાય છે દયારામ દાસ; મારા૦

૨૭–યોગ્યાયોગ્ય વિચાર.

પદ.

જે કોઈ પ્રેમઅંશ અવતરે, પ્રેમરસ તેના ઉરમા ઠરે–ટેક.
સિંહણ કેરૂં દૂધ હોય તે સિંહણસુતને જરે,
કનકપાત્ર પાખે સહુ ધાતુ ફોડીને નીસરે–પ્રેમરસ૦
સકરખોરનું સાકર જીવન, ખરના પ્રાણજ હરે,
ક્ષાર–સિંધુનું માછલડું જ્યમ મીઠા જળમાં મરે–પ્રેમરસ૦
સોમવેલી રસપાન શુદ્ધ જે બ્રાહ્મણ હોય તે કરે.
વગળવંશીને વમન કરાવે, વેદવાણી ઉચરે–પ્રેમરસ૦
ઉત્તમ વસ્તુ અધિકાર વિના મળે, તદપિ અર્થ ના સરે;
મત્સ્યભોગી બગલો મુક્તાફળ, દેખી ચંચુ ના ભરે–પ્રેમરસ૦
એમ કોટિ સાધને પ્રેમ વિના પુરૂષોત્તમ પુંઠ ન ફરે;
દયાપ્રીતમ શ્રીગોવરધનધર પ્રેમભક્તિએ વરે–પ્રેમરસ૦

૨૮–મીરાં ચરિત્ર.

મીરાં મન મોહનશું માન્યું;
વરીઆ વરીઆ શ્રીગિરધરલાલ જાણે જગ નથી કાંઈ છાનું—ટેક૦
જેમલ રાઠોડની દીકરીરે, સુણો મીંડતા એનું ધામ;
રૂપગુણ કોઈ સમોવડ નહીં, રૂડું ધર્યું મીરાંબાઈ નામ. મીરાં.
જોશીએ વાંચી જનમોતરીરે, તેમાં લખ્યું નીકળ્યું એહ;
વરશે વિશ્વંભરનાથનેરે, કરશે નંદકુંવરજીશું નેહ. મીરાં.
ઉદ્યોતપુરનો રાણો રાજીઓરે, તે સાથે કરી છે સગાઈ;
પરણાવીને વળાવ્યાં સાસરે, કંઈ લૌકિક રીતે મીરાંબાઈ. મીરાં.

દેવીને દેવા વધાવ્યાંરે, આલ્યાં વરકન્યા સહુ જન;
રાણે પારવતીજી પુજ્યાંરે, મીરાંનું તો મોહનમાં મન. મીરાં.
સાસુ કહે સૌભાગ્ય વધેરે વહુ, નમો શક્તિને પાય;
મીરાં કહે મસ્તક મારૂં નહીં નમે, વિના શ્રીગિરિવરધરરાય. મીરાં.
સાસુ કહેરે સામી બોલી આજથી મારે, નથી એ વહુનું કામ;
પુત્રને કહ્યું એહને રાખો પરી, એક ન્યારૂં રચાવો એનું ધામ. મીરાં.
એવું સુણીને મીરાં મગ્ન થયાંરે, ભલું થયું ભાંગ્યો જંજાળ;
સાધુની સંગે દિન રેણુ નિર્ગમશું, સુખે સેવીશું ગાઇશું ગોપાળ. મીરાં.

નંદનંદન સાથે ન્યારાં રહ્યાંરે મીરાં, હરિજન આવે ઘણા ઘેર;
નિત્ય ભજન કથા કીરતન ઓચ્છવ, હરિને લડાવે કરે લહેર. મીરાં.
નણંદ આવી મીરાંબાઇની પાસે, ભાભી આશો માંડયો ઉતપાત;
સાસરે રાણાજીનું કુળ લજાવ્યું વહુ, મહીએર લજાવ્યાં માતતાત. મીરાં.
અંબર આભ્રણ પહેરો અનુપમ, સજો સુંદર શણગાર;
મહેલે પધારો રાણાજીતણેરે, રમી રીઝવી લ્યો ભરથાર. મીરાં.
છાપાંતિલક આ શી તુલસીની માળા, નાચો ખુંદો વેરાગીને વેશ;
સંગ મુકી દ્યો સાધુ સંતનોરે, રાણોજી તો કરે સુણી કલેશ. મીરાં.
મીરાં કહે રે બાઈ કલેશ ટળવાનો, એકજ છે ઉપાય;
કહેજો રાણાજીને સાધુને સેવે પ્રેમે, નૃત્ય કરીને હરિ ગાય. મીરાં.

વળી સોનું રૂપું પહેરે શું સુધર્યુંરે, કહાડી નાખો ડાકડમાળ;
છાપાંતિલક ધરી સાધુઓમાં બેસો, આ લો પહેરો તુળસીની માળ. મીરાં.
તમો પણ જાઓ શીદ સાસરેરે બાઈ, વૃથા વટાળો શાને દેહ;
મનગમતા મોહનવર સાથે તમો, સર્વ તજીને કરો સ્નેહ. મીરાં.
કહેજો તમારી માતનેરે, વૃદ્ધ થયાં ગોવિંદ ગુણ ગાયે;
હરિવિના કોટી દેવ સેવશો તોયે, જનમ મરણ નહીં જાયે. મીરાં.
સુણી એમ છણુકતી ખીજતીરે બાળા, આવી બંધવની પાસ;
ઓ ભાઈ ભાભી કહેછે થાઓ વેરાગી સહુ, મુકી દ્યો રાજ અવાસ. મીરાં.

એવું સુણીને આવ્યો રોષ રાણાને, પ્રેર્યો સેવક મીરાંને અવાસ;
લાવો ખબર છે શા રંગમાંરે, કોણ કોણ બેઠું એની પાસ. મીરાં.
અનુચરે આવી એમ કહ્યું જે, નથી ત્રીજું માણસ આ વાર;
રાણીજી સાથે કોઈ પુરૂષ બીજો છે, ઘરમાં થઈ રહીછે થૈથૈકાર. મીરાં.
સુણતામાં રાણો થયો રાતડોરે, ખેંચી ખડગ ધાયો છે તેણીવાર;
પેઠો મીરાંને મહેલે એકલોરે, કોઈ આવે ના ધાઈ દીધાં દ્વાર. મીરાં.
આવી જોયું તો મીરાં એકલીરે, પ્રભુએ તેને ના દીધું દરશન;
પૂછ્યુ મીરાંને પેલો પુરુષ ક્યાં છે, તારે લાગ્યુ જેશું લગંન. મીરાં.
ક્યાં છે પૂછો શું રાણા રોષમાંરે, તે તો સઘળે વસે છે ભરપૂર;
ધ્યાનમાં જુવે જોગી પ્રેમી પ્રત્યક્ષ દેખે, રહે છે દુષ્ટથકી દૂર. મીરાં.
કાઢી નાંખોજી આ ક્લેશ કપટ સર્વે, નિર્મળ કરો મન;
પ્રેમભક્તિએ પરબ્રહ્મ ભજો તો, તમને થાય તેનાં દર્શન. મીરાં.
એવું સુણીને આગ લાગી ઘણીરે, પણ ભાવ ના આવ્યોરે ભૂપ;
ક્રોધ કરીને શસ્ત્ર વાવરે એવે, દીઠાં મીરાંનાં બે રૂપ. મીરાં.
તોએ મુરખ સમજ્યો નહીં રે, મન સાથે ન કીધો વિચાર;
બીજું ખડ્ગ એણે ખેંચીયું રે, ત્યારે હરિએ દેખાડી મીરાં ચાર. મીરાં.
છોભો પડયો પાછો ફર્યોરે, રાણો આવ્યો પોતાને ઘેર;
વિષનો પ્યાલો મોકલ્યો પીજો, કહાવ્યું રાણાએ આણી ઝેર. મીરાં.
લીધો મીરાંએ મન મગ્ન થઈનેરે, પ્રભુને દેખાડી કર્યું વિષપાન;
અમૃત સરીખું થઈ ગયું રે, એને સમર્થ ધણી ભગવાન. મીરાં.
મીરાંબાઈ આવ્યાં વૃંદાવનમાં રે, પ્રેમે નીરખ્યા શ્રી વ્રજરાય;
શ્રી જમુના પયપાન કર્યું ને કરી, જીવા ગોસાઈને શિક્ષાય. મીરાં.
હરિજન જાણી મીરાં મળવાનું કહાવ્યું,તેણે કા'વ્યું ના જોઉ સ્ત્રીનું મુખ;
મીરાં કહે સારૂ થયુ સવારૂં મુજને, પરપુરૂષ જોએથી દુઃખ. મીરાં.
આજ લગી હું એમ જાણતી જે, વ્રજમાં કૃષ્ણ પુરૂષ છે એક;
વૃંદાવન વસી હજી પુરૂષ રહ્યા છો, તેમાં ધન્ય તમારો વિવેક. મીરાં.

એવું શુણીને જ્ઞાન પામીઆરે, જીવા ગોંસાઈ મળ્યા છે સામા ધાઈ;
હળી મળીને હરિની વાત કરીને આવ્યાં, મેવાડદેશ મીરાંબાઈ. મીરા
કરી તૈયારી ચાલ્યાં દ્વારિકાં રે, પ્રેમે નીરખ્યા શ્રીરણછોડ,
વાસ પુરીને પ્રભુની પાસે રહ્યાં સદા, પહોંચ્યા છે મનના કોડ. મીરા.
પાછળ પસ્તાવો રાણાને થયોરે, ગયુ ઉતરી મનનુ ઝેર,
મુખે માગે તે આપું તેને જે કોઈ, લાવે મનાવી મીરાં ઘેર. મીરા.
ઉપરા ઉપરી તેડાં મોકલ્યાં રે, આવીને લાગ્યા સહુ પાય;
માજી પધારો મેવાડમા વેહેલાં, રાણાજી તો અન્ન ન ખાય. મીરાં.
જહારેલગી તમો રહેશો દ્વારિકારે, ત્યાંલગી કરૂ અપવાસ,
આગ્રહ દેખી મીરા વિદાય માગવાને, આવ્યાં શ્રીપ્રભુજીની પાસ. મીરા.
હરિએ હકીક્ત સાંભળીનેરે, હસી ચાપી હૃદયા સાથ;
શ્રીકૃષ્ણસ્વરૂપમાં સમાઈ ગયાંરે મીરાં, જે જે શ્રીદ્વારકાંનાથ. મીરા.
ચરિત્ર એ મીરાંબાઇતુરે જે કો, શીખે સાભળે ને ગાય,
પ્રેમભક્તિ તેને મળે ને ત્રૂઠે, દયાનો પ્રીતમ વ્રજરાય. મીરાં.

કાળિદાસ.

૨૯—ધ્રુવાખ્યાન.

ચંદ્રાવળા.

શ્રીગુરૂ ગોવિંદને વરણવું, પ્રેમશું લાગુ પાય;
આરાધૂ અવિનાશી એવા, આદિ નિરંજન રાય.
આદિ નિરંજન અકળ સ્વરૂપ, રામે લીધાં રમવા રૂપ;
સૃષ્ટિ નિપાવા થઈ મનસાય, સુભટ થઈ પોઢ્યા જળમાંય. જેજેવૈકુંઠરાય.

હરિ જળમાં પોઢ્યા સહિ, શેષ નાગ ઉપર તે જાય;
નારાયણના નાભિકમળથી, બ્રહ્મા પ્રગટજ થાય;
બ્રહ્માના સ્વાયંભૂ તન, તેના પાંચે પુત્ર પાવન;
ત્રણ કન્યા બે પુત્ર વિખ્યાત, પ્રિયવ્રત ને ઉત્તાનપાદ. જેજે.
ઉત્તાનપાદ નર નીપનો, રાજા પરમનિધાન;
અનુપમ બે સુંદરી તેનાં, સુરતિ સુમતિ નામ;
સુરતિ ઉપર નહિરે માન, ધ્રુવજી તેના એક સંતાન;
સુમતિ ઉપર છે ઘણું હેત, તેનો કુંવર ઉત્તમ એક. જેજે.
ઉત્તમ ઉછંગે બેસાર્યો રાયે, સભામાંહિ એકવાર;
લાડ લડાવે પ્રેમશું રાણી, હૈડે હરખ અપાર;
હરખ ન માયે હૈડામાંય, ધ્રુવજી રમતા આવ્યા ત્યાંય;
ઉછંગ બેસવા કીધાં મંન, અપરમા કહે કઠણ વચંન. જેજે.

સુમતિ—અપર મા એમ બોલ્યાં ભુંડા, એ સુખ તુજને ક્યાંથી;
અભાગણીના પેટતણા તું, જાને અકરમી ઇહાંથી;
ઇહાંથી જઈ વનમાં તપ માંડ, હરિ ભજીને કાયા છાંડ;
ફરી જનમ લે મારે શરીર, તો તને રાજ અપાવીશ વીર. જેજે.
વચન વનિતાનાં સાંભળી, ઉતર્યો મોંનો રંગ;
સભા તે સઘળી દેખતાં, ધ્રુવજી થયા મન ભંગ;
મનભંગ થઈ નાંખ્યો નિઃશ્વાસ, રોતા આવ્યા માતની પાસ;
માયે ચાંપ્યા હૃદયાસાથ, કહે કુંવર કોણે દુભવ્યા આજ. જેજે.

ધ્રુવ—આજ સભામાં માવડી બેઠો, ઉત્તમ રાયને ખોળે;
ઉછંગ બેસવા હું ગયો ત્યારે, અપર મા એમ બોલે;
અપર કહે અભાગણી કેરા, સુખ વાંછો તો વન જાઓ સવેરા;
ફરી જનમ લે મારે શરીર, તો તને રાજ અપાવીશ વીર. જેજે.

સુરતિ—વળતી માતા ઉચરે કુંવર, હૈડે ન ધરીએ દુઃખ;
પુરણ પુન્ય કીધાં હશે ત્યારે, તે ભોગવેછે સુખ;

સુખ આપણને ક્યાંથી વહાલા, નિયમ ધર્મ કશા નથી પાળ્યા;
નથી સંતોષ્યા જોગી જતી, તપ તીરથ વ્રત કીધાં નથી. જેજે.
નથી સંતોષ્યા સાધુને, નથી આપ્યાં વિપ્રને દાન;
ઓછાં કરમ જ્યાં આપણાં, ત્યાં ક્યાંથી રાયનાં માન;
માન ભોગવે ઉત્તમ નિત્ય, દત્ત વિના ક્યમ પામીએ વિત્ત;
જો હોય ઇંદ્રાસનનો ખપ, તો કુંવર જઇ માંડો તપ. જેજે.
તપ માંડયો બ્રહ્માજીયે ત્યારે, પામ્યા પદ્માસન;
સેવા કીધી મનભાવતી ત્યારે, પ્રગટયા નારદ મૂન;
મુનિએ માંડયો મોટો જાગ, તપ તીરથ વ્રત થયાં સુભાગ;
જો કરીએ શ્રીહરિ પ્રસન્ન, તો અભાગીઆં ટળીએ તંન. જેજે.
ધ્રુવ–તને અભાગણિ હું ટાળું મા, છુંરે તમારો તંન;
વનમાં જાઉં વેગે કરીને, સુખ સંભારૂં નહિ અન્ય;
સુખ સંભારે સાલે જેહ, વિશ્વંભરે પરઠીઓ દેહ;
હરિ મળે તો તાપ ઓલાય, નહિતર પ્રાણ તજું વનમાંય. જેજે.
સુરતિ–માતાને આંસુ આવીઆં ને, અંતર ઉપની દાઝ;
રાજાએ મન પરહરી કુંવર, તુંએ કરે તાજ;
તુજ વિના હું રહીશ કેમ, ટોળાં વછુટી મૃગલી જેમ;
જળ વિના જેવી માછલી, મારા પ્રાણ જશે ટળવળી. જેજે.
ધ્રુવ–ટળવળ મા રે માવડી તું હવે, દુઃખનો આવ્યો અંત;
બીજ રોપાવીશ સુખનું તેને, ફળ લાગશે અનંત;
અનત કરુણા કરશે હરિ, આપણી આશા પૂરશે ખરી;
એછે સાચે અનાથનો નાથ, તેને ભજવા જાઉંરે માત. જેજે.
સુરતિ–વળી માતા એમ ઉચરે કુંવર, પાંચ વર્ષનો તંન;
બીજું બાળક એકે નથી, કેમ હું વાળું મંન;
કેમ મોકલું વનની વાટે, કહેતાં મારાં હૈડાં ફાટે;
આંખની આગળ રહોરે બાળ, ઘેર બેઠા ભજીએ ગોપાળ. જેજે.

ધ્રુવ–ઘેર ગોપાળ ન પામીએ, મનમાં મોહ ઉપજે માય;
ખાતાં પીતાં પહેરતાં માતા, કેમ દમાશે કાય;
કાયા દમતાં સરશે કાજ, તપ કરતાં મળશે મહારાજ;
વનમાં જઈ વહેલો આવીશ, માતા દો મુજને આશીષ. જોજો
સુરતિ–આશિષ દે છે માવડી સુતને, હજો કુશળ કલ્યાણ,
મસ્તકે રક્ષા માતની-કંઠે, કૃષ્ણની રક્ષા જાણ.
કંઠે કરજો કૃષ્ણ રક્ષણ, ઉરની આગળ નારાયણ,
કટી કેશવ પુરુષોત્તમ પાય, એવી આશિષ દે છે માય. જોજો
માને આંસુ આવ્યા ત્યારે, થંભીને રાખ્યાં નીર;
મારી જીભે કેમ કહું વળી, વનમા વિચરો વીર,
વીર વચન કોના નવ ધરશો, તપ કરતા માયા નવ કરશો;
તપથી તમને મળશે હરિ, વીરા વેગે પધારજો ફરી. જોજો
કવિ–ફેરા ફરીઓ માતનરે, ફરીને લાગ્યો ચર્ણ,
આજ્ઞા માંગીને સચર્યો, વદીને શુભ શુકન,
શુકને મળી સવત્સી ગાય, સુવાસિણી બેડુ ભરી જાય.
વરકન્યા પરણીને વળ્યાં, વેદ ભણતા વિપ્રજ મળ્યા. જોજો
મળ્યાં શુકન સઉ હર્ખનાં, ધ્રુવજી નીકળ્યા નગર બહાર,
આગળ જાતાં ધ્રુવજીનેરે, મળીઆ બ્રહ્મકુમાર,
બ્રહ્મકુવર ભગવાનને ચાહતા, હરિગુણ ગાતા વેણ સુવાતા,
કરજોડી કહેછે ભૂપતન, ક્ષમા કરો તમે નારદ મુન્ય. જોજો.
નારદ–નારદ કહે શીદ જાઓછો, શું છે તમારે કામ,
કોણ તમારાં માતપિતા, શુ છે તમારૂ નામ,
ધ્રુવ–મારૂ નામ છે ધ્રુવ નિર્ધાર, મારા પિતાને બે છે નાર,
રાવ રાણા બેઠા સઉ રંગ, ઉત્તમને તેડયો ઉછંગ. જોજો.
ઉછંગે બેસવા હું ગયો મારી, ખાંત હૈયાંની ખોલી;
દૃષ્ટિએ મુજને દીઠો ત્યારે, અપર મા એમ બોલી;

અપર કહે અભાગણીકેરા, જો સુખ વાંછો વન જાઓ વેલા;
ફરી જનમ લે મારે પેટ, તો તને રાજ અપાવીશ નેટ. જેજે.
નેટ નારદ કેમ ભોગવુ, એતું આપ્યુ ધન;
સભા સઘળી દેખતાં, મને કહ્યાં કઠણ વચન,
કઠણ વચન તે કેમ વિસરે, લોઢા સમ હોય તો નીસરે,
ખડ્ગતણો તો સહીએ ઘાય, પણ એ બોલ સહ્યા નવ જાય. જેજે.
નારદ—જારે ઘેલા અત્યારથી, તે તું એવડો શો ધરે કાળ,
માન કુમાન શું તારે, તું તો પાંચ વર્ષનું બાળ,
બાળકને મા ધરવા બોલ, ખાઓ પીઓ ને કરો કલ્લોલ,
અપર માનાં એવા હેત, વિસારીને વાળો ચેત. જેજે.
ધ્રુવ-ચિત્ત તે કઈપેર વાળીએ મને, બોલાવ્યો નહીં બાપ;
કશાયમાં લેખ્યો નહિ હુંને, ઉકળુંછું તે તાપ,
નારદ—તાપ કુંવર નહીં આણીએ રતી, સુખદુઃખનુ કોઈસિરીગત નથી,
હરિએ નિર્મ્યું તેમજ હોય, કર્યા કરમ છોડવે નહિ કોય. જેજે.
કો કાળે વૃદ્ધિ હાણ છે તેનો, ન ધરો હર્ખ ને શોક.
અણચિંતવ્યું જે આવી મળે, તેનો ધર સંતોષ.
સંતોષી કુંવર ઘેર પધારો, અપર માના બોલ વિસારો;
આવ કુવર તારા બાપને કહું, રાજ અપાવું ને માને સહુ. જેજે.
ધ્રુવ સભામાં શું દેખાડાએ, સૌકોમા વળી નાક,
સભામાં ત્યારે શોભશું, મન પૂરશે અભિલાખ,
લાખ લાખેણો કરશે હરિ, ત્યારે મંદિર આવીશ ફરી,
તપ કરતાં જો હરિ નહિ મળે, તો મુજ પ્રાણ તજીશ બહુ બળે. જેજે.
નારદ—બળ કીધે હરિ નહિ મળે, માનો મારૂં વચન;
જન્મથકી જોગી દેહ દમે, સ્વપ્ને નહિ દર્શન;
દર્શન તમને કેમ આપશે, વન જઈને વીમાસણ થશે,
વાઘ વરૂ વનમાં બહુ હશે, તે દેખીને તન ધ્રુજશે. જેજે.

જાશે ચિત્ત સંસારમાં, ત્યારે સાંભરશે રંગભોગ;
ભૂખ તરસ જ્યારે લાગશે, ત્યારે કુંવર મૂકશો જોગ;
ધ્રુવ—જોગ ઋષિ નહિ મૂકું સ્વામ, મન ઇંદ્રિયો રાખીશ ઠામ;
મેરુ ચળે પણ હું ચળું નહીં, ઋષિજી તમ પરતાપે સહી. જેજે.
નારદ--ઋષિ કહે તું નીસર્યો ત્યારે, જાને મધુવનમાય;
જમુનાજીમાં નાહીને તું, તપ આદરજે ત્યાંય;
ત્યાં જઈ કરજે અલ્પાશન, જળ પત્ર ને ફળ પ્રાસંન;
વળી તું ભજજે હરિનું નામ, સ્વરૂપ સમરજે શ્રીઘનસ્યામ. જેજે.
શ્યામને શીશ મુગટ છે–કાને, કુંડળ મકરાકાર;
કોટે કૌસ્તુભ કટિમેખલા, પાયે નેપુર ઝણકાર,
પાય પદ્મ શંખ ચક્ર ને ગદા, એવું સ્વરૂપ સમરજો સદા;
કાનમાં અક્ષર કહુંછું જેહ, દ્વાદશ અક્ષર ભણજો તેહ, જેજે.
એ કરતાં ખટ માસમાં તુજને, મળશે વૈકુંઠનાથ;
કવિ—આશિર્વાદ દેઈ દાસને, મસ્તક મૂકયો હાથ,
હાથ જોડી ધ્રુવ લાગ્યો ચરણ, આજ્ઞા માંગી વિચર્યો અરણ;
એહ કથા રહી એણે ઠામ, ઋષિ પધાર્યા રાયને ગામ. જેજે.
મુનિ આવ્યા મહારાજને જોવા, રાયતણું સુખ મન,
માન દીધાં બ્રહ્મપુત્રને, વળી આપ્યાં આસંન;
આપ્યાં આસન બેઠા ઋષિ, આશા ઉત્તમતાતને વસી;
રાજા—આ શાંરે ઋષિ સુખનાં રાજ, ધ્રુવ વિના ચિંતા અતિ આજ. જેજે.
આજ સભામાં ઋષિજી મારે, ઉત્તમ ખોળામાંય;
ધ્રુવજી હોય તો આજ વધે બહુ, ઉછંગની શોભાય;
ઉછંગે બેસવા ધ્રુવજી આવ્યો, તેને તો મેં નવ બોલાવ્યો;
સ્રીને વરાંસે વિસર્યું બાળ, અપર માયે દીધી ગાળ. જેજે.
ઋષિ એ વચને નિસરીઓરે, વીરો ગયો છે વંન,
વનમાં વાઘ વરૂ હશે તેને, દેખી ધ્રુજશે તન;

તન ધ્રુજશે રે તડકે ટાઢે, મંદિરમાં મહાલતો લાડે,
વાયુ વૃષ્ટિ કેમ સહેશે કુમાર, એની કાયા કોમળ સાર. જોજો
કોમળ પટકુળ પહેરતો, કેમ ઓઢશે મૃગચર્મ તેહ;
મસ્તક બાંધતો મોળીઉ, કેમ જટા રાખશે એહ;
એહ આનંદે હરતો ફરતો, ઘોડાની અસ્વારી કરતો;
કાંટામાં કેમ સૂશે બાળ, એની શય્યા અહીં છે સાર. જોજો.
સારા અન્ન આરોગતો તે, ફળપત્રો કેમ ખાશે;
પાણી પીતો પળે પળે તે, જળવિણ કેમ રહેવાશે ?
તેની વતી રહેવાશે કેમ ? તેહ વિના હું દાઝું એમ;
સુધ વિનાનો થયો શરીર, વિસરતો નથી તેહ જ વીર. જોજો.

વળી વીરો અહીંઆં આવતો, રમતો રંગ અપાર;
ભૂખ તરસ જ્યારે લાગતી, સુખડી માગતો સાર,
સારી સુખડી સુંદર મેવો, કાલુ કાલું બોલતો એવો,
તેણે અમને કીધાં તાજ, પુત્ર વિના શું કરવું રાજ. જોજો.

શું કરીએ વડી સાહેબી, ચિત્ત ઠરતું નથી કોઈ ઠામ,
શુ કરીએ આ રાજ અને શુ, કરીએ ધન ને ધામ;
ધન ગયું અમારે આજ, પુત્ર વિના સૌ સુનો સાજ,
પુત્ર વિના હું દુર્બળ દુઃખી, મારા પ્રાણ જશેરે ઋખી. જોજો.

નારદ–ઋષિ કહે તમે મા રૂઓ, મને મળ્યો હતો તે બાળ,
આશિર્વાદ દેઈ મોકલ્યો, ભજવા શ્રી ગોપાળ;
ગોપાળ ભજશે દિવસ થોડે, કુંવર ઘેર પધારશે કોડે,
માંડો રાજ ને છાંડો દુઃખ, એવું કહીને વળીઆ ઋખ જોજો.

કવિ–ઋષિને ચરણે લાગીને ધ્રુવ, વિચર્યો વનમોઝાર,
મધુવન પોંચ્યો પ્રેમથી કીધો, ત્યાં જઈ મન વિચાર,
ત્યાં જઈ માસ કીધા ઉપવાસ, બીજે માસે ફળકંદ પ્રાશ,
ત્રીજે માસ છઠ્ઠે દિન એમ, ચોથે માસે જળના નેમ. જોજો.

નેમ ધરીને નેહથકી ભજે, ઇશ્વિર અશરણશરણ;
પાંચમે પ્રાણ જ રૂંધીઆ ધ્રુવજી, ઉભા રહ્યા એક ચરણ;
ચરણ ચતુરભુજ ચિત્તમાં ધર્યા, દ્વાદશ અક્ષર મનમાં ભણ્યા;
એમ કરતાં વીત્યા ખટ માસ, હૃદયામાં ઓળખ્યા અવિનાશ. જોજો.
અવિનાશીને ઓળખીઆરે, એમ ઉભો રાજન;
પૃથ્વી લાગી ડોલવા ત્યારે, ડોલ્યું ઇંદ્રાસન;
ઇંદ્ર અમર સૌ એકઠા થયા, વેગે કરી વૈકુંઠે ગયા;
જઈ કેશવને લાગ્યા પાય, મધુવનમાં કોઈ કષ્ટે કાય. જોજો.
દેવતા-કાયા કષ્ટી વશ રાખવી એ, ઇંદ્રી મન અચેત;
અચરત એ તો અતિ ઘણું એમ, બોલ્યા અમર ધરી હેત;
અમર કહે અમને બીક લાગી, રખે લીએ ઇંદ્રાસન માગી;
વિષ્ણુ-વિષ્ણુ કહે સાંભળ સુરપતિ, રાજભોગ એ ઇચ્છતો નથી. જોજો.
નથી ઇચ્છતો સંપત્તિને કે, નથી ઇચ્છતો સુખ તેહ;
ચરણ ધર્યાં ચિત્તે મારાં ઘણું, અળગો ન મુજથી એહ;
મુજથકી અળગો નહિ એહ, એણે દમી છે પૂરણ દેહ;
સદા સ્મરણ રાખે એ મારૂં, કહોની એને કેમ વિસારૂં. જોજો.
વિસાર્યો વિસરે નહિ એને, આશીશ અવિચળ અર્થ;
નામ નહીં લે તમતણું, કાંય બિહો છો વ્યર્થ;
કવિ-ઇંદ્રતણી આસવાસના કરી, સુરથાનક મોકલીઆ ફરી;
ગરુડે ચડી ચાલ્યા શ્રીહરી, વનમાં આવ્યા વેગે કરી. જોજો.
કર્યો નાદ જ્યારે શંખનો ત્યારે, ધ્યાનમાંથી ધ્રુવ જાગ્યા;
નેત્ર ભરી નિહાળીનેરે, પ્રેમશું પાયે લાગ્યા;
પ્રેમે કરી પરણામ્યા નાથ, હરિએ મેલ્યો મસ્તક હાથ;
નિર્મલ વાણી હવી પ્રકાશ, સ્તુતિ કરે કરજોડી દાસ. જોજો.
ધ્રુવ-દાસ દયાળને વિનવું તમો, સર્વ જગતના ભૂપ;
અકળ તમારી ગતિ છે ન્યારી, અકળ તમારૂં સ્વરૂપ;

સ્વરૂપ નામ તમારૂં જેહ, ગણતાં પાર ન પામું તેહ;
સઘળી વાતે છો તમે સ્યામ, પ્રાણી માત્ર કરે પ્રણામ. જેજે.
પરણામી પરમાત્મા શ્રીહરિ, સારંગપાણી હોય;
અદ્ભુત શક્તિ આપની તારો, પાર ન જાણે કોય;
પાર ન જાણે કોય લગાર, હું કેમ પામીશ તારો પાર;
એવું સુણી હરખ્યા નરહર, કુંવર કંઇએક માગ તું વર. જેજે.
વર કેમ માગું વિઠ્ઠલા હું તો, કરીશ તમારી સેવા;
વિષયભોગ સંસાર છે એ તો, સુપનાનાં સુખ જેવા;
સુપના જેવી કાચી કાયા, સંસારની ધરવી શી માયા;
માયામાં ન મને મોકલો, વાહીને ન કરો વેગળો. જેજે.
વિષ્ણુ વેગળો વીરા ક્ષણું ન કરું વળી, તું વહેલો આવીશ;
જે ફળ દુર્લભ દેવને મળવું, તે ફળ તું પામીશ;
તે ફળ તુજને આપુ આજ, સંસારમાં તારી ન રહે લાજ,
લોક કહે રઝળીને મુઓ, સ્વજનોમાંથી પડયો જુજવો. જેજે.
પડયો સ્વજનથી જુજવો ત્યારે, સુરતિને દુ:ખ થાય,
ઘેર જાને વારા તું તારી, વાટ જુવેછે માય;
માને બાપતણાં દુ:ખ કાપો, ઇહાંથિ જૈને સૌને સુખ આપો,
મારી આજ્ઞા પાળજ આજ, છત્રિશ હજાર વર્ષ ભોગવ રાજ. જેજે.
રાજ ભોગવી તું આવજે, તને મોકલીશ એક વિમાન;
તેમાં બેસી તું આવજે તારૂં, થશે જગતમાં જાણ;
જાણ જગતમાં થાશે રાય, તેણે વધશે તુજ મહિમાય;
કવિ–આપી વચન વળ્યા ગોપાળ, જમુનાજીમાં નાખું બાળ. જેજે.
બાળકને મારગમાં જાતાં, ઉપન્યો મન વિચાર;
જે ફળ દુર્લભ દેવ ગણે તે, મને મળ્યા મોરાર;
મળ્યા મોરાર પણ હું નહિ ફાવ્યો, હરિ તજીને માયા લાવ્યો;
આગળ ઋષિજી કહેતા એમ, તમને ત્રીકમ મળશે કેમ. જેજે.

મુજને શ્રીકમજી મળ્યા મેં તો, જાવા દીધા ફોક;
ફરી જઈશું સંસારમાં મને, હસશે દુરીજન લોક;
લોક કહેશે એને બુદ્ધિ થોડી, રત્ન આપીને લાવ્યો કોડી;
પણ એક જશ હું મોટો લાવ્યો, હરિનાં દર્શન કરીને આવ્યો. જેજે.

લોકો–હરિ દર્શન કરીને આવ્યોરે, રાય તમારો તંન;
રાજા–હું દુઃખીઆને શું હસોછોરે, તમે તે સર્વે જંન;
દુઃખિઆને હસવા સાચા, વને ગયા કેમ આવે પાછા;
વને ગયાને થયા ખટ માસ, તે કુંવરનો શો વિશ્વાસ. જેજે.

કવિ–ઉર વિશ્વાસ ન આવ્યો ત્યારે, આવ્યા નારદ મુન્ન;
નારદ–હરિ દરશન કરીને આવ્યોરે, રાય તમારો તંન;
રાય તમારો તન ઘણું જીવો, એ કુળમાં પ્રગટયો છે દીવો;

કવિ–વચન સુણી રીઝયા નરપતિ, વળતી વધામણી આપી અતિ. જેજે.
વધામણીમાં આપ્યા રૂડા, રાયે એકાવળ હાર;
રથે બેસિને સાંચરીઆ, ને સાથે સુત બે નાર;
નારીને શિરે સુવરણ ઝારી, ભેટ ભલી લીધી છે ભારી;
રાય રથેથી ઉતર્યા જ્યારે, પુત્રે પરણામ્યા તે વારે. જેજે.

ધ્રુવ–પ્રથમ પ્રણામ અપર માને, તેં ભેટાડ્યા શ્રીપત્ય;
સુમતિ વળતી માતા એમ બોલ્યાં તું, વાણી બોલ્યો સત્ય;
વાણી બોલ્યો તે સત્ય કહી, આપણી આશા પૂરણ થઈ;
સુરતિ–વીરા હું જોતી'તી વાટ, તેં મારો ટાળ્યો ઉચ્ચાટ. જેજે.

કવિ–ઉચાટ મનનો ટાળ્યો કુંવર, તેડયો આનંદ ભેર;
હેતનાં આંસું આવ્યાં ત્યારે, દૂધની ચાલી સેર;
સેર ચાલી તે કુંવરે પીધી, માતાએ ઘણી આશિષ દીધી;

સુરતિ-ઘણાં વર્ષ જીવોરે તંન, તમે કર્યાં છે કુળ પાવંન. જેજે.
પાવન કર્યાં કુળ આપણાં, વંશે વધાર્યાં નામ;
મહિમા વધાર્યો જગતમાં તે, તેં ભજીને શ્રીરામ;

કવિ-રામ ભગત તડકામાં દીઠા, ઉત્તમે ત્યાં છાંયડા દીધા;
બન્ને ભાઇની પોતી રળી, હેતનાં આંસું આવ્યાં વળી. જેજે.
વળી રોપાવ્યા બારણા આગળ, કોમળ કેળના થંભ;
અક્ષત અંકુર કુમકુમ ને જળ, ભરી ચડાવ્યા કુંભ;
કુંભ ઉપર અક્ષર લખીઆજ, ધ્રુવને અવિચળ હોજો રાજ;
ઢોલ દદામા ભેરી નાદ, ધ્રુવ પધાર્યા નિજ પ્રસાદ. જેજે.
પ્રાસાદમાંહિ પધાર્યા ત્યારે, હરખ્યો સઘળો સાથ;
ભાવતાં ભોજન પીરસ્યાં ત્યારે, કાઢી વિવાહની વાત;
વિવાહ કિધો અહલ્યા સાથે, પ્રેમે કરી પરણાવ્યા નાથે;
ઇંદ્રની કુંવરીને રાજકુમાર, ધ્રુવજી પરણ્યા બીજી નાર. જેજે.
નારી સાથે રંગ રમે, સુખમાં કાઢે દંન;
ગજાએ વળી તેને આપ્યું, પોતાનું આસંન;
આસને બેઠા ધ્રુવજી જાણ, વરતાવી પોતાની આણ;
શાસ્ત્ર પ્રમાણ કરી નિર્ધાર, વરતાવે વર્ણાશ્રમ ચાર. જેજે.
વર્ણાશ્રમના ધર્મ બધાને, સમજાવે સુજાણ;
ધ્રુવ-આપ આપના ધર્મ પાળીએ, જે લખ્યું હોય ગીર્વાણ;
ગીર્વાણ શાસ્ત્ર ભણેરે બ્રહ્મ, આયુધ બાંધવા ક્ષત્રી ધર્મ;
વૈશ્યને કરવા ખેતી વેપાર, શૂદ્રને સેવાનો અધિકાર. જેજે.
સેવા તે સઘળી વરણને, હરિ ભજોને નિત્ય;
વરણ ધર્મ સૌ પાળીએ સાચું, બોલીએ તે શુભ રીત;
સાચું બોલી સંતોષ વાળીએ, મોહ માયા મત્સર ટાળીએ;
ન કરો કૂડ કપટ અન્યાય, એટલી શિખામણ દેછે રાય. જેજે.
કવિ છત્રીશ હજાર વર્ષ વહી ગયાં ત્યારે, આવ્યું વિમાન પાસ;
વૈમાને બેસીને સંચર્યા, ધ્રુવજી ગયા આકાશ;
આકાશમાં ધ્રુવ બેઠા જઈ, અવિચળ પદ તો પામ્યા તહીં;
જે ગાય ધ્રુવનું આખ્યાન, તે તો પામે અવિચળ સ્થાન. જેજે.

રાજે.

૩૦—રાધિકા સ્વપ્નામાં પરણ્યાં તે વિષે.

રાગ પરજ.

ઉગતે વ્હાણે રાધાની માડી જાગી, એના ચિત્તમાં ચટકી લાગીરે,
આ શું રે કીધું.—ટેક.
કુંવરી મારે દુખના દરિયા આજ રેલ્યા, તે કુળના મારગ મેલ્યારે, આ શુ રે.
કુંવરી મારા ક્યા વેરીએ વેર સાંધ્યાં, તે મીંઢલ કોનાં બાંધ્યારે; આ શુ રે
કુંવરી તારો કેઈ નગરીમાં દાન વહેર્યો, તેં ચૂડો કેનો પહેર્યોરે; આ શુ રે.
કુંવરી તેં તો જીવડો લીધો મારો ઝાલી, વરમાળા કેની ઘાલીરે; આ શુ રે.
કુંવરી તેં તો ઉપરણી કેની ઓઢી, તારે કોયા વરની જોડીરે; આ શુ રે.
કુંવરી તારો માંડવડો ક્યાં રોપ્યો, તારા વરને કોણે પોંખ્યોરે; આ શુ રે
કુંવરી ત્યાં તો ક્યા ગુરુદેવ આવ્યા, ત્યા કોણે વેદ ભણાવ્યારે; આ શુ રે.
કુંવરી તમને કેણે રંગ રમાડયાં, ત્યાં કંસાર કેણે જમાડયારે; આ શુ રે.
કુંવરી તેં તો કુળમાં લગાડી ખામી, તને મળ્યો રાજેના સ્વામીરે, આ શુ રે.

એટલે ત્યાં તો બોલ્યાં છે રાધા વાત, તુ સાંભળ મારી માતરે;
મેં બહુ સારૂં કીધુ.—ટક.
માતારે મારી દુખના દરિયા નથી રેલ્યા, નથી કુળના મારગ મેલ્યારે; મે બહુ.
માતા મારી શીશ તમારાં નથી વહેર્યાં, પાનેતર પ્રભુનાં પેર્યાંરે, મે બહુ.
માતા મારી નથી વેરીએ વેર સાંધ્યાં, મીંઢળ મોહનના બાંધ્યાંરે; મે બહુ
માતા મારી મથુરા નગરીમાં દાંત વહેર્યો, મેં ચૂડો અવિચળ પેર્યોરે; મેં બહુ.
માતા તારો જીવડો લીધો નથી ઝાલી, વરમાળ વિઠ્ઠલની ઘાલીરે; મે બહુ.
માતા મેં તો હરખે ઉપરણી ઓઢી, મારે અખંડ વરની જોડીરે; મે બહુ.

માતા મારો માંડવડો વનમાં રોપ્યો, ઉમાએ વરને પોંખ્યોરે; મેં બહુ.
માતા ત્યાં તો તેત્રીસ ક્રોડ દેવ આવ્યા, બ્રહ્માએ વેદ ભણાવ્યારે; મેં બહુ.
માતા મારી કૃષ્ણ-ચરણામૃત મેં પીધાં, ત્યાં શિવે કન્યાદાન દીધાંરે; મેં બહુ.
માતા મારી બ્રહ્માએ રંગ રમાડયાં, કંસાર ઉમાએ જમાડયાંરે; મેં બહુ.
માતા મેં તો શિવને ચઢાવ્યા ફૂલગજરા, વાસુદેવ સરખા સસરારે; મેં બહુ.
માતા મેં તો શિવને ચડાવ્યા ફૂલ જાસું, દેવકીજી સરખાં સાસુરે; મેં બહુ.
માતા મેં તો શિવને ચડાવી છે હલદી, સુભદ્રા સરખી નણદીરે; મેં બહુ.
માતા મેં તો શિવને ધરાવેલા હાર, મને મળ્યા કૃષ્ણ ભરથારરે; મેં બહુ.
માતા મારી કુળમાં લગાડી નથી ખામી, મને મળ્યો રાજેનો સ્વામીરે; મેં બહુ.

એટલે વળતી માતા બોલ્યાંછે વાણી, તું તો સાંભળ પુત્રી શાણીરે; આ શુંરે કીધુ.
કુંવરી એ તો કૃષ્ણ કહેવાયો કાળો, તે ક્યાં શોધ્યો ગોવાળોરે; આ શુંરે કીધું.
કુંવરી એ તો કાનુડો કામણગારો, એ ધીંગડમલ્લ ધુતારોરે; આ શુંરે કીધું.
કુંવરી એમાં ચાંદા સૂરજની સાખ્યો, એને જશોદાજીએ રાખ્યોરે; આ શુંરે કીધું.
કુંવરી એ તો ગાયો ચારીને પેટ ભરતો, પરનારી પાછળ ફરતોરે; આ શુંરે કીધું.
કુંવરી તારો તાત આ વાત જો જાણે, તો કડે પ્રાણજ આણેરે; આ શુંરે કીધુ.
કુંવરી તેં તો નવ કરવાનાં કામ કીધાં, અમને દુખડાં બહુ દીધાંરે; આ શુંરે કીધુ.

માતા મારી કૃષ્ણને એમ નવ કહીએ, એને ચરણે જઈને રહીએરે;
તું સાંભળ મારી માડી.
માતા એ તો ચૌદભુવનનો છે વાસી, એને ચરણે કોટિક કાશીરે;
તું સાંભળ મારી માડી.
માતા હવે પરણ્યાં તે ફોક કેમ થાશે, જો સૂરજ પશ્ચિમ જાશેરે;
તું સાંભળ મારી માડી.
માતા તારે કરવું હોય તે કરજે, તારે મરવું હોય તો મરજેરે;
તું સાંભળ મારી માડી.
માતા હું તો પૂરણપદવીને પામી. મને મળ્યો રાજેનો સ્વામીરે;
તું સાંભળ મારી માડી.

મુક્તાનંદ.

૩૧—રૂકમણી વિવાહ.

ધોળ

કુંદનપુર વિવા રચ્યો, સુણી ભૂપતિ ભીમકરાય;
કન્યા તે દેવા શ્રીકૃષ્ણને, આનંદ ઉર ન સમાય.
રુકમૈએ તે જાણીઉ, ઉર વ્યાપ્યો અતિશે કાળ;
કન્યા ન આપુ શ્રીકૃષ્ણને, એ છે ગાય તણોરે ગોવાળ.
રુકમૈઆનું મન મેલુ ને, તેડાવ્યો શિશુપાળ,
રુકિમણી તે ખબર જાણી, ને અંતર ઊઠી ઝાળ
દૂર ઘણી દ્વારામતી, રહ્યો લગન વચ્ચે દિન એક,
અંતરજામી આવજો, રાખજો મારી ટેક.
એવું તે કહીને કુંવરી, કરી કાગળ લખવા આશ,
મુક્તાનંદ કહે માનની, થઈ જગત થકીરે ઉદાસ.

ઢાળ ૨.

મ્હારી સાર લેજો અવિનાશીરે, જાણી જનમોજનમની દાસીરે;
વાંચી કાગળ વહેલેરા આવોરે, મારા તનના તે તાપ બુઝાવોરે;
દિન એક લગન વચ્ચે જાણીરે, વહેલા આવજો સારંગપાણીરે,
મે તો તમ અરથે તન કરીઉરે, મેં તો તમ ચરણે ચિત્ત ધરીઉરે;
જોતાં નાથ નહિ આવો વહેલારે, તજું પ્રાણ લગન થકી પહેલાંરે;
કહે મુક્તાનંદ મુરારીરે, વહાલા રાખજો ટેક અમારીરે.

ઢાળ ૩.

લઇને કાગળ વિપ્ર સિધાવ્યોરે, હરિની કરૂણાથી દ્વારકાં આવ્યોરે;
દેખી દ્વારકાં મહા સુખધામરે, જેના રાજા છે સુંદરશ્યામરે;
વહાલે વિપ્રને આવતા જાણીરે, ઊઠયા સનમુખ સારંગપાણીરે;
પૂછી ક્ષેમને કાગળ લીધોરે, વાંચી પત્ર હૈયે દૃઢ કીધોરે;
પૂજ્યા વિપ્રને દઇ ઘણું માનરે, જાવા ત્યાર થયા ભગવાનરે;
સાથે વિપ્રને રથમાં બેસારીરે, ચાલ્યા કુંદનપુર શ્રીમોરારીરે;
એવા ભક્તવત્સલ ગિરિધારીરે, જાય મુક્તાનંદ બલિહારીરે;

ઢાળ ૪.

માનની મનમાં ચિંતવે, કેમ નાવ્યા સુંદરશ્યામ;
વાર થઇ કેમ વિપ્રને, નવ સર્યું મારૂં કામ.
જો નહિ આવે જદુપતિ તો, તજીશ મારા પ્રાણ,
એવામાં દ્વિજ આવીઓ, જેમ આવે રામનું બાણ.
વિપ્ર વદન જોઇ વીનતા, મન આનંદ વાધ્યો અપાર,
પ્રાણજીવન પધારીઆ, જગજીવન જગદાધાર.
કુંદનપુર હરિ આવીઆ, સુણી ભૂપતિ ભીમકરાય,
સામા જઇ સનમાન કીધું, આનંદ ઉર ન સમાય,
ત્રીકમ તોરણ આવીયા, વરત્યો તે જેજેકાર,
મુક્તાનંદ કહે માનનીના, પુન્ય તણો નહિ પાર.

ઢાળ ૫.

દેવી પૂજાનો મસ લઇ પ્યારીરે, ચાલી નીરખવા કુંજવિહારીરે;
સાથે લીધો પૂજાનો સામાનરે, તેણે નીરખવા શ્રીભગવાનરે;

હરિના ભક્ત અનાદિના માનીરે, ભાવે પૂછ્યા ભવન ભવાનીરે;
વળતાં રૂપ પ્રકાશ્યું બાળીરે, પ્રેમે પામવા શ્રીવનમાળીરે.
સંગે અસુર હતા રખવાળરે, દેખી રૂપ પડ્યા તતકાળરે;
વેગે આવીઆ અંતરજામીરે, મળ્યા મુક્તાનંદના સ્વામીરે.

ઢાળ ૬.

કર સાહીને રથપર લીધાં, મનવાંછિત કારજ સીધ્યાં.
કન્યા હરણ કરી હરી વળીઆ, સેન્યા સોતા ત્યાં બળભદ્ર મળીઆ.
વાંસે રૂકમૈઓ ચડયો શિશુપાળ, લેશે કેમ કરી કન્યા ગોવાળ,
બાંધી દ્વારકા માંહીથી લાવું, નહિ તો પુરમાં તે પાછો ન આવું
જઈને જદુપતિ સંગ જુદ્ધ કરીઓ, વહાલે સરવે તણો મદ હરીઓ.
રૂકમૈઆની વાઢી છે દાઢી, કાપી કેશને મૂક્યો છે કાઢી.
રૂક્મિણીજીનો શોક નિવારી, મુક્તાનંદ કે પધાર્યા મોરારી

ઢાળ ૭.

માધવપુરનો માંડવો, આવે જાદવ કુળની જાન.
પરણે તે રાણી રુકમણી, વરવાંછિત શ્રીભગવાન.
જાદવ જાનૈઆ થયા, વળી માંડવીઆ પણ સોય,
વિધિ સહિત વિવા રચ્યો, કસર ન રાખી કોય.
માણુકથંભ મંડપ રચ્યો, મધ્ય ચોરી બાંધી સાર.
મોહન આવ્યા માયરે, કોટી ભુવનના કરતાર.
માથે તે મુગટ જડાવનો, કાને કુંડળ મકરાકાર.
બાંએ બાજુબંધ બેરખા, કોટે કૌસ્તુભ મણીનો હાર.
શોભે ઘણા શણગારમાં, પીતાંબર અતી ઉદાર,
હેમ કડાં બેઉ હાથમાં, પાયે ઝાંઝરનો ઝમકાર.

વહાલાનું વદન સોહામણું, જાણે ઊગ્યો પુનમચંદ,
મુક્તાનંદ કહે મોહનવરને, જોઈ થયો આનંદ.

ઢાળ ૮.

વળતી લાડડીને શણગારીરે, પીઠી ચોળીને પાટે બેસારીરે,
નીલી સાડી ધરી તન સારીરે, જેણે રીઝે તે શ્રીગીરધારીરે.
સોળે શણગાર અંગોઅંગ ધારીરે, ચાલી ભેટવા દેવમોરારીરે,
સંગે માનની મંગળ ગાયરે, તેની શોભા વર્ણવી ન જાયરે.
એવી રીતે મંડપ મધ્ય આવ્યારે, તેડી પીયુજી પાસે પધરાવ્યારે,
કર સાહ્યો સચરાચર સ્વામીરે, નારી માયરે મહા સુખ પામીરે.
શોભે માયરે મહા સુખકારીરે, જાય મુક્તાનંદ બલહારીરે.

ઢાળ ૯.

વરકન્યાની જોડ બિરાજે, જોતાં કોટી કામ છબી લાજે.
વાજે દેવનાં વાજાં અપાર, પરણે અખિલ ભુવનના આધાર.
બ્રહ્મા ઓચરે વેદ વચન, જયજયકાર થયો ત્રિભુવન.
ચારે ફેરા હરી સંગ ફરીઆ, નારી જગના જીવનજીને વરીઆ,
શોભે અખંડ અલૌકિક જોડ, માથે બતરીસ ભમરીનો મોડ.
લાડો લાડી જમે છે કંસાર, જેનો નિગમ ન પામે પાર,
મુક્તાનંદ કહે મહાસુખકારી, એવાં ચરિત્ર કરે ગિરધારી.

ઢાળ ૧૦.

કંસાર જમતા કામની, બોલે વિધવિધ વચન રસાળ;
સ્યામસુંદર તે સાંભળે, હસતા તે દીન દયાળ.
બંદીજન જયજય કરે, ગાય ગાંધર્વ મધુરાં ગાન;

અનંત નાચે અપસરા, સુર આવ્યા ચડી વિમાન.
બ્રહ્માદિક સુર પુષ્પની, વૃષ્ટિ કરે તે વારંવાર;
ઢોલ નગારાં ગડગડે, વાજીંત્રનો નહિ પાર.
ચારે મંગળ વરતીઆં, વર કન્યાની ભલી બની જોડ;
રૂકમણીને લઈ આવીઆ, દ્વારિકાં શ્રીરણછોડ.
દીન જાણી ને દયા આણી, પુરી મનની આશ;
મુક્તાનંદ કહે ચરણ સેવા, દઈને રાખ્યા પાસ.

ઢાળ ૧૧.

શ્રીકૃષ્ણ પરણ્યા રૂકમણીને, આવ્યા તે નગર મોઝાર;
જેણે એ વિવા નીરખીઓ, તેના પુન્ય તણો નહિ પાર.
પ્રેમે શું માતાએ પોંખીઆ, જગજીવન જગ આધાર;
લઈ ઉમંગે શ્યામના, વારણાં તે વારંવાર.
પુરવાસી સૌ પ્રેમશું, નીરખતાં નટવર નાથ;
જનમ સુફળ કરી જાણીઓ, મહા સુખી થયો સરવે સાથ.
રૂકમણીએ જે ધારીયું, તે સાચું કીધું શ્યામ;
ભક્તજનના લાડ પાળે, એવા છે કરૂણાના ધામ.
અધમજન ઓધારવા, થયા મનુષ્ય રૂપે મહારાજ;
પાવન જશ વિસ્તારીઓ, સુણતાં તે સીજે કાજ.
નરનારી જે રૂકમણીનો, વિવા શીખે ને ગાય;
તેને તે રીઝે શ્રીહરી, સરવે પાતક પ્રલે થાય.
શેષજી પાર ન પામીઆ, કહેતાં તે હરી જશ સાર;
તોય તેના ગુણ ગાવવા, જાણીને અધમ ઓધાર.
મુક્તાનંદ કહે મહા પ્રભુની, અચળ જુગજુગ જોડ;
શ્રોતાજન જે સાંભળો, તે બોલો શ્રીરણછોડ.

નિમાનંદ.

૩૨—કૃષ્ણ મહાત્મ્ય.

નંદ નંદન જગત વંદન, ચરણ રજ કુબજા તરી;
ચાર જુગ પરિબ્રહ્મ કહીએ, કૃષ્ણ રાજત મધુપુરી.
બંસીવટ તટ નિકટ યમુના, શામળે મોરલી ધરી;
મોરલિ ધુની સુણી ત્રિલોક મોહે, કૃષ્ણ રાજત મધુપુરી.
વૃંદાવનમાં મદન મોહન, અષ્ટ સિધિ નવનિધિ ખરી.
કાળિ અહિ ઘનસ્યામ નાથ્યો, કૃષ્ણ રાજત મધુપુરી,
મુગટ લટપટ પેચ રસપટ, તિલક ચંદનનું કરી;
વનમાળી લાલ ગોપાળ કહીએ, કૃષ્ણ રાજત મધુપુરી.
ગોપ ગોપી સંગ લઈને, કુંજ કુંજ રમ્યા હરી;
રાસ રચ્યો યદુનાથ નંદન, કૃષ્ણ રાજત મધુપુરી.
ઇંદ્ર ચંદ્ર કુબેર બ્રહ્મા, લખે વિગત પ્રભુ ફરી ફરી;
અનંત મુનિજન કરત જય જય, કૃષ્ણ રાજત મધુપુરી.
કંશ વંશ નિકંદ કીધો, દનુજ સર્વ ગયા ડરી;
સંત કારણ દેહ ધારણ, કૃષ્ણ રાજત મધુપુરી.
કૃષ્ણાષ્ટક જે પઠત નિશદિન, સ્વર્ગ જાય તે સંચરી;
નિમાનંદ અવતાર અદ્દભુત, કૃષ્ણ રાજત મધુપુરી.

રણછોડ ભક્ત.

૩૩—અશોકવાડીમાં સીતા અને હનુમાનનો મેળાપ.

રાગ વેરાવળ.

વનચર વીરા વધામણી, કહેને ક્યાં થકી આવ્યો,
આરે મુદ્રિકા શ્રીરામની, કહેને ક્યાં થકી લાવ્યો. વનચર વીરા.
આરે મુદ્રિકા શ્રીરામની, કોઈને જોવા ન જડતી;
તે તારે હાથ આવી ચઢી, મુને કળ નથી પડતી વનચર વીરા
બોલજ બોલને બંધવા, સાચી સંભળાવે વાત;
ઝાઝા બોલવજો જાનકી, કુશળ છે રઘુનાથ. વનચર વીરા.
કોપ કરી મારે કંથજી, કેમ હાથે ન મારી;
કપુર લઈ આલ્યું કાગને, મારે વહાલે વિસારી. વનચર વીરા
નાથ નમેરા ક્યમ થયા, હૈડાં કઠણજ કીધાં;
સતિને મેલીને સાધુ થયા, મુખ મુનિવ્રત લીધાં. વનચર વીરા.
જોગ લીધો બે બંધવે, બેઠા આસનવાળી;
શ્રીપાત થયા સઉ દેખતાં, પીધાં ઊપવીત બાળી. વનચર વીરા.
આજકાલ રામજી આવશે, તો તો અબળા ઉગરશે;
નાથ વિજોગે ટળવળી, નારી નિશ્ચય મરશે. વનચર વીરા.
પંથ ન્યાળતા નેત્ર ગળ્યાં, કર્મનો પાર નાવ્યો;
રણછોડના સ્વામિને જૈ કહેજો, સતીએ સંદેશો કહાવ્યો. વનચર વીરા.

૩૪—મંદોદરીએ રાવણને આપેલી સલાહ.

કહ્યુંરે માનો મારા કંથજી, રૂડા રામજી આવે;
પત્થર તારી પાણીમાં, પ્રભુ પાગ બંધાવે. કહ્યું રે.

નારી આપો જઈ નરપતિ, કરો પ્રભુને પ્રણામ;
દયા કરશે દયાળજી, સરશે આપણું કામ. કહ્યું રે.
માનોજી કહેરે મંદોદરી, સુણીએ મારા સ્વામી;
એને લેજો તમે ઓળખી, એ છે અંતર જામી. કહ્યું રે.
આ જુઓ ગરદ ઉડે ઘણી, મહેલ થઈ ગયા મેલા;
સીતાને લેઈને જઈ મળો, સ્વામી કાં થયા ઘેલા. કહ્યું રે
આજ સ્વમામાં આવીઉં, લંકામાં આગ લાગી;
રામબાણે દશ શીશ હણ્યાં, એટલે હું જાગી. કહ્યું રે.
પેટ ચોળીને પીડા કરી, માન મણિધરનું લીધુ;
આભ સાથે જઈ આથડયા, વેર મોટા શું કીધુ. કહ્યું રે.
દુરમતિએ દુર્મત કરી, વેર હાથે શું વાસ્યુ;
પાપીતણા પ્રાણ લેઈને, આપણે ઘેર જાશુ. કહ્યું રે.
તમારે માથે મરણ આવીઉં, ઉગરવાની શી આશ,
જઈને મળો તો જીવશો, કહેછે રણછોડદાસ. કહ્યું રે.

આત્મારામ.

૩૫—પંદર તિથિઓ.

સખિ પડવે તે પંથે ચાલ્યા રે, મહા વનના તે મારગ ઝાલ્યા રે,
સાથે સીતાને લક્ષ્મણ બાળા, રઘુપતિ રામ હૃદેમાં રહેજો રે.
સખિ બીજે મંદિમાં બીરાજે રે, જેવાં નદીઓ તણાં નીર ગાજે રે,
રામ મેલી ગયા રૂડું રાજે, રઘુંપતિ રામ હૃદેમાં રહેજો રે.
સખિ ત્રીજે તે વનની ઝાડી રે, દશ ફળ મંગાવેછે દહાડી રે;
સારી શોભે સીતાજીની વાડી, રઘુંપતિ રામ હૃદેમાં રહેજો રે.
સખિ ચોથે કેવડીઓ, મ્હેકે રે, ફાલ્યો ફૂલ્યો ને મોઘરો મહેકે રે:

એવી લીલી લતાઓ લહેકે, રઘુપતિ રામ હૃદેમાં રહેજો રે.
સખિ પાંચમે પોપટ પાળ્યો રે, પાંખ લીલીને કાંઠલો કાળો રે;
રામનામ ભણુંતો ભાળ્યો, રઘુપતિ રામ હૃદેમાં રહેજો રે.
સખિ છઠ્ઠે છેતરવાને આવ્યો રે, કૂડો કપટી રાવણ સાથે લાવ્યો રે;
એ મુખનો મરગ બનાવ્યો, રઘુપતિ રામ હૃદેમાં રહેજો રે.
સખિ સાતમે શ્રીહરિ સમર્યા રે, વાડી ભેળી ઉડાડયા ભમરા રે;
રૂખ સાહીને ઉપાડયા ડમરા, રઘુપતિ રામ હૃદેમાં રહેજો રે.
સખિ આઠમે એને નિહાળ્યો રે, ધનુષ ધરીને મરગલો માર્યો રે;
મૃગ મરતી વખતે પોકાર્યો, રઘુપતિ રામ હૃદેમાં રહેજો રે.
સખિ નોમે તે નાંખ્યો તીર રે, જઈ વાગ્યો છે મરગ ને શિર રે.
ધાજો ધાજો લક્ષ્મણ વીર, રઘુપતિ રામ હૃદેમાં રહેજો રે.
સખિ દશમે કહે લક્ષ્મણને રે, બેલી વીરો બોલાવેછે તમને રે.
આડી આણુ દીધી છે અમને, રઘુપતિ રામ હૃદેમાં રહેજો રે.
સખિ એકાદશી અપવાસી રે, લંપટ લેવાનો લાગ તપાસી રે;
રાવણ સીતાને લઈ ગયો નાસી, રઘુપતિ રામ હૃદેમાં રહેજો રે.
સખિ બારસે હનુમાન બળીઓ રે, ઠેકી સમુદ્રને પાર નિકળીઓ રે;
જઈ જોગમાયાને મળીઓ, રઘુપતિ રામ હૃદેમાં રહેજો રે.
સખિ તેરસે ત્રંબાળું બાગે રે, હાક હનુમાન કેરી વાગે રે;
લાય લંકા ગઢમાં લાગે, રઘુપતિ રામ હૃદેમાં રહેજો રે.
સખિ ચૌદશે ચિત્ત વિચારી રે, ફોજ વાંદરાની રચી સારી રે;
રામે રાવણને નાંખ્યો મારી, રઘુપતિ રામ હૃદેમાં રહેજો રે.
સખિ પુનમે પ્રભુજી આવ્યા રે, થાળ ભરી મોતીડે વધાવ્યા રે;
માતા કૌશલ્યાને મન ભાવ્યા, રઘુપતિ રામ હૃદેમાં રહેજો રે.
સખિ પંદર તિથિ થઈ પૂરી રે, એમાં એકે નથી અધુરી રે;
આત્મારામની વાણી મધુરી, રઘુપતિ રામ હૃદેમાં રહેજો રે.

હરિદાસ.

૩૬—પદ પાંડવનું.

ગરુડ ચઢી આવજો ગિરધારી, લજ્યા મારી રાખજો મોરારી. ટેક૦
ભાવે ગણુપતિને ગાઈએ, ગુરૂને ચરણે જઈને નમીએ;
પદ પૂજીને પાવન થઈએ. ગરુડ ચઢી૦
કુંતા માતા છે શુભ મતિ, સતી સાધ્વી તે દ્રુપદી;
મારી વહારે ચઢો જદુપતિ. ગરુડ ચઢી૦
ધર્મ રાજા તે ધર્મનું ધ્યાન, રૂડા અર્જુનના વિશ્રામ;
ભીમ સહિત મહા બળવાન. ગરુડ ચઢી૦
જોષી સહદેવને લાવે, તે તો પાંડુના પુત્ર કા'વે;
તેજવતા. તે નકુળ આવે. ગરુડ ચઢી૦
હસ્તિનાપુરમા હોડજ ધારી, માંડયાં દ્યુત ને બાજી હારી;
પહેલે પાસે હસ્તિનાપુર હારી ગરુડ ચઢી૦
બીજે હાર્યા તે ગર્થ ભંડાર, ધર્મ રાજા કરે વિચાર,
એમ હાર્યા તે વારમવાર. ગરુડ ચઢી૦
ત્રીજે હાર્યા તે ચતુર ચુકાવી, ગયા દ્યૂત વિદ્યા થકી હારી;
ચોથે હાર્યા દ્રૌપદી નારી. ગરુડ ચઢી૦
પાંડવ હાર્યા ને હિમત મેલી, એમની વાત તે વિશ્વમાં થએલી,
બહુનામી થજો મારા બેલી. ગરુડ ચઢી૦
એવે બોલ્યો દુર્યોધન હકારી, તેડી લાવોરે પાંડવની નારી;
એમ સભામાં બોલ્યો પોકારી. ગરુડ ચઢી૦
એવે દુશાસન દોડતોરે આવ્યો, પાંડવનો સમાચાર સંભળાવ્યો,
કેડ સાહી ને ચોટલો ગ્રહી લાવ્યો. ગરુડ ચઢી૦
એવુ બોલ્યો દુર્યોધન અહંકારી, ખોળે બેસો પાંડવનીરે નારી;
એમ સભામાં બોલ્યો હોકારી. ગરુડ ચઢી૦

ત્યારે સતીએ દીધોરે શ્રાપ, તને લાગ્યુ પૂર્વનુંરે પાપ;
ખોળે બેસશે શોક સંતાપ. ગરુડ ચઢી૦
ખોળે બેસે ગદા ભીમ કેરી, તને કાળે લીધો છે રે ઘેરી;
અધુ યાદવ કુળ કર્યું વેરી. ગરુડ ચઢી૦
દૂર પંથ છે દ્વારિકા ગામ, સેજે સુતા છે સુંદર સ્યામ;
મારી વા'રે ચઢો ઘનસ્યામ. ગરુડ ચઢી૦
હરિ ગરુડ કર્યો તૈયાર, ત્યારે બોલ્યાં રુકિમણિ નાર;
તમે ક્યાંરે પધારો ભર્તાર. ગરુડ ચઢી૦
સતીને ભરીરે સભામાંરે આણી, એનાં ચીર લે છે દુષ્ટ તાણી;
તેની વા'રે ચઢુ છું હું રાણી. ગરુડ ચઢી૦
પ્રભુ ભરીરે સભામાંરે આવ્યા, પંચાળીનાં પટકુળ લાવ્યા;
કર સાહીને ચીર પહેરાવ્યાં. ગરુડ ચઢી૦
હરિએ નવસેં નવાણું ચીર પૂર્યા, તેમા એકે નથીરે અધુરાં;
ભક્ત કામમાં છે પ્રભુ શૂરા. ગરુડ ચઢી૦
જે કોઈ પાંડવનું પદ ગાશે, તેને કોટી યજ્ઞ ફળ થાશે:
હરિદાસનું કારજ સરાશે. ગરુડ ચઢી૦

નર્મદાશંકર.

૩૭—નીતિની સાડી.

ગરબી.

પહેરની પહેરની પહેરની રે,
એની નીતિની સાડી પ્હેરની.—ટેક.
ખરા કસબ ને ખરા કસબની;
ભાતો ખીલી અફખેરની રે, એની૦

સાડીની શોભા સાચી ટકેછે;
જૂઠી આ લુગડાં ઝવેરની રે, બેની૦
સાડી રૂડી ઘટ હીરે ઘણી છે;
ભારે વજનમાં શેરની રે, બેની૦
સાડીની ઠંડક સુધા સરીખી;
નહીજ લાઘ કંઈ ઝેરની રે, બેની૦
સાડી શીતળથી આંખો મિચાએ;
કહું શી વાત હું લહેરની રે, બેની૦
સાડી તે સારૂ નરસું સુઝાડે;
વિના તે વાત અંધેરની રે, બેની૦
એ સાડીનું મૂલ ન થાયે;
પેરે ખસે વાત વેરની રે, બેની૦
નીતિની સાડી આપે ઇચ્છેલું;
પેરી પાલવ ખંખેરની રે, બેની૦

૩૮—ભણવા ઉપર પ્રીતિ રાખવાની જરૂર.

ગરબી.

બેહેની ભણવા ઉપર પ્રીત, નિત્ય નવી રાખો રે;
તજી દઈ નરસી રીત, નીતિરસ ચાખો રે.
રૂડું ભણવાથી થાય, તે ન ગણાએ રે;
તન મન દુખડાં જાય, સુખ જણાએ રે.
પુત્રી વધૂ ને માત, એના ધરમો રે;
સહિયરતણો સહુ સાથ, જાણો મરમો રે.
ઘરનો ઉપાડો ભાર, જુગતિ ચલાવી રે;
વણસાડો ન લગાર, ઘરદાઝ લાવી રે.

મળી બેઠાં જો ચાર, મરમ ન કહાડો રે;
સંગત પિશુની સાર, તેથી લાડો રે.
ભૂત ભમાડા વહેમ, કહાડી નાખો રે;
નરસાં ઉપર રહેમ, કદી ના રાખો રે.
પીયરસાસર વાસ, સંપે કરજો રે;
પસરે કીર્તિસુવાસ, સરસે ભરજો રે.
જો ભુલવે દુરીજંન, કાન ન દેજો રે;
પ્રભુભય ધારી મંન, ધરમે રહેજો રે.
સ્વારથ કરવા કાજ, નવ ગભરાશો રે;
રસ્તો રાખી લાજ, લેજો ખાસો રે.
રસિક બની ચતુરાઈ, ઘરમાં રમજો રે;
વિદ્યાથી ન ધરાઈ, રસ ખૂબ જમજો રે.
પામો જો વિરામ, ઘરકામોથી રે.
ગાઓ શ્રી પ્રભુરામ, ડાહે મોંથી રે.
ચમત્કાર સહુ સાર, આ સંસારે રે.
જાણો વિશ્વાધાર, જ્ઞાન વિચારે રે.
ફરી ફરી કહુંછું બહેન, વિદ્યા ભણજો રે;
લાજ વધારી એન, લાભો ગણજો રે.
વિદ્યાથી સંતોષ, છે વળી ન્યારો રે;
બહુ સમશે સહુ રોષ, સાચું ધારો રે.
વિદ્યાથી લઈ જ્ઞાન, ભવના પાશો રે;
ઝટ તોડી સહમાન, સ્વર્ગે જાશો રે.

૩૯—પ્રભુ ભક્તિ.

ગરબી.

હરિ એક ચિત્ત ભાવે ભજવો બેન, ભૂધર ભક્તિ ભૂખ્યો છે.
હરિ ભજવો તો નિષ્કામે બેન, ભૂધર૦

હરિ સંકટ-કટક નાં આણે બેન, ભૂધર૦
હરિ અદશ્ય રહી સાહ્ય કરશે બેન, ભૂધર૦
હરિ દરશનનો નહિ લોભી બેન, ભૂધર૦
હરિ ધ્યાન વિષે તમે જોશો બેન, ભૂધર૦
હરિ ભુંડાં ગીતે રૂઠે બેન, ભૂધર૦
હરિ સમભાવે જન જોયે બેન, ભૂધર૦
હરિ દુર્જનને તો દંડે બેન, ભૂધર૦
હરિ ઠાઠમાઠથી નવ રાજી બેન, ભૂધર૦
હરિ કુબજાને ઓદ્ધારી બેન, ભૂધર૦
હરિ અંતરની સહુ જાણે બેન, ભૂધર૦
હરિશું નીતિ વિવેકે રહેજો બેન, ભૂધર૦
હરિકિરપાને સંપાદો બેન, ભૂધર૦
હરિ નિર્ગુણ ભક્તિએ મુક્તિ બેન, ભૂધર૦
હારે એકવાર જયહરિ બોલો બેન, ભૂધર૦

૪૦—સોળ શણગાર.

મનહર.

સુઘડતા આવડત ડહાપણ ચતુરાઈ,
ચપળતા પતિવ્રત ઉદારતા સાત છે,
ક્ષમા સત્ય સંતોષ ને ઉદ્યોગ દયા સુવિદ્યા,
સર્વજનપ્રીતિ પ્રભુભક્તિ દિન રાત છે.
ધૈર્યસહ સોળ ગુણ સજી એવી નારી તે તો,
ઘર નાત જાત દેશ વિદેશ વિખ્યાત છે;
સોળ સલખણી નારી સોળ શણગારવાળી,
મળે જેને હાસ વહાલી તેની તો શી વાત છે!

૪૧– સીતા પ્રતિ જનકનો બોધ.

ધોળ.

પરણી સીતા સધાવતાં સાસરે.
આવ્યાં જનકરાજા તણી પાસ, રાખી મન આશ,
લેવા આશીષ વેણરે
ત્યારે જોતા સીતામુખચંદ્રને,
પ્રેમે બાપથી ગગળી જવાય, મુખે ન બોલાય,
મંગળ કરો બહેનરે.
કરજો સ્વામીની સેવા ઉમંગથી,
કોઈ વાતે ન દૂભવો મંન, રાખી રહો પ્રસન્ન મંગળ.
કોઈ જગના જંજાળને કારણે,
કોપે ઘરમાં આવી ભલા રામ, પીજો ક્ષમાજામ. મંગળ.
સાસુસસરાનાં માન તો રાખજો,
જાણી માતપિતા સમ તેહ, કરો ઝટ જે કેહ મંગળ.
વૃદ્ધાવસ્થામાં ચાકરી તેમની,
કરી રાખો રાજી બહુ નિત્ય, ભલું છે ખચિત. મંગળ
જેઠ જેઠાણી દીયર દેરાણીને,
વળી નણુંદ ભાંડુ સમ જાણો, તેમાં પ્રેમ આણો. મંગળ
ઘરના દાસ દાસી જન સર્વને,
રાજી રાખતાં કરવજો કામ, શોભા રહેશે ધામ. મંગળ.
આવે પરવાર જો ઘરકામથી,
કરજો રામને થાતી સહાય, દંપત બહુ સોહાય. મંગળ.
નિજ અભ્યાસ જારીજ રાખજો,
એ છે સ્વચ્છ સુખોનું નિધાન, બીજું ન સમાન. મંગળ.
ઘણાં દુઃખો આવી પડે જો કદી,
દિલ ડાબી રાખો રૂડી ધીર, મટી જાશે ભીડ. મંગળ.

તમે કહેશો શેની બીક સાચને,
પણ સાચને શત્રુ ઘણાક, તમે વળી રાંક. મંગળ.
કરજો લાજ વધે બન્ને કુળની,
અભિમાન ધરો નહિ ઉર, છે નમ્રતા નૂર. મંગળ.
સ્વામી કહે ત્યારે અહિંઆં આવજો,
બાકી રહેજો સદા સ્વામીસંગ, એમાં શુભ રંગ. મંગળ.
દેજો પત્રથી દર્શન બાપને,
રડતા રહો બહેન હવે નહિ ઢીલ, ભરાયુ મુજ દિલ. મંગળ.

દલપતરામ.

૪૨—ધણીનાં માનની મહત્વત્તા.

છપ્પા.

મળે ધણીના માન, મનુષ સૌ તેને માને.
મળે ધણીનાં માન, પડે સૌ તેને પાને;
મળે ધણીનાં માન, વડી તે ડહાપણવાળી,
મળે ધણીનાં માન, એજ રૂડી રૂપાળી;
જો મળે ધણીનાં માન તો, નિશ્ચે કહે ગુણવાન છે,
કામની જનને દલપત કહે, ધણીને માને માન છે.
મળે ન ધણીનાં માન, ભાગ્યહીણી તે ભુંડી;
મળે ન ધણીનાં માન, લોક સૌની તે લુંડી;
મળે ન ધણીનાં માન, નારી નિરભાગીણી.
મળે ન ધણીનાં માન, હોય ગુણ પણ ગુણહીણી;
જો મળે ન ધણીનાં માન, તો કુટુંબી સૌ ધિક્કારશે;
કામની જનને દલપત કહે, ધણી ગણશે ત્યમ ધારશે.

૪૩—પુત્રીઓને નિશાળે મૂકવાની જરૂર.

(મોહનજીએ મોકલ્યું રે મોસાળું—એ રાગ.)

નાનકડીને મોકલોને નિશાળે,
વિદ્યાથી થશે બુદ્ધિ વિશાળે. નાનકડીને. ટેક.
બાળપણથી નિશાળે જો બેસે,
પૂરા પંડમાં સદ્‌ગુણ પેસે. નાનકડીને.
ભોળી મા મેલે છોકરાં ભમતાં,
લડે ને રડે રસ્તામાં રમતાં. નાનકડીને.
કાંતો કઇકિની જાઈ કરે આળો.
કાંતો ગાવા શીખે ભુંડી ગાળો નાનકડીને
જાય ફેલથી લુગડાં ફાટી,
મેલાં ઘેલા ફરે ચુથે માટી. નાનકડીને.
કઇકિ ઘરમાં રમે તો કદાપિ,
નાત માતને મેલે સતાપી. નાનકડીને.
મળે નહિ તે ચીજો મોઢે માગે,
લઇને રદ પછી રડવાને લાગે નાનકડીને.
ખોટા હઠ નથી ખમાતા,
તેથી માર મારે તેની માતા નાનકડીને.
ભણશે ભણતર જો ભલી ભાતે,
શાણી સારી સાહેલી સઘાતે. નાનકડીને.
શીખે શુદ્ધ શિખામણ સારી,
ચોંપે ચિતમાં જુઓને વિચારી. નાનકડીને.
દીસે ભણી ગણી ડહાપણ વાળી,
સદા ચરણથી ચાલે સંભાળી. નાનકડીને.

ચિતે ચેતી લેશે ચતુરાઈ,
ઠગી નહિ શકે ઠગની ઠગાઈ. નાનકડીને.
ગણી લક્ષ લેશે સારી ગમના,
ભુત પ્રેતની ભાગશે ભ્રમના. નાનકડીને
ધર્મ કર્મ કરે મન ધારી,
સારાં શાસ્ત્ર શીખે સુખકારી. નાનકડીને.
સાચું સ્વર્ગનું સાધન શોધે.
બીજી બહેનપણીને પ્રબોધે. નાનકડીને
જેથી જગતમાં શુભ જશ જામે,
પૂરા પ્રેમથી પ્રભુ પદ પામે. નાનકડીને.
માત તાતને મન થાય ગમતી,
ભુંડી ભાતે ભમે નહિ ભમતી. નાનકડીને.
આચરણ એવાં ઉત્તમ આવે,
રાણી થઈને સાસરિયું શોભાવે. નાનકડીને
હેતે હળી મળીને રહે હરખી,
શોભે સતી મીના સુંદરી સરખી. નાનકડીને.
તાત માતની કીરતીને તાજી,
સારા સંસારમાં રાખે સાજી. નાનકડીને.
એ તો આદરો વચન અમારૂં,
તે તો અંતે છે હેતુ તમારૂં. નાનકડીને
સારા શિક્ષક સઉને સુધારે,
વારે વારે વિવેક વધારે. નાનકડીને.
એને આજથી આગના આપો,
સ્થિરતાથી નિશાળમાં સ્થાપો. નાનકડીને.
પુત્રી હોય પોતાને જો પ્યારી,
સારૂં શીખવીને કરો સારી. નાનકડીને.

કથ્યાં કથન સ્વદેશીને કામે,
રૂડી રીતથી દલપતરામે. નાનકડીને.

૪૪—કન્યાશાળાનું વર્ણન.

(શીખ સાસુજી દેછેરે-એ રાગ)*

અમે આજ ગયાંતાં રે, નીરખવા નિશાળે,
તે જુગતી જોતાં રે, તરત ચિંતા ટાળે.
બાળકીઓ બેઠી રે, ભલી વિધ ભણુતી છે;
કોઈ બીજ ગણિતનાં રે, ગણિત તો ગણતી છે.
કોઈ નિર્મળ નીતિ રે, વિવેક વાંચે છે;
પ્રકરણ તો જેમાં રે, પુરાં પાંચે છે.
કોઈ લેખણ લઈને રે, લખવા બેઠી છે,
કોઈ ઉંડે વિચારે રે, પુરી પેઠી છે
કોઈ ગરબી ગીતો રે, હરીગુણ ગાતી છે,
કોઈ શિક્ષક પાસે રે, સમજવા જાતી છે.
કોઈ ચતુરપણાથી રે, ચિત્ર ચીતરતી છે.
કોઈ તો ભલી ભાતે રે, ભરત શુભ ભરતી છે.
કોઈ પ્રશ્નો પૂછે રે, પરસ્પર પ્રીતેથી,
કોઈ કવિતા કરતીરે, રૂડી રસ રીતેથી.
કોઈ ખગોળ ગોળોરે, નજરે નરખે છે,
સઘળી વિધ સમજીરે, હઈડે હરખે છે
કોઈ ખગોળ શીખે રે, ખરેખરી ખાંતેથી;
કોઈ નકશો નીરખે રે, નચિંત નિરાંતેથી.
કોઈ વાતો વાંચે રે, જુગતિ બહુ જેમાં છે;
કોઈ પાઠ પઢેછે રે, તવારીખ તેમાં છે.

કોઈ કળા કુશળતા રે, શીખેછે સજ થઈને,
કોઈ પ્રયોગ બનતા રે, જુએછે ત્યાં જઈને.
કોઈ તો ગ્રામાંતર રે, કે મનથી માપેછે;
કોઈ પુરૂં ભણીને રે, પરીક્ષા આપેછે.
કોઈ ભણી ગણીને રે, બીજીને ભણાવેછે,
કોઈ વાદ કરીને રે, વિચાર જણાવેછે.
કોઈ ચચળ ચતુરા રે, કે નાજુક નાનીછે;
કોઈ તો વિદ્યાની રે, અધિક અભિમાની છે.

કોઈ સદ્‌ગુણવાળી રે, કે સમજુ સારી છે;
કોઈ પુત્ર બરાબર રે, પિતાને પ્યારી છે.
કોઈ લાયક ગુણની રે, કે લક્ષણવંતી છે;
કોઈના તન ઉપર રે, કે વસ્ત્ર વસંતી છે.
કોઈ સારા ઘરની રે, કે રંગે રૂડી છે;
કોઈના કરમાંહી રે, ચળકતી ચૂડી છે.
કોઈ દિલની ડાહી રે, ભલીજ ભણેલી છે;
કોઈ લાડકવાઈ રે, કે કોઈ અલબેલી છે.
કોઈ મીઠા બોલી રે, ઉરમાં મોટી છે;
કોઈને વળી કાને રે, અમુલ્ય અકોટી છે.
કોઈ કેળ સરખી રે, કે કોમળ વચની છે;
કોઈ તો મૃગ સરખી રે, કે નિર્મળ નયની છે.

કોઈ કેશ સમારી રે કે, વેણો ગુંથી છે;
કોઈ તો સમજેછે રે કે, શોભા હુંથી છે.
દીકરીઓ જાણું રે કે, છે સઉ દેવ તણી;
ઉપમા શી આપું રે, ઘટિત એથીજ ઘણી.
જગદેવ દયાથી રે કે, એવી દીકરીઓ;
ધન્ય છે જનનીને રે કે, ઉદરે અવતરીઓ.

જેના જશ જગતમા રે, વિવિધ વખણાયા છે.
ગુણ દલપતરામે રે, ગણી ગણી ગાયા છે.

૪૫—નિશાળે જવાની ઉત્કંઠા

(તમે હરી હૈયાના હાર છો—એ રાગ.)

આવજો આવજો આવજો રે,
આજ વહેલાં નિશાળે આવજો;
બહેની મને બોલાવજો રે,
આજ વહેલાં નિશાળે આવજો. ટેક.
જો તમને અવકાશ ન આવે રે,
તો કોઈ સાથે કહાવજો રે; આજ
પાટી ને ખડીઓ લેખણ સાથે રે,
લખવાના સામાન લાવજો રે; આજ.
કક્કો ભણાવી મને આંક ગણાવી રે,
બારાખડી શિખાવજો રે. આજ.
ભુલો પડે કદી ભણતાં ગણતા રે,
તો મને તરત બતાવજો રે; આજ.
સારી શિખામણ શીખવીને સજની રે,
બહુ હુશિઆર બનાવજો રે; આજ.
સમજાવતાં કદી જો નવ સમજુ રે,
શીળે સ્વભાવે સમજાવજો રે; આજ.
હતી ભણેલી સત જુગની સતીઓ રે,
એવી મને આબરૂ અપાવજો રે; આજ.
સારી સુધારી મારા મનની મનસા રે,
દિલના દોષ દળાવજો રે. આજ.

૪૬—વહેમનો ત્યાગ.

(જે કોઈ અંબીકાજી માતને આરાધશે રે લોલ—એ રાગ)

સુણો શિખવા વિવેક, એક વાતડીરે, લોલ,
છૂટે મૂર્ખપણું છેક, ખુલે છાતડીરે, લોલ.
ગુંથ્યા ગુણ ભરેલા ગ્રંથ, ભણો ભાવથીરે, લોલ;
પામો શ્રી સતીના પંથ, તે પ્રભાવથીરે, લોલ.
તજો વહેમભરી વાચ, વહેમીએ કહીરે, લોલ;
ભૂત પ્રેત ને પિશાચ સાચ, છે નહિરે, લોલ.
દોરા ચિઠ્ઠી મંત્ર તંત્ર, જૂઠ્ઠું જાણજોરે, લોલ,
આશા ટુચકાના તંત્રમાં, ન આણજોરે, લોલ.
દેતાં દામ કરે કામ, દેવ દેવીઓરે, લોલ;
ઠગે લોક ઠામ ઠામ, વાત એવીઓરે, લોલ.
કરી મેખ વર્ખ કુંભ, ઠગે જોશીઓરે, લોલ;
ઝાડા ઉંજણીને દંભ, ઠગે ડોશીઓરે, લોલ.
કદિક પુત્ર પુત્રી કાજ, ખત્તા ખાયછેરે, લોલ,
તજી લાજ જોગીરાજ, પાસે જાયછેરે, લોલ.
વશીકરણ તણી વાતથી, લુંટાયછેરે, લોલ.
ભોળી ભામનીની જાત, તે ઠગાયછેરે, લોલ.
ખરૂં માનીને ખચિત, ચિતે ચેતજોરે, લોલ;
ધરો ગાવા આવાં ગીત, હૈયે હેત જોરે, લોલ.
જશે ભુલ ભર્યાં ભર્મ, મર્મ જાણશોરે, લોલ;
પાળવા પવિત્ર ધર્મ, ઇચ્છા આણશોરે, લોલ.
તજો તુચ્છ જેવી ટેવ, અહમેવતારે, લોલ;
રીઝે દલપતનો દેવ, દેવ દેવતારે, લોલ.

૪૭—પતિ વશીકરણ.

(અલબેલીરે અંબે માત, જોવાને જઇએ—એ રાગ)

લલના નહિ થાય લગાર, કામણ મંત્ર કશી;
આ મંત્ર કરો ઉચ્ચાર, વશ ભરથાર થશી. ટેક.
પ્રાણ થકી પીયુજી છો પ્યારા, ન્યારા ન રહો નાથરે;
સર્વ થકી લાગોછો સારા, હું વેચાઉ તમ હાથ. કામણ.
તનમનમાં રહું સાજીતાજી, રાજી દેખુ રાજરે,
જો કદી જાણું કાંઈ કુરાજી, ડુબ્યાં દરીએ જહાજ. કામણ.
માત પિતાએ મોટી કરીને, હેતે સોંપ્યો હાથરે,
સુખ આપો કે દુઃખ આપો તમે, છો મસ્તકના નાથ કામણ
ગુણસાગર ગંભીર છો સ્વામી, હુ અવગુણ ભરી આજરે,
પોતાની ગણી પ્રેમ નિભાવો, બાંહ્ય ગ્રહ્યાની લાજ. કામણ.
સ્નેહ તમારો જોઈને સ્વામી, જામી મિલકત જેમરે,
ખુબ ખુશી થઈ ન રહી ખામી, પામી પૂરણ પ્રેમ. કામણ.
ભલું કર્યું ભગવંતે મારો, સુકૃળ કર્યો અવતારરે,
મહેર કરી મન ગમતો આપ્યો, તમ સરખો ભરથાર. કામણ.
સગા સરવ તમ સારૂ તજીઆં, તજીઓ મૈયર સંગરે,
દોસ્તી સરવની દૂર કરી હું, રાચી તમારે રંગ કામણ
આભ ઉંચો ને નીચે અવની, અવર નથી આધારરે,
આશા રાખું એક તમારી, છો સુખના દાતાર. કામણ
જો સુંદરીને રીઝે સ્વામી, તો શોભે શણગારરે,
નહિ તો તે શણગાર સરવ છે, આગતણા અંગાર. કામણ.
દુનીઆમાં નર તમને દેખું, બીજા લાખ ફકીરરે;
તુચ્છ ગણુંછું તે સઘળાને, હોય અમીર વજીર. કામણ.

જળજંતુને જળ સંગાથે, જેવી પૂરણ પ્રીતરે;
પલક પડે જો દૂર તરફડે, એજ અમારી રીત. કામણ.
પાર ન લે પ્રીતિ વરણવતાં, સ્થિર બેસી એક ઠામરે;
રાત દિવસ કવિતા રચના જો, રચશે દલપતરામ. કામણ.

૪૮—વનવાસ જતાં રામનું સીતા પ્રતિ વચન.

(મામેરૂ મોંઘા મૂલનું–એ રાગ)

રામ લક્ષ્મણ વનમાં સિધાવતાં, સતી સીતાને આવતાં સાથ,
કહે રઘુનાથ; પધારો પીયર ભણી.
નહીં તો અહીં રહો સસરાના રાજ્યમાં, હેતે હળીમળી સાસુ સંગાથ,
નહીં તો જોડી હાથ; પધારો૦
અમે વસ્તીમાં નહીં વસીએ વિનતા, અમે કરશું જઈ વનવાસ;
તમે પામો ત્રાસ, પધારો૦
સાથે રથ કે ઘોડું નહીં રાખીએ, નહીં રાખીએ દાસી કે દાસ;
કોઈ અમ પાંસ; પધારો૦
તમે કોશનો પંથ કીધો નથી, ચરણે ચાલવાથી પામો થાક;
લીંટી ખેંચો નાક, પધારો૦
અમે વનફળ ખાઈ ખુશામાં રહેશું, કાઈ દિવસે તો કેવળ શાક;
વિના લુણ પાક પધારો૦
વનમાં નથી મંદિર નથી માળીઆં, નથી પોઢવા કાજ પલંગ;
રંગિત નવરંગ; પધારો૦
કરશું ઘાસ કે પાનની ઝુંપડી, સુવા સાથરો તે ખુંચે અંગ,
એમા શો ઉમંગ, પધારો૦
વનમા હીરનાં ચીર તો નહીં મળે, વનમાં નહીં મળે ફરતા ફુલેલ,
કે તેલ ધૂપેલ, પધારો૦

વનમાં નહીં મળે શાણી સાહેલીઓ, કરશો કે સંગે ખાંતથી ખેલ:
ઉમંગ ભરેલ; પધારો૦
ઉષ્ણકાળે વાશે ઉના વાયરા, એવું દેખીને થાશો ઉદાસ,
જ્યારે જેઠ માસ; પધારો૦
વરસે મેઘ ને ઝબકશે વીજળી, તેત્ર ટાણે તો તરૂ તળે વાસ;
નહીં છત્ર પાસ, પધારો૦
વનમાં ઘાતકી રહેછે રાક્ષસ ઘણા, ચારે તરફ ફરે બહુ ઘોર;
જેનું ઘણું જોર; પધારો૦
વનમાં વાઘ વરૂને વાંદર જેવાં, ઘણા વિચરે જનાવર ઘોર.
બચે નહીં ઢોર; પધારો૦
મોટા પર્વત દેખીને માનની તમે નજરે જોયા નહિ જાય;
દીઠે ખાવા ધાય; પધારો૦
તમે રાજકન્યા કાયા કોમળી, વનવાસનાં દુઃખ ન વેઠાય;
કાયા કરમાય, પધારો૦
ઘરમાં અંધારૂ દેખી ડરો ઘણા, નથી નીસર્યા કદી ઘરબાર;
છો નાજુક નાર; પધારો૦
તમે છોટી ઉમર વર્ષ સોળના, નથી સંકટ વેઠયા લગાર;
તમે કોઈ વાર; પધારો૦
પરણી આવીને પીયર ગયાં નથી, તમને મળવાને ઝરછેછે માય,
ચોગે ચિત ચાય; પધારો૦
રાજા જનકજી તમને ઝખે ઘણું, તેના સંદેશા આવે સદાય,
તેડાં પાછાં જાય; પધારો૦
ભાત ભાતનાં ભોજન ભાવતાં, તમને મોકલશે મહીપાળ;
પુરાવીને થાળ; પધારો૦
અમે અવત્રે ફરી જ્યારે આવશું, લેશું સ્નેહે તમારી સભાળ;
ત્યારે તતકાળ; પધારો૦

રૂડી મિથિલાપુરી મનમાનતી, તેમાં પામશો પરમ વિરામ;
છે બાપનું ગામ; પધારો૦
ગોરી તમને ગમે તેમ હું કરૂ, એમ દલપતરામનો શ્યામ;
કહે રાજા રામ; પધારો૦

૪૯—વનવાસમાં સાથે લેવા માટે સીતાની પ્રાર્થના.

રાગ ઉપર મુજબ.

એવું સાંભળી સીતાજી કહે, સુણો સુંદર શ્યામ સુજાણ;
પ્યારા મારા પ્રાણ, સાથે રાખો સ્નેહથી.
જુદાં પડવાની વાત વાલા કહો, તે તો બોલ લાગે તીખા બાણ;
રઘુકુળભાણ; સાથે૦
સ્વામી જ્યાં તમે ત્યાં ઘર માહરૂ, તમથી વેગળી તે પરદેશ;
હું જાણું હમેશ; સાથે૦
તમે જોગીનો વેશ જો ધારશો, તો હું જોગણનો ધરૂ વેશ;
જટા કરૂં કેશ; સાથે૦
સ્વામી તમેરે સુખી તો સુખ માહરે, તમે દુખમાં તો દુઃખ મારે દેહ;
એમાં શો સદેહ; સાથે૦
જે કોઈ પરણ્યા પછી રહે પીયરમાં, અવતાર બળ્યો ધિક એહ;
મુઆ જેવી તેહ; સાથે૦
સ્વામી તમ વિના મંદિરને માળીઆં, ભાસે પર્વત મોટા સમાન,
વસ્તી તો વેરાન; સાથે૦
મહાવનમાં ભરી વસ્તી ભાસશે, જ્યારે પામીશ દરશન દાન;
કૃપાના નિદાન; સાથે૦
સાસુ સસરો ને માત પિતા સઉ, ભલે જીવો કરો રૂડાં રાજ;
મને મહારાજ, સાથે૦

સ્વામી શું કરૂં ભાઈ ભોજાઈને, સ્વામી શું કરૂં મેયર સમાજ;
કેનું નથી કાજ; સાથે૦
સાચું સગપણ જગમાં સ્વામી તણું, બીજો સ્વારથી સઘળો સંસાર;
કુટુંબપરિવાર; સાથે૦
મારાં લાડ પાળણ તમે લાલજી, બીજો નથી આંસુનો લેનાર;
કે એક આધાર; સાથે૦
કાયા પ્રાણ થકી જો જુદી રહે, તો હું તમથી જુદી પડી છેક;
જીવું તજી ટેક; સાથે૦
જો કોઈ જળથી જુદી પાડી માછલી, રાખે દૂધમાં કરીને વિવેક;
જીવે પળ એક; સાથે૦
તમે સુખના સાગર રહો વેગળા, પછી શું કરું રાજને પાટ;
હવેલીના ઠાઠ; સાથે૦
મને હીરનાં ચીર ગમે નહીં, મને ન ગમે ઘરેણાના ઘાટ.
ગટાકો ચાર; સાથે૦
હું તો તમને દીઠે થાઉં દેખતી, અણદીઠે તો આંધળી ભીંત;
જનમની એ રીત; સાથે૦
મેં તો સ્નેહ તોડયો સર્વે લોકથી, બાંધી તમ સંગે પુરણ પ્રીત;
ચોરાયું છે ચિત્ત, સાથે૦
જમવું જીવન તમથી જુદાં પડી, હોય વિધવિધના પકવાન;
તે વિખનાં નિશાન. સાથે૦
કરીએ ભોજન તમ સંગે ભાવથી, હોય કેવળ શાક કે પાન;
તે મેવા સમાન; સાથે૦
પડશે તડકા ને તાપ વૈશાખના, તે તો જાણીશ ચંદ્ર પ્રકાશ;
રહી તમ પાસ; સાથે૦
મુજને મેલી જો પંથે પધારશો, આવી મળવાની ધરશો ન આશ;
નિશ્ચે પાશું નાશ; સાથે૦

કરતી વાત ઢળી પડી ધરણીએ, નારી જાનકી થઈને નીરાશ;
કહે લેતી શ્વાસ; સાથે૦
દયા કરી દેવ દલપતરામને, સતી સીતાને દેખી ઉદાસ;
જતાં વનવાસ; સાથે રાખ્યાં સ્નેહથી.

૫૦—સંસારમાં સુખની માગણી.

(મા પાવા તે ગઢથી ઉતર્યાં મા કાળીરે—એ રાગ.)

સંસાર વિષે બહુ સુખ, ઇશ્વિર આપોને,
દિલડાનાં ટાળો દુઃખ, કુમતિ કાપોને
સઊ સંબંધીમાં સંપ, ઇશ્વિર આપોને;
વળી જીવમાં આપી જંપ, કુમતિ કાપોને.
ભણવા ગણવાનું ભાન, ઇશ્વિર આપોને;
ગુણવંતુ આપી જ્ઞાન, કુમતિ કાપોને.
કોડીલો રૂડો કંથ, ઇશ્વિર આપોને;
વળી પવિત્ર આપી પંથ, કુમતિ કાપોને.
ખરડો સસરો ઘરમાંહીં, ઇશ્વિર આપોને;
કંકાસ ન ઉપજે કાંહીં, કુમતિ કાપોને.
સાસુ ગંગાજળ શુદ્ધ, ઇશ્વિર આપોને;
વિચરૂં નહીં વચન વિરૂદ્ધ, કુમતિ કાપોને.
જશવંતો રૂડો જેઠ, ઇશ્વિર આપોને;
ઠરવા મઝીઆરો ઠેઠ, કુમતિ કાપોને.
જેઠાણી કેરી જોડ, ઇશ્વિર આપોને;
કરવાને પુરા કોડ, કુમતિ કાપોને.
દીયર દીલનો દરિઆવ, ઇશ્વિર આપોને;
દેરાણી રાણી રાવ, કુમતિ કાપોને.

નાની નણુદી નણુદોઈ, ઈશ્વર આપોને;
જીવમાં હું હરખું જોઈ, કુમતિ કાપોને.
પ્યારી પુત્રીને પુત્ર, ઈશ્વર આપોને;
સારૂ ચાલે ઘરસૂત્ર, કુમતિ કાપોને.
વળી વેવાઈ ને વેવાણુ, ઈશ્વર આપોને;
સદ્‌ગુણવાળાં સુજાણુ, કુમતિ કાપોને.
સર્જન ને શુદ્ધ જમાઈ, ઈશ્વર આપોને;
દઈ કંથને ઘણી કમાઈ, કુમતિ કાપોને.
ઘાટડીઆળી ઘેર વહુ, ઈશ્વર આપોને;
દઈ બાળક બીજાં બહુ, કુમતિ કાપોને.
અધિકો નિત્યે ઉદ્યોગ, ઈશ્વર આપોને.
રૂદાઆના ટાળી રોગ, કુમતિ કાપોને.
સારી સાહેલી સંગ, ઈશ્વર આપોને;
આપી અધિકો ઉમંગ, કુમતિ કાપોને.
વળી નિર્ભય નગર નિવાસ, ઈશ્વર આપોને;
આંગણીએ દઈ ઉજાસ, કુમતિ કાપોને.
દિવાળી, જેવા દિન, ઈશ્વર આપોને;
દઈ ઉચ્છવ નિત્ય નવીન, કુમતિ કાપોને.
હૈડામાં હર્ષ હંમેશ, ઈશ્વર આપોને;
વધતો તે થાય વિશેષ, કુમતિ કાપોને.
પ્રભુ ભક્તિમાં પણ ભાગ, ઈશ્વર આપોને;
કદી બને ન જૂઠ બનાવ, કુમતિ કાપોને.
પરીપુરણ તમારો પ્યાર, ઈશ્વર આપોને;
આપી અમને આધાર, કુમતિ કાપોને.
લોકોમાં રૂડી લાજ, ઈશ્વર આપોને;
વળી આપી અખૂટ અનાજ, કુમતિ કાપોને.

વળી સુધર્મમાં વિશ્વાસ, ઈશ્વર આપોને;
કાપી સઘળો કંકાસ, કુમતિ કાપોને.
અંતરથી માગે આમ, ઈશ્વર આપોને;
દીનતાથી દલપતરામ, કુમતિ કાપોને.

૫૧—ગુણીયલ ગજરો.

(મોહનજીએ મોકલ્યું રે મોસાળું—એ રાગ)

માલણ ગુંથી લાવ ગુણીયલ ગજરો,
તારા ગજરાનો માનીશું મજરો. માલણ૦

તારા ગજરાનું આપીશું મૂલ,
માંહી ગુથજે ગુલાબનું ફૂલ;
જે તું કહીશ તે કરશું કબુલ. માલણ૦

જેવી તારી હોય ચતુરાઈ,
તેવી કરજે તેની સરસાઈ,
કાંઈ બાકી ન રાખીશ બાઈ. માલણ૦

એવી કરજે કારીગરી એમા,
જુગ્તિ હોય જોવા જેવી જેમાં;
મોહ પામે મુનિવર તેમાં. માલણ૦

વર લાડકાને રે કાજે,
એવો ગુંથજે ગજરો તું આજે;
જેવો છત્રપતિને છાજે. માલણ૦

એમાં જુગ્તિ જોવાજોગ જાણી;
જુએ અંગમાં ઉમંગ આણી,
રીઝે રાજા અને વળી રાણી. માલણ૦

તને આપીશ હીરાના હાર,
વળી સોળ સારા શણગાર;
ઉપર હેમની મ્હોર હજાર. માલણ૦
કવિતાની કિંમત ઉર આણે,
એજ ગજરાનું મૂલ પ્રમાણે;
દાખે દલપત બીજા શું જાણે. માલણ૦

નવલરામ.

પર—સ્ત્રી મહિમા.

(મ્હોલે પધારો મારા રાજ માણીગર મ્હોલે પધારોઃ–એ રાગ)

સંસારનું નૂર છે નાર.
સજન સંસારનુ નૂર છે;
સ્ત્રી સુધરે સકળ સુખસાર, સજન૦ ટેક.
ધૂળધાણી બધુ નિર્ધાર.
એ વણ ધૂળધાણી બધું છે.

(સાખી) સુંદર સ્ત્રીનું મુખડું, સુંદર સ્ત્રીનું તન,
સુંદર સ્ત્રીના બોલડા, સુંદર સ્ત્રીનું મન ! સજન૦
સુંદર સેવા સ્ત્રી કરે, સુંદર ધરેજ સ્નેહ.
સુંદરતા સંસારમાં ભરનારી નારીજ છેય ! સજન૦
આપે જન્મજ જગતને, પાળે પૂરણ પ્રીત !
એનાજ નામ આધારથી, કહાવે ઇશ્વરી અંબા ખચિત ! સજન૦
મીઠું બોલી મન હરે, ટાળે તનપરિતાપ.
આફતમાં ધીરજ ધરી, ધીર આપે એ નરનેજ આપ. સજન૦

ઘરૂણી ઘરનો સ્થંભ છે, ઘરનું ઘરૂણીજ માન;
ઘરૂણી ઘરનુ ઘરેણું છે, ઘર ઘરૂણી વિનાનું સ્મશાન. સજન૦

ઘડપણમાં ઘરૂણી સખી, સેવા કોથી ન હોય,
સ્વર્ગે પણ સંગે ગઈ, તે તો નારીજ ! નર નહિ કોય ! સજન૦

ધન ધન નારી નામને ! પ્રેમી પરમ અપાર !
પાળે પ્રેમે સર્વને, એ તો આદ્ય શક્તિ અવતાર; સજન૦

નિંદા એની જે કરે, તે પાપી ગુણચોર !
દુર્ગુણને દરીએ ડુબી, તોએ દિલડે દયાનુંજ જોર. સજન૦

ગોરી ફૂલ ગુલાબનુ, સૂકે કે કરમાય,
કે કોહે વણકાળજી, તોએ જાતિ–સુગંધિ ન જાય. સજન૦

શાસ્ત્રી, પુરાણી, પંડિતો, શાણા સજ્જન સર્વ !
સાચેસાચું હું કહું, તમે માનો મૂકી મન ગર્વ. સજન૦

દીસે દુર્ગુણી આજ બહુ, નથી એની કાંઈ નાજ;
પણ એ દુર્ગુણી મુર્ખ કે, જે છે તે તમારાંજ કાજ. સજન૦

આદે દમયતી, સીતા, દ્રોપદી આદિ અપાર;
થઇ ગઈ બહુ ગુણવંતીઓ, તે હતી નારીજ નિર્ધાર. સજન૦

ધર્મ કર્મ ન કેળવો. નાપો કઇ પણ જ્ઞાન,
રાખો જો હેવાન તો, ક્યમ હોય ન એ હેવાન ! સજન૦

હા ! અબળાઓ હાયરે ! હાલ છેજ હેવાન !
ખાવુ પીવું ખેલવું, એ ત્રણનુજ જેને ભાન. સજન૦

જ્યાં હેવાનજ હારનો. સઘળો સુંદરીસાથ;
ત્યાં જીવ્યાથી તો ભલુ ખરે, મરણ **નવલ**ના ઓ નાથ ! સજન૦

મણિલાલ.

૫૩—વશીકરણ.

(ઓધવજી સંદેશો કહેજો શ્યામને—એ રાગ.)

જાણો તો વશકરણી વિદ્યા જાણજો,
અબલા, સેંજે સબલ થશો સંસાર જો,
મંતર જંતર તંતર જૂઠાં ભામણાં,
જીભે મીઠાં મન મીઠાં સુખસાર જો—જાણો૦
જાપ અજપ પ્રીતિ નામ જપો મનથી તમે,
વ્રત પતિસેવા તનમનથી સચવાય જો,
દીક્ષા લો રતિપતિની સાચી નિર્મળી,
માગો વર પરસુખમાં ભેદ ન થાય જો—જાણો૦
પ્રેમ તણો રસ ઝીલ્યો સીતારામ શું,
એ રસ પીધો ગોપી શ્યામશરીર જો,
સાવિત્રી મીરાં સર્વે એમાં ગળ્યાં,
દ્રૌપદી તારા મંદોદરી સતી શિર જો—જાણો૦
દોરી પ્રેમતણી જગજીવન જાણજો,
એણે બાંધ્યાં નવ છોડયાં છોડાય જો,
રૂપ રંગ રસ સાંધ્યાં ઉખડે સેંજમાં,
અંગ પડે પણ પ્રેમ નહિ પલટાય જો—જાણો૦
પ્રેમ થકી જગ ભાસે સઘળું એકમાં,
એક રસે દૃઢ ભક્તિ ભજે ગુણવાન જો,
મૂરખ પ્રેમમણિનું તેજ ન ઓળખે,
અથડાઈ મરતાં પણ ન લહે સાન જો—જાણો૦

વશ તેને પ્રભુ જે રસ જાણે પ્રેમનો,
વૃક્ષ જંતુ જલ જનનો તે શો ભાર જો,
વિષ અમૃત ઝટ અગ્નિ શીતલ ઉકળે,
એવાંને મુજ વંદન વારંવાર જો—જાણો૦

કેશવલાલ.

૫૪—સ્ત્રી અવતારની સાફલ્યતા.

હરિગીત.

આળસ અને નહિ ઉંઘ જેને નિત્ય વહેલું જાગતી,
નિર્મળ થઈ ગુરુજન અને પતિને પગે પણ લાગતી;
સન્માનથી સહુને જમાડી જે પછી જમનાર છે,
તે નારીનો સંસારમાં સુખરૂપ આ અવતાર છે.
મન વચન કર્મવડે કરે સેવા સદા નિજનાથની,
વિદ્યા વિવેક વિચારથી સંભાળ લેતાં સાથની;
જેને સદા સંતોષકારક એક નિજ ઘરબાર છે,
તે નારીનો સંસારમાં સુખરૂપ આ અવતાર છે.
આજ્ઞા ન લોપે નાથની કોપે નહીં જે કોઈને,
ચાલે સદાચરણે સુખે જે સૂક્ષ્મ નજરે જોઈને;
વાંધા વગોણાં વાદને જે જન્મથી તજનાર છે,
તે નારીનો સંસારમાં સુખરૂપ આ અવતાર છે.
ઢંકાય સાત્ર શરીરને સચવાય મંગલ અંગનું,
સમજે પ્રયોજન એટલું શણગારના શુભ સંગનું;

પતિપદવિના જેને સદા સંસાર સાવ અસાર છે,
તે નારીનો સંસારમાં સુખરૂપ આ અવતાર છે.
સદ્ગુણવડે સુખ પામતી જે પ્રૌઢતા પ્યારી કરે,
આદરવડે ગુરૂજનવિષે સેવા વળી સારી કરે;
અપરાધ અન્યજનોતણા જે ગુણવિષે ગણનાર છે,
તે નારીનો સંસારમાં સુખરૂપ આ અવતાર છે.
અપરાધ થાતાં કાંઈ કર જોડી નમી ઉભી રહે,
સુખ દુઃખ પડતાં પિંડપર સામે પગે સઘળાં સહે;
શુભવચનરચના વિનયથી વાણીવડે વદનાર છે,
તે નારીનો સંસારમાં સુખરૂપ આ અવતાર છે.

છેદે ન મર્મસ્થાન કડવાં વેણ કાઢી કોકનાં
કારણ બધાં કોરે કરે સંતાપના ને શોકનાં;
ઇશ્વરવિષે જેને સદા અંતરથકી આધાર છે,
તે નારીનો સંસારમાં સુખરૂપ આ અવતાર છે.
સંતોષ પામે સર્વ જેને જોઈને સત્સંગમાં,
રાચે નહિ રતિમાત્ર પણ સંસારના જે રંગમાં;
બહુ દુઃખમાં પણ દીનઉપર જે દયા કરનાર છે,
તે નારીનો સંસારમાં સુખરૂપ આ અવતાર છે.

પીડાય તન તો ત્યાં સદા નિજ નાથનું મુખ નામ છે,
જેને સદા નિજ નાથને સુખ આપવાનું કામ છે;
જેનો સદા અનુકૂલ અલ્પ વિહાર ને આહાર છે,
તે નારીનો સંસારમાં સુખરૂપ આ અવતાર છે.
ઉચી ન આંખ કરે કદી બોલે ન બરડીને બહુ,
હસતું રહે નિજ હોઠમાં સૌભાગ્યવંતી જે વહુ;
સંબંધમાં સર્વે પ્રકારે સંપ સાચવનાર છે,
તે નારીનો સંસારમાં સુખરૂપ આ અવતાર છે.

નહિ જાય કોઈ સમાજ કે ઉત્સવવિષે પણ એકલી,
સર્વ પ્રકારે દીનતા જેને ભવે ભાસી ભલી;
દેખી અરે અવગુણ અવરના ખેદ જે કરનાર છે,
તે નારીનો સંસારમાં સુખરૂપ આ અવતાર છે.
પતિનો વધારે પ્રેમ પુત્ર પવિત્ર જે પામેલ છે,
ઘર ધાન્ય ધન જન યૌવને જે જગતમાં જામેલ છે;
દુર્જનતણાં દર્શનવડે જે હૃદયથી ડરનાર છે,
તે નારીનો સંસારમાં સુખરૂપ આ અવતાર છે.
કુલ-જાતિના વર્ણાશ્રમોનાં ધર્મ-કર્મ કર્યા કરે,
ગુરૂજન અને પતિની અનુજ્ઞા પાળતાં પગલું ભરે;
સંસારની શુભ રીતભાત સમગ્ર જે ભણનાર છે,
તે નારીનો સંસારમાં સુખરૂપ આ અવતાર છે.
સંપત્તિમાં કોમલ રહી સુખરૂપ સંપ વધારતી,
મદ મોહ કામ ક્રોધને મનમાંહીથી જે મારતી;
જૂઠી ચપલતા ચતુરતા જે જન્મથી તજનાર છે,
તે નારીનો સંસારમાં સુખરૂપ આ અવતાર છે.
સદ્બોધ આપી બાલકોને પ્રેમ પૂરે પાળતી,
પ્રારબ્ધથી જે સાંપડ્યું તેમાંજ મનને વાળતી;
સુખ-દુઃખના દિવસોવિષે જે ધૈર્ય બહુ ધરનાર છે,
તે નારીનો સંસારમાં સુખરૂપ આ અવતાર છે.
ટાણે કટાણે ક્યાંહી સાથવિના કદી જાતી નથી,
નાચી નદીના તીરપર વસ્ત્રોવિના નહાતી નથી;
ન જણાય અંગ જરાય એવો વેશ જે ધરનાર છે,
તે નારીનો સંસારમાં સુખરૂપ આ અવતાર છે.
વિદ્યા વિનોદ વિચાર શુભ ગુણ રૂપ યૌવન અંગના,
નિજ નાથસારૂ સર્વ અંતરમાં ગણે જે અંગના;

સાધન સજે સુખનાં અને શુભ સંપ જે કરનાર છે,
તે નારીનો સંસારમાં સુખરૂપ આ અવતાર છે.
સખીઓતણા જે સાથમાં નવરી થઈ નાચે નહીં,
સંપત્તિના સુખભોગમાં મનમાં જરા રાચે નહીં;
વ્રત-નિયમ પાળી નાથને જે સર્વ સુખ દેનાર છે,
તે નારીનો સંસારમાં સુખરૂપ આ અવતાર છે.
સત્તાપ્રમાણે ખરચ રાખે જે છકી ન જતાં બહુ,
ભૂલે નહીં જે ભાન નિજ કુલ જાતિ સદ્‌ગુણનું સહુ;
નિજ દોષને જાણી જઈને તરત જે તજનાર છે,
તે નારીનો. સંસારમાં સુખરૂપ આ અવતાર છે.
દેખી અવરનાં દુઃખને જે હૃદયમાં દુખાય છે,
સુખમાં નિહાળી સર્વને જે અધિક રાજી થાય છે;
સંબંધીઓના દોષને ગુણરૂપ જે ગાનાર છે,
તે નારીનો સંસારમાં સુખરૂપ આ અવતાર છે.
બહુ બાલકોને બોધ સદ્‌ગુણ આવવા આપ્યા કરે,
અજ્ઞાનની જડ ગાંઠને જે જન્મથી કાપ્યા કરે;
પીડાવિના પતિપુત્રપહેલાં પ્રાણ પરહરનાર છે,
તે નારીનો સંસારમાં સુખરૂપ આ અવતાર છે.

૫૫—પતિના હિત માટે ઈશ્વરપ્રાર્થના.

(વા'લા રે મારા પ્રાણથકી પ્યારા—એ રાગ.)

કુશલ મારા કંથતણું કરજો, અંતરયામી અરજ ઉરે ધરજો,
દીનાનાથ દુઃખ બધાં હરજો; કુશલ૦
નથી જપ તપ મેં કશું કીધું, નથી દાન દાનને કંઈ દીધું,
નથી હરિનામ મુખે લીધું; કુશલ૦

નથી ભાવ ભક્તિ હરિચરણે, ચાલી નથી ચોંપે સદાચરણે,
હવે હું છું આપતણે શરણે; કુશલ૦
કરી નથી પૂજનમાં પ્રીતિ, જાણું નહિ નીતિ તણી રીતિ,
ગયુ વય એમજ આ વીતી; કુશલ૦
પ્રભુ આપનાજ પ્રતાપથકી, સદા સુખ પામે સહુ એ નકી,
વિશ્વંભર એવી મને છે વકી; કુશલ૦
નહિ કોઈ જાણે તમારી ગતિ, મારી કોણમાત્ર કહોને મતિ,
તમે ત્રિગુણાત્મક વિશ્વપતિ; કુશલ૦
ભૂધર ભવસાગર આ ભારે, આશા એક આપની છે મારે,
રહી આપને એક આધારે; કુશલ૦
કઠણ કાલકેરી ગતિ કે'છે, ધીરજ સર્વ જનની હરી લેછે,
શંકા કરવા અવસર એ દેછે; કુશલ૦

બી. એમ. મલબારી.

૫૬—સુઘડ-ફુવડનો ઘરસંસાર.

(લાવણી)

જેને ચતુર સુઘડ મળી નાર, સફળ જીંદગાની,
મળી અપટ ફુવડ, અવતાર કરે ધૂળધાણી. (ટેક)
ચતુર ચેતે પલકારે, સમયસૂચક તે,
ઉપાડે અબોલ્યા બોલ, વખત બેવખતે;
પતિ મન ધારેલું સહજ પારખે હસતી,
ગમે એવી દૂર પણ હૃદય પાસ રહે વસતી;

ઘર કાજ કરે નિજ હાથ, તથાપિ નવરી,
મીઠી વાત કરે સહુ સાથ, ન લેશે લવરી;
ચપળા સમ ચતુરી ગતિ, વિમળ કહું કેવી ?
ધનભાગ્ય પુરુષ તને ચતુર મળી એ દેવી !

(ઝુલણ)

સુખી ઘર ને સુખી સંસાર, જેને ચતુર સુઘડ મળી નાર;
સુખ શોભાનો નહિ પાર, દેખી ઇંદ્ર બળે આ વાર.
એ જીંદગી રોજની રોજ એને ઉજાણી,—મળી અપટ૰
ઉઠે સહુથી પહેલી રમા, અપ્સરા જેવી,
ગાતી ગાતી ઘર સ્વચ્છ, કરે જો કેવી ?
કરી સ્વચ્છ શરીર સદાય, સાજ શુભ સજતી,
ગીત ગાતી, વાતો કરતી બાળને ગમતી.
ઘણું કરી થોડું દેખાડે, એવી એ શાણી,
સમજી સંભાળે ખરચે પતિની કમાણી.

(ઝુલણ)

સાદી કેવી સુંદરી ? મુખ કર નિર્મળ કરી,
ફરે સદા સદન સુખ ભરી, સુખવૃષ્ટિ જાણે ઝરમરી.
હવે બાકી શી તને મઝા, પતિ, દુનીઆની ?—મળી અપટ૰
જો અપટ ફુવડના ઢંગ—કેવું એ ખુધું ?
બોલ્યું સમજે નહિ, સમજે ત્યારે ઉંધુ;
જે કરે બગાડે, બબડે ભાગ્યને હીણતી,
ગણી ગણી ભૂલેરે, ભૂલે ગણતી ગણતી:
ધુંધવતો ઝેરી સ્વભાવ, જરીમાં સળગે,
ઉછળી વાઘણ સમ વરને ટોટે વળગે;
કરીને આપજ અપરાધ નડે બીજાંને,
પકડાય છતે નિજ વાંક ન મુખથી માને.

(ઝુલ.)

ઘર દારુણ છે ઘોરથી, સંસાર વિષે શી સ્થિતિ?
દુઃખ દુસ્તર એથી નહિં, જ્યાં અપટ ઘર કરી રહી.
જ્યાં અપટ ફુવડનું રાજ્ય, લાજ ત્યાં શાની?—મળી અપટ૦
શુભ દિવસે સુંદર વસ્ત્ર શરીરપર નાંખે,
કાળાં ધોળા વર્ણો લાલ, મણા નહિ રાખે;
કરે સ્નાન કળશીએ એકે, જુઓ આ કુટડી,
દાતણ માટે તેમાંથી રાખી જળ ઘુંટડી;
મંદિર શેરીએ ફરે, તજી ઘર સ્વામી,
કોમળ બાળક સંભાળ નકામી માની.
ઘર રાખુ એની એ ખરી, મુઠ્ઠીનું રાંધે,
પૈસામાંથી પણ પાઈ ગિરોએ બાંધે.

(ઝુલ)

તું લાંબ લેખાં લખે, તે પૈ પૈ દેખી ભખે;
તું કાવ્ય કથારસ શીખે, તે ઉભી લટીઆં પીંખે!
આ દશ, ન કોને દઇશ એની દિવાની,—મળી અપટ૦

(સંસારિકા)

મધુવચ્છરામ.

૫૭—હાલરડું.

પોઢો પોઢોરે મમ લાડીલા અહીં પારણે,
રૂડા રાજોછે તું મુજ હૈડાનો હાર:
મારા કાળજડાની કોર અતિશય કારમી,
કીકી લોચનની છે, નથી મૂલનો પાર. પોઢો.

વા'લા વહેલો વહેલો ચંદ્રકળા સમ ખીલજે,
કાલા કાલા ને સારા ઉચ્ચરજે બોલ;
રમજે સારી સારી રમત ગમત નિર્દોષ તું,
બાળક મંડળમાં તું શોભે શ્રેષ્ઠ અતોલ. પોઢો.
ભણજે ભણતર તું ભલી ભાતે ઉંચી પંક્તિનું,
ખીલજે કમળ સુગંધી કોમળ મન સંપૂર્ણ;
બુદ્ધિ સુરજ ઉદયથી વહેમ ને અજ્ઞાનનું,
ગાઢું અંધારૂં તે સત્વર થાજો ચૂર્ણ. પોઢો.
થઈને મોટો નિત્ય વિદ્યાને તું દિપાવજે,
દીપો આચારો વિચારો સરવે શ્રેષ્ઠ;
વાધો વિખ્યાતિ તુજ વિશ્વ વિષે વિશેષરે,
તજજે માઠી સંગતનો પડછાયો નેષ્ઠ. પોઢો.
થાજે ક્ષમાવંતમાં પરમ પવિત્ર વસિષ્ઠ તું,
વિદ્યા જ્ઞાન વિષે તું હોજે બીજો વ્યાસ;
પરદુખભંજનમાંહી મોટો વિક્રમ રાયરે,
હોજો નિશ્ચળતામાં નિશ્ચય ધ્રુવ પ્રકાશ. પોઢો.
પાછી પાની નહિ કંઈ કાર્ય વિષે કરશો કદી,
રૂડાં પરાક્રમે તું અર્જુન સમ સુહાય.
કીર્તિ વચનપાલને હરિશ્ચંદ્રની પામજે,
દાને વખણાજે તું કર્ણ અને બળિરાય. પોઢો.
હોજે ભીષ્મ પિતામહ, નિજહિતનો દઈ ભોગરે,
કરવા અવર જનોનાં પુરણ મન પ્રસન્ન;
સ્વામી સેવામાં હનુમંત અવર થઈ શોભજે,
સાચા સત્યવાદીમાં યુધિષ્ઠિર રાજન. પોઢો.
સહુ સંસાર તણા વ્યવહારે જનક થઈ રહો,
સાધુ સેવામાંહી રાજો રાય શિયાળ;

હોજો અંબરીષ પ્રહ્લાદ પ્રભુ ભક્તિ વિષે,
શોભો નિજ કર્તવ્યે શ્રીમદ્ દશરથલાલ. પોઢો.
શોધો સંધાંઓ તારા સંગત ને બોધને,
થાઓ સદ્ કીર્તિનો દિન દિન અધિક પ્રકાશ;
જનમ ધર્યો મુજ કુખે તેને તું શોભાવજે,
મોટી મોટી મનમાં મુજને છે તુજ આશ. પોઢો.
પામો રિદ્ધિ સિદ્ધિ સુખ સંપત્ત આરોગ્યતા,
દેજો દીર્ઘ આયુ માર્કંડ રૂષીનું ઈશ;
પામી અચળ પરમપદ નિજ કુળને તું તારજે,
છે હું જનુનીની આ અંતરની આશીષ. પોઢો.

હૃદયવિનોદ.

નરસિંહરાવ.

૫૮—ફૂલની સાથે રમત.

(શીખ સાસુજી દેછેરે કે વહુજી રહો ઢંગેઃ—એ રાગ.)

આવો ફૂલડાં મધુરાં રે આપણ રંગે રમીએ,
દિન એક આનંદે રે ભેળાં રહી નિર્ગમીએ.
મને મુખડું તમારૂં રે સલુણું લાગે વા'લું,
એમાં નિર્મળ પ્રીતિ રે વસી હસતી કાલું.
તમમાનું હું પણ રે કુસુમ એક કોમળીઉં,
રહી મનુજસમૂહે રે વદન કરમાઈ ગયું.
નહીં તનમાં કુટિલતા રે, નહિં વળી ક્રૂરપણું,
નહીં વચન કપટનાં રે, હૃદય પ્રેમાળ ઘણું.

કદી હાસ કરંતાં રે તો નિશ્ચે આનંદભર્યાં,
કરમાઈ કદી સૂતાં રે તો સત્યે દુઃખેજ ગળ્યાં.
જેવું અંતર થાયે રે તેવું તમ મુખડું દીસે,
જેવું મુખ દેખાયે રે તેવું તમ હૃદય વિષે.
ત્યારે આવો મધુરાં રે આપણુ રંગે રમીએ,
દિન એક તો સુખમાં રે સાથે વસી નિર્ગમીએ.

૫૯—કોયલ.

(કામણુ દીસે છે અલબેલા તારી આંખમાં રેઃ—એ રાગ.)

બે'ની, સાંભળ પેલી કોયલડી તરૂવૃંદમાંરે,
ગાતી છંદમાં રે, બે'ની૦

શાંત રજનીમાં ચમકી ચાંદની, જેને આછી પથરાઈ વાદળી,
આવે ટહુકો અનિલલહેર, કંઈ મંદમાંરે, ગાતી૦ બે'ની૦

બે'ની ! એ તુજને બોલાવે, મીઠી મીઠીને મન ભાવે,
દેની ટહુકો પાછો કોમળ કંઠમાં રે, ગાતી૦ બે'ની૦

કુહૂ કુહૂ કરી જો ફરી આવ્યો, મીઠો રવ અમીરસ જો લાવ્યો,
કોયલડી રહિ છુપી ઝાડના ઝુંડમાં રે, ગાતી૦ બે'ની૦

ચાલો પ્રિય ! સુણીએ એ મીઠી, મેં મધુરી ગાનનદી દીઠી,
ચળકંતી ચાલે જો પેલા ચંદમાં રે, ગાતી૦ બે'ની૦

દોલતરામ.

૬૦–માતા વિષે.

કોનું હેત વધારે, માત વિણ, કોનું હેત વધારે રે,
અવર પ્રીત ક્ષણિક સ્વારથથી, ભલે જણાએ ભારે રે. કોનું હેત૦ ટેક.
નવ મહિના નિજ ઉદર ધરંતાં, સતત હૃદયે રાખે રે,
જાગૃત સ્વપ્ન સુષુપ્તિ વિષે પણ, દેખે કશું ન સુત પાખે રે. કોનું હેત૦
'ભાઈ,' 'અલ્યા,' 'બેટા' કે 'છૈયા' કહેતાં મુખડું ભરાએ રે,
પુત્રવતી ઘર–સૂત્રવતી બની, સ્વર્ગનું સુખ નહિ ચાહે રે. કોનું હેત૦
રૂદન સુણતાં હૃદય વિંધાતું, હર્ષિત કરવા વહાય રે,
શયન સમયે મધુર સ્વરથી, હાલેરાં હદ ગાય રે. કોનું હેત૦
તૈલાભ્યંગથી સ્નાન કરાવી, ચંદન ચર્ચે કાય રે,
ઓળી કેશ શિશુ બેશ બનાવી, જોતાં જરા ન ધરાય રે. કોનું હેત૦

કોણ અવર હિતકારી, માત વિણ, કોણ અવર હિતકારી રે,
ગરજુ નહિ પણ પરગજુ થઈને, નિરંતર સુખકારી રે.
કોણ અવર. ટેક.
દેહ પરાધીન તેને શીખવ્યું, ખાવું, બેસવું, ખસવું રે,
ફરવું, દોડવુ, કૂદવું, ચડવું, સ્ફુટ ને શુદ્ધ ઉચ્ચરવું રે. કોણ૦
કાકા મામા પુત્ર પિતાદિ, ભેદો સકળ બતલાવ્યા રે,
રવિ શશિ ગિરિનદ ત્રણ ભુવનના, સાર ટુંકા સમજાવ્યા રે. કોણ૦
કક્કે ખખ્ખે એકડે બગડે, જ્ઞાનના પાયા ચણાવ્યા રે,
મહેતાજી શું શીખવશે જ્યાં, માતાએ પાઠ ભણાવ્યા રે. કોણ૦
ઇશ્વરનું અસ્તિત્વ ઠસાવ્યું, ધર્મશ્રદ્ધા મન ધારી રે,
શાસ્ત્ર યુક્તિથી શું કરશે ગુરૂ, માતાની બલિહારી રે કોણ૦

સુમન ગુચ્છ.

૬૧—પતિમાં અધીનતા.

("મોહનજીએ મોકલ્યું રે મોસાળું"—એ રાગ.)

પાતળીઆ મોહ થયો બહુ તમને, ઘટે તેથી માન ઘો છો વધુ
અમને. પાતળીઆ૦
મળ્યા મને સૂર્ય બીજા આ જગતના, જણાઉં છું તેથી શશીશી સુવદના;
સહ્યા મેં તો પાદઅંગુષ્ઠ સુખદના. પાતળીઆ૦
નારી સહુ ઘરની શોભા અનવઘ, કહ્યાગરી મિષ્ટ વચનથી છે હઘ;
એનું રાજ્ય સ્નેહનગરમાં છે સઘ. પાતળીઆ૦
જુઓ પેલી પુષ્પવતી ને રૂપાળી, વલ્લી વાંકી શીળી અને લટકાળી;
આશ્ર વિણ પણ અબલા એ નમાલી. પાતળીઆ૦
ગુણો હોય પદ્મિનીમાં ભલે સારા, ભ્રમર વિણ થાય નિરર્થક બારા;
નાદાર ઉદાર પતિ વિણ દારા. પાતળીઆ૦
હૃદયમાં રાગના રંગ ભરાયા, નયનમાં પ્રેમના કાચ જડાયા;
તેથી મુજ સરખીમાં આપ ભમાયા. પાતળીઆ૦
તમે મારા જીવન, હું તમ દેહ; તમે ભલા ભવ્ય ગૃહસ્થ, હું ગેહ;
તમારી હું તડિત, તમે મારા મેહ. પાતળીઆ૦
આપણુ બેની ધર્મ ને ભક્તિની જોડ, સદા નિજ કાર્ય કરીએ સજોડ;
તેથી પ્રભુ અવતરી પુરશે કોડ. પાતળીઆ૦

૬૨—સુલોચના-ઇંદ્રજીત-સંવાદ.

(તોટક છંદ.)

રતિ પ્રેમ સ્વરૂપ ધરી યુવતી, સ્વર કોકિલ ને વદતી, હસતી,
કર જોડી કરે મહિલા વિનતિ, જ્યમ શંકર આગળ પારવતી.
"શિરછત્ર સનાથ થઈ તમથી, ખમજો કહીં બોલ કહું અમથી;
પ્રમદા જન બાપણુ જે કરશે, ઉપહાસનું કારણુ કાન્ત, થશે!

અબળા પર રોષ ન હોય કશો, કહ્યું પ્રીતિ ધરી મનમાં ધરશો;
કરજો પ્રભુ કિમ્મત સાર ગ્રહી, હિત-વાક્ય મનોહર હોય નહિ.
જય ને યશ આજ લગી કરતા, અબળા જનના ભય સંહરતા,
અતિ પ્રીતિ ધરો જવ હોય સતી, ક્યમ છેક ગઈ બદલાઈ મતિ !
જ્યમ આપની તેમ બીજાની પ્રિયા, ક્યમ તે પ્રતિ થાય અયોગ્ય ક્રિયા?
કુળ ધર્મ થકી પતિ ! તાત ખસ્યા! ધિક કેમ થઈ વિપરીત દશા !
કદી સારસ-જોડ જુદી કરતાં, ટળવળી મરશે વપુને ઘસતાં;
કકળી ઝુરતાં મસ આંતરડી, કરશે વિભુ આંખ ઘણી કરડી.
રવિવંશજ સાથ પ્રપંચ કરી, અબળા-જન સાથ વિહીન હરી;
શઠ ભિક્ષુક શ્રી અધિરાજ થયા, ઉપકાર છતાં ન અણાઈ દયા.

ન ઘટે, ન ઘટે, મુજ પ્રાણપતિ, હરવી વિષયાર્થે પવિત્ર સતી;
કુળ-દીપક કાજળ કેમ ઝરે ?, સ્વપ્ને ન સુધા વિષ દોષ ધરે.
અદકું રઘુવીરનું કામ દીસે, તરવ્યા પથરા જવ અબ્ધિ વિષે;
બળ શંકરથી દશકંધ તણું, નિજ સત્વ વિના નવ સિદ્ધિ અણુ.
કર સર્પતણા દરમાં ધરતાં, છુટકો કદી થાય ન જીવ જતાં;
ગજ સિંહ અકારણ ખીજવતાં, જનઘાટ ઘડે મરતાં મરતાં.
નિજ બાહુ પરાક્રમ દાખવીને, પરણ્યા રઘુનંદન જાનકીને;
બળ નાતનું કામ ન આવ્યું જરી, છળથી વનમાં તવ સીત હરી.
ઘન ઘોર અરણ્યવિષે ફરતા, નહિ લક્ષ્મણ રામ જરા ડરતા;
બહુ દુઃખિતના ભય સંહરતા, નહિ આપ દશાનન સાથ થતા.
બળવાન વિરૂદ્ધ ન યુદ્ધ ઘટે, યશધર્મ તજો નહિ સીત સટે;
સુખ રાજ્ય અને પરિવાર જતાં, નહિ શાંતિ પરાઈ ત્રિયા હરતાં.

ક્યમ સિંહણનું દૂધ ચિત્ત ચહો ! મણિ શેષતણો કરથી ન ગ્રહો;
જળભિષ્ટતણો નિધિ છેક તજી, ઘટના જળમાં ક્યમ બુદ્ધિ સજી?
મુજ નાથ વિચક્ષણ આપ ઘણા, મઘવા હરવી પ્રિય સર્વ તણા;
થઈ "એક" હવે પદ સાચવજો, તમ જોર બીજે કહીં દાખવજો.

શશિહીણ ભયંકર છે રજની, પતિ વિણ જણાય સુકી સજની,
જયમ પુત્ર વિના ઘર માણસનું, ત્યમ નીતિ વિના અતિ શૂરપણું.
ધન વીર જનો કદી મેળવશે, પણ ધર્મ વિના ન ટકી શકશે;
નય ન્યાય વિવેક સુધર્મ ધરો, સુખશાંતિસુધારસ પાન કરો.
ગજ શકર સિંહ બલિષ્ઠ ઘણા, પણ સર્વ અધીન મનુષ્ય તણા,
પળ નીતિ સમીપ ન શૌર્ય ટકે, જગચક્ર સુનીતિ વિના અટકે.
જયની ધ્વજ દુર્ગપરે ફરકે, વિધિ પાઠ કરે, શશિ છત્ર ધરે;
યમ સેવક ઇંદ્ર ગ્રહેશ થયા, લઈ અગ્નિ મશાલ સદૈવ રહ્યા.
મુજ સાસુ, સુકીર્તિ અને અવની, ત્રણ સ્નિગ્ધ પ્રિયા દશકંધરની;
દિનરાત મથે પતિને ભજવા, પણ રાવણને પરની પરવા.

દશ મસ્તક વીસ વિશાળ કરો, તમ તુલ્ય ગુણી વિજયી દીકરો;
વશ રૈયત સિંહલદ્વીપ તણી, શિર ઉપર શંકર તુલ્ય ધણી.
નિજ પુત્ર તણે ઘર પુત્ર થયા, સ્વપરાક્રમથી રળનાર ભયા;
સુખમાં લગીરે નહિ ખોટ રહી, પ્રભુતા મુખથી કયમ જાય કહી.

જયમ પંકજ સૂર્ય પ્રફુલ્લ કરે, ભરયૌવન નારનુ નાથ કરે;
ભરછક્ક કરે સરિતા વરષા, સસરાપર શંભુપ્રતાપ વરષા.
ઘણું કામ શું વૈર મહેશ્વરને, ગમ્યું તેતણું સખ્ય દશાનનને;
અપલક્ષણ છેક ન ગુમ રહે, વિભુ પુત્રનું તોય જરા ન સહે.

પણ પૂર્ણ પ્રતાપ પ્રશાન્ત થવા, થઈ બુદ્ધિ શકે સતીને હરવા;
નહિ તો વિસરી સુખ સ્થાયી અતિ, ક્ષણભંગુરમાં કયમ થાય રતિ !
અપકીર્તિ કરે વિપરીત કૃતિ, દઈ શાપ ડસે જયમ સાપ સતી;
ભય સંશયમાં પડશેજ પ્રજા, ફટકી મરશે કુટડી કુળજા.
રઘુનંદન તોપણ ક્રોધ કરી, હઠવી તમને બળબુદ્ધિ હરી;
લઈ સીત મહાલયમાં ફરશે, ઋતુ પાનખરે જયમ બાગ વિષે.
પ્રિય પાય પડી કહું છું વિનતી, પરનાર લગાર ન સંઘરવી;
દઈ થાપણ માલીકને નકરી, ઋણ હીન રહો સુખમાં વિહરી.

કહ્યું આપનું માન્ય હમેશ કર્યું, પતિ કાજ સમર્પણ સર્વ કર્યું;
કશું માંગ્યું નથી કદી પ્રાણપતિ, ઉરમાં ધરજો મુજ આ વિનતિ.
મુજ જાતતણું અભિમાન મને, મુખ લેઈ જવાય ન સીત કને;
જવ રક્ષિત થાય ન શીયળને, સહુ વ્યર્થ ગયું પરણી તમને.
"અભિમાનિનિ" એમ કહી મુજને, ઠગતા; નવ સત્ય વર્યું તમને,
નહિ તો મુજ માન ઘણાં પડતાં, અટકો ન અધર્મ કળી કરતાં.
સમ ઉમ્મરની કદી ચાર મળી, મુજ વાત સખા-ગણમાં નીકળી;
હલકું પડશે તમ નાર તણું, કથશે મુખ છે નહિ નાથ ત ણું.
વદશે "હત ! એક અનાથ ત્રિયા, કુમળી સુશીળી અવળી ન ક્રિયા;
'સચવાઈ ન તેય દશાનનથી ! પતિ સન્મતિની થઈ શું વિરતિ?"
અતિ એમ કહી અકળાઈ ગઈ, સ્વર ગદ્ગદ કુણ્ઠિત વાચ થઈ;
કુવિચાર હરે ડુસકે ડુસકે, શુચિજ્ઞાન ભરે પુલકે પુલકે.
મુખ દીન કરી નખ ખોતરતી, પતિ નિશ્ચય ડોલવતી યુવતી;
ક્ષણ સ્તબ્ધ ઉભો થઈ મંદમતિ, જયમ શંકર ભીલણ દર્શનથી.
પણ ગર્વ કુસંગનું ધ્યાન ધરી, શઠ વાણ વદ્યો પિતુ-શબ્દ સ્મરી;
નિજ ન્યાય પરાક્રમ દાખવવા, સુખ તુષ્ટિ વધૂજનને ધરવા.
"મનથી પિતુ સીત વરેલ હતા, જવ રાઘવ યુદ્ધકલા ભણતા,
તનથી મનનો અધિકાર વધુ, ક્ષણ સીત ગણાય ન રામવધૂ.
કદી રામ ધનુષ્ય ઉપાડી શક્યા, દુહિતા અરથે જનકે પરખ્યા;
બળથી રઘુનાયક સીત વર્યા, છળથી પિતુના સહુ અર્થ સર્યા.
થયું તે ન થયું નવ થાય હવે, ભૂલ થાય કબુલ સતી તજવે;
અયિ ! વક્રર સીત સમેત જશે, ત્રણ લોક વિષે ઉપહાસ થશે.
મુજ તત્પર સૈન અજેય થઈ, રમવા રણમધ્ય અધીર થઈ,
બહુ વાટ જુએ તુજ નાથ તણી, ધુધવે જયમ નાગ તણી રમણી.
જયમ તારકમંડળ ચંદ્રવિના, વપુની જયમ નાક વિના ગણના;
વિણભૂપતિ જેમ સભા અતિશે, ત્યમ અગ્રસરીવિણ સેન દિસે.

અહમંડળને જ્યમ સૂર્યગતિ, ત્યમ સેન વિષે સખિ! સેનપતિ;
બહુ સૈન્ય કલેવર જોર ઘણું, પણ પ્રાણ વિના વિચરે ન અણુ.
ચતુરંગ વિરાચિત સેન મળી, ભટ સામદની પણ ભવ્ય બળી;
અતિ વેગ ત્વરા કરતા સુભટો, યદાકાળ સમીપ હવે વરત્યો.
નીળ સુગ્રીવ અંગદ ને નળને, હનુમાન વિભીષણ લક્ષ્મણને;
શિવસાહ્યથકી રઘુનંદનને, છડીં નાખીશ હું જ્યમ ડાંગરને.
રિપુ દાનવ કિન્નર નાગ ઘણા, બહુ દેવ મળ્યા સુરલોક તણા;
નહિ સૈન્ય ઘણું તુજ નાથ કને, પણ લોટ કર્યા દળીં દુસ્મનને.
નહિ રામ વિષે અલિ ! રામ જરી, કપિ સાથ રહે વનમાં વિચરી;
અમથી શીંદ નામ થકી ભડકે, વનવાસ કર્યે નહિ શૌર્ય ટકે.
ગજકુંભ વિના નહિ અન્ય ગ્રહે, નહિ મેઘ નિનાદ લગાર સહે;
વણસાહ્ય મહાપશુ માંત કરે, ક્યમ સિંહ શગાલથી તેહ ડરે.
ગુણરૂપવતી મુજ પ્રાણપ્રિયે ! તુજ નાથ લગાર રણે ન બીએ;
રણમાં નહિ મેં અરિતેજ હર્યું, ધિક ! શેષ-સુતા સહ લગ્ન કર્યું!
ગીંડી, મર્કટ-યૂથ કશું કરશે, કદી દાંત થકી બળ દાખવશે;
યમ-દંડ સમા શર નીકળશે, અતિ કોમળ રામ ન જીરવશે.
રઘુનંદન બાણપ્રહાર લઈ, વટ સાચવશે નિજ જીવ દઈ;
ધરૂં લક્ષ્મણ-કાજ દયા મનમાં, ન ધટે શર એ શિશુના તનમાં.
તુજ પ્રીત તણી મૃદુ પાશ વિષે, થઈ બદ્ધ સુખી બનુંછું અતિશે;
પણ શૌર્ય રમે રગમાં વિચરે, નહિ પ્રીતિ વિના ક્ષણ શૌર્ય સરે.
કદી કોમળ પંકજના દળમાં, અલિ સ્નિગ્ધ પુરાઈ રહે જળમાં.
પણ વાંસ વિષે ઝટ શાર કરે, બલીનું બળ પ્રીતિ સદૈવ હરે.
રથ વાહનને હય હસ્તિ ઘણા, નવ અસ્ત્ર સહસ્ત્ર પ્રકાર તણાં;
અસિ ઘાતક, બખ્તર લોહ તણાં, જરૂરી કરતાં બમણાં ત્રમણાં.
લઈ સૈન્ય તણો થઈ અગ્રસરી, ધરૂં દુસ્મન સન્મુખ આંખ નરી;
નિરખી જન કોણ ટકે જગમાં, જવ ઇંદ્ર છુપાઈ ગયો નભમાં.

રણક્ષેત્ર વિષે અરિ-કર્ષણને, નિરખી પરિપક્વ થયું નયને;
કૃષિકાર બની ધન ચાળવતાં, નહિ વાર કરૂં જરીએ લણતાં.
રણ-સાગરનો થઈ નક્ર કહે, સ્થળ અન્ય વિષે કયમ જીવ રહે!
બહુ દાહ વધ્યો સહુ રોમ વિષે, અરિરક્ત પ્રશાંત હવે કરશે.
કયમ તર્ક વિતર્ક કરી નબળા, અકળામણ આમ કરે અબળા?
મુજ સાથ રહી દિનરાત સખી, નહિ રાવણપુત્ર શકી પરખી?
મનની સુણ વાત કહું તુજને, જય કે ક્ષય છે યશકારી મને;
દિન એક જરૂર યદા મરવું, અતિ ઉત્તમ છે રણમાં પડવું.
જવ વિષ્ણુ બની રઘુનાથ ફરે, જય મેળવતાં શુભ કીર્તિ વરે;
કદી હાર થશે પણ ઈશ્વરથી, રઘુનંદ વિના મુજ જોડ નથી.
પ્રમદા મનડું કેમ ખિન્ન થયું?। કયમ કોમલ હૈયું ભરાઈ ગયું?!
નયણે કયમ શ્રાવણ ભાદરવો, ન ઘટે કરૂણા રસ આદરવો.
ધર ધીરજ ભીરૂ! દશેક ઘડી, નહિતો સહુ કામ જશે બગડી;
જયની ધ્વજ તાત સમક્ષ ધરી, ધરતી પણ શત્રુ વિહીન કરી.
વળતાં નહિ દૂર જઈશ ફરી, તુજ અંક વિષે મુજ શીષ ધરી;
મનની કર દૂર બધીય ફજા, રણ મધ્ય જવા અલિ! આપ રજા.

મણિલાલ છબારામ.

૬૩—સતી ને દક્ષનો યજ્ઞ

દક્ષ પ્રજાપતિએ પોતાની પુત્રી સતીને શંકરની સાથે પરણાવ્યા પછી સસરા જમાઈને અંટસ પડયો હતો. શંકરે અને સતીએ તેમની સાથેના બધો વ્યવહાર બંધ કર્યો હતો. એકવાર દક્ષ પ્રજાપતિએ યજ્ઞનો મોટો સમારંભ માંડી ત્રણે લોકમાંથી પ્રતિષ્ઠિત કુટુંબોને પોતાને ત્યાં નોંતર્યા હતા. નારદે આ વખતે સતીને મળી કહ્યું કે, તમને આમંત્રણ ન હોય એમ બનેજ

નહિ. એ તો શંકરનું છળ હશે, તેમ છતાં પિતાને ત્યાં જવાને પુત્રીને વળી આમંત્રણની શી જરૂર? સમારંભ બહુ સારો છે અને તમારે શંકરને લઈ જવુંજ જોઈએ. નારદના ચઢાવવાથી સતીએ શંકરની પાસે જઈ યજ્ઞ સમારંભની વાત કહી અને ત્યાં જવાનો આગ્રહ કરવા માંડયો, ત્યાંથી આ પ્રસંગ ચાલુ થાય છે.

ત્રિતાળની ચોપાઈ.

સતી–આર્યપુત્ર! તમે આ શું બોલો, ખરા ખોટાનો કંઈ તોલ તોળો:
આવે અવસરે જાય ભુંસાઈ, આડે દા'ડે જે હોય લડાઈ.
વિસરાય શું દીકરી ક્યાંહી, જેની માતા કરે રાજ જ્યાંહી
પૂજ્ય વર્ગમાં જેહ સવાઈ, ભૂલે સમગે શું નેહ જમાઈ.

અનુષ્ટુપ્.

શંકર–તમારા સમ છે સુભ્રુ! તમને અથવા મને.
સંદેશ સરખોએ જો, કહાવ્યો હોય એમણે.

ચોપાઈ.

સતી–જેણે આમંત્ર્યું છે ભૂત માત્ર, જુઠા! જાય શું ભૂલે જામાત્ર.
રાખ્યું હોશે તેડું તમે છાનું, સમ સગરા તમારા ન માનું.
આમ નિઃસંગ રો' તે શું સારૂં, જુઓ સંસારની આંખે વારૂ.
જોશું ઉછરંગ જાગ જગનનો, સુખ વૈભવ તાત ભવનનો.
તમે હાંસ કરો ન કરાવો, મને ઉલટી ઉદાસી બનાવો,
મારી હોંસીલી માતા રિઝાવા, તમે ક્યારે સાસરીએ આવ્યા?
તમે ક્યારે પ્રભુત્વ બતાવી, મને મૈએરીઆંમાં ફુલાવી?
મારા પીયરની શેરીને પંથ, જતા આવતા થઈ મુજ કંથ;
મીઠી આંખ તણે અણુસારે, મારી સખીઓથી જોવાયા ક્યારે?

જોવા દીકરી જમાઈનાં જોડાં, હશે આતુર એ સૌ ન થોડાં?
મારી બાળ સૈયરોનો ભાવ, ચાલો જોજો લઈએ રૂડો લહાવ.
મારી માતાને હેતને હાથે, જમજો સમવય સ્નેહીઓ સાથે;
મારૂં મોટેરાંમાં સનમાન, જોઈ તમને થશે અભિમાન.
ઠાઠમાઠે બની ઠકરાયા, આવ્યા પરણવા ત્યાં શું જોવાયા;
કાળા ગોરા કે વરવા રૂપાળા, મારી સખીઓ તો 'છે' કે'છે કેવા?
દાપ દાસીને ગજ રથ ઘોડે, ચાલો આપણ જઈએ સજોડે;
મારી બેનો ને સખીઓના વાદે, મારે જાવું મૈયર બડા ઠાઠે.
ભોળા વાઘાંબરી ના સતાવો, ફરી અવસર આવે ન આવો;
પાથરીને પાલવ વારંવાર, યાચ્યું આટલું હું ત્રિપુરાર.
કરૂં દક્ષવતી કાલાવાલા, ચાલો ભોળા સતાવો ન વહાલા!

શિવ–શાણાં સમજુ થઈ ભૂલો કેમ, વણુ તેડ્યાં જવાય ત્યાં કેમ?
દે ન સન્માન જો દક્ષરાય, હાસ્ય દેવોમાં આપણું થાય;
ઘટે માન અને કદી આવું, માટે સર્વથા હું નહિ આવું.

સતી–હાંહાં આજ હું સમજી આ સઘળું, તમે આડા થઈ વદો અવળું;
મારા પીયરનું ઓછો ઘસાતું, નથી મુજથી હવે તે ખમાતું;
તમે ઉજળાં સગાંના ન સંગી, આડા અતડા ન લેશ ઉમંગી.

અનુષ્ટુપ્.

શંકર–[illegible] છે ના ભજે એવા. સિધાવો લઈ નંદીને;
પ્રણામ માહરા કે'જો, દક્ષને પાદ વંદીને.

(પીયરમાં અપમાન થવાથી દેહ ત્યાગ કરતાં તેમણે પછી નંદીને
આ પ્રમાણે કહ્યું.)

ઉપજાતિ.

સતી–નિવેદજે આ સઉ વૃત્ત નંદી, મારાવતી ત્યાં જઈ પાદ વંદી;
એકાંતમાં શંકરને કહેજે, મારા વળી વાચક આ પ્રમાણે.

સત્વે તમ દ્રોહીતણે બનેલો, દુર્ભાગ્ય આ દોષિત દેહ મારો,
ઉત્સંગને યોગ્ય નથી રહેલો, હુતાશને આ પળ હોમવાનો.
પ્રભો તમારાં પદ પૂજવાનાં, પુરાં થયાં પ્રાક્તન પુણ્ય મારાં;
પીએરીઆંનો ધરી પક્ષ મારાં, સુણ્યાં નહીં મેં વચનો તમારાં.
અયોગ્ય મારાં વચને દુભાયા, હશો તમે તો પણ નાથ મારા;
શરીર કષ્ટી તપ આદરીશ, પરંતુ પાછી તમને વરીશ.
મૈએરનું માન ધરી ઘણેરૂં, કહ્યું ન માન્યું શિરછત્ર કેરૂં;
તેનું મળ્યું આ ફળ ભાગ્ય મારૂં, હુતાશને પાતકને ઉતારૂં.

(કાવ્ય પીયૂષ.)

૬૪—વડસાસુની શીખ.

મોસાળાનો રાગ.

ભલે જાઓ શુકન જોઈ સંચરો, કુળવૃદ્ધિનાં કરવાને કાજ,
વહુવર વહેલાં આવજો.
મારા આંખોના તેજનો તારલો, તારા પ્રાણનો પરમ આધાર,
વહુવર સોંપું તુજને.
હવે તું તારે એને સંભાળજે, કરજે જીવથી જ્યાદે જતંન,
વહુવર ખંત રાખીને.
સુખે શેઠાણી દુઃખે દાસી થઈ, રહેજે ઘરની બની પરધાન,
વહુવર શીખ એટલી.
જઈ પરદેશ આપણા દેશનો, વેશ બદલશો નવ લવલેશ,
વહુવર શીખ સરસ છે.
ઈશે આપ્યાં તો સુખ સુખે માણજો, બેટા! રહીને મલાજાની માંય.
એમાં મોટું માન છે.

જેનું ઘરમાંય ઢાંક્યું કપાળ રહે, ઢાંક્યાં ઢાંક્યાં તેણે કુળ બેઉ,
ભૂષણુ સ્રીનું લાજ છે.
તું તો દીકરા! ભણેલીને ડાહી છે, નથી કહેવું પડે એવું કાંઈ,
જાઓ સુખે સંચરો.

કાવ્ય પીયૂષ.

૬૫—રાધાનો પત્ર.

આવ્યા દાડલા દિવાળી કેરા, પંથી ઘેર પધારે ઘણેરા;
નાથ ! થાવ શું આમ નમેરા, મોહન વહેલા આવજો મથુરાંથી.
મારી સખીઓ સાસરીએ સિધાવી, મારી ભાભીઓ પણ આણે આવી;
વાટ જોઈ જોઈ હું વાજ આવી, મોહન વહેલા આવજો મથુરાંથી.
પૂછી જોજો ઉદ્ધવને તમારા, હાલ શા થયાછે અહીં મારા,
જાવ જાવ જીવણ શું પડો ન્યારા, મોહન વહેલા આવજો મથુરાંથી.
મારાં સાસુએ જે જે કહાવ્યું, મારી માડીએ ને તે કરાવ્યું:
જાણે રખેને રસિક પાડે વાંકું, મોહન વહેલા આવજો મથુરાંથી.
આછાં હીરનાં ચીર મંગાવી, કાચા કીરમજી રંગે રંગાવી:
કોરે મોતી ને મણિએ ટંકાવી, મોહન વહેલા આવજો મથુરાંથી.
સાળુ સાડી ને કમખા કરાવ્યા જાતે જુદા ને રંગે રૂપાળા:
એ તો રસિયાજી તમને રીઝાવા, મોહન વહેલા આવજો મથુરાંથી.
મોહી મોરલીની થઈ હરિણી, છાની વનમાં મોહન વર પરણી,
આને કીયા કરમ કેરી કરણી, મોહન વહેલા આવજો મથુરાંથી.
પ્રીતમ પરણી પરાંણે તમોને, જોયો વિચાર્યો નહિ તે સમોને;
શીદ પાતળીઆ પજવો અમોને, મોહન વ્હેલા આવજો મથુરાંથી.
મારી માતાએ બહુ બહુ વારી, લોક કે'તા એ કપટી મોરારી;
તોય પરણી તેની શું આ વારી, મોહન વહેલા આવજો મથુરાંથી.

લોક લે પુંઠે વાત કરેછે, સગાં સાગવાં મોંડે કહેછે.
સુખી સખીઓ તો મેણાં મારેછે, મોહન વહેલા આવજો મથુરાંથી.
ઉંચી ઉંચી રાવટીઓ મૂકાવી, નાના વિધના રંગે રંગાવી.
ખાસ સાસુએ મેડી બંધાવી, મોહન વહેલા આવજો મથુરાંથી.
જ્યારે વહુ હું મળીછું ગોરે ઘાટે, ત્યારે દીકરાનાં સુખ જોવા સાટે,
તલસે ઘરડેરાં મુખજોયા માટે, મોહન વહેલા આવજો મથુરાંથી.
ગુણ રૂપનાં વખાણ કરાવી, મને મોહના ફંદે ફસાવી
કેમ પરણીને પ્રીત પલટાવી, મોહન વહેલા આવજો મથુરાંથી.
ઓળી ચોળી અંબોડલા વાળી, પત્રરચનાઓ રચતા રૂપાળી
લેતી સખીઓ હસી હસી તાળી, મોહન વહેલા આવજો મથુરાંથી.
પગ ખોળામાં લઈ મુદ્દાવાળી, અળતે વેલો ચીતરતા રૂપાળી.
જોતા અમને જાદવ ન્યાળી ન્યાળી, મોહન વહેલા આવજો મથુરાંથી.
આંખ રજ ફૂંકી નાંખવા માટે, કિંવા બીંદગી કરવા લલાટે
ભુધર ભેટતા યમુનાને ઘાટે, મોહન વહેલા આવજો મથુરાંથી.
નચવ્યા નાચતા રમતો ભલેરી, પળશી કરતા પાતળીઆ ઘણેરી
ફાટયું ગુમડું વઈદ થયો વેરી, મોહન વહેલા આવજો મથુરાંથી.
એકવાર વૃંદાવન આવી, મને વિષ પાઈ શયન સુવાડી.
ભલે જાજો પછી ગિરધારી, મોહન વહેલા આવજો મથુરાંથી.

કલાપી.

૬૬—વિધવા બેન બાબાંને.

વા'લી બાબાં! સહન કરવું એય છે એક લા'ણું!
માણ્યું તેનું સ્મરણ કરવું એય છે એક લા'ણું!
મૃત્યુ થાતાં તર્પણ કરવું ઇષ્ટનું એય લા'ણું!
આશા રાખી મરણ પછી ને જીવવું એય લા'ણું!

સંબંધીના મરણુ પછી ના સર્વ સંબંધ તૂટે,
બે'ની ! આંહીં વિરહજ ખરો ચિર સંબંધ ભાસે,
તે પ્રેમી જે પ્રણયમયતા જોઈ મા'ણે વિયોગે,
મીઠું કિંતુ ક્ષણિકજ નકી સ્વપ્ન સંયોગ તો છે.
છે વૈધવ્યે વધુ વિમલતા બે'ન ! સૌભાગ્યથી કૈં !
છે ભક્તિમાં વધુ વિમલતા, બે'ન ! શૃંગારથી કે !
બાળાં ! તારા મૃદુ હૃદયને ઓપ વૈધવ્ય આપી,
ઊંચે ઊંચે તુજ દિલ જશે લેઈ ધીમે ઉપાડી.
ના બોલું આ તુજ હૃદયનાં અશ્રુ હું લૂછવાને,
શાને લૂછું હૃદયશુચિતા આંસુડાં દાખવે જે ?
વા'લી બાળાં ! કુદરતકૃતિ સર્વદા હેતુવાળી.
ઇચ્છે દેવા અનુભવ પ્રભુ સર્વને સર્વ વા'લી.
બાપુ આ સૌ સુખ દુઃખ તણી વેઠ નાખી નથી કૈં,
આ તો બોજો કુદરત તણો માત્ર કલ્યાણકારી;
આ પહાડો જે પથિક સહુને આવતા માર્ગમાં ત્યાં,
ચક્ષુવાળા શ્રમિત ન બને કિંતુ સૌન્દર્ય જોતાં.
આ કુંડાળું કુદરત તણું કોઈ જોઈ શકે, તો,
ના ના જોશે કંઈ વિષમતા કિંતુ સિધાઈ લીસી;
ટૂંકી દૃષ્ટિ જનહૃદયની અલ્પ ખંડોજ જોતી,
ને તેથી આ સુઘટ સરણી દીસતી ડાઘવાળી.
બાળાં ! જોને નયન ભરીને આંસુથી એક વાર !
બાળાં જોને સુપ્રભ રચના વિશ્વની એક વાર !
વા'લા સાથે નિરખતી હતી આજ જો એકલી તું,
બાળાં ! ખુલ્લું હૃદય કરી જો, એજ ઇચ્છ્યું હરિનું.
જોને, બાપુ ! તુજ જિગરનો મિત્ર તો ત્યાં વિલાસે.
તારો વ્હેરો ગત હૃદય એ ત્યાંય ઊભું વિમાસે

એ રેલાયું ઉદધિ સઘળે કિંતુ તું બિંદુ તેનું,
આડું આવ્યું પડ નયનને તોય એ વારિ ત્હારૂં.
બે'ની! આવાં પડ પછી પડો આવતાં જાય આડાં,
અન્તે ગાઢાં પડ ચીરી દઈ પાર જાતાં સહુ ત્યાં;
તું ને મારી પ્રિય સખી ત્યજી હુંય જાઉં કદાપિ,
એવું એ કે શુભજ કરવા, ઈશ ઇચ્છે કદાપિ.
રે! તો સાથે તમ હૃદયનાં ગાળજો અશ્રુ બન્ને,
જે બાકી તે ભણી લઈ તમે આવજો સાથ બન્ને;
બાબાં! તું એ શીખીશ ફરી આ પાઠ ઔદાર્યનો, ને
મારી ભોળી પ્રિય અબુધને દોરજે આજ માર્ગે.

ખબરદાર.

૬૭—પતિપત્નીનો દિવ્ય રથ.

(માતા જસોદા ઝુલાવે પુત્ર પારણેઃ–એ રાગ)

વહાલમ! રૂપાળો રઢિયાળો રથ શો આપણો!
ચંદા તારલિયાના તેજ સમો ચમકાર!
અમીઓશાં અજવાળાં ઠારે અંતરની આંખડી,
ચોદે રત્નતણો શો ભીડભંજન ભંડાર!
વહાલમ! રૂપાળો રઢિયાળો રથ શો આપણો!
આવો પ્રિયતમ! એ રથમાં અંતર પધરાવીએ:
મનહર, મહિમાવાન મહા એ જગમોઝાર;
ઋષિ મુનિ સંતજનોની નિર્મળ ઉરજ્યોતિ દીપે,
તેમાં આવો, ફરીએ કરતાં આત્મવિહાર!
વહાલમ! રૂપાળો રઢિયાળો રથ શો આપણો!

પુષ્પ પ્રકાશિત પ્રભુનો મણિમંડપ રળીઆમણો,
  તેનાં સૂર્યપ્રભાશાં દિવ્ય ઝળકતાં દ્વાર;
વિશ્વવિરાજીત એ શોભાની છાંયે મહાલવા
  ચાલો, વા'લા ! એ રથમાં કરીએ સંચાર !
    વહાલમ ! રૂપાળો રઢિયાળો રથ શો આપણો !

ઘૂ ઘૂ ઘોર ગરજતા ગંભીર જગસિંધુતટે
  અમૃતસ્મિત ઝરતાં ખીલે કુસુમો સુકુમાર;
તેનો નિત્ય વસંત સુગંધ રસે ભરવા ઉરે,
  હૃદયો ગુંથી ચાલો જઈએ પ્રાણાધાર !
    વહાલમ ! રૂપાળો રઢિયાળો રથ શો આપણો !

જીવનદેવ ! પ્રયાણ નથી સુલભ ને સોહ્યલું;
  જંગલ, ઝાડી, કોતર, ડુંગર ખાડ અપાર !
મોંઘો કોમળ પુણ્ય પ્રભાકર રથ ત્યાં આપણો !
  નિર્વિઘ્ને અવિરુદ્ધ ચલાવવો પ્રભુઆધાર !
    વહાલમ ! રૂપાળો રઢિયાળો રથ શો આપણો !

કંટકમાર્ગ કઠોર વિકટ છે એહ પ્રયાણનો,
  અનિલો ઘૂમે, ને આકાશ વહે અંધાર;
તેમાં સાચવજો પ્રાણેશ્વર ! પાર ઉતારજો,
  દિવ્ય, સુરમ્ય, અમૂલખ રથ એ સર્વ પ્રકાર !
    વહાલમ ! રૂપાળો રઢિયાળો રથ શો આપણો !

ચાલો, વ્હાલા ! ધીર, વીર, મુખ મલકાવતા !
  ઉંડા ઉંડા છે હૃદયોના અર્મો ઉચ્ચાર !
હૈયાંહેત ઝરંતી આંખલડી આ આપણી
  મધુરાં અજવાળાં કરશે કંઈ હારોહારઃ—
    વહાલમ ! રૂપાળો રઢિયાળો રથ શો આપણો !

પ્રભુના પુણ્યવિલાસગૃહેથી કદીં કદીં આવતા
મધુમધુ મંગલ સ્વર્ગ ગીતોના કંઈ ભણકાર;
રસભીનાં તે ગીતોનો રસ પૂરણ ઝીલવા
હસતાં જઈ એ એ રથમાં, હૈડાના હાર !
વહાલમ ! રૂપાળો રઢિયાળો રથ શો આપણો !

આવો, પ્રિયતમ! મંગલ ઘડી છે સુખસૌભાગ્યની;
આકાશે છે શા નવરંગ સજ્યા શણગાર !
એવા રંગ વિષે શો વિલસેછે રથ આપણો '
પ્રભુની મંગલઆશિષ વરસેછે શતધાર !
વહાલમ ! રૂપાળો રઢિયાળો રથ શો આપણો !

હસતો રમતો રૂડલો રથ એ પ્રાણ ! ચલાવશું,
ઝગઝગ જગમાં એનો ઝલકાવી ઝલકાર;
ધીરી, ધીરી, તમ વાંસલડી, પ્રાણ ! વગાડજો !
હુંય પણ પૂરીશ સાથે ગાનતણા લલકાર !
વહાલમ ! રૂપાળો રઢિયાળો રથ શો આપણો !

૬૮—ગુણવંતી ગુજરાત.

ગુણવંતી ગુજરાત, અમારી ગુણવંતી ગુજરાત !
નમીએ નમીએ માત ! અમારી ગુણવંતી ગુજરાત; (ધ્રુવ)
મોંઘેરા તુજ મણિમંડપમાં આ ઝૂકી રહ્યાં અમશિશ;
માત મીઠી ! તુજ ચરણ પડીને માગીએ શુભ આશિષ !—
અમારી ગુણવંતી ગુજરાત !

મીઠી મનોહર વાડી આ તારી નંદનવનશી અમોલ;
રસફુલડાં વીણતાં વીણતાં ત્યાં કરીએ નિત્ય કલોલ !—
અમારી ગુણવંતી ગુજરાત !

સંત મહંત અનંત વીરોની વા'લી અમારી માત !
જય જય કરવા તારી જગતમાં અર્પણ કરીએ જાત !–
અમારી ગુણવંતી ગુજરાત !

ઉંડા ઘોર અરણ્ય વિષે કે સુંદર ઉપવન માંય,
દેશ વિદેશ અહોનિશ અંતર એકજ તારી છાંય !–
અમારી ગુણવંતી ગુજરાત !

સરસરિતા રસભર અમીઝરણાં રત્નાકર ભરપૂર,
પુણ્યભૂમિ ફળફૂલ ઝઝૂમી, માત ! રમે અમ ઉર !–
અમારી ગુણવંતી ગુજરાત !

હિંદુ મુસલમીન, પારસી સર્વ, માત ! અમે તુજ બાળ,
અંગ ઉમંગ ભરી નવરંગે કરીએ સેવા સહુ કાળ !–
અમારી ગુણવંતી ગુજરાત !

ઉર પ્રભાતસમી અજવાળી, ટાળી દે અંધાર !
એક સ્વરે સહુ ગગન ગજવતો, કરીએ જયજયકાર !–
અમારી ગુણવંતી ગુજરાત !

નમીએ નમીએ માત ! અમારી ગુણવંતી ગુજરાત !

પ્રકાશિકા.

૬૯– આશાદેવીનું ગાન.

(માતા જસોદા ઝુલાવે પુત્ર પારણે રેઃ–એ રાગ)

મારી મીઠી મીઠી વાત સુણો રે માનવી !
સ્વર્ગ તણી દેવી વા'લી હું તો અલબેલડી,
મારૂં ભુવન બધું બ્રહ્માંડ વડું વખણાય;
મારે મન આવે ત્યાં ઉડતી ઉડતી જાઉં હું,
મારી સુંદરતા દેખી જગ સહુ અંજાય !
મારી મીઠી મીઠી વાત સુણો રે માનવી !

તારલીઆ મારે ત્યાં રોજ દિવાળી દીપવે,
  મારે આંગણુ ચંદા ચોક પૂરીને જાય !
મારે માંડવ જાય સુવર્ણ જ સૂરજ વેરતો,
  તેને ઉચકી લેતું હસતું જગત સુહાય !
    મારી મીઠી મીઠી વાત સુણો રે માનવી !

ઉગતા પ્રભાતના જેવી છું આશા દેવી હું,
  મારા સાળુડામાં વિધવિધ રંગ પુરાય;
એવા રંગ જગતના હૃદયે પૂરી દઈને,
  તેની આગળ નવી ઉષા કું હુ દિન-કાય !
    મારી મીઠી મીઠી વાત સુણો રે માનવી !

જન અંતરને કાળાં વાદળ આવી ઘેરતાં,
  તેનાં ભુવન ભુવનમાં અંધારૂં ઢોળાય;
ત્યારે તારલડા જેવી હું તેમાં ફૂટીને,
  કાંઈ નવાં નવાં તેજે ચમકાવું ત્યાંય !
    મારી મીઠી મીઠી વાત સુણો રે માનવી !

માનવઉર ગુંચવાય નિરાશાની ગીચ ઝાડીમાં,
  બહુ ઉલ્લાસ ઉડે ને અંતર શુન્ય જણાય;
ચંદ્રકિરણશું ઝાડીમાંથી ત્યાં ડોકાવી હું,
  તેને ફરી જગાવી દોડાવું જગમાંય !
    મારી મીઠી મીઠી વાત સુણો રે માનવી !

જોઉં પ્રેમ ભ્રમરને જગમાં ભમી ભમી ગુંજતે,
  કોને ચટકો દઈને છુપો નાસી જાય;
તેને પાસે પાસે લાવીને હું ઉડાવતી,
  કદી પકડાવું કે કદી નસાડી મૂકું ત્યાંય !
    મારી મીઠી મીઠી વાત સુણો રે માનવી !

નમાની સખી થઈ આશ્વાસન તેને આપુંછું,
મારા માંડવનો બતલાવું બહુ મહિમાય;
કંઈ કંઈ સ્વપ્ન મીઠાં દેખાડું દૂર આકાશમાં,
એવું સખીપણું છે મારૂં અતિ સુખદાય !
મારી મીઠી મીઠી વાત સુણો રે માનવી !

મોટાં મોટાં કામ કરાવું જનની પાસ હું,
એક ફલંગે પા'ડ કુદાવું કરીને સા'ય !
રાજારાણા રંક બધાનાં ઉરમાં હું વસું,
મુજ વિણ જગમાં જનનું જીવ્યું વ્યર્થ ગણાય.
મારી મીઠી મીઠી વાત સુણો રે માનવી !

મારૂ ગાન સદા જન–ઉરને પોષે પ્રેમથી,
મારૂં નાચ નચાવ્યું તે તો નાચ્યું જાય !
મારી વીણામાંથી ટપટપ અમી બિંદુ ઝરે,
જેને મુખ પડે તે હસી હસી હરખાય.
મારી મીઠી મીઠી વાત સુણો રે માનવી !

મારે આંગણ પૃથ્વીથી મહેમાનો આવતાં,
તેનાં અંતર મારાં મધુરાં ગીતો ગાય;
મારી વાડીમાંથી મીઠા ફૂલ લાવી આપુ ત્યાં,
સુંઘતા સુંઘતા કદી નહીં તેતો લેશ ધરાય !
મારી મીઠી મીઠી વાત સુણો રે માનવી !

કાના આવી આલિંગન દઈ પુરૂં કોડને
કોથી દૂર નાસી જઈને ઉચરાવું "હાય" !
મારો મર્મ કદી નહીં આપું કોને, ને કરૂં
કોને હસતે, કોને રડતે મુખ વિદાય !
મારી અંતરની ખરી વાત સુણો રે માનવી !

એવા કંઈ કંઈ ખેલ મચાવું જગમાં હું ઘણા;
માનવ જીવન મીઠું કંઈ મારાથીજ થાય,
એ બાળકડાંને શિર અમર કળીઓ ખોસું હું;
તેની સાથે એ તો ખીલતું રહે સદાય !—
મારી મીઠી મીઠી વાત સુણો રે માનવી !

પ્રભુના રંગ મહેલ તણી હું તો અધિદેવી છું,
તેનાં દર્શન કરવા જીવ સહુ ચિત્તમાં ચા'ય;
પણ જે સત્ય પથે શુદ્ધ આવે ઉર ધારી મને,—
પ્રેમે દ્વાર ઉઘાડી લઉં તેનેજ હું માંય;—
મારી મીઠી મીઠી વાત સુણો રે માનવી !

તારલિયા મારે ત્યાં રોજ દિવાળી દીપવે,
મારે આંગણુ ચંદા ચોક પૂરીને જાય;
મારે મંડપ જાય સુવર્ણજ સૂરજ વેરતો,
આવો આવો ભલે પધારો માનવ ! ત્યાંય.
આવો, મીઠી મીઠી વાત કહીશ રે માનવી !

૭૦—રૂડી સ્ત્રી.

ઇંદ્રવિજય છંદ

ભૂષણુ આ ભવનું ગણુ નિશ્ચય, સુંદરને સતીનાર ઠરેછે,
પાળી પતિવ્રત તેહ નિરંતર, અંતરમાં શુભ નેમ ધરેછે.
સદ્‌ગુણના સણગાર સુશોભન, મોહન મોહન વાત કરેછે,
કંથતણીજ ખરી સદભાગ્યુ, આંગણમાં નિત્ય રાગ ખરેછે..

મનહર છંદ.

લક્ષ દઈ સાંભળે જે ડા'પણની વાત સદા, સત્યતણા નિયમને ઉર રાખે કોતરી;
શણગાર સજી સદગુણતણો તે સદાય, અવગુણ સ્નેહ સાથે રાખે અળગા કરી;

હાસે હસતું વદન સદન સદા શોભાવે, કોઈ દિન દિલ ન દુખાવે કંથનું જરી.
અદલ વિચારે એજ નારે પતિવ્રત પાળ્યું, ધન્ય ખરે જગ એને એજ પાર ઉતરી.
પતિવ્રત પાળ્યું જે પ્રેમદાએ પ્રીતે કરીને, એજ તેજ સુંદર વદનને દીપાવશે;
ગુલાબતણું ફૂલ કદાપિ કરમાઈ જાય, તથાપિ તેની મધુર સુગંધ સુહાવશે.
પતિનું ચહાય હિત, પતિમાંજ ધારે પ્રીત, અંતરમાં આડો કદી વિચાર ન લાવશે:
અદલ કહુંછું ખરે ધન્ય એજ સુંદરીને, એજ વામા વિશ્વવિષે કિંમત અંકાવશે.
નિત્ય નમ્રતાઈ નિજ અંગવિષે રાખી ચાલે, મીઠાં મીઠાં મધુર વચન વળી બોલશે;
અંગમાં ઉમંગ ધરી આળસને દૂર કરે, સારી માઠી વાત તે તો ઝટ દઈ તોલશે:
આજ્ઞા સર્વે કંથતણી ધર્મ ગણી શિર ધરે, કંથતણી વાત કોઈ પાસ નહિ ખોલશે;
સંસારે એ નારી નિજ પતિને રીઝાવે ભારી, એજ હૈયું પતિતણું પ્રેમથી હિંચોળશે.
કપટ ધરે ન લેશ, લપટ ભરે હમેશ, બેશ ઉપદેશ સુણે, ભલીજ ભણાયછે,
સુખમાં લગાર ન ફૂલાઈ કે ભૂલાઈ જાય, દુઃખમાં સંતોષી ને ધીરજવંત ગણાયછે:
કોમળ વચને પતિતણી ચિંતા તે ઘટાડે, વસુધા વિષે વનિતા એજ વખણાયછે,
અદલ સંસારે દુઃખ વેઠે પતિસંગ પણ, ધન્ય નાર જે બહાર રોતી ન જણાયછે!
મળી જેને નારી સારી, બહુ ભાગ્ય ઉદયાં ભારી, સત્ય લ્યો તમે વિચારી
પ્યારી પ્યારી લાગશે:
જેહ પતિને ખરી સુંદરી એવી મળી હોય, ખરો ભવ સુખી એના સૂતા જોગ જાગશે,
એવી માને ઘેર અવતાર લીધો જેહ પુત્રે, ખરો ભાગ્યશાળી એનાં દુઃખ સર્વ ત્યાગશે.
અદલ કહુંછું સહુ સાંભળો સાહેબ તમે, સૃષ્ટિવિષે એવી રંભા સર્વ કોઈ માંગશે.

(કાવ્ય રસિકા.)

નહાનાલાલ.

૭૧—આમંત્રણ.

આવો આવોને સખીઓ આજ! રસતાળી પાડી,
કાંઈ ગજવો આપણી બેન! આ ગુર્જરી વાડી.

હરિણી શી ચંચળવાન, નાજુક ને નમણી,
ફૂલની કળી સમ સુકુમાર સુરતની રમણી!
છબીલી છટા ભરી, સોહાગ તપે મુખ, મુગ્ધકેશા,
શુભ વડોદરાની વેલ સરિખી આ ચતુરા!
રૂડી ઠરેલ બુદ્ધિ વિશાળ સમજુ ને શાણી,
મુજ અમદાવાદની બ્હેન! ઘરરખુ આ ગૃહિણી!
નિજ ઉરના વિવિધ વિલાસ રંગે રંગેલી,
મુંબઇની મોહનરૂપ સખિઓ અલબેલી!
અમૃત શા મિટ્ઠા બોલ, પણ જ્ઞાને અધુરી,
આ કોકિલકંઠી નાર હાલારની મધુરી!
છો સુંદર રસિક ઉદાર, સહુ ભગિની આવો,
ગુર્જર જનનીની જેહ, કુંવરીઓ કહાવો.
જ્યાં સિંહણ નિજ સંતાન ધવરાવે જાળે,
જ્યાં સાગર ઉછળે નીર મોતીની પાળે
જ્યાં પ્રેમભક્તિનાં ગાન ભક્તજને ગાયાં,
જ્યાં સ્થળ સ્થળમાં ઇતિહાસ શૂરના સોહાયા.
એ અદ્ભુત દેશની બાળ, સ્મરીને વીર સતી,
સૌરાષ્ટ્ર તણી સન્નાર! પધારો ભાવવતી.
તેજસ્વી મદ ડોલંત, જલની લક્ષ્મી જશી,
આવોને કચ્છની કોડ ભરેલી યુવતિ! હસી.
આવો આવોને સહીયર! આજ રસ ટહુકે ગુંજો,
કાંઈ ગજવો ગમતે ગીત નિજ ગુર્જરી કુંજો.
આ તમ કાજે ભરી છાબ, ગીતનાં ફુલડાંની,
લો સત્કારો રસબાળ! એટલી મહેમાની.
છે મુજ કુલની એ રીત, તાતે શીખવી બલી,
લ્યો, ચરણ ધરૂંછું બહેન! વીરની વીરપસલી.

૭૨—વીરાનાં વારણાં.

(વહાલા ! વિરાજો મારા પ્રાણમાંરે લોલ—એ રાગ.)

ખમ્મા વીરાને જાઉં વારણે રે લોલ, મોંઘામુલો છે મારો વીર જો ! ખમ્મા.
એક તો સુહાગી ગગન ચાંદલો રે લોલ, બીજો સુહાગી મારો વીર જો ! ખમ્મા.
રાજા તો વિરાજે રાજમંદિરે રે લોલ, પારણે વિરાજે મારો વીર જો ! ખમ્મા.
ચંપો ખીલેછે ફૂલવાડીમાં રે લોલ, ફૂલમાં ખીલેછે મારો વીર જો ! ખમ્મા.
આંગણે ઉજાસ મારે સૂર્યનો રે લોલ, ઘરમાં ઉજાસ મારો વીર જો ! ખમ્મા.
એક તો આનંદ મારા ઉરનો રે લોલ, બીજો આનંદ મારો વીર જો ! ખમ્મા.
દેવે દીધીછે મને માવડી રે લોલ, માડીએ દીધોછે મારો વીર જો ! ખમ્મા

૭૩—સ્નેહનું સંભારણું.

(ઓધવજી સંદેશો કહેજો શ્યામને:—એ રાગ.)

ચંદન છાંટી ચોક સમાર્યો વ્યોમનો,
રજની રસીલી હસતી લલિત વરહાસ જો;
ચાંદલીઓ ઉર ભરી ભરી રસ કંઈ ઢોળતો,
આપણ પણ રમતાતાં વિરલ વિલાસ જો;
એવા એ દિવસો પણ પ્રિયતમ ! વહી ગયા.

પ્રિયતમ ! એ શશીરાજ ચડંત અટારીએ,
પદે રમે નાનકડો અનિલ કુમાર જો;
ને મદભર રજનીનાં નયનો નાચતાં,
હૃદય ઝીલે સૌનાં અમૃતની ધાર જો:
એવા દિનનાં શમણાં પ્રિયતમ ! વહી ગયાં.
પલ્લવમાં પલ્લવના પાલવ પાથરી,
પંખી પોઢ્યાં ઓઢીને પાંખ શું પાંખ જો;

વિલસે આજ જગત સઉ રસના અંકમાં,
અજબ વિલસતી અલબેલી તુજ આંખ જો;
એવા રસદિવસો એ પ્રિયતમ! વહી ગયા.

૯૪—ઝીણા ઝીણા મેહ.

(સારૂં સારૂં રે સુરત શહેર મુંબઈ અલબેલી—એ રાગ.)

ઝીણા ઝરમર વરસે મેહ, ભીંજે મારી ચુંદલડી,
એવો નીતરે કૌમારનો નેહ, ભીંજે મારી ચુંદલડી;
આજે ઝમેને ઝરે ચન્દ્રીની ચન્દ્રિકા, ભીંજે રસિક કોઈ બાલા રે;
ભીંજે સખી ભીંજે શરદ અલબેલડી, ભીંજે મારા હૈયાની માલા;
હો ભીંજે મારી૦

વનમાં પપૈયો પેલો પિયુ પિયુ બોલે, ટહુકે મયૂર કેરી વેણાં રે;
ટમ ટમ ટમ ટમ વાદળી ટમકે, ટમકે મારા નાથનાં નેણાં; હો ભીંજે મારી૦
આનંદકંદ ડોલે સુંદરીના વૃંદને, મીઠાં મૃદંગ પડછંદા રે;
મંદ મંદ હેરે મીટડી મયંકની; હેરે મારા મધુર રસચંદા; હો ભીંજે મારી૦

મણિશંકર રત્નજી ભટ્ટ.

૯૫—મહેમાનોને પ્રાર્થના.

(ઓધવજી સંદેશો કહેજો શ્યામને—એ રાગ)

મહેમાનો! આ વહાલાં? પુનઃ પધારજો!
તમ ચરણે અમ સદન સદૈવ સુહાય, જો!

કરજો આદ ઉજાસે પામર પાંપ જે—
દિનચર્યામાં પ્રભુ પાસે પણ થાય જો !—મહે૦
ઉન્નત ગિરિશૃંગોનાં વસનારાં તમે,
ઉતર્યાં રંક ઘરે શો પુણ્ય પ્રભાવ જો !
શુશ્રૂષા સારી ના અમને આવડી:
લેશ ન લીધો લલિત ઉરેનો લા'વજો !—મહે૦

૭૬-સખીને આમંત્રણ.

આવોને, સહીયર ! ઉન્નત જીવનજલ ઝીલવાને જઈએ રે !
પુણ્ય સલિલઅવગાહનથી, સખિ ! અંતર પાવન થઈએ રે !
ચાલોને, સહીયર ! ઉન્નત જીવનજલ ઝીલવાને જઈએ રે !
(સાખી) પ્રભુના ગિરિથી અવતરે શાન્ત સદાશિવ નીર,
શમવે મનુકુલતાપને છાયા તરૂવર તીર !
શીતલ સૌમ્ય સુધારસ, સુંદરિ ! રેલી રહ્યો જઈ લઈએ રે !
ચાલોને સહીયર ! ઉન્નત જીવનજલ ઝીલવાને જઈએ રે !
(સાખી) સ્ફટિક વિશદ વરસી રહ્યા સુરસરિતાના ઘોઘ;
લલિત કરી મ્લાનાત્મને, પ્રેરે પ્રાણ પ્રબોધ !
સાડી સજો, સખી ! સ્નેહસુરંગી, વારિ પરસ્પર દઈએ રે !
ચાલોને, સહિયર ! ઉન્નત જીવનજલ ઝીલવાને જઈએ રે !

૭૭—વહાલાંઓને ઉપદેશ.

(ઓધવજી સંદેશો કહેજો શ્યામને–એ રાગ)

સાંભળજો વહાલાંઓ ! વચનો દીનનાં, દીનપણું છે પરમ દયાનું પાત્ર જો !
મોટો એ અધિકાર તમારો માનવી, અધિકારી છો જેનાં માનવ માત્ર જો !
એક પિતા પરમેશ્વર જાણો આપણો, નિકટ સગાંઓ સમજો ભાઈબહેન જો !

નીકો નહાની મોટી જે જીવો તણી, વહતું તેમાં એક અખંડિત વહેણ જો !
હસનારાંઓ સાથે હસવાનું ઘટે, રડનારાંની સાથે રડવું તેમ જો !
એક બીજાંનાં આંસુડાંઓ લુછતાં, ઉંચાં ચડશો સ્ત્રીપુરૂષો સૌ એમ જો !
એ તત્વ્યાં છે ધર્મ બધાના મૂળમાં, સઘળાએ સંતોનો એ ઉપદેશ જો !
દિવ્ય દયાસાગર ! યાચંતાં આપજો, દીનજનોને અમને એનો લેશ જો !

લલિત.

૭૮—એક વાતલડી.

(અલબેલીરે અંબે માત જોવાને જઇએ—એ ગીતનો ઢાળ)

આવો, બાળા ! આવો બહેનાં સંગ, કહું એક વાતલડી;
ઉજમાળા ! ધરીને ઉમંગ, ઉજાળો જાતલડી !
સંસારની સુંદર વાડીમાં, ડોલી રહ્યાં નરવૃંદ રે !
લીલાભરી સન્નારી વેલી, ઝૂલી રહી લીલી છમ્મ.

કહું એક વાતલડી.

શીળી છાયા સુરંગી, રૂડાં ફળફૂલ સુગંધિ;
લઈયે એવી મજાની રસલ્હાંણુ, અંતરની વા'લપની !
આવો, બાળા ! આવો બહેનાં, સંગ, કહું એક વાતલડી.
હાલો હાલોને જઈએ એવી જન-કુંજે, પ્રીતિગીત જ્યાં ગુંજાયરે;
હૈયાંને હિંડોળે એને, હાલોને હિંચીએ જ્યાંથી એ સૂર ઝીલાય.

કહું એક વાતલડી.

ચડીએ ચેતન હેલે, લાંબા લલકાર રેલે;
લઈએ એવી રૂડી રસલ્હાંણુ, અંતર વાંલપની !
આવો, બાળા ! આવો બહેનાં સંગ, કહું એક વાતલડી.

૭૯-વર પ્રાણેશ્વર.

(સવૈયાની ચાલ)

વર પ્રાણેશ્વર વર પ્રાણેશ્વર, વરમાં મારે સચરાચર !
વરનાં ગાયાં ગાનારી હું, સાચે ભાવે સેવું વર.
આત્માને નેહે નવરાવે, નચાવતો મારો નટવર !
શ્વાસે શ્વાસે રમી રહ્યો વર, દૂર અદૂરે એ વીરવર !

૮૦—ગુણસુંદરી.

(હરિગીત)

આત્મ સુંદર, હૃદય સુંદર, સુમન સુંદર, સુંદરી !
સંસારમાં સૌંદર્યની, શૃંગાર સોહન, સુંદરી !
સત્કર્મ સુંદર, સ્નેહ સુંદર, કુળમણિ, ગૃહસુંદરી !
સુંદર બની સુંદર બનાવે, એક એ ગુણસુંદરી !

૮૧- ઈશ્વરી.

(પરમેશ્વરીને પાયે પડી હો બહુચરી—વલ્લભ ભટ્ટના
એ કળિકાળના ગરબાનો ઢાળ.)

આત્માના પ્રકાશ વિશ્વ, તે તું વિશ્વેશ્વરી ! તારાં અભિનવ રૂપ;
પ્રાણુનો સુવાસ પ્રેમ, તે તું પ્રાણેશ્વરી ! તું તો તું સ્વજન રૂપ !
પ્રેરણા સરસ્વતીની, તે તું હૃદયેશ્વરી ! ઝૂલે જગ તારી લહાવ !
ચેતના ઉલ્લાસ કેરી, તે તું ચંડીશ્વરી ! જાગે જગ તારે ભાવ !
સંસારને જોગવે તું ગૃહેશ્વરી ! એક તું જુજવે વેશ !
યોગ ને ક્ષેમ તું વધારતી યોગેશ્વરી ! કુળને કુટુંબમાં હમેશ !

માત બહેન પત્ની પુત્રી, પૂજું પરમેશ્વરી ! વ્હાલસોયાં તુજ લલિત અંગ !
દેશ કેરાં રાજ્યને સમાજને, રાજેશ્વરી ! વિલસાવો પ્રગટી પથ !
રાસરમણ ચડે તારે દૂધડે, રાસેશ્વરી ! વિજય દશાના રંગ !
એક તાન પુણ્યની પ્રવૃત્તિમાં, વિજયેશ્વરી ! ખેલાવો અમને નિશ્ચિંત !

૮૨—સતી સીતા.

(ચાલો સાહેલી ભુવનેશ્વરીનાં સહુમળીને દર્શન કરિયે—એ ગીતનો ઢાળ.)

સખિયર શાણી, ઉમગ આણી, ચાલો, સતીને સહુ નમીએ !
સ્વામી શરણમાં, નિજ જીવતરના કોડ કરે તેને નમીએ.—સખી૦
રાજભવનને વનવગડાના સુખદુઃખમાં સ્વામી સેવ્યા;
તેમ વસ્યો વહાલાં જનનો નહિ વાંક, સતી વનવાસ વસ્યાં.
એવાં પતિમય જીવનવાળાં **સીતા** સતીને વંદન કરીએ !—સખી૦

૮૩—સ્ત્રીદર્શન.

મરાઠી સાખી.

ગૃહિને નંદનવન રમતી બાલ નંદિની અનેક,
આનંદન શૃંગારરૂપ એ ભમતી સરળ સુરેખ !
અહો ! સ્ત્રીદર્શન પુણ્ય અશેષ !
વસંત યુવતી વધાવતી એ ફૂલડે ચેતન માત્ર,
કોકિલ કંઠે કિલકારે એ સુંદરતા સાક્ષાત !
અહો ! સ્ત્રીદર્શનની શી વાત !
સુગંધવતીનું સુમન સુકોમળ પ્રસરે પ્રાણસુવાસ !
હૃદયતરુણ સુંદરી વિલસે ત્યાં પ્રભુતા અને પ્રકાશ.
અહો ! સ્ત્રીદર્શનના એ લહાવ !

દા. ખુ. બોટાદકર.

૮૪—હરિણી.

વસંતતિલકા.

માતા તણા શરણથી વિખુટી પડેલી, આત્મીયના વિરહથી દુઃખમાં ડુબેલી,
કંપે અહો ! ભયથી આ હરિણી બિચારી, વા'લા કુરંગ કરી સાંત્વન લે સ્વીકારી.
જો ! ખેદથી દીસતી આંખડી એની રાતી, રોકી ન અશ્રુનદી એક પળે શકાતી,
આશા ભર્યા નયનથી તુજને નિહાળે, દષ્ટિ ઘડી સ્થિર કરી ઘડી પાછી વાળે.
કે'વા ચહે પણ શકે નહિ કાંઈ બોલી, બીરૂ અનેક કરતી ફર તર્ક ભોળી;
તારી બધી કૃતિ ગતિ રહી એ તપાસી, શું તું વદીશ ફર એજ રહી વિમાસી.
એને મનોજ્ઞ દીસતું વન માત સંગે, ને ખેલતી, વિચરતી, ચરતી ઉમંગે;
બીતિ હતી હૃદયથી ન કદાપિ ભાળી, વિશ્વાબ્ધિના તટ પરે રમતી રૂપાળી.
આનંદમાં હૃદય મગ્ન સદૈવ રે'તું, સંતોષ પીયૂષ તણો કંઈ સ્વાદ લેતું;
આજે જણાય વન આ ભયપૂર્ણ એને, ભૂખી છતાં તૃણ મુખે ન ધરી શકે એ.
એને કશાં અભયવાક્ય હવે સુણાવી, ભીતિ વધી હૃદયમાં બધી દે હઠાવી,
તેથી તને પ્રણયરત્ન રૂડું જણાશે, તારા અહો ! હૃદયનું પણ તત્ત્વ તે છે.
એ સૂર્ય છે સરળ માર્ગ બનાવનારો, આધાર એ ઉભયનો ભય ટાળનારો;
ને એ અભીષ્ટ તુજને સહુ આપનારી, દુઃખે સુખે સહચરી ખરી છે થનારી.
વૃષ્ટિ ભલે શર તણી કરતા શિકારી, ને જાળથી પણ ગ્રહે પકડીને પછાડી;
આ સંગથી પ્રિય ! અભેદ તું પામશે જો, સંકષ્ટ તુચ્છ તુજને સહુ લાગશે તો.

૮૫—મીરાંને.

(શાર્દૂલવિક્રીડિત)

એ હાલાહલપૂર્ણ પાત્ર વદને તેં કેવી રીતે ધર્યું ?
—શી રીતે ભયથી વિમુક્ત રહીને કે' પાન એનું કર્યું ?

મીરાં ! મંત્ર અપૂર્વ કોઈ તુજને સ્વર્ગીય શુ સાંપડયો ?
કે તારા કર સ્પર્શથી વિષ ભર્યો પીયૂષપ્યાલો થયો ?
નેં કીધું વિષપાન એ નયનથી આ વિશ્વ દેખ્યા શકયુ;
ને મૃત્યુ અડકી શકયું ન તુજને એ ના અજાણ્યું રહ્યું.
એનો ભેદ અગમ્ય કાંઈ અમને શું ના બતાવી શકે !
શુ મોંઘો કંઈ મંત્ર એ અમરનો શાણી ! નહીં શીખવે ?
તારૂ નિર્મળ ચિત્ત હા ! જગતથી ઉચ્ચું રહેલું હશે !
ને કો શક્તિ વડે નિરંતર ચડયુ ઉંચે જતું એ હશે.
એ ઉંચા ઉર માંહી મૃત્યુરસ ના પોં'ચી લગારે શકયો.
પામીને જડ દેહ વ્યર્થ સરખો સુકાઈ સેં'જે ગયો.
કાં તો ભેદ પીયૂષ ને વિષ તણો દૃષ્ટિ વડે દેખવા,
ના કાંઈ અવકાશ અંતર હશે કે બુદ્ધિથી જાણવા.
એથી ના વિષનું વિષત્વ પ્રકટી એ ઉર માંહે શકયુ;
વ્યાપારાંતરરૂદ્ધ ચિત્ત પણ ના એને સ્વીકારી શકયુ.
એ સીમા વિષની વટાવી ઉરને ઉંચે લઈ તું ગઈ.
કુદી વિશ્વ તણા કહે નિયમને શી પેર જુદી થઈ ?
હા ! એ પ્રેમઅવર્ણ્ય અંતર વિષે આલી ! રહ્યો ઉછળી !
આકર્ષી તુજને ઉંચે લઈ ગયો કો દિવ્ય સૃષ્ટિ મહીં.
ને પ્રેમામૃતના અજીત બળને ના ઝેર જીતી શકયુ.
ભાનુની દ્યુતિમાં તમિસ્ત્ર સમ એ કાં લીન એમાં થયુ.
દેવી ! દિવ્ય સુમંત્ર એ. પ્રણય એ, એ ભવ્ય આત્મોન્નતિ.
આપી આ ઉરને કૃતાર્થ કરી દે, એ એક ઇચ્છા રહી.
પ્યાલા વિશ્વ વિષે વમી વિષ તણા પીવા પરાણે પડે;
ને સંસર્ગથી દેહ દૂષિત સદા ત્યાં ઝેર કાં ના ચડે ?
સેં'જે શોણિતમાં, શિરા સકળમાં વ્યાપી વિશેષે રહે.
મૂર્ચ્છા આપી, ભુલાવી ભાન મનને એ મોહથી મુંઝવે.

એકે સિદ્ધ ઉપાય એ વિષ તણો કે વૈદ્ય કો ના મળે;
ને સંસાર સ્વભાવસિદ્ધ વિષ તો આપ્યા વિના ના રહે.
જાણું કે નવ જાણું તોય હૃદયે એ કાર્ય એવું કરે:
પ્રેરણું અંતરથી સુધા સમજવા તો સિદ્ધ ના થાય તે.
ક્યાંથી થાય? વિભેદને પળપળે જ્યાં ! ભ્રાત હૈયુ ભજે;
ક્યાંથી થાય ? અહંત્વપૂર્ણ ઉરને ભીતિ ન ક્યારે તજે.
મીઠું મૃત્યુ અરે ! અભાગી ઉરની પાસે નથી આવતું !
ના પ્હોંચે વિષ એટલું હૃદય હા ! ઉંચે ચડી ના જતું.
ત્યારે આમ ત્રિશંકુ તુલ્ય લટકી રે'વું કહે ક્યાં લગી ?
શું તારીસ્મૃતિ મુગ્ધ માનસ તણી ના કૈં સુધારે સ્થિતિ ?
તું જીતી જગને ગઈ, પ્રણય એ પંથે બતાવી ગઈ;
દૈવી મંત્ર અનેક એ કવનમાં શાણી ! છુપાવી ગઈ
મીઠી ભોગવી તેં મજા કહી ભલે તે કાવ્ય માંહે હશે,
ઉંચા કૈંક કળા ઉપાય વિષના વિધ્વંસ માટે હશે;
એનો અર્થ પરંતુ આ હૃદયને સાચો ન સૂઝી શકે,
ઝેરી પાત્ર વિષે પદાર્થ પડીને તદ્રૂપ શું ના બને?
જો તું આત્મબળે અભેદરસિકે! આ અંતરે આવશે,
ને એ દૃષ્ટિ, ઉદાર એ હૃદયની ઝાંખી ઘડી આપશે;
તો એ મંત્ર પવિત્ર પ્રેમપથના સે'જે અમે શીખશું,
ભેળી ઝેર સુધા વિષે ઇતરથા પંચત્વને પામશું.

૮૬—શંકિત શાકુંતલા.

વસંતતિલકા.

આ શો અતિક્રમ થયો મમ ભાગ્યભૂમાં !
આશાબ્ધિપ્રશોપ દુરિતોદય શો ઘડીમાં !

આ સત્ય કે સકળ સ્વપ્ન મને દીસેછે !
મારૂં પરીક્ષણ વિધિ અથવા કરેછે !
શું સાંભળું પતિતણી વિપરીત ઉક્તિ !
અંગીકૃતા ન મમ આ નિકટસ્થ વ્યક્તિ;
શું સૂર્યવંશજ ધરાધિપ આ વદેછે ?
અંતઃપ્રવિષ્ટ કળિનું છળવાક્ય તેછે ?
નિર્દુષ્ટ સ્નેહતણી નિષ્ફળતા ન હોય.
ને નિત્યવસ્તુવિનિવારક છે ન કોય !
'સાક્ષી મનોમન' બધા વિબુધો વદેછે,
તો આ પ્રસંગતણું કારણ હોય શું છે ?

આ શું અનેકરમણીપતિકેરી વાણી,
ભૂપાળના હૃદયની અથવા નિશાની !
શું રાજમંદિર બધાં છળથી ભરેલાં !
કે ધૂર્ત હોય મનના નરનાથ મેલા !
સંસારમાં પ્રબળ વંચન શું વસેછે ?
શું દૈવ દુર્બળ ગણી મુજને હસેછે ?
શું વિપ્રવૃંદથકી લજ્જિત ભૂપ ભાસે !
કે ધૈર્ય મહૃહૃદયનું નૃપતિ તપાસે ?
શું મત્સપત્નીગણના બળથી દબાઈ ?
કે વિપ્રપુત્રી સમજી ભય ચિત્ત ખાઈ ?
કે રાજયોગ ગુણનો વ્યતિરેક ધારી,
છોડે મને દયિત ભૂલ હવે સુધારી ?
શું સત્યનો પ્રલયકાળ શરૂ થયોછે ?
કે સ્નેહસિંધુ અહીં શુષ્ક થઈ ગયોછે ?
સત્યાન્રતા કરી મહીપતિકેરી નીતિ,
તેની મળે શું અથવા મુજને પ્રતીતિ ?

નિઃસ્વાર્થ સ્નેહબળથી વધતી વિશેષે,
શું કોઈ શક્તિ જગતીતળમાં વસે છે?
શું સ્નેહસિદ્ધિ શપથાદિકથી કરાય?
પ્રેમસ્વરૂપ અથવા વદને વદાય?
શું ક્ષુદ્રસંસ્તુતિતણો જય આ સ્થળે છે?
ને પ્રેમનો પણ પરાભવ સંભવે છે?
આ દુઃખદા જવનિકા ક્યમ દૂર થાશે?
સત્સ્નેહદર્શનથી દુઃખ સમસ્ત જાશે.

વાઘજી આશારામ.

૮૭—પૂર્ણિમા.

(સખીઓ નિજ નિજ નીતિ ધર્મ સદા સંભાળીઓરે—એ રાગ)

પુનમ ચાંદની ખીલી પૂરી અહીં રે;
શોભે રજની સુંદર શી આજ!
હેતે રમીએ સંગાથે સૈયર આપણે રે.
સૈયર કંકણ સોનાનાં કરે ધર્યાં રે,
માંહે જડીઆં છે લીલમ મણી નંગ.—હેતે૦
(સાખી) મળીઆં આજે આપણે, ધરી સોળ શણગાર;
કર કંકણ ચૂડી ચમક, ચંદ્રતેજ એકતાર.
હીરા રત્નથી જડીત ઉર હાર છે રે,
મોતીગુચ્છ ઝળકે છે બાજુબંધ.—હેતે૦
(સાખી) અંબોડા ફુલે જડયા, સરસેંથે હિંગુળ;
કીધા કુમકુમચાંદલા, મુક્તામાળા ઉર.

આરસપારસ મણી જડેલો ચોક છે રે,
તેમાં રમતાં વસતાં હૈયે નણદલવીર.—હેતે૦
(સાખી) પેર્યાં ઝાંઝર પ્રીતથી ઝણુણુ કરે ઝણુકાર;
ફરીએ સૈયર ફુદડી આ રજનીમોઝાર.
સખી વેલીઓ ફુલી વિધવિધ ભાતનીરે,
એ તો આપેછે શા સુંદર સુગંધ.—હેતે૦
(સાખી) કથા શીયળની સાંભળી, પ્રિતમ પર પ્રેમ;
વધ્યો, સખી વિરહો થઈ, મળે ત્વરાથી કેમ.
પુનમ ચાંદની ખીલી પૂરી અહીં રે.

૮૮—વિમળાનો પત્ર.

લાવણી.

આ પત્ર વાંચજો પ્યારા, તમે ખબરજ લેજો મારા.
અખિતંગ વિમળા દાસી, છું તમ દરશનની પ્યાસી;
છું રાઠોડની પ્યારા, તમે ખબરજ લેજો મારા.
મુગલોથી કાગળ આવ્યો, મુજ કાકાને એણે ડરાવ્યો;
તેથી કરે વિચાર નઠારા, તમે ખબરજ લેજો મારા.
હે રાજા તમને વરી છું, એ મુગલથી નથી ડરી હું;
સત્ય કરજો બોલ અમારા, તમે ખબરજ લેજો મારા.
એણે વસંતપંચમી ધારી, છે લગન તણી તૈયારી;
તે દિન પોંચજો પ્યારા, તમે ખબરજ લેજો મારા.
જેમ રૂકિમણીએ પણ લીધું, તેમ મેં પણ અહીંઆં કીધું.
હે કાન્ત કૃષ્ણ છો મારા, તમે ખબરજ લેજો મારા.
નિર્વીર પૃથ્વીને દેખું, કોઈ મારૂં પૂત નવ પેખું;
એક રાણા નરછો ન્યારા, તમે ખબરજ લેજો મારા.

અરે મ્લેચ્છ જાતને વરવું, તે થકી બહેતર છે મરવું;
નહિ આવો થશો હત્યારા, તમે ખબરજ લેજો મારા.
ક્ષત્રિનું તેજ સૌ વામ્યું, અસ્તાંગત સઘળે પામ્યું;
એક તમે છો પ્રાણ અમારા, તમે ખબરજ લેજો મારા
મુગલોએ સૌને પાડયા, છો એક અટંકી રાણા,
થયા ક્ષત્રિય સર્વ બિચારા, તમે ખબરજ લેજો મારા.
છો પ્રતાપના કુળ દીવા, તમ સાથ ચહું છુ વિવા,
હે રાજસિંહ રઢીયાળા, તમે ખબરજ લેજો મારા
ગૂરવીર પિતા વણ બેઠી, કાકા આથે દુઃખ વેઠી,
યશવંત નથી યગવાળા, તમે ખબરજ લેજો મારા.
એક રામસિંહની પક્ષ, મુજ પિતાના મિત્ર સુદક્ષ.
નથી અવર કોઈ આધાર, તમે ખબરજ લેજો મારા.
નથી અવર ઉપાયજ મારો, ક્ષત્રિનુ બિરદ વિચારો;
છુ દીન તમારી દારા, તમે ખબરજ લેજો મારા.

૮૯—દંપતી વ્યવહાર વિષે મતભેદ.

ગાયન

અપ્સરાઓ—પરાધીન પરવશ થઈ રહેનાર, પતિને પ્રભુ ગણી પૂજનાર.
નિરર્થક કાઢે નિજ અવતાર, બળ્યો એ દંપતીનો વહેવાર. (૨)

અનસુયા— સ્ત્રીઓનો પતિ થકી ઉદ્ધાર, પતિ રીઝવ્યે રીઝે કિરતાર.
કરો કેમ અવળા આમ વિચાર, ડિજળો આર્ય તણો સંસાર. (૨)

અપ્સરાઓ—પુરૂષને મન માન્યો અધિકાર, નારનો ભાર નહીં તલભાર;
અધમ શું અબળાનો અવતાર, બળ્યો એ દંપતીનો વહેવાર. (૨)

અનસુયા— સ્વામિના ભાગ્યને ભોગવનાર, નાવ નરને તરવા ભવપાર.
નથી કંઈ એ ઓછો અધિકાર, ડિજળો આર્ય તણો સંસાર. (૨)

અપ્સરાઓ—દીપે છે બન્નેથી ઘરબાર, નથી ન્યૂનાધિક નરકે નાર;
છતાં ક્યમ નહીં સરખી હકદાર, બળ્યો એ દંપતીનો વહેવાર. (૨)
અનસૂયા— પુરુષનું પળમાં દિલ હરનાર, ઠરાવી ગૃહિણી ગુણ ભંડાર;
સદા ઘરની તે કુલ મુખત્યાર, ઉજળો આર્ય તણો સંસાર. (૨)
અપ્સરાઓ—સ્વાર્થી મળ્યા શાસ્ત્ર લખનાર, નહીં કોઈ નાર પક્ષ કરનાર;
જોઈ પાડયા પાસા પોબાર, બળ્યો એ દંપતીનો વહેવાર. (૨)

વાંકાનેર ના. કં.

૯૦—પ્રભુ મહિમા.

(સારૂં સારૂં રે સુરત શેહેર, મુંબાઇ અલબેલી.—એ રાહ)

ગાઓ આનંદે સહુ આજ, પ્રભુના મહિમાને.
થાઓ બેન કૃતારથ આજ, નિરખી રચનાને.
આ ડોલર આ ગુલાબ બહેકે, ચંપા અને ચમેલીરે;
જુઓ જુઓ આ કદંબ વૃક્ષે, વીંટાણી જુઈ વેલી. પ્રભુના૦
(સાખી) બેસી આંબા ડાળપર, કરે કોકીલા ગાન.
સુંદર મધુરા શબ્દથી, તૃપ્ત કરે છે કાન.
કળા કરીને મનહર મયુરો, નૃત્ય કરે આનદે રે;
કીલકીલ કરતાં મેના પોપટ, અહીં તહીં ફરે સ્વચ્છંદે. પ્રભુના૦
(સાખી) વિચિત્ર રચના છે રચી આ જગમાં ભરપૂર;
તે શ્રીપતિના સ્તવનમાં મચો મદે ચકચૂર.
પરસ્પરે દઈ તાળી કરમાં નિજ પગ સરખા મેલોરે,
નાચો ગાઓ બેનો આજે ખેલ વસંતી ખેલો. પ્રભુના૦

૯૨—ચંદ્ર અને ધરણી.

(રાગ દેશ)

ઉગ્યો સખી સૃષ્ટિનો શણગાર હાર,
ચાલો ચાલો જોવાને ચંદ્રમા;
જોને પ્રેમઘેલી ભૂમિનો દેદાર,
જોને ડોલે સૃષ્ટિ આનંદમાં;
હાં રે ડોલે સૃષ્ટિ આનંદમા.

(સાખી) ધન્ય ધરા—સુંદરી તને, ચતુર ચંદ્ર તુજ કાન્ત,
શાન્તિપાઠ પઢાવતો, સાધીને એકાન્ત.

ધરણી પડી પતિને પાય, શિક્ષા શિરે ધરે રે,
ગુણીયલ ગોરી પતિગુણ ગાય, શાંતિ ચિતે સ્મરે રે;
ધરોને બ્હેનોં ધરતી માતાનું કહ્યું કાન,
પ્રીતેથી કરો સંસારસુધારસપાન.

(સાખી) ચંદ્રસુખે ચીડાઈને તારાનાં મુખ સ્યામ,
સદ્ગુણીનું સુખ ભાળીને રમે દુષ્ટના રામ.

સખી જોને પતિનું માન,
તેનાં ગંધર્વ ગાયે ગાન;
પામે દેવી સમાન સન્માન,
રમે રમા રસિક લઈ તાન. ધરણી પડી૦

(સાખી) ધરણી-નાર સમ ગૃહિણીઓ સેવે સ્વામી પાય,
ચતુર ચંદ્ર સમ પતિ મળે જયજય ત્યાં ઉચરાય. ધરણી૦

ચંદ્રશંકર નર્મદાશંકર.

૯૨— વહાલાંને આમંત્રણ.

(ઓધવજી સંદેશો કહેજો શામને—એ રાહ)

આવો આવો વહાલાં ! સાથે ઉડીએ,
ભોગવવાને કે કૈં દિવ્ય વિલાસ જો.
ઉચા ઉચા તેજોમય આકાશ છે.
ઉચા ઉચા આત્માના અભિલાષ જો. આવો૦
એકલવાયાં ઉડવું મુજને ના ગમે,
ચાહે આત્મા સ્નેહીના સહચાર જો:
ઝીણાં ઝીણાં સુખ સહુ મુજને લાગતાં
સ્નેહી જન ના સાથે ભોગવનાર જો. આવો૦
મારાં છો ને રહેશો મારાં સર્વદા,
બાંધ્યા પ્રભુએ સ્નેહ ભર્યા સંબંધ જો,
વિધિ નિર્મ્યા સંબંધો કરવાં સાર્થકાં,
સંચરીએ ના સાથે વ્યોમ અનંત જો. આવો૦

૯૩—બે ઝરણાં.

રાગ ઉપરનો.

ઝીણું ઝીણું જીવન ઝરણું એકલું,
સરતું કરતું સ્વચ્છંદે વિહાર જો;
નહાનકડી નિજ સૃષ્ટિમાં એ મહાલતું,
નહોતી એને અન્ય કંઈ દરકાર જો. ઝીણું૦

એવા એના સુખમય દિન ચાલ્યા ગયા,
એકલવાયુ જીવન લાગ્યું ન્યૂન જો;
બેલડી બનવા ઉર એનું તલસ્યાં કરે,
તલસે કરવા અધુરાં જીવન પૂર્ણ જો. ઝીણું૦
સમભાગી કો જીવન ઝરણું ત્યાં મળ્યું,
અભિલખતું એ સહચારીના સ્નેહ જો;
ભેળાયાં જલ એ જીવન ઝરણાં તણાં,
જુદાં રીટી એક બન્યાં બે વહેણ જો. ઝીણું૦

૯૪—ઉરનાં દ્વાર.

રાગ ઉપરનો.

ખોલો ખોલો વહાલાં! દ્વારો ઉરનાં,
બોલો બોલો અંતરની સહુ વાત જો;
પોતાનાંની પાસે પડદો ના ઘટે,
તમ સુખદુઃખે વહાલાં! મારો ભાગ જો. ખોલો૦
ઉરસરિતે પૂર આવ્યાં ભારે ભાવનાં,
રોકો કાં એ કુદરતના પ્રવાહ જો;
વહેવા દો વહેવા દો છુટાં પૂરને,
રોક્યાં ના એ આપણથી રોકાય જો. ખોલો૦
ભાવ ભર્યું હૈયું ખાલી થાવા ચહે,
તો મુજ વહાલાં! શાને આ સંકોચ જો;
ભાર હૃદયનો ઉર ઉઘડયે ઓછો થશે,
થાશે વહાલાં! ઉભય ઉરે સંતોષ જો. ખોલો૦

૯૫—સુખે તમે પોઢો સ્વામી મારા.

(કંસરાયને કહેવા ઘો કહાના—એ લય.)

સુખે તમે પોઢો સ્વામી મા'રા, બિછાવી છે સેજ સ્નેહે વાલા;
વિનીત આ વીનવે તમ દારા. સુખે૦
પીયુ ! પોઢો પ્રીતે થઈ શાંત, દિસે કુળી કાયા થઈ ક્લાંત;
સુખે માથું અંકે મૂકો કાંત. સુખે૦
કો' તો ધીમે ધીમે હું શિર દાબું, કો' તો ધીમે ધીમે ચરણ ચાંપું;
કો' તો ધીમે ધીમે પવન નાંખું. સુખે૦
કો' તો ગીત મીઠાં મીઠાં ગાઉ, કો' તો પાણી ઠંડાં ઠંડા પાઉ:
કો' તે સેવા આપની ઉઠાવું. સુખે૦
મીઠી મીઠી નીંદર ભોગવજો, સારાં સારાં સ્વપ્નાં અનુભવજો;
સંસારના સંતાપ વીસરજો. સુખે૦

સ્નેહાંકુર.

સુમંત.

૯૬—ગુર્જરી વાટિકા.

(સારૂં સારૂં રે સુરત શેહેર, મુંબાઇ અલબેલી-એ રાગ)

આવો આવોને, સાહેલી ! આજ, આનદે રમીએ;
લાવો લાવો, બહેની ! પ્રીતિસુખસાજ, ઉછરંગે ભમીએ.
રમીએ ને ભમીએ નંદનવન આ વાડી જ્યાં ગુર્જરી ખીલીરે,
વહે અમીઝરણાં સંગીતધરણાં, લચી રહી કુલવનવેલી. આનંદે૦

પ્રીતિનીતિનાં ગૃહકુંજોમાં કોયલ બુલ્બુલ ગાય રે,
મીઠડા સુણી સુણી ટૂહુરવ, ઉરરવભરીયુ વિલાન મન થાય. આનંદે૦
ભક્તિવીણા કર ધરીને કવિવરસંત કવે કલ્લોલ રે,
પ્રિય પતિના પ્રીતિભર સ્વર જ્યાં ગુંજન કરે રસલોલ. આનંદે૦
ગગન ગજવતી, ગાનવિમાને, પતિવ્રતવેણુ વાય રે,
તે લલકારની લલનાહ્રદયે પ્રણયશી મૂર્તિ સુહાય. આનંદે૦
પતિપત્નીનાં આત્મયુગલની ગુથી રૂડી ફુલમાળ રે,
પ્રભુપદ ધરીએ, ગાતાં ફરીએ ગુર્જરીગુણ સહુ બાળ.– આનંદે૦

નૃસિંહાચાર્ય.

૯૭–નીતિ અને ગૃહસંસાર.

(ઓધવજી સંદેશો કહેજો શ્યામને–એ રાગ.)

અબળા જાતિએ જગમાં જન્મી સદા,
પતિકુળમાં નીતિથી કરવો વાસ જો;
રાયસમુ સુખ હોયે માતપિતાગૃહે,
પણ તે સુખની તલભર ધરવી ન આશ જો. અબળા૦
પતિવ્રત પાળી પતિસેવા સજવી સદા,
પતિની આજ્ઞા કદી નવ. કરવી ભંગ જો;
માતપિતાસમ સાસુશ્વશુરને સેવવાં,
(વળી) નિકટ સંબંધી પાલવવાં જે અપંગ જો. અબળા૦

ષટ્રસ ભોજનની વિધિ સઘળી જાણવી,
ઉત્તમ પાક કર્યાની ધરવી હોંસ જો;
જે ગુણ જેમાં હોય તે તેથી શીખવો,
શિખામણ કો દે તો ન ધરવો રોષ જો. અબળા૦
પતિ પ્રભુ સમ લહી કરવી ભક્તિ પ્રેમથી,
અનન્ય થઈને પતિ પ્રતિ રહેવું શુદ્ધ જો;
તુચ્છ સકળ વ્યવહાર તણાં આ કારણે,
વાણીથી પણ કદી નવ કરવું યુદ્ધ જો. અબળા૦
સુખ દુઃખ સહેતાં સમ ગણવાનો મહાવરો,
દૃઢ રાખીને, અંતર રહેવું શાંત જો;
ભાગીરથી પ્રભુપદને અંતે પામવા,
શાણી સખીએ શિખ ગ્રહી ભજવા કાંત જો અબળા૦

શિવસુત કેશવ.

૯૮—સ્ત્રી નીતિધર્મ.

(પુનમ ચાંદની ઇ૦ એ રાગ)

સખીઓ નિજનિજ નીતિધર્મ સદા સાંભળીએ રે,
પરમ પવિત્ર પતિવ્રત પટકુળ કરી પરિધાન,
સાસુસસરા માતપીતાની સેવા સાચવો રે:
ભાવ સહિત ભક્તિથી નિત ભજીએ ભગવાન,
એવા ઉત્તમ ગુણથી ઉભય સુકુળ અજવાળીએ રે. (ટેક)

(સાખી) નજરે નજર ન જોડીએ નાથ વિના નર સાથ,
પરનરને નવ આપીએ, તાળી હાથોહાથ.
હસવું રમવું જમવું એકાંતે નવ બેસવું રે.
પતિ વિણ પતિના પણ સન્મિત્રોની સંગાથ.— એવા૦

(સાખી) નાથ વિના કરવી નહિ, વિનોદરસની વાત,
વિશ્વવિરૂદ્ધ ન વર્તવું, ભલે તાત કે ભ્રાત.
સજની ભ્રષ્ટ થવું નહીં સુધરી સદ આચારથી રે,
નિર્લજ નટખટની સોબત તજવી મુજાત.— એવા૦

(સાખી) કુષ્ટી કદૂપ કુબડો, નિર્ધન નિર્બળકાય,
મતિહીન પતિત પતિ મળે, એ સતીને સુરરાય.
જોડી પગ અંગુઠે દ્રષ્ટિ આછું ઓઢીએ રે,
સુખકર સાચવીએ સૌ સાથે સંપ સદાય— એવા૦

(સાખી) ઉંચે સ્વરે ન ઉચરવું, મૂકીને મરજાદ,
કુલીન બે'ન કરવો નહીં, વડીલથી વિવાદ.
ચંચળ ચાલે ચટક મટક ચતુરા નવ ચાલીએ રે,
શિવસુત કેશવની શિખામણ અંતર યાદ— એવા૦

મણિશંકર વિશ્વનાથ.

૯૯—દંપતી સ્નેહસંકળના.

(ઓધવ નંદનો છોરો નમેરો થયો જો—એ રાગ.)

એમ 'પ્રેમ એકમેક' ધરો દંપતી જો;
જેથી રીઝે તમો પરે ખરે જગપતિ જો. એમ પ્રેમ. ટેક

શોભે નિશા વડે ચંદ્ર ચંદ્રથી નિશા જો.
જેમ દિશા વડે કિરણ કિરણથી દિશા જો. એમ૦
શોભે ધીરા વડે ઢાલ ઢાલથી ધીરે જો;
શોભે હીરા વડે હેમ હેમથી હીરો જો. એમ૦
શોભે સેન વડે ભૂપ સેન ભૂપથી જો;
જેમ ગુણ વડે રૂપ ગુણ રૂપથી જો. એમ૦
શોભે પદ્મ વડે નીર પદ્મ નીરથી જો;
જેમ મુગટ વડે શિર મુગટ શિરથી જો. એમ૦
શોભે પ્રાણ વડે દેહ પ્રાણ દેહથી જો;
તેમ નારી વડે નેહ નારી નેહથી જો. એમ૦
શોભે માત વડે બાળ માત બાળથી જો,
જેમ રાગ વડે તાલ રાગ તાલથી જો. એમ૦
શોભે ભક્તિ વડે ભાવ ભક્તિ ભાવથી જો,
જેમ સઢ વડે નાવ સઢ નાવથી જો. એમ૦
શોભે છે દયાથી દાન દયા દાનથી જો,
જેમ વાજું વડે ગાન વાજું ગાનથી જો. એમ૦
શોભે મુખ વડે દંત મુખ દંતથી જો;
તેમ નારી વડે કંથ નારી કંથથી જો. એમ૦
એવાં જોડાં શોભેછે એક એકથી જો;
પ્રેમે જો હળીમળી વસે વિવેકથી જો. એમ૦
હ્રદે રાખજો કથન મણિતુલ્ય છે જો;
ખરા પ્રેમ તણી કિમત અમૂલ્ય છે જો. એમ૦

વસંતવિનોદી.

૧૦૦—નવી ભાભી.

(સારૂં સારૂં રે સુરત શેહેર ઈ૦—એ રાગ.)

આજ આંગલણું ઉજળાય, ભાભી આવેછે;
શીળી જગની નૌતમ છાંય, સાથે લાવેછે.

મંદ મંદ હસતી, મુખ નવ વદતી, લતા લચી લચી જાય રે,
મીઠી ભાભીના અંતર ઉમળકા ખેલી નયન શરમાય,
ભાભી આવેછે. આજ૦

નિર્મળ સરિતડી ભાભી અમોલી વહેશે સાત્વિક ગાન રે;
સાગર સમો બડ ભ્રાત રસીલો ઝીલી દેશે નદી તાન,
ભાભી આવેછે. આજ૦

વહાલી ભાભીના સોડેથી સરશે સરલાં સુંદર ફુલ રે;
નિત નિત ખીલતાં વિધવિધ ઝુલતાં તેજવશે વીરકુળ.
ભાભી આવેછે. આજ૦

માડી જાયાની દેવી ભાભલડી, વીર જયમ વૈકુંઠનાથ રે.
મંગલ હૈયાંહીર અમલાં ગુંથાતાં ઝળકશે પુણ્ય પ્રકાશ,
ભાભી આવેછે. આજ૦

અનુપમ જોડલું પાશે પ્રભુતા, થાશે જગત રળીઆત રે,
કુંમકુમ ચાંદલો મોંઘી ભાભીનો અક્ષર રહો જગતાત!
ભાભી આવેછે. આજ૦

સુંદરીસુબોધ.

નૂતનશ્રી.

૧૦૧—સપ્તપદીમાં કન્યાની પ્રતિજ્ઞાઓ.

(પુનમ ચાંદની ખીલી ઇ૦—એ રાગ.)

સુખદુઃખ સર્વેમાં આજ થકી સમભાગિની રે.
જ્યાં જે સ્થિતિ મહીં રહે વા'લા મારા પ્રાણ,
ત્યાં તે સ્થિતિ મહીં હું સદા રહીશ આનંદથી રે,
તો તો સચવાયે મુજ શીયળ અને સૌભાગ્ય,
એ મેં કરી પ્રતિજ્ઞા, પહેલે પગલે લગ્નમાં રે.
(સાખી) બાલકથી વૃદ્ધા સહુ ઉપર રાખી પ્રેમ,
ભલું કરી કુટુંબનું પોષું સહુને તેમ.
ઘરમાં શું છે શું નહિ તે સર્વે સંભાળીને રે,
કરતાં યોગ્ય ખર્ચ, રાખીશ તેનો હિસાબ,
એ મે કરી પ્રતિજ્ઞા બીજે પગલે લગ્નમાં રે.
(સાખી) સ્વામિભક્તિ હું કરૂં પ્રભુભક્તિથી વિશેષ,
સત્ય મીઠી વાણી થકી રીઝવું પતિ હમેશ.
સબળ કારણ વિણ પતિ સન્મુખ ઉદાસ થવું નહીં રે:
જેથી પતિને દુઃખી થવાનું કારણ થાય,
એ મેં કરી પ્રતિજ્ઞા ત્રીજે પગલે લગ્નમાં રે.
(સાખી) પતિને કંઈ દુઃખ આવતાં, પહેલુ મુજને થાય,
મારા સુખના સ્વાર્પણે પતિનું સુખ સચવાય.
પતિને પ્રભુ માનીને તેની આજ્ઞા પાળવી રે;
અનુસરી આચારે આ પાળીશ સેવકધર્મ,
એ મેં કરી પ્રતિજ્ઞા ચોથે પગલે લગ્નમાં રે.

(સાખી) આવીશ મારા ધર્મમાં, શાસ્ત્ર અનુશાસાર;
સેવીશ શુદ્ધ ભાવે તદા ધર્મ કરી સ્વીકાર.

પતિ વિણુ અન્ય જનો નિજ પુત્રો ભાઈબાપ છે રે;
કદીએ દૃષ્ટિ નહિ તેઓ સાથે જોડીશ,
એકાંતે નવ હસીં રમીં બોલીને શીળ સાચવું રે;
સીતા અનસૂયા જેવીને અનુસરીશ;
એ મેં કરી પ્રતિજ્ઞા પંચમ પગલે લગ્નમાં રે.

(સાખી) આ સહુમાં સાક્ષી પ્રભુ, તેથી બીને છેક,
શબ્દે શબ્દ પળીશ હું પાળી ધર્મની ટેક.

અમ લગ્ન પહેલાં પણ બન્નેની પ્રીતિ હતીરે;
તેવી લગ્ન પછી પણ રહે નિરંતર ક્ષેમ,
એ મેં કરી પ્રતિજ્ઞા છટ્ઠે પગલે લગ્નમાં રે.

(સાખી) હોમ યજ્ઞ કર્તવ્યમાં સદા રહીશ હું સાથ,
કર્તવ્યોત્તમ સેવના–તેજ યજ્ઞ મુજ નાથ.

સમજી એ સહુ ધર્મ સદા પાળીશ ઉમંગમાં રે;
જપ તપ વ્રત પણ આજ્ઞા વિણુ નવ મુજથી થાય,
એ મેં કરી પ્રતિજ્ઞા છેલ્લે પગલે ચાલવારે.

ગીતમાળા.

આધ્યાત્મિક.

૧૦૨—પનીઆરી.

(શીખ સાસુજી દેછેરે વહુજી રહો ઢંગે—એ રાગ)

આવી મનોહર સંધ્યારે નિર્મળ નભમાં વહેલી,
ચાલ્યાં જળ ભરવાનેરે મળી સહુ સાહેલી.
(સાખી) આંજી અંજન નેત્રમાં ગુંથી વેણી સાર,
કરીઆ કુમકુમ ચાંદલા અંબોડે ફૂલહાર.
લીલી વાડીના વનમાંરે ચાલ્યાં અમે મલકાતાં,
કાંઈ મંદ પવનમાંરે જોબનથી લચકાતાં.
(સાખી) પાયે નુપુર ઝમકતાં કરતાં સઉ મૃદુહાસ,
મદમાતાં ત્યાં આવીઆં વાડીના કુંપ પાસ.
છે ગીચ ઘટા ત્યાંરે તરૂવરની વીંટાઈ,
જ્યાં સુંદર વનિતારે કરે ચેષ્ટા કાંઈ.
(સાખી) સોને રસીઆં ક્ષેત્રમાં મોરલીનો ઝણકાર,
તે સાથે ત્યાં વાજતો કોસ તણો રણકાર.
ચુંચવાટ કરીનેરે પ્રીતે ખેંચ્યાં પાણી,
માથે મુકયું ઉઢાણુંરે લીધું દોરડું તાણી.
(સાખી) ગંગાજમની બેડલાં ચડાવીઆં અમ શીષ,
સૌ સાથે પાછાં વળ્યાં ધીરેથી ઘર દિશ.
તેજે રસીયો રાતોરે ભભુકતો થઈ ભાનુ,
અતિ રેણુ ઉરાડીરે દોડી આવતી ધેનુ.
(સાખી) તેવે રમ્ય સમે અમે, પનીઆરીની હાર,
સુણી વાતો સુખદુઃખની પળીએ પુર મોઝાર.

દરવાજે જ્યાં જઈએરે મળે અમને પીયુજી,
આખું ઓઢીને ખસીએરે ત્રાંસી નજરે જોઈ.
(સાખી) શરમાઈને આલીએ કહ્યું કરતાં એમ,
(પણ) ભરીએ અમ જળ મીઠડાં, મીઠા છે અમ પ્રેમ.
આવી નિજ નિજ સ્થાને રે થઈએ આનંદી,
જળ મૂકીને જઈએરે સાસુજીને વંદી.

સુંદરીસુબોધ.

ગોકળદાસ દ્વારકાંદાસ.

૧૦૩—હો ! શાણી.

નેહનાં નયણાં ને મંજુલ વાણી, સાસરીએ જઈ ધરજે હો ! શાણી;
વહાલેરાં વહાલેરાં વચનોની લહાણી,સાસરીએ જઈ કરજે હો ! શાણી.
સ્નેહનું મંદિર ને શાંતિની શાળા, ગૃહને બનાવી રહેજે હો ! બાળા;
સ્વામીની સેવાના પાઠો રસાળા, ધ્યાન ધરીને પઢજે હો ! બાળા.
કુટુંબ પ્રેમી ને સંસારે રહેમી, સ્નેહી સુધાસમ બનજે હો ! બે'ની;
જીવન જ્યોતિ ને સત્યની ધુની, વિનય વિચારે જગાવે હો ! બે'ની.
સ્વામી સંતાપ ને સ્નેહ પ્રમાણી, સેવિકા ધર્મને ધરજે હો ! શાણી;
સહન શક્તિને ધૈર્યે પિછાણી જગમાં વિચરજે સદાયે હો ! શાણી.

સુંદરીસુબોધ.

અજ્ઞાત.

૧૦૪—સ્ત્રી-સુબોધ.

(કામણુ દીસે છે અલબેલા તારી આંખમાંરે—એ રાગ)

મહિલા ! મહિલા મહિમા સદ્‌વર્તનથી વધારજે રે,
ખ્યાતિ પ્રસારજે રે. મહિલા૦
વિશ્વ સકળનો તું છે પાયો, જન્મ થતાં જે જીવન છાયો,
સ્નેહયુક્ત શિક્ષણથી હૃદય ખિલાવજે રે, દુર્ગુણ દાબજે રે. મહિલા૦
કેળવણી-કુંચી કર લઈને, હૃદય દ્વાર ઉઘાડી દઈને,
પુનિત પ્રેમથી આત્મજ્યોત પ્રકાશજે રે, સ્નેહ વધારજે રે. મહિલા૦
નિજ સંતતિ સંભાળી ભારી, લાડ થકી શિક્ષા દેનારી,
સ્પર્શમણિ થઈ બાળકમન દીપાવજે રે, સદ્‌ગુણ આપજે રે. મહિલા૦
બાળક રોપા રૂપ ગણીને, કેળવણી-વારિ સીંચીને,
દાતા શૂર કે ભક્ત, બાળ ખિલાવજે રે, શૂરત્વ વધારજે રે. મહિલા૦
કાળ બધો હુન્નરમાં વાળી, ભરત શીવણ પ્રતિ નિત્યે ગાળી,
સુંદર કાર્યે ચપળા વૃત્તિ ચલાવજે રે, મન હર્ષાવજે રે. મહિલા૦
કાર્ય કરંતાં દાસી થઈને, મંત્રી સમ સુવિચારો દઈને,
ધર્મ કાર્યમાં ધૈર્ય સદા મન ધારજે રે, દુઃખ વિદારજે રે. મહિલા૦
તુજ શિક્ષણથી દેશ સુધરશે, બાળક રત્નસ્વરૂપ નીવડશે,
દેશોન્નતિનો મજબૂત પાયો નાખજે રે, ભાવિ સુધારજે રે. મહિલા૦

ગીતમાળા.

૧૦૫—જગઉદ્યાન.

(પુનમ ચાંદની શોભી પુરી અહીં રે—એ રાગ)

ગુણીયલ બહેની ! ચાલો જઈએ જગ ઉદ્યાનમાં રે,
લહાવા મળશે ચિત્તને શાંતિ સુખ અનુપ,

વિધવિધ જાતિ પુષ્પો ઇશકૃતિના ન્યાળશું રે.
(સાખી) જનવાડી ખીલી રહી, વિધવિધ રંગ ભરેલ,
વૃક્ષો પુષ્પો છાજતાં, સુગુણ સુગંધની રેલ.
સ્નેહે બહેની ! શુદ્ધ પરાગ સુહાસ્યથી રે;
કરશું ઉરઆનંદે પ્રભુ મહિમાનાં ગાન. ગુણીયલ૦
(સાખી) વિચારવાડી ખેલીને, જઇશું આપણ બહેન !
પ્રભુની લીલા ન્યાળીને કરશું તે સંગ ચહેન.
અંકુર વાવીશું ત્યાં નીતિના બહુ સ્નેહથી રે,
હિરઉમંગ તણું સીંચીને નિર્મળ નીર. ગુણીયલ૦
(સાખી) ધૃતિ, પ્રીતિને રાખતાં જોશું ફળની વાટ,
યત્ને શરાં રહી સદા વિસારશુંજ ઉચ્ચાટ.
આવો, જોઇએ, બે'ની ! હદ્દબાગે સ્નેહે ફરીરે,
કરી વૃદ્ધિ થઇ છે, આપણુ અંકુર માંહ. ગુણીયલ૦
(સાખી) પ્રેમાંકુરો ફુટીઆં, જ્યાં ત્યાં બહુ સુકુમાર,
સમતા સરિતા વારીને સીંચો બહેનો સાર.
પતિભક્તિની કલિકા શોભે શી આ બેનડી ! રે,
ચાલો હર્ષે પતિસહ લઇએ મોક્ષકુસુમ. ગુણીયલ૦

ગીતમાળા.

૧૦૬—સાસરૂં.

ઉંચા ઉંચારે વાંકાનેરના ગઢડારે, વાંકાનેરના ગઢડારે,
ગઢથી ઉંચા ગઢના કાંગરા.
નણંદ ભોજાઇરે પાણીની હારરે, પાણીની હારરે,
ભોજાઇ અંગલટ પાતળી.
બેડાં મેલ્યાં રે મરચુની પાળરે, મરચુની પાળરે,
ઇંઢોણી વળગાડી આંબા ડાળખી.

પંથી પૂછે રે નગરીની વાટરે, નગરીની વાટરે,
ભોજાઈએ વીરને ઓળખ્યો.
બાર બાર વરસેરે વીર આણે આવ્યારે, વીર આણે આવ્યારે,
કઈરે દિશાએ બેની તારા ઓરડા.
ઓરડા છેજરે બવળી બજારે રે, બવળી બજારે રે,
ફળી વચ્ચે લીલો લીંબડો.
વીરન ઢોલીઆરે ઢાળ્યા લીંબડ હેઠ રે, ઢાળ્યા લીંબડ હેઠરે,
પાસે ઢાળ્યોરે બેનનો રેંટીઓ.
બેની કરેરે સુખ દુઃખની વાતો રે, સુખ દુઃખની વાતોરે,
ઘેર જઈશું ને માડી પૂછશે.
હૈડું ફાટેરે મનડું મુઝાય રે, મનડું મુઝાયરે,
આંખડીયે આંસુ ઝરે.
સસરો મારોરે શુળીનું ફુલ રે, શુળીનું ફુલરે,
સાસુ તો મણુઝર નાગણી.
જેઠ મારોરે અશાડીઆ મેઘ રે, અશાડીઆ મેઘરે,
જેઠાણી વાદળ વીજળી.
દેર મારોરે તલવારની ધાર રે, તલવારની ધારરે,
દેરાણી મુજસમ દુઃખણી.
નણંદી મારીરે કટકનો ઘોડો રે, કટકનો ઘોડોરે,
ચડયાં કટક પાછાં વાળતી.
ખાંવા ખાવોરે બાર વરસનો બાજરો રે, બાર વરસનો બાજરોરે,
તેર દિવસે માથે તેલ જડે.
દહાડે કરવાંરે દળણાંને પાણી રે, દળણાંને પાણીરે,
રાતે કાંતવો વીરા રેંટીઓ.
પરણ્યો મારોરે નથી જોયું સુખ રે, નથી જોયું સુખરે,
બાર બાર વરસના અબોલડા.

બેનને નયણેરે, આંસુ'ની ધાર રે, આંસુડાંની ધારરે,
જીરે આંસુડે સાગર છલી વળ્યા.
જીરે બેનીને દુઃખે ડુંગર ડોલીઆ.
બાર બાર વરસેરે આણું પાછાં વાળીઆંરે, આણું પાછાં વળીઆંરે,
વીરાની વાટ ખૂટે નહિ.
આવ્યાં આવ્યાંરે મચ્છુમાં પૂરરે, મચ્છુમાં પૂરરે,
ઝીલો માતા દુઃખી દીકરી !

૧૮૭—રસ બાળકનું નિદ્રાગીત.

(તોટક.)

ઉંધી જા, ઉંધી જા રસબાલક ! તું, ઉંઘી જા રજનીભર, ઓ પ્રિય ! તું;
હસતાં કૂદતાં, રમતાં રમતાં, ઉંઘી જા સુણતાં ગીતડાં મીઠડાં !
ઉંઘી જા પ્રભુના પ્રિય બાલક તું, રખવાળું તને જગપાલકનું !
સુખડાં મધુરાં સહુ પામીશ તું, દુખડાં દીનનાં પ્રિય વામીશ તું !
વીતશે દિવસો ત્યમ વાધીશ તું,—નકી પામીશ આત્મિક ઉન્નતિ તું !
ભુલી ભાન બધુ કડવા જગનું,—કર સેવન દિવ્ય તું શાંતિ તણું !
સઘળો દિન આ રમતાં રમતાં, ઘરમાં વળી દોડી બહાર જતાં;
બહુ થાકી વિરામ હવે ગ્રહવા—ઉંઘી જા, સુપ્રભાત વિષે ઉઠવા.
ઉંઘી જા, ઉંઘી જા રસ બાલકડા !—મધુરૂં મધુરૂં હસતાં, રમતાં !
ઉંઘી જા, સુખી થા શયને મૃદુ આ,—સુપ્રભાત વિષે ફરીથી ઉઠવા.
હસવા, રમવા, કૂદવા, ફરવા, વધતો ઉર હર્ષ નવો ધરવા;
નવજીવન નિત્ય ઊઠી ગ્રહવા—ઉંઘી જા, ઉંઘી જા, રસ બાલકડા !

સુંદરી સુબોધ.

૬. ન. સ્માર્ત.

૧૦૮—ખાણ્ણું (હિત શિક્ષા.)

આવોની સૈયર શિક્ષા રૂડી લઈએ,
એક બીજાને કહીએ—કે વાત વિવેકની.
ઉઠી પ્રભાતે જગદીશ્વરને ભજીએ,
દુર્બુદ્ધિને તજીએ,—કે સુખ સૌ સાંપડે.
ચિત્ત રાખીને ઘરનાં કરવાં કામ,
ખાલી ખોટો દમામ,—કદી નહિ રાખીએ.
અણુ બોલાવ્યાં પરઘેર તો નહિ જઈએ,
ઉછાંછળાં નવ થઈએ,—કે રહીએ ભારમાં.
પારકી વસ્તુ પત્થર સમ પરમાણો,
આપણી હીરાસમ જાણો,—ભલે હોય કોડીની.
"ભલે પધાર્યા પ્રીતે કરો જળપાન",
એમ કહીને સન્માન,—કરો સૌ સ્નેહીનું.
સ્થાન ઠરાવો સ્થાને વસ્તુ રાખો,
જ્યાં ફાવે ત્યાં નાંખો,—શોધી જડશે નહિ.
ઝાડી ઝપટીને કચરો પુંજો કહાડો,
એઠું ને ગંદવાડો,—જરા નહિ રાખીએ.
નવરા બેસીને વાત ન કરવી નકામી,
એ તો મોટી ખામી,—છે અબળા જાતમાં.
આળસ નિંદા આપવડાઈ છાંડો,
ઉદ્યમ તો કંઈ માંડો,—કે જે હોય લાભનાં.
રીસ છણકો ને બબડાટ ત્રણે તજીએ,
શાન્તિ ક્ષમા ગુણ સજીએ,—પીયર ને સાસરે.

હસવું બોલવું સરખે સરખામાં સાર,
વડીલથી તો ન્યારૂં,—વર્ત્તન સૌ રાખવું.
ક્રોધ કરીને કડવું વેણ ન કહેવું,
કોઈ કહે તો સહેવું,—પાછું નહિ વાળવું.
પોલકાં ચોળીને ઝીકની સાડી બેશ,
નીતિ રીતિ નહિ લેશ,—તો એ કેમ શોભશે?
ભણો ભલે પણ ઘરધંધો સૌ શીખો,
એના વગર તો તીખો,—સંસાર સૌ લાગશે.
નણંદ સાસરીએ પીયરમાં ભોજાઈ,
સ્નેહ રાખો સુખદાઈ,—સગી બહેન જાણીને.
ભણ્યા ગણ્યા કંઈ રાખી મન ઉમંગ,
રસોઈમાં નહિ ઢંગ,—ભણતર શા કામનું?
મૈયરના મીઠા મેવા તેથી શું રાજી,
રૂડો રોટલો ને ભાજી,—કે આપણે સાસરે.
મૈયરમાં હોય મહેલ ઝરૂખા જાળી,
આપણે લાગે રૂપાળી,—સાસરીએ ઝુંપડી.
સ્નેહી સગા સું હળીમળીને રહીએ,
એકલવાયાં ન થઈએ,—કે સુખ છે સંપમાં.
ભૂષણ સ્ત્રીનું લજ્જા મધુરી વાણી,
ગુણવતી ને શાણી,—સદૈવ એ શોભતી.
વદન પ્રફુલ્લિત વિવેક બુદ્ધિવાળી,
ઘર રાખે સંભાળી,—એ તો મોંઘા મૂલની.
ચોક્ખું શરીર ચીર, ચોક્ખાં ઘરને બાર,
આરોગ્યના એને દ્વાર,—સદા રહે ઝૂકતી.

મોટામાં મોટું સુખ સંતોષે દીઠું,
અમૃતથી પણ મીઠું,—નંદન વન એજ છે.
સુમન સુવાસિત હિતશિક્ષાની માળા,
મુગ્ધા પ્રૌઢાને બાળા,—પહેરો નિજ કંઠમાં.

૧૦૯—સાસરે જતી કન્યા પ્રત્યે સખીઓનો ઉદ્‌ગાર.

આજ પ્યારી સખી સાસરે જા...એ;(૨) હર્ષ અંગ બહેન વધ્યો છે ભારી,(૨)
તુજથી વિખુટા, ક્યમ પડી છુટા, અમથી રહેવાયે?
આજ પ્યારી સખી સાસરે જાએ.
પ્રીત તારી બહેન અમને સતાવે,(૨) ઝુરી ઝુરી મન, વિના પ્યારી તન
અતિરે મુઝાએ.—આજ પ્યારી સખી સાસરે જાએ.
પાઠવજે પ્રેમે પત્રિકા જઈને,(૨) પતિ સંગ રંગનો રાખી ઉમંગ.
રખે ભુલી જાએ?—આજ પ્યારી સખી સાસરે જાએ.
પ્રેમ થકી માગીએ પ્રભુ પાસે,(૨) સૌ સુખકારી, પતિની એ પ્યારી
ને આપો સદાયે.—આજ પ્યારી સખી સાસરે જાએ.

૧૧૦—કન્યાનો પ્રત્યુત્તર.

પ્રેમરે તમારો બેન! કદી નહિ ભુલાય; (૨)
કદી નહિ ભુલાય છોડી જાતાં જીવ જાય. પ્રેમરે૦
ટોળાં વિખુટી મૃગલી પેઠે સૈયર મુજને થાય,
વિયોગ થાતાં પ્યારી સખી તમ, આરે હૃદય ચીરાય. પ્રેમરે૦
ફુલો વીણતાં સૈયર સાથે, ફરતાં વાડીની માંય,
કરતાં હાસ્યવિનોદ કેવો બેન, એ દિન નહિ વિસરાય. પ્રેમરે૦
ઇચ્છું આરોગ્યતા તમ સરવેની પ્રભુ પાસે હું સદાય,
પત્ર લખીશ લખજો તમે પ્યારી! થાઉં છું બેન વિદાય. પ્રેમરે૦

૧૧૧—વિદ્યામંદિર વર્ણન.

(નટવર વસંત થૈ થૈ નાચી રહ્યો— એ રાગ.)

સખી વિદ્યાનો વિશાળ બાગ ઝૂકી રહ્યો (૨)
ઝૂકી રહ્યો જગ ઝુકાવી રહ્યો–સખી વિદ્યાનો વિશાળ બાગ ઝૂકી રહ્યો.
(સાખી) આહ્‌લાદક શાળા બની નવરંગી રળીઆત,
વિદ્યારસિક બાળા સહુ સેવે શારદમાત.
ભણવા નિશાળે ચાલી બાળા હો મહાલતી,
વિદ્યાનો રંગ અંગ લાગી ગયો–સખી વિદ્યાનો વિશાળ બાગ ઝૂકી રહ્યો.
(સાખી) મનહર સુખકર જ્ઞાનની લહેર ઘુમે ચોપાસ,
જાણું માતા સરસ્વતી રાસ રમેછે ખાસ.
ભિન્નભિન્ન સાક્ષર લેખ ગ્રંથે ઝમકેરે,
અવનવા કવિના કાવ્ય વીજ સમ ચમકેરે.
(સાખી) કર વિણા પુસ્તક ગ્રહી સ્ફટિક સમ સાક્ષાત,
શોભેછે બુદ્ધિપ્રદા મયુરવાહને માત.
વિદ્યા સરિતે રમે બાળા ઉલ્લાસમાં,
નીતિ પ્રવાહ પૂર ચાલી રહ્યો–સખી વિદ્યાનો વિશાળ બાગ ઝૂકી રહ્યો.

૧૧૨—આનંદનો ઉભરો.

હળીમળી રહીએ, સૈયર શાણા થઈએ, નિશાળે નિત્ય જઈએ, ભણવા ઉમંગે.
મીઠું વિદ્યાવારી, આહા શી બલિહારી, પીઓની બેન પ્યારી, બેસી સહુ સંગે.
સુકૃત પાન પ્યારૂં, સોપારી શીળ સારૂં, સદ્‌ગુણ સ્વાદ ધારૂં, એલચી લવંગે.
કુવેંમ દૂર કહાડી, અજ્ઞાનને નસાડી, નીતિની શુભ સાડી, પહેરો નિજ અંગે.
સુવિદ્યાના આ ક્યારા, ફૂલો છે ન્યારા ન્યારા, વીણી લ્યો સારા સારા, રમો નેસું રંગે.
મધુરી ધીમી વાણી, બોલોની બેન શાણી, કરો વિવેક લહાણી, નિત્યના પ્રસંગે.

૧૧૩—શારદા સ્તવન.

ગરબો.

સજી શીળરૂપી વસ્ત્ર અલંકાર, ચાલો સખી ફરવાને:
જુઓ શારદાદેવીનું પેલું દ્વાર, દરશન કરવાને.
પદ્માસનથી પોતે બિરાજ્યા, મયુરે માતા શોભેરે.
ઝીણાં વીણાનાં સુર રસીલાં, સુણીને ચીતડું લોભે.
ચાલો સખી ફરવાને.
ઝગઝગ ઝમકે તેજ દેવીનુ, દિવ્ય સ્વરૂપે પ્યારૂં રે.
મનહર સુંદર મુરતી નિરખતાં, તલ્લીન થયું મન મારૂ,
ચાલો સખી ફરવાને
કુમકુમ કરમાં લેજો સાહેલી, અક્ષત તો અલબેલી રે,
પુષ્પની માળા પરમેશ્વરીને, પ્રીતે પહેરાવો વહેલી.
ચાલો સખી ફરવાને.
શાંતિની દાતા બુદ્ધિ પ્રદાતા, નમી નમી ચરણે લાગો રે,
સૃષ્ટિનું સત્વ છે એમાં ભરેલું, ભાવ ધરી બેન માગો,
ચાલો સખી ફરવાન
સરસ્વતીનું શરણુ ગ્રહીને, સેવે જે નરનારીરે,
મનમાન્યું ફળ મળશે તેને, આહા ! કેવી ! બલિહારી !
ચાલો સખી ફરવાને.

૧૧૪—વટસાવિત્રી પૂજન.

આવો ગાવો (૨) આવો ગાવો સાહેલી સાથે મળી,
આનંદ હેલી કરી ગાવો—આવો ગાવો.
વટસાવિત્રી પૂજન કરીને,
રહો શાણી સતી, સૌભાગ્યવતી, લ્યો અખંડ પતિસુખ લહાવો. આવો ગાવો.

અખા દીર્ઘાયુષ આપો પતિનુ,
સુખશાંતિ મળે, દુઃખ ભ્રાંતિ ટળે, પતિવ્રત પળે, મન ભાવો. આવો ગાવા.
મહા ઉત્સવનો છે દિન આજે,
રમે સૌ સુન્દરી, બહુ હર્ષ ભરી, નહિ આવે ફરી દિન આવો. આવો ગાવા

૧૧૫—વિદ્યોદ્યાન.

ગરબો.

મનહર સુખકર સુંદર, વિદ્યા કેરો બાગ, બન્યો ગુલઝાર,
સૈયર થાઓની તૈયાર
લહેકે બહેકે તરુવર, તનમન તલ્લિન, કરે ખરે રસદાર,
સૈયર થાઓની તૈયાર
વેલી પેલી નમેલી, નીતિ રીતિની, આહા કેવી બલિહાર,
સૈયર થાઓની તૈયાર.
સાખી—સદ્ગુણ ફૂલ ગુલાબનું, આપે અતિ સુવાસ.
શુદ્ધ ચિત્ત ચંપો વળી, શોભે તેની પાસ.
ફરવર ઉડે ફુવારા, પડતી ધારા, વિનય વારિ ખુશકાર,
સૈયર થાઓની તૈયાર
શોધક અર્થી રૂપે, ગુણ ગુણ સ્વરથી, ભ્રમર કરે ગુંજાર,
સૈયર થાઓની તૈયાર.
વિધવિધ વિદ્યારૂપી, શુક સારિકા, મધુર કરે ટહુકાર,
સૈયર થાઓની તૈયાર.
સાખી—બકુલ મલ્લિકા માલતી, સુમન સુવાસિત સાર,
મુદિત કરે મનને અતિ, સૂચવે પર ઉપકાર.
ઝરમર ઝરમર વરસે, જ્ઞાન સુધા, અંતરીક્ષથી જળધાર,
સૈયર થાઓની તૈયાર
શાંતિ સમિર સુગંધી, શીતળ લહેરે, કરી રહ્યો સંચાર,
સૈયર થાઓની તૈયાર.

વિ ત કાવ્ય રસીલાં, સાક્ષરકૃત કંઈ કરી રહ્યા ઝમકાર,
સૈયર થાઓની તૈયાર.

સાખી–સુકૃત ફુલ જુઈ જાઈના, શ્વેત સુગંધીદાર;
લતા લચી રહી તે થકી, જાણે સજ્યો શણગાર.

૧૧૬—રાજ્યગીત.

દીડી.

કરજે રક્ષા પ્રભુ પંચમ જ્યોર્જ રાજા, જીવો વર્ષ ઘણાં માયાળુ એ મહારાજા.
થાઓ વિજયી સુખી શ્રેષ્ઠ કીર્તિવંત, હણે શત્રુનો સંહાર રિપુ અંત.
રહો વિશ્વ વિષે અમલ એનો જામી, ઇશ આપ સુખ શાંતિ દુઃખ વામી.
વધો દિનદિન મહારાજાનો પ્રતાપ, વિભુ રિદ્ધિસિદ્ધિ અખૂટ એને આપ.
યાવચ્ચંદ્રદિવાકર બ્રિટીશ ન્યાયી, રાજ્ય પ્યારૂં છે પ્રજાને સુખદાઈ.
ધવલ મંગલ ગુણ ગાન દશો દિશ, કરત ધરત ભરત ભૂમિ અહોનિશ.
પ્રભુ પ્રત્યે પ્રાર્થનાની વદો વાણી, જીવો ભૂપ જ્યોર્જ મેરી મહારાણી.
દિવ્ય સુખ રહો દંપતી નિવાસ, થાઓ વિજય વિજય વિજય ચારે પાસ.

મીરાંબાઈ.

૧૧૭—મીરાંબાઈના અલંકાર.

મુજ અબળાને મોટી મીરાંત બાઈ, શ્યામળો ઘરેણું મારે સાચુંરે–ટેક.
વાળી ઘડાવું વિઠ્ઠલ વરકેરી, હાર હરિનો મારે હઈએ રે;
ચિત્ત માળા ચતુરભુજ ચુડલો, શીદ સોની ઘેર જઈએ રે. મુજ૦
ઝાંઝરીઆં જગજીવનકેરાં કૃષ્ણજી કલ્લાં ને કાંબીરે;
વિંછુવા ઘુઘરા રામ નારાયણના, અણવટ અંતરજામીરે. મુજ૦
પેટી ઘડાવું પુરૂષોત્તમકેરી, ત્રીકમ નામનું તાળુંરે,

કુચી કરાવું કરૂણાનંદકેરી, તેમાં ધરેણું મારૂં ઘાલુંરે; મુજ૦
આસરઆસો સજીને બેઠી, હવે નથી કાંઈ કાચુંરે;
મીરાંબાઈ કહે પ્રભુ ગિરિધરનાગર, હરિને ચરણે જાચુંરે. મુજ૦

૧૧૮—ગોવિંદો પ્રાણ અમારો.

રાગ—પરજ.

ગોવિંદો પ્રાણ અમારો રે, મને જગ લાગ્યો ખારો રે;
મને મારો રામજી ભાવેરે, બીજો મારી નજરે ન આવેરે. ટેક૦
મીરાંબાઇના મહેલમાં રે, હરિ સંતનનો વાસ,
કપટીથી હરિ દૂર વસે, મારા સંતનકેરી પાસ. ગોવિંદો૦
રાણોજી કાગળ મોકલે રે, ઘો રાણી મીરાંને હાથ;
સાધુની સંગત છોડી ઘો તમે વસોને અમારે સાથ. ગોવિંદો૦
મીરાંબાઈ કાગળ મોકલે રે, દેજો રાણાજીને હાથ;
રાજપાટ તમે છાંડી રાણાજી, વસો સાધુને સાથ. ગોવિંદો૦
વિષનો પ્યાલો રાણે મોકલ્યો રે, દેજો મીરાંને હાથ;
અમૃત જાણી મીરાં પી ગયાં, જેને સહાય શ્રીવિશ્વનો નાથ. ગોવિંદો૦
સાંઢવાળા સાંઢ શણગારજે રે, જાવું સો સો રે કોસ;
રાણાજીના દેશમાં મારે, જળરે પીવાનો દોષ. ગોવિંદો૦
ડાબો મેલ્યો મેવાડ રે, મીરાં ગઈ પશ્ચિમમાંય;
સરવ છોડી મીરાં નીસર્યાં, જેનું માયામાં મનડું ન કાંય. ગોવિંદો૦
સાસુ અમારી સુષુમણારે, સસરો પ્રેમ સંતોષ;
જેઠ જગજીવન જગતમાં, મારો નાવલીઓ નિર્દોષ. ગોવિંદો૦
ચુંદડી ઓઢું ત્યારે રંગ ચુવેરે, રંગ બેરંગી હોય;
ઓઢું હું કાળો કામળો, દુજો ડાગ ન લાગે કોય. ગોવિંદો૦
મીરાં હરીની લાડણી રે, રહેતી સંત હજુર;
સાધુ સંગાતે સ્નેહ ઘણો, પેલા કપટીથી દિલ દૂર.

કૃષ્ણાબાઈ.

૧૧૯—સીતાજીની કાંચળી.

શ્રી રામજી કેરે ચરણે નમીને, સીતા કાંચળી પ્રીતેરે,
શ્રી રામ લક્ષ્મણનું વંદન કરીને, ગાઉછું એક ચિત્તે, હો રમતાં રઢ
લાગી રાણીને

દશરથસુતે આજ્ઞા પાળી, ઘર તજી ચાલ્યા વંનરે;
લક્ષ્મણ બંધવ જોડે લીધો, સ્નેહ ગાવું ધંન ધંન. હો રમતાં.
પંચવટીમાં નિવાસ કરીને, આનંદ બહુ ઉપજાવેરે;
દિન પ્રત્યે ચોપટ બહુ ખેલે, જાનકીને મન ભાવે. હો રમતાં.
પર્ણકુટીમાં સરોવર પાસે, જ્યાં ખેલે સીતારામરે;
કનકતણો કુરંગ દીઠો એક, આવ્યો તેણે ઠામ. હો રમતાં.
સોનાનાં શીંગ ને ત્વચા કનકની, નાભિએ કસ્તુરી બહેકેરે;
ડમરો ચરતાં દીઠો જાનકીએ, નાચે નૌતમ લહેકે. હો રમતાં

સીતા—તે દેખી સીતાને રઢ લાગી, રામ એ મૃગ મારી લાવોરે;
આપણે જ્યારે અજોધ્યા જઈશું, કાંચલડી શીવડાવો. હો રમતાં.
રામ—સરોવર તીરે મૃગલો ઉભો, દીસતો ઘણો રૂડોરે;
ઘેલી સીતા ઘેલું શું બોલો, મૃગ છે હૈયાનો કૂડો. હો રમતાં.
બ્રહ્માએ જ્યારે સૃષ્ટિ રચી ત્યારે, સોનાનો નથી નીપજાવ્યોરે;
નથી દીઠો નથી શ્રવણે સાંભળ્યો, કોઈક કારમો આવ્યો. હો રમતાં.
સીતા—પ્રત્યક્ષ પારખું મારા પીયુજી, સાચો હશે તો સહાશેરે;
કૂડ કપટથી આવ્યો હશે તો, હમણાં રીટી જાશે. હો રમતાં
રામ—સાચો હોય તેને કેમ હણીએ, ક્યાં ગયું તમારૂં જ્ઞાનરે;
પોતાના સ્વારથને માટે, લ્યોછો પશુના પ્રાણ હો રમતાં.

સીતા–સીતા કહે સાંભળો રઘુનંદન, વિદ્યા તમારી કાચીરે:
ઉજનતો મારી લાવો મૃગને, તો જાણું વિદ્યા સાચી. હો રમતાં.
રામ–બીજાં વિદ્યાનાં કામ ઘણાં છે, શાખા પત્ર ફળ ફૂલરે,
પોતાનો સ્વારથ સરતો હોય તો, પાપ ન કરીએ મૂળ. હો રમતાં.
સીતા–સીતા કહે એક મૃગને હણતાં, શાનું એમે કર્મરે,
મહારાજાને મૃગયા રમવી, ખરો ક્ષત્રીનો ધર્મ હો રમતા.
રામ–મૃગયા માટે અમે નથી આવ્યા, અમને શાની આશરે,
જ્યાં જેવે આશ્રમે રહેવું, ત્યાં તેવો અભ્યાસ. હો રમતાં
સીતા–સાધુપણાં જ્યારે એવાં આદર્યાં, ધનુષબાણ શાને ઝાલોરે;
સાધુ થઈને રહો એકાંતે, ધર્મ પોતાનો પાળો. હો રમતાં.
રામ–રામ કહે એ રાજપુત્રને, લખીઆં છે એંધાણરે,
કદાપિ કોઈ બળીઆ દુઃખ દે તો, તેના લેવા પ્રાણ. હો રમતા.
સીતા–શર્પનખા ભગિની રાવણની, તેનો શો હતો વાંકરે;
વણ અપરાધે તે અબળાનાં, છેદ્યાં કર્ણ ને નાક. હો રમતાં
રામ–શર્પનખા કહે મુજને પરણો, તે મારે મન નવ ભાવેરે,
એકથકી અમે વાજ આવ્યા તો બીજીને કોણ લાવે. હો રમતાં
સીતા–સંસારમાં જ્યારે રહેવું કંથજી. કાયર થયે કેમ ચાલેરે;
સંસારનો લાવો મારા કંથજી, નારી માગે તે આલે. હો રમતા
રામ–ઘેર બેઠાં માગો તે આલું, કાયર ન થાઉં ક્યમરે;
વનમાં આવીને લેવાં રૂપણાં, નહીં સતીનો ધર્મ. હો રમતાં
સીતા–એવો કમખો મેં નથી પેર્યો, કોટિ ઉપાયે કંથરે;
જાત ભલી ને ભાત અનોપમ, ઉજ્વલ અંગ અનંત. હો રમતાં.
રામ–એથી રૂડો કમખો શીવડાવું, સોનાના તાર નંખાવુંરે;
વારૂ ફુલ ઉપર વેલ ફરતી, વચ્ચે મોતી ટંકાવું. હો રમતાં
સીતા–નીપજાવી જે વસ્તુ નીપજે, તેમાં તે શી નવાઈરે;
અણનીપજી ને અમુલ્યક જેની, જગમાં દિસે જુગતાઈ. હો રમતાં.

રામ એવા સ્વાદ હતા જ્યારે તમને, શીદ આવ્યાં છો સાથેરે;
ઘેર બેઠાં નવ રહીએ ઘેલી, ઓઢત પહેરત ખાંતે. હો રમતાં.
સીતા–પતિવ્રત મારૂં વ્રત પાળવું, પ્રિય વિના કેમ રહેવાયરે;
એક ઘડી નવ દેખું તો, બ્રહ્માંડ વહીને જાય, હો રમતા.
રામ–પતિવ્રતા જે હોય પ્રેમદા, પીયુનું માને વચનરે;
મુખે ન માગે હૈયામાં દાઝે, ધીરજ રાખે મન. હો રમતાં.
સીતા–દેખ્યા પાખે શાનુ દાઝે, નજર પડે મોહ લાગ્યોરે;
થોડું કામ ને આળસ કરવું, હજી નથી ગયો આવ્યો હો રમતા.
રામ–એ અણુસરજ્યુ દુઃખ કોણ ભોગવે, થોડા સુખને વાસ્તેરે;
વ્યાજ વધારતાં જાય સમૂળમાં, ત્યારે રહીએ હાથ ઘસતે. હો રમતાં.
સીતા–વસ્તુ રાખીને દામ આપીએ, ત્યારે જાયે કયમરે,
રળીએ તો મળીએ મોહનજી, નિષ્ફળ ન હોય ઉદ્યમ હો રમતા.
રામ–ઓછું હોય તે ઉદ્યમ માંડે, આપણે સરવે સુખરે;
જળ કાંઠ રહીને જે કૂવો, ખોદે તે મુરખ. હો રમતાં.
સીતા–સરિતાનાં જળ હોય ભારે ને, કૂપનાં ઉત્તમ કારીરે;
મહા જોગીએ મૃગત્વચા ગ્રહી, જો દીઠી કાંઈ સારી. હો રમતાં.
રામ–તેને તે વસ્તુ વારૂ વિનતા, જેને જે આવે ભોગરે;
ગૃહસ્થને રાજરિદ્ધિ રૂડી ને, જોગીને રૂડો જોગ. હો રમતાં.
સીતા–ભલી ભુંડી અમારે ભાગ્યે તે, જેવી શરીરે સોહીએરે;
એવી કંચુકી આજ ન મળે, તે માટે મન મોહીએ. હો રમતા.
રામ–એવડો મોહ ન ધરીએ માનીનિ, મનમાં સંતોષ સાહીએ;
જ્યારે જેવું મળે તે અનુભવીએ, ઝાઝાને નવ ધાઈએ. હો રમતાં.
સીતા–સીતા કહે શા માટે ન કરીએ, સ્વાદ નવો નવો લેવોરે;
જોબનનો લાવો જગજીવન, દિવસ ચારનો એ મેવો. હો રમતાં.
રામ–અવસર કાંઈ ઓળખતી નથી, જેવો વેષ તેવું રમવુંરે;
આપણે રાજ્યની રિદ્ધિ તજીને, આજે વનમાં ભમવું. હો રમતાં.

સીતા-દુઃખના દિવસ કાલે વહી જશે, વહાણે પામશો રાજ્યરે,
સવેળાનું સંઘર્યું હોય તો, અવસરે આવે કાજ. હો રમતાં.
રામ-રાજ્ય બેસીશું ત્યારે મળશે, જેવી જોઈએ તેવી જાતરે;
ચૌદ વરસ વનમાં ભમવું તો, રાત આડીની શી વાત. હો રમતા.
સીતા-સીતા કહે શા માટે ન માગું, તમ સરખો પીયુ જ્યારેરે,
લક્ષ્મણ સરખા દીયરજી મારે, લાડ કરૂ પછી ક્યારે. હો રમતાં
રામ-રામ કહે તને એ શી લઘુતા, અબળાનો અવતારરે;
વનમાં રહીને જે લોભ કરવો, ન હોય એ ધર્મ લગાર. હો રમતાં.
સીતા-સીતા કહે સાંભળો પીયુજી, ઝાઝું કહે શું થાયરે;
જે સ્ત્રીને નહિ માન પીયુનું, તે વાયે લીધી જાય. હો રમતા.
રામ-તું વહાલી ન હોય તો, શિવનુ ધનુષ શાને ભાંજુરે;
ફરશુરામ સાથે જુધ કરીને, અયોધ્યામાં ગાજું. હો રમતા.
સીતા-મનસા વાચાએ વહાલી હઉ તો, કહ્યું કરો મુજ કંથરે,
ઘડી અધઘડી જો વિલંબ કરશો તો, પ્રાણનો આવીશ અંત. હો રમત.
રામ-રામ કહે હૈયે નવ હારો, આટલો દા રમી જઈશરે;
તમને જ્યારે તેડી લાવ્યો, જે કહેશો તે સહીશ. હો રમતાં.
સીતા-એ સોગટડે હવે કાલે રમાશે, હું નહિ ઢાળું પાસારે,
ઘડી, અધઘડીનો વિલંબ કરશો તો, કાંઈક જોશો તમાસા. હો રમતાં.
પાસા પછાડીને ધરણીધર ઉઠયા, ભાઈને ભળાવી નારીરે;
લક્ષ્મણ બાપ તું મઢીએ રહેજે, મૃગને લાવું મારી. હો રમતાં.
પંડિતા-ધનુષ લઈ ધાયા ધરણીધર, કુરંગ ઉપર દાઢ પીસેરે;
જેમ જેમ ઢુકા જાય જગજીવન, તેમ તેમ વેગળો દીસે. હો રમતાં.
ચાપ ચડાવી મૃગલો માર્યો, મેલ્યું કસીને બાણરે;
મરતાં મૃગલે ચીસ નાખી જે, લક્ષ્મણ જાએ પ્રાણ. હો રમતાં.
શબ્દ સીતાએ સાંભળ્યો લક્ષ્મણ, રામ તેડે છે તમારેરે;
હરણને હણતાં કષ્ટ પડયું છે, શીઘ્ર થઈને સધારો. હો રમતાં.

લક્ષ્મણ-લક્ષ્મણ કહે એક હરણને હણતાં, કષ્ટ પડે તે શાનુંરે;
રઘુનાથ સરખા ચીસ નાંખે તે, વાત તો હું નવ માનું. હો રમતાં.
સીતા-દક્ષિણ દિશે દીયરીઆ મારા, ઝાઝું રાક્ષસ દળ છેરે;
એકલડા જાણીને જાઓ, એએ બાવીસનું બળ છે. હો રમતાં.
લક્ષ્મણ-એક જ બાણે ચૌદ સહસ્રને, મારે એવો મુજ ભ્રાતરે;
ચૌદ સહસ્ર ચડીને આવે તો, નવ હારે રઘુનાથ. હો રમતાં.
સીતા-વેળા વેળાના ફળ છે દીયરીઆ, એવડો ગરવ નવ ધરીએરે;
ક્યારે હારીએ ને ક્યારે જીતીએ, તે માટે સંચરીએ. હો રમતાં.
લક્ષ્મણ-લક્ષ્મણ કહે ભાભી લખ્યું હશે તો, બ્રહ્માએ પાછું ન થાયરે;
તમને વનમાં એકલાં મેલીને, ડગલુ નહીં ભરાય. હો રમતાં.
સીતા-સીતા કહે તને શાનું દાઝે, જુજવી માના માટેરે;
સગો ભ્રાત શત્રુઘ્ન હોય તો, હમણાં દોડે ઉચાટે. હો રમતાં.
લક્ષ્મણ-મુજને રામજી વહાલા ન હોય તો, શીદ આવું હુ સાથરે;
ભોળે ભાવે ભક્તિ કરૂંછું, જાણીને જ્યેષ્ટજ ભ્રાત. હો રમતાં.
સીતા-ભક્તિ કરો તે મુજને ન ભાવે, મીઠું બોલ્યે નહીં મીઠુંરે,
તુજ દુષ્ટનો વિશ્વાસ ન કરીએ, આજ પારખું દીઠું. હો રમતાં.
લક્ષ્મણ-ભલી સીતાજી બુદ્ધિ તમારી, મુજને એવો પ્રમાણ્યોરે;
રાત દિવસ મેં સેવા કીધી, એકે ગુણ નવ જાણ્યો. હો રમતાં.
સીતા-સીતા કહે તારા ગુણનું લક્ષણ, પડી વેળા પરમાણ્યું;
સાદ સાંભળીને સાંસો કીધો, ત્યારે હેત જણાણું. હો રમતાં.
દીયરીઆ તને શાનું દાઝે, વહાલાં નહીં શ્રીરામરે;
બંધવ હોય તો રણમાં દોડે, કરવાને સંગ્રામ. હો રમતાં.
લક્ષ્મણ-તમને અહીંઆ કો સારૂં મેલું, સાંસો કરૂંછું તેણેરે;
તમને જો લાંછન લાગે તો, વળતા મરીએ મેણે. હો રમતાં.
સીતા-તેવાં ભોળાં અમે નહિ દીયરીઆ, મન વસીઆ મહારાજરે;
અવર પુરૂષ સાથે બોલું તો, લાગે કુળને લાજ. હો રમતાં.

લક્ષ્મણ-કેટલું બળ તમ અબળા કેરૂ, તનક તાલને હેલારે;
રાંધ્યું ધાન ને પ્રેમદા સરખી, વણસતાં નહીં વેળા. હો રમતાં.
સીતા-સીતા કહે તું શું સમજાવે, સાસુ તણા સુત કાલારે;
એકલે ઉજાડમાં શાને જાએ, પ્રાણ તને તારા વા'લા. હો રમતાં.
લક્ષ્મણ-મુજને પ્રાણ જો વહાલા હોય તો, શીદ જાઉં હું વંનરે;
વન ફળ મેવા વીણી લાવુંછું, એટાં કરોછો ભોજંન. હો રમતાં.
સીતા-સીતા કહે તું શું દીયરીઆ, મુજને રાખે વારીરે;
તું જાણેછે રામ પડે તો, હું ભોગવું આ નારી. હો રમતાં.
લક્ષ્મણ-ભલી સીતાજી બુદ્ધિ તમારી, મુજને એવું ન કહીએરે;
એક દહાડો હસ્યો હઉ તો, સર્વે સાચું લહીએ. હો રમતાં.
સીતા-કપટી હોય તે કોઇશું હસે નહિ, રાખે મનમાં જાણીરે;
જળ કાંઠે બગ ધ્યાન ધરે તે, મચ્છને લેવા તાણી. હો રમતાં.
પંડિતા-વચન બાણ વાગ્યા લક્ષ્મણને, તાપ ઉપન્યો તનમાંરે;
બહુએ પેર પડી લક્ષ્મણને, ઝુરણ લાગી મનમાં. હો રમતાં.
શિલિમુખ રેખા કીધી લક્ષ્મણે, દીધી રામની આણરે;
ફુડે કપટે જે કોઇ આવે, તેના જાજે પ્રાણ. હો રમતાં.
એમ કહી લક્ષ્મણજી ગયા, તારૂણીને લાગ્યો તાપરે;
કઠણ વચન કહ્યાં દીયરને, તેનું લાગ્યુ પાપ. હો રમતાં.
લાગ જોઇ લંકાપતિ આવ્યો, પાપીએ ચલાવ્યા ચરણરે;
પરદારાને હરવા કારણ, માથે લાગ્યો મરણ. હો રમતાં.
ભગવાં વસ્ત્રંન ભેખ સંન્યાસી, કરમાં કમંડળ ધરીઉંરે;
ક્ષુધાર્થીને ભિક્ષા આપો, આવી એમ ઉચરીઉં. હો રમતા.
આવો પ્રભુજી બેસો ઋષિજી, અમૃત બોલ્યાં વાણીરે;
ઊઠીને આસન ત્યાં આપ્યું, ધર્મ ગૃહસ્થનો જાણી. હો રમતાં.
રાવણ-કોણ પિતા કોને ઘેર પરણ્યાં, કોણ તમારો કંથરે;
ઉજાડમાં એકલડાં મેલીને, ક્યાંહાં ગયા બળવંત. હો રમતા.

સીતા-જનક પિતા ને દશરથ સસરો, કૌશલ્યાજી સાસુરે;
તાતતણાં વચન પાળવાને, અમે ત્રણે વન વાસ્યું. હો રમતાં.
સોનાના શિંગનો મૃગ આવ્યો તો, કંચુકિની થઇ અભિલાખારે;
મૃગલો મારવા પીયુજી ગયા છે, કરીને શિલિમુખ રેખા. હો રમતાં.
પંડિતા-શિલિમુખ રેખા ઉપર મેલી પાવડી, પાપી બોલે મર્મરે;
એપર પગ મેલી દો ભિક્ષા, રહેશે તમારો ધર્મ. હો રમતાં.
પાપીનો પ્રપંચ ન પ્રીછ્યો, ભામિની થઈ હઈયે ભોળીરે,
પોતાની વાત જે પરને કહેશે, તે રહેશે આંખો ચોળી. હો રમતા.
સીતાએ સીતાફળ આપ્યાં, પગ પાવડીએ ધરીઆરે;
ઉપાડી લીધી અબળાને, હરણુ કરીને સંચરીઓ. હો રમતા.
ત્યારે તારૂણીને ત્રાસ જ પડીઓ, ધાજો લક્ષ્મણુ રામરે;
આ પાપી કોઈ હરી જાયછે, કરીને દુષ્ટનું કામ. હો રમતાં.
તે શબ્દ સાંભળી પંખી આવ્યો, દશરથનો જે મિત્રરે;
સીતાને મુકાવા કારણ, માંડયું જુદ્ધ વિચિત્ર. હો રમતાં.
રાવણે એક કપટજ કીધું, પર્વત પાછળ રહીનેરે;
રુધિરાળા પાષાણુ ગીરાવ્યા, ભારે પડીઓ થઈને. હો રમતા.
ત્યાંથી રાવણુ લેઈને ગયો, લંકાના ગઢ માંયરે,
મૃગ મારીને રામજી વળીઆ, જે જે રાઘવરાય. હો રમતાં.
નથીરે સીતા નથીરે સીતા, નથીરે મઢુલી માંયરે,
કાગારોળ ત્યાં થઈ રહીછે, ચકડોળ વાતે ત્યાંય. હો રમતા.
પગલે પગલે શોધતા તેને, ગયા તે બેહુએ ભાઈરે,
ઋષ્યમૂક પર્વતમાંહિ પહોંચ્યા, જ્યાં છે વાંદરાનો રાય. હો રમતાં.
સુગ્રીવ સાથે કરી મૈત્રી, વાળીને નાંખ્યો મારીરે;
વાળીનું રાજ્ય સુગ્રીવને આપ્યું, ઉપર આલી નારી. હો રમતાં.
નર વાનર એકઠા કરીને, સાગર બાંધી પાજ્યરે;
રાવણુને મારી કરીને, વિભીષણુને આપ્યું રાજ્ય. હો રમતાં.

જુદ્ધ કરી સીતાને લાવ્યા, ઢોલ નિશાન વજડાવીરે;
સીતાજીનાં લાડ પાળ્યાં ને, કાંચલડી શીવડાવી. હો રમતાં.
સ્વામી આજ્ઞા ઓળંગીને, મમત ધર્યો બહુ મનમાંરે;
સતી સીતાને દુઃખ ઉપનું, તાપ વ્યાપીઓ તનમાં. હો રમતાં.
પહેલે સીતાવિવાહ ગાયો, રુક્મિણીહરણ રૂડુંરે;
સીતાકંચુકી શોભ વરણવ્યો, કૃષ્ણ વિના સૌ કૂડું, હો રમતાં
સતી ગુણ કૃષ્ણાબાઈ ગાયે, વડનગરમાં વાસરે;
રામલક્ષ્મણ જાનકીનો જય, સાથે હનુમંત દાસ. હો રમતા.
જે જન હરિગુણ ગાય સાંભળે, તેહતણાં દુઃખ વામેરે;
ધર્મ અર્થ ને કામ મુક્તિ ફળ, ચાર પદારથ પામે. હો રમતાં.

સ્વ. સૌ. કપિલબા.

૧૨૦—સીતાજીનું સતીત્વ.

(રાગ-ગિરિધારીનો.)

રાજા રાવણ રે, કરે છે મંન વિચાર, ક્યમ મેળવું સીતાનાર ?
ગયો વનમાં રે, અશોક વાડી જ્યાં સારી; પાળ્યું સાધ્વીએ સત્ય ભારી.
(ઝુલ) વદે લંકાપતિ ત્યાં વાણી રે, સુણો સુંદરી! વાત એક શાણીરે,
કરૂં તને મોટી પટરાણીરે, હરિણાક્ષીરે !
વચન ધરો ઉર પ્યારી !—પાળ્યું.
વદું સાચું રે, પામ્યો પતિ તુજ મરણ, માટે આવની મારે શરણ;
સમાચારજ રે, મળીઆ મને આવાર, તારો સ્વામી થયો છે ઠાર !
સુતેલો હતો રામ જ્યાંહેરે, મુજ પ્રધાન પહોંચ્યો ત્યાંહેરે,
શિર છેદી નાખ્યું સહસાએરે, ગયો નાશીરે,
લક્ષ્મણ હિત નિજ ધારી.—પાળ્યું.

સેના સઘળારે ! ઉભી હતી જે વારે, જોઈ લાગ કતલ કરી ત્યારે:
માટે પ્યારી રે ! માનો કહ્યું નિરધાર, આપું ઝટપટ હું પુરવાર;
આવ્યો એવે મંત્રી ત્યાં ધાઈ રે, લાવ્યો રામનું શિર કર સહાઈરે.
લાગી સીતાને બીક—નવાઈરે. લઈ શીષજ રે,
શોક કરે સુકુમારી—પાળ્યું.

શ્યામ સુંદીર રે, મુખ વહેછે રૂધિર, જોઈ અબળા બની ગઈ અધીર:
પામી ભીતિ રે, ભાન પોતાનું ચૂકી પણ પળમાંહીં મૂર્છા મૂકી.
બાલા બની સચેતન જ્યારેરે, કીધો વિલાપ તેણે ભારેરે.
'મારા નાથ ! કરૂં શું આ વારેરે, છોડાવેરે,
તમ વિણ કોણ આ વારી.—પાળ્યુ.

દીયરજીરે, કેમ ગયા તમે નાશી, રણક્ષેત્રથી ભાગ્યા ત્રાસી ?
પૂછે મારે, ભરતજી ને પુરલોક, શું રે કહી વામશો ત્યાં શોક ?
પછી રાવણને સીતાજીરે, કહે ' તું છે મુજ પિતાજીરે,
આપ ખડકી મને ચિતાજીરે, સતી થઈને રે,
મેળવું મોક્ષની બારી.-પાળ્યુ.

રાજા રાવણ રે, લાજી ગયો નિજ ઘેર, થઈ જાનકીની શી પેર ?
સાવધાનજ રે, થઈને ધર્યું ઉર ધ્યાન, દીઠા કુશળ શ્રી ભગવાન;
આવી એવે વિભીષણની રાણીરે, તેણે સતીને શોકથી શામીરે,
માયા અસુરની એ છે કામીરે !—માતાજીરે,
કુશળ છે અસુરારિ.-પાળ્યું.

એટલામાંરે, થઈ ત્યાં આકાશ વાણી, સતી! શોક તજો શુભ જાણી.
રઘુનાથજી રે, આનંદમાં છે રસીઆ, ઘટઘટમાં પોતે વસીઆ:
સુણી સીતાજી થયાં આનંદીરે, તૂટી દૈત્ય માયાની ફંદીરે,
ગુણ ગાયે સભાજન વંદીરે, પ્રભુ પ્યારારે,
મહેર કરો ત્રિપુરારિ !—પાળ્યુ.

(સુંદરી સુબોધ)

સ્વ. સૌ. વિજયાલક્ષ્મી.

૧૨૧—પ્રેમ ભિક્ષા.

હરિગીત.

આ વિશ્વની પ્રીતિ મને, નિઃસાર સર્વે લાગતી;
વા'લા ! તમારા પ્રેમ વિના, શુષ્ક સૃષ્ટિ ભાસતી.
પરમેશ કહું,—પરમાત્મ કહું, જગ—આત્મ કહું તે આપને,
મેં વિશ્વમાંને ઇશમાં, પ્રિય ! ઓળખ્યા છે આપને.
હું પ્રેમ લુબ્ધા, પ્રાણ ! કરતી પ્રેમની વ્યાખ્યા સદા,
હું પ્રેમ સરિતા, પ્રાણ ! તમને પ્રેમસાગર ઓળખ્યા.
નારી હૃદયનો નેહ, વહાલા ! સ્વર્ગનો સંદેશ છે,
પ્રમદા પતિને કાજ આપે પ્રાણ, એ આદેશ છે.
હું ભિક્ષુકી, હા, ભિક્ષુકી, પ્રિય ! પ્રેમભિક્ષા આપજો,
'ના'કાર, જીવન ! દ્યો કદી તો, પ્રથમ જીવ મમ કાપજો.
હું ચાતકી તરસી સદા, પ્રિય પ્રણયવારિ ઘોઘની,
અમીની વૃષ્ટિ વર્ષાવજો, નગીના ! તમારા નેનથી.
મમ દેહનું સૌંદર્ય, સ્વામી ! જોઈ એ કરશો નહિ,
મમ પ્રણય—આત્મા કેરી દીપ્તિ સ્થુલમાં જોશો નહિ.

સુંદરી સુબોધ.

૧૨૨—બાળુડો.

સુણજો સાહેલી બેન મારે બાળુડો; જીવનનું હીર હો ઝુલાવતી હું રે.
પ્રાણનો આધાર પ્રાણ મારે બાળુડો; જીવનનું પુષ્પ હો ઝુલાવતી હું રે.
પ્રિયતમના પ્રેમરૂપ મારે બાળુડો; પ્રિયતમ—પ્રસાદ હો ઝુલાવતી હું રે.
હૈયાનો હાર હોય મારે બાળુડો; નયનોનાં તેજ હો રમાડતી હું રે.

અબળા-કર્ત્તવ્ય-લક્ષ્ય મારે બાળુડો; અબળા-શણગાર હો હુલાવતી હું રે.
દેવને દુર્લભ મારે બાળુડો; બાળુડો કાન હો ઝુલાવતી હું રે.
કુળની અમર વેલ મારે બાળુડો; કુળનો કિરીટ હો કલાવતી હું રે.
મારા ગૃહકુંજ માંહી ડોલર બાળુડો; ખીલે ગુલાબ હો ઝુલાવતી હું રે.
હું નિર્ધનને ધનરૂપ મારે બાળુડો; વીરની વધાઈ હો હુલાવતી હું રે.
અભેદનો અખંડ નાદ મારે બાળુડો; નાચે ઘરમોર હુલાવતી હું રે.
પ્રિયતમના પ્રેમમાન મારે બાળુડો; પ્રિયતમના રૂપ હો રમાડતી હું રે.
પ્રભુનો પ્રસાદ પ્રેમ મારે બાળુડો; પ્રભુની દયા હો હુલાવતી હું રે.
આત્મનું અનેરૂં તેજ મારે બાળુડો; જીવન આધાણુ હો ઝુલાવતી હું રે.
જીવનનો સુખ સૂર્ય મારે બાળુડો; જીવના સ્મિત હો ઝુલાવતી હું રે.
મોંઘો ઘરરત્નરૂપ મારે બાળુડો; સંતો આશીષ હો હુલાવતી હું રે.
બ્રહ્મની જ્વલંત જ્યોત મારે બાળુડો; પરિબ્રહ્મરૂપ હસ્ત હો હુલાવતી હું રે
પિતરો આશીષ મારે બાળુડો; રક્ષો જગનાથ હો ઝુલાવતી હું રે.

વસંત.

હીરા બહેન.

૧૨૩—સતી સન્નારી.

હરિગીત.

જે અંગ આળસ ત્યાગીને વહેલીજ નિત્યે જાગતી,
કરી સ્નાન નિર્મળ નીરથી, ઘરની સુઘડતા રાખતી;
પ્રિયનાથ જેનાં વચનથી સંતોષ લઈ સુખીઆ થશે,
તે નારી નિજ ચારિત્ર્યથી કુળ બેયને ઉદ્ધારશે.

ભોજન કરાવી સર્વને પછી ભાવથી ભોજન લહે,
ક્રૂર બાણુજેવા આકરા કટુ શબ્દ કોને નવ કહે;
ચાડી અને ચુગલ્લાઇથી જે ચિત્તને દૂર રાખશે,
તે નારી નિજ ચારિત્ર્યથી કુળ બેયને ઉદ્ધારશે.
સંકટ સમયમાં નાથથી અળગી નથી થાતી જરી,
સંપત્તિમાં છલકાઈ જઈ, વિસરી નથી જાતી હરી;
મનડું કદી મર્યાદ ત્યાગે, વિનયથી તો વારશે,
તે નારી નિજ ચારિત્ર્યથી કુળ બેયને ઉદ્ધારશે.
વિદ્યા, વિવેક, સુનમ્રતા, સદ્‌ગુણ સાચા જે ધરે,
પહેર્યાં છતા વસ્ત્રોય–અંગ જણાય, તેવાં પરહરે,
સૌભાગ્યરક્ષક ભૂષણો વિણ અન્ય ઇચ્છા ત્યાગશે,
તે નારી નિજ ચારિત્ર્યથી કુળ બેયને ઉદ્ધારશે.
કારણ તજી કજીઆ તણાં, શુભ સંપની વૃદ્ધિ કરે,
સદ્‌બોધ આપે બાળને, વળી દીનનાં દુઃખડાં હરે;
શુભ કર્મ–ધર્મ વિચારથી અંતર બધુ ઉજાળશે,
તે નારી નિજ ચારિત્ર્યથી કુળ બેયને ઉદ્ધારશે;
મન હસ્તિને જે બાંધતી સંયમ તણી સાંકળ વડે,
જપ, તપ, અને યમ, નિયમથી કદીએ ન પાછી જે પડે;
હૃદયે સદા નિજ નાથ વિણ ના અન્ય ચિંતન ધારશે,
તે નારી નિજ ચારિત્ર્યથી કુળ બેયને ઉદ્ધારશે.
કીર્તિ વધારી કંથની વ્યવહારને દીપાવતી,
સખીવૃંદમાં પણ વાણીને મર્યાદમાંહી રાખતી;
જળ ઘાટ પર, ઘર, માર્ગમાં, વસ્ત્રો વિવેકે ધારશે,
તે નારી નિજ ચારિત્ર્યથી કુળ બેયને ઉદ્ધારશે.
નિંદા નકામી કોઈની નવરાશમાં કરતી નથી,
સખી સાથ મિથ્યા વાદમાં મમતે કરી મરતી નથી;

આ લોક ને પરલોકનું જે શ્રેય નિત્ય વિચારશે,
તે નારી નિજ ચારિત્ર્યથી કુળ બેયને ઉદ્ધારશે.
સુંદરી સુબોધ.

સૌ. હેમકુવર.

૬૨૪—અમે ઘેલાં.

ગઝલ.

અમે ઘેલાં સદા ઘેલાં, પતિના પ્રેમમાં ઘેલાં,
અમે છીએ સદા ઘેલાં, પતિના સ્નેહમાં ઘેલાં.
પતિના સ્નેહની પાસે, અમારે કાંઈ નહિ ન્યૂન.
પતિની સ્નેહ દૃષ્ટિમાં, અમે ઘેલાં! અમે ઘેલાં!
સુખો દુઃખો તણા રાશી, કદી કર્મે પડે શીર પર,
પતિના સ્નેહની પાસે, અમારે છેજ એ તૃણવત!
નથી તૃષ્ણા કંઈ બીજી, પતિના સ્નેહના વિના,
નથી આશા કંઈ બીજી, પતિના પ્રેમના વિના.
પતિના સ્મિતની પાસે, નથી સુખસ્વર્ગની કિંમત,
પતિના સ્મિતમાં રમતાં, અમે ઘેલાં! અમે ઘેલાં!
દુનીયા છો ગણે ઘેલાં, નથી તેની કશી પરવા!
દુનીયા છો ગણે ગાંડાં, અમે ઘેલાં! અમે ઘેલાં!
પતિના સ્નેહ અમૃતથી, હૃદય સીંચ્યું, થયાં ઘેલાં,
'હું' ને મારૂં ગયું નાસી થયાં ઘેલાં! થયાં ઘેલાં!
હવે ડાહ્યાં નહિ થઈએ, હૃદય ઘેલું બન્યું છે જે.

હૃદય મળી એ થયાં એક, થયાં ઘેલાં ! થયાં ઘેલાં !
હવે ઘેલાં, થયાં ઘેલાં, અમે ઘેલાં, સદા ઘેલાં.
પતિના પ્રેમની પાસે, અમે ઘેલાં ! અમે ઘેલાં !
પતિના સ્નેહની પાસે, અમે ઘેલાં ! અમે ઘેલાં !

સુંદરી સુબોધ.

સ્વ. સૌ. સુમતિ.

૧૨૫—સતી સુલોચના.

(રાગ-ગિરિધારીનો.)

નાગકન્યા રે, સુલોચના સુપ્રસિદ્ધ, જેનો સ્વામી છે ઈંદ્રજીત;
રૂપ ગુણમાંરે, ઉપમા તેની ન થાય, સતીઓમાં શ્રેષ્ઠ ગણાય.
(ઝુલ) બેઠી હેમહિંદોલે બાળી રે, પતિસ્મરણ હૃદયમાં ધારી રે,
સખી કરતી સેવા સારી રે,—
બહુ પ્રીતે રે, સુલોચનાની ત્યાંહીં, એવે કર પડયો આંગણમાંહીં,
ઈંદ્રજીતનો રે, નિહાળી એ હસ્ત, થઈ વ્યાકુળ સખી સમસ્ત;
સતી પાસે રે, રોતી સર્વે આવી, બાઈ ! આજ ખૂટયું તમ ભાવિ !
(ઝુલ) પતિ મરણ સુણી યુવરાણી રે, પામી મૂર્ચ્છા કોમલ, શાણી રે,
કરે સાવધ સખી ગભરાણી રે,—
થઈ જાગ્રત રે રૂદન કરંતી અપાર, "સજી ચાલ્યા ક્યમ ભરથાર ?
ઈંદ્ર સહિતજ રે, જીત્યો તમે સુરસાથ, એવા બળવંતા પ્રિયનાથ !"
સુણી આક્રંદ રે, રોયાં પુરજન સર્વ, ગળ્યો દેવાંગનાનો ગર્વ;

(ઝુલ) સતી કર પ્રત્યે બોલી વચન રે, "જો હોઉં પતિવ્રતા પાવંન રે,
સમજાવો વ્યથિત મુજ મંન રે,—

શાથી મૃત્યુ રે, પામ્યા પ્રિય વીરકંથ! આવ્યો કર ઉડી આકાશપંથ?"
એવું કહીને રે, ખડીઓ કલમ ને પત્ર, મૂક્યાં લાવી પાસે જ્યાં હસ્ત;
સતી સ્પર્શે રે, પામ્યો ચેતન કર ત્યાંહે, ગ્રહી કલમ લખ્યું પત્ર માંહે;

(ઝુલ) જે રણમાં બન્યું વૃત્તાંતરે, ભાગી મનની સહુ ભ્રાંતરે,
કરીયું જે કાળ કૃતાંત રે,—

પ્રિય રાણી રે, બળીઓ છે સૌમિત્ર, વળી તપસ્વી, પુણ્યપવિત્ર.
તે લક્ષ્મણે રે, છેદ્યું તુજ પતિશીષ, લઈ ગયા જહીં જુગદિશ;
ને રણમાં રે, જીવનહીન મુજ તંન, પૃથ્વીપર થયું પતંન;

(ઝુલ) હસ્ત ઉડીને અહીં આવ્યો રે, સમાચાર અશુભ આ લાવ્યો રે,
પણ મરણ પ્રસંગ સુહાયો રે,—

કર્યા મિત્રજ રે, મેં પ્રભુ શ્રી જુગદીશ, મૂકી કૃપણતા અર્પ્યું શીષ.
એવી હસ્તે રે, વર્ણવી સઘળી વાત, વાંચી પત્ની કરે અશ્રુપાત,
ઘણો સખીએરે, દીધો ધર્મ-સુબોધ, જે થકી ટળે શોક-વિરોધ;

(ઝુલ) પછી સતીએ સ્વામીકર લીધોરે, તેને હૃદય પરે વાસ દીધો રે,
સંકલ્પજ મનમાં કીધો રે,—

પોતે ચાલી રે, કરવાને સહગમંન, પતિશીષ લેવા દૃઢ મન.
સખી સાથે રે, આવી તે સિંધુ કિનાર, સુવેળુ ગિરિવર મોઝાર;
પાયે લાગી રે, સ્તુતિ કરે દીન વાણ, જ્યાં શ્રીરામ બેઠા નિર્વાણ;

(ઝુલ) સુણી વચન ને વદન નિહાળીરે, "ભાગ, ભાગ! પરમ ! કલ્યાણીરે!"
આપી આશીષ સારંગપાણી રે,—

"વદો બાળી રે, શાથી આવ્યાં આંહીં, દુશ્મનના દળની માંહીં?"
સતી બોલી રે, "આવ્યો પતિનો હસ્ત, લખી વાત બનેલી સમસ્ત;
હું અયાચક રે, આવી યાચન કાજે, સ્વામીનું શિર લેવા આજે."

(ઝુલ) એવું કહીને તે યુવરાણી રે, ભુજ પત્ર દેખાડયો શાણી રે,
સભા વિસ્મય સઘળી પામી રે,—
મૃત કરથી રે, પત્ર લખ્યો ન મનાય, એતો કલ્પિત વાત જણાય.
કપિ વદીઆ રે, "સત્ય હમોએ માનું, મૃત શિર જો હસતું ભાળું;
સંપૂર્ણજ રે, તવ આવે વિશ્વાસ, તુજ પતિમુખ થાયે હાસ્ય;"
(ઝુલ શિર આપ્યું પછી રઘુનાથ રે, ચાંપ્યું સતીએ હૈયા સાથ રે,
કરે રૂદન અપાર અનાથ રે,—
ચીર પાલવ રે, પાથરીને શિષ મૂકી, નાગકન્યા કરે બહુ સ્તુતિ.
"ઉરવલ્લભ રે, રાખજો દાસીની લાજ, પ્રાણજીવન પ્રભુ, મહારાજ!
રિપુ જાણે રે, મહા બળીઓ તમ હાથ, ત્રણ ભુવન ધ્રુજાવે નાથ!
(ઝુલ) પ્રિય નયન, વદન મૃદુ કાંતરે, કરે જીવન વ્યથા મુજ શાંત રે,
પણ અરિઉર દીસે કૃતાંત રે,—
નવ માને રે, ને કર-શીષ સામર્થ્ય, ને મુજ વ્રત થાયે વ્યર્થ.
સહુ વચ્ચે રે, હાસ્ય કરો પ્રભુ ! આજ, પ્રકટો પ્રભુતા મહારાજ!
સભાજનને રે, ખાત્રી કરાવો આપ, દિવ્ય પ્રેમની અતુલ, અમાપ.
(ઝુલ) સ્નેહ પ્રકટ કરો પ્રિય સ્વામીરે, કિંકરી વીનવે શિર નામીરે,
મુજ વ્રતમાં પડી શી ખામીરે,—
તમ રાણી રે, જનદષ્ટિય નવ પડતી, યાચક રિપુદળમાં બનતી!
શ્રી રામજી રે, અદ્ભુત વિક્રમી વીર, લક્ષ્મણ પણ છે રણધીર;
કપિસેના રે, મહાબળસિંધુ કરાળ, એકલા પ્રિય! ત્યાં ભરી ફાળ;
(ઝુલ) નહીં તાતને કયમ તેડાવ્યા રે, પિતાજી મુજ જો હત આવ્યારે,
દુસ્મન તો ક્ષણ નવ ફાવ્યા રે,—
પ્રભુ! ભૂલ્યા રે, શેષનારાયણ સામે, શર કોનું ન આવે કામે.
સતી વાણી રે, સાંભળીને ઇંદ્રજીત, કરાં લોચન ઉઘડયાં ત્વરિત;
નિરખીને રે, સુલોચના તણી સામે, મુખે હાસ્ય નિરંકુશ જામે.

(ઝુલ) સતી મુખની સુણતાં વાણી રે, હસ્યું મસ્તક પ્રીતિ આણી રે,
સભા સહુ વિસ્મય પામી રે,—

"જુગજીવન રે, કૃપા કરી મહારાજ ! શાથી શીષ હસ્યું કહો આજ?"
રઘુવરને રે, પૂછે સુગ્રીવરાજ, ઉત્સુક છે સકળ સમાજ;
વદ્યા રામજી રે, "સતી જે બોલી વાત, કૌતુક તેમાં સાક્ષાત !

(ઝુલ) શેષજી થાત સા'ય તમારી રે, મરણની ન આવત વારી રે,
એવાં વચન વદી સુકુમારી રે,

મસ્તકને રે, હાસ્ય આવ્યું તે વારઃ લક્ષ્મણ શેષતણો અવતાર !
તો સા'યજરે, ક્યાંથી પિતા તુજ થાત, જેણે વિપરીત કીધું આજ !"
સુલોચના રે, પામી ઉર પરિતાપ, સમજાવી તેને પ્રભુ આપ.

(ઝુલ) સ્તુતિ કીધી શ્રીરામની ભારી રે, શીષ લઈને સતી પાછી ચાલીરે,
સ્વામીનું શબ રણથી લાવી રે,

ચિતા ગોઠવી રે, ચંદન કાષ્ટની સારી, સાગરતટ કરી તૈયારી.
સુલોચના રે, કીધુ સિંધુમાં સ્નાન, જુવે દેવ ચડી વિમાન;
પતિશબને રે, પધરાવી ચિતાની માંય, કર્યો શાસ્ત્ર વિધિ સહુ ત્યાંય.

(ઝુલ) પ્રદક્ષિણા પતિની કીધી રે, સુરલોકથી થઈ પુષ્પવૃષ્ટિ રે,
સહગમન કરી જીતી સૃષ્ટિ રે,—

સતી નારી રે, સદ્‌ગતિ થઈ સત્ય તારી, જગમાં તું શ્રેષ્ટ ગણાઈ.
સુલોચના રે, કીધું અસુરકુળ પાવન, ધન્ય પતિવ્રતા તને ધન્ય !

સુંદરી સુબોધ.

ગદ્ય

નર્મદાશંકર.

૧૨૬—સ્ત્રીધર્મ.

સ્ત્રીનો ધર્મ છે કે ધણીના પહેલાં ઊઠવું, પોતાના સ્વામીની પૂજા કરવી તેને ભોજન કરાવવું, વીજણે વતી વા નાંખવો-વળી તેણે ફક્ત પોતાની મરજી પ્રમાણે ચાલવું નહિ, પોતાના સ્વામીની સેવા કરવી, તેની સાથે ધર્મયુક્ત ચાલવું, સ્વામીના જે પૂજ્ય માતાપિતાદિ તેઓની પૂજા કરવી, ધણીના શત્રુ તેને પોતાના શત્રુ સમજવા, ધણીને અનુકૂળ રહેવું અને તેનાં કાર્યમાં તત્પર રહેવું, એ પ્રેમાણે વર્ત્યાથી સ્ત્રીને સ્વર્ગ પ્રાપ્ત થાય છે. બ્રહ્મવૈવર્ત પુરાણના કૃષ્ણજન્મખંડમાં કહ્યું છે કેઃ-હે નંદજી, તમે પતિવ્રતા સ્ત્રીના ધર્મ સાંભળોઃ-નિત્ય ઉત્સાહથી તેનું ચરણામૃત લેવું; ભક્તિભાવે કરીને સ્વામીએ ભોજન કર્યા પછી તેની આજ્ઞાએ સ્ત્રીએ જમવું; વ્રત, તપ, દેવ-પૂજા એ કરતાં સ્વામીની સેવામાં અંતરાય પડે તો વ્રતાદિક ન કરવાં; સ્વામીની આજ્ઞા પ્રમાણે વર્તવું; જેણે કરીને સ્વામી પ્રસન્ન થાય તે કરવું; નારાયણના ધ્યાન સરખું પોતાના સ્વામીનું ધ્યાન કરવું; ઘણા રૂપવાળા અથવા ઘણા સારા વેષવાળા એવા પુરુષ સામુ પ્રીતિથી જોવું નહિ; યાત્રા, મહોત્સવ, નૃત્ય, ગાયન, ક્રીડા એટલાની તરફ પ્રેમયુક્ત દૃષ્ટિએ જોવું નહિ; સ્વામી જે ભોજન કરે તેજ પોતે કરવું; સ્વામીનો સંગ ક્ષણમાત્ર પણ મૂકવો નહિ; ક્રોધથી સ્વામી ખીજવાઈને કદાપિ તાડન કરે તોપણ સ્ત્રીએ પોતે ક્રોધ કરવો નહિ; સ્વામીને ભૂખ લાગે ત્યારે ભોજન કરાવવું ને તે જળ માગે ત્યારે જળ આપવું; નિદ્રામાંથી ઉઠાડવો નહિ ને સ્વામીને કોઈ કામમાં આજ્ઞા કરવી નહિ; પુત્રનાથકી સોગણો સ્નેહ સ્વામી ઉપર રાખવો; પોતાનો બંધુ, સ્વર્ગની ગતિ આપનાર અને દૈવત તે પોતાનો સ્વામી જાણવો. એ રીતે ધર્મ પાળનારી સ્ત્રી પોતાના ઉભયકુળના હજાર પુરુષોનો ઉદ્ધાર

કરેછે ને એ રીતે ધર્મ પાળનારી સ્ત્રીનો સ્વામી, પાતકી હોય તો તે સર્વ પાપથી મુક્ત થાયછે. (આપણા જુના ગ્રંથોમાં સાચાની જોડે જુઠું ઘણું હોય છે તેમ ઉપર કહેલાં પુસ્તકોમાં સ્ત્રીના ધણીપ્રતિ ધર્મવિષે અને તેનાં ફળવિષે છે. જેમ રાજહંસ દૂધ પાણી ભેળાં હોય તેમાંથી દૂધ કાઢી લઈ પાણી રહેવા દેછે એમ કહેવાયછે, તેમ વિવેકી વાંચનારે સત્ય અસત્યને જુદાં પાડી સત્ય ગ્રહણ કરવું.)

કુટુંબ નાતમાં માણસો સાથે તેઓનાં રૂપ ઓળખીને તેઓની જોડે પ્રસંગ પાડવો; ઘરની ગુહ્ય વાત બહાર કહાડવી નહિ; છેક એકલપેટી અથવા કોઈને મોઢું ન ગમે એવી તબીયત પકડવી નહિ. કુટુંબના સ્ત્રીપુરૂષ સાથે નિષ્કંલકી મીલનસારી રાખવી. કામકાજ કરવામાં કોઈ ચાર વાત કહે તે સાંભળવી અને સાંખી રહેવી. કોઇએ વખાણ કીધાં તો તેથી ફૂલાઈ ન જવું અને નઠારૂં કહ્યું તો તેથી રીસ ન ચડાવવી. અજાણ્યાં માણસ જોડે કાર્ય જેટલુંજ કામ પાડવું.—તમ ભલે અમ ભલા એવી રીત રાખવી. ચાકરો જોડે માયાળુપણે પણ મર્યાદાસર કામ લેવું. એ રીતે વર, સગાં, આડોશી-પાડોશી વગેરે સંબંધી જોડે ચાલવાનો સ્ત્રીનો ધર્મ છે. નઠારા છંદોના હુમલામાંથી પોતે બચવું તથા પોતે જખમો ખાઇને પોતાની પાસેનાઓને બચાવવાં. માના ઉપર છોકરાનું થવાનું સ્વરૂપ આધાર રાખેછે માટે તેણીએ હસકે તસકે, ધવડાવતાં, નવડાવતાં, જમાડતાં, રમાડતાં અને હરેક વખતે આંખમાં પ્રેમ આણીને તેઓને સારી શીખામણનો બોધ કરવો. માત્ર છોકરાઓનેજ નહિ, પણ પોતાની બહેનપણી સખી વગેરેને પણ રૂડી શીખામણ ને સલાહ આપવી.

"ઘર ફેરાવી લીધું" એમ નવી સ્ત્રીએ જલદીથી કહેવડાવવું જોઈએ. સ્ત્રીને ઘરધંધો તથા ઘરખર્ચ એ બે વિષે ઘણું ધ્યાન આપવું લાજમ છે, જેમ પુરૂષ બહારનાં કામ કરેછે તેમ સ્ત્રીએ ઘરનાં કામકાજમાં ચપળતા, હોશીઆરી તથા યશ બતાવવા અને ધણીની આવક તપાસીને તે પ્રમાણે ઘરનો ખર્ચ રાખવો. ઘરની વસ્તુઓની ગોઠવણ તથા રીતભાત સ્વચ્છ અને વખાણવાલાયક થવી જોઈએ.

તેણીએ પોતાની ફુરસદનો વખત નકામાં ટાહેલ્લાં કરવામાં, નિંદા કરવામાં, મસ્કરીઠઠ્ઠા કરવામાં, અથવા લોકોને ઘેર ભટકીઆં મારવામાં ન કહાડવો; પણ નાના પ્રકારનાં અનેક વિદ્યા તથા નીતિનાં પુસ્તકો વાંચવામાં, ચાર સખીઓમાં વિવેકથી ડહાપણની વાત કરવામાં અને પોતાના ધંધામાંથી કેટલીએક નવી યુક્તિ શોધવામાં, શીવવા ભરવામાં અને ભજન ગીત ગાવામાં પોતાનો વખત કહાડવો. ફલાણો બહુ ફુટડો છે, તે બહુ પૈસાદાર છે એવી વાત કરનાર બૈરીઓ જોડે રૂડી સ્ત્રીએ ઝાઝો પ્રસંગ ન રાખવો.

પોતાનાં કામથી ફારગ થયા પછી ધણીના કોઈ કામમાં મદદ થઈ શકે તેવું હોય તો મદદ કરવી. સ્ત્રીએ લાડવું તે પોતાના વર સાથેજ. તેનીજ સાથે પોતાના સંસારની, પોતાના છોકરાંની, પોતાના સુખ વધારવાની વાતો કરવી. સ્ત્રીજાત પુરૂષ કરતાં વધારે ચંચળ છે, તેની લાગણી પુરૂષ કરતાં વધારે જાગતી છે તેથી તે સાહસ કરવાને વધારે મન દોડાવેછે, પણ સદ્ગુણી સ્ત્રીઓએ જૂઠાપણું, મૂર્ખપણું, લોભીપણું, હઠીલાઈ, ક્રોધ, ગર્વ અને વગર સમજના ઉતાવળા વિચાર એઓથકી દૂર રહેવુ ઘટારત છે.

कार्येषु मंत्री, करणेषु दासी ।
स्नेहेषु माता, शयनेषु रंभा ॥
धर्मेषु साह्या, क्षमया धरित्री ।
षाड्गुण्ययुक्तात्विह धर्मपत्नी ॥ १ ॥

અર્થ—વિચાર કરવામાં પ્રધાનનું કામ કરે છે એટલે પ્રધાનની પેઠે સલાહ આપે છે; કામ કરતી વેળા દાસીની પેઠે મહેનત લઈને કામ કરેછે; માના જેવો સ્નેહ રાખેછે, શયનને વિષે તો રંભા છેજ; ધર્મનીતિના કામ કરવા વિષે ધણીને સંમત રહે છે અને સહનશીલતા રાખે છે; એવી ૭ ગુણ ધરનારી સ્ત્રીને વિદ્વાનોએ ધર્મપત્ની કહી છે.

જેમ અઘોર વનમાં કોઈ ખુશનુમા સરોવરનુ પાણી શરીરમનને સુખ કરે છે તેમ તરેહતરેહવાર પાપનાં જંગલમાં રત્નનાં જેવાં શોભતાં વિવેકનાં

સરોવરને વિષે ગુણકારી જે નીતિનાં નીર તે સઘળી વાતની બીડને મટાડે છે; અને જેમ કુમુદનું ફુલ ચંદ્રથી ખીલીને તેનાજ ઉપર આસક્ત રહેછે તે પ્રમાણે સારા સ્વભાવની અને પતિવ્રતા સ્ત્રી પોતાનું રક્ષણ કરનાર જે તેનો ધણી અને પરમેશ્વર તે બેને હૈયાનાં હેતથી ભજેછે.

આપણે વિદ્યા, નીતિએ, પૈસે અને સુખે ઘણા ગરીબ છીએ તેનું કારણ આજ કે આપણી સ્ત્રીઓની હાલત નઠારી છે. તેઓ ભણેલી નથી, કે તેઓની પ્રજા તેઓના હાથ તળે વિદ્યાનીતિનાં ખાજાં ખાય. સ્ત્રીઓ ઘણીએક અનીતિથકી એટલે વિષયાદિક કામોથકી, અતિશે શોક કરવાથકી ઘરમાં કુસંપ વધાર્યાથકી અને ખાનપાનાદિકથી શરીર અને મનને ઘણાં ઘણાં નુકસાન પહોંચાડેછે. તવાઈ ગયેલાંને છોકરાં થાય તે માયકાંકલાંજ રહે તેમાં શું અજબ જેવું છે?

આપણા દેશમાં જ્યારે પાર્વતી, સીતા, રૂક્મિણી, બીજા દેવ ઋષિઓની સઘળી અને બીજી નાતોની કેટલીએક સ્ત્રીઓ ભણેલી અને નીતિમાન હતી ત્યારે દેશમાં પરાક્રમ અજાયબ જેવાં થયાં છે. હમણાની બાયડીઓના વિચાર ઘણા મૂર્ખ હોયછે, તેઓ ઘરેણાં લુગડાંનીજ ભુખી હોયછે, પણ ધણીની પ્રીતિની ભૂખ નથી રાખતી. તેઓ કોઈપણ રીતના સારા ઉદ્યોગમાં વખત ગુજારતી નથી. વિલાયતમાં સ્ત્રીઓ રોજના ઘરધંધાથી પરવારીને પોતાને કાજે, ધણીને કાજે અને છોકરાં કાજે કપડાં સીવેછે અને તેઓનાં કામમાં મદદ લાગે છે. આપણી સ્ત્રીઓ તો કહેછે કે લાવે તો ખાઉં ને ખવડાવું. દુઃખ પડયા વિના માણસ ઘડાતું નથી એ વાત ખરીછે. જે નાતોમાં મોટાં પલ્લાં ભરવાનો ચાલ છે ત્યાં બૈરાંઓ નઠારાં કામ કરવાનો ઘણો ફાયદો મેળવે છે. ધણી છે ત્યાં સુધી તે ખવડાવશે ને મરી જશે ત્યારે પીયર તથા પલ્લું છે એમ કહીને પેટની ફીકર રાખતાં નથી અને તેથી તે કંઈ પણ ઉદ્યોગ કરતાં નથી. જે નાતોમાં બિલકુલ પલ્લાંની ચાલ નથી તેમાં પણ ઘણાં નુકસાન થાયછે, તેમ જ્યાં ઘણાં પલ્લાંનો ચાલ છે ત્યાં પણ ઘણાં નુકસાન થાયછે. ઘણાં પલ્લાંથી બૈરાંઓ આળસુ થઈ જાયછે ને

ખાવું પીવું ને ચહેન મારવી એજ વાત સારી પેઠે જાણેછે. એ કારણ અને બીજાં ઘણાંઓને માટે પક્ષાં ઓછાં કરવાં જરૂરનાં છે. એમ થશે ત્યારેજ ખાનદાનમાં બૈરાંઓ પૈસો જતો રહેવાની બીકે કોઈ પણ ઉદ્યોગમાં વખત કહાડશે અને દુરાચરણ નહિ હોએ. ઘણો દિલગીર છઉં કે કેટલીએક આપણી રંડાએલી સ્ત્રીઓ પોતાનો ગુજારો કુમાર્ગે કરેછે. ઉદ્યમવિના વિદ્યાનીતિ નહિ, ને એ વિના ખરૂં સુખ નહિ માટે સ્ત્રીજાતે પોતાનો વખત ઉદ્યોગમાં કહાડવો.

રા. સા. મહીપતરામ.

૧૨૯–વિમળા અને સુરપાળ.

વિમળદેવીની જોડે સુરપાળ જમતો હતો તેવામાં મીરના દૂતે આવી એક પત્ર અને કેસર તથા કંકુના પડીકાં તેને હાથોહાથ આપ્યાં ને કહ્યું કે મહારાજા ભુવડની આજ્ઞાથી મોકલેલો સેનાપતિ મીરનો આ છાનો કાગળ છે, એ આકડાના દૂધે લખેલો છે. આ કંકુનો ચાંલ્લો કરી કેસર ચોળી એકાંત જગાએ જઈ વાંચો અને ઉત્તર લખી આપો. સુરપાળે તે લઈ દૂતને બહાર દેવડીએ બેસવાની આજ્ઞા આપી. વિમળા કહે લાવો હું વાંચી સંભળાવું. સુરપાળે કહ્યું "એવડી ઉતાવળ શી છે, જમી રહીને વાંચીશું.' બાઈ કહે ના હું હાથ ધોઈને વાંચીશ. સુરપાળે હસવામાં કહ્યું કે મારા ઉપરનું પત્ર તમારાથી ના વંચાય. એટલામાં તો તેની સ્ત્રીએ તેના હાથમાંથી લઈ લીધું અને પીરસનારને બહાર કહાડી મોટેથી વાંચ્યું.

"શ્રીમંત્ ચક્રવર્તી મહારાજાધિરાજ દિગ્વિજયી શ્રીકલ્યાણપતિ મહારાજા ભુવડની આજ્ઞાથી આ પત્ર લખિતંગ તેનો આજ્ઞાંકિત સેવક સામંત શિરોમણી મુખ્ય સેનાપતિ મીર.

જોગ ગૂર્જર સેનાપતિ મહા શુરવીર સુરપાળ—

જત અમારા મહારાજા તમારૂં યુદ્ધકૌશલ્ય, તમારૂં શૌર્ય, તમારાં પરાક્રમ અને તમારી ચાતુરી જોઈ તમારા ઉપર પ્રસન્ન થયા છે, ને પોતાની સેવામાં

તમને રાખવાને ઇચ્છેછે. તમે ગૂર્જર રાજાને છોડી મારા સ્વામીની સેવા સ્વીકારશો તો ધરાશો એટલું ધન તથા એક લાખની જાગીર ભૂપતિ ભુવડ તમને આપશે. જયશિખરની પડતી દશા આવી છે, એનો કાળ પાસે છે, એને વળગી રહેવાથી આપને લાભ થવાનો નથી, તમારા જીવની હાનિ થશે, તમારૂ કુટુંબ રઝળશે, રવડી રખડી કમોતે મરશે માટે દુઃખ તજી સુખમાં આવો. જો આપ આણી તરફ આવી જયશિખરનો પરાજય કરવામાં સહાય કરશો તો અમારા મહારાજ તમને મોટી પદવી આપશે, પરંતુ ખુલ્લી રીતે બહાર ન પડતાં અંદર રહી છળભેદ કરી તમારી નજરમાં આવે તેમ જયશિખરનો ઘાટ ઘડશો, કે લશ્કરને ફોડી દરવાજા ઉઘડાવશો, કે અમારો ઝટ જય થાય એવી યુક્તિ કરશો તો અમારા મહારાજની મરજી એટલે સુધી છે કે તમને ગુજરાતની ગાદીએ બેસાડવા અને અમારા અનેક ખંડીઆ રાજાની ટીપમાં દાખલ કરવા. એમ વંશપરંપરા આપને મોટુ રાજ્ય મળશે. હાલ નિત્ય કેટલી બધી હિંસા થાયછે તે થતી અટકશે ને હજારો જીવ ઉગરશે તેનું પુણ્ય પણ તમને લાગશે. તમારો દેશ તો દયા ધર્મને માટે આખી પૃથ્વીમાં વિખ્યાત છે. આ ગુપ્તપત્રનો ઉત્તર ખુબ ધીરજથી ને દીર્ઘદૃષ્ટિએ વિચાર કરીને લખજો, નાદાની કરશો મા. અમે અમારાં વચન પાળવાની ભાટની જામીનગીરી આપીશું. આપની મૈત્રી કરવાને હું પંડે પણ ચાહુંછું માટે સ્નેહભાવથી અનુકુળ ઉત્તર લખજો. લક્ષ્મી ચાંલ્લો કરવા આવે ત્યારે મોં ધોવા જવું નહિ, તુરત કપાળ ધરવું, એ ધ્યાનમાં રાખી મારૂં કહેણુ સ્વીકારજો. અમારા મહારાજા સ્વહસ્તે તમારે અને વિમળદેવીને મસ્તકે મુગટ પહેરાવશે."

આ પત્રથી સુરપાળ અને વિમળદેવી ક્રોધાયમાન થયા, બાઈએ પત્ર ફેંકી દીધો, ખાવાનું ખાવાને ઠેકાણે રહ્યું ને સુરપાળ ઊઠી ઊભો થયો. બેહુનાં તન મન તપી ગયાં ને રૂંવાટી ઉભી થઈ. પોતાના બે હાથે આંખો મીંચી જરા ધીરો પડી પોતાની સ્ત્રીનું મન અજમાવવાને સુરપાળ બોલ્યો— "કેમ બાઇને મહારાણી થવુંછે? માથે મુગટ પહેરવો છે? તમારા દીકરાનું

ભલું તાકશો કે નીતિ પાળશો ?" રોષના આવેશમાં આ પેચનું બોલવું વિમળા સમજી નહિ ને બોલી "હું તો તમારા સદ્ગુણને વરી છું, તમારા સત્ય વેરે પરણી છુ; હું તો તમારી હિંમત અને પરાક્રમ ઉપર મોહિત થઈ હતી. તમારી છાતીમાં કળજુગે વાસો કર્યો છે એ જાણતી નહતી. બળ્યું તમારૂં રાજ્ય ! મારો દીકરો ભીખ માગશે પણ તમારો લાંચનો પૈસો, તમારી રૂશવતની જાગીર, તમારૂં વિશ્વાસઘાતનું રાજ્યાસન નહિ ભોગવે ! કપટથી મેળવેલી ગાદીએ મારે નથી બેસવું ! દગાનો મુગટ મારે નથી પહેરવો ! હું પતિવ્રતા નારી છું, પણ પતિથી પરમેશ્વરને વધારે મોટો ગણું છું, પાપ કરી પરમેશ્વરનો કોપ માથે નહિ લઉં, લાંચીઆ, લુચ્ચા, ચોરટા, પાપીની હુ સાથી નથી, ને નહિ થાઉં, કાવતરાં કરનારા ખુનીનો સંગ નહિ કરૂં !"

સુરપાળે તુરત તેને કોટી કરીને કહ્યુ, ! શાબાશ મારી વહાલી શાબાશ ! ધન્ય છે તારાં માત પિતાને ! ગુજરાતમાં મા, બેન, વહુ ને દીકરી ઘેરેઘેર તારા જેવી સતી હોજો ! મેં તો તમારૂં મન જોવા પૂછ્યુ, આવો આપણે જમી લઈએ. ભૂખ તરસને સંતોષી ટાઢાં પડી આ દુષ્ટ પત્રનો ઘટતો જવાબ લખીશું.

રા. બા. નંદશંકર.

૧૨૮—રૂપસુંદરીનો દુઃખોદ્ગાર.

રાજાની એ સઘળી વાતથી રૂપસુંદરીના મનનું સમાધાન લેશમાત્ર પણ થયુ નહિ. તેના હૈયામાં શોકનો ઉભરો ચઢી આવ્યો. તેના મનમાં વિચારના તરંગ ઉપર તરંગ ઊઠવા લાગ્યા. "અરે મારા ધણી તેં મને લાડ લડાવવામાં કાંઈ બાકી રાખી નથી. તને પ્રધાનવટું મળ્યું નહતું, તું જ્યારે ગરીબ અવસ્થામાં હતો, ત્યારે પણ તેં દુઃખ ભોગવી મને સુખ આપ્યું હતું.

પાણી માંગેલું ત્યારે દુધ આપેલું, અને કોઈ દહાડો મેં અપરાધ કીધા છતાં પણ તેં મને કડવો બોલ કહ્યો નથી. અરે ! તે સુખ તો હવે વહી ગયું ! હવે હું તારૂં મોં ફરીથી ક્યાં જોઇશ ? તને પાનસોપારી હવે ક્યારે આપીશ ? તું જ્યારે ફીકર ચિંતામાં ઘેર આવશે ત્યારે મોં હસતુ રાખી તારી દિલ્લગીરી કોણ કાઢી નાખશે ? અરે હું દુષ્ટ ચંડાળણી, તારો પાડ તે હું ક્યારે વાળીશ ? તારૂં કીધેલું કોઇથી થવાનું નથી. મને અત્યાર સુધી કાંઈ છોકરાં ન થયાં તોપણ મારા જીવને ક્લેશ થાય માટે તેં જરાપણ તે વિષે શોક બતાવ્યો નથી. હાય હાયરે ! તે દહાડા તો ગયા, પણ હું જીવીશ ત્યાં સુધી તેને ભુલવાની નથી. અરે મહાદેવ, ઓ ઓ જગતપિતા, મને પાપીને તું ગમે તે કર, પણ મારા પરમપ્રિય સ્વામીને તું સદા આરોગ્ય, સુખી તથા ધનવંત રાખજે, મારી ખરા દિલથી એ પ્રાર્થના છે તે તું સાંભળજે. અરે મારા દીયરજી, તારે સારૂ તો હું મારા આંસુએ સાગર ભરૂં તોપણ થોડુ છે. તેં મારી આમન્યા કોઈ દિવસ લોપી નહતી, તેં મને મા સમાન ગણી હતી, અને મેં તને મારી આંખે મારૂ રક્ષણ કરવામાં ભોંય ઉપર લોહીમાં આળોટતો જોયો. તેં તારૂ જોર, જુવાની, તારી આશા, સ્ત્રી, તારૂં આવર્દા મને આવી ભયંકર રીતે અર્પણ કીધા; તું મારી ખાતર ભરજુવાનીમાં મુઓ એ સઘળાનો બદલો હું તે ક્યારે વાળીશ? અરે મારી દેરાણી, તારૂં હમણા કેવું મહોડુ થયુ હશે તે મારા મનમાં આવે છે એટલે મારી છાતી ફાટી જાયછે. હાય ! હાય ! તારી શી ગતિ થશે ? તારી ઉમર કેટલી ? હજી તો હમણા સોળ વર્ષ પુરાં થયાં એટલામાં મુવા દૈવે તને રંડાપો મોકલ્યો. હવે એ દહાડા તે કેમ જશે ? તું મને લાખો ગાળો દેશે તેથી મારા જીવને નિરાંત વળશે. અરે રામ ! તારા દુઃખનો કાંઈ કાંઠો નથી. તારી હવે કોણ પરવશી કરશે ? તારા પીયરમાં પણ સુખી નથી; તારી ભાભી તને ટપલા મારી સુકો રોટલો ખવડાવશે; એ બધું મારે લીધે. તું જીવતી મોઈ અને તારા ધણીના તથા તારા મોતની હત્યા મારે માથે બેઠી. અરે પરમેશ્વર તેં મને બળ્યું રૂપ શા સારૂં આપ્યું ? એ મુઆ

રૂપથી આ સઘળી ખરાબી થઈ છે. એ સઘળાં પાપથી હું ક્યારે છુટીશ? જીવતાં સુધી મારા મનમાં પસ્તાવાનો તાપ બળ્યાંજ કરશે તેથી કદાપિ કહેછે તે પ્રમાણે મને ગમે તેટલુ સુખ થશે તોપણ નહિ હોલવાય એવા અગ્નિથી હું બળી બળીને મરી જઇશ. આ ભગવાન! તે દહાડો જલદી આવે તો સારૂ. વળી પરમેશ્વરે બ્રાહ્મણમાં અને તેમાં સૌથી ઊંચી નાગરી ન્યાતમાં મને જન્મ આપ્યો તે સઘળું મિથ્યા. મારા એક ભવમાં બે ભવ થયા. કોણ જાણે કયા જન્મનાં પાપ નડયાં. ન્યાત, જાત, સગાં, વહાલાં, માબાપ, ભાઈ, ભોજાઈ, બહેન વગેરે સઘળાં કુટુંબનાં માણસોને મન તો હું આજ મરી ગઈ. અરે! તમે મારૂં આજ સ્નાન કરજો. હું તેઓને કોઈ વખત મળીશ તો ખરી, પણ હવે કાંઈ પહેલાં જેવો વહેવાર રહેવાનો છે? શું હવે એકઠાં મળીને ખવાવાનુ છે? આખા નગરમાં સૌ મારો ધિક્કાર કરશે. રાજાના મહેલમાં સૌ મને શત્રુ ભાવે જોશે. બીજી રાણીઓ મારી અદેખાઈ કરશે અને રાજાનો ભરોસો શો? રૂપ તો ક્ષણભંગુર, રૂપ ઉપરનો મોહ ખોટો સમજવો. પણ લાચાર, હવે બીજો શો ઉપાય? જે બન્યુ તે બન્યું. દૈવની ગતિ આગળ કોઈ ડાહ્યું છે? મારા નસીબમાં આ દુઃખ લખેલું હશે તે કોટી ઉપાયે પણ મિથ્યા થનાર નથી. વિધાતાએ લલાટમાં જે લેખ લખ્યા હશે તે કદાપિ ફરવાના નથી; માટે હવે તો જે માથે આવી પડે તે મુગે મહોડે સહન કરવું."

૧૨૯—શંકળદેવ તથા દેવળદેવીની પ્રતિજ્ઞા.

"હે સૂર્યદેવતા! તારૂં તેજ સર્વત્ર પડેછે, તથા તું માણસોનાં બહારના કામો તથા માંહેના વિચારો જાણેછે. હે વનના દેવો! તમે આ વાડીમા આવા રળીઆમણા વખતમાં ફરતા હશો, તથા આ અમારો પવિત્ર કોલ થતો જોવાને આવ્યા હશો. વાયુદેવતા! તું પવનની હરેક લહેરમાં ફરેછે તથા માણસોના હરેક કામને જોયછે. વરૂણદેવતા! તું ઇહિાંનાં નદી નાળાનુ રક્ષણ કરવાને હાજરજ હોઇશ. હે વાયુમાં વસનારા અગણિત ગણો તથા કનિષ્ઠ દેવો! તમે દુનીઆ સંબંધીનું સઘળું કામકાજ કરોછો. તથા હે

તેત્રીશ કરોડ દેવતાઓ! તમે તમારા દૈવચક્ષુઓવડે ગમે ત્યાં હશો તોપણ આ અમારો મેળાપ જોઈ શકતા હશો. અંતે હે સર્વવ્યાપક અને સર્વજ્ઞ પરમેશ્વર! તારા એક મોટા મંદિરમાં અમે પ્રતિજ્ઞા લઈએ છીએ. તારા હુકમ સિવાય એક ઘાસનું તણખલું પણ હાલી શકતું નથી, તથા તારા જાણ્યા સિવાય કાંઈ પણ કામ થઈ શકતું નથી. તમે સઘળા દેવોની સમક્ષ અમે એ શંકળદેવ તથા દેવળદેવી પ્રતિજ્ઞા કરીએ છીએ કે જે દૃઢ પ્રીતિ અમારા એની વચ્ચે બંધાઈ છે તેને વધારે દૃઢ કરવાને, પ્રીતિવડે આ દુનીઆમાં જે સુખ પ્રાપ્ત થઈ શકે તે ભોગવવાને, પુરૂષ તથા સ્ત્રીના સંયોગથી જગતની વૃદ્ધિ થાયછે તે નિયમ અમલમાં લાવવાને, તથા પ્યારનો ભંડાર ઈશ્વરે અનંત ડહાપણથી અમારા અંતઃકરણમાં મૂકેલો છે તેનો યથાયોગ્ય તથા સારે રસ્તે ઉપયોગ કરવાને, અને આ અમારૂં તન, મન, અને ધન આ દુનીઆમાં જ્યાંસુધી જીવીએ ત્યાંસુધી મેળવવાને અમે બે જણ આજે પ્રતિજ્ઞા કરીએ છીએ. આજથી અમારૂં એક સ્વરૂપ જાણવું, તથા સુખ અથવા દુઃખ જે સંસારમાં પડે તે અમારે સમાન ભાગે વહેંચી લેવું. આજથી અમારે અમારા સ્ત્રી પુરૂષના ધર્મ પ્રમાણે વર્તવું, અને જગતમાં પોતે સુખી રહી બીજાઓને સુખી કરવાને પ્રયત્ન કરવો. આ અમારા કોલ ઉપર જગકર્ત્તા ઈશ્વર! તું મહેર કરજે, તથા હે તેત્રીશ કરોડ દેવતાઓ! તમે સાક્ષી કરજો; એટલે જો એ પવિત્ર કોલથી અમે ફરીએ તો અમે અમારા બાપદાદાના, અમારી જાતના, તથા પ્રાણી માત્રના ધર્મથી ફર્યાં એમ જાણવું; ને એ અઘોર પાપને માટે નરકમાં જે મોટામાં મોટી શિક્ષા છે તેને અમે ખરેખરાં પાત્ર થયાં એમાં કાંઈ સંશય નથી. માટે રે અનાથના નાથ, રે દીનદયાળ પ્રભુ, રે જગતનું પ્રતિપાલન કરનાર! તું નીચે જોઈને આ અમારા નવા સંબંધને પવિત્ર કર; તું તેને આશીર્વાદ દે; તેનાં ફળ સુખરૂપ થાય એવું નિર્માણ કર; અને અમારી બન્નેની સઘળી આશા સફળ કર. એ અમારી ખરા અંતઃકરણની પ્રાર્થના છે તે તું અપાર દયાવાન તથા અનંત પ્રીતિયુક્ત જગતનો પિતા સાંભળી લઈ માન્ય કરજે."

રા. આ. હરગોવિંદદાસ.

૧૩૦—સ્ત્રીઓને જ્ઞાનની જરૂર.

કોઈ કહેશે કે બૈરાંને ક્યાં લડવા જવું છે કે તેમને હિંમત ને શુરાતનની જરૂર પડે ? તેમને તો સદાય મકાનમાં રહી ઘરધંધો કરવાનો છે. સ્ત્રીઓને ક્યાં નોકરી કરવી છે, કે તેઓ કેળવણી લે તેના જેવો આ પ્રશ્ન છે. હિંમત અને શુરાતન બતાવવાના પ્રસંગ સ્ત્રીઓને માથે પણ આવી પડેછે અને તેટલા માટે એ ગુણો પ્રાપ્ત કરવાની અથવા તેમને ખીલવવાની જરૂર છે. કસરતથી શરીર તંદુરસ્ત રહેછે ને જોરાવર થાયછે. પગ ઉપર પગ ચઢાવી બેસી રહેવાથી કે અંગ ન કસાય એવું કામકાજ માત્ર કરવાથી શરીર કસાતું નથી, અને તેથી તે પીળું દેડકા જેવું અથવા નિર્માલ્ય થઈ જાયછે. એક કોળણ એકલી બેધડક અને ઉતાવળી પરગામ ચાલી જાયછે, તેવું ઉચ્ચ વર્ણની સ્ત્રીથી કેમ થઈ શકતું નથી ? બે ત્રણ કોળણો ગાવા માંડે તો આખું ગામ ગજવી મૂકેછે, ત્યારે પાંચ પચીસ ઉચ્ચવર્ણની ગાનારીઓનો સ્વર મહોલ્લા બહાર પણ ભાગ્યેજ સંભળાયછે. ઉચ્ચવર્ણની સ્ત્રીઓ માંદલી રહેછે, અને તેમને વારેવારે ઓસડ વેસડની જરૂર પડેછે, ત્યારે નીચવર્ણની સ્ત્રીઓ જુલાબ કેવો હોય તે પણ ઘણીખરી જાણતી નથી. જેમ શરીર નબળું તેમ રોગનું જોર વધારે ને હિંમત ઓછી થતી જાય ભૂતાવળ (હિસ્ટિરીઆનો રોગ) સ્ત્રીઓમાં વધારે શાથી જોવામાં આવેછે ! જેમ શરીર નબળું તેમ મન પોચું પડે, અને તેના ઉપર ગમે તેવી અસર થઈ જાય. પોચા મનપર વહેમની ને અજ્ઞાનતાની અસર ઘણી થાયછે; વહેમે અને અજ્ઞાનતાએ ઘણે ભાગે સ્ત્રીવર્ગમાં ઘર કરેલું છે. "મનસા ભૂત ને શંકા ડાકણ" કહેવામાં આવેછે તેમ જે 'બીએ તેને આવી લાગે' એવી કહાણી ચાલેછે; છતાં ભૂતપ્રેતની અસર સ્ત્રીઓ ઉપર વિશેષ થાયછે, કેમકે માણસ મુઆ પછી ભૂત થાય છે ને તે નજીકના સગાંને તેમ બીજાંને વળગેછે, એવો વહેમ

સ્ત્રીઓમાં હોયછે, અને વહેમની મારી બીકને લઈને તેઓ છળી ઊઠેછે. આવી આપત્તિઓમાંથી દૂર થવા માટે, અને ભયને વખતે બચાવ કરી શકાય તે અર્થે સર્વે કોઈએ પ્રથમ શરીર સુદૃઢ રહે એમ કરવું જોઈએ.

લોકો કહેછે કે "દીકરીની માટીને શા ઝટકા પડનાર છે!" પણ આપણા ઘર સંસારમાં આપણે શું જોઈએ? પ્રથમ તો કોઈ સ્ત્રીને દીકરી અવતરે કે તેના ઘરનાં માણસ મોં મચકોડેછે અને દિલગીર થાયછે એટલુંજ નહિ પણ જાણે તેમાં તે સ્ત્રીનીજ કસુર હોય તેમ તેનાપર અણગમો બતાવી તેની સુવાવડમાં માવજત પણ જોઈએ તેવી થતી નથી. સૌ કોઈ પુત્રપ્રાપ્તિની હરવખત આશા રાખેછે, પણ તે જાણતાં નથી કે એકલા પુત્રોજ જન્મે તો સંસાર નભી ન શકે. જેટલી જરૂર પુત્રની છે તેટલી જરૂર પુત્રીની છે, તે વાત લક્ષમાં ન રાખતાં પુત્રીની સંભાળ બેદરકારપણે લેવાયછે. એમ ધારી તેને પાળવા પોષવામાં લક્ષ થોડાજ માબાપ આપેછે. ખાવાપીવાની બાબતમાં ને લુગડાંલત્તાં પહેરાવવામાં તેના શરીરનું પોષણ અને રક્ષણ થાય એ ઉપર ધ્યાન અપાતું નથી. કાચું, કોરૂં, ટાઢું, શીળું, કોહ્યું, ફવાયું હોય તે સ્ત્રીવર્ગને ભોગ પડેછે. મંદવાડ વખતે ચાંપતા ઉપાય વખતસર લેવાતા નથી. વ્રત અપવાસવડે કાયાકષ્ટી હદ ઉપરાંત કરવામાં આવેછે. લુગડાં ઘરેણાંમાં ઉપયોગ કરતાં શોભા ઉપર લક્ષ વધારે અપાય છે. ભલે જાડા લટ્ટ દાગીનાવડે હાથપગનાં કાંડાં કંતાઈ જાય અને નાક કાનના વહે વધીને તૂટી જવાનો પ્રસંગ આવે અથવા દાગીનાની લાલચે ચોર લુચ્ચાઓ છોકરાંનો જીવ લે, તોપણ તે પહેરાવવા ખરા. છોકરાં ભલે લુગડાંવિના નાગાં ફરે પણ તેમના અંગપર દાગીના તો જોઈએજ. છોકરીઓને વિવાહમાં ગમે તેવે ટાણે ગમે તેવા વર સાથે પરણાવી કાચી વયે સાસરે મોકલવામાં આવે. સાસુ વઢકારી હોય, નણંદી છિદ્રો ખોળનારી હોય અને બીજા ચાડીચુગલી કરનારાં હોય તો નાનીશી વહુપર પસ્તાળ પડવા માંડે, તેને માથે અનેક કામનો બોજો પડે, અને આરામ વિશ્રામ લેવા જાય તો તેની ફજેતી કરવામાં આવે. માઠાં ભાગ્યે ઘણીવાર કજોડાં હોયછે તો છોકરીની માઠી

દશા થાયછે. કેટલીકવાર કુલવાન વર ખોળવાની લાહ્યમાં ઘરની કંગાળ સ્થિતિ જોવામાં આવતી નથી તેથી છોકરીને સાસરીઆમાં અન્નપાણીના વેલા પડેછે. કદી તે સુખી ઘરમાં પડી હોય અને ત્યાં ચાકર નોકર કામ કરનાર હોય તો તે વિના કામકાજે શરીર બગાડેછે. બાળલગ્નની રૂઢીથી છોકરીઓને સારૂ શીખવાનો પ્રસંગ આવતો નથી. આ બધી પીડાઓ ને અડચણો જાણવામાં છતાં માતાઓ પોતાની દીકરીઓના સુખનો વિચાર ન કરે તો તે પોતાના ફરજંદ ઉપરૂ એક જાતનું ઘાતકીપણું વાપરેછે, અને તે સંતાન પ્રત્યેની પોતાની ફરજ અદા કરતાં નથી તેથી પાપમાં પડેછે એમ સમજવું. દીકરીઓનો સંસાર ઘણી માતાઓ બગાડેછે. બાળપણમાં પરણાવી દેવાની અને પોતાના હાથ કંકુના કરવાની તે હઠ લેછે, આજુબાજુનો વિચાર કર્યા વગર તે અમુક ઠેકાણેજ પરણાવવાની જીદ કરેછે. દીકરીને શિક્ષણ આપવાના કામમાં પણ તે આડી આવેછે અને કેટલીકવાર તો તે દીકરીને સાસરે જતા ઉંધી શીખામણ આપેછે.

ઘર એ સ્ત્રીનુ કહેવાયછે અને તેથીજ તેને ઘરધણીઆણી કહેછે. ઘરનુ રાજ તેને સોંપાએલુ હોયછે, પરંતુ આપણે ઘણીવાર જોઈએ છીએ કે સ્ત્રીઓ રાજસત્તા ખોઈ બેસેછે, કેમકે તે ચલાવવાની તેનામાં શક્તિ કે આવડત હોતી નથી; એને માટે જે જ્ઞાનની જરૂર તે છે તે મેળવતી નથી; એને માટે જે અનુભવ જોઈએ તે તે સંપાદન કરતી નથી; એને સારૂ જે સામદામ ઉપાય લેવા જોઇએ તે લેતાં તેને આવડતા નથી. કાં તો તે અતિ મિજાસી હોયછે કે કાં તો તે અતિ ભલી નીવડેછે, એટલે ઘરનાં માણસો કાં તો કંટાળેછે કે કાં તો તેને ગણકારતાં નથી. ઘરખટલો ચલાવવામાં કાં તો તે અતિ ઉદારતા દેખાડેછે, કે કાંતો તે અતિ કંજુસાઈ બતાવેછે. તેનું પરિણામ એ આવેછે કે કાંતો તેનું રાજપદ તેનો ધણી છીનવી લેછે, કે કાંતો તેથી ઘરની ખરાબી થાયછે. ઉડાઉપણાથી ઘર ખાલી થઈ જાયછે, ને કંજુસાઇથી ઘરમાં રહેનાર હેરાન થાયછે. મધ્યમ માર્ગ કરકસરનો પકડયા વગર ઘર સારી રીતે ચાલશે નહિ. ઘરમાં વૃદ્ધ વડીલો સાથે ને નાનાં બાળકો સાથે કેવી રીતે વર્તવું

તે ઘણી સ્ત્રીઓ જાણી શકતી નથી. બધાંના મિજાજ એકસરખા હોતા નથી. તેથી ઘર નિભાવવામાં ઘણી યુક્તિ કરવી પડેછે. કેટલીકવાર "બારણાં ઉઘાડાં ને ખાળે ડાટા" ની માફક–ખાવાપીવામાં ને ખરા સુખનાં સાધનોમાં કંજુસાઈ કરવામાં આવેછે, અને દરદાગીના પાછળ અને નાતવરા પાછળ ઘેલાળપણ બતાવવામાં આવેછે. લોકનાં વખાણ સાંભળવા માટે ફુલણજી થવું એ ચહાવા લાયક નથી. પેટે પાટા બાંધી વૈતરૂં કરવું અને શુભાશુભ પ્રસંગે ઘીની છોળો ઉડાવવી એ શું ડહાપણ ભરેલુ છે ?

છોકરીઓને વળી કસરત કેવી એવું ઘણાં બૈરાં કહેછે, અને નિશાળમાં કસરત ચાલતી હોય તો તે વિષે હાસ્ય કરેછે. જેમને ઘરના કામકાજથી અંગકસરત જોઈએ તેટલી થતી હોય તે છોકરીઓને બીજી કસરતની જરૂર નથી, પરંતુ જેમને ઘરનું કામકાજ કરવું ન પડતું હોય તેમને કસરતની ખાસ જરૂરછે, કેમકે લોઢાની માફક શરીર પણ ઘસાયા વગર કટાયછે ને ખવાઈ જાયછે. પ્રાણીમાત્રને ઇશ્વિરે કામકાજ કરવા સરજ્યાં છે. પશુપક્ષીઓ આખો દહાડો ફર્યા કરેછે. "ફરે તે ચરે" એ કહેવત પણ એથીજ ઉત્પન્ન થઈછે. જેણે કામ કર્યું તેણે કામણ કર્યું એ કથન ખોટું નથી. કામ કરવામાં નાનમ નથી. કામ ન હોય એટલા માટે આખો દહાડો પડી રહેવું કે બેસી રહેવું એ બરાબર નથી. એથી અનેક જાતના રોગ અંગમાં દાખલ થાયછે. શ્રીમંત લોકને ત્યાં સંતાનની ખોટ હોયછે તેનુ કારણ મુખ્ય કરીને શરીરની નિર્બળતા છે. બેસી રહેવાથી ખાધેલું પચતું નથી અને તેથી શરીર નબળું પડેછે. દેવ દેવસ્થાન ગામની બહાર દૂર રાખેલાં હોયછે તેનું એક કારણ લોકોને દર્શન કરવા જતાં કસરત અને ખુલ્લી હવાનો લાભ મળે, પણ શ્રીમંતના બૈરાં તો જાણે પૃથ્વી ઉપર પગ પણ ન મંડાય તો સારૂ એમ સમજી દર્શન કરવા પણ ગાડીઓમાં બેસીને જાયછે. ગામ કરતાં બહારની હવા વધારે સ્વચ્છ હોયછે. ઘરના બંધિઆર ઓરડામાં રાતદિવસ કાઢવાથી ખુલ્લી ને સ્વચ્છ હવાનો લાભ મળતો નથી. જ્યારે દરીઆ કાંઠે સેંકડો પારસણો ને મડમોને ફરતી જોઈએ છીએ ત્યારે ત્યાં હિંદુ-ખાસ

કરીને ગુજરાતી સ્ત્રીઓ જવલેજ નજરે પડેછે. હવા અજવાળાનો વિચાર કર્યા વગર જો ઝાડનાં કુંડાં અંધારામાં મૂકવામાં આવે તો ઝાડ કરમાઇ જાયછે. એક ભેંસને છ માસ સુધી અંધારા કોઠીઆમાં પુરી રાખવાથી તેનો રંગ બદલાઈ ગયો હતો. આ ઉપરથી ખુલ્લી ને સ્વચ્છ હવા અને પ્રકાશનો લાભ કેટલો છે તે સમજાશે.

અંગબળની સાથે બુદ્ધિબળ વધારવાની જરૂર છે. જેમ શરીર બળવાન હોય તેમ મગજ પણ બળવાન થાયછે. પરંતુ એ બંનેને કસવાની ને ઉપયોગમાં લેવાની જરૂર છે. બુદ્ધિબળ વધારવા માટે છોકરીઓને શિક્ષણ આપવુંજ જોઈએ, સૌથી સારૂં શિક્ષણ માતા આપી શકેછે. કેમકે તેના સંગમાં છોકરાં રાત દહાડો રહેછે; પણ એ કામ માટે આપણા દેશની થોડીજ માતાઓ લાયકાત ધરાવેછે. પોતેજ ભણેલી ન હોય તો પોતાનાં છોકરાંને તે કેમ ભણાવી શકે? પોતેજ બીકણ બિલાડી હોય તો પોતાનાં છોકરાંને તે હિમ્મતવાન શી રીતે કરી શકે? પોતેજ નીતિ, રીતિ, વિવેક જાળવતી ન હોય, તો તે પોતાનાં છોકરાને લક્ષણવંતા કેમ કરી શકે? જેટલુ જ્ઞાન આપણાં છોકરાં નિશાળમાંથી આઠ દસ વરસની વયે મેળવેછે તે કરતાં પણ વધારે જ્ઞાન વિલાયતમાં છોકરા પાચ છ વર્ષની વયે ગૃહ–શિક્ષણથી પ્રાપ્ત કરી શકેછે. છોકરીઓ નિશાળમાં લાંબી મુદત રહી શકતી નથી. કેમકે તેમને પરણાવી હોય તો નાની વયે સાસરે વળાવી દેછે, અને સાસરે ગયા પછી નિશાળમાં મોકલાય નહિ એમ લોકો સમજેછે; એનું પરિણામ એ થાય છે કે છોકરીઓ થોડું ને નજીવું જ્ઞાન માત્ર નિશાળમાંથી મેળવી શકેછે, અને તે થોડી મુદતે વિસરી જાયછે, કેમકે પાછળથી પુસ્તકો વાંચવાનો કે અભ્યાસ આગળ વધારવાનો તેને પ્રસંગ મળતો નથી. આવું ટુંક ભંડોળીઉ શિક્ષણ શા કામમાં આવે? ઘરનો હિસાબ રાખતાં પણ તેને આવડતો નથી, તેથી ઘરની વ્યવસ્થા ચલાવવામાં તે કાચી પડેછે. ઉંચી જાતના શિક્ષણ વગર સ્ત્રીજાતિ સુધરવાની નથી. અને જ્યાં સુધી સ્ત્રીઓ અજ્ઞાન રહેશે ત્યાં સુધી દેશની સ્થિતિ પણ સુધરવાની નથી. આપણે અહીં

જ્ઞાનનાં કજોડાં ઘેર ઘેર જોવામાં આવેછે. છોકરો બી. એ. એમ. એ થયો હોય ત્યારે તેને જે ઝાંખરૂ કોટે વળગ્યું હોય તે કાળા અક્ષરને કુટી મારે એવું કે બે ચાર ચોપડીઓનું જ્ઞાન ધરાવતું હોયછે. બંને ભેગાં મળે ત્યારે વાતચીતમાં શો આનંદ મળે ? બૈરી નાતની જાતની લગ્નની મરણની વાતો કાઢે કે પડોશણો ને સગાં વહાલાંની નિંદા કરે તે ધણીને પસંદ ન પડે. ધણી કંઈ જ્ઞાનની વાત કરે તેનાપર સ્ત્રીને અભાવો થાય. સ્ત્રીઓ ગાવા બજાવાની કળા શીખવાનું કરે તો લોકોમાં તેની ભારે વાતો થાય, પણ ઘરની અંદર નિરપરાધી આનંદ મેળવવામાં ગંનતાન કેટલી મદદ આપેછે તે ઘણાંના સમજવામાં નથી. બીજી વિદ્યાઓ જે સ્ત્રીપુરૂષને અનેક રીતે ઉપયોગી થઈ પડે તે સ્ત્રીઓને શીખવવામાં આવતી નથી. છોકરીઓ થોડું ઘણું શીવણ ભરત શીખેછે તો ઉચી જાતનુ વેતરતાં ને કપડાં બનાવતાં આવડતું નથી, અગર ભરતકામ માલવગરનુ કરેછે.

ગોવર્ધનરામ માધવરામ ત્રિપાઠી.

૧૩૧—દંપતીનુ અન્યોઅન્ય કર્ત્તવ્ય.

કુટુબસંસાર ચલાવવો એ રાજ્ય ચલાવવા જેવુ છે. તે ચલાવનારી ગૃહિણીનું કામ રાજ્ય ચલવનાર પ્રધાનના જેવું ગહન છે. દીર્ઘદષ્ટિ, સ્વાર્થ ત્યાગ, સહનશીલતા, ઉદ્યોગ, ઉદારતા, વ્યવહારકુશળતા, સેવ્યબુદ્ધિ, સેવકબુદ્ધિ, ઇત્યાદિ અનેક મહાગુણોનો ઉપયોગ ચતુર ગૃહિણીને પ્રધાનના જેટલો જ છે. ગૃહિણીનું કામ ભાડુતી ચાકરોથી થવાનુંજ નથી અને ગૃહકાર્ય હલકું ગણી તેમાંથી ઉદ્ધારવાને બહાને સ્ત્રીને બાહ્યસંસારમાં ધકેલવી એ પાશ્ચાત્ય બુદ્ધિ વિદ્યાચતુરને ઘણાં કારણથી રૂચતી ન હતી. એ કારણોનો ટુંકામાં સમાસ એક પ્રસગે તેને ગુણસુંદરીએજ કરી બતાવ્યો હતો. એક પારસી વર્તમાનપત્રમાં સ્ત્રીઓને બહાર પાડવા વિશે નિબંધ હતો તે વાંચી રહી

પત્ર પતિના હાથમાં મૂકતી મૂકતી ગુણસુંદરી બોલી, “મારા ચતુર વહાલા !
“આ લોકો લખેછે તે શું તમે ખરૂં ધારોછો ? અમારે અમારૂં શું
“ઓછું છે ? અમારાં શરીર તેમ અમારાં મન સંસારના ગર્ભ ધારણ કર-
“વાનેજ સરજેલાં છે. અમારાં શરીર છે તે સંસારને ઉછરવાનું સ્થાન છે.
“એ શરીરને પુરૂષના સંસારને ધક્કેલે ચડાવવાં તે જીભની પાસે દાંતનું કામ
“કરાવવાના પ્રયત્ન જેવું છે. તમે દાંત—અમે જીભ. તમે તમારૂં કામ કરો.
“અમે અમારૂં કરીશું. તમે કમાવ, અમે ઘરસંસાર નિભાવીશું. સ્ત્રી વિના
‘તમારી કમાઈનો અર્થ કોણ સરાવશે ? તમે પણ પેટની સેવા સારૂ જીવશો
“અને અમે પણ તેમ કરીશું, ત્યારે તમારી સંતતિની, તમારા કુટુંબની,
‘તમારા ઘરની, તમારા મનની, તમારા આનંદની, તમારા ધર્મની સંભાળ
“કોણ લેશે ? શું ઇશ્વરે જગત એવું નિર્મેલું છે કે સ્ત્રીએ પણ ધનની
“સેવા કરવી ? અમને અમારૂ કામ જે આવું મોટું છે તે શીખવવામાં
“મદદ આપો. તમારી પાસે દ્રવ્ય વધે તો અમને અમારા કામમાં ઉંચી પદવી
“આપો. કુમારા પુરૂષો ગરીબ હોયછે ત્યારે પોતે પોતાના ચાકર ને રસો
“ઇઆ બનેછે તેવીજ રીતે ગરીબ પતિની સ્ત્રી બનેછે. રસોઇનું કામ
“સોંપી સ્ત્રીને હલકી કરી નાંખી એવું બોલનારા વગર વિચાર્યું બોલેછે,
“કારણ તે કામ તો સ્થિતિ પ્રમાણે પુરૂષ અને સ્ત્રી ઉભયને કરવું પડેછે.
“દશ રૂપીઆ કમાવા બજારમાં મજુરી કરવી અથવા બસો રૂપીઆ કમાતા
“ડાકતર બની દવા ઉકાળવી અને ગુમડાંનાં પરૂમાં હાથ બોળવા તેના કરતાં
“રસોઈને કીયા ઇશ્વરે હલકી કહી છે જે ? અમે અમારી બુદ્ધિ રસોઇમાં
“ચલવીશું. તમારાં સાધન વધશે ને રસોઇઓ રાખી આપશો તો તમારા
“ઘરને ઠેકાણે અમે મ્હેલ રચીશું, તમારા પુત્રને તમારા જેવા કરી આપીશું,
“તમને જે વિદ્યા સેવવાને અવકાશ નહી મળે તે અમે સેવીશું; તમારી
“રસવાસનાને, તમારા કવિત્વને, તમારા જ્ઞાનને, તમારા શૌર્યને, તમારી દેશ
“ભક્તિને, ઋણાનુબંધ પ્રમાણે ઉછેરીશું અને વધારીશું. જીભ કોમળ કામ
“કરશે ને દાંત કઠોર ચાવવાનું ચાવશે. તમારાથી અમારૂં કામ નહી થાય.

"અમે અમારૂં કામ યોગ્ય રીતે કરીશું તોજ તમારો સંસાર આગળ ચાલશે. "તમારો સંસાર આગળ ન ચાલે તો અમને પણ હાનિજ છે. મારી તો "એવી બુદ્ધિ છે." આ સાંભળી વિદ્યાચતુર હસ્યો અને બોલ્યોઃ–ઠીક તને "પણ ભલુ મનવતાં આવડેછે. આપણામાં સ્ત્રીઓ પોતાને પતિની દાસી "કહેવડાવે છે, સેવકનું કામ છે કે સેવ્યને મોટપ આપવી. પણ અમે તો હવે ઇંગ્રેજી ભણ્યા એટલે આપણા હક સરખા !"

ગુણસુંદરી–"કોણ કહેછે જે હક સરખા નથી ? ખાવું, પીવું સર્વ તમારે "ને અમારે સરખું જોઈએ છીએ. પણ સરખા હક કરીને તમારાથી ગર્ભ "ધરાવાનો નથી ને અમારાથી અમારૂં કામ છોડાવાનુ નથી, સેવ્ય સેવક "એ નામથી કોઈ મોટું નાનુ બનતું નથી. શેઠ નોકરને વાસ્તે મજુરી કરે "છે ને નોકર શેઠને સારૂ મજુરી કરે છે. દેખાવમાં શેઠ ઉપરી ને નોકર "હાથ નીચે, પણ ઉભયને પરસ્પરની ગરજ. હાથ ઉપર ને પગ નીચે એથી "ઇશ્વિરને મન હાથ વધારે નથી ને પગ ઓછા નથી. શાના વગર ચાલશે ? "સ્ત્રી પુરૂષને પણ એમજ છે. મારા ને તમારા સરખા હક, પણ મને ઇશ્વિરે "તમારા કરતાં ચાર તસુ નીચી કરી તે કંઈ ઉચાં થવાશે ને સ્ત્રી મટી "પુરૂષ થવાશે ? અમારા કામમાં તમે અમને અયોગ્ય હરકત કરતા હો, "અમને માણસને ઠેકાણે ઢોર ગણતા હો ત્યારે તમારા દોષ. આ તો શું ? "પુરૂષ તો પુરૂષનું કામ કરેસ્તો, ને સ્ત્રીએ ઘરની ચિંતા ન ઉપાડવી, ને ડાહ્યાં "ડમકાં બની ટાપટીપ કરી ગપાટા મારવા ને બેસી રહેવું ને ધણીને કહેવું "કે મારે તો ખાવાનું જોઈએ, પહેરવાનુ જોઈએ, રસોઈઓ જોઈએ ને "તમારા માબાપ વૃદ્ધ થયાં માટે હું કાંઈ મારૂં જોબન જવા દઉં ?–એ તો "કેવું કે તારૂં મારૂં સહીઆરૂં ને મારૂં મારૂં પોતાનું. આપણે એવાં "થઈ આપણું ઘર બગાડવું ને દીકરીઓને એવી કરી જમાઇનાં ઘર બગા- "ડવાં, એ તો બહુ સારો ધંધો માંડયો. તમે બહાર દિવાન થાવ તો તમારૂં "ઘર દિવાનના જેવું કરવું, તમારા કુટુંબને દિવાનના કુટુંબનું સુખ આપવું, "ને તમે તમારા બહારના કામના વમળમાંથી થાકી ઘેર આવો ત્યારે તમારી

"પદવી જેટલા ઉચા સુખસંસારમાં તમને લઈ લેવા એ અમારૂં કામ ને "એમાં અમારી વડાઈ.'

"વારૂં હું દીવાન થઉં તો એમ કરજે. હાલ તો આપણા આ નાના "ઘરમાં તહારી ચતુરાઈ કેટલી પહોંચેછે તે દેખાડજે. પણ હાલ અભ્યાસ કેમ "ચાલે છે ?" વિદ્યાચતુરે પુછ્યું ને ગુણસુંદરી નરમ જવાબ આપશે એમ ધાર્યું.

ગુણસુંદરી:–"અભ્યાસ ? આ બધોએ અભ્યાસજ છે કની ? કાગળનું 'પુસ્તક કે સંસારનું પુસ્તક જેમાંથી શીખીએ તેમાંથી શિખાય !–વંચાશે "હળવે હળવે-ત્યાર સોરૂં બધું રસ્તે પડશે એટલે, હાલ તો ઘરમાં ગમ્મત "છે. ચાર વાગે કુકડો બોલતાં ઊઠી તમારી પાસેથી નીચે જાઉંછું તે તમને "ખબર છે. જઈને પહેલું કામ એ કે ઘરમાં દીવા કરૂંછું એટલે તમારા "ઘરમાં અંધારાનું અજવાળું થાયછે. ચાકર બિચારો બાર વાગે સુવા પામેછે "તેને ઉંઘમાંથી ઉઠાડવાનું પાપ વહોરવું એ સવાર થતાં પહેલાં મારૂં બીજું "કામ. શુ કરૂં ? કોઈ જાગે નહી એમ ધીમે ધીમે ઉઠાડવાનું કરૂંછું, તે કોઈ "વખત તો ઊઠે અને કોઈ વખત નો દયા આવેછે એટલે સુવા દઉંછું. પછી "એ ગરમ પાણી મૂકે કરે એટલામાં હું મારી મેળે દાતણ બાતણ કરી, "મારી જાતનું કામ કરી નહાઈ ધોઈ, ચોટલો ચાંલ્લો કરી પરવારૂંછું. "ત્યારપછી સાસુજીની પૂજાની સામગ્રી તૈયાર કરી એ ઊઠયાં હોય એટલે "એમને સ્વાધીન કરૂંછું. એ કામ બીજા કોઈને સોંપું પણ એમનો સ્વભાવ "ચટવાળો ને આકળો ને તેથી જેને સોંપું તેને ને એમને બેને દુઃખ થાય "એવું છે માટે હુંજ કરૂંછું. એટલામાં ઘરમાં સઉ ઊઠયાં હોય તો પોતપો- "તાનું કામ કરવામાં રોકાય તેટલી વારમાં રસોઈનો સામાન હું તૈયાર કરૂંછું. "દુઃખબા બેન ઘણું ખરૂ દિલગીર રહ્યાં કરે છે એટલે કામ કરતાં કરતાં "વિચારમાં પડી જાય છે ને એમનાથી હેરાફેરા થતા નથી એટલે રસોઇમાં "નાવાનુ એમને ઠીક પડે છે ને કુમારીને સાથે શીખવાને નવડાવુંછું. "આપણે શીખવીએ ત્યારે ઠીક ન પડે ને બહેન શીખવે ધમકાવે તેથી "હરકત નહી. ઘરમાં હાલ છોકરાં બહુ થયાંછે તેમને નવરાવવાં, શણગારવાં

"વગેરે કામ સુંદરભાભીને ગમેછે ને એમની મેજે કર્યા કરેછે. ચંચળબેન
"સવારનો વખત વડીલને સારૂ ચહા, ઓસડ વગેરે તૈયાર કરવામાં ગાળે
"છે અને હું ઘરમાં સૌને સારૂ હેરાફેરા કરૂંછું ને સામન સુમનની ગોઠવણ
"કરાવી ચાકર ઉપર દેખરેખ રાખુંછું, એનાપર દયા રાખું છું ખરી પણ
"દેખાડતી નથી કારણ દયા દેખાડીએ તો બગડી જાય. આમને આમ આખો
"દિવસ ચાલ્યો જાય છે ને ઘરમાં આનંદ વર્તે છે."

૧૩૨—ચંદ્રકાન્ત ને વિદ્યાચતુરનું કુટુંબ.

મનહરપુરીમાંથી માનચતુર સ્વારોને લઈ નીકળ્યો તે પછી એના ઉતારામાં સર્વે સુવાને વેરાઇ ગયાં અને પોતપોતાની પથારીમાં સુતાં પણ બરોબર ઉંઘ્યાં નહી, ચંદ્રકાંત પાછલી રાતના ત્રણ વાગતાં વિચાર કરતાં કરતાં ઉંઘી ગયો અને સરસ્વતીચંદ્રનાં સ્વપ્નોમાં પડયો. સુદરગૌરી રોતી રોતી નિંદ્રાવશ થઈ. ગુણસુંદરી સુતી ખરી પણ આંખો ઉઘાડી રાખી પ્હીંડો સામુ જોઈ રહી અને પ્રાત.કાળમાં ઊઠી ત્યાંસુધી વિચાર અને ચિંતામાં કાળ ગાળ્યો. પ્રાતઃકાળ થતાં સર્વે કંઈ કંઈ કામમાં વળગ્યાં અને ઉચે જીવે કામ કરવા લાગ્યાં. ચંદ્રકાંતનું આતિથેય કરવાનુ કુસુમને માથે આવ્યુ ચંદ્રકાંતને ચા પાવાનું અને દૂધ પાવાનું કામ કુસુમે કર્યુ એટલુંજ નહી, પણ એ નવરો પડે અને મિત્રશોકના વિચારમાં પડી ઉદ્વેગમાં ન રહે તેને માટે વિનોદ કરવાનું કામ પણ કુસુમે સાધ્યું

ઉતારાની ઓસરીમાં ચંદ્રકાંત બેઠો હતો ત્યાં એને સારૂ કુસુમ એક બે પુસ્તક લેઈ આવી અને બોલી; "ચંદ્રકાંતભાઈ, ગુણીયલે આ પુસ્તક "કુસુદબહેનને શીખવેલાં છે અને મને શીખવવાનાં છે. પણ મારા પિતાજી "પણ એ પુસ્તકોના રસીઆ છે માટે તમને પણ રસ પડશે ખરો."

પુસ્તક જોતો જોતો ચંદ્રકાંત સુખી અને દુઃખી થયો. આ સુકુટુંબનો સદભ્યાસ અને સદાગ્રહ જોઈ સુખી થયો. પોતાના મિત્રનો અને એ કુટુંબનો સંબંધ કથાશેષ થયો સ્મરી દુઃખી થયો. કુસુમ તેના નિઃશ્વાસ ચેતી ગઈ અને બોલી.

"ચંદ્રકાંતભાઈ, સરસ્વતીચંદ્રનો દોષ તો મને દેખાતો નથી, પણ મને
"એમ લાગે છે કે ઘર છોડી રોબિન્સન ક્રૂઝો જેવું કરવાનું એમને પ્રથમ-
"થીજ કંઇ મન હશે."

દુઃખમાં પણ આ પ્રશ્ને ચંદ્રકાંતને હસાવ્યો. "બ્હેન, તમને રોબિન્સન
ક્રૂઝો ક્યાંથી સાંભર્યો ?"

'એને પણ ઘર છોડી આથડવાનુ મન થયું હતું તેમ આમને પણ
"થયું હશે."

"પણ એ કાંઈ સારૂં કહેવાય ?"

"મને તો એમ આથડવું બહુ ગમે. હું તો રોજ ગુણીયલને કહું છું
"કે ઘરમાં ને ઘરમાં શું ભરાઈ રહેવું ? ખરૂં પુછો તો ભદ્રેશ્વર જવાનું મે
"જ ઠરાવ્યું હતું. મને તો લાગે છે કે એમને બધે ફરવાનું મન થયું હશે
"અને ઘરમાં આવું થયુ એટલે બધાંને માથે ઢોળી પાડવાનો લાગ ખોળી
"ભાઇસાહેબે મનમાનતું કર્યું !"

"તે તો પરણીને પણ થાત."

"પણ એ બધી અણસરજી પીડા. આ જુવોને કુમુદબ્હેનને પરણ્યા-
"નુંજ ફળ છે કની ? મારે કાંઈ છે ? પરણ્યાં એટલે પડયાં ! !"

"બ્હેન ! એવું બોલાય નહી હોં !"

કુસુમ કંઇક શરમાઈ ગઈ ને મનમાં બડબડી, "બળ્યું ! કોઈની સાથે
"ભળ ભાગે એટલે લુલીબાઈ હાથમાં ન રહે :" મ્હોટેથી, વાત ફેરવી, બોલી.

"હું તો સહેજ કહુંછું. તે એટલા સારૂં કે મને તો સરસ્વતીચંદ્રનો
"રજ વાંક વસતો નથી. અને જ્યારે બધું જાણી જોઈને નીકળ્યા છે તે
"એવા ચતુર પુરૂષ કાંઈ વિચાર કરીનેજ નીકળ્યા હશે. બહારવટીયાઓમાં
"હશે તોયે એમની પાસેથી શું લુંટવાનું હતું ? મને તો લાગેછે કે એ
"પણ એમને મનજ થયું હશે."

"એમાં તે મન શું થવાનું હતુ ?"

"એ જ્યારે અમારે ઘેર આવ્યા હતા ત્યારે શેક્સપિયર વાંચતા હતા
"તેમાંની એક વાત એમણે મને કહી હતી. તેમાં વેરોનાનગરીનો ગૃહસ્થ
"વેલેંટાઇન ચોર લોકમાં ગયો ત્યારે ચોરનો સરદાર થઈ રહ્યો હતો.
"સરસ્વતીચંદ્રે પણ એમ કરવાનું કેમ ન ધાર્યું હોય? એમાં પણ એક
"ગમ્મત છે."

"ચોરમાં ભળવું એ કાંઈ સારૂં?"

"બહારવટીઆ કાંઈ ચોર કહેવાય?

"ત્યારે બીજું શું?"

'એ તો રાજાના સગા તે ન બને ત્યારે બહારવટું લે રાજાઓ
"લડે ત્યારે મારે તે કંઈ ખુન થાય?" આ મુગ્ધ પણ બુદ્ધિશાળી
"વાર્તાથી ચંદ્રકાંતનું દુઃખ અર્ધું ઓછું થયું. વધારે બોલેછે એટલામા
"બારણે હોંકારા થયા.

કુસુમે બારણે જોયું, મુખી ઘોડો દોડાવતો આવતો હતો અને જે મળે તેને વિજયસમાચાર કહેતો હતો, એટલે એના દોડતા ઘોડા પાછળ લોક દોડતા હતા અને આનંદના હોંકારા થતા હતા. થોડી વારમાં તો ગુણસુંદરી, ચંદ્રકાંત, અને સર્વ મંડળે આ સમાચાર વીગતવાર મુખીના મુખથી સાંભળી લીધા પા કલાકમાં આનંદ પ્રવર્તી ગયો અને સર્વ સમાચાર જુના થઈ જતાં મુખી ચાલ્યો ગયો. હવે તો માત્ર માનચતુર અને કુમુદસુંદરીની વાટ જોવાના ઉમંગમાં અને આનંદભરી આતુરતામાં એક પળ એક જુગ જેવી લાગવા માંડી. એમ લાંબો થતો કાળ કેવી રીતે ગાળવો તે ન સુઝતાં ચંદ્રકાંત ઓસરીના ઓટલા ઉપર માર્ગમાં દૃષ્ટિ નાંખતો ઉભો અને સ્ત્રીમંડળ ઉતારામાં પોતાના શયનખંડમાં જઈ બેઠું. થોડીવારમાં ગુણસુંદરી બોલી, "કુસુમ, ચાલ, એકલાં છીએ એટલામાં ભમરો ગાઈએ એટલે
"વખત જશે."

સુંદર બોલી; "કુસુમ સારંગી વગાડે તો ગાવ."

કુસુમ એક પેટી ભણી દોડી અને ઉઘાડી તેમાંથી સારંગી કહાડી વગાડવા લાગી, અને તેમાં સ્વર બરોબર ઉતારવા માંડયો એટલે બોલી.

"ગુણીયલ, હું કમલિનીવાળું પદ બોલીસ અને તું ભમરો બોલજે."

સારંગીના સ્વરથી ચંદ્રકાંત ચમક્યો. આ ખંડ અને ઓસરી વચ્ચે વ્હેંતની જાળી હતી તેમાંથી આ રમણીય દેખાવ એ જોવા લાગ્યો. ખાટલાની પાંગથ ઉપર સુંદર બેઠી હતી તેને ખભે હાથ મૂકી ગુણસુંદરી પણ બેઠી હતી અને બેની ગૌર સુદર કાતિ એકબીજામાં એવી તો ભળી ગઈ દેખાતી હતી કે બે નહી પણ એકજ સ્ત્રી બેઠેલી લાગતી હતી. સામે એક પગ પેટી ઉપર વાંકો અને એક પગ જમીન ઉપર સ્વસ્થ રાખી કુસુમ કેળના છોડ જેવી ઉભી હતી અને નાજુક સારંગી કેળના પાંદડા જેવી લાગતી હતી. ધીમે ધીમે કુસુમનો સ્વર અને સારંગીનો સ્વર એકઠો મળી નીકળવા લાગ્યો.

"દૂર દૂર દૂર દૂર જા, ભમરા, તું દૂર દૂર !–(ધ્રુવ)
"કમલિની હું કોમળ દળવાળી,
"કાંટાવાળો તું ક્રૂર ક્રૂર ! જા. ભમરા૦
"ભોગી પરાગનો, અલ્યા, તું એકલો
"સ્વાર્થવિષે છે શર શર ! જા. ભમરા૦

કુસુમે છેલ્લુ પદ વારંવાર ગાયું, સુંદર પણ ઝીણેથી ગાવામાં ભળી, અને સારંગીની ધુન મચી રહી. થોડી વારમાં ગુણસુંદરીનું ગાન કિન્નરકંઠમાંથી નીકળવા લાગ્યું; અને ખંડ બહાર ચાકરો પણ કામ કરતા અટકી પળવાર કાન માંડી ઉભા.

"કમલિની ! ખોટું સમજવે તું શરી !
"માનિની ! આમ ન ભૂલ ભૂલ ! માનિની૦ (ધ્રુવ)
"રાત રાખીને કેદ કરે, બની
"વજ્રસમું કુંળુ ફૂલ ફૂલ ! માનિની૦
"તજી કુસુમવન, કામી કમળનો
"શિર ધાલે પરાગની ધૂળધૂળ !! માનિની૦ !"

છેલ્લી કડી ગાવામાં ત્રણે જણુ ભળ્યાં અને પા ઘડી તેમના સ્વરની અને સારંગીની રમઝટ ચાલી, એટલુંજ નહી પણ

"શિર ધાલે પરાગની ધૂળ ધૂળ ધૂળ ધૂળ"

એટલું ગાતાં ગાતાં તો કુસુમસુંદરીના પગ, હાથ, અને લલાટ વેગભર્યું નૃત્ય કરી રહેવા લાગ્યાં અને એ નૃત્ય પ્રસંગે તે, વર માગવા ગયેલી દેવકન્યા પાર્વતી–સન્મુખ મહાદેવીને પ્રસન્ન કરવા દિવ્ય નૃત્ય કરતી હોય, અથવા કાકી અને માની આરસ જેવી પ્રતિમાઓ પાસે ફુવારા પેઠે ઉછળી રહી હોય, એવી દેખાવા લાગી. આખરે આ તાનમાં સુંદરે હસી પડી ભંગ પાડયો.

"કુસુમ ! હવે તો બરાબર નાચી ? વાહ ! વાહ ! હવે તો ચંદ્રકાંતને "બોલાવ તારી ફજેતી જોવા !" સુંદરગૌરી ઊઠી અને સામેથી કુસુમને વળગી પડી અને વહાલથી એને ગાલે ચુંબન કરી, નીચી વળી, એના મો સામુ જોઈ પૂછવા લાગી.

"તને વળી આ કોણે શીખવ્યું અને ક્યાંથી આવડયું ? બોલ, બોલ !"

કુસુમ સુંદરની છાતીમાં મોં ઘાલી શરમાઈ થોડી વાર ઉભી રહી, પછી હળવે રહી આઘી ખસી ગુણસુંદરીની પાસે જઈ બેઠી અને નીચુ જોઈ રહી. એને ગોરે ગાલે શરમના શેરડા પડી ગયા અને ગાલના મધ્ય ભાગમાં નારંગીનો રંગ ચળકવા લાગ્યો. ગુણસુંદરી એને વાંસે ધીમેથી હાથ ફેરવવા લાગી અને મલકતે મોંગે બોલી.

"કુસુમ, વારૂ કહે જોઈએ, આ ક્યાં શીખી ?"

કંઈક હીંમત આણી હજી નીચું જોતી કુસુમ બોલી.

"આટલું બધું પૂછોછો તે શું કંઈ આમાં નીચું છે ?"

"ના, ના, ઉંચું હશે !" સુંદર હસતી હસતી બોલી.

'જો નીચું હોય તો માલવિકા અને ઈરાવતી કેમ નૃત્યકળા શીખતા 'હતાં ? પુછો ગુણીયલને.' વળી કંઈક વિચાર કરી સંભારી કહાડી બોલી; 'વારૂ જુવો, આ આપણી ગુજરાતીમાંએ સામળભટની વિદ્યાવિલાસિની "નૃત્યકળા શીખી હતીસ્તો !"

“એ તો ઠીક. પણ તું ક્યાં શીખી?” ગુણસુંદરીએ પૂછ્યું.

“મહારાજને આપણે ઘેર તેડયા હતા ત્યારે નૃત્ય કરાવ્યું હતું તે “સઉએ ચકમાં રહી જોયું હતું તે ભૂલી ગયાં હશો!” હવે કુસુમને ઉંચું જોવાની હિંમત આવી.

“ઓ મારા બાપરે! તે, કુસુમ, તું એટલું એક વાર જોયાથી આટલું “શીખી ગઈ! મારી કુમુદને તો આવો છંદ કંઈ વળગતો ન હતો!” સુંદર બોલી. કુસુમ ખીજવાયા જેવી દેખાઈ.

સુંદરને આંખ વડે ગુપ્ત અણસારો કરી ગુણસુંદરી બોલી:–“એ તો “જેમાં જેવી આવડ. પણ હું તો પૂછુંછું એટલા માટે કે તને આ કળા “ગમતી હોય તો તારા પિતાને કહી આમાં પણ કેળવણી આપનાર રાખીએ.”

પિતાનું નામ સાંભળી કુસુમ ગભરાઈ. કેળવણી આપનારનું નામ સાભળી ચમકી:–“તે કોણ રાંડ નાયકા મને કેળવણી આપનાર હતી? તમે “પણ ગુણીયલ, ઠીક છો!” રીસાઈને કુસુમ માનાથી પણ જરીક છેટે જઈ બેઠી.

“ત્યારે તું કહે તે કરીએ.”

“અમારે શીખવું હશે તો આટલું કોણ શીખવવા આવ્યું હતું? ને “વળી પિતાજીને જણવવું છે!”

“ત્યારે સાસરીઆંને જણવીશ!”

“હા તે એવી વાતો નહીં હોય જે પીયરીઆંએ ન જાણે ને સાસ-રીઆંએ ન જાણે?”

“ત્યારે બીજું કોણ જાણે?—તારો વર?” સુંદરે વીજળીની ત્વરાથી પુછ્યું.

કુસુમ ઊઠી, કાકીને બે ખભે બે હાથેલીઓ વડે જરીક ચાંપ્યાં, અને ખંડ બહાર દોડી ગઈ. એ દોડી બારણાબહાર નીકળતી હતી એટલામાં એની પાછળ હસતી હસતી સુંદર જરીક મોટેથી બોલી:-“એ તો એજ! હા! “અમે સમજ્યાં તારા મનનો ઉત્તર.” ગુણસુંદરી વિચારમાં પડી.

'કેમ, ભાભીજી, વિચારમાં પડયાં !" સુંદરે પૂછ્યું.

"આ કુસુમ જુએ એટલું શીખે, સાંભળે એટલું સરત રાખે, ગમે "એટલું બોલે અને ઝાલી ઝલાય નહી. આપણા ઘરમાં તો ઠીક છે, પણ "કોણ જાણે કોણ વર મળશે અને સાસરીઆમાં એના આ ગુણ દોષરૂપ 'થશે અને એ દુઃખી થશે. સાસરે તે આ પુતળું કેમ સમાશે ?"

"વારૂ, એવા એવા વિચાર તે આજથી શા કરવા ? સૌ સૌનું પ્રાર- "બ્ધ સાથે બાંધી ફરેછે."

"હવે કાંઈ વિચાર કરવાની વાર છે ? હવે તે ક્યાં સુધી આમ કુમારી 'રખાઈ ? એનું કાઠું તો જુઓ. રાત્રે નહી એટલી દહાડે અને દહાડે નહી "એટલી રાત્રે વધેછે ! મળસ્કું કેવું જોતા જોતામાં વધે ?"

"હાસ્તો. મારી કુમુદનાથી આટલી નાની છે પણ એને તો ક્યાંયે "ઢાંકી નાંખે એવી આ થઈ છે." સુંદરને પણ કાંઈ વિચાર સુઝયા અને દેરાણીના પ્રવાહમાં ભળી ગઈ.

"અને મોઈ—હજી તો એને મીરાંબાઈ જેવાં રહેવાનું મન થાય છે."

"હા ! બાઈ આ તમારી દીકરી જેવી તો કોઈએ દીઠી નહી."

"એને મીરાંબાઈ થવું છે, એને ઘરમાં બંધાઈ રહેવું નથી, એને "વિલાયત મોકલીએ તો ત્યાંએ જવું છે, તળાવમાં તરતાં શીખી, અને અધુ- "રામાં પુરૂં નાચતાંએ શીખી ! સાપનો ભારો સાચવવા જેવું વિકટ કામ છે."

"પણ એનામાં હજી કળી આવ્યો નથી."

"હા, એટલું વળી ઠીક છે. પણ કુમુદના જેવી ગરીબડી નથી કે જ્યાં "જાય ત્યાં સમાય. સિંહણ જેવી તેને તો સિંહ જોઈએ તે કાંઈ ભરી "રાખ્યા છે જગતમાં ?"

"એ તો ખરૂં છે."

"જો સરસ્વતીચંદ્ર જડે અને કહ્યું માને તો એમને હાથ તો રહે "ખરી. પણ જે ધણીને દશ લાખ રૂપીઆની ગાદી છોડતાં વાર ન લાગી "તેને આપણે તે શું સમજાવનાર હતાં ?

"આ ચંદ્રકાંતના હાથમાં કંઈ વાત હશે."

"હા, એટલાજ સારૂ હું કુસુમને એમની નજરે જરા પડવા "દઉછું કની ?"

"એ તો ઠીક કરો છો."

"ચંદ્રકાંતે બારણે નિઃશ્વાસ મુકયો, અને આ વાતો સાંભળવી મૂકી દઈ, કપાળે હાથ મૂકી, અસ્ત થઈ જઈ ગાદી ઉપર પડયો.

થોડીક વારમાં કુસુમ એની પાસે દોડતી આવી. "ચંદ્રકાંતભાઈ, "ચંદ્રકાંતભાઈ, ઉઠો જરી. મહારાજશ્રી આ રસ્તે થઈને પધારે છે તે અ- "હીઆં ચક નાંખી દેવડાવીએ છીએ કે ગુણીયલ અને અમે સૌ એમના "દર્શનનો લાભ પામીએ ! તમે આણી પાસ બેઠાબેઠા સ્વારી જોજો."

ઓસરીમાં ચાકરોએ ચક નાંખી દીધા, સ્ત્રીમંડળ પણ ગુપચુપ આવી મણિરાજની વાટ જોતું બેઠું, માર્ગ ઉપર ધામધુમ થવા લાગી, લોક તરવ રવા લાગ્યા અને આધે બુમ પડી; "પધાર્યા, પધાર્યા, મહારાજ પધાર્યા !"

કુસુમસુંદરી સ્ત્રીમંડળની એક પાસ ચકને એક છેડે લપાઈ જઈ બેઠી અને ચંદ્રકાંત દેખે નહી એમ જમીન ઉપર ચક બે આંગળ ઉંચો કરી, જરીક સુઈ ગયા જેવી થઈ, ચક અને ભાંયના વચાળામાંથી પોતાનું મોં દેખાય નહી એમ જોવા લાગી.

સુંદરે કુસુમના વાંસામાં પાછળથી ધીમી લાપટ મારી. કાકીનો હાથ કહાડી નાંખી હસતી હસતી ભત્રીજી જોવા લાગી અને ધીમે રહી બોલી;- "કાકી, એ તો આપણને કોઈ દેખે નહી એટલી સંભાળ રાખવાની છે. "આપણે ન જોવું એમ કાંઈ નથી."

સુંદર છાનું છાનું બોલીઃ-"હા. પણ ચક ઉંચો કરેછે તે !"

"સારૂ ! સારૂ ! એટલી ચોરી કરતાં આવડતી નહી હોય ? બોલો "જોઈએ, મેં તમારી પાસેથી શું ચોર્યું ? ખબર છે કાંઈ ?

"મોઈ રાંડ, ચોરી કરતાં એ આવડી" સુંદર જરી ઉંચી થઈ શરીર સંભાળવા લાગી.

"બેસો, બેસો, એ તો જરા મારે માગ કરાવવો હતો તે ઉઠાડયાં."

"આ ચંદ્રકાંત અહીં ન હત કેની તો તારા માથાપર બેસત. મને 'પણ ઠગેછે !"

"હુંએ મારો વખત જોઈ ઠગુંછું કે તમારાથી બોલાય નહી. ચંદ્ર-"કાંતભાઈ ન હત તો બેસત નહી તમારા ખોળામાં ?"

"બેસ, બેસ હવે કાંઈ ઝાલતાં ઝલાયછે ?"

કુસુમ મોકળાશથી બેઠી. આ વાતો એટલી ચુપકીદીથી કરી હતી કે પાસે બેઠેલા ચદ્રકાંતને કાને સ્વર સરખો ગયો ન હતો.

(સરસ્વતીચંદ્ર)

૧૩૩—ગંગાનો પત્ર.

ઓઠ કરડી ભ્રમર ચડાવી સરસ્વતીચંદ્રે બીજો પત્ર વાંચવાનુ આરંભ્યુ. એને મથાળું ન હતું અને નીચે સહી ન હતી. માત્ર ચંદ્રકાતની સ્ત્રી ગંગાના વાંકાચુકા અક્ષર હતા.

"તમારો કાગળ પહોંચ્યોછે. નણંદે ફોડી વાચી આપ્યો છે. તમે "એ કાગળ જુદો લખી ઉપર ટીકટ ચોડવાનુ ખરચ કર્યુ તે કોઈને ગમ્યુ "નથી તેથી મેં આ કાગળ સંસારીલાલને બીડવા આપ્યો છે. હવેથી તો "એમ પણ કાગળ નહી લખાય. કારણ સંસારીલાલને કાગળ આપવા જઉ 'એટલે ઘરમાંથી સઉ સતીઓ મારી વાતો કરેછે. તે તો જાણે કે ન ગાઠું પણ બિચારા સંસારીલાલ મારે માટે નકામા વગોવાય એ અણુજુગતું. તમારા "ઘરમાં જે વાત અણજુગતી નહિ થાય તે નવાઈ. હું મારી પોતાની વાતમાં "તો ઘુટડા ગળી જાઉછું પણ આટલું આટલું તમે કરોછો તેનો પાડ ન "માને તો ધૂળ નાંખી; પણ ઉલટાં ખાય ને ખોદે તે આપણાથી ખમાતું "નથી. તમારી વાતમાં કોઈ બોલે ત્યારે તો હું સઉને શેર શેરની ચડાવું "છું ને માથાની થાઉછું. બાકી ઘરનું કામ ઉસેડીને કરૂંછું ને મને કાપડું "અપતાં સઉના જીવ કચવાયછે તે જુદું."

"બધાને બધું જોઈએ ને તમારે કે કીકી સરખીને પાઈ જોઈએ નહી
"એવો ધંધો છે. પણ વળી લખશો કે પરદેશ ગયો તોયે કુથલી કરેછે ને
"જંપવા દેતી નથી. માટે આટલાથી બધું સમજજો."

"કીકી નીશાળે જાયછે તે સહુ બડબડેછે કે ઘરમાં રહેતી હોય
"તો કામ તો કરવા લાગે ને છોકરીઓને ભણીને શું કરવું છે. જમવાને
"વખત સઉને થયો હોય તોયે કીકીને નિશાળને માટે મોડું થાય તેની
"ફીકર કોઈને નહી. બે દિવસ એણે ફી માગી તોયે કોઈને તે આપવા
"વખત ન મળ્યો. કાલ તો નંબર ગયો ને રોઈને ફી માગી ત્યારે એને
"ઉલટી ધમકાવી અને મારો મિજાજ હાથમાં રહ્યો નહી એટલે જુદ્ધ
"મચાવ્યુ ત્યારે ફી મળી. હું રોઈ નથી માટે ફીકર કરશો નહી."

"કીકીનો વિવાહ કરવાનો વિચાર ચાલેછે પણ ઠેકાણું તમને અણ-
"ગમતું છે તેથી સઉ અટક્યુછે. બને તો તમને પુછ્યા વગર પરભાર્યું કરી
"દેવા સુધી ઉમંગ રાખ્યો હતો. પણ હુ કાગડી જેવી ચેતી ગઈ એટલે બીજું
"જુદ્ધ મચવ્યુ ને તરત તો વાત તોડી નાંખી છે. ભાણાને કન્યા નથી તેથી
"સાટું થાય એવો તાલ હતો તેમાં તરત મેં ધૂળ નાંખી છે."

"આટલી નવાજુનીથી તમારૂં પેટ ભરાશે પછી પરદેશમાં અજીર્ણ
"થાય એટલું લખું તો મારેજ વેઠવુ પડે, કારણ તમારા વગર બીજું કોઈ
"મારી દયા જાણે એમ નથી. કોણ જાણે. કેઈ રાડ આ સંસાર ઘડવા
"જેટલી નવરી પડી હશે."

"બધાંને બકવું હોય તે બકે ને ઘરમાં પઈસા ખુટશે તો હું ચાંદ્રાયણ
"કરીશ ને સઉને સાથે ભુખ્યાં રાખીશ. પણ જેને શોધવા ગયા છો તેને
"લેઈનેજ આવજો ને હાથમાં આવેલા પાછાં નાસવાનું કરે તો આ કાગળ
"વંચાવી દાખલો દેજો કે ગંગાના જેવી બાયડીઓ ઘેર ઘેર વેઠેછે તે
"પહોંચી વળેછે તેનાથી હજારમા ભાગ જેટલી તમને તો કોઈએ ચુંટી
"પણ ભરી નથી ને એવા સકોમળ તમે થયા તેમ સઉ ભાયડાઓ થશે
"તો બ્રહ્માએ ઘડેલી બધી બાયડીઓ કુમારી રહેશે. પણ બાપના વાંક માટે

"બાયડીને રોવડાવે એવો ન્યાય બારીસ્ટરે કર્યો તેવો ન્યાય તમારૂં જોઈ "વકીલ કરી બેસશે તો બીચારાં કુમુદસુંદરી તો ગરદન માર્યા મુવાં પણ ગંગાભાભી તો તમારી કોટે વળગશે."

૧૩૪—ચંદ્રકાંતનો પત્ર.

ગંગાના પત્ર નીચે ચંદ્રકાંતે લખેલું ટાંચણ વાંચવા માંડ્યું, "મને "સમાચાર કહેતાં કે લખતાં કે મારી પાસે ઉભરા કહાડતાં મારી દયા ન "જાણવી ને બીજા કોઈની બીક ન રાખવી. સ્વામી અને સ્ત્રીના અંતઃકરણ "એક બીજા પાસે ઉઘડે એ તેમનો અનિવાર્ય અધિકાર છે. તેમાં માતા- "પિતા કે બ્રહ્મા જે કોઈ અંતરાય નાંખવા આવે તેને ધક્કો મારવામાં ધર્મ "છે. એ ધર્મ ન પાળવાથી લગ્ન રદ થાયછે ને માબાપ છોકરાનું લગ્ન "કરાવે ત્યારથી તેમને આટલી વાતમાં અધિકારનું રાજીનામું આપેછે. માટે "આ વાતમાં કોઈનું કહ્યું માનવું નહી બાળક પ્રતિ આપણો ધર્મ પણ "એવાંજ કારણથી અનિવાર્ય છે. કીકીના વિવાહ અને અભ્યાસની વાતમાં "મેં કહ્યું છે તેજ કરવું અને કોઈની વાત ગાંઠવી નહી પણ માથાનાં "થઈ ધાર્યું કરવું.

"કેટલાક સ્વામી માને વશ થઈ સ્ત્રી ઉપર જુલમ કરેછે અને કેટ- "લાક સ્ત્રીને વશ થઈ માબાપ ઉપર જુલમ કરેછે. આ ઉભય જાતના "સ્વામી અધર્મી અને અન્યાયી છે. એક પાસ માબાપ અને એક પાસ "સ્ત્રી બે વચ્ચે ન્યાય કરવો એજ ધર્મ છે. પણ બે પાસાના વિશ્વાસ વિના "આ ન્યાય શુદ્ધ થતો નથી અને તે શુદ્ધ હોય તો પણ તેનો અમલ "બરોબર થતો નથી. ગંગાવહુ, આટલું સમજવા જેટલું મેં તમને ભણાવ્યાં "છે. તમે મારી પાસે મન ઉઘાડી વાત કરી શકોછો એટલું ઘરનાં બીજાં "માણસ કરે એમ નથી. તો તેમનો ને તમારો શુદ્ધ ન્યાય કરવો એ "મારાથી બને એમ નથી. તમે નાનાં હતાં ત્યારે અરસપરસ સ્નેહ બંધાય "અને મારાં માણસ તમારાં થાય અને તમે એમનાં થાઓ એટલો પ્રયત્ન "મેં કરેલો છે તે તમને ખબર છે. તમે મોટાં થયાં ત્યાર પછી મેં તમને

"અને તેમને પુરી સ્વતંત્રતા આપી છે એટલે તમારે સઉએ એક બીજાને
"કેમ સંભાળી લેવાં અને કેમ સુધારવાં કે પાંસરાં કરવાં એ હવે તમારી
"ચતુરાઇનું અને તમારા મનગમાનું કામ છે તેમાં હું વચ્ચે પડવા ઇચ્છતો
"નથી. રોપશો તેવું લણશો ને તમારાં સુખદુઃખ તમે જાતે ભોગવશો-તે
"મારે માથે નહી. શાસ્ત્રના વચન પ્રમાણે પુત્રને સોળે વર્ષે મિત્ર ગણવો ને
"સ્ત્રી ઘેર આવે ત્યાંથી મિત્ર થાય. તેને સટે દેશરિવાજ પ્રમાણે મેં ગંગા
"વહુ વીશ વર્ષનાં થયાં ત્યાં સુધી તેમને બાળક ગણ્યાં ને તેમને ત્યાં સુધી
"રમાડયાં પણ ખરાં ને રોવડાવ્યાં પણ ખરાં. ત્યાર પછી એ અધિકાર
"છોડી તેમને કુલઅધિકાર આપેલો છે. એટલે હવે તમારે કે ઘરમાં કોઇએ
"એવી આશા ન રાખવી કે ઘરકુથલીના ન્યાયના કડાકુટમાં ચંદ્રકાંત પડે.
"બાકી આપણી મિત્રતા તો મરતા સુધીની ઠરી, તેથી તમારી વાતો સાંભ-
"ળવા અને માગો ત્યાં તમને સારી શિખામણ આપવાને આપણ કેડ બાંડીને
"તૈયાર છીએ. તમારે જે જોઈએ તે માગવા તમારી સ્વતંત્રતા છે. તમે
'ઘેલુ માગોછો કે ડાહ્યું માગોછો તે વિચારવાનું કામ તમે મિત્ર થયા
"પછી હું હાથમાં રાખતો નથી. કારણ પુરૂષ જે ઇચ્છે તે ડાહ્યું અને સ્ત્રી
"જે ઇચ્છે તે ગાંડું એ શાસ્ત્ર હું માનતો નથી. નાનાં છોકરાંની પેઠે મોટી
"ઉમરની સ્ત્રીઓને પણ સ્વામીની ઇચ્છાના સાંકડા ચીલામાં કેદ કરી ચલવવી
"એ વાત મિત્રધર્મથી ઉલટી છે અને એમાં જગતનું કલ્યાણ પણ નથી.
"કારણ પુરૂષ કરતાં સ્ત્રીઓ ડાહી હોય એવું પણ હોયછે અને સ્ત્રીપુરૂષ એ
"બે મિત્રોએ સંસાર એકઠો ચલાવવો હોય અને એ બે જણે સુખી થવું
"હોય તો બે જણે કાળજાં ઉઘાડી એક બીજાને શાણપણ આપવું અને
"પુરૂષે સ્ત્રીનું કહ્યું કરવું કે સ્ત્રીએ પુરૂષનું કહ્યું કરવું તેના કરતાં બેમાંથી
"જે ડાહ્યું હોય તેનું ચાલે એ કરવું સારૂં છે. મારા કરતાં ગંગાવહુ
"ડાહ્યાં છે એમ હું માનતો નથી, પણ એમની પોતાની બાબતમાં હવે એ
"સગીર નથી માટે જાતે વહીવટ કરે એવો મેં ઠરાવ કર્યો છે. તમારે અને
"ઘરનાં માણુસને કજીયા થાય ત્યાં તમારે તથા તેમને જેવો વહીવટ કરવો
"હોય તેવો કરવો. લડીને કે લડયા વગર કળા વાપરીને જે જીતશે તેનું

"આવશે. આપણે એ કડાકુટમાં પડવાના નથી ને સઉ તમને અને તેમને
"સોંપ્યું. ઘરમાં વહીવટ તમારો તેમાં હું વચ્ચે નહી પડું, અને ઘરબહાર
"વહીવટ મારો તેમાં તમને પૂછવાનો નથી. તમારો આ વહીવટ કરવામાં
"જે માગશો તે આપીશ. પણ કુવામાંથી ખૂટે ને તમે તરસ્યાં રહો તો
"હવાડાનો વાંક નથી."

"સરસ્વતીચંદ્ર બાબત તમે લખ્યું તે બરાબર છે. લોક ધારેછે કે એ
"બાપ ઉપર રીસાઈને નહાસી ગયા. પણ તમે ખરી વાત સમજ્યાં છો.
"જે સંસારનો કડાકુટો આપણુને ગભરાવેછે તેનો એમણે પરણ્યા પહેલાજ
"ત્યાગ કર્યો. આપણી પશ્ચિમ બુદ્ધિ થઈ તે પરણીને પસ્તાયાં અને એમણે
"આગળ બુદ્ધિ વાપરી તે સુખી થયા; પણ એમનો દોષ એ કે એકલપેટા
"થઈ એમણે પોતાનો સ્વાર્થ વિચાર્યો અને બિચારાં કુમુદસુંદરીનો ન વિચાર્યો.
"આપણે ઘરનું દુઃખ વેઠીએ છીએ ને ગજા પ્રમાણે એક બીજાને સુખી
"કરીએ છીએ તો એમનાથી કુમુદસુંદરી કેવાં સુખી થાત? લક્ષ્મીનંદનના
"બોલ સામુ એમણે જોયું, પણ અનુભવ નહી તેથી એમ ન સમજ્યા કે
"મ્હોડે બોલે એટલું મનમાં હતું નથી ને ઘડીનો ઉભરો જન્મારો પહોંચતો
"નથી. સાંભળ્યા પ્રમાણે લક્ષ્મીનંદન બહુ પસ્તાયછે, અને એમનું શું થશે
"તે ખબર નથી. સરસ્વતીચંદ્ર ઘેર આવશે તો સંસારમાં પડી જાતે દુઃખી
"થશે એમાં વાંધો નથી, પણ બીજાં સઉને સુખી કરશે. રામસીતાને દુઃખ
"પડયું તો રાવણ મુઓ અને જગતનું કલ્યાણ થયું, માટે મારે સરસ્વતી-
"ચંદ્રને ઘેર આણી દુઃખી કરવા છે ને સંસારને સુખીઓ કરવોછે—માટે—
"મારી લાડકી ગંગા! તારૂં કહ્યું કરીશ ને ચંદ્રને લીધા વિના ચદ્રકાંત
"પાછો ઘેર આવવાનો નથી. એ બે જણ આવે ત્યાં સુધી આપણા ઘરમાં
"જાદવાસ્થળી કરવી કે દ્વારામતીનું સુખ કરવું એ તમારી મરજીની વાત છે,
"તને 'તમે' લખુંછું તે વાંચી તું ખીજવાઇશ, ઘરમાં કોઈ જાણશે તો
"મોં મરડશે, અને બહારનું કોઈ જાણશે તો હસશે. પણ એવું જોવાની તો
"મને ટેવ પડી છે તે ગંગાને ખબર છે. કાગળ પેટ ભરાય એટલો લાંબો
"લખ્યો છે કે મુંબાઈ આવીને મહેણું સાંભળવું ન પડે"

ઇચ્છારામ સૂર્યરામ દેસાઇ.

૧૩૫—બાલયોગી.

પુરૂષો કરતાં સ્ત્રીઓનાં અંતઃકરણ ઘણીક વાતમાં બહુ કોમળ તથા શ્રદ્ધાળુ હોય છે, તેથી એક સ્ત્રીએ, હાથ જોડીને તે બાળયોગીને વિનતિ કરી કે; મહારાજ ! ભિક્ષાનો સમય થઈ ગયો છે, તો કૃપા કરી પ્રસાદ લેવાને પધારી અમારાં ઘરને પાવન કરો તો અમારૂં મોટું ભાગ્ય !" પણ તે યોગીએ પોતાનો નૂતન યોગ હોવાને લીધે કોઈને પણ ઘેર નહિ જવાનો અને વસ્તીની બહારજ પડાવ રાખવાનો પોતાનો કઠિન નિયમ જણાવ્યો. તેનાં અમૃતતુલ્ય વચન સાંભળીને એ સ્ત્રીએ કોઈ જાતની આભડછીંટ ન અડે તેવી નિર્લેપ સામગ્રી શુદ્ધપણે ત્યાંજ લઈ આવવાનું પૂછ્યું, જે તે યોગીએ માન્ય કર્યું. તુરતજ તે સ્ત્રી પોતાની એક સખીની સાથે ઉતાવળી ઉતાવળી પોતાનાં ઘર તરફ ચાલી. માર્ગમાં તેણીએ પોતાની સખીને કહ્યું; "બહેન ! આ બાળ બ્રહ્મચારીના સંબંધમાં તું શું ધારે છે? શું તેનું વય તદ્દન નાનું છે. હજુ તેના કુમળા મુખપર કિંચિત્ દોરો પણ ફૂટયો નથી; પણ એટલામાં તો શું તેનું તપસ્તેજ ! ભાગ્યજ પરમ છે !" એ સાંભળી તેની સખી બોલી; બહેન ! આપણે તે બાલ તપસ્વીને તમારા ભર્તારના આગમન વિષે પ્રશ્ન કરીશું ? શું તે ભૂત ભવિષ્ય જાણવાની તેનામાં શક્તિ આવી હશે ?" પેલી સ્ત્રીએ કહ્યું; "યોગીઓની અવસ્થા ઉપર વિચાર કરવાનો નથી. મેં ઘણીકવાર સાંભળ્યું છે કે, ઘણાક યોગીઓ બહુ લાંબુ આયુષ્ય ભોગવતાં, પોતાનું શરીર બહુ જીર્ણ થઈ જવાથી તે વૃદ્ધ શરીર તજી દઈને ઇચ્છિામાં આવે તેવું નવીન બાલશરીર ધારણ કરી શકે છે—યોગ બળવડે પોતાના જુના દેહમાંથી નીકળીને બીજા કોઇના મૃત્યુવશ થયેલા સુંદર અને બાળવયના દેહમાં પોતાના આત્માને પ્રવેશ કરાવે છે; અને પછી આનંદે જગતમાં વિચરેછે. આ ક્રિયાને પરકાયપ્રવેશ કહેવામાં આવે છે. માટે

બ્હેન ! યોગીઓના અદ્‌ભુત યોગબળ આગળ તેમની અવસ્થાનો કે વયનો વિચાર કરવા જેવું નથી. ભલે, તારી ઈચ્છા હશે તો આપણે એકાંત મળતાં તેને પ્રાર્થના કરીશું.''

આ પ્રમાણે વાતચીત કરતી બંને સ્ત્રીઓ ઘેર જઈ પહોંચી, અને પોતાનાં માતા પિતાની આજ્ઞા લઇ, દૂર લઇ જતાં અભડાય નહિ તેવો ફલાહાર લઈને બહુ ઉતાવળથી ગંગા તટે પાછી આવી. આ વેળાએ સઘળી ભીડ મટી ગઇ હતી; કોઇ પણ મનુષ્ય તે બાળયોગીની પાસે નહોતું. એકલો પડેલો તે તપસ્વી, એકાગ્રચિત્તે પોતાના ઇષ્ટ-આરાધ્ય વિષયનું મનન કરી રહ્યો હતો. પેલી સ્ત્રીઓએ, નમનપૂર્વક આણેલી સામગ્રી બાળયોગીને અર્પણ કરી. વસ્ત્રથી બાંધેલી તે સામગ્રીને છોડી, ગંગાજળવડે પ્રોક્ષણ કરીને તે બાળયોગી આસપાસ જોવા લાગ્યો. તેના આસનની જોડમાંજ એક સ્વચ્છ ને વિશાળ ગભાર દેખાયો. વૃષ્ટિ થતી હોય, ઘણો તાપ પડતો હોય, કે ઉગ્ર વાયુ વાતો હોય, તે વેળા ગંગાતટપર બેસી, જપ તપ કરતા લોકોને નિશ્ચિંતપણે બેસીને પોતાનું ધર્મકૃત્ય સાધવાને સારૂ, ગંગાના પ્રત્યેક ઘાટની ઉપર ઘણું કરીને એવા અનેક ગંભારો બાંધેલા છે. જપ, તપ, ધ્યાન, સ્મરણ ભોજન, ઇત્યાદિ કાર્યો એકાંતમાં કરવામાં આવે તોજ નિરૂપદ્રવપણે થાય, આ પ્રમાણે તે તપસ્વીએ પણ પેલા ગંભારમાં જઈને, ભોજન કરવાનો નિશ્ચય કર્યો; અને પેલી સ્ત્રીઓએ આપેલુ ફલાહારનું પોટલુ લઈને ત્યાં આગળ જઇ બેઠો. પણ પ્રભુનું સ્મરણ કરી જેવો ગ્રાસ ભરવા જાયછે, તેવુંજ જાણે તેના મનમાં કોઈ મોટું દુઃખ આવી ઉભું હોય, તેવી રીતે તેની મુખમુદ્રા બહુ ઉદાસ થઈ ગઈ, તેનાં નેત્રોમાં જળ ભરાઈ આવ્યાં. પરંતુ મોટા પરિશ્રમથી પોતાની ઉર્મિને દબાવી દઈ ભક્ષ્ય પદાર્થોને વારંવાર નમન કરીને તેણે જે ભાવ્યું તે પ્રાશન કરી લીધું અને ગંગામાં હસ્ત મુખ પ્રક્ષાલન કરી, જળ પીને પાછો તે આસનપર આવી બેઠો. પછી તે સ્ત્રીઓમાંની એકે હાથ જોડી પૂછ્યું; ''યોગીરાજ ! ભોજન કરવા બેસતાં આપ એટલા બધા ઉદાસ અને શોકાતુર કેમ થઈ ગયા ? શું સામગ્રી લાવવામાં અમારી

કંઈ ભૂલ થઈ છે? કિંવા આપને ન રૂચે કે દુઃખરૂપ થઈ પડે એવો કોઈ અભોજ્ય પદાર્થ એમાં આપને દેખાયો? જે હોય તે, અપરાધ ક્ષમા કરી, આપ અમને જણાવો; અમે અજ્ઞાત અબળાઓ—સંસારી માયાનાં જીવ છીએ, વાત વાતમાં અમારે હાથે અનેક અપરાધો થવાનો સંભવ છે, તેથી કૃપા કરીને જે કારણ હોય તે કહો.' તે સ્ત્રીનાં આવાં નમ્ર વચન સાંભળી, યોગીરાજ બોલ્યો; "સાધ્વીઓ! ચિંતા મા કરો; તમારો કંઈ અપરાધ નથી. ઉદાસીનતા થઈ આવવાનું કારણ સહજ હતું. એવી ઉદાસીનતા મને વારંવાર થઈ આવેછે." એમ કહેતાંની સાથેજ તેણે એક ઊંડો નિઃશ્વાસ મૂકયો. આ વેળાએ તે સ્ત્રીઓને તેનું કારણ પૂછવા પુનઃ ઉત્કંઠા થઈ; પરંતુ એવા નિઃસ્પૃહ તપસ્વીઓ સાથે વધારે પડપૂછ કરવામાં માલ નથી એમ સમજીને તેઓ મૌન ધરી રહી. પણ જે કારણ માટે તેઓ ખાસ આવી હતી, તે પ્રશ્ન તો ગમે તેમ કરીને પણ પૂછવોજ જોઇએ એમ ધારી, ધૈર્ય પૂર્વક તેમાંની એક સ્ત્રીએ હાથ જોડીને પ્રશ્ન કર્યો.

એક સ્ત્રી બોલી; "યોગીદેવ! જો આપની આજ્ઞા હોય તો અમારે એક વિનતિ કરવાની છે." યોગી બોલ્યા; "ભલે, સુખેથી કરો." એક સ્ત્રીએ કહ્યું; "મહારાજ! અમે બંને સખીઓ બ્રાહ્મણકન્યા છીએ. આ વારાણસીપુરીમાં અમારૂં કુળ ઉચું અને પવિત્ર ગણાયછે. અમારાં માતપિતાના અને સસરાના કુળોમાં, આપ સરખા મહાત્માઓના આશીર્વાદથી અને સંપૂર્ણ ભગવત્કૃપાથી, હમણાં સુધી સૌ વાતે પરમ સુખ હતું; સૌ આનંદે દિવસ નિર્ગમન કરતાં હતાં. પરંતુ તેટલામાં મારાં કઠિન પ્રારબ્ધને યોગે, એક મોટું સંકટ આવી પડયું. મારા સસરાજીને રૂપગુણયૌવનસંપન્ન એકજ પુત્ર હતો; તેને પોતાનું સર્વ કાર્ય સોંપી દઈને તે વૃદ્ધાવસ્થાને લીધે નિશ્ચિંતપણે પરમાર્થ સાધનમાં તત્પર થયા. મારાં માતપિતાને પણ સંતતિમાં માત્ર હું એક કન્યાજ છું. મને યોગ્ય પતિ મળેલો જોઈ, પોતાને કૃતકૃત્ય માનતાં મારાં માતપિતાને પોતાના સર્વસ્વમાં આ પુત્રી અને જમાઈજ છે, એમ સમજીને તેઓ દિવસ નિર્ગમન કરતાં હતાં. હું પણ મારા ભાગ્યવાન સ્વા-

મીની સેવામાં અંગીકૃત થયેલી હોવાથી મને પરમ ભાગ્યવતીજ માનતાં હતાં, પરંતુ પૂર્વજન્મનો મારાં ભાગ્યનો કોઈ કપરો લેખ જોવામાં આવવાથી, મારા તરફથી કોઈ અપરાધ ન છતાં, તેમ મારાં સાસુ સસરા તરફથી પણ કારણ બનેલું ન હોવા છતાં, કોણ જાણે શાએ કારણથી, મારા સ્વામીનાથ એકાએક, એક રાત્રે, મને શય્યામાં સૂતેલીજ મૂકીને, ગૃહ, કુટુંબ તથા આ પવિત્ર કાશીપુરીનો ત્યાગ કરીને ચાલ્યા ગયા છે. એ વાતને આજે લગભગ છ માસ થવા આવ્યા છે. ઘણીક રીતે ઠામોઠામ અને ગામોગામ શોધ કરવા છતાં પણ તેમનો પત્તો મળતો નથી. મારાં સાસુ સસરા તો મહાખેદ પામીને કેટલાક દિવસ અન્નનો પણ ત્યાગ કરીને બેઠાં હતાં; અને મારાં માતપિતાની પણ એજ દશા હતી. હજુ પણ તેઓ એ વાતના સ્મરણથી સદાય શોકાતુરજ રહેછે. મારાં તન મનની કેવી સંકટમય સ્થિતિ છે, તેનું તો હું આપની આગળ વર્ણન કરી શકું તેમ નથી. હે યોગીરાજ! હે બાળતપસ્વિ! આપે તો બાલ્યાવસ્થામાંજ સંસાર ત્યજી દીધો છે, એટલે મારા જેવી પતિ વિયોગિણી તરૂણ અબળાના વિરહદુઃખનો આપને અનુભવ ન હોય, તથાપિ આપના તપોબળ તથા યોગબળના પ્રતાપે, અમારા જેવા સંસારી જીવોનું સંકટ દૂર કરી નાંખવું, એ કંઈ આપને મોટી વાત નથી. મહારાજ! હે દયાળુ! હું પતિવિયોગાનલથી તપ્ત થએલીનો કોઈ રીતે ઉદ્ધાર થાય એવી કૃપા કરો. આપ સરખા સંતોનો અવતાર તો અમારા સરખાં દુઃખીઓનાં દુઃખ દૂર કરવા માટેજ હોયછે."

તે સ્ત્રી આ પ્રમાણે યોગીરાજને વિનતિ કરતી હતી, પણ તેની આ પ્રાર્થના સાંભળવાપર, બાળયોગીનું લક્ષજ નહોતું. તે સ્ત્રીનું પેલું—"હે મહારાજ, મારાં તન મનની કેવી સંકટમય સ્થિતિ છે, તેનું તો હું આપની આગળ વર્ણન પણ કરી શકું તેમ નથી"—એ વાક્ય સાંભળતાંજ, બાળયોગીની પ્રકૃતિ બહુ વિલક્ષણ થઈ ગઈ. તે યોગીનું હૃદય એકદમ ભરાઈ આવ્યું, તેનું મુખારવિંદ ઝાંખું પડી ગયું; તે ગદ્‌ગદ્ થઈ ગયો; નેત્રમાં જળ ભરાઈ આવ્યાં. આવી અવસ્થાને લીધે કેટલીકવાર સુધી તો તેઓ કંઈપણ બોલી

શક્યા નહિ. પણ ઘણા પરિશ્રમે પોતાની મનની ઉર્મિને દબાવીને તેણે ઉત્તર આપ્યો; "હે સુવ્રતા ! જગતમાં દુઃખી મનુષ્યો ઘણાં હોય છે; પણ તેમાં દુઃખીને દુઃખીનો સમાગમ થાયછે, ત્યારે તેઓ પરસ્પર પોતાના દુઃખના ઉભરા પુરેપુરા બહાર કાઢેછે. ધૈર્ય ધર ! આ તારાં દુઃખની વાત સાંભળીને મારી કેટલીક કથા અને જમતી વેળાની ઉદાસીનતાનું કારણ પણ હું તને કહીશ. હે તરૂણી ! આ જગતમાં સૌથી મોટામાં મોટું બંધન પ્રીતિબંધન છે. પ્રીતિબંધનમાંથી એકાએક છુટી શકવાને સમર્થ પુરૂષો પણ નિર્બળ થઈ જાયછે, તો પછી એવાં બંધનને કારણ વગરજ સહજમાં તોડીને કોઈ જુદું થઈ જાય, એ નહિ માનવા જેવું છે. કઠણ વાંસને કોરી કાઢનારો ભ્રમર પ્રેમબંધનને લીધેજ કમળના સુકુમાર કોશમાં બંધાઈ જાય છે, એ કેવું પ્રેમબંધન ! પરંતુ એવાં સુદઢ પ્રીતિનાં બંધનને પણ ચિત્તવિક્ષેપ ક્ષણભરમાં તોડી નાંખેછે. ચિત્તવિક્ષેપ પ્રીતિને વિષે અસંતોષ ઉપજાવે છે, અને એથી પ્રીતિનું સુદઢ બંધન આપો આપ નિર્બળ થઈ જઈને તુટી જાયછે. તું કહે છે કે, તારો ભર્તાર અધરાત્રે, કશા કારણ વગરજ તારો ત્યાગ કરીને ચાલ્યો ગયો છે ! આશ્ચર્ય ! એમ બને નહિ. એમ થવાનું કારણ મારા ધારવા પ્રમાણે તુંજ છે. તારી તરફથી કંઈકિ અસંતોષ થવાથીજ તારો પતિ તને ત્યજીને ચાલ્યો ગયેલો હોવો જોઈએ." એ સાંભળીને પેલી સ્ત્રી બોલીઃ "મહારાજ ! આપ કહો છો તો ભલે; પણ છેવટ સુધીમાં અમારા બંને વચ્ચે કોઈ જાતનો અસંતોષ મારા જોવામાં આવ્યો નથી; તેમ તેમની મનોવૃત્તિને કોઈપણ વાતે મેં કદી દુભવી નથી. તેમની મનોવૃત્તિ જાણીને હું સદા તે પ્રમાણેજ અનુસરતી હતી. મારા પતિ મારાં પ્રત્યેક કામથી સદાય પ્રસન્ન રહેતા હતા. પણ મારાં હતભાગ્યે, કોણ જાણે કેમ–" તેનું એ વાક્ય પુરૂં થતાં પહેલાંજ બાળયોગી વચ્ચે બોલી ઊઠયા; "સાધ્વી ! કેમ શું ? મારા માનવામાં એ વાત નથી આવતી, તેનું કારણ તું સાંભળ. સ્ત્રીઓ સંસારની માયાનાં પુતળાં સરખી છે અને તે માયાના પ્રપંચનેજ વશ વર્તે છે. તેથી સ્ત્રી ગમે તેવી સુશીલ હોય તોપણ કોઈ વેળા માયિક આવેશને

લીધે પોતાના સ્ત્રી ધર્મને ભૂલી જઈને અન્યથા આચરેછે અને તે અન્યથા આચરણનું જ્યારે ફળ ભોગવેછે, ત્યારે ઘણોજ પશ્ચાત્તાપ કરેછે. પરંતુ તેથી ફળ શું ? એ માટે મારા પ્રત્યક્ષ અનુભવની વાત હું તને કહુંછું, તે તું સાંભળ.

પતિવ્રતાખ્યાન-પતિસેવા તત્ત્વ.

ક્ષણભર યોગીરાજ મૌન ધરી, ચિત્તને સ્થિર કરી, નાસિકાના અગ્ર ભાગ તરફ દ્દષ્ટિ રાખીને બેઠા પછી બોલ્યા; "હે દ્વિજપુત્રી ! તારાજ સરખી હતભાગિણી અને પતિવિયોગિણી સ્ત્રીની એક વાત હું તને કહુંછું, તે સાંભળ. એ સ્ત્રી તારી પેઠે ઉચ્ચ કુળની બ્રાહ્મણી છે, ધનવાન્ માતપિતાની કન્યા છે, સાસરામાં, પીયરના જેવી ધનસંપત્તિ ન છતાં, માત્ર વિદ્યા વિનયસંપન્નતા જોઈનેજ તેને પરણાવવામાં આવી છે. તેનો પતિ સુશીલ, વિદ્વાન, દયાળુ, ધર્મિષ્ઠ, ભગવચ્ચરણમાં પ્રીતિમાન્, માયાળુ અને રૂપયૌવનથી સંપન્ન છે. એ સ્ત્રી પરણીને સાસરે ગયા પછી થોડાજ વખતમાં તેનાં સાસુ સસરો થોડે થોડે અંતરે મરણ પામ્યાં, તેથી ઘરમાં તે અને તેનો સ્વામી બેજ રહ્યાં. તે સ્ત્રી સ્વભાવે ઘણીજ માયાળુ, શાંત પતિવ્રતા અને ગૃહધર્મમાં કુશળ છે. સાસુ સસરાનો સ્વર્ગવાસ થયા પછી તે સ્ત્રીએ ઘરનો તમામ કાર્યભાર ઉઠાવી લીધો, ને પ્રથમથી ચાલતા આવેલા વ્યવહારમાં કોઈ પણ જાતની ખામી આવવા દીધી નહીં; કારણ કે તેને નાની વયથી જ તેનાં સુશીલ માતપિતાએ ગૃહસંસારની ઉત્તમ પ્રતિની કેળવણી આપી હતી, તેથી તે સ્ત્રી, સ્ત્રીધર્મમાં બહુજ કુશળ છે.

સ્ત્રી અને પુરૂષ એ બન્ને સંસારરથનાં ચક્ર જેવાં છે. જેમ એક ચક્રથી (પૈંડાથી) રથ આગળ ચાલતો નથી, પરંતુ તેને બન્ને ચક્રની જરૂર પડે છે, તેમજ સંસાર વ્યવહાર પણ સ્ત્રી અને પુરૂષ એ બન્નેના પરસ્પર સહાયકપણાંથી સારી રીતે ચાલેછે. વ્યવહારનું બંધારણ યોગ અને ક્ષેમ એ બે વિષયોને આધારે ટકી રહેલું છે. યોગ કહેતાં પરિશ્રમ કરીને વસ્તુને સંપાદન કરવી તે. એ કામ મુખ્યત્વે કરીને પુરૂષને માટેજ નિર્માણ થયેલુ છે. ક્ષેમ કહેતાં મેળવેલી વસ્તુનો યથોચિત્ત રીતે ઉપયોગ કરવો તે. આ કામ બહુધા

સ્ત્રી જાતિને માટેજ નિર્માણ કરવામાં આવ્યું છે. આ ઉભય કાય કે જેના ઉપર અર્થશાસ્ત્રનો તમામ આધાર રહેલો છે, તેવું મહત્વભર્યું કાર્ય સ્ત્રી પુરૂષ એમ ઉભયની સહાયતાથીજ પાર પાડી શકાય છે. તેમાં પણ યોગ કરવા કરતાં ક્ષેમ કરવામાં વધારે ડહાપણની જરૂર છે, અને તે કામ સ્ત્રીના અધિકારનું છે. સચ્ચરિત્રશાળી સ્ત્રી આ કાર્ય પૂર્ણ કુશળતાથી કરેછે; અને જે સ્ત્રી વ્યવહારકુશળ હોય છે, તે પોતાના પતિનાં કુળને ઉન્નતિમાં આણેછે. સાસુ સસરાની સેવા કરવી, પોતાને જે કંઈ ઘરેણુંગાંઠું તથા અન્નપાન મળતું હોય તેટલા ઉપર સંતોષ રાખવો, પોતાને ત્યાં આવનારાં સગાં સંબંધીઓનો સારી રીતે સત્કાર કરવો, વાતચીત કરતી વખતે પ્રસન્ન મુખથી વાતચીત કરવી, પારકા કજીઆમાં પડવું નહિ, પરંતુ પોતાથી બને તો સારી સમજાણ આપીને તેનું સમાધાન કરવું, ઝીણા વસ્ત્રો કે જેમાંથી અગો દેખાય તેવાં વસ્ત્રો પહેરવાં નહિ, પરંતુ સઘળા અંગો ઢંકાય તેવાં વસ્ત્રો પહેરવાં, ઉચે સાદે બોલવુ નહિ, ખડખડાટ હસવું નહિ, દરરોજ પ્રભાતમાં પતિના ઊઠયા પૂર્વે ઊઠવુ અને પછી પોતાનાં છોકરાંને ઉઠાડી, આંખ, મોઢું ધોઈને વડીલોની પાસે પ્રણામ કરવા મોકલવાં; કારણ કે તેમ કરવાથી છોકરાંઓ વિવેકી બનેછે તથા વૃદ્ધોના આશીર્વાદથી તેઓના આયુષ્યમાં વધારો થાયછે; અનાજ વગેરે ખોરાકની જાતેજ તપાસ કર્યા કરવી; વસ્ત્રો ઝીણાં અથવા તો જાડાં પોતાની શક્તિ પ્રમાણે પહેરવા, પરંતુ મેલાં, ગંધાતાં અને વાસ મારતાં પહેરવાં નહિ—દરરોજ ધોયેલાં સ્વચ્છ વસ્ત્ર પહેરવાં વગેરે સ્ત્રીઓનો વ્યવહારધર્મ બહુ ઉત્કૃષ્ટ ને ઉન્નતિમાં આણનાર છે. ગૃહરાજ્યની શોભા ને સ્વચ્છતાનો સર્વ આધાર પુરૂષ કરતાં પણ સ્ત્રીના ઉપર વધારે છે. સ્ત્રીએ ઘરના કામકાજમાંથી પરવાર્યા પછી પતિસેવામાં તત્પર થવું, પતિ બહારથી, કાર્યથી પરવારી સાયંકાળે ઘેર આવે ત્યારે તેને પીવાને પાણી અને બેસવાને આસન આપવું; ભોજન કરવા બેસે ત્યારે નવનવી રસોઈ બનાવીને જાતે પીરસવી અને તે વખતે દુઃખની' અથવા તો પોતાનાં ઘરેણાં ગાંઠાં વગેરેની વાતો કરીને પતિને કંટાળો આપવો નહિ, એવી પતિસેવા એજ સ્ત્રીઓનો પરમ ધર્મ છે. વ્રત ઉપવાસ તથા બીજાં

સર્વે ધર્મકૃત્યો પતિની સેવાથીજ સફળ થાયછે. સીતા, દમયંતી, દ્રૌપદી, સાવિત્રી વગેરે સ્ત્રીઓ પોતાના ઘરમાં હજારો દાસીઓ છતાં પણ જાતેજ પતિસેવામાં રાતદહાડો તત્પર રહેતી હતી એટલુંજ નહિ, પરંતુ પતિના દુઃખમાં ભાગ લેવા માટે સતી સીતાએ રાજ્યસુખનો એકદમ ત્યાગ કરીને રામ સાથે વનવાસ વેઠવાનું પણ અંગીકાર કર્યું હતું; વીરપત્ની દ્રોપદીએ પણ પાંડવોની પાછળ છાયાની પેઠે વનમાં રખડી રઝળીને તેઓના દુ.ખમાં ભાગ લીધો હતો અને સ્ત્રીઓનાં પાતિવ્રત્ય ધર્મનુ પવિત્ર ચરિત્ર આ જગતમાં લાંબા વખત માટે મૂકી ગઈ છે. સ્ત્રીઓનાં પાતિવ્રત્ય ધર્મને લીધેજ મોટમોટા મુનીશ્વરો પણ સ્ત્રીઓનાં ચરણની પવિત્ર રજને પોતાને મસ્તક ધારણ કરેછે. સ્ત્રીઓને સર્વ ધર્મમાં પતિસેવા એજ મુખ્ય ધર્મ છે અને તેમાં તેનું પરમ કલ્યાણ સમાયલું છે. હે સાધ્વીઓ ! આવો પતિવ્રતાનો ધર્મ સાંભળીને તમારા મનમાં કદાચ શંકા થશે કે, નિઃસ્વાર્થપણે પોતાના ક્ષુધાદિક તજી દઈને સેવા કેમ થઈ શકે ? અર્થ વગરની સેવાનું પ્રયોજન શું ? તેનો ખુલાસો સાંભળો. પોતે પોતાનાં મનથી પોતાના સેવ્યની સેવાને અર્થે સ્વસુખાદિકનો ત્યાગ કરવાથી તે સુખાદિક નાશ પામતાં નથી, પણ ઉલટાં વૃદ્ધિ પામે છે. વધારે તો શું, પણ એ સેવા પોતેજ સર્વાંગે સુખરૂપ છે એટલુંજ નહિ, પણ તેનું પરિણામ પરમ અવિનાશી સુખ આપનારૂં નિવડે છે. સેવા જો કે દેખીતી સેવ્યનેજ સુખ કરનારી છે, પણ તેમાં સેવકનાં સર્વે સુખોનો સમાવેશ થાય છે. તાત્પર્ય એટલુજ સમજવાનું કે—જેમ ભક્તજન પોતાના સેવ્ય શ્રીહરિને સારૂ ઉત્તમોત્તમ સ્વાદિષ્ટ સામગ્રી સિદ્ધ કરીને, તેમને નિવેદન કરે છે, પણ પછી તેનો પુણ્યરૂપ પ્રાસાદ પોતાના સ્નેહી સજ્જનો સાથે જમીને પોતે પરમ સુખનો અનુભવ કરેછે, એમાં સામગ્રી સિદ્ધ કરીને, સેવ્યભાવથી શ્રીહરિને સમર્પણ કરવાનું ગર્ભિત ફળ તેનેજ મળેછે અને તેથી આનંદ થાય છે, તેની બલિહારી શું ગાઉં ? મેં માત્ર સેવાનાં ઐહિક સુખનુંજ—એટલે કે સેવા સ્વતઃ સુખરૂપ છે તેનુંજ દિગ્દર્શન કરાવ્યું છે. તેવી જન્મ પર્યંત કરેલી સમસ્ત સેવાનું ફળ તો એટલું બધું અમૂલ્ય છે, કે જેનું વર્ણન મારી જીભે થઈ શકે તેમ નથી.

(ચન્દ્રકાન્ત.)

આનંદશંકર બાપુભાઈ ધ્રુવ.

૧૩૬—નારી પ્રતિષ્ઠા.

હવે આપણે આપણા દેશના ઇતિહાસ ઉપર આવીએ. આપણે ત્યાંનું સૌથી પ્રાચીનમાં પ્રાચીન પુસ્તક તે ઋગ્વેદસંહિતા છે. એમાં સ્પષ્ટ તેમજ ગર્ભિત રીતે સ્ત્રીની પ્રતિષ્ઠા વિષે માહિતી આપતાં ઘણાં વચનો મળી આવે છે. પ્રથમ તો એટલુંજ જુઓ કે પરમાત્મા સંબંધી ઋષિઓની પ્રાચીનમાં પ્રાચીન ભાવના તે પુરૂષરૂપે નહિ. પણ સ્ત્રીરૂપેજ પ્રત્યક્ષ થએલી છે. '**अदिति**'-શબ્દ ઉપરથી '**आदित्य**'-શબ્દ થએલો છે. અને તેથી વરૂણ વગેરે આદિત્યો કરતાં પણ એની પૂજા જુની હોવી જોઈએ એમ સહજ અનુમાન થઈ શકેછે. અને તેમાં પ્રકૃત વિષય માટે ખાસ ધ્યાનમાં લેવા જેવું એ છે કે એ અદિતિ તે કોઈ અન્ય દેવની સ્ત્રીરૂપે કલ્પાએલી નથી, પણ સ્વતંત્ર આદિકારણ–દેવોની માતા–તરીકે મનાએલી છે. અર્થાત્, પછીના કાળમાં આપણે જેમ વરૂણ ઉપરથી વરૂણાની, ભવ ઉપરથી ભવાની, ઇન્દ્ર ઉપરથી ઇન્દ્રાણી વગેરે રૂપો થતાં જોઈએ છીએ અને તે ઉપરથી સ્ત્રીની ગૌણતાનું અનુમાન કરવાનું કાંઇક પણ દેખીતું કારણ મળેછે તેમ અદિતિની બાબતમાં જણાતું નથી. વળી સ્ત્રીની મૂર્તિ તેઓને કેવી મનોહર લાગતી હશે તે ઉષા (Dawn) નાં અસંખ્ય વર્ણનોમાં શબ્દે શબ્દે જણાઈ આવે છે. સ્ત્રી અને પુરૂષ યજ્ઞમાં સાથે ભાગ લેતાં; સ્ત્રી અને પુરૂષ બંને ઘરનાં એકઠાં માલિક (**दम्पती–दमः** Domus, a house **पति**–Lord.) ગણાતાં; અને "**न गृहं गृहमित्याहुर्गृहिणी गृहमुच्यते** ઇંટ માટીનું ઘર તે ઘર નથી પણ ગૃહિણી એજ ઘર છે" ઇત્યાદિ પાછલા કાળનાં વચનોમાં પ્રત્યક્ષ થતો કોમળ ભાવ તે વેદકાળમાં પણ અસ્તિત્વમાં હતો એમ બતાવનારાં પ્રમાણો છે. મં. ૩. ૪. ૫૩ માં ઋષિ "**जायेदमस्तं मघवन् सेदु योनिः**" હે મેઘવન્! (ઇન્દ્ર) સ્ત્રી એજ ઘર છે, એજ સર્વેનું કારણ

છે. એમ સ્ત્રીનો મહિમા ગાઈ ઇન્દ્રને ગૃહસ્થાશ્રમીને ત્યાં આવવાની પ્રાર્થના કરેછે.

મં. ૭. ૧૮. ૨ માં "**राजेव हि जनिभिः क्षेष्येवाव द्युभिः**" રાજા જેમ 'જનિ' થી અર્થાત્ જનાનાથી-સ્ત્રીઓથી-વીંટળાએલો હોય તેમ જ્યોતિઓથી તું વીંટળાએલો રહે છે."-એવું એક વચન છે. અને તે ઉપરથી ઋગ્વેદસંહિતાના સમયમાં બહુ સ્ત્રી પરણવાનો રિવાજ હશે એમ અનુમાન ઉપસ્થિત થાય. પરંતુ એ વાક્યમાં '**जनि**' નો અર્થ માત્ર સામાન્ય સ્ત્રી એટલે કે દાસી સંભવે છે, તેમ '**द्युभिः**' 'જ્યોતિઓ' બહુવચનમા હોવાથી '**जनि** ને બહુવચન આપવાની જરૂર પડી હશે એમ પણ કહી શકાય ખરૂં. પણ ઘણું કરીને તો રાજાઓજ બહુ સ્ત્રી પરણવાની છૂટ લેતા હશે અને સામાન્ય નિયમ એક સ્ત્રી (જેમ કે વસિષ્ઠની અરૂન્ધતી) પરણવાનો રિવાજ હશે એમ લાગે છે. કારણ કે દશમા મંડળમાં લગ્ન સબંધી જે સૂક્ત છે અને જેમાં તે વખતનાં પતિપત્નીના સંબંધ વિષેના વિચારો એકત્રિત થઈ ગોઠવાયા છે તેમાં વહુને નીચે પ્રમાણે આશીર્વાદ દીધો છે.

"सम्राज्ञी श्वशुरे भव सम्राज्ञी श्वश्र्वां भव
ननान्दरि सम्राज्ञी भव सम्राज्ञ्येधि देवृषु"

સસરા ઉપર તું મહારાણીપદ મેળવ; સાસુ ઉપર મેળવ, નણંદ ઉપર મેળવ, દીયરો ઉપર મેળવ"—આમાં સપત્નીનો ઉલ્લેખ નથી; અને જો તે વખતે બહુ સ્ત્રીઓ પરણવાનો રિવાજ હોય તો સપત્નીજન ઉપર મહારાણીપદ પ્રાપ્ત કરવાનો આશીર્વાદ તો આપણે સૌ કરતાં પહેલોજ વાંચીએ. એ જ સૂક્તમાં પતિપત્નિના સ્નેહની ભાવના કેવી ઉંચી હશે એ સમજવા માટે પુષ્કળ વચનો છે.

"संमजन्तु विश्वे देवाः समापो हृदयानि नौ ।
सं मातरिश्वा संधाता समु देष्ट्री दधातु नौ" ॥

એમ પરસ્પર હૃદય જોડવાની દેવતાઓને વરવહુ પ્રાર્થના કરે છે; અને પાણિગ્રહણ વખતે

"गृभ्णामि ते सौभगत्वाय हस्तं मया पत्या जरदष्टिर्यथासः ।

भगो अर्यमा सविता पुरन्धिर्मह्यं त्वादुर्गार्हपत्याय देवाः"॥

"સૌભાગ્ય માટે હું તારો હાથ પકડું છું; મારી સાથે તું ઘરડી થા; ભગ અર્યમા સવિતા અને પુરંધિ એ દેવોએ ગૃહસ્થાશ્રમ ભોગવવા માટે તને મને આપી છે."

પતિપત્ની એકઠાં ઘરડાં થાય એ કરતાં જગતમાં બીજું વધારે સુખ નથી. અને એ પવિત્ર ભાવ આપણા ઋષિઓને ઘણોજ મીઠો લાગતો. એજ સૂક્તમાં વર ફરી કહેછે કે "**आ जरसाय समनक्तु अर्यमा** "–અર્યમા અમને છેક ઘડપણ પર્યંતને માટે પરસ્પર જોડો"; અને એક બીજા સૂક્તમાં કહ્યું છે કે "**इह प्रियं प्रजया ते समृध्यतामस्मिन् गृहे गार्हपत्याय जागृहि । एना पत्या तन्वं संसृजस्वाधा जिव्री विदथमावदाथः**–" આ ઘરમાં તું તારા વહાલા પતિને પ્રજા આપીને સુખી કર; આ ઘરમાં તારૂ ગૃહપતિ (ત્ની) પણું ભોગવવા માટે જાગતી રહે; એ પતિ સાથે તારૂં શરીર જોડ; અને તમે ઘરડાં થાઓ ત્યાં સુધી એકઠાંજ પરમાત્માની જ્ઞાનભરી પ્રાર્થના બોલો."

સારા મન વાળી, સારા શરીરવાળી, વીરમાતા જે '**देवकामा**' એટલે કે ધાર્મિક વૃત્તિવાળી હોય, અને જેની આંખ સર્વત્ર શીળી પડે ('**अघोरचक्षुः**') અને જે ઘરનાં સઘળાં માણસ તથા પશુઓને કલ્યાણકારિણી હોય એવી સ્ત્રી ઋષિઓ માગતા. અને તેઓનો સંબંધ માત્ર આ લોક પુરતો જ ન હતો. "**ऋतस्य योनौ सुकृतस्य लोकेऽरिष्टां त्वा सह पत्या दधामि**" એમ પરલોકમાં પણ પતિની સાથે પત્નીનો વાસ કહ્યો છે. શુક્લ યજુર્વેદની સંહિતામાં પણ "**तं पत्नीभिरनुगच्छेम देवाः पुत्रैर्भ्रातृभिरुत वा हिरण्यैः नाकं गृभ्णानाः सुकृतस्य लोके तृतीये पृष्ठे अधिरोचने**

त्रिवः"–એમ સર્વોપરિ દ્યુલોકમાં પત્ની સહવર્તમાન જવાની ઇચ્છા બતાવી છે. અને અથર્વવેદમાં "पत्युरनुव्रता भूत्वा संनह्यस्वामृताय कम्"–એમ સ્ત્રીને પતિની સાથે ધર્મ આચરીને અમૃતત્વ માટે તૈયાર થવા ઉપદેશ કર્યોછે.

અથર્વવેદસંહિતામાં ઋગ્વેદસંહિતાના લગ્નસૂક્તના ઘણા મંત્રો કેટલાક ફેરફાર સાથે રાખેલા છે. એથી લગ્નની ભાવના અથર્વવેદસંહિતાના કાલપર્યંત ઘણે ભાગે એવી ને એવી ઉચ્ચ હતી એમ અનુમાન થાયછે. વહુ એક 'ગૃહપત્ની' હતી એટલુંજ નહિ પણ ગૃહમાં તો બધો અધિકાર એનો એકલીનોજ હતો.

"शिवा नारी यमस्तमागन्निमं धाता लोकमस्यै दिदेश"

અર્થાત્ 'ગૃહ રૂપી દુનીઆ તો પરમેશ્વરે સ્ત્રીનેજ સોંપી દીધી છે' એમ સ્પષ્ટ પ્રતિપાદન થયું છે. પણ ઋગ્વેદસંહિતાના સમયની એક ઉચ્ચ ભાવના અથર્વવેદસંહિતાના સમય સુધીમાં અધમતાએ ગયેલી જોઈ આપણને શોક થાય છે. યજુર્વેદસંહિતામાંથી ઉપર ટાંકેલા વાક્યમાં '**पत्नीभिः**' એમ જે બહુવચનવાળો શબ્દ છે તે હવે અનેક સ્ત્રી પરણવાનો રિવાજ થયો હશે એમ શંકા ઉપજાવેછે. અને અથર્વવેદમાં આવતાં તો આપણે સપત્નીઓનું દુઃખ એવું ભારે થએલું જોઈએ છીએ કે સ્ત્રીઓ તરફથી "**सपत्नी मे पराणुद । पतिं मे केवलं कृधि**'–"મારી સપત્નીને પાછી પાડ, અને મારા પતિને મારી એકલીનો કર'–એવી પ્રાર્થના થતી સંભળાયછે.

यथा सिन्धुर्नदीनां साम्राज्यं सुषुवे वृषा

एवा त्वं सम्राज्ञ्येधि पत्युरस्त परेत्य"–

એ પ્રમાણે લગ્નસૂક્તમાં સાસુ સસરા નણંદ અને દીયર ઉપર સામ્રાજ્ય મેળવવાના મંત્ર સાથે નદીઓમાં સિંધુની માફક પતિને ઘેર જઈ સામ્રાજ્ય મેળવવાનો મંત્ર ઉમેરાયો છે. પણ પતિને પોતાને વશ કરી લેવા માટે તથા

સપત્નીને કાઢવા માટે જડીબુટ્ટી ખોદવાનો અથર્વવેદમાં મેલો મન્ત્ર આપેલો છે તેથી જણાય છે કે મૂળની ભાવનામાં થએલો ફેરફાર અનાર્યોની સંગતિનું પરિણામ હશે અગર તો હજી પણ તે માત્ર નીચ વર્ગના માણસો માટેજ સત્ય હશે.

બ્રાહ્મણ–આરણ્યક–અને ઉપનિષદ્ ગ્રંથોના કાળમાં સ્ત્રીની પ્રતિષ્ઠા તત્ત્વજ્ઞાનની રીતિએ પ્રતિપાદન થતી જોવામાં આવેછે. શતપથ બ્રાહ્મણમાં કહ્યું છે કે—

"मिथुन उ एवायमात्मा । अङ्गुष्ठा इति पुमांसः अङ्गुलय इति स्त्रियः कर्णाविति पुमांसौ भ्रुवाविति स्त्रियौ ओष्ठाविति पुमांसौ नासिके इति स्त्रियौ दन्ताविति पुमांसौ जिह्वेतिस्त्रीः"

આ આત્મા (શરીર) મનુષ્ય પોતે સ્ત્રી અને પુરૂષ ઉભયરૂપ છે. અંગુઠા એ પુરૂષ, આંગળીઓ એ સ્ત્રી; કર્ણ એ પુરૂપ, ભમ્મરો એ સ્ત્રી; હોઠ એ પુરૂપ, નાસિકા એ સ્ત્રી; દાંત એ પુરૂષ, જિહ્વા એ સ્ત્રી."

વળી બૃહદારણ્યક ઉપનિષદ્‌માં કહ્યું છે કેઃ—

"स वै नैव रेमे तस्मादेकाकी न रमते स द्वितीयमैच्छत् सहैतावानास यथास्त्रीपुमांसौ संपरिष्वक्तौ स इममेवात्मानं द्वेधापातयत्ततः पतिश्च पत्निचाभवतां तस्मादिदमर्धं वृगलमिव स्वः । इति ह स्माऽऽह याज्ञवल्क्यः । तस्मादयमाकाशः स्त्रिया पूर्यत एव"

પ્રજાપતિ—પરમાત્માને–એકલા ગમ્યું નહિ (અને તેથી હજી પણ કોઈ માણસને એકલા હોવું ગમતું નથી); અને તેથી એને બીજાની ઇચ્છા થઈ. એ સ્ત્રી અને પુરૂષ મળીને જે આખું સ્વરૂપ થાયછે તે તે પોતે હતા. પછી તેમણે પોતાના સમગ્ર સ્વરૂપના બે ભાગ પાડયા–'પાડયા' ('पत्–પડવું') તેથી એક ભાગ પતિ અને બીજો ભાગ પત્ની કહેવાયછે. તેથી વિવાહ

પૂર્વે, પુરૂષ તે પોતાના ખરા સ્વરૂપનું માત્ર અડધીયુંજછે. આ 'આકાશ' કહેતાં શૂન્યકાર (સ્ત્રી વિનાનો પુરૂષ અગર તો આ સમસ્ત વિશ્વ.) તે સ્ત્રી થકીજ પુરાયછે."

રૂગ્વેદના સમયમાં સ્ત્રીઓએ મંત્ર રચેલા આપણે જોઈએ છીએ; અને ઉપનિષત્કાળમાં પણ મૈત્રેયી ગાર્ગી જેવી બ્રહ્મવાદિની સ્ત્રીઓ થએલી સુપ્રસિદ્ધ છે; અને પાછળના વખતનું શ્રીમદ્ભાગવતનું પ્રમાણ લઈએ તો આ પ્રાચીનકાળમાં વયુના અને ધારિણી નામની વગર પરણ્યે બ્રહ્મવાદિની થએલી સ્ત્રીઓ પણ થઈ ગઈ છે. સૌ કરતાં વિશેષ જાણવાજોગ એ થઈ પડેછે કે સારી માતા વિના બ્રહ્મવિદ્ થવું અશક્ય છે એવો સિદ્ધાંત આ સમયમાં સ્પષ્ટ રીતે બહાર પડયો છે. બૃહદારણ્યક જે સર્વે ઉપનિષદ્માં જુનામાં જુનુ ગણાયછે તેમાં એક આવો પ્રસંગ છે. યાજ્ઞવલ્ક્ય મુનિ જનકરાજાને ત્યાં જાયછે, અને વિવિધ વિદ્વાનો પાસેથી પ્રાપ્ત કરેલું એનું જ્ઞાન કેવું છે એ જાણવા માગે છે. તે વખતે જનકરાજા **वाग्वै ब्रह्म प्राणो वै ब्रह्म** ઇત્યાદિ જુદા જુદા વિદ્વાનો પાસેથી પોતે બ્રહ્મનાં જુદાંજુદાં ઉપાસનાનાં સ્વરૂપ જાણેલાં તે કહેછે અને તે દરેક વિદ્વાન વિષે ખાસ કરીને જણાવેછે કે, "**यथा मातृमान् पितृमान् आचार्यवान् ब्रूयात् तथा तत् शाकल्यः अब्रवीत्**" જેમ માતૃમાન્ પિતૃમાન્ આચાર્યવાન્ કહે તેમ શાકલ્ય વગેરેએ કહ્યું; આ વાક્ય પુનઃ પુનઃ ઉચ્ચારવામાં આવ્યું છે અને એનું તાત્પર્ય એવું છે કે સારી માતા પાસે, સારા પિતા પાસે, સારા આચાર્ય પાસે કેળવણી પામ્યા વિના બ્રહ્મવાદી થવું અશક્ય છે. અત્રે **प्रशंसायां मतुप्** એ સૂત્રાનુસાર **मतुप्** પ્રત્યય લાગી **मातृमान्** શબ્દ થએલો છે. અને એનો અર્થ "**मातृमान् माता यस्य विद्यते सम्यगनुशास्त्री अनुशासनकर्त्री स मातृमान्**" જે પુત્રને સારૂ અનુશાસન શિક્ષણ આપનારી માતા હોય તે **मातृमान्** એમ શંકરાચાર્ય કહેછે.

અન્યત્ર–ડાબી અને જમણી આખમાં પ્રકટ થતા ચૈતન્યમાં સ્ત્રી અને પુરૂષની કલ્પના કરી છે–અને એ સ્ત્રી અને પુરૂષ મળીને હૃદય-આકાશ

ઉત્પન્ન થાય છે એમ કહ્યું છે. આમ વ્યક્તિનું હૃદય જેમ સ્ત્રી અને પુરૂષ એ મળીને થયું છે, તેમ વિશ્વનું હૃદય પણ સ્ત્રી અને પુરૂષ એ મળીનેજ બનેલું છે—આનેજ શાસ્ત્રો ઇંદ્ર અને ઇંદ્રાણી એવાં નામ આપે છે એમ એ ઉપનિષદ્ કહેછે.

આજ કારણથી તૈત્તિરીય ઉપનિષદ્‌માં "**मातृदेवो भवः**" એમ ઉપદેશ કરેલો છે. "**प्रजातन्तुं मा व्यवच्छेत्सीः**" એમ ગૃહસ્થાશ્રમની ભલામણ કરનારા આ ઉપનિષદ્‌ને બાદ કરતાં કહી શકાય કે ઉપનિષદ્‌ના સમયથી દેશોમાં વૈરાગ્યની ભાવના પ્રસરવા માંડેલી હતી, અને તેથી યાજ્ઞવલ્ક્ય જેવા વિરાગી તત્ત્વવેત્તાને સંસારમાં આસક્તિવાળી કાત્યાયની કરતાં અમૃતત્વની ઇચ્છાવાળી મૈત્રેયી વધારે ગમે એ સ્વાભાવિક છે. સંસારમાં સ્ત્રીને સ્વભાવથી જ વિશેષ આસક્તિ હોયછે એમ હવે મનાવા લાગ્યું હતું અને તેથી કાત્યાયનીને '**स्त्रीप्रज्ञा**' સ્ત્રી બુદ્ધિવાળી કહી છે. એક કરતાં વધારે પત્નીનો રિવાજ ઘણું કરીને પુત્રને અભાવે કે એવાજ બીજા કારણસર—હવે પહેલા કરતાં વિશેષ પ્રચલિત થયો હશે એમ લાગેછે. પણ આ બાબત આપણા પૂર્વજો સામે સખ્ત આક્ષેપ કરતા પહેલાં બે વાત ધ્યાનમાં રાખવાની છે. એક તો એ સમસ્ત આર્ય જાતિની પ્રજામાં પુત્રો માટે સ્વાભાવિક રીતેજ, તેમજ સમયની પરિસ્થિતિને લઈ, ઉત્કટ ઇચ્છા રહેતી; બીજું સ્ત્રીને છેડો છુટકો આપી દઈને ઘણી પત્નીઓ છતાં એકજ પત્ની હોય એવો મિથ્યા દેખાવ કરવામાં આવે અને એના ભરણપોષણની જવાબદારી ખસેડવામાં આવે તે કરતાં ઉપલો રિવાજ ખોટો નહિ. ત્રીજું, આપણા દેશમાં પ્રાચીન સમયમાં વારાંગનાની સંસ્થા નહોતી, એટલે એક પુરૂષને એક કરતાં અધિક સ્ત્રીઓ પરણવાનો પ્રસંગ આવે એ પણ સ્વાભાવિક છે. પણ આટલો ખુલાસો બહુ પત્ની પરણવાના રિવાજની પ્રશંસા કે બચાવ કરવા માટે નથી, પણ કેટલાં કારણોથી એ ક્ષન્તવ્ય બનેછે એટલુંજ જણાવવા માટે છે.

વેદાંગના સમયમાં આવતાં યાસ્કનું નિરૂક્ત એ મુખ્ય ગ્રંથ છે. એમાં '**देवर**' શબ્દનું નિર્વચન આપતાં કહ્યું છે કે "**दीव्यतेः**"—સ્ત્રી દીયર સાથે બાજી રમે છે માટે (**दिव्**—બાજી રમવી) **देवरः** 'દીયર' એવું નામ પડયું છે—આથી કુટુંબના વિવિધજનો દીયર ભોજાઈ વગેરે પરસ્પર કેવો વિનોદ કરતાં હશે એનો કાંઈક ખ્યાલ આવેછે. વળી એમાં એક ઠેકાણે પુત્ર અને દુહિતા બંને દાયાધિકારી છે કે કેમ એ પ્રશ્ન ચર્ચ્યો છે. બંને સરખી રીતે માતાપિતાનાં શરીરમાંથી ઉત્પન્ન થાયછે અને તેથી બંને સરખાં અધિકારી છે એમ એક મત ટાંક્યો છે, અને છેવટે એવો સિદ્ધાંત બાંધ્યો છે કે જે છોકરીને ભાઈ ન હોય તેને દાયનો અધિકાર છે. બંનેના સરખા અધિકાર પ્રતિપાદન કરનારો એક મત હોય એ વસ્તુ જાતેજ જાણવાજોગ છે. પણ દીકરીને વારસો શા માટે નહિ એનું કારણ યાસ્કે બતાવ્યું છે તે ખુશી ઉપજાવે એવુ નથી. '**तस्मात् स्त्रियं जातां परास्यन्ति न पुमांसमिति च स्त्रीणां दानविक्रयातिसर्गा विद्यन्ते न पुंसः**'—"દીકરીને ફેંકી દે છે; દીકરાને ફેંકી દેતા નથી—સ્ત્રીઓનુ દાન વેચાણ અને ત્યાગ થાયછે, પુરૂષોનું નહિ." આ સ્થિતિ બેશક ખેદ ઉપજાવનારી છે. ટીકાકાર કહે તેમ આ દાન વેચાણ અને ત્યાગ તે જુદાજુદા પ્રકારના વિવાહ માત્રજ હોય તો દિલગીર થવાનું કારણ નથી. પણ મને ભય રહે છે કે આ વાક્ય સ્ત્રીની હવે થવા માંડેલી અધમ ગણનાની સાખ્ય પૂરેછે. વળી **दुहिता शब्द**નું નિર્વચન કરતાં યાસ્ક કહેછે કે—**दुर्हिता, दूरे हिता, दोग्धेर्वा**. તેમાં **दूरे हिता** (આઘે મૂકેલી, દૂર દેશ કે પારકે ઘેર પરણાવેલી; અથવા તો **दोग्धेः** (દુહે છે—ટીકાકાર કહેછે તેમ માબાપના પૈસા દૂહે એમ પણ અર્થ થાય; અથવા તો ઑરિયન્ટલ સ્કૉલરો કહે છે તેમ ગાયોનું દૂધ દુહે છે એમ પણ થાય.) એ બે નિર્વચનો તો ઠીક. પણ "**दुर्हिता** (ખોટી મૂકાએલી, દુઃખરૂપ આવી પડેલી), અગર તો '**दूरे हिता**' (પારકે ઘેરજ સારી એ અર્થમાં) નિર્વચન ખેદકારક છે. માત્ર સાસરે દીકરીનું દુઃખ જોઈ અનુકંપાથી આ વચન નીકળ્યું હોય તો માબાપ ઉપર આપણને ગુસ્સો ન આવે, સાસરીઆં ઉપર તો તોપણ આવશેજ.

યાસ્કનો સમય વેદના સમયથી કેવો જુદો હતો તે આટલાથીજ સમજાશે કે દીકરીના વારસાનો સવાલ જેમ યાસ્કે ચર્ચ્યો છે તેમ ઋગ્વેદસંહિતાની કેટલીક ઋચાઓમાં પણ ચર્ચાયોછે. પણ એ ઋચાઓમાં દીકરીને વારસો ન આપવાનું કારણ દીકરી સ્ત્રી હોઈ દીકરા કરતાં ઉતરતી છે એમ બતાવ્યું નથી; પણ દીકરી ગર્ભમાં હોય ત્યારથી એ જમાઇનુંજ ધન (નિક્ષેપ-deposit) છે, અને એની માને છોકરો હોય છતાં તે દીકરીને વારસો આપે તો વંશનું કલ્યાણ એક કરે અને દ્રવ્યનો ઉપભોગ બીજો કરે એવી વિષમ સ્થિતિ પ્રાપ્ત થાય-એમ કહ્યું છે.

યાસ્કનો સમય ધર્મની બાબતમાં પણ અસંતોષકારક હતો. વેદના અર્થમાંથી ધાર્મિક તેજ ઉડી ગયું હતું. અને તેથી સંસારની અધિદેવતા-સ્ત્રી સંબંધી પણ એ સમયના વિચારો નિકૃષ્ટ હોય એમાં શું આશ્ચર્ય? એ સમયની ધર્મહીનતામાંથી દેશનો નિસ્તાર બે રીતે થયો. બુદ્ધદેવ અને મહાવીરસ્વામીએ ફરી જગાવેલી વૈરાગ્યની ભાવનાદ્વારા, અને કૃષ્ણ ભગવાને પ્રવર્તાવેલી કર્મ ભક્તિ અને જ્ઞાનની અદ્ભુત એકતાવાળા ઉપદેશદ્વારા. ગૌતમબુદ્ધના વિષય પરાઙ્મુખ હૃદયને સંસારી સ્ત્રીનો ઘણો કંટાળો હતો. આનંદે એને પૂછ્યુ કે; અમારી ભિક્ષુઓની નજરે સ્ત્રી પડે તો અમારે શું કરવું? ગૌ૦ જોવી નહિ. આ૦ પણ નજરે પડી જાય તો? ગૌ૦ એમની સાથે બોલવું નહિ. આ૦ પણ એ બોલે તો? ગૌ૦ ધ્યાનમાં વૃત્તિ સ્થાપી દેવી. આનંદના આગ્રહથી ગૌતમબુદ્ધે સ્ત્રીઓને ભિક્ષુકી થવાનો અધિકાર આપ્યો, અને તે પ્રમાણે એમની ધાત્રેયિકા-મહાપ્રજાપતિ નામની-પહેલી ભિક્ષુકી થઈ. ભિક્ષુકી થયા પછી સ્ત્રી અર્હત્પણું પ્રાપ્ત કરી શકે એટલો સ્ત્રીનો અધિકાર ગૌતમબુદ્ધને માન્ય હતો. આ સંસ્થાનું પરિણામ એ આવ્યું કે બૌદ્ધધર્મની અંદર તેમજ બહાર ઘણી વિદુષી સ્ત્રીઓ આચાર્યા-એટલે કે 'સ્વયંવ્યાખ્યાત્રી'-થઈ અને પરમ જ્ઞાન માટેનો સ્ત્રીઓનો અધિકાર અમલમાં આવ્યો. પણ સ્ત્રીઓના કર્તવ્યનો મુખ્ય પ્રદેશ-જે ગૃહસ્થાશ્રમ-તે તો અંધારા મઠ જેવોજ રહ્યો. ભગવદ્ગીતામાં કૃષ્ણે ભક્તિની પરબે ચારે વર્ણનાં સ્ત્રીપુરૂષોને

એકઠાં કર્યાં, અને "**स्त्रियो वैश्यास्तथा शूद्रास्तेऽपि यान्ति परां गतिम**"—સ્ત્રીઓ વૈશ્યો અને શૂદ્રો (જેઓ તે વખતમાં પરાગતિનાં અનધિકારી મનાતાં હતાં અને તેથીજ ભગવદ્દગીતામાં એકઠાં મૂક્યાંછે—નહિ કે કૃષ્ણની દૃષ્ટિએ તેઓ અધમ હતાં) તેમને પણ પરાગતિનું દ્વાર ઉઘાડી આપ્યું; અને તે સંસાર ત્યજીને નહિ, પણ સંસારમાં રહીને. આ રીતે વિધાતાની સૃષ્ટિમાં સ્ત્રીનું પ્રયોજન સચવાઈ રહ્યું. અને મહાભારતમાં વ્યાસજીએ પણ ગૃહસ્થાશ્રમ એ સર્વ આશ્રમમાં શ્રેષ્ઠ છે, અને વિશુદ્ધ ગૃહસ્થાશ્રમ એ બ્રહ્મચર્યજ છે એમ બહુ ભાવથી જણાવ્યું. પણ આ દરમિયાન બૌદ્ધ ધર્મનાં કેટલાંક અનિષ્ટ પરિણામો નીપજી ચૂક્યાં હતાં. ઉચ્ચ મનોવૃત્તિની સ્ત્રીઓ સંસાર ત્યજી ભિક્ષુકીઓ થઈ એટલે એમના વિના સંસાર અંધારો રહ્યો. સામાન્ય જનસમાજમાં અધમવૃત્તિના આત્માઓનું પ્રાધાન્ય થયું. અને એક તરફ ભિક્ષુકીઓ તો બીજી તરફ વેશ્યાઓ એવી વિચિત્ર સ્થિતિ પ્રાપ્ત થઈ! અને જતે દહાડે વિષયની અસર ભિક્ષુકીઓ ઉપર પણ થવા લાગી. આ વખતે દેશમાં પૈસો પુષ્કળ હતો અને એનો વ્યાપાર પણ ધમધોકાર ચાલતો. સમૃદ્ધિની સાથે વિલાસ આવે એ સ્વાભાવિક છે. અને તે પ્રમાણે ઈ. સ. ના આરંભ સમયમાં રચાએલા વાત્સ્યાયન કામસૂત્રમાં અનેક કલામાં નિપુણ ગણિકાઓનાં વર્ણન આપણે વાંચીએ છીએ. એ ગણિકાઓ સઘળી દુષ્ટજ હતી એમ માનવાને કારણ નથી. સ્ત્રીના હૃદયની સ્વાભાવિક ઉચ્ચતા ગણિકાવસ્થામાં પણ બહાર પ્રકટી આવેછે અને તેથી કામસૂત્રમાં કલાગ્રહણનાં ફળ ગણાવતાં કહ્યું છે કેઃ—

"आभिरभ्युच्छ्रिता वेश्या शीलरूपगुणान्विता ।
लभते गणिकाशब्दं स्थानं च जनसंसदि ।
पूजिता सा सदा राज्ञा गुणवद्भिश्च संस्तुता ।"

આ વર્ણન વાંચતાં ગ્રીસની વારાંગનાઓનું સ્મરણ થાય છે અને ગ્રીસની Hetairae (વારાંગના) તે 'Stranger-women', હતી અને

શબ્દનો અર્થ સાથે રહેનારો થાયછે તેટલાથી મારા મનમાં તર્ક ઉપજે છે કે કદાચ એ Stranger–women ઉપરથી આપણો 'वेश्या-immigrant, from विश् to enter–(કેટલાક કહે છે તેમ विशः-immigrants. એ પણ સરખાવો) શબ્દ તો ન આવ્યો હોય? તેમ वृ. to surround ઉપરથી નિષ્પન્ન થતો वार–(वाराङ्गना–वारविलासिनी) શબ્દ તે ગ્રીક Hetairaeના "They wished to have Woman in their walks, in their banquets, in their military expeditions" એ વાક્યમાં કરેલા વર્ણન સાથે તો સંબંધ ધરાવતો ન હોય? અને એમ હોય તો જેમ ફલજ્યોતિષના કેટલાક વહેમ બાબિલોનમાંથી આવેલા કહેવાયછે તેમ આ ગણિકાની સંસ્થા પણ કદાચ ગ્રીસમાંથી આવી હોય એમ સ્વાભાવિક કલ્પના ઉપજેછે. આ વખતના મૃચ્છકટિક નાટકમાં ચારૂદત્તની સ્ત્રી ધૂતા અને ગણિકા વસંતસેના તે ગ્રીસની કુલાંગના અને વારાંગનાનો બરાબર દાખલો છે. પણ વિશેષ પુષ્ટિદાયક પ્રમાણુને અભાવે, તેમજ એકજ સંસ્થા મનુષ્યસ્વભાવમાં રહેલાં ત્રિગુણાત્મિકા પ્રકૃતિનાં ગૂઢ બીજોમાંથી અનેક સ્થળે ઉદ્‌ભવી આવે એ સંભવિત છે-એ કારણથી, હું આ સંબંધમાં વિશેષ આગ્રહથી કાંઈ પ્રતિપાદન નહિ કરૂં. વાત્સ્યાયન કા. સૂ. જોતાં ગણિકા રાજપુત્રીઓ અને મહામાત્યની છોકરીઓ સવિશેષ કેળવણી પામતી એમ જણાય છે. કલાની કેળવણી તો વધારે સામાન્ય હશે એમ અનુમાન થાયછે. કારણ કે–

"तथा पतिवियोगे च व्यसनं दारुणं गता ।
दशान्तरेऽपि विद्याभिः सा सुखेनैव जीवति"

એમ કલાને દુઃખના વખતમાં આજીવિકાના સાધન તરીકે પણ કહી છે. અત્રે એટલું ધ્યાનમાં રાખવું કે કલાની કેળવણી ખીલી છે પણ મહાભારતના સમયમાં "કુંતી તે કૃષ્ણ અને વિદુરના જેવીજ નીતિશાસ્ત્રમાં પ્રમાણભૂત છે" એમ જે વર્ણન વાંચવામાં આવતું તે સમય હવે વીતી ગયોછે.

કન્યા વર કરતાં ત્રણ વર્ષે નાની હોય તો સારૂં એમ મનાતું. અને જે કન્યાનાં મન અને આંખ ઠરે ત્યાંજ કલ્યાણ થાય; બીજીની દરકાર કરવી નહિ એમ એક મત દર્શાવ્યો છે. સપત્નીનાં દુઃખ જામી ગયાં છે અને પતિને કેવી રીતે વશ કરવો એનાં સુકુમાર પણ કુટિલ સાધનો (પણ તે અથર્વવેદની માફક જડીબુટ્ટીનાં નહિ પણ માનસિક અને વ્યાવહારિક) યોજાયાં છે. સાધારણ રીતે જડતા, ખરાબ સ્વભાવ, અકર્મીપણું, છોકરાં ન થવાં, ફરી ફરીને છોકરીઓજ થવી, અને છેવટે ધણીનો સ્વચ્છંદ—એટલાં સ્ત્રી ઉપર સ્ત્રી કરવામાં કારણ કહ્યાં છે.

કાલિદાસના શાકુંતલ નાટકમાં એક સમુદ્રવ્યવહારી વણીક મરી ગએલાની વાત આવેછે. તે પ્રસંગે કવિએ રાજા પાસે કહેવડાવ્યુ છે કે **बहुधनत्वात् बहुपत्नी ।नतत्रभवता भाव्यम्** આથી કાલિદાસના સમયમાં ધનિકોમાં બહુ સ્ત્રી કરવાનો રિવાજ હશે એમ લાગેછે. વળી લાજ અને પડદાનો રિવાજ—જે વેદકાળમાં તેમજ ત્યાર પછી પણ લાંબા વખત સુધી નહોતો એમ માનવાને પુષ્કળ કારણ છે—તે કાલિદાસના વખતમાં થોડોક પણ હોય એમ દેખાય છે. સાધારણ રીતે પડદાના રિવાજની સઘળી જવાબદારી મુસલમાનોના ઉપરજ નાંખવામાં આવેછે પણ કાલિદાસના ગ્રંથોમાં જનાના માટે **शुद्धान्त** અને **अवरोध** શબ્દ વાંચ્યા પછી એ વિચાર ભાગ્યેજ ટકી શકશે. **शुद्धान्त** એટલે ઘરનો શુદ્ધભાગ, જેમાં કોઈ જા આવ ન કરે તેવો સ્ત્રીઓને રહેવાનો ખંડ; અને **अवरोध** (**रुध्** to confine or to obstruct) એટલે જે ભાગમાં સ્ત્રીઓને રાખવામાં આવે, અગર તો જેમાં પારકા માણસને પેસતો અટકાવવામાં આવે તે ભાગ. પડદાનો રિવાજ આખી પ્રજામાં તો તે વખતે નહિ હોય, પણ મને લાગેછે કે હાલ પણ જેમ પરદેશી રિવાજની અસર ઉંચા વર્ગ ઉપર સૌથી પહેલી થાય છે તેમ કાલિદાસના વખતમાં પણ ગ્રીસની અસર રાજા અને રાજા જેવા ધનિકોને ત્યાં સૌથી પહેલી થઈ ચૂકી હશે—અને તેથી ગ્રીસમાં જેમ કુલાંગનાઓ ઘરની મેડીએજ ભરાઈ રહેતી, તેમ અત્રે પણ

કાલિદાસના વખતમાં રાજાની રાણીઓ તો જનાનામાંજ રહે એવી માન્યતા જામી હશે. સંસારમાં સ્ત્રીના ઉપયોગ સંબન્ધી કાલિદાસની ભાવના ઘણી ઉંચી હતી. **गृहिणी सचिवः सखी मिथः प्रियशिष्या** **ललिते कला-विधौ । करुणाविमुखेन मृत्युना हरता त्वां वद किं न मे हृतम् ।** રઘુવંશમાં ઇન્દુમતીને ઉદ્દેશીને અજ રાજાએ ઉચ્ચારેલો એ શ્લોક કોને અજાણ્યો છે? "**स्त्रीणामशिक्षितपटुत्वम्**"–"સ્ત્રીઓ સ્વાભાવિક રીતેજ પક્કી હોય છે" ઇત્યાદિ વચન દુષ્યંત રાજાના મુખમાં કવિએ મૂક્યું છે ખરૂં–પણ તેનું ખંડન પણ કવિએ પોતેજ પોતાના પાત્રોદ્વારા કરી નાંખ્યુ છે, મહાભારત અને કાલિદાસના સમય વચ્ચે દેશના આચારવિચારમાં થઈ ગએલા ફેરફારો પણ ધ્યાનમાં લેવા જેવા છે; (૧) વ્યાસની શંકુતલા કેવળ પ્રેમમાં ડુબાડુબ થએલી નથી; મારા છોકરાને ગાદી આપવી પડશે એમ છોકરાનું હિત જાળવવાના ચોખ્ખા કરાર સાથે તે પરણેછે. (૨) શકુંતલોપાખ્યાનમાં શકુન્તલા લાજ કાઢીને–રાજા સમીપ આવી નથી; કાલિદાસે શકુન્તલાને લાજ કાઢીને—'**अवगुण्ठनवती**' આવેલી કહી છે. (૩) કાલિદાસની શકુન્તલા તો કોમળતા અને સ્ત્રીની સાહિષ્ણુતાનીજ મૂર્તિ છે; વ્યાસની શકુન્તલામાં બેધડકપણું અને પુરુષની પ્રગલ્ભતા પુષ્કળ છે. રાજા અસત્ય બોલેછે એમ લાગતાં એનાં રૂવેરૂંવાં ઉભાં થાયછે. અને સત્યના મહિમા પરત્વે રાજાને ઉપાલંભ અને ઉપદેશ રૂપે એ જે ઉદ્ગાર કાઢેછે તેવા, કોઇપિણ દેશના સાહિત્યમાં મળવા મુસ્કેલ છે.

આવોજ વિચારનો પરિવર્ત કાલિદાસ પછીના મહાકવિ ભારવિના રચેલા કિરાતાર્જુનીયમાં પણ નજરે પડેછે; મહાભારમાં દ્રૌપદી રાજ્ય નીતિના પ્રશ્નમાં પણ યુધિષ્ઠિર સાથે વખતો વખત વાદવિવાદ કરે છે–અને દ્યૂતમાં થએલા યુધિષ્ઠિરના પરાજય પછી સભામાં વૃદ્ધ વિદ્વાનોને વિવાદમાં પરાસ્ત કરતી આપણે જોઈએ છીએ. ભારવિએ યુધિષ્ઠિર સાથેનો એનો સંવાદ કાયમ રાખ્યો છે પણ પ્રારંભમાં એની પાસે એટલું કહેવડાવ્યું છે કેઃ–

भवादृशेषु प्रमदाजनोचितं भवत्यधिक्षेप इवानुशासनम्
तथापि वक्तुं व्यवसाययन्ति मां निरस्तनारीसमया दुराधयः ।

તાત્પર્ય કે હું સ્ત્રી છું, તમને ઉપદેશ કરવા યોગ્ય નથી—છતાં બોલવાની હિંમત ધરૂં છું—કારણ કે દુઃખને વખતે નારીની મર્યાદા પણ મારાથી છૂટી જાયછે.

ભવભૂતિએ ઉત્તરરામચરિતમાં આત્રેયીને બ્રહ્મવિદ્યા સંપાદન કરવા માટે અગસ્ત્ય ઋષિના આશ્રમે જતી વર્ણવી છે. અને એણે

"अद्वैतं सुखदुःखयोरनुगुणं सर्वास्ववस्थासु यद्
विश्रामो हृदयस्य यत्र जरसाप्यस्मिन्नहार्यो रसः"

—એ શ્લોકમાં પ્રાચીન ઋષિઓના વાક્યમાં પ્રતીત થતી દામ્પત્યસુખની પરમ ભાવના આપણી આગળ ઉપસ્થિત કરી છે. વળી એના ઉદાર હૃદયને તળીએથી ઊછળી આવેલો

"गुणाः पूजास्थानं गुणिषु न च लिङ्गं न च वयः"

—એ ઉદ્ગાર તો હવે ડૉ. ભાંડારકરની વ્યાકરણમાળા વાંચનાર પાંચમા ધોરણના વિદ્યાર્થીને પણ સુવિદિત છે. પરંતુ કદાચ ઘણાને આ વિદિત નહિ હોય કે રાજશેખર કવિ (ઇ. સ. ૯ મો સૈકો) વિદ્ધશાલભંજિકા નામની નાટિકામાં મૃગાંકાવલીને 'કન્દુક' (દડો) રમાડેછે અને એ રમત આપણા દેશમાં એ કરતાં પણ ઘણી પ્રાચીન હતી. નવશિક્ષિત સ્ત્રીઓને બૅડમિન્ટન રમતી જોઈ ભડકી ઉઠતા ટીકાકારોએ આ વાત ધ્યાનમાં લેવા જેવી છે.

ભવભૂતિ અને રાજશેખર પછીના સંસ્કૃત કવિઓમાં આ પ્રશ્ન ઉપર અજવાળું પાડે એવી બહુ નૂતનતા નથી. તથાપિ પ્રાકૃત અને પ્રચલિત દેશી ભાષાઓના ગ્રંથોમાંથી આ બાબત ઘણું કહી શકાય એમ છે. તુલસીદાસ તુકારામ આદિનો તીવ્ર વૈરાગ્ય અને તજ્જન્ય સ્ત્રી પ્રત્યેનો એમનો અનાદર—એ મધ્યયુગના ક્રિશ્ચ્યન ઉદ્ગારો સાથે સરખાવવા જેવાં છે. અને

તે સામે આપણા ગુર્જર મહાકવિ પ્રેમાનંદે અષ્ટાવક્રાખ્યાનમાં પ્રીતિથી ગાએલે ગૃહસ્થાશ્રમનો મહિમા મૂકવા જેવો છે. વિદ્યારણ્ય મુનિએ જીવન્મુક્તિ વિવેકમાં સ્ત્રીને બ્રહ્મવિદ્યાનો અધિકાર આપ્યો છે તે વિષે પણ કેટલુંક બોલવા જેવું છે. વાચસ્પતિમિશ્રે પોતાની પત્નીને છોકરૂં ન હતું તેથી તેના આશ્વાસન અર્થે "ભામતી" નામની શાંકરશારીરકભાષ્ય ઉપર પોતાની સ્ત્રીનું નામ અમર કરતી ટીકા લખી—અને સીતા, શિલાભટ્ટારિકા વગેરે બાઈઓએ કાવ્ય રચીને જે નામના મેળવી, તથા લીલાવતીએ ગણિતશાસ્ત્રની જે વિદ્યા પ્રાપ્ત કરી તે વગેરે ઘણી બાબતો વિષે કહેવું રહી જાયછે. બલ્કે, સ્થળ સંકોચને લીધે રહેવા દેવું પડે છે.

છેવટે હવે ઉપસંહાર કરતાં મારે જણાવવું જોઈએ કે મે તો આપની સમક્ષ માત્ર આ મહાપ્રશ્નનાં ઐતિહાસિક સાધનોજ મૂક્યાં છે—એના ઉપર વિવેકબુદ્ધિ વાપરી દેશ કાલ અને મનુષ્યના સનાતન ધર્મને અનુસરી જે કર્તવ્યનો માર્ગ નક્કી કરવો જોઈએ તે વિષેનો વિચાર તો અત્યારે હું આપનેજ સોંપુછું.

શીઘ્ર કવિ શંકરલાલ.

૧૩૭—સાધ્વી-સમાજ.

(સર્વે પર્વતોના રાજા પ્રખ્યાત હિમાચલે પોતાના પુત્રી પાર્વતીના અભ્યાસને માટે પોતાના અંતઃપુરમાં અતિ ઉત્સાહથી પાઠશાળા સ્થાપી હતી. તેમાં પાર્વતીના માયાળુ માતા મેનાં અને બીજાં પરોપકારી સતીજનો પાર્વતીને ભણાવતાં. જેમ જેમ અભ્યાસ વધતો ગયો અને યોગ્ય થતાં ગયાં તેમ તેમ તેમની કૃપાથી પાર્વતી પોતે થોડા સમયમાં સર્વ વિદ્યા સંપાદન કરીને તેમની વતી તે પાઠશાળામાં કન્યાઓને ભણાવવા લાગ્યાં અને સતી જનોના સમાજમાં સ્ત્રીધર્મવર્ધક સતીજનોના ચરિત્રોના વ્યાખ્યાનો આપવા

લાગ્યાં,) એક દિવસે સાંજ પડવા આવતાં જ્યારે તડકાનો તાપ ઓછો થવા લાગ્યો, વૃક્ષોની અને પહાડના શિખરોની નમેલી છાયા સુજનોની મિત્રાઇની પેઠે આગળ વધવા લાગી, તડકાના તાપથી કરમાઈ ગએલી વનસ્પતિઓ પાછી તેજસ્વી થવા લાગી, સૂર્યનારાયણ આખો દિવસ ફરી ફરીને થાકી જતાં વિશ્રામ લેવાને જાણે અસ્તાચળ ઉપર ઉતરતા હોય તેમ જણાવાં લાગ્યા, વનમાં દૂર ચરવા ગએલી કામધેનુઓ આશ્રમની પાસેના ઝરણાનું પાણી પીને પોતાનાં વાછરડાં ઉપરની પ્રીતિથી ઉતાવળે દોડી આવવા લાગી, કમળોને પ્રફુલ્લિત કરનારા, જગતને શોભાવનારા અને આખા બ્રહ્માંડના મણિમય દીવા જેવા ભગવાન સૂર્યદેવ પશ્ચિમ દિશારૂપી સ્ત્રીનો મણિનો ચાંલ્લો હોય તેવા જણાવા લાગ્યા, સાંજ પડતાં જતાં ઉઘડવાનો આદર કરતાં રાત્રિવિકાસી કમળોનો સુગંધ થોડો થોડો ચારે કોર પસરવા માંડ્યો, ઉઘડવા માંડેલ કમળો અને અનેક પ્રકારનાં પુષ્પો ઉપર ગંધના લોભી ભમરાઓ ગુંજાર કરવા લાગ્યા, ગંગાજળના અતિ શીતલ બિંદુના ભારથીજ જાણે ધીરો પડી ગયો હોય તેવો તે સમયનો ટાઢો પવન મંદમંદ વહાવા લાગ્યો, અને પાઠશાળામાં અભ્યાસ કરતી કન્યાઓને રજા આપવાનો સમય થયો, તે સમયે સર્વે સુંદર સાહિત્યોથી શણગારેલો સ્ફાટિકમણિનો મંડપ નિત્યના નિયમ પ્રમાણે પરમ પવિત્ર પાર્વતીજીના મુખચંદ્રથી નીકળતો અમૃતરસ લેવાની ઇચ્છાથી અતિ ઉતાવળે આવેલી પવિત્ર ચરિત્રવાળા દેવપત્નીઓ અને દેવકન્યાઓથી, અસુરપત્નીઓ અને અસુરકન્યાઓથી, નાગપત્નીઓ અને નાગકન્યાઓથી યક્ષપત્નીઓ અને યક્ષકન્યાઓથી ગંધર્વપત્નીઓ અને ગંધર્વકન્યાઓથી મુનિપત્નીઓ અને મુનિકન્યાઓથી તથા રાજપત્નીઓ અને રાજકન્યાઓથી સંપૂર્ણ ભરાઈ ગયો. ભગવતી અનસૂયા લોપામુદ્રા આદિ મહાસતીઓ પોતપોતાના સિંહાસનને શોભાવવા લાગ્યાં. ભગવતી અનસૂયા અને લોપામુદ્રાના અતિ આગ્રહથી મહા સતીનાં શિરોમણીરૂપ ભગવતી અરૂંધતીજીએ સભાધ્યક્ષનું સિંહાસન શોભાવ્યું; હિમાચલના મહારાણી મેના મંત્રીના સિંહાસન ઉપર બીરાજ્યાં; અને

સર્વેના એકાગ્રચિત્ત હોવાથી ચિત્રમા આલેખેલ હોય તેમ અત્યંત નિશ્ચલ થઈને પાર્વતીના મુખ કમલથી નીકલતાં કોમલ ભાષણરૂપ મકરંદનો સ્વાદ લેવાના લોભથી ભાષણનો આરંભ હવે તરત થાય તો સારૂં એમ આખી સભા ઇચ્છા કરવા લાગી. તેટલામાં મહાસતી અરૂંધતી મણીમય સિંહાસનથી ઉભાં થઈને બોલ્યા કે 'હે મેનાના મનને વિશ્રામ લેવાની કલ્પલતા ! હે હિમાચલના કુલને શોભાવે તેવા ગુણવાળી ! હે પુત્રિ પાર્વતી ! તમારા મુખ કમળથી સતીજનના વિચિત્ર અને પવિત્ર ચરિત્રો સાંભળી સાંભળીને પણ આ સભામાં આવેલી સઘળી કુલીન પતિવ્રતા સ્ત્રીઓના પવિત્ર અંતઃકરણો તૃપ્તિ પામતા નથી. (ખરૂ છે કે અમૃત પીતાં કોને તૃપ્તિ થાય ?) તમારા ભાષણો કે જેઓમાં દિવસે દિવસે અધિક અધિક રસ આવતો જાય છે, જેઓમાં અગણ્ય ગુણો રહેલા છે, જેઓમાં અનેક પ્રકારના અલંકારો ઝલકી રહેલા છે, જેઓમાં દોષનો લેશ પણ આવેલો નથી, જેઓમાં ગર્વનો અંશ પણ આવેલો નથી, અને જેઓમાં અક્ષરે અક્ષરે વેદના અને શાસ્ત્રોના ઉપદેશો શોભી રહેલા છે, તેવા તેવાં અનેક ભાષણો તમારા મુખકમલથી અમે સાંભળ્યાં છે. પણ હમણાં તો આ અનસૂયા–લોપામુદ્રા આદી સઘળી મહાસતીઓ તમારી કલ્પના શક્તિની પરીક્ષા જોવા માટે આ સમયેજ તરત જે તમે કલ્પેલું હોય, કાંઈ પણ ઇતિહાસનો જેને આશ્રય નહોય, કોઇપણ પુરાણમાં જે પ્રસિદ્ધ નહોય, કોઇપણ કથાનકોમાં જે કહેવાણું નહોય, કોઇપણ રૂપકમાં જેનું નિરૂપણ ન થયુ હોય, કોઇપણ કાવ્ય કલ્પનામાં જે કલ્પાયેલું નહોય, અને રસગુણ અલંકાર અને સદુપદેશોથી જે ભરપુર હોય તેવું ભાષણ સાંભળવાની ઇચ્છા રાખેછે. તે આ સમયે ઉપર કહ્યા પ્રમાણે નવીનજ કોઈ અદ્ભુત કથારૂપ ભૂષણથી સુશોભિત ભાષણ કરીને તમે આ સર્વે મહાસતીનાં અંત કરણોનું રંજન કરશો એવી હું આશા રાખુંછું.' એમ કહી ભગવતી અરૂંધતી બોલતાં બંધ થયા કે તરત વિદ્યાભ્યાસ કરનારી કન્યાઓના સમુદાયમાંથી આનંદ સહિત શ્રીપાર્વતી ઉભા થઈને નમ્રતાથી બોલ્યાં કે 'હે દયામય અંતઃકરણ-

વાળાં માતા અરૂંધતિ ! આપની આજ્ઞા પ્રમાણે કલ્પિત ભાષણ કરવા હું મારી અલ્પમતિ પ્રમાણે પ્રયાસ કરીશ, પણ મારો પ્રયાસ સફળ કરવાનો આધાર તો આપ અને આ સર્વ મહાસતીની દયાદૃષ્ટિ ઉપરજ છે, કારણ કે અતિ બુદ્ધિવાળી અને સુશીલતાના નિવાસરૂપ આપ જેવી મહાસતીઓના દયાસહિત જોવા સારૂ અમૃતની લેહેરોથી નીરસ વચન પણ સરસ થાયછે, નિર્ગુણ વચન પણ ગુણવાળું થાયછે, અલંકાર વિનાનું વચન પણ અલંકારવાળું થાયછે, અને વિદ્વાન લોકોના હૃદયોને આનંદ આપનારૂં થઈ પડેછે એ કોનું અજાણ્યુ છે ? એ પ્રમાણે બોલી ક્ષણમાત્ર નેત્ર મીંચી શ્રીસરસ્વતી અને સદ્‌ગુરૂનું ધ્યાન ધરીને અને સર્વ મહાસતીઓને પ્રણામ કરીને પાર્વતીજીએ નીચે પ્રમાણે ભાષણનો આરંભ કર્યો.

ચંદ્રપ્રભા ચરિત્ર.

૧૩૮–ગુલાબ અને મહામતી.

એટલામાં સુખપાલકાકાના ઘર આગળ ગાડી આવીને ઉભી રહી. રામો ધાટી મહામતિએ હમેશને માટે કહી રાખેલા નિયમ પ્રમાણે, ઉપર ખબર આપવા ગયો કે મહામતિ આવે છે. કોચમીને ગાડીનુ બારણું ઉઘાડયું ને મહામતિ કેડે ખોસેલો રૂમાલ હાથમાં લઈને, સપાટ પગે પહેરી, ગાડીમાંથી નીચે ઉતરી. ધીમે ધીમે બન્ને જણીઓ દાદરો ચહડવા લાગી. પહેલે માળે આવીને અલંગાએ કાળીને ટહુકો કીધો. બન્ને જણાં ઉપર ગયાં. અને હસતાં હસતા કેશવલાલના દિવાનખાનામાં પગ મૂકયો. ગુલાબવહુ તેઓને લેવાને સામી આવી, પણ મહામતિએ તેને તેમ કરતાં વારી ને ઉતાવળી ઉતાવળી કેશવલાલના ટેબલ પાસે એક ખુરશીપર બેઠી. અલંગા પાસેની ગાદી પર તકીએ અઢેલીને બેઠી.

મહામતિને ગુલાબવહુનું ઘર પોતાના ઘર જેવુંજ હતું, તેથી આવતાં વારને રામાને હુકમ કીધો કે "પીવા સારૂ પાણી લાવ." ગુલાબવહુ પોતે પાણી લેવા ઊઠી એટલે મહામતિ તેને વારવા લાગી.

કેમ, વળી પાછી તું મને મુંબાઈ શેહેરની શેઠાણી ગણેછે કે મારા ખાટીને પાણી લેવા મોકલુંછુ ત્યાં તું પાણી લેવા દોડેછે ? હું બીજી જગોએ તો શેઠાણી હઈશ તો હઈશ, પણ તારી આગળ તો તારી નહાની બ્હેન જેવી છું."

ગુલાબવહુ મહામતિનું બોલવું હસતાં હસતાં ન ગણકારતાં, પાણી લેવા દોડી પણ મહામતિએ તેનો હાથ ઝાલી રાખ્યો ને કહ્યું—"મને જે થોડું ઘણું ભણતાં આવડયું તે તારો પ્રતાપ છે માટે તું તો મારા ગુરૂ બરાબર છે; તો તારી સેવા ચાકરી મારે કરવી જોઈએ કે તું મારી સેવા ચાકરી કરે ? "

"આપણે ત્યાં આવેલાં માણસોની બરદાસ કરવી"—ગુલાબવહુ બોલી—"એમાં સેવા ચાકરી છેજ નહિ. માટે હું અતિથિભાવે પાણી લેવા જાઉંછું."

"ઠીકછે, ઠીકછે, અમને તારો અતિથિ ભાવ જોઈતો નથી. અમને તો બહેનપણીનો ભાવ જોઇએ છે"-મહામતિએ કહ્યું-પણ તારા અને મારા વિચાર કોઈ કાળે મળતા આવ્યા છે કે આજે આવે ! જ્યાં તારે દિલ્લી જવાનુ હોય છે ત્યાં મારે આગ્રે જવાનું થાયછે, "અલંગા" (એમ કહી મહામતિ તેની તરફ મોં ફેરવીને બોલી) તમને ખબર છે કે મારી જોડે એને તુ તાંથી બોલવાનો વ્યવહાર પાડવામાં મને કેટલી મુશીબત પડી હતી? માણુ માણુ બે વર્ષ એ પ્રમાણે રોજ બોલવાનો આગ્રહ કીધો ત્યારે આ ગુલાબ મને તું તાંમાં બોલાવતાં શીખી. હજીએ કોઇ બેઠું હોયછે તો એના મોંમાંથી તમે, તમારૂં, સહજ નીકળી જાયછે. હું તો એને તું તાંથી બોલાવું છું, તેથી કોઈ અજાણ્યું તો એમ સમજે કે મારામાં અવિવેક અને મદ છે. ઘણી વાર તો એ તમે તમે કરે ને હું તુ તુ કરૂં તેથી બીજા દેખતાં હું ભોંઠી પડી જાઉંછું."

ગુલાબવહુ હજી પણ પાણી લઇ આવવાની જીદ કરવા લાગી તેથી મહામતિ બોલી—

"પણ તું તારી જીદ કોઇવાર છોડતી નથી, માટે લાવ, હું એનો નિકાલ કહાડું છું કે હું મારી મેળે પાણી પી આવીશ; તું તારે બેસી રહે. રામા, તું નીચે બેસ. પણ બોલાવું તો તરત જવાબ આપજે. જા."–એમ કહી મહામતિ પોતાને હાથે પાણી પીવા ચાલી. ગુલાબવહુ પણ તેની સાથે ઓરડામાં ગઇ. મહામતિએ જોયું કે ગુલાબ આવ્યા વગર નહિ રહે તેથી તેને આવવા દીધી ને અલગા તરફ ફરી બોલી—

"અલંગા ! તમારે પાણી પીવું હોય તો આવો, નહિ તો વળી આ ગુલાબ તમારે સારૂ લોટો ભરી પાણી આપવા આવશે."

"પણ મારે તો પીવુંજ નથી તેનું કેમ ?" અલંગાએ કહ્યું.

"તે તો તમે જાણો, પણ તમે નહિ આવો તો આ બહેની તમારી બરદાસ કરવા જશે માટે આવોની, થોડું પાણી પી લ્યો એટલે પત્યુ."

ત્રણે જણાં ઓરડામાં થઇને રસોડામાં ગયાં. ત્યા બધાં વાસણકુસણો ઉડીને આંખે વળગે એવી રીતે સાફસુફ ગોઠવી રાખ્યાં હતાં, તે જોઇ મહામતિ ગુલાબના વખાણ કરવા લાગી કે મારે પોતાને ઘેર પણ આટલી સુઘડતા નથી.

"હું તો બહુએ ફુવડ રહી હોત, પણ સુઘડતા અને સ્વચ્છતાના તારા આપેલા પાઠ હું વિસરી ગઇ નથી; તોપણ બહેની, તારા જેટલુ ને વળી એકલે હાથે તો મારાથી નહિ બને. હું તો મારો બેસવાનો ઓરડો અને દિવાનખાનું સાફસુફ રાખું, બીજું તો માણસો કરે તેજ. વખત બેવખત તેઓને ટોકતાં રહીએ એટલે બધુ ઠીકઠીક રહે, પણ તું તો હદ વાળેછે."

પીળા ચકચકતા લોટામાં ગુલાબવહુએ પોતાને હાથે મહામતિને ગોળીમાંથી પાણી આપ્યું તે તેણે પીધુ. બીજી લોટી અલંગાને આપી, એટલામાં નીચેથી કાળી આવી. એનો ચહેરો કોણ જાણે શાએ કારણથી, ઉદાસ અને બહુ વિચારશીલ બની ગયો હતો. ત્રણે જણીઓ ખુશ મિજાજમાં હતી ને કાળી તો જ્યારે પણ આવતી ત્યારે હસતું મોં રાખીને આવતી; પણ આજે

એનો રંગ જુદોજ હતો, તેથી પુતળાની માફક એણે બધું જોયાં કીધુ. ત્રણ જણી જે વાત કરતી તે પણ એ પુરી સાંભળતી ન હોય એમ જણાતું હતું. એના મનમાં તો કંઈ બીજાજ વિચારોના તરંગો ઊઠતા હતા.

પાણી પીને બહાર આવી કે મહામતિને બીડી ખાવાની તલપ થઈ. ગુલાબવહુએ પાનની રકાબી આગળ ધરી, પણ એને પોતાના પાનપડામાંથી બીડી કરવાનું પસંદ પડતું, તેથી તે લેવાને સારૂ ખાનગી પેટીની કુંચી કહાડીને પેટી શોધવા લાગી. તે નહિ જડી ત્યારે એને યાદ આવ્યું કે રામો ઘાટી પેટી લઈ આવ્યો નથી એટલે એનો મિજાજ હાથથી ગયો. મ્હોટો ઘાંટો કહાડી બારી આગળથી રામાને હાંક મારી. મહામતિનો તીવ્ર ઘાંટો સાંભળી રામો બીતો બીતો ઉપર આવ્યો. એને ક્રોધયુક્ત જોઈને અદબસર સામો ઉભો રહ્યો. મહામતિ મરાઠી ઠીક બોલી જાણતી. ચાકરોપર જ્યારે એને ક્રોધ આવતો ત્યારે એ મરાઠીમાંજ બોલતી, તેથી આંખો ફેરવી રામાને ધમકાવવા લાગી.

"કાયરે રામા ! તુલા મી કીતી વેળાં સાંગીતલેં કિ મી જેથે ગેલી આણી બસલી, તેથે માઝી પેટી આણુલી પાહીજે, આણી માઝી સમોર ધરાવી. પણ તું મેલા, દર વખત તશી ને તશીચ ભુલ કરતોસ. ઇકિડે પહા, હે વખત તો તુલા મી માફ કરતેં. જર દુસરી વેળીં તસા કેલા તર તુલા મી જરૂર દંડ કરણાર, આલ્કિલાસ કાય ! જા—ગાડીતુન લૌકર માઝી પેટી આણ, આણખી કામકાજ મદી હોંશીઆરી ઠેવ, સમજલા?"

સામું બોલવા જતાં મહામતિ વધારે ચીડાઈ જતી એમ રામો સારી રીતે જાણતો હોવાથી નીચી મુંડી કરી એણે બધું સાંભળ્યું, પણ કંઈ બોલ્યો નહિ. ધ્રુજતો ધ્રુજતો એ પેટી લઇ આવ્યો.

રામો ઘાટી પેટી લઈને આવ્યો ત્યાં સુધી મહામતિએ પોતાની આકૃતિ જાણી જોઈને કોપાયમાન રાખી. તેના ગયા પછી, જાણે કશું ન બન્યું હોય એમ એ હસીને બોલવા લાગી. પાનપડો કહાડી પાનની બીડી બનાવતાં ગુલાબવહુને એણે કહ્યું—

"હાશ ! આજે તને બહુ દિવસે મળી તેથી મારો આત્મા થર પડયો. પણ આટલા દિવસ તું મને નહિ મળવા આવી એ કંઈ સારૂં ગણાય ? નહિ બને એવું હતું ને મને લગાર જણાવ્યું હોત તો હું આવત ને આખરે તો મારેજ આવવું પડયું."

ગુલાબવહુ મહામતિની પાસે ટેબલ આગળ બેઠી હતી ને અલંગા તથા કાળી ગાદીપર બેઠા બેઠાં બધું સાંભળતાં હતાં.

'માટે બોલ'–મહામતિએ પુછયું–"તું નહિ આવી તેનુ કારણ શું ?"

"કારણ બારણ તો કંઈ નથી"–ગુલાબવહુ બોલી–'નહિ બન્યુ ને નહિ આવી, બાકી આવવાનું તો મેં ઘણીવાર ધાર્યું હતું."

" ત્યારે નહિ આવવાનું શું કારણ ? "

" તમે જાણો છો–હમણાંજ એમની પરિક્ષા પુરી થઈ છે એટલે એ ઘણો ખરો વખત ઘરમાં રહે છે તેથી નહિ બન્યું."

"હં–એમ કે"—મહામતિ હસીને બોલી—"હવે હું સમજી. તું તારા ધણીની સેવા ચાકરીમાં રોકાઈ હતી તેમાં મને પણ વિસારી મૂકી પણ તું તારા ધણીને દેવ ગણીને પુજે તે તો તનેજ પાલવે, કેમકે બન્ને ભણેલાં ગણેલાં અને રસિક છો, પણ અમારાથી એમ કેમ બને ? હું કે અલંગા કે કાળી એમ પૂજવા જઈએ તો હાંસીપાત્ર દેખાઈએ. પેલી ઈસપ ફેબલની વાત તને યાદ આવે છે, કે કુતરાનું જોઇને એક ગધેડો પોતાના ધણી આગળ લાડ કરવા ગયો તો તેના કેવા હાલ થયા હતા ?–અમે એમ સમજીએ છઈએ તેથી તારી માફક વરતી શકતાં નથી."

ગુલાબવહુ કંઇ બોલી નહિ. મહામતિએ તે વાત પડતી મૂકી ને બીજી કથા ચલાવી.

"આજે તારી જોડે બહુ બહુ વાતનો ખુલાસો કરવાને હું આવીછું. બોલ, આપણે ભણેલાં ગણેલાં ઈશ્વિર કૃપાથી થયાં છઈએ, સદસદ્ વિચારનો વિવેક કરવાનું સામર્થ્ય આપણામાં આવ્યુંછે. તો હવે કંઇ તેનું સાર્થક કરવું કે આમ તેમ ભટકી ભટકીને આયુષ્ય પુરૂં કરવું !"

"અલબત આયુષ્ય વૃથા ગુમાવવું નહિ. સાર્થક તો કરવુંજ."

"ત્યારે બોલ, આપણે કાંઇ એવો ઉદ્યમ લઈ બેસશું ? મારા મનમાં તો ઘણા દિવસોનો વિચાર છે, કે આપણી કોમમાં સ્ત્રીસુધારણાની ઘણે ઘણે પ્રકારે આવશ્યકતા છે. તારાથી પણ એની ના પડાય એમ નથી. ત્યારે આપણે એકાદી સારા નામની સમાજ ઉભી કરીએ, અને સાધારણ ઉપયોગી વ્યાખ્યાનો આપીએ, ને વાદવિવાદ કરીએ તો તેથી આપણને ને આપણા દેશને લાભ ખરો કેની ? ત્યારેજ આપણા ભણ્યાનું સાર્થક થાય કેની?"

"તું મને બોલવાનો વારો ક્યાં આપે છે કે હું બોલું. હું કહુંછું કે સર્વેએ પોતાના જીવનનું સાર્થક કરવાનું છે. પણ તેથી કરીને એમ કંઇ ઠરેછે કે સ્ત્રીસુધારણા ઉપર વ્યાખ્યાનો આપવાથીજ સાર્થક થશે."

"ત્યારે તુંજ મને કહેની, કે આપણાં સર્વનું પુરૂષાર્થ શું ? આ વિષય તારી આગળ મેં અનેકવાર ચરચાવ્યો છે, તથાપિ આજે વળી એક ખુદ્દો થઈ આવવાથી પુછ્યુંછું."

હું તો મારો જે વિચાર છે તેને નહિ વળગી રહેવાનું કશું કારણ જોતી નથી. તારી અને મારી વૃત્તિ આ બાબતમાં ભિન્ન ભિન્ન છે. તારા વિચારમાં એમ છે કે આપણે પુરૂષાર્થને શોધવાનો છે. પરંતુ મારા વિચાર પ્રમાણે આપણો પુરૂષાર્થ આપણનેજ શોધતો આવેછે. અર્થાત્ અનાયાસે આપણે જે જે સંજોગોની વચમાં આવી પડયાં હોઈએ, આપણી જે સ્થિતિ અને દશા હોય, તેને ધર્મપરાયણ રીતે અવલંબીને વર્તન કરવું એજ પુરૂષાર્થ."

"કાંઇ પ્રયત્ન બ્રયત્ન પણ કરવો નહિ કેમ ?"

"જે જે ધર્મો આપણે શિર આવી પડે તે પ્રયત્નપૂર્વક બજાવવા"

"આ બધું બોલવાનો તારો શું ભાવાર્થ છે ?"

'એટલોજ કે તારી માફક હું પણ જોઉંછું કે સુધારણાની આવશ્યકતા છે ખરી, ને તે એકાદી સમાજથી પુરી પણ પડે; તોપણ સમાજને નામે મિથ્યા અભિમાન વધવાનાં સબળ કારણો છે માટે એ વાત પડતી મૂકવી."

"આમાં અભિમાન વધવાની વાત ક્યાં છે ? આ તો દેશના કલ્યાણની વાત છે."

"તું અંતરવિચાર કરીને બરાબર જો, ને પછી મને કહે કે સમાજ સ્થાપવામાં દેશકલ્યાણ તને દોરે છે કે તારૂ ભણ્યા ગણ્યાનુ અભિમાન તને દોરેછે ?"

"વારૂ, તો એ સુધારણા કેમ થશે."

"તે તો ઇશ્વિરની ઇચ્છાને આધીન વાત છે. પણ જ્યારે યોગ્ય સમય આવશે, ત્યારે તારા જેવીને મારા જેવીની તે બાબત સલાહ લેવાની જરૂર રહેશે નહિ. તું વારે ઘડીએ દાખલો આપે છે કે દૂધ હશે ત્યાં સાકર એની મેળે આવી મળશે, તેમ બનશે."

"તારા કહેવાનું તાત્પર્ય હું એટલુ સમજ્જુંછું કે તારા દિલમાં ઇશ્વિર સુધારણાની પ્રેરણા કરતો નથી. તેમ તને એવો જોમ આવતો નથી કે હું એકાદ કાર્ય ઉપાડું. મારા દિલમાં જે આવેશનો ભાસ થાય છે તે વસ્તુતઃ આવેશ નથી પણ એક જાતનું અભિમાન છે. માટે મારે પણ સુધારણાને માટે કશો પ્રયત્ન કરવાનો રહેતો નથી. એમજ છે કેની ?"

"હા તેં એનું બરાબર સ્પષ્ટીકરણ કીધુછે."

'મૂળથીજ તું એમ માનતી આવી છે કે આપણે બધાં ઇશ્વિરના હાથમાં વાજાં જેવાં છઇએ, અને વાજું વગાડનાર જંત્રી તો તેજ છે. 'જેવો જંત્ર વગાડે જંત્રી, તેવો સુર નીકળે' કેમ ?"

"હા, તેની સત્તા અને ઇચ્છા વગર એક પાંદડુએ હાલતું નથી એવો મારો દૃઢ નિશ્ચય છે."

કેશવલાલનો પણ તેવોજ હોવો જોઈએ, અથવા તેની પાસથી તું એ નિશ્ચયને પામીછે."

"તે તો ખરૂં, પણ જે સોનુ છે તે બીજાના હાથમાં જઇને પિત્તળ થતું નથી."

"વારૂ ત્યારે, મારી સ્ત્રી સમાજની વાત પડતી મૂકુછું. પણ મારે હવે કરવું શું ? સવારથી સાંજ સુધી મારો તો વખત પણ જતો નથી.

સારો દહાડો અને રાત લખવું, ભણવું કે ભરવુ તે તો હવે મને ગમતું નથી. કંઈ ઉદ્યમ હોય તો વખત જાય."

"તારાં નિત્યનાં કામમાં મન દઈને વળગી રહે એટલે પત્યું."

'એ તો તારા જેવીને પાલવે"–મહામતિ કંઈ ચીડાઈને બોલી–"પણ મારે તો ખાસ કંઈ ઉદ્યમ જોઈએ. તું કહે તો એકાદ દૂરદર્શક યંત્ર વડે ગ્રહોનું અને આકાશ મંડળનું અવલોકન કરી મનને આનંદ પમાડુ, અથવા તું કહે તો સારૂ જોઈને એક સૂક્ષ્મદર્શક યંત્ર ખરીદું."

"આ વળી તને યંત્રનું ગાંડુ ક્યાંથી વળગ્યુ ?' ગુલાબે હસીને પૂછ્યુ.

"મે એક ગુજરાતી માસિકમાં કીડીઓની રીતભાતનું જે અવલોકન થયુછે તે વાંચ્યું, ત્યારથી સૂક્ષ્મદર્શક યત્રથી હું પણ એવા એવા અવલોકનમાં મશ્ગુલ રહુ એમ વિચાર થયોછે. વળી દૂરદર્શક યંત્રથી ગ્રહો અવલોકવાની પણ મને હોંસ છે, પણ ગ્રહાવલોકન કરવાને રાતનોજ વખત અનુકૂળ છે. વળી ગ્રહો દેખાય તે વખતે ભાંગી રાત હોય, કે ગમે તે વખત હોય તોપણ, ત્યારેજ અવલોકન કરીએ તો કામ આવે, આપણે ધારીએ તે વખતે બને નહિ. તેનાં કરતાં આ સૂક્ષ્મદર્શક યંત્ર સારૂ કે સવાર સાંજ જ્યારે મન થાય ત્યારે તેને લઈબેસાય. માટે હુ તો એકાદ મઝાનુ સૂક્ષ્મદર્શક યત્ર લઈશ પણ કઈ વસ્તુને કે શું બાબતને અવલંબીને મારે કામ લેવું તે હજી મારા મનથી નક્કી નથી."

"તું તારા મનથી બધુ નક્કી કરીને આવીછે તો પછી મને પૂછવાથી લાભ શો ?"

"તારો એ બાબતસર શુ વિચાર છે તે હુ જાણુવા માગુછુ."

"તું અવલોકન કરે તેમા કઈ ખોટું નથી પણ એ અવલોકનની સહાયમાં તું તારો ગૃહવ્યવહાર તો નહિ ચુકે ! "

(વિક્રમની વીસમી સદી)

ગણપતરામ અનુપરામ.

૧૩૯—પતિપત્નીનો સંબંધ તથા સહવાસ.

સુરૂપ નારિને જોઈ, મનહર ચારૂ કાંત,

(પણ) મમ પ્રેમને જીતવા, માગુ માયા શાંત.—**શેક્સ્પિયર.**

પતિમાં ડહાપણ અને પત્નીમાં સુશીલતા પ્રાધાન્યપદે જોઈએ — **જાર્જહર્બર્ટ.**

જો સ્ત્રીને પુરૂષના ઉપર શેઠાઇ કરવા પરમેશ્વરે ધારી હોત, તો પુરૂષના મગજમાંથી માવો લેઈને તેને બનાવત, જો તેને પુરૂષની દાસી નિર્માણ કરી હોત, તો તેને તેના પગમાંથી પેદા કરત, પણ સ્ત્રીને પુરૂષની સહચરી બરોબરીઅણ કરી છે, તેથી તેને તેના પડખામાથી પાંસળી કાઢીને પેદા કરી છે:-સંત **ઑગસ્ટીન** કૃત ઇશ્વરનું રાજ્ય.

ભાઈ, સદ્ગુણી સ્ત્રીઓ મળે ક્યાંથી ? તેનું મૂલ્ય તો હીરા અને મોતી માણેકથી એ વધારે છે......એવી રૂડી સ્ત્રીના ધણી ગામના ઝાંપામાં પગ મૂકે, ત્યારથીજ તેને સૌ પીછાણે છે. એવો પુરૂપ તો ગામના મોટેરાઓના પંચમાં બેસે છે. એ બાઈનાં વસ્ત્ર દૃઢતા અને આબરૂ છે, અને તે ભવિષ્યમા સુખ અને આનદ ભોગવે છે. તે પોતાનું મોં બોલવા માટે ઉઘાડે છે, તે ડહાપણથી વિચાર કરીને ઉઘાડે છે અને તેના મુખમાથી માયાળુપણાના ફૂલ ગરે છે. તે પોતાના ધણીના રીતરિવાજ માટે સારી કાળજી રાખે છે, અને પોતે આળસુ રહીને રોટલો ખાતી નથી. તેનાં સંતાન રોજ સવારમાં ઉઠીને તેને પૂજ્ય ભાવે સ્મરેછે, તેનો સ્વામી પણ તેની તારીફ કરે છે અને તેના ગુણ ગાય છે.— **સુલેમાનની** કહેવતો.

જિંદગીની સઘળી સ્થિતિઓમાં સ્ત્રીઓ તેમજ પુરૂષોની ચાલચલગત ઉપર તેમના પરસ્પરના સહવાસની ભારે અસર થાય છે. જનેતા પોતાનાં બચ્ચાંના લક્ષણના બંધારણમાં ઘણી સત્તા ચલાવે છે, એમ આપણે પહેલાં

બોલી ચૂક્યા છીએ. જે સ્થૂળ વાતાવરણમાં બાળકો દમ લઈને ઉછરીને મોટાં થાય છે, તેમજ જે નીતિના વાયુસાગરમાં તેઓ તરે છે અને જે વડે તેમનાં મન અને આત્માને પુષ્ટિ મળે છે, તે જનેતાજ પેદા કરેછે. જેમ જનેતા, બેન, પ્રમદા અને પત્ની તરીકેની પોતાની જૂદી જૂદી દશાઓમાં સ્ત્રી ધાવણાં નાનડીઆંઓની સ્વાભાવિક ઉછેરનારી અને બાળકોને બોધ આપનારી ગુરુ છે, તેવીજ રીતે તે જુવાન છોકરાને રસ્તાની બતાવનારી અને સલાહની આપનારી હોયછે, અને પ્રૌઢાવસ્થામાં તે પુરૂષોનુ વિશ્વાસધામ અને સોબતણ છે. સંક્ષેપમાં કહેવા જઈએ તો સારાને વાસ્તે કે માઠાને વાસ્તે, ઘણે દરજ્જે યા ઓછે દરજ્જે સ્ત્રીસત્તા પુરૂષ માત્રની આખર સુધીની ભાગ્ય દશા ઉપર પૂર વેગથી ચાલી રહેછે.

સ્ત્રી અને પુરૂષના પોતપોતાના સંસાર વ્યવહારનાં કાર્યો પ્રકૃતિના બંધારણથીજ સ્પષ્ટ રીતે નિર્માણ થઇ ચૂક્યાં છે. પરમેશ્વરે સ્ત્રી તથા પુરૂષ એમ બે પેદા કર્યા છે, તે પોતપોતાને ઘટતાં કાર્ય કરવાને-પ્રત્યેક પોતપોતાના યોગ્ય સ્થાનમાં રહી વર્તવાને માટેજ. એકથી બીજાની જગા લેવાય કે બીજાનુ કામ થાય તેમ નથી. તેમના બંનેના ધંધાજ ચોકખી રીતે નિર-નિરાળા છે. જેમ પુરૂષ પોતાને રૂપેજ રહેવા સરજાએલો છે, તેમ સ્ત્રી પણ પોતાના રૂપેજ રહેવાને સરજાએલી છે. એમ સ્વતંત્ર રીતની સરજત છતે, પ્રત્યેકને પરસ્પરનો અતિ નિકટનો સંબંધ પણ છે. મનુષ્ય જાતની વંશ-વૃદ્ધિને માટે જનતાને એ બંનેનો ખપછે, અને જનમંડળના સુધારા વધારાના સઘળા વાત વિચારમાં સ્ત્રી પુરૂષ બંનેને અવશ્ય દાખલ રાખવાંજ જોઈએ.

સ્ત્રી તથા પુરૂષો ભલે એક બીજાનાં સોબતી તથા બરાબરીઆ સર-જાયાં છે, પણ તેમની શક્તિનુ માપ લેતાં તેઓમાં બરાબરપણું રહી શકતું નથી. સ્ત્રી કરતાં પુરૂષ વધારે મજબૂત, વિશેષ સ્નાયુ-બળવાળો અને વિશેષ ટકાઉ છે; પણ સ્ત્રી પુરૂષ કરતાં વધારે નાજુક, વધારે લાગણીવાળી અને વધારે પોચા મનવાળી છે. પુરૂષ બુદ્ધિ-બળમાં સ્ત્રી કરતાં ચઢેછે. પણ હૃદયનાં પ્રેમ-લક્ષણોમાં સ્ત્રી પુરૂષ કરતાં ચઢેછે, અને ભલે બુદ્ધિ-સ્થાન

એટલે મગજ રાજ્ય અમલ કરે, પણ એ તો પ્રેમનુ સ્થાન જે હૃદય તેનીજ સત્તા ચાલવાની. સ્ત્રી-પુરૂષને આ ભવ-દરિયામાં જે પોતપોતાનાં કાર્ય કરવાનાં છે, તેમને માટે પરમેશ્વરે બંનેને પુરતી રીતે લાયક બનાવ્યાં છે; અને સ્ત્રીનું કામ પુરૂષને માથે નાંખવું, એ જેમ હસવા જેવું છે, તેમજ પુરૂષનું કામ સ્ત્રીને સોંપવું, એ પણ તેવુંજ હાસ્યજનક છે. કેટલીએક વાર પુરૂષો બૈરાં જેવા કન્યારાશિ હોયછે; અને સ્ત્રી કોઈ કોઈ વાર પુરૂષ જેવી જુવાંમર્દ હોયછે, પણ એ તો માત્ર અપવાદરૂપે સમજવાં; તેથી તો અમારો સિદ્ધાંત ઉલટો દૃઢ થાય છે.

અગરજો પુરૂષનાં લક્ષણો બહુધા મગજ પરત્વે છે, અને બૈરાનાં બહુધા હૃદય પરત્વે છે,-તોપણ જેટલે દરજ્જે પુરૂષનું મગજ કેળવાવું જોઈએ, તેટલેજ દરજ્જે તેનું હૃદય પણ કેળવાવાની ઓછી જરૂર નથી, તેની સાથે સ્ત્રીના હૃદયને જેમ કેળવવાની જરૂર છે, તેટલેજ દરજ્જે તેના મગજને પણ કેળવવાની જરૂર છે. મગજ એટલે બુદ્ધિ વગરની બાયડી જેમ સુધરેલી મંડળીમાં શોભતી નથી, તેમ જે માણસ હૃદય રહિત હોય, અર્થાત્ નિર્દય હોય, તે પણ દીપતો નથી. કોઈ પણ સ્ત્રી અથવા પુરૂષને નિરોગ મનવાળો અને સમતોલ લક્ષણો યુક્ત કરવો હોય, તો તેની નીતિ તથા બુદ્ધિના સર્વ વિભાગોને કેળવવાની અગત્ય છે. બીજાઓને માટે જો પુરૂષમાં વિચાર કે સહૃદયતા ન હોય, તો તે એક કંગાલ, ઉઠાવ વિનાનો નીચો, નીચ, લોભીઓ અને એકલપેટો પ્રાણી થાય છે; તેમજ જો સ્ત્રીની બુદ્ધિને કેળવણી આપવામાં આવી ન હોય, તો અતિ સ્વરૂપવંતી સ્ત્રી પણ એક રૂપાળી લૂગડાં ઘરેણાંવાળી પૂતળી કરતાં વધારે સારી લાગશે નહિ.

એક વાર એવો પણ વિચાર ચોમેરે ફેલાઈ રહ્યો હતો કે સ્ત્રી-જાતિ અબળા છે અને તેને બીજાઓ ઉપર આધાર રાખવો પડેછે, તેથીજ તે વિશેષ સ્તુતિ અને વખાણને પાત્ર છે. **સર રિચર્ડ સ્ટીલે** કહ્યું છે. કે, 'પુરૂષની ખરી શોભા ડહાપણ અને શૂરાતનનાં લક્ષણોના યોગ્ય સંયોગમાં રહેલી

છે, કેમકે એજ લક્ષણોથી પુરૂષત્વ પરખાય છે. તેજ પ્રમાણે જો કોઈ ખરી સ્ત્રીને માટે પ્રશંસાનાં વચન વાપરવાં હોય, તો તેનામાં નરમ સુશીલતા, નાજુક ભીરૂત્વ, અને બીજાં જે જે લક્ષણોથી તે પુરૂષ વર્ગથી જૂદી પડતી હોય, તે સઘળાં તેનામાં હોવાં જોઈએ; તેની સાથે વળી, તે પુરૂષ કરતાં કાંઇક અંશે ન્યૂન હોવી જોઇએ; પણ તે ન્યૂનતા એવી કે તેથી તેના ઉપર ઉલટો આપણો મોહ વધે.' આ પ્રમાણે જોતાં તો એમ સમજાય છે કે, તેની દઢતા કેળવીને મજબૂત કરવાને બદલે તે અબળા જાતિનું અબળાપણું-નિર્બળપણું કેળવવું, તેનામાં ડહાપણ કેળવવાને ઠેકાણે તેનામાં મૂર્ખાઇનો ભાગ કેળવવો. તેને એક અબળા, બીકણ, રોતી, આંસુ ટપકાવતી, વર્તણુંકના ધોરણ વિનાની ઉતરતા દરજ્જાની બનાવવી; તેનામાં માત્ર એટલીજ સમજ હોય કે 'સબળ' જાતિ તેના કાનમાં જે મીઠા, મધુર ગુંજારવ કરી મૂકે, તે તે સમજે એટલે થયુ. તેને પુરૂષની બુદ્ધિશાળી સહચરી બનાવવાથી તે પત્ની, માતા, સહચરી કે મિત્ર તરીકે યોગ્ય અને તૈયાર બને તેના કરતાં તેની સ્વતંત્ર બુદ્ધિ વાપરવા માટે કેળવવાને બદલે પુરૂષ જાતિના શણગાર અને ઠાઠમાઠ જેવી બનાવી દેવી!

પોપ પોતાના એક 'નીતિ નિબંધ' માં બતાવે છે કે 'ઘણી ખરી સ્ત્રીઓમાં વર્તનનું કંઇ ધોરણજ હોતું નથી.' વળી તે જણાવે છે કેઃ-

> રંગ બેરંગી ફૂલ જ્યમ, વિવિધ રંગ ઓપાય,
> તેમજ અબળા કોમ પણ, વિવિધ રંગ સોહાય;
> તેના વિધ વિધ રંગથી, પુરૂપ-વર્ગ મોહાય,
> નાજુક તે અબળા સુખી, નમ્ર પણે સોહાય.

માર્થા બ્લાઉંટ નામની તેની એક સ્ત્રી-મિત્ર હતી, તે એ કવિ ઉપર એકદંડો અમલ ચલાવતી હતી; તેના ઉપર તેણે એક કવિતા રૂપે પત્ર લખ્યુ હતું, તેમાં ઉપરનાં ઠોક મારતાં માર્મિક વચનો છે, તે તેમનાં લક્ષણ દર્શાવે છે; અને **લેડી મેરી વાર્ટ્લી મૉન્ટેગના** પગ આગળ તે આશક થઇને પડતાં

તે બાઈએ તિરસ્કારથી તેનો અનાદર કર્યો હતો, તેના ઉપર પણ એજ કવિતામાં તે દ્વેષ-બુદ્ધિથી ચાબખા મારેછે. પણ **પોપ** કોઇ દિવસ સ્ત્રીઓને બરાબર રીતે સમજતોજ નહતો; તેમજ પુરૂષોનો પણ તે બહુ શાણો કે ક્ષમાશીલ જાણકાર નહતો.

આજ પણ અબળાઓમાં બળની કેળવણી આપવાના કરતાં નિર્બળતાની કેળવણી આપવાનો અને તેને સ્વાશ્રયી બનાવવાના કરતાં તેને મનોહર બનાવવાની અતિશય મહેનત કરવાનો રિવાજ પડી ગયો છે. તેના શરીરનું અને મનનું આરોગ્ય બગાડીને તેની લાગણીઓ અને મનોવૃત્તિઓને ઉદ્દીપન કરવામાં આવે છે. તે ફક્ત બીજાની સહૃદયતામાંજ જીવે છે, હરે છે, ફરે છે અને પોતાનુ જીવન ગાળે છે. તે શણગાર સજે છે અને લૂગડાં પહેરે છે, તે માત્ર બીજાઓનુ પોતા ભણી ધ્યાન ખેંચવાને માટેજ,—અને અનેક વિધના હુન્નરનું જ્ઞાન મેળવવાનો પોતાના માથા ઉપર બોજો લાવીને મૂકે છે તે એટલા સારૂ કે મને કોઇ વરે. પેલી ઇટાલીયન કહેવત 'તે એટલી સારી છે કે કોઈ પણ કામને માટે તે સારી નથી,' તદ્દત તે પરાધીન, ધ્રૂજતી અબળા મૂર્તિમાન્ પૂતળી થઇ પડવાના ભયમાં આવી પડે છે.

હવે બીજા હાથ ઉપર જોઈએ તો ઉગતા જુવાનોની કેળવણી પણ સ્વાર્થ ઉપર અને એકલશુરાપણા ઉપર અત્યંત ઉતરી જઇને તેમને ભૂલા વામાં નાખે છે. છોકરાને જ્યારે દુનિયામાં આગળ વધવાને અને ધસવાને માટે પોતાનાજ પ્રયત્નો ઉપર આધાર રાખવાનુ વિશેષ પ્રકારે શિક્ષણ આપ વામાં આવે છે, ત્યારે બિચારી છોકરીને બીજાઓના ઉપરજ બધી વાતનો આધાર રાખવાનો બોધ આપવામાં આવે છે. છોકરાને એક વ્યક્તિ તરીકે માત્ર પોતાના સંબંધેજ—પોતાનેજ અર્થે કેળવવામાં આવેછે, અને છોકરીને બાપડીને છોકરાના સંબંધમાંજ-તેનીજ ગણતરી ગણીને કેળવવામાં આવે છે. છોકરાએ તો સ્વાશ્રયી અને સ્વઆધારવાળા થવું અને છોકરીએ તો પોતાની જાત ઉપર ભરોસો રાખવોજ નહિ, તેણે અન્ય ઉપરજ આધાર રાખવો અને સઘળી બાબતોમાં પોતાની જાતને હોમવી, એમ શીખવવામાં આવેછે.

એ પ્રમાણે કરવાથી એમ બને છે કે, પુરૂષમાં પ્રેમના પવિત્ર વિકારને બાજુ ઉપર મૂકીને માત્ર તેની બુદ્ધિજ કેળવાય છે અને સ્ત્રીની બુદ્ધિને બાજુ ઉપર મૂકીને તેની પ્રેમ–વૃત્તિજ કેળવવામાં આવેછે.

ખરૂં છે કે સ્ત્રીનાં ઉચ્ચતમ લક્ષણો પોતાની પ્રીતિ દ્વારાએ તે બીજાઓના સંબધમાં આવતાં બહાર પ્રકટી નીકળે છે, એ નિર્વિવાદ વાત છે. તે એક ઉછેરનારી, પોષક દેવી માયાવી સૃષ્ટિવડે માણસ જાતને મળી છે. તે નિરાધારને આધાર આપે છે, અને જેને આપણે ચાહીએ, તેને તે પાળે પોષે છે. તે પોતાના ગૃહ–મંડળમાં શશિવત્ પ્રકાશે છે; અને આચરણનાં ઉત્તમ સ્વરૂપને પોષવાને અને વિકસવાને તે ગંભીરતા તથા શાંતિ તથા સંતોષનો સમીચીન વાતાવરણ ઉત્પન્ન કરે છે. પોતાની મૂળ પ્રકૃતિના બંધારણથીજ તે દયાળુ સુશીલ, ધૈર્યવાન, અને પિંડનો નકાર કરે એવી આત્મ-સંયમી હોય છે. પોતે પ્રેમાળ, આશાવતી, અને વિશ્વાસુ હોવાથી તે જ્યાં દૃષ્ટિ ફેરવે, ત્યાં રોશની પ્રકાશી રહે છે. તેની આખ ટાઢી જગા ઉપર પડતા જ તેમાં હૂંફ આવે છે, દુઃખ ઉપર પડતા તે મટે છે. અને દિલગીરી ઉપર પડતા તે ઠેકાણે આનંદ પ્રાપ્ત થાય છે:—

યુક્તિ સાથ સલાહ, આપતી દુઃખમાં નારી,
મધના તુલ્ય મીઠાશ, હૃદિ–મગજે પહોચતી,
વાણી ચાંદી ચમકાર, દૃષ્ટિને ભેદે નાહી,
પણ જાયે ઠેઠ ઠેઠ, સુશિલતા સારી સાહી,
ઇર્ષ્યા વહેમનો નર, તજી મૂકેછે ગર્વને,
જેનાં વચનામૃતના બળે, તૂટે કોટો ગર્વના.

સ્ત્રી એ ‘અભાગીઆનો ફિરસ્તો’ કહેવાય છે. તે નિર્બળને સહાયતા આપવાને, પડેલાને ટેકો આપીને ઉઠાડવાને અને દુઃખીને દિલાસો આપવાને તૈયાર હોય છે. દુનિઆમાં પહેલવહેલું દવાખાનુ સ્ત્રીએજ બાંધીને તે સ્થાયી ચલાવવાનો બંદોબસ્ત કર્યો, એથી પણ સ્ત્રી જાતિનું અંતર્લક્ષણ જણાઈ

આવે છે. એમ કહેવાય છે કે, જ્યાં કોઈ પણ મનુષ્ય પ્રાણી દુઃખ પામતું હોય, ત્યાં તેના નિસાસાનો અવાજ સાંભળતાંજ તેની બાજુએ સ્ત્રી આવીને ઉભી રહે છે. જ્યારે મંગો પાર્ક એકલવાયો થઈ રહ્યો, કોઈ પણ મિત્ર તેની પાસે રહ્યો નહિ, અને તે ભૂખમરાની હાલતમાં આવી પડયો, અને તેને આફ્રિકાના એક ગામડામાંથી ત્યાંના માણસોએ હાંકી મૂક્યો, તેવામાં એક ઝાડ નીચે રાત-ગુજારો કરવાની તૈયારી કરતો હતો; ત્યાં તે વેળાએ વરસાદ વરસતો હતો અને જંગલી હિંસક જનાવરોના ભયમાં તે આવી પડયો હતો; તેવામાં એક ગરીબ હબશણ ખેતરમાંથી મજુરી કરીને ઘેર જતી હતી, તેણે તેના ઉપર દયા આણીને પોતાના ઝુંપડામા તે તેને લઇ ગઈ અને ત્યાં તેને ખવરાવ્યુ, મદદ આપી અને તેનું રક્ષણ કર્યું.

પણ સ્ત્રીના અત્યંત ખાસ લક્ષણો તેના સહૃદયા અને પ્રેમ દ્વારાએ દેખાય છે; તેની સાથે તેના પોતાના સુખને વાસ્તે એક સ્વાશ્રયી પ્રાણી તરીકે તેનાં આચરણ ઉદ્દીપન કરવાની અને સુદૃઢ કરવાની પણ જરૂર છે. અને તે કામ યોગ્ય રીતની જાત-કેળવણી, સ્વાશ્રય અને આત્મ-સયમના ગુણોથી પ્રાપ્ત થાય છે, હૃદયના સુદર લીલોતરીવાળા રસ્તા બંધ થઈ જતા હોય, તોપણ તે બંધ થવા દેવા ઉચિત નથી. ઉત્તમમાં ઉત્તમ પ્રકારનાં સ્વાશ્રયના લક્ષણ કોઈ સ્ત્રીમાં હોય, તેથી તેની અનુકંપાની સીમા સાંકડી થાય, એમ કદી પણ સમજવું નહિ; પણ જેમ પુરૂષના સુખના આધાર તેમજ સ્ત્રીના સુખનો આધાર ઘણે દરજ્જે તે પ્રત્યેકની સદાચરણની સંપૂર્ણતા ઉપર રહે છે; તેમજ બુદ્ધિના લક્ષણોની કેળવણી યોગ્ય રીતિએ આપવાથી પોતાની જાત ઉપરજ આધાર રાખવાની તેમને ટેવ પડે છે; તેની સાથે હૃદયને તથા વિવેક-બુદ્ધિને પુરતી કસોટી ઉપર લાવવાથી સ્ત્રી સંસારમાં વધારે ઉપયોગી અને તેથી વધારે સુખી થશે, તે સમજદારી વાપરીને સૌને સુખ આપશે. અને પોતે પણ ભોગવશે; અને પરસ્પરની સહાયતા અને સહૃદયમાંથી જે સુખો ઉપજે છે, તે પોતે આનંદથી ભોગવશે અને બીજાઓ ઉપર પણ તે બહોળા હાથે વરસાવશે.

જનમંડળમાં પવિત્રતાનું ઉચ્યું ધોરણ જાળવવાને માટે સ્ત્રી તથા પુરૂષ બંનેની કેળવણી એક રાગે ચાલવી જોઇએ, અને તે એક સરખી રીતે સાથે સાથે વધવી જોઇએ. નિર્મળ સ્ત્રીત્વની સાથેજ નિર્મળ પુરૂષત્વ પણ સહગામી રહેવું જોઇએ. બંનેને એકજ નીતિ-શાસ્ત્રનો કાયદો લાગુ પડેછે. સ્ત્રી-જાતિ પુરૂષ-જાતિથી જૂદી છે, તેથી પુરૂષને નીતિને ઠોકર મારવાની છૂટછે, અને જે બદકામ સ્ત્રી કરે, તો તેથી તેની આખી જિંદગી કલંકિત ગણાય, તેજ કામ જો પુરૂષ કરે, તો તેનું કાંઇ નહિ, એવા મનસ્વી વિચારને ટેકો મળવાથી સદ્ગુણની ઇમારતના પાયા ઢીલા થઇ જાયછે. તસ્માત્, જનમંડળની સ્થિતિ નિષ્કલંક અને સદ્ગુણ યુક્ત રાખવાને માટે સ્ત્રીએ તેમજ પુરૂષે પણ પવિત્ર અને સદ્ગુણી રહેવું જોઈએ, હૃદયને, વર્તનને અને વિવેક-બુદ્ધિને જરા પણ ડાઘ લાગે, એવાં સઘળા કામ બંનેએ એક સરખી રીતે ત્યાગવા જોઇએ,-વિષની પેઠે તેવા કામને તેમણે તજવાંજ તજવાં, નહિ તો, જો એક વાર તે વિષ ચૂસાયુ, તો તે પૂરેપૂરૂં કદી પણ પાછું બહાર નીકળી શકતુ નથી, પણ તેના પરમાણુ અંદરથી મનને કડવું વખ કરી મૂકેછે, અને તે પછીના જીવનમાં થોડે યા ઘણે દરજ્જે કડવો ઓળીઓ બળેલો રહેછે.

(સદ્વર્તન)

નાનાલાલ દલપતરામ.

૧૪૭-સંસાર સેવા.

અત્યારે તો આપણે સહેજ જરા વિચારી જોઈએ કે સ્ત્રી જાતિનાં કર્તવ્ય શાં છે? સંસારના કામની વહેંચણીને પરિણામે સ્ત્રીના વિશેષ ધર્મ પુરૂષના વિશેષ ધર્મથી નિરાળા છે એટલું તો હવે સ્પષ્ટજ છે. ભણવું, ગણવું, ખાવું પીવું, ધર્મ પાળવો, નીતિ પાળવી, સ્વચ્છતા, સુઘડતા, સંતોષ, વિવેક રાખવાં. આવા આવા અનેક ધર્મ તો સ્ત્રીપુરૂષ ઉભયને

સામાન્ય છે. સ્ત્રી એ મનુષ્ય છે, ને પુરૂષે મનુષ્ય છે; એટલે દેહ અને આત્માનાં મનુષ્યધર્મ તો ઉભયને માટે એક સરખાજ છે. છતાં સ્ત્રી તે સ્ત્રી છે; ને પુરૂષ નથી, અને પુરૂષ તે પુરૂષ છે, ને સ્ત્રી નથી. એ કારણથી ઉભયના વિશેષ ધર્મ નિરનિરાળાજ છે. ત્યારે સ્ત્રીજાતિના વિશેષ ધર્મ શા છે?

સ્ત્રીઓનો પહેલો વિશેષ ધર્મ તે પતિધર્મ. કન્યકા મટી વધૂ બને. કૌમારને આરેથી ઉતરી લગ્નને તીરે જઈ એમે, ત્યારથી સૌ સ્ત્રીઓને પત્ની ધર્મ પ્રાપ્ત થાય છે. સ્વતંત્ર જે તારિકા કરતી હતી તે તારિકા સુરજમાલાની અંગભૂત બનેછે, અને તે પછી સદા તેને સુરજમાલાની સાથેજ ઘુમવાનું રહેછે. કોઇ પણ વ્રતથી વ્રત લેનાર બંધાયછે, નિયમનમાં આવેછે. લગ્નવ્રતથી પણ પતિપત્ની નિયમનમાં આવેછે, ને પરસ્પરથી બધાયછે. બ્હેનો ! લગ્નવ્રત લેતી વેળાએ તમે કીયા નિયમન સ્વીકાર્યાં છે એ યાદ છે? ગોરે તમારો હાથ તમારા પતિના હાથમાં મૂક્યો તે વેળાએ તમારી સૌની પાસે પ્રતિજ્ઞાઓ કરાવી છે. એ પ્રતિજ્ઞાઓ તમને આજ સ્મરણેછે? સ્મરણે ન હોય, વીસર્યાં હો તો ગોરને પૂછી જોજો, શાસ્ત્રમા વાચી લેજો. એ પ્રતિજ્ઞાઓ વીસરવી તે તો ક્યાં જવુ છે તે નક્કી કર્યા વિના મુસાફરી આદરવા જેવું છે. સ સારની સફરમા તમારૂ વહાણ તમે મેલ્યું છે. તેને તમે ક્યાં લઈ જશો? કેમ ચલાવશો? બ્હેન ! સંસારની સફર આદરતાંજ તમે એ નિયમન ઉચ્ચાર્યાં છે તે વખતે માત્ર ઉચ્ચાર્યાં છે કે તમારે બદલે ગોરે ઉચ્ચાર્યાં હશે. હવે એ સમજી લેવા જોઈએ. એ સો નિયમનનો સમાવેશ પત્નીધર્મમાં થાય છે. સ્ત્રીજાતિની સ્વાભાવિક સરલતા, ઉચ્ચતા, સ્નેહાળતા, ધાર્મિકતા, શ્રદ્ધા, આસ્થાને પૂછી એ પંથે પળશો તો ભૂલાં નહીં પડો.

સ્ત્રીજાતીના ત્યારે બીજા વિશેષ ધર્મ કંઈ છે? હા. પતિ અને પત્નીએ સ્નેહબાંધી—કે ન બાંધી—લગ્નવ્રત લીધુ, કે તરત એક કુલ સ્થપાયું, દુનિયાનાં કુટુંબોમાં એક કુટુંબ વધ્યુ. ઘણે ભાગે તો સહુ દંપતી ઉપર પ્રભુના આશીર્વાદજ ઉતરે છે, ને પરિવાર વધે છે પણ સંતાનની લીલાથી ઘર ભરાઓ કે ન ભરાઓ, બાલકોના બોલ ઘરમાં ગાજી રહો કે ન ગાજી રહો,

કુટુંબ તો લગ્નતિથીથીજ મંડાયું, ગૃહનો માંડવો તો તે ઘડીથીજ રોપાયો તે ઘડીથીજ સ્ત્રીને ગૃહિણીધર્મ પ્રાપ્ત થાય છે. એ ગૃહિણીધર્મ તે સ્ત્રીના બીજો વિશેષ ધર્મ. ગૃહની વ્યવસ્થા—ઘરસંસાર ચલાવવો એ પત્નીધર્મથી નિરાળી વાત છે. છતા બન્નેની અખંડ એલડી છે. લગ્નવનમાંથી એ બન્ને જોડકી બહેનો જન્મે છે. ગૃહિણીધર્મ શા છે તે મારા કરતાં તમે વધારે જાણોછો. હું તમને એ વિષયમાં કહું તેનાં કરતાં તમારી પાસેથી સાભળવા વધારે આતુરછું. માટે એટલુજ સુચવું છું કે તમારા કુટુંબમાંથી ક્લેશ ઘટે ને સ્નેહ અને સંપ વધે, શરીરનાં આરોગ્ય અને ચિત્તની પ્રસન્નતા, બહારનાં ને અંતરના બલ તથા વૈભવ, સુખ સંતોષ ને શાંતિ સદા વિકાસ પામે એવુ કરજો. તમારા મંડપ એવા રચજો કે તેમા તાપ કે સંતાપ ન આવે, છતા તે હુંમા અને અજવાળાંથી શોભી રહે. તમારી આંખડીમાં અમી રાખજો, તમારા હાથમાં કર્તવ્ય ચાતુરી રાખજો, તમારી જીભમાં મિઠાશ રાખજો, તમારા આચરણમાં હેત રાખજો એ સહુ કંઇ નવા લાવવાં પડે તેમ નથી, એ સૌ તમારી પાસેજ છે, માત્ર તેમને ખોતાં નહીં, ઢાંકતાં નહીં, રજ ચડવા દેતાં નહીં. સુંદરી જો પોતાની સુંદરતા પ્રગટવા દે તોએ જગતના વડા સૌભાગ્ય ઉઘડે.

બહેન ! પત્નીધર્મ અને ગૃહિણીધર્મની ઝાંખી જરા આપણે કરી. એક વધારે વિશેષ ધર્મનો આપણે વિચાર કરી લઇએ. પતિપત્ની ઘર માંડે છે તે વગડાને આરે નહીં, પણ સંસારની વચ્ચે. ઘર બાંધતી વખતે જેમ આપણે આપણા પાડોશીઓના હક સાચવવા પડે છે, તેમ સંસારમાં જીવન ગાળતી વેળાએ પણ આપણે અન્ય સંસારવાસીઓના હક જાળવવાના છે. આ ધર્મને આપણે સંસારિણીધર્મ કહીશું જે સંસાર આપણું ચોપાસેથી રક્ષણ કરેછે, જે સંસાર પોતાનો ભૂતકાળનો બધો સંચય આપણા ચરણમાં ખુલ્લો મૂકી દેછે, જે સંસારવાસીઓ આપણી સાથે ખભેખભો મેળવી ઉભા રહે છે, તે સંસાર અને સંસારીઓ તરફ આપણા પણ અનેક ધર્મ છેજ. જે કેળવણીને આપણે લીધી તે કેળવણીની પદ્ધતિ વધારે લાભદાયક કરવી.

જે ઔષધશાળાઓએ આપણને સાજાં કર્યાં તે ઔષધશાળાઓને સમરાવવી, જે બાગ ચોટાં મંદિરોએ આપણને આનંદની જરૂરીઆતની અને ઉન્નતિની સામગ્રી પૂરી પાડી, તેમને વધારે શોભીતાં ઉપયોગી અને પવિત્ર કરવાં; કોણ કહેશે કે એ આપણા ધર્મ નથી ? સંસાર અનેક રીતે આપણી સુશ્રૂષા કરેછે, આપણને ઘટેછે કે આપણે એ સંસારની સુશ્રૂષા કરવી.

બ્હેનો ! એ સંસારસેવાના યથાશક્તિમતિઅવકાશ આચરવાના અનેક માર્ગ છે; ખંતથી શોધશે તેમને સૌને તરતજ તે જડશે. અહીં તો એટલુંજ વિનવું છું કે સંસારમાનાં વડીલો ભણી પુત્રીભાવ, સંસારમાંનાં સમાનવયી ભણી ભગિનીભાવ, અને સંસારમાંનાં નાનેરાઓ ભણી માતાભાવ રાખજો. એ ત્હમારો સંસારિણીધર્મ. જે ભાવથી પુત્રી ભગિની અને માતા થઈ કુટુંબમાં વિચરોછો, એ ભાવથી સારા યે સંસારમા સદા વિચરજો ! એમાંજ તમારૂં અને સંસારનુ ઉભયનુ કલ્યાણ છે.

આપણે સહુ ગુર્જરીનાં સંતાન છીએ. ગુર્જરીના યશ અને મહિમા આપણે હાથ છે. માબાપની કીર્તિઅકીર્તિ હમેશાં સંતાનનાં હાથમાં હોયછે. ગુર્જરીની લાજ અને શોભા પણ આપણેજ સાચવવાની ને વધારવાની છે. ગુજરાતના ખંત ને ઉદ્યોગ, ગુજરાતની વ્યપાર કુશળતા, ગુજરાતનાં સાગર ઉપરનાં સાહસ, ગુજરાતનાં ડ્હાપણ અને દૂરઅદેશી, ગુજરાતની ભક્તિ અને પરોપકારિતા, ગુજરાતનાં શાંતિયુગનાં પરાક્રમ, ગુજરાતની મધુરતા સુંદરતા પુણ્યભાવનાઓ ભાવી ગુજરાતની માતાઓ ! એ અમારી સૌ આશાઓ તમારા ધાવણમાં છે. ગુજરાતના વીર પુરૂષો, ગુજરાતના તત્ત્વચિંતકો, ગુજરાતના રાજનીતિજ્ઞો, ગુજરાતના કવિઓ, ભક્તો, દાનેશ્વરો: ઓ ગુજરાતની જનનીઓ ! એ સહુ યશપુત્રો તમારા જડ અને ચેતન દેહમાં સચેલા છે.

મિસરથી માંડી સારો પશ્ચિમ આફ્રીકાનો કાંઠો આપણા ગુજરાતીઓએ ખિલાવ્યો હતો. અરબસ્તાનથી આદરી સારો અરબી સમુદ્ર અને હિંદી મહાસાગર ડહોળી નાંખી જાવા, સુમાત્રા અને ચીન સુધી આપણાં ગુજરાતી વહાણો સફર ખેડતાં. એ સમુદ્રો તો આપણા પુરાણા ખલાસીઓને મન મોટા

સરોવર જેવા હતા. સુરત અને ખંભાત જેવાં બંદરો હતાં. દ્વારિકાં અને પ્રભાસ જેવાં તીર્થો હતાં. આ અલબેલી મુમ્બઈનગરીની જાહોજલાલી ખીલવનાર ભાટીઆ, કપોળ અને અન્ય વૈશ્યો, પારસી, ખોજા, મેમણ એ સહુ આપણાં ગુર્જરમાતાનાં સંતાન છે. બ્હેનો! એટલું સ્મરણમાં સચી રાખજો કે જ્યાં જ્યાં ગુર્જરી ભાષા બોલાય ત્યાં ત્યાં ગુજરાતજ છે. ગુજરાતનાં પુરાણાં પરાક્રમ અને દૈવી સંપત્તિના વિજય હજી આથમ્યા નથી. એ વિજયને વધારે યશવતા કરે એવાં સંતાન ગુર્જરદેવીને ખોળે મૂકજો. એ જયકીર્તિને વધારે ઉજ્જવલ કરે, પાવન કરે એવા મહાભાગ દેવપુત્રો અને દેવપુત્રીઓની જનનીઓ થજો! બ્હેનો! દેવો પણ તમારે પેટ અવતાર ઇચ્છે એવાં ઉજળાં અને પવિત્ર તમે સૌ રહેજો.

પરિશિષ્ટ. પરિઆર.

૧૪૧—ચારિત્ર્ય.

"ચારિત્ર્યનો આધાર કંઈ સંજોગો ઉપર નથી, અને સારા સંજોગોને આધારેજ ચારિત્ર્ય પળાય એની કાંઈ કિંમત પણ નથી.'

બ્હેન! આપણા મનની મજબૂતી જાળવવી એ આપણું કામ છે. શુ સંજોગોને આધારેજ ચારિત્ર્ય છે? શુ ચારિત્ર્યની કાંઈ કિંમતજ નથી? અરે જરા વિચાર તો કરો કે જ્યારે સીતા રાવણના કબજામાં હતી અને લંકામાં કેદ પડેલી હતી, તથા ભયંકર રાક્ષસીઓ તેને બીવરાવતી હતી, અને રાવણ તેને અનેક પ્રકારે સમજાવતો, લલચાવતો અને ધમકાવતો હતો, ત્યારે પોતાનું ચારિત્ર્ય સભાળવા માટે સીતાને શું સારા સંજોગો હતા? દ્રૌપદીને ભરસભા વચ્ચે પકડી લાવ્યા, તેને નગ્ન કરવા માટે તેનાં વસ્ત્ર ખેંચ્યાં, અને તેનો ચોટલો પકડી દુષ્ટ દુઃશાસને ભરસભામાં અનાથ સ્થિ-

તેમાં લાવી, તથા સૌના દેખતાં દુર્યોધને જ્યારે તેને કહ્યું કે—આવ, મારા ખોળામાં બેસ, ત્યારે દ્રૌપદીએ કહ્યું કે—ત્યાં તો ભીમની ગદા બેસશે; તે વખતે દ્રૌપદીને કોની સહાય હતી ? અને એ વખતે શું સારા સંજોગો હતા ? બહેન ! સારા સંજોગોને આધારે વિશુદ્ધિ જળવાય તેમાં શું નવાઈ? પણ જ્યારે ફાંસીને લાકડે પણ વિશુદ્ધિ જળવાય, જ્યારે જગત બધું બદલાઈ જાય ત્યારે પણ વિશુદ્ધિ જળવાય, જ્યારે મિલકત બધી લુટાઈ જાય ત્યારે પણ વિશુદ્ધિ જળવાય, જ્યારે દુષ્ટ દુશ્મનના કેદખાનામાં સડતાં હોઇએ ત્યારે પણ વિશુદ્ધિ જળવાય. અને જ્યારે એક તરફ આખી દુનિયા તથા એક તરફ આપણે એકલાં હોઈએ છતા પણ વિશુદ્ધિ જળવાય, ત્યારેજ ચારિત્ર્યની ખરી ખુબી કહેવાય. બાકી સંજોગને આધારે સારૂં રહેવું તેમાં શું નવાઈ છે ? એમ તો કેદખાનામાં પડેલા બધાએ કેદીઓને કાંઇક કાંઇક પવિત્ર જીવન ગાળવુ પડે છે. જેમકે-તેઓ ગમે તેટલા લુચ્ચા હોય અને ગમે તેટલા બદમાસ હોય છતા પણ ત્યાં તેઓ દારૂ પી શકતા નથી, જુગાર રમી શકતા નથી, વ્યભિચાર કરી શકતા નથી. અને એવાંજ બીજાં ઘણાએ પાપો કરી શકતા નથી, માટે શું તેઓ શુદ્ધ ચારિત્ર્યવાળા થઈ ગયા ? નહિ. બહેન ! સંજોગોને આધારે જે ચારિત્ર્ય પળાય તે ચારિત્ર્યની કંઈ બહુ મોટી કિંમત નથી. માટે તમારે તો ઉંચી જાતનું ચારિત્ર્ય પાળવું જોઈએ, અને એ માટે મનને બહુ વધારે મજબૂત બનાવવું જોઈએ, અને એક વખત હૃદયમાં ઉંડાં ઉતરીને એવો પક્કો ઠરાવ કરીએ એટલે પછી તે પાળવામાં કાંઇ બહુ મોટી મુસ્કેલી નથી, એટલુંજ નહિ પણ જ્યારે શુદ્ધ અંતઃકરણથી, ખરેખરી જીગરની લાગણીથી, અને આત્મિક બળથી ઠરાવ થાય ત્યારે તેમાં ખાસ નવું બળ આવી જાય છે, અને એ પછી તો કુદરતી રીતેજ અનુકૂળ સંજોગો મળે છે, માટે બહેન ! આપણે આવી જાતનું બળ રાખવું જોઇએ, સામાન્ય લોકોની પેઠે સંજોગોના આધારે રહેનારાં ન થવુ જોઇએ.

(સ્વર્ગની સુંદરીઓ)

૧૪૨—સ્ત્રી એટલે શું ?

સ્ત્રી એટલે અદ્દભુત બળવાળી વીજળી; સ્ત્રી એટલે બધી જાતના પ્રેમનો મહામંત્ર; સ્ત્રી એટલે મુડદાંઓને જીવતાં કરનારી સંજીવની શક્તિ, સ્ત્રી એટલે પ્રેમના આકાશમાં ઉડવાનું બલુન; સ્ત્રી એટલે જગત ઉપર ઉતરેલી ઇશ્વિરી કૃપા, સ્ત્રી એટલે મનુષ્યરત્ન ઉત્પન્ન કરનારી ખાણુ; સ્ત્રી એટલે ઇશ્વિરનુ મોહિનીરૂપ; સ્ત્રી એટલે દુનિયાદારીનું ડહાપણુ શીખવનાર પ્રોફેસર, સ્ત્રી એટલે પ્રેમની એ. બી. સી. ડી; સ્ત્રી એટલે ઉચ્ચતાએ ચઢવાની સીડી; સ્ત્રી એટલે નમાલાને માલવાળો બનાવવાનો કીમીઓ, સ્ત્રી એટલે ઇશ્વિરી સ્નેહનુ હોકાયંત્ર, સ્ત્રી એટલે આ દુનિયાનું અમૃત; સ્ત્રી એટલે અભેદનુ આકર્ષણુ, સ્ત્રી એટલે પરમાર્થના તાળાં ખોલનારી ઇશ્વિરી સ્નેહની નાજુકડી સોનેરી કુંચી, સ્ત્રી એટલે સંસારસાગરમા કુટુંબ મંડળની સલામતી સાચવનાર મનવાર; સ્ત્રી એટલે દુનિઆદારીનાં દુઃખો મટાડનારી ઇશ્વરી જડીબુટ્ટી; સ્ત્રી એટલે સંસારમાંના ત્રિવીધભયથી તપેલા પુરૂષોનો કુદરતી વિસામો; સ્ત્રી એટલે કામ, ક્રોધ, લોભ વિગેરે બળવાન દુશ્મનોને તુરતજ ઉડાવી દેનાર ડાઇનેમાઇટ; સ્ત્રી એટલે શરીરમાં ઝમઝમાટી આપી ખુશમિજામાં રાખનારો મીઠા દ્રાક્ષરસ; સ્ત્રી એટલે પુરૂષોમા પુરૂષાર્થ ભરનારી બેટરી, સ્ત્રી એટલે લોઢામાંથી સોનું બનાવનારો પારસમણી, સ્ત્રી એટલે ઉત્તમ ભાવનાઓને તેના અસલ સ્વરૂપમાં દેખાડનાર સીનેમેટોગ્રાફ, સ્ત્રી એટલે સંસારના પ્રવાહને આગળ વધારનારી પવિત્ર નદી; સ્ત્રી એટલે પુરૂષોના મનની શરદી ગરમી પારખવાનું થરમામીટર, સ્ત્રી એટલે ઇશ્વરી સ્નેહનાં ગાયનો સંભળાવનાર ફોનોગ્રાફ, સ્ત્રી એટલે આપણી જીંદગીની ફરજો બનાવનાર ઘડિયાળ, સ્ત્રી એટલે વિકારોની આગમાંથી પવિત્રતારૂપી ધનને બચાવનાર ફાયરપ્રુફ તિજોરી; સ્ત્રી એટલે જગતમા સુલેહ કરાવનારી શક્તિઓ, સ્ત્રી એટલે કુદરતની મૂર્તિનો આબેહુબ ફોટોગ્રાફ, સ્ત્રી એટલે જીંદગીની ફરજોના હિસાબ ગણવાનું ગણિત શાસ્ત્ર; સ્ત્રી એટલે ધર્મનું બખ્તર; સ્ત્રી એટલે પ્રેમની ગેરંટી; સ્ત્રી એટલે જગત ઉપર ઉતરેલા ઇશ્વરના આશીર્વાદ, સ્ત્રી એટલે અધર્મનો ખડક દેખા-

ડનારી દીવાદાંડી; સ્ત્રી એટલે જગતનું અજવાળું; સ્ત્રી એટલે ઇશ્વર સુધી સંદેશો મોકલવાનો વાયરલેસ ટેલીગ્રાફ; સ્ત્રી એટલે સ્વર્ગ દેખાડનારી દુરબીન; સ્ત્રી એટલે પુરૂષોની લાયકાત માપવાનું મીટર; સ્ત્રી એટલે જગતની બધી વસ્તુઓમાં અમૃત ભરનાર ચંદ્ર; સ્ત્રી એટલે અખૂટ પ્રકાશ આપનાર રેડીયમ, સ્ત્રી એટલે વિશ્વાસનુ વાજીંત્ર; સ્ત્રી એટલે જગતની આરપાર જોવાનાં એકસરેઝ કિરણો, સ્ત્રી એટલે પુરૂષોને ફેરવવાનું સુકાન; સ્ત્રી એટલે ભક્તિની પ્રત્યક્ષ જીવતી મૂર્ત્તિ અને સ્ત્રી એટલે આપણે જોઈ શકીએ, સમજી શકીએ અને વાપરી શકીએ તેવી ઇશ્વરની મહાન શક્તિ.

(સ્વર્ગની સુંદરીઓ.)

૧૪૩—મારી મોતીની માળા.

બાઈ, ઘરેણા પેહેરવાં એ આપણા લોકોને મન કવો આનદનો વિષય છે ? આપણી બહેનપણીઓ ઘરેણાંમાંજ પોતાનુ સર્વસ્વ માનેછે. દરેક કોમમાં દરરોજ જુદી જુદી ફેશનના વસ્ત્રો ને ઘરેણાંનાજ રિવાજ વધતા જાયછે. ઘરેણાં સ્ત્રીઓના સૌંદર્યમાં વધારો કરનાર છે, અને તોપણ શુ તેમાં પાપ નથી કે ? ઘરેણાં પહેરવામાં પાપ છે, એ વાત લોકો માનશે નહીં. અને ઘરેણાં પેહેરવાથી પાપ છે, એમ કહેવાથી મારી બહેનો મારી ઉપર ગુસ્સે થશે એ હું સમજાુંછું, પણ જો હું મારી બેનપણીઓના ગુસ્સાની દરકાર કરૂ તો સત્ય લખી શકું નહીં. લોકો માને કે ન માને એ જુદી વાત છે, પણ મને જે સત્ય સમજાય છે તે સ્પષ્ટ રીતે સર્વને સમજાવવુ એ મારી ફરજ છે. હું એમ નથી કહેતી કે મારી બેનોએ પોતાના સૌભાગ્યના અલંકારો કહાડી નાંખવા જોઈએ. પણ મારૂ કહેવું એટલુજ છે કે, પોતાની સ્થિતિ સમજીને માણસોએ ઘરેણાંનો લોભ રાખવો જોઇએ. પણ આપણે જોઈએ છીએ કે, આ બાબત ઉપર ક્યાંઈ પણ ખાસ ધ્યાન આપવામાં આવતુ નથી. ધણી પાસે ગદ્ધા વહીતરૂં કરાવીને પણ, અરે કહો કે તેનું આયુષ્ય લૂંટી લઈને પણ ઘરેણાં પેહેરવાં એ શું ગુન્હો નથી ? ઘરે-

ણાંના લોભ સારૂ પોતાના પતિની જીંદગીનો ભોગ લેવો, અને તેને સદાય હાયહોયમાંજ રહેવા દેવો, તથા પોતે બનીઠનીને મોટાઈ ભોગવતે શહેરમાં ફરવું, એ શું ગેરવાજબી નહીં કે ? પોતાનાં વસ્ત્રાલંકાર માટે ધણીને ઈશ્વર ભક્તિનો વખત પણ ન મળે, એ શું પાપ નહીં કે ? આટલા હજાર રૂપીઆનું જરીયાન આપો તોજ સ્ત્રી મળે એ શુ જુલમ નહીં કે ! ઘરમાં છોકરાંઓને ખાવા માટે દૂધનુ ટીપું ન અપાય, ઘરઘતુ દવાનું ખર્ચ કે શેક કરવા માટે ગરમ કપડાંના ટુકડાનું ખરચ ન ખમાય એટલે ઘરમાં માંદાં પડેલાંઓની પૂરતી માવજત ન રખાય, કપડાં મેલાં પહેરાય પણ ધોબીનુ ખર્ચ ન ખમાય, ભેજવાળી અંધારી ઓરડીમાં બિમારી રહે તે ખમાય પણ જરા ભાડું વધારે ન ખરચાય, અને બચ્ચાંની કેળવણી પાછળ પાઈ ન ખરચાય પણ એ બધાંને ભોગે દાગીનાં તો જોઈએ, એ શુ પાપ નહીં કે?

બાઈ, તમે કહેશો કે આતો ગરીબોને માટે વાત થઈ પણ શ્રીમંતોને શી અડચણ છે ? આપણી શેઠાણીઓ શા માટે ભપકાદાર દાગીના ન પહેરે? બાઈ દાગીના પહેરવાની હું ના નથી કહેતી, પણ મારૂ કહેવું એટલુજ છે કે પોતાનુ હિત સમજીને દાગીના પહેરવા જોઇએ. દાગીના એજ આપણી જીદંગીનુ મૂળતત્વ ન બનવું જોઈએ, આ ણે સ્પષ્ટતાથી સમજવું કે, ઇશ્વરે જેઓને અધિક સમૃદ્ધિ આપેલી છે, તેઓને કાંઈ ખાસ પોતાનાજ દાગીના માટે એ સમૃદ્ધિ આપેલી નથી. પણ પોતાના શણગારની સાથે જગતને શણગારવા માટે એ સમૃદ્ધિ આપેલી છે. હુ જ્યારે મોટાં મોટાં મોતીની માળા પહેરીને મલકાતી મલકાતી ફરતી, અને મોતીની માળાથી હું બહુ શોભી રહી છું એમ જ્યારે મને લાગતું, ત્યારે મને ખબર નહીં કે મારી પડોશમાંજ મારા ગરીબ બંધુઓ મારી માળાના મોતી કરતા પણ વધારે કીંમતી આંસુઓ પાડી રહ્યાં છે. અને એ લુંછાયા વિના પડતાં મોતીથી—આંસુથી મારાં મોતી લજાઈ જાયછે. ત્યારે મને ખબર નહીં કે મારી ગરદન પર મોતીનો ચળકાટ છે, પણ મારાં હૃદયમાં દયાનો ચળકાટ નથી, અને બાઈ તમે વિચાર કરો, કે અંદરના ચળકાટ વિના બહારનો ચળકાટ કેમ શોભી

શકે ? કેમ ટકી શકે ? કેમ કીંમતી થઇ શકે ? અરે હાય હાય ! ત્યારે શું મારી મોતીની માળા કે જેને હું કીંમતી સમજતી હતી, તે મારી મશ્કરી કરાવવાને માટેજ હતી કે ?

મારા હાથની હીરાની બંગડી બહુ ફેશનબલ હતી. મારા સ્વામીએ મારે સારૂ તે બહુ મોંઘી કીંમતે ખરીદી હતી. પણ એ બંગડીના પથરાઓ-હીરાઓ જેટલો પ્રકાશ આપી શકતા તેટલો પ્રકાશ મારા અંતરમાં હતો કે? અરે પ્રભુ ! દયા કર, દયા કર. દુનિયામાં પથ્થર પણ કાંઇક પ્રકાશ આપી શકે, અને અમે માણસો પ્રકાશ મેળવ્યા વિના, તથા પ્રકાશ આપ્યા વિના ખાલી ચાલ્યા જઇએ-ફોકટ ફેરો ખાઈએ, એ શુ દિલગીરીની વાત નહીં કે ? એ શું દયા ખાવા જોગ નથી ? પ્રાચીન દેવાલયોનાં ખંડીએરો કે જેનો જીર્ણોદ્ધાર કરવાની ખરી જરૂર હોય, પાણી વિનાનાં સ્થાનો કે જેની અંદરના ઝરાઓ બહાર આવવાને ટમટમી રહ્યા હોય, અને લાચારોનાં પ્રકાશિત આંસુઓ કે જે તેઓના ગાલ ઉપરજ લુછાયા વિના સૂકાઇ ગયા હોય, તે બધાંઓ મારી બંગડીના હીરાઓ સામુ જોઇને હાસ્ય કરશે નહીં કે ? દિલગીર થશે નહીં કે ? શ્રાપ આપશે નહીં કે ? અને આપણા એક-લપેટાપણા માટે-આપણા અજાન માટે-આપણી બેદરકારી માટે-આપણા સ્વાર્થીપણા માટે-પ્રભુ પાસે નિષ્ફળ નહી જાય તેવી મુગી ફરિયાદ કરશે નહીં કે ? જ્યારે આમ થાય ત્યારે મારી હીરાની બંગડીથી મને ફાયદો શું ? શુ આપણા દાગીના આપણને બાંધી રાખવાને અને આપણો નાશ કરવા માટેજ હોય કે ?

(સંસારમાં સ્વર્ગ.)

૧૪૪—મહારાણી મેરીની દયાની લાગણી અને દાન ધર્મ.

નામદાર મહારાણી **મેરીમાં** જે અનેક સદ્દગુણો છે તેમાં પરમાર્થની લાગણી એ બહુજ મોટો સદ્દગુણ છે. એ ગુણ તેઓની અંદર તેઓનાં ભલાં ને પરોપકારી માતા ડચેસ્ટ **ઓફ ટેક** બહુ ધ્યાનપૂર્વક કેળવ્યો હતો,

કારણ કે તેઓ પરમાર્થનાં કામોમાં બહુ આગેવાની ભર્યો ભાગ લેતા હતાં અને જ્યાં જ્યાં તેઓ જતાં તે દરેક ઠેકાણે પોતાનાં વહાલાં પુત્રી **પ્રીન્સેસ મેને** સાથેનાં સાથે રાખતાં હતાં, તેથી બહુ નાનપણથીજ તેઓની અંદર પરમાર્થની ભાવનાનાં બીજ રોપાઈ ગયાં હતાં.

પ્રીન્સેસ મે એટલે આપણાં હાલનાં મહારાણી **મેરી** જ્યારે નાની ઉમ્મરનાં હતાં ત્યારે તેમનાં માતાજી નાતાલની ભેટોના મેળાવડાઓ કરતાં અને તેનુ પ્રમુખસ્થાન સ્વીકારતાં હતાં. એ વખતે તેઓ પોતે પોતાને હાથે તથા પોતાની વહાલી પુત્રી **પ્રીન્સેસ મેને** હાથે સુંદર રમકડાંઓ ગરીબ બાળકોને અપાવતાં હતાં અને રાજકુટુંબની લેડીઓએ ગરીઓને માટે પોતાને હાથે શીવીને ગરમ કપડાં તૈયાર કરેલાં હોય તે કપડાઓ ગરીબ લોકોને વહેંચી આપતાં હતાં.

મહારાણીનાં માતાજી જ્યાં રહેતાં હતાં તેની આસપાસનાં ગામડાંનાં લોકોને ગમ્મત આપવાને ખાતર તેઓ વખતો વખત મેળાવડાઓ કરતાં હતાં, તેમજ સાંસારિક મેળાવડાઓમાં પણ તેઓ ખાસ કરીને હાજરી આપતા હતાં. આવી રીતે પરમાર્થના કામોમાં ભાગ લેવાની બાળપણથીજ તેઓને ટેવ પડેલી છે એટલે એ ગુણ હવે બહુ ખીલી જાય એ સ્વાભાવિક છે. માટે આપણે પણ આપણાં બાળકોને જો ભલાં બનાવવાં હોય તો તેઓના મનની અંદર નાનપણથીજ પરમાર્થનાં બીજો વાવવાં જોઈએ.

નામદાર મહારાણી **મેરી** જ્યારે નાની ઉમ્મરનાં હતાં અને પોતાની માતાજીની સાથે ગામડાઓમાં ફરતાં ત્યારે તેઓ સવારના પહોરમાં ગરીઓના ઘર જોવા માટે તેઓની ઓળખાણ કરવા માટે, ખાસ ચાહીને જતાં હતાં અને તેઓનુ ભલુ થાય તે જોવામાં તથા એવાં કામો કરવામાં તેઓને બહુ આનંદ થતો હતો.

શાહજાદી **મે** બાલકપણમાંજ ગરીઓની ઓળખાણુ કરવા જાય ને તેમની મુલાકાત લે તથા તેઓના સુખદુઃખની વાતો સાંભળે અને તેઓને

મદદ કરવાના ઉપાયો લે, એ કંઈ નાનીસુની વાત નથી. આપણા દેશની મોટા ઘરની બાઈઓમાંથી કેટલી બાઈઓ આવાં કામો કરે છે? અને કેટલી બાઈઓ પોતાની પુત્રીઓમાં આવા સંસ્કારો પાડે છે? તે વિચારવા જેવું છે અને રાણીજીના દૃષ્ટાંતથી તે ખરેખર શીખવા જેવું છે.

પ્રીન્સેસ મેને પોતાની કુમારી અવસ્થામાં ખાનગી ખરચ માટે જે કાંઈ પૈસા મળતા હતા તેમાંથી તેઓ અમુક ભાગ જુદો રાખતાં હતાં અને તે રકમનો બાળકોને ભેટો આપવામાં ઉપયોગ કરતાં હતાં. એ શિવાય પોતાને નાતાલમાં નવા વર્ષની જે ભેટો મળે તથા પોતાની જન્મગાંઠને દિવસે પોતાને જે ભેટો મળે તે ભેટોમાં કાર્ડ, ચિત્રો, ફીટો અને રમકડા વિગેરે હોય તે બધુ બહુ સંભાળથી સાચવી રાખતાં હતાં. અને પછી યોગ્ય વખતે તેમાંથી ગરીબ માણસોને, માંદા માણસોને તથા અનાથોના આશ્રમમાં તે વસ્તુઓ મોકલતાં હતાં. અને આવી રીતે ગરીબોનાં દુઃખો ઓછાં કરી તેઓના આશીર્વાદ મેળવતાં હતાં.

આપણા દેશના શ્રીમંતોનાં બાળકો પણ જો આવું આવું કાંઇ પણ કરે, તોએ તેઓથી પણ બની શકે તેમ છે. કારણ કે તેઓને પણ દર મહીને ખિસ્સા ખરચ સારૂ કાંઈ કાંઈ પૈસા મળેછે, તથા તેઓને ઘેર રમકડાં, પુસ્તકો, કપડાં વિગેરે પણ હોયછે, એટલે તેઓ જો ધારે તો પોતાના પ્રમાણમાં કાંઈ કાંઈ કરી શકે તેમ છે. અને જેને એવું એવું કરવું ગમે તેવા પણ કેટલાક સજ્જનો હોયછે, પણ વાંધો ફક્ત એટલોજ છે કે આવી રીતે દિશા બતાવનારા, રસ્તા બતાવનારા તથા પાસે રહીને કામ લેનારા માણસો નથી. ને તેને લીધે આવી જાતના પરમાર્થ થતા અટકેલા છે પણ મને આશા છે કે નામદાર શહેનશાહ બાનુના જીવનના પરોપકારના દાખલાઓ ઉપલી જાતની અડચણો દૂર કરવામાં બહુ મદદગાર થઈ પડશે, માટે મહારાણી **મેરીના** પરમાર્થની હજી પણ કેટલીક વાતો સાંભળવાની મહેરબાની કરો.

લંડનમાં ઇસ્ટએન્ડ નામે ગરીબ લોકોને રહેવાનો મહોલ્લો છે તે મહોલ્લામાં પ્રીન્સેસ મે પોતાના માતાજી સાથે ગરીબોને દાન આપવા માટે, દુ:ખીઓને મદદ કરવા માટે તથા હોસ્પીતાળોની મુલાકાત લેવા સારૂ જતાં હતાં. એ વખતે એવાં રાજવંશી બાઈને જોવા સારૂ ગરીબ લોકો હારદોર બેસી જતાં હતા અને તેમને જોઈને આનંદના ઉભરાથી તેઓ હુરરેના પોકારો કરતાં હતાં. કારણકે તેઓને એવો અનુભવ હતો કે જ્યારે જ્યારે આ રાજવંશી કુટુંબ પધારે છે ત્યારે ત્યારે અમોને કાંઇકને કાંઇક મદદ કરી જાયછે તેથી તેઓને આવતાં જોઈને ગરીબ લોકો બહુ રાજી થઈ જતાં હતાં.

પ્રિન્સેસ **મે** પોતાનાં માતાજી સાથે રીચમંડ પાર્કમાં ફરવા ગયાં હતાં, ત્યારે એક વખત ત્યાં કોઈ ગરીબ ડોશી ઝાડ નીચે પડેલાં સુકાં લાકડાં વીણુતી હતી. એ વખતે તે ડોશી બહુ થાકી ગઈ હતી અને અતિશય ટાઢ હોવાથી હેરાન થતી હતી. તેને જોઇને મહારાણીજીને તથા તેમના માતાજીને દયા આવી તેથી મહારાણીજીનાં માતાજી **ડચેસ ઓફ ટેક** પોતાની છત્રી વડે ઝાડ ઉપરથી લાકડાં પાડી આપ્યાં અને તેમનાં માનવંતાં પુત્રી પ્રિન્સેસ **મે** તે આપણાં હાલનાં મહારાણી પોતાને હાથે લાકડાં વીણુવા મંડયાં અને ઝપાટાબંધ લાકડાંનો ભારો બાંધી આપી તે ગરીબ ડોસીને હસતે મોઢે રવાના કરી.

ડચેસ ઓફ ટેક જેવાં મોટાં માણસો ગરીબ ડોસીને લાકડાં પાડી આપે અને તેમની રાજકુંવરી તે વીણીને ભારો બાંધી આપે, એ કંઈ નાની સુની વાત નથી. એ દાખલામાંથી જો વિચાર કરે તો આપણી ઘણી બેનોનાં જીવન સુધરી શકે તેમ છે, અને મોટા માણસો પણ કેટલી હદ સુધી દયા કરી શકેછે તથા કેટલી હદ સુધી ગરીબોના દુ:ખમાં ભાગ લઈ શકેછે, તે સમજવાનો આ બહુ સારો દાખલો છે.

એક વખત કુંવારાપણામાં મહારાણી **મેરી** પોતાનાં માતાજીની સાથે સેન્ટ મોરીટસ રહેતાં હતાં. એ વખતે તે ગામમાં ઓચિંતી બહુ મોટી

આગ લાગી અને જાણે હમણાં આખું ગામ બળીને રાખ થઈ જશે એમ લાગ્યું. તે વખતે નામદાર મહારાણી તથા તેમનાં માતાજી આગવાળી જગામાં ગયાં અને લોકોનાં બળતાં ઘરોમાંથી પોતાને હાથે સરસામાન બહાર કાઢવા લાગ્યાં. હવે વિચાર કરો કે જો આપણા દેશની કોઇ ગાલાવેલી શેઠાણીઓ હોય તો તે ભયંકર આગ વખતે ઉભાં રહે ખરાં કે? અને પારકા લોકોનો માલ બચાવવા આગમાં બળતાં ઘરોમાં જાય ખરાં કે? મહારાણી તથા તેમનાં માતાજી એટલુંજ કરીને અટકી ગયાં નહિ પણ જેઓને આગથી નુકશાન થયું હતું તેઓને દિલાસો દેવા માટે તેઓ બીજે દિવસે તેઓને ઘેર ગયાં અને આગથી થએલી નુકશાની માટે મદદ કરવા સારૂ તેઓએ ફંડ ખોલવાની શરૂઆત કરી. શું આ દાખલો અનુકરણ કરવા યોગ્ય નથી? મહારાણી **વિકટોરીઆને** ગાદીએ બેઠાને ૫૦ વર્ષ થયાં તેની ખુશાલી માટે ઇ૦સ૦ ૧૮૮૭માં જુબિલી હતી તે વખતે, પ્રિન્સેસ **મેએ** એટલે આપણાં હાલનાં મહારાણીએ બચ્ચાંઓને ઇનામો આપવા સારૂ ત્રણહજાર રૂપીઆની રકમ ભેળી કરી હતી. અને એ રકમમાંથી ઘણાં બાળકોને જુબિલી વખતે તેઓએ રાજી કર્યાં હતાં. એ પછી મહારાજા **એડવર્ડ** જ્યારે ગાદીએ બેઠા ને તાજ પહેરવાની ક્રિયા કરી, તે વખતે પ્રિન્સેસ **મેએ** પોતાના માર્લબરો નામના મકાનમાં એકહજાર અનાથ છોકરાંઓને ખાણું આપ્યું હતું અને એ છોકરાંઓને રાજી રહે તેવો બંદોબસ્ત રાખવા પોતાના ખાનગી કારભારીને ખાસ હુકમ કર્યો હતો તેથી છોકરાંઓને રમતગમત માટે બહુ સારી તજવીજો થઈ હતી અને અનાથ બાળકો બહુ રાજી થયાં હતાં.

નિર્દોષ બાળકો ઉપર, ગરીબ બાળકો ઉપર, કુમળાં બાળકો ઉપર આવો પ્રેમ રાખવો એ બહુ મોટી વાત છે. અને એવા વાત્સલ્ય ભાવને અમે મોટો દૈવીગુણ સમજીએ છીએ અને એ માટે નામદાર મહારાણીના દાખલાથી એ દૈવીગુણ આપણી બેનોમાં ખીલે એમ હું ઇચ્છુંછું.

મહારાણી **મેરીનો** એવો સ્વભાવ છે કે બને ત્યાં સુધી પોતાને માટે કોઈને તસ્દી આપવી નહિ. જ્યારે તેઓ પોતાના માતાજી સાથે ગામડાંમાં

ફરતાં અને હોટેલોમાં ઉતરતાં ત્યારે ખાણું લેવા માટે હમેશાં તેઓ નીચે ઉતરતાં. કોઈ દિવસ ટાઇમમાં ફેર પાડતા નહિ, કે પોતાને માટે કોઇને ખોટી થવું પડે અથવા ખાસ તકલીફ લેવી પડે એમ કરતાં નહિ. તેમની એવી રીતભાત જોઈને અને વીશીવાળાને પણ તસ્દી ન પડે એવી તેઓની કાળજી જોઈને તેમની સાથે એ હોટલમાં રહેવાવાળા બીજા મુસાફરો પણ અજબ થતા હતા. આ ગુણ પણ કાંઈ જેવો તેવો નથી. ઘણીએ શેઠાણીઓ નજીવી નજીવી બાબતો સારૂ બીજાઓને કેટલો બધો કંટાળો આપ્યાં કરેછે, એનો જેને અનુભવ હશે તેઓ મહારાણી **મેરી**ના આ ગુણની કિંમત સમજ્યા વિના રહેશે નહિ. અને સાથે એમ પણ લાગશે કે જ્યારે વિલાયતની શહેનશાહ બાનુ પણ બીજા લોકોને ઓછામાં ઓછી તસ્દી પડે તેવી રીતે વર્તે છે, ત્યારે આપણે બીજાઓને વગર મફતનાં હેરાન કર્યા કરીએ તે શું વ્યાજબી છે? અને તેમાં પણ જેને કાંઈ પણ બદલો આપી શકતાં ન હોઈએ તેઓને પણ વગર મફતની તસ્દી આપ્યા કરીએ, એ શું યોગ્ય છે? એ સવાલ આપણે આપણા મનને પૂછવો જોઈએ. અને જો એ સવાલ ઉપર આપણે વિચાર કરીએ તો નામદાર મહારાણીના એ ગુણ માટે આપણને માન ઉત્પન્ન થયા વિના રહેશે નહિ.

સ્ત્રીઓની શીવણ કામની મંડળી નામે એક બહુ મોટું ખાતું વિલાયતમાં ચાલેછે, એ કામ મહારાણીનાં માતુશ્રીએ પોતાની વૃદ્ધાવસ્થામાં શરૂ કરેલુ હતું. એ મંડળી તરફથી શિયાળામાં હજારો ગરીબ લોકોને ગરમ લૂગડાંની મદદ મળેછે તે મંડળના કામમાં નામદાર શહેનશાહ બાનુ બહુ આગેવાની ભર્યો ભાગ લેછે અને બીજી સાધારણ સ્ત્રીઓની પેઠે એ મંડળની નિશાનીવાળી ફીત પોતાને હાથે બાંધીને હાથમાં કાતર લઇને કપડાં વેતરવા મંડેછે. પોતે જાતે આ મંડળ માટે આટલી બધી મહેનત લેછે એટલુંજ નહિ પણ રાજકુમારો તથા કુંવરી પણ તે કામમાં મદદ કરેછે, અને બીજાં રાજવંશી પણ એ શીવણ કામની મંડળીમાં ભાગ લેછે.

બહેનો ! નામદાર મહારાણી કંઈ આવા એકજ કામમાં ભાગ લઈને અટકી રહેતાં નથી પણ જે છોકરીઓનાં માબાપો કેદખાનું ભોગવતાં હોય તેવી છોકરીઓને રહેવા માટે સારાં મકાનો બંધાવવાના કામમાં તથા કેદીઓની છોકરીઓને નીતિના રસ્તામાં ચલાવવા માટે જે જે ઉપાયો કરવા જોઈએ તે કરવામાં પણ તે નામદાર બહુજ ધ્યાન આપેછે એટલુંજ નહિ પણ તહેવારોને દિવસે એવી એવી છોકરીઓને માટે રાજકુટુંબ તરફથી ઘણી જાતની નાની મોટી ભેટો મોકલવામાં આવેછે અને જેમ બને તેમ કેદીઓની છોકરીઓનું જીવન ઉદ્યોગી તથા પવિત્ર થાય એવા ઉપાયો લેવામાં આવેછે.

પરમાર્થની બાબતમાં આપણા દેશની સ્ત્રીઓએ હજી ઘણુંજ કરવા જેવું છે, કારણકે એ લાઇનમાં હજી આપણી બહેનો બહુજ પાછળ છે અને તેનાં ઘણાં કારણો છે. પણ હવે જેમ જેમ કેળવણી વધતી જાયછે તેમ તેમ ઘણી જાતની અડચણો દૂર થતી જાયછે. એટલે હવે આપણી બહેનો છૂટથી પરમાર્થના કામોમાં ભાગ લઈ શકે એવો વખત આવતો જાયછે. એટલે એવા શરૂઆતના વખતમાં ઉત્તેજન તથા ઉત્સાહ મેળવવા માટે નામદાર શહેનશાહ બાનુનો દાખલો બહુ અસરકારક થઈ પડશે એમ હું ધારૂછું. આ પરમાર્થની બાબત એ મારો પ્રિય વિષય છે. વળી એ બાબત એટલી બધી મોટી છે અને નામદાર મહારાણીના જીવનમાં એ બાબત એટલી બધી મુખ્ય છે કે તે માટે જેટલું કહેવા માગીએ તેટલું કહી શકાય તેમછે, પણ આ ઠેકાણે તો બહુ ટુંકામાંજ મુખ્ય મુખ્ય વાતો કહેવાની છે એટલે જાણવા લાયક ઝીણી ઝીણી હકીકતો છોડી દેવી પડેછે.

વિવિધ ગ્રંથમાળા

હિમ્મતલાલ ગણેશજી અંજારિયા.

૧૪૫—હિંદુસંસારમાં સ્ત્રીઓ ઘરની રાણી છે.

સ્ત્રીઓની હિંદુઓને દરકાર નથી એમ કહેનાર એક પણ એવો હિંદુ બતાવશે કે જે સ્ત્રી વિના રહેવાને તૈયાર હોય ? સ્ત્રીઓની દરકાર હિંદુઓને તો જેટલી છે તેટલી ભાગ્યેજ બીજા કોઈ લોકને હશે. ગૃહસ્થાશ્રમને-લગ્નને જે પવિત્રતા હિંદુઓએ અર્પી છે તે કયા બીજા લોકમાં માલમ પડે છે ? અને લગ્ન સ્ત્રીપુરૂષ વગર થવાનાં હતાં ? લગ્નની દરકાર કરનાર, લગ્નને પવિત્ર ગણનાર, સ્ત્રી કે પુરૂષ બેમાંથી એકે માટે બેદરકાર કેમ રહી શકે ? હિંદુઓને સ્ત્રીની દરકાર નથી એ ઉક્તિ તદ્દન અર્થ વગરનીજ છે એમ બતાવવા આ એકજ દલીલ બસ ગણુંછું. હિંદુઓને સ્ત્રીઓ માટે માન નથી એ પણ વિદેશીઓ અને વિદેશીઓના વિચારમાં તણાવાનો મોહ અને લોભ રાખનાર દેશીઓના બાહારના દેખાવથી થતી ભૂલોમાંની એક છે. કઈ સ્ત્રી પોતાનું ધારેલું ધણી પાસેથી નથી કરાવી શકતી ! કઈ સ્ત્રી હિંદુસંસારમાં ઘરની રાણી તરીકે નથી સ્વીકારાતી ? કઈ સ્ત્રીની ઇચ્છાને તાબે ઘરના પુરૂષોને નથી થવું પડતું ? હિંદુના ઘરનો અંદરનો અનુભવ હશે તે તો કબૂલ કરશેજ કે સ્ત્રીઓ માટે માન નથી એમ નથી. અલબત, કેટલીક બાબતોમાં સ્ત્રીને પૂછાતું નથી, અગર પૂછાય તો પણ તેના મત પ્રમાણે ચલાતું નથી એવું બને છે. પણ જે મોટાં મોટાં સામ્રાજ્યમાં પણ સમ્રાટના મતને એક બાજુ રાખી યોગ્ય લાગતા માર્ગનું ગ્રહણ કરવામાં સમ્રાટનું માન નથી એમ ન કહેવાય, તો પછી હિંદુસંસારમાં તેવું શા માટે કહેવું ? જે બાબતમાં સ્ત્રીઓ કરતાં પુરૂષોની મતિ વધારે પહોંચતી હોય, જે બાબતનો વિચાર પુરૂષો વધારે સારી રીતે કરી શકે છે એમ મનાતું હોય તેવી બાબતમાં પુરૂષો પોતાના મત પ્રમાણે કરે તો તેથી સ્ત્રીઓ માટે માન નથી એમ કહેવું એ કોઈપણ રીતે વાજબી નથી.

સ્ત્રીસંસાર.

વર્તમાનકાળમાં એ જાતના વિચારોનું યુદ્ધ પ્રવર્તી રહ્યું છે એ કાંઈ તમારી જાણ બહાર નથી. એક જાતના વિચારો એવા છે કે સ્ત્રીઓને હિંદુસ્થાનમાં પુરૂષોના જેટલા હક નથી; સ્ત્રીઓની હિંદુઓએ દરકાર કરી નથી, સ્ત્રીઓ માટે હિંદુઓને માન નથી. સ્ત્રીઓની દશા દયાપાત્ર છે, એક પ્રસિદ્ધ લેખક એક બાઇના મુખે કહેવરાવે છે કે "નરજાત સુખી હશે અહિં કદી મ્હાલતી સ્વચ્છંદથી, પણ નારીને રોયા વિના નહિં કર્મમાં બીજુ કંઈ." આવા વિચાર એક વખત સર્વવ્યાપી હતા. હું આશા રાખું છું કે હાલમાં તે તેટલા બધા સ્વીકારાતા નથી. હિંદુસ્થાનના લોકોમાં—શું પુરૂષ કે શું સ્ત્રી—કોઇના હકનો તો વિચાર સરખો નહોતો. હકને માટે શુદ્ધ ગુજરાતી કે સંસ્કૃત શબ્દ પણ નહિં મળે કારણ તે વિચારજ આર્યધર્મમાં હયાતી ધરાવતો નથી. હિંદુઓ તો પોતાનો ધર્મજ—ફરજજ—સમજતા—હકની વાત તેઓના લક્ષમાં આવેલીજ નહિં. જો હકના ખ્યાલનીજ હયાતી નહોતી, તો પછી 'સ્ત્રીઓને પુરૂષો જેટલા હક નહોતા' એ કહેવું અયથાર્થ છે. પુરૂષોને ધર્મ હતા—ફરજ હતી, તેમજ સ્ત્રીઓને પણ ધર્મ હતા ફરજ હતી, સ્ત્રીઓ પોતાના ધર્મ સારી રીતે પાળતી, પુરૂષો પોતાના ધર્મ સારી રીતે પાળતા; બંનેના ધર્મ સારી રીતે પળાતા હોવાથી આપણો હિંદુસંસાર સારી રીતેજ ચાલતો. જ્યારે પુરૂષો ધર્મ ભૂલ્યા, ત્યારે સ્ત્રીઓ પણ ધર્મ ભૂલી. સ્ત્રી અને પુરૂષના ધર્મ ભૂલાયા એટલે સંસાર અવ્યવસ્થાઓમાં ફસાયો અને એક વખત અવ્યવસ્થા અંધેર શરૂ થાય, પછી તેને ઠેકાણે લાવતાં કેટલી મુશ્કેલી પડેછે એ તો ઇતિહાસના વાંચવાવાળા તો જાણેજ પણ ઘરસંસારનો અનુભવ મેળવવાવાળાં પણ સારી રીતે જાણી શકે તેવું છે. અંધેરના વખતમાં, અલબત્ત, ઘણા અનાચાર અને અત્યાચાર હતા, પરંતુ શાંતિનું રાજ્ય થતાં હવે એવો કોઇ હિંદુ ભાગ્યેજ હશે કે જે સ્ત્રી પુરૂષના ધર્મ સંબંધે યોગ્ય સ્વીકાર નહિં કરતો હોય.

સ્ત્રી અને પુરૂષની કેળવણીમાં ભેદ રહેવો જોઇએ.

ખાસ કેળવણીની વાત આવે ત્યારે કામકાજની ભિન્નતા પ્રમાણે,-ધંધા-રાજગારની ભિન્નતા પ્રમાણે, અને બુદ્ધિ શક્તિની ભિન્નતા પ્રમાણે ખાસ કેળવણી આપવી જોઈએ. આવી કેળવણી સ્ત્રી અને પુરૂષને માટે જૂદી જૂદી હોય. સ્ત્રી અને પુરૂષમાં પણ જેને જૂદાં જૂદાં કામ કરવા હોય તે પ્રમાણે જૂદી જૂદી જાતની કેળવણી મળવી જોઈએ. શિક્ષક થવું હોય તેને શિક્ષકની, વકીલ થવું હોય તેને વકીલની, વેપારી થવું હોય તેને વેપારીની. કારીગર થવું હોય તેને કારીગરની, એમ ધંધા પ્રમાણે ખાસ કેળવણી મળવી જોઈએ; સ્ત્રી અને પુરૂષના ધંધા ભિન્ન છે. સ્ત્રીને ગૃહસંસાર ચલાવવો છે અને પુરૂષને તેને માટે સાધનો પેદા કરવાનાં છે માટે તે પ્રમાણે તેમની કેળવણીમાં ભેદ રહેવોજ જોઇએ. જે સ્ત્રી લગ્ન કરવા ઇચ્છતી ન હોય અને એકલુ જીવન ગાળી પુરૂષ પેઠે ધંધાદારી થઈ રહેવા ઇચ્છતી હોય તેવીને તેવી જાતની ખાસ કેળવણી આપવામાં, પુરૂષોની પેઠેજ કેળવણી આપવામાં-વાંધો કાઢી શકાશે નહિ. આ વ્યવસ્થા ધ્યાનમાં રાખી જો કેળવણી વિષે વિચાર કરવામાં આવશે તો ઘણી તકરારો આપોઆપ શમી જશે. તમે બધાં ઘરસરી, ગૃહસ્થો છો, આપણા સંસારમાં સ્ત્રીમાત્ર ગૃહસ્થીજ બને અને કુંવારી ડોશીઓનો દેખાવ કદી જોવામાં આવે નહિં ! અને તેથી બધાંને ઘરસંબંધે ખાસ કેળવણી જોઈએ. જેને ન મળી હોય તેણે નિશ્ચય કરી હળવે હળવે લેવાની શરૂઆત કરવી જોઈએ.

ચતુર સ્ત્રી નાની ઓરડીને પણ સુંદર રાખે છે.

દરેક સ્ત્રી પોતાની શક્તિપ્રમાણે, પૈસાસંબંધી શક્તિપ્રમાણે પોતાનાં નાનાં ઘરને શોભાવી શકે છે, એક નાની સૂતી ઓરડી અને રાંધવા ખાવાના ચાર વાસણ જેટલીજ જેની સંપત્તિ હોય છે તે પણ પોતાની ઓરડીને આઠદશ દહાડે ધોઈ, હરહંમેશ વાળીઝાડી, અરીસા જેવી સ્વચ્છ અને સુઘડ બનાવી શકે છે. પોતાનાં ચાર વાસણને માંજી એવાં ચકચકીત બનાવી રાખે

છે કે તે જોનારની આંખને આકર્ષી, ઠારી દે છે, અને તેમાં જમનારને જમણમાં અમૃતનો સ્વાદ બક્ષે છે, પોતે અને પોતાનાં કુટુંબને વાપરવાનાં વસ્ત્રો એવાં તો સ્વચ્છ, સાબુ વગર પણ હંમેશાં નિયમીત રીતે, અને હાથને જરા તસ્દી આપીને ધોઈ ધોઈને, એવાં સ્વચ્છ રાખી શકે કે તે પહેરનાર હલકા હલકા અને સ્વચ્છ સંતુષ્ટ બની રહે છે. ગૃહની શોભાનો આધાર ઉપસ્કરણ-ફરનીચર ઉપર નથી-તેનો આધાર સ્વચ્છતા અને વ્યવસ્થા ઉપર છે. ઘણાં ઘણાં સુંદર સાધનો હોવા છતાં સ્વચ્છતા અને વ્યવસ્થાને અભાવે કેટલીકવાર મોટા બંગલાઓ પણ જોવા ન ગમે તેવા હોય છે તથા સ્વચ્છતા અને વ્યવસ્થાને અભાવે એક નાની ઓરડી, જેને ધોતાં વાળતાં પા કલાક પણ ન લાગે, તેની અંદર ઉભુ પણ ન રહી શકાય તેવી હોય છે. ગૃહની શોભાનો આધાર, ત્યારે, સ્વચ્છતા અને વ્યવસ્થા ઉપરજ છે. જેની જેવી શક્તિ હોય, જેનાં જેવાં સાધન હોય તે પ્રમાણે દરેક ગૃહિણી પોતાનાં ઘરની શોભા રાખી શકે છે. શક્તિ પ્રમાણે સૌનું ઘર બને તેવું સુંદર છે કે કેમ એ વિચાર દરેક ગૃહિણીએ કરવો ઘટે છે.

ઘરની શોભા ઉત્તમ ગૃહિણી.

આ વાત ઘરની બાહ્ય શોભાની થઈ; પણ તે શોભા કરતાં પણ અનેક ગણી શોભા ઘરની અંદર રહેનારાંના ચિત્તની સ્થિતિપરથી બની રહે છે. બાહ્ય શોભા ગમે તેવી ઉત્તમ હોય, પણ માણસોનાં મન જો અસ્વચ્છ હોય, અસંતુષ્ટ હોય, દુઃખી હોય, વઢકણાં હોય, સુલભ-ક્લેશ હોય તો પછી બાહ્ય શોભા બધી નકામીજ થઈ જાય. ચિત્તની શોભાનો આધાર પણ ગૃહિણી ઉપર છે. ઘરના ધણી ઉપર પણ છે અને ઘણો તેના ઉપરજ ગણવો જોઈએ. પરંતુ અત્યારે આપણે સ્ત્રીસંસાર વિષે વાત કરીએ છીએ એટલે સ્ત્રીઓના હિસ્સાનીજ વાત કરીશું. સ્ત્રીઓ, ગૃહિણીઓ, હસમુખી, આનંદી, બીજાના દોષ તરફ દુર્લક્ષ કરનાર, બીજાના ગુણોને પ્રકટ કરનાર, હંમેશાં

ખુશી કરવાની અને ખુશી થવાની તત્પરતાવાળી અને નરમ છતાં ટેકી. ગરમ છતાં વિવેકી તથા સ્વાર્થત્યાગી અને આત્મભોગમાં હંમેશાં અનુરાગી હોય તો ઘરનાં માણસોનાં મન ઘણું કરી ખુશમિજાજી અને સંતુષ્ટ રહેછે, અને તેમ થવાથી ગૃહની શોભામાં અનેક ઘણો વધારો થાય છે.

મુકુન્દરામ નિત્યારામ.

૧૪૬—અનન્ય સ્વામીભક્તિ.

જુઓ ! આપણા ભારતવર્ષમાં પૂર્વે સીતા, સાવિત્રી, અરૂંધતી, લોપામુદ્રા, દમયંતી વગેરે જે મોટી મોટી સાધ્વી સ્ત્રીઓ થઈ ગઈ તેમની કીર્તિ અદ્યાપિ ભરતખંડમાં ચંદ્રિકા પ્રમાણે નિષ્કલંક ઝળકે છે તે શાથી ? તેઓ પોતાના પતિનાં છેક તત્પર ભક્ત હોઈ બેહદ પ્રેમાળ હતાં તેથીજ. લોપામુદ્રા રાજ કન્યા હતી. અને અગસ્ત્ય ઋષિનું ઐશ્વર્ય જોઇએ તો પલાશના લાકડાનો દંડ, કમંડલુ, ઝાડની છાલનાં વસ્ત્ર તથા ઝુંપડી એટલુંજ પરંતુ લોપામુદ્રાએ પોતાનુ લગ્ન તેની સાથે થતાંજ પોતાના બાપે સાસરવાસામાં આપેલો બાદશાહી પોશાક, અમૂલ્ય મણી, ઘરેણાં વગેરે સઘળું તત્કાળ દૂર કરી પોતાના પતિની સ્થિતિને અનુરૂપ ઝાડની છાલનો પોશાક પહેર્યો અને સર્વ રાજભોગ ઉપર નિઃસ્પૃહ થઇ પોતાના પતિની પાછળ પાછળ સિંહ, વાઘ વગેરે ભયંકર પશુથી ગાજી રહેલા અરણ્યમાં ગઈ! તેવીજ સવારના પહોરમાં સંભારવા લાયક રમણીય કુલશિરોમણી પતિવ્રતા સીતા. બાળકથી તે વૃદ્ધ સુધી સર્વેને એની કીર્તિની ખબરજ છે. તેને ઉપમા આપવા લાયક જગતમાં કોઇનીજ યોગ્યતા નથી. જેને જન્મ આપી ભારતભૂમિએ 'રત્નગર્ભા" એ નામ સંપાદન કર્યું, તે સર્વમાન્ય સીતા નવવિવાહિત છતાં, સૂર્યના તડકાથી, ટાઢથી, પવનથી, તથા સૃષ્ટિથી ઉત્પન્ન થનાર અસહ્ય ક્લેશનો તેને સ્વપ્નામાં પણ અનુભવ થયલો ન છતાં, પિતાના સત્યનું પાલન કરવા સારૂ

ચૌદ વર્ષ સૂધી વનવાસ જનાર પોતાના પતિની સાથે "ન આવીશ" "ન આવીશ" કહેતાં પણ ક્રૂર રાક્ષસોનું ઘર જે દંડકારણ્ય તેમાં રહેવા ચાલી! આહા! તે વખતે સીતાને પોતાની મેળે ઝાડની છાલનું લૂગડું પહેરતાં આવડતું નહોતું. તે વખતે તેણે શું કર્યું? તેણે તે વસ્ત્ર હાથમાં લઈ આંસુ ભરેલી આંખે રામચંદ્ર તરફ જોયું. અને રામે જાતે તે વસ્ત્ર પોતાની પ્રિય પત્નીને પહેરાવ્યું. તરતજ પિતાને વંદન કરી વનવાસ જવા સારૂ નીકળેલા રામની પાછળ, આવી શોચનીય દશામાં રાજમાર્ગે તે ઘણા હર્ષથી ચાલી, તે દુઃખનો દેખાવ જોઈ પથ્થર સરખા કઠણ કાળજાના માણસથી પણ રોયા વિના રહેવાયુ નહીં. પરંતુ સીતાને જરા પણ દુઃખ નહોતું. તે એવું સમજતી કે તેના પતિની સાથે તે નરકમાં હોય તોપણ તેને સ્વર્ગનુ સુખ છે તથા તેને છોડી સ્વર્ગમા હોય તો પણ તે નરકમાંજ છે. આહા! શો પ્રેમ આ! કેવી પતિભક્તિ! ખચીત આવો પ્રેમ તથા પતિવ્રત જેનામાં હતુ તે સુખીજ હતી. આગળ માત્ર વનવાસથીજ તેનો છૂટકારો થયો શુ? નહિ. જેટલી જેટલી વિટંબણાઓ હતી તે બધી દૈવે તે બિચારી સીતા. ઉપર પાડી, પરંતુ છેવટે તે કઠોર દૈવને પણ સીતાએ પોતાના પતિપ્રેમથી તથા ધૈર્યથી અવધિ કરી બતાવી!! લોકોના અપવાદથી બીહીને પતિએ વનમા તેનો ત્યાગ કર્યો, ત્યારે તે નિર્જન વનમાં છોડેલી નિરપરાધી પૂર્ણગર્ભા સીતાનું સ્મરણ થતું ત્યારે કેવું થતું વારૂ? ભવભૂતિના કહેવા પ્રમાણે "**अपि ग्रावा रोदित्यपी दलति वज्रस्य हृदयम्**" પથ્થરોને પણ રડવું આવેછે અને વજ્રનું હૃદય પણ દુઃખથી ભાંગેછે"!!! પરંતુ આવે સમયે પણ સીતાનો પતિ ઉપરનો પ્રેમ તથા પતિવ્રત લેશ માત્ર પણ ઓછું થયું નહિ. પોતાનો અપરાધ ન છતાં પતિએ ત્યાગ કર્યો માટે તેણે રામને દોષ દીધો નહિ. પોતાનું નશીબજ એવું ખરાબ છે એમ માની ધૈર્યથી લક્ષ્મણ સાથે રામને તેણે નીતિનાં તથા ધર્મનાં વચનો કહેવરાવ્યાં. "મને તમે છોડી છે તોપણ હું તમારીજ દાસીછું. બીજી પ્રજા પ્રમાણે આ વનમાં મારૂં રક્ષણ કરનાર તમેજ છો તથા તમારી સત્કીર્તિ હું સાંભળીશ

એટલે મને સુખ થશે.” એવો સદેશો કહેવરાવ્યો ! ! આહા ! શું ધૈર્ય અને કેવું મહત્વ આ ! ખરેખર આવી સાધ્વી જે દેશમાં ઉત્પન્ન થઈ તે દેશ ગમે તેટલો નાનો તથા દુર્દશામાં હોય તોપણ આખા જગતમાં વંદ્ય છે. આપણો ભારતવર્ષ હાલ ઘણી ખરાબ અવસ્થામાં આવી પડયો છે, પરંતુ અમે મોટા અહંકારથી આકાશને ગજાવી નાખનાર સ્વરે મોટેથી લોકોને કહીએ છીએ કે અમારા ભારતવર્ષમાંનું સાધ્વી સીતા સરખું સ્ત્રીરત્ન બીજા કોઈપણ દેશમાં નીપજ્યું નથી ! ! ભારતવર્ષ બીજા સઘળા ગુણોમાં બીજા દેશોથી ઉતરતો હશે પણ સીતા જેવી સતી સ્ત્રીઓની કીર્તિમાં તેની બરાબરી કરી શકે એવી અદ્યાપિ કોઈ પણ દેશની યોગ્યતા થઈ નથી. તે પ્રમાણેજ દમયતી, સાવિત્રી, વગેરે જે મોટી મોટી સાધ્વી સ્ત્રીઓ થઈ તેમનાં પણ ચરિત્ર છે. માટે જે સ્ત્રીઓને પોતાની જાતિની મોટાઈ વધારવાની ઇચ્છા હોય તેમણે ઉપર કહેલી સાધ્વી સ્ત્રીઓનાં ઉદાર તથા પવિત્ર ચરિત્રનુ પોતાના આચરણથી પુનરૂજ્જીવન થાય તેમ કરવું.

(શ્રી ધર્મનીતિ.)

બહેચરલાલ નટવરજી.

૧૪૭—પુત્રવધૂનાં ધર્મ.

હવે, આપણે પુત્રવધૂના ધર્મપતિ વળીએ. હિંદુ સંસારમાં પાશ્ચાત્ય પ્રજાની સમાન લગ્ન થયા પછી પુત્ર જુદું ઘર માંડતો નથી, પરંતુ પરિણીત વધૂ શ્વશુરગૃહમાં આવે છે. માતાપિતા અને પુત્ર વચ્ચેનો સંબંધ પ્રભુના ઘરનો છે; અને એ ઇશ્વરી સંબંધ ઉપર પુત્રનાં કર્તવ્યો રચાયાં છે. સાસુ સસરા અને પુત્રવધૂ વચ્ચેનો સંબંધ કરેલો છે, તોપણ અન્યોન્યનાં કર્તવ્યો કમી નથી. પરણ્યા પછી પિતાનું ગૃહ મટીને શ્વશુરગૃહ સદાને માટે પુત્રવધૂનું ગૃહ થાય છે. આમ હોવાથી, જે ગૃહમાં આખું જીવન વ્યતીત

કરવાનું ને ગૃહના મનુષ્યો પ્રતિ પ્રેમભાવ દર્શાવવો, તેમને ઉપયોગી થઇ પડવું, અને તેમને પ્રસન્ન રાખવાં તેમાંજ તેનું સુખ સમાએલું છે એ વાત સ્પષ્ટ છે. આ પ્રકારે કેવળ વ્યાવહારિક દૃષ્ટિથી વિચાર કરીને આપણે વિરમીશું નહિ, પરંતુ શાસ્ત્રની દૃષ્ટિએ પણ યત્કિંચિત વિચાર કરીશું. આપણા શાસ્ત્રોમાં પુરૂપ અને સ્ત્રી એ બન્નેની એક વ્યક્તિ કલ્પેલી છે. સ્ત્રી એ પુરૂષનું અડધુ અંગ છે એવું વેદવચન છે. વળી, સ્ત્રી પુરૂપ અન્યોન્યનાં પૂરક (Complementary) છે. જે ન્યૂનતા પુરૂષમાં હોય તે સ્ત્રી પૂરે અને જે ન્યૂનતા સ્ત્રીમાં હોય તે પુરૂપ પૂરે. આમ હોવાથી સ્ત્રી પુરૂપનું જોડુ તે એક પૂર્ણ વ્યક્તિ છે. આ દૃષ્ટિએ પ્રસ્તુત પ્રશ્નનો વિચાર કરતાં **પુત્રના ધર્મ તેજ સ્થિતિ અનુસાર પુત્રવધૂના ધર્મ છે.** એજ દૃષ્ટિએ સાસુ અને સસરાને પુત્રવધૂએ માતા અને પિતા સમાન ગણવાનાં છે. આપણા શાસ્ત્રમાં પાંચ પ્રકારનાં માતાપિતા ગણાવેલાં છે તેમાં સાસુ અને સસરા આવી જાય છે. પતિના ધર્મ તેજ આ બાબતમાં સ્થિતિ અનુસાર પત્નીના ધર્મ હોવાથી પુત્રવધૂએ સાસુ સસરાની આજ્ઞાઓ પાળવાની છે, એટલુંજ નહિ, પરંતુ તેમની ઇચ્છાઓ પ્રમાણે વર્તવાનું છે. વળી, તેમની મનઃપૂર્વક સેવા કરવાની છે અને તેમના પ્રતિ અથાગ પૂજ્યબુદ્ધિ રાખવાની છે. **અન્યોન્યના ધર્મકાર્યમાં સહાયક થવાનો સ્ત્રી પુરૂપનો ધર્મ હોવાથી સ્ત્રીએ પોતાના પતિના પુત્રધર્મના પાલનમાં બાધક તો નજ થવું જોઇએ, પરંતુ સાધક થવું જોઇએ.** માટે સાસુ સસરાની આજ્ઞાઓ મને રૂચતી નથી, કિંવા મારા હિતથી તે વિરૂદ્ધ છે, એ વિચાર પુત્રવધૂએ કરવાનો નથી; માત્ર તે ધર્મ કે નીતિની વિરુદ્ધ નથી એટલુંજ જોવાનું છે. શ્રીરામચંદ્રજી જ્યારે પોતાના પિતાને વચનના ઋણમાંથી મુક્ત કરવા વનવાસ જવા સારૂ નિકળ્યા, ત્યારે સીતાના સુખના સર્વ મનોરથ ભગ્ન થયા; તદપિ એક શબ્દ તેમણે ઉચ્ચાર્યો નથી, અને "મારા સ્વામીનો ધર્મ એજ મારો ધર્મ" એ ઉદાત્ત આર્ય ભાવનાને અનુસરી તેમણે પ્રસન્ન ચિત્તે વલ્કલ પહેર્યાં અને નીકળતી વખતે શ્રી રામચંદ્રજીની સાથે કૈકેયી માતાને પ્રણામ કરવા ગયાં, એ વાત આધુનિક પુત્રવધૂઓએ વિસ્મરવી જોઇતી નથી. સતી સાવિત્રીનું આખ્યાન

સ્ત્રીઓને સ્મરણમાં હશેજ. પોતાનાં અંધ સાસુસસરાની તે સતી સ્ત્રીએ મનઃપૂર્વક સેવા કરી હતી અને પોતાના સ્વામીને યમના પાશમાંથી મુક્ત કરવા યમની પાછળ ગયાં હતાં, તે સમયે તેમને વરદાન માંગવાનું કહ્યું ત્યારે પ્રથમ વરદાન તેમણે એ માગ્યુ કે "મારાં અંધ સાસુસસરાને સનેત્ર કરો." કશ્યપ મુનિએ શકુંતલાને સાસરે જતી વખતે શિખામણ આપી છે તેમાં પહેલ વહેલુ એ કહ્યું છે કે "**शुश्रूषस्व गुरून्** ।"–તારાં સાસુસસરાની સેવા કરજે. પતિને કુટુંબના પોષણને અર્થે આખો દિવસ ગૃહની બહાર રહેવું પડે છે ત્યારે તે સમયમાં વૃદ્ધ સાસુ સસરાની સેવા કરીને પતિની પડતી ન્યૂનતા પુત્રવધૂએ પૂરી પાડવાની છે અને અન્ય વખતે પતિને પુત્રધર્મના કાર્યમા સહાયક થવાનુ છે. જે વહુઓ સાસુસસરાની આમ નિરંતર સેવા કરે છે તેમને સાસુ સસરા અંતઃકરણથી આશીષ આપે છે. આ પ્રમાણે પુત્રની સમાન પુત્રવધૂના પણ "આજ્ઞાપાલન", "ઇચ્છાઅનુવર્તન", "પૂજ્યબુદ્ધિ," અને "સેવા" કરીને ચાર મુખ્ય ધર્મ છે. હવે "પોષણ"–ના ધર્મમાં સ્થિતિઅનુસાર ભેદ પડશે. પુત્ર બહારથી કમાઇ ઘરમાં લાવવાનુ છે. પુત્રવધૂએ તે સર્વની સારી વ્યવસ્થા કરી વૃદ્ધ સાસુની આજ્ઞાનુસાર નીતિ પ્રમાણે ગૃહ ચલાવવાનું છે, અને જો સાસુ જુવાન હોય તો તેમને ગૃહતંત્ર ચલાવવામાં સહાયક થવાનુ છે. રસોઈ કરવાનુ કાર્ય ઘણુંખરૂ વહુવારૂ ઉપર હોય, તો તેણે ઉત્તમ પ્રકારે સાસુસસરાની રૂચિઅનુસાર રસોઇ બનાવીને તેમના મન સંતોષવાનાં છે. વળી પુત્રવધૂ કાંઈ ભણેલી હોય અને સાસુ કાંઈ ભાવિક હોય તો અવકાશને સમયે ગામની કુથલી કરવાનુ કામ છોડી દઈને સાસુ પાસે બેસીને વહુ એકાદ ધર્મપુસ્તક વાંચે તો તે કેવું સુંદર દેખાય ! "ઋણમોચન", "તર્પણ" અને "શ્રાદ્ધ" એ પુરૂષનાંજ કર્તવ્ય હોવાથી પુત્રવધૂનાં નથી, ત્યારે તેના બદલામાં પુત્રવધૂએ ગૃહનુ સર્વ કાર્ય કરવાનુ છે, અને સાસરાની સ્થિતિ પ્રમાણે ચાલવાનું છે. કામ કરવામાં જરાયે વસાંસ ન કરવી. કામ કરવાથી હાડકા ઘસાતાં નથી પરંતુ શરીર મજબુત થાય છે; અને તે ઉપરાંત સામા માણસોની પ્રીતિ સંપાદન કરાય છે. કહે છે કે "કામ કર્યું તેણે કામણ કર્યું." સત્યભામાને દ્રૌપદીએ જવાબ આપ્યો હતો

તે સ્ત્રીવર્ગને તો વિદિત હશેજ. કામ કરવાથીજ દ્રૌપદીએ પાંચ સ્વામી અને છઠ્ઠાં કુંતિ માતાની પ્રસન્નતા પ્રાપ્ત કરી હતી અને તેના અભાવે સત્યભામા એક પતિની પણ પ્રસન્નતા સંપાદન કરી શક્યાં નહોતાં. મનઃપૂર્વક કામ કરવું એ વશીકરણનો મહામંત્ર છે. જે વહુઓને સાસરામાં બનતું નથી તેમણે આ મંત્રની ઉપાસના નિયમિત રીતે કરવા માંડવી એટલે અલ્પ સમયમાં ફલસિદ્ધિ તેમને અવશ્ય પ્રાપ્ત થશે. બીજી વાત જે પુત્રવધૂઓએ ખાસ લક્ષમાં રાખવા જેવી છે તે એ છે કે સાસુસસરાનાં અલાબડાં પિયર ન કરવાં. શ્વશુરનુ ગૃહ એજ તેમનું ગૃહ છે. એ ઘરનું ભૂંડું અન્ય સ્થળે તો બોલવું નહિજ પરંતુ પિયરમાંએ ન બોલવું. પિયરમાં અન્ય મનુષ્યો બોલતા હોય તો સાફ કહેવું કે મારા સુખનો વિચાર કરતાં હો તો તેમ ન કરશો, અને છતાંયે ન માને તો મુનિવ્રત ધારણ કરવું, પણ તેમાં પોતે કોઈ પણ જાતનો ભાગ લેવો નહિ. તેવીજ રીતે પિયરની વાત સાસરે ન કરવી. શ્વશુરગૃહને શોભાવવું અને બહાર તે સારૂ કેમ દેખાય એની નિરંતર કાળજી રાખવી. બનતાં સુધી સાસરામાં ક્લેશ ઉત્પન્ન ન થાય અને શાંતતા પ્રવર્તનેની તો ખાસ સભાળ રાખવી; અને તે ક્લેશનું કારણ પોતે તો નજ થવું. કુટુંબમાં ક્લેશનું કારણ મુખ્યત્વે કરીને સ્ત્રીઓ હોય છે અને સામાન્યતઃ તેમાં બન્ને પક્ષનો વાંક હોય છે. બે વાંસેવાંસ ઘસાય તો અગ્નિ ઝરે. એક ગરમ અને બીજુ નરમ હોય તો કંકાસ ન થાય. હવે સાસુઓ તો વૃદ્ધ થઈ એટલે તેમને ઉપદેશ આપવો વૃથા છે, અને પ્રસ્તુત તે વિષય પણ નથી, પરંતુ પુત્રવધૂઓને માટે શિખામણના બે બોલ અત્ર અનુચિત નહિ કહેવાય. ખાસ કરીને પુત્રવધૂએ સહનશીલતા, હૃદયની ઉદારતા, પ્રેમ, અને ચતુરાઇ એ ચાર સદ્દગુણો પ્રાપ્ત કરવા પ્રયત્ન કરવો જોઈએ. કારણ કે તેમ કર્યાથી શ્વશુરગૃહમાં તેમનું જીવન સુખી થાય છે અને સાસુસસરા પ્રતિના પોતાના ધર્મો બજાવવામાં તે સદ્દગુણો અત્યંત સહાયક બને છે.

ડાહ્યાભાઇ લક્ષ્મણભાઇ.

૧૪૮—સ્ત્રીઓના પોશાક.

એક પ્રજાના પોશાકપરથી, તે પ્રજામાં સ્ત્રી પુરૂષોની રૂચિ, તેમની સામાન્ય નીતિ અને તેમની રીતભાત જણાઇ આવે છે. આ કારણથી તેમ આરોગ્યની અને આર્થિક દૃષ્ટિએ આ વિષય ઘણો મહત્વનાછે, અને સમજુ સ્ત્રીપુરૂષોએ તે સંબંધે વિચાર કરવાની જરૂર છે. એક અમેરિકન પત્રમા વાજબી રીતે જણાવવામાં આવ્યુ છે કે પ્રથમ તો, શારીરિક જરૂરીઆતો— ઠંડી, ગરમી અને શરદીથી શરીરનું રક્ષણ કરવાની આવશ્યક્તાથી પોશાકની અગત્ય તથા ઉત્પત્તિ જણાઇ છે. શારીરિક સગવડ ઉપરાંત પોશાકમાં, અલંકાર, શોભા, આકર્ષણ આદિ તત્વ છે એ સ્ત્રીપુરૂષોને પછી ધીરે ધીરે જણાવા લાગ્યુ, અને પાછળથો દરેક દેશ અને પ્રાંતની દૃષ્ટિએ, માનવજાતિના જૂદા જૂદા માનસિક અને નૈતિક વિચારો, લાગણીઓ અને ઇચ્છાઓની, રાજકીય ફેરફારોની તેનાપર અસર જણાવા લાગી; તેને લીધે પોશાકનાં અનેક રૂપાંતર થયાં છે અને થયે જાય છે. હિંદુસ્થાનમાં, હિંદુસ્થાનના દરેક પ્રાંતમા પોશાક સંબંધે પરિસ્થિતિ તપાસીએ તો આ સત્ય સ્પષ્ટ રીતે જણાઇ આવે છે.

જ્યાં સૂધી જગતમાં માનવ સ્વભાવ છે ત્યાં સૂધી માણસના—સ્ત્રી અગર પુરૂષના દરેક કાર્યમાં તે કાર્યની જરૂરીઆત, તે કાર્યના મહત્વ ઉપરાંત **લાગણીનુ**, બીજા ઉપર અસર કરવાની ઇચ્છાનુ અસ્તિત્વ રહેવાનું એ નિર્વિવાદ છે. સુંદર અને આકર્ષક દેખાવાની, અન્ય મનુષ્યપર છાપ પાડવાની આ ઇચ્છા ઉપર દરેક સ્ત્રી પુરૂષે, સભ્યતા, પવિત્રતા, નીતિ અને પોતાની સાંસારિક, પોતાની આર્થિક સ્થિતિને લગના વિચારોનો અંકુશ મૂકવાની જરૂરછે.

દરેક સ્ત્રી પુરૂષ પોતાનું દિલ ચહાય, તેવો પોશાક પહેરે એની હુ વિરૂદ્ધ નથી. પણ દરેક સ્ત્રીપુરૂષ પોશાકને લગતી પોતાની ગોઠવણમાં અમુક પોશાક આરોગ્યની દૃષ્ટિએ, શરીર સંરક્ષણના નિયમોને અનુસરીને યોગ્ય

છે કે કેમ, તે પોશાક મર્યાદશીલ છે કે કેમ, પોતાની સ્થિતિને અનુસરતો, પોતાની અગર પોતાના કુટુંબની નાણાં સંબંધી સ્થિતિને અનુસરતો છે કે કેમ તેની તપાસ કરવાની જરૂર છે. પાશ્ચાત્ય પ્રજા અને સાહિત્યના સમાગમમાં આ દેશ આવ્યા પછી તે તરફની પ્રજાઓનું ઘણી બાબતમાં તે અનુકરણ કરે છે, તે પ્રજાની ઉત્તમ ભાવનાઓ અને રીતભાતનુ અનુકરણ, અલબત આપણે કરવું જોઈએ. પણ ત્યાંનું બધુંજ સારૂ અને સંપૂર્ણ છે એવો વિચાર બાંધતાં સાવધ રહેવું ઘટે છે. ખુદ પાશ્ચાત્ય પ્રજાઓ પોતેજ પોતાની પોશાકની રીતભાતથી અસંતુષ્ટ છે એમ તેમના વિચારો ઉપરથી જણાઈ આવે છે. આમ છતાં, પોશાકની તેઓની આજ અગર તેને મળતી રીતભાતોનું અનુકરણ કરવું યોગ્ય હોય એમ હું માનતો નથી.

પોશાકની બાબતમાં સ્ત્રીઓ કરતાં પુરૂષોએ પાશ્ચાત્ય પ્રજાઓનુ ઘણું અનુકરણ કર્યું છે. સ્ત્રીઓએ તેઓના પોશાકમાં ઘણું તેમ સીધુ અનુકરણ કર્યું નથી. પણ યુરોપિઅનમાંથી થોડુંક પારસીમાં અને પારસીમાંથી થોડુંક હિંદુઓમાં અનુકરણ થતું આવ્યું છે ઈંગ્લાંડની ફેશનનું નેતા લંડન ગણાય, ફ્રેંચ ફેશનનુ નેતા પૅરિસ ગણાય તેમ આ પ્રાંતમાં ફેશનનુ નેતા મુબાઈ છે. મુબાઈની આગેવાન કોમોનુ ત્યાંની બીજી કોમો અને બહારગામની કોમો અનુકરણ કરેછે. આ અનુકરણ નુકશાનકારક ન હોય તે જોવાની ખાસ જરૂર છે.

મારા ધારવા મુજબ મોટાં શહેર સિવાય, ગામડામાં ફેશનની ઘણી જૂજ અસર જણાઈ છે. શહેરો તેમ બહારગામ, ગામડાંમાં પોશાકની નિર્લજ્જ, આરોગ્ય સંરક્ષણને પ્રતિકૂળ, હદ બહારની ખર્ચાળુ ફેશનો મજબૂત પગ પેસારો કરે તે પહેલાં સુજ્ઞ સ્ત્રી પુરૂષોએ તે સંબંધમાં ભયનો પુકાર ઉઠાવવાની, દાખલ થએલી તેવી ફેશન, પોશાકની રીતભાત દૂર કરવાની અને જ્યાં દાખલ ન હોય ત્યાં દાખલ થતી અટકાવવાની આવશ્યકતા છે.

ફેશનને નામે શરીરને તેમ ઋતુને પ્રતિકૂળ, ફેશનને નામે ઘણા તંગ, ઘણાં ઝીણાં, પારદર્શક, જાળમાળીયાં, ફેશનને નામે નિર્લજ્જ, અમર્યાદ,

ફેશનને ખાતર ઘણાં જાડાં, ગભરાવી નાંખે તેવાં, ફેશનને ખાતર પોતાની આર્થિક સ્થિતિને બંધ નહિ બેસતાં કપડાં પહેરવાના અનુકરણનો અટકાવ નહિ થાય તો, લોકોના આરોગ્યને, તેમની આર્થિક સ્થિતિને, લોકોની નીતિને, પવિત્રતાને તેથી થનાર નુકશાન ક્યાં અટકશે એ કહી શકાતું નથી.

સ્ત્રીઓનો પોશાક બેઅદબ.

મર્યાદા, લજ્જા, વિનીતતા એ સ્ત્રીઓનું, તેમના લાવણ્યનું પ્રથમ ભૂષણ છે. પોશાકની જે પદ્ધતિઓ ખાસ કરીને પહેરનાર તેમજ પ્રેક્ષકની વૃત્તિઓનું, હલકી વાસનાઓનું, આકર્ષણ કરે તેવી પદ્ધતિવાળા પોશાકનો દરેક પવિત્ર, દરેક મર્યાદશીલ દરેક સભ્ય, વિનીત સ્ત્રીએ ત્યાગ કરવો જોઈએ. આવા પોશાક, તેવા પોશાકની ઘેલછા, નિર્દોષ, સદ્‌ગુણી, પવિત્ર બાળાઓ અને સ્ત્રીઓનું પતન, તેમની અધોગતિ થવાનું એક સાધન છે. એવો ભય પાશ્ચાત્ય દેશોના વિચારકોના મનમાં પણ પેઠો છે. આ ભય વાજબી છે. અને તે ભયનું કારણ આપણા સ્ત્રીસમાજમાં દાખલ ન થાય તે માટે દીકરીઓ અને બહેનોના કલ્યાણ માટે લાગણી ધરાવનાર દરેક સ્ત્રી પુરૂષે ઘટતા ઉપાય લેવા જોઈએ છીએ.

જે જે વસ્ત્રાલંકાર અગર વસ્ત્રાલંકારની જે જે પદ્ધતિથી સ્ત્રીની મર્યાદાનો, સ્ત્રીની લજ્જાનો, તેની વિનીતતાનો ભંગ થતો હોય, તેનો તેનો ત્યાગ થવો જોઈએ. મર્યાદા, લજ્જા, વિનીતતા એ સ્ત્રીનું **ભૂષણ** છે એટલુંજ નહિ પણ **સ્ત્રીનું બખ્તર** છે. એક વખત આ બખ્તરે ફેંકી દેવામાં આવ્યું તો તેનું અપમાન થવાના, તેના પર હુમલા થવાના સંભવ, તેને લગતી લાલચો, તેને લગતાં આકર્ષણો વધશે, તે સાથે અપમાન તથા હુમલા સામે બચાવ કરવો મુશ્કેલ થઈ પડશે. આર્થિક તેમ નૈતિક દૃષ્ટિએ જોતાં માલમ પડે છે કે સ્ત્રીઓના ફેશનેબલ, કેટલીક વખતે અમર્યાદ પોશાકમાં **સામાન્ય રીતે** માત્ર **અનુકરણનું**જ અનિષ્ટ જણાય છે. **જૂજ** અપવાદોમાંજ, **ફૅશન** અને **બહારના** આકર્ષણના **હેતુપુર્વક પ્રયાસોને,**

પ્રધાનતા આપવામાં આવે છે, ગજા ઉપરાંત ભારે, કિંમતી ફેશનેબલ, કેટલીક વખતે અમર્યાદ પોશાકનું અનુકરણ કરવાની ઘેલછાની **શરૂઆત** થઈ ગઈ છે. સમાજના દરેક વર્ગમાં, તે પગપેસારો કરવાની તૈયારીમાં છે. સ્ત્રી પુરૂષો જાગ્રત થઈ, આ ઘેલછાનો, આ અનિષ્ટનો અટકાવ કરશે નહિ તો ઘણી હાનિ થશે એમાં કશો પણ સંશય નથી.

સીતારામ જે. શર્મા.

૧૪૯—"ભારતીય બહેનાંને કરકમળે"!

બહેનાં! આજે નવલવર્ષની ઉષાએજ આપના કરકમળમાં કંઇક પ્રસાદ ધરવો, એવી હૃદયના મર્મ ભાગમાંથી ઉંડી ઊર્મિઓ ઉઠે છે. અને એ ઊર્મિ બળે જે કંઈ લખાયુ છે તે આપના ઇષ્ટ કરકમળે ધરૂં છું. સ્વીકારશો બહેનાં?

ભારતની ભાગ્ય દેવીઓ! ભારતનું ભવિષ્ય તમારા હસ્તગત છે! ભારતની મંગળ દેવીઓ! દેશનું મંગળ કરવું એ તમારૂંજ કાર્ય છે!

પ્રાચીન રમણીઓ.

જે દેશમાં સ્ત્રીઓએ દેશ સુધારણાના કાર્યોમાં ઝંપલાવ્યું નથી, તે દેશનો ઉદય કોકાળે પણ થયો નથી. આપણા પ્રાચીન ઇતિહાસો આની સબળ સાક્ષિ પુરે છે. પ્રાચીન ભારતની જ્વલંત કીર્તિ સાથે પ્રાચિન આર્યમહિલાઓની કીર્તિ જોડાએલી છે. આહા હા! ક્યાં તે મધુરો પ્રાચીનકાળ??? એના તો હવે ભણકારાજ રહ્યા!

નમન હો પરમપુનિત સાધ્વી જનકાત્મજા તને! વંદન હો સતી દમયંતિના પવિત્ર ચરણોને! અરૂંધતી! અનસુયા! ગાર્ગી! મૈત્રેયી! સાવિત્રી! બહેનાં! તમારાં તો હાવાં સંભારણાંજ રહ્યાં!

બહેનાં! પ્રાચીન આર્ય બાળાઓએ સમાજના પ્રત્યેક કાર્યમાં રસપૂર્ણ ભાગ લીધો છે. તમે પણ તેમનાં વંશજ છો.

હજારો લખનારાઓ છો લખ્યા કરે કે અમારા દેશમાં સ્ત્રીઓને છૂટ નથી, સ્વતંત્રતા નથી, સ્ત્રીઓ પરતંત્ર છે, ગુલામ છે, ચાકરડી છે. હું કહીશ કે તેઓના સમજવામાં કંઇક મહાન ભૂલ છે. એમણે લખેલું સઘળું અતિશયોક્તિ ભર્યું છે. અમારા પવિત્ર ભારતવર્ષમાં સ્ત્રીઓને જેટલી સ્વતંત્રતા છે તેટલી કોઈ દેશમાં નથી.

અમારા હિંદુસંસારની ગૃહવ્યવસ્થાના બે મહાન ભાગ પાડવામાં આવ્યા છે. પોષણનાં સાધન ઉત્પન્ન કરવાં અને પોષણ કરવું. વા દ્રવ્યોપાર્જન અને દ્રવ્ય રક્ષણ.

પોષણનાં સાધન ઉત્પન્ન કરવાં, દ્રવ્યોપાર્જન કરવુ એ સઘળું કાર્ય એકલા પુરૂષનેજ સોંપાએલું છે, અને પોષણ કરવાનું વા દ્રવ્ય રક્ષણનું મહાનકાર્ય સ્ત્રીઓને સ્વતંત્ર રીતે સોંપવામાં આવ્યુ છે. વળી ગૃહરાજ્યની રાણી તરીકે વા દેવી તરીકે, કાર્યભાર વહન કરવા માટે બહોળા જ્ઞાનની અને વિશાળ અનુભવની જરૂર છે. અને તેવું વિકટ કાર્ય અમારા ભારતમાં કેવળ સ્ત્રીઓનેજ કરવાનુ હોય છે. અતિથી સત્કાર અને કુટુંબ રક્ષણનું કાર્ય અમારા ગૃહની દેવીઓજ કરે છે. આનંદથી કરે છે, હોંસથી કરે છે; કંઇ પણ સુગ લાવ્યા વિના કરે છે. અમારી આર્યબાળાઓ આ કાર્યને ગુલામગીરી કે દાસત્વપણું માનતી નથી, કિંતુ એક મહાનમાં મહાન અને પવિત્ર કાર્ય–ફરજ–ગણે છે.

પ્રભુથી પણ પતિને પ્રથમ પૂજે છે.

એક આર્યબાળા–એક આદર્શગૃહિણી–પોતાના પતિને સ્વહસ્તે રસોઇ કરી ભોજન પીરસતાં જેટલી સંતુષ્ટ થાય, તેટલી બીજા કશાથી થતી નથી. પવિત્ર આર્યબાળા આર્યાવર્ત સિવાય જગતમાં અન્ય સ્થળે ઉદ્‌ભવી નથી અને કોણ જાણે ભવિષ્યમાં એ થશે કે કેમ! તેની પણ શંકા છે.

ભારતની સ્ત્રીઓ પતિને પ્રભુ સમ ગણે છે. પ્રભુથી પણ પતિને પ્રથમ પૂજે છે. અને સ્વપતિના શબની પાછળજ પોતાનુ શબ સમજે છે.

ભારતીય પુરૂષ સ્વપત્નીને પોતાનું અર્ધું અંગ સમજે છે. પોતાના ગૃહ-રાજ્યની ગૃહરાણી ગણે છે. પોતાના મનમંદિરમાં પધરાવેલી સચેતન પ્રાણ પ્રતિમા ગણે છે. આવી રીતે પતિપત્ની પોતાના આત્માનું ઐક્ય કરી સંસાર સાગરમાં યથેચ્છ વિહરે છે. કુટુંબ કલેશનું દુઃખદાયક ખડક તેમની દૃષ્ટિએ કદીપણ પડતું નથી. (અલબત્ત આમાં કંઇકિ અપવાદ હશે. કિંતુ કંઇકિ વિચીત્ર સંજોગોમાંજ.) જ્યારે સ્ત્રી સ્વાતંત્રના નેતા ગણાતા દેશોમાં સ્ત્રી પુરૂષ અરસ્પરસ ધન અને રૂપનેજ ચાહે છે. પતિ ધનિક હોય ત્યાં સુધી પત્ની તેને ચાહે છે અને પત્ની સુરૂપા હોય ત્યાં સુધી પતિ તેને વળગી રહે છે. તેઓનાં બહારથી સુખી કિંતુ અંદરથી હળાહળ ઝેરથી ભર્યા ઇંદ્રિવારણા સમોવડ દુઃખી સંસારનાં દુઃખદ દૃષ્ટાંતો જાણીએ છીએ, ત્યારે સહસા આપણા અંતરના મર્મ સ્થળેથી એજ ઉદ્‍ગાર નીકળી જાય છે કે "તમારો એ સુખી સંસાર તમોનેજ અસ્તુ !"

ભારતવર્ષ સિવાયના કયા દેશની પત્ની **સીતા** અને **દમયંતી** પેરે સ્વપતિઓની સાથે દુઃખમાં પણ અડગ ઊભા રહી અસહ્ય સંકટ સહન કરશે ? કયી **તારામતી** સ્વામિના વચનને ખાતર નીચને ગૃહે ચાકરડી થઇને રહેશે ? કયી **સાવિત્રી** પોતાના મર્ણ પામેલા પતિને યમરાજના હસ્તમાથી મુક્ત કરી, પાછો આણશે ?

ધન્ય ધન્ય હો આર્ય રમણીઓ તમને ! અને ધન્ય હો તમારી પવિ-ત્રતાને ? દેવોને પણ તાબે કરનાર ક્રૂર રાવણના હસ્તમાં પડયા છતાં પણ પવિત્ર રહેલ દેવી **સીતા !** ધન્ય તારા આત્મબળને ! અને ધન્ય તારા મનો બળને ! વિરાટમાં કીચકના હસ્તે સપડાએલી અને શુદ્ધ રહેલી બાળા ધન્ય છે **દ્રૌપદી** તને ! પોતાના મજુર પતિને વળગી રહી સિદ્ધરાજને તુચ્છકારી કાઢનાર બહેની ધન્ય છે **જશમાંઓડણી** તને ! ભારતની દેવીઓ ! તમારાં જેટલા યશોગાન ગવાય તેટલાં થોડાં છે.

હિંદ મૈયાનાં સંતાનો.

આર્યબાળાઓ ! તમારૂ બળ અનેરૂં છે. જાદુઇ છે. જો તમે તે બળ સાચવો તો દુનિઆ ભરમાં કોઇ દુશ્મની તાકાત નથી કે તમારા પ્રતિ કુદૃષ્ટિ

એ કેવળ દૃષ્ટિપાત કરવા પોતાની આંખ પણ ઉચી કરી શકે ! અરે એ સમયેજ લાખ્ખો મણનો બોજો તેની પાંપણો ઉપર તમારૂં તે જાદુઈ બળ મૂકશે.

ભારતના ભાગ્યોદયની ચાવી ભારતીય બ્હેનાં ! તમારાજ કરકમળમાં રહેલી છે. સ્વર્ગસ્થ સાક્ષરવર્ય ગોવર્ધનરામભાઇના શબ્દોમાં કહીએતો.-" સ્ત્રીઓ પંડિત થાય, રસજ્ઞ થાય, કુટુંબ પોષક થાય, સ્વસ્થ થાય, શરીરે બળવતી, રોગહીન અને સુંદર થાય, યોગ્યતાના પ્રમાણમાં કુટુંબ બંધનમાંથી એઓ મુક્ત-સ્વતંત્ર થાય, ને તે મુક્તતાથી અને સ્વતંત્રતાથી કુટુંબની મૂર્ખ ઇચ્છાઓ અને કલેષોમાંથી છુટી, એ કુટુંબનાં ખરાં કલ્યાણ કરવા શક્તિમતિ અને ઉત્સાહિની બને, કુટુંબના બાળક વર્ગને પોષણ અને શક્તિ આપે અને વૃદ્ધ વર્ગોની કલ્યાણ વાસનાઓ તૃપ્ત કરે. "સાધ્વી પત્ની થઇ પતિનું જીવન ઉન્નત કરે, પતિતપાવન સેવા ભગિની બની દુઃખ તિમિરમાં ડૂબતાં ભાંડુનાં આત્મા-હૃદય ઉદ્ધારે; માતૃભક્ત પુત્રી તરીકે હિંદમૈયાનાં સંતાનોના વિકાસ અને પ્રગતિની સહાયક થાય, તથા પ્રજાવત્સલ જનનિ રૂપે સ્વદેશમાં ઉદય સૂર્યનાં તેજસ્વી, ઉલ્લાસભર્યાં કિરણો પૂર્ણ વિસ્તારથી પ્રસારે;-એજ આર્ય સુંદરીઓના જીવનની સફલતા છે." સ્ત્રીવિના ગૃહ નથી, ગૃહ વિના પ્રજા નથી, અને પ્રજા વિના રાજ્ય નથી-સ્ત્રીની ઉન્નતિ વિના દેશની ઉન્નતિ અશક્ય છે.

સૌ. વિદ્યાગૌરી રમણભાઈ બી. એ.

૧૫૦—ફુરસદનો વખત કેમ ગાળવો.

દરેક માણસ પછી તે પુરૂષ કે સ્ત્રી કે બાળક હોય તેને હંમેશ સવારથી સાંજ સુધીમાં કાંઇ કામ કરવાનું હોય છે. એટલે દરરોજ નિયમિત કામ કરી રહ્યા પછી જે કાંઇ વખત મળે તેમાં શું કરવું એ વિશે કાંઇ વિચાર કરીએ.

પુરૂષોને એકંદરે પોતાના તથા કુટુંબના નિર્વાહ માટે ધંધો કરવાનો હોય છે. તેમાં તેમના વખતનો મોટો ભાગ રોકાય છે અને ઘણો જુજ વખત તેઓ ફુરસદનો મેળવી શકે છે. પરંતુ જેટલો મળે તેટલો વખત સારાં કામ કરવામાં ગાળવો એ તો સહુ કોઇની ફરજ છે. આપણે ખાસ કરીને સ્ત્રીઓએ નવરાશની વેળા કેમ ગાળવી તે પર લક્ષ રાખીશું. સ્ત્રીઓને મોટે ભાગે ધન કમાવાનું નથી હોતું તથાપિ ઘર કામમાં તેમને રોકાવું પડે છે. છોકરાં સંભાળવાં, રસોઈ કરવી, ઘર સાફસુફ રાખવું, અનાજ સંભાળવું, કપડાં સ્વચ્છ રાખવાં, એટલું કામ લગભગ બધી સ્ત્રીઓને હોય છે. માણસ નોકર હોય તોપણ થોડુ ઘણું કામ કરવાનું હોયછેજ. તે કરતાં જે વખત વધે તેનો સદુપયોગ કરવો જોઈએ. જ્યારે આપણે કોઈને નવરાશનો વખત સારી રીતે ઉપયોગમાં લેવાનું કહીએ છીએ ત્યારે એવો જવાબ મળે છે કે અમને નવરાશજ ક્યાં મળે છે. ઘરધંધામાંથી પરવારીએ ત્યારે કાંઈ કરીએને. હવે વિચાર કરીશું તો એ એકંદરે આપણું આળસ બતાવે છે. કામ કરવાનું ધાર્યું હોય તો આપણે ગમે તેમ કરીને નવરાશ મેળવી શકીએ છીએ. કામ કરવાની ધારણાજ ન હોય તેથી પરવારી શકતાં નથી. નવરાશ જરા મળે તો ચાર જણાં એકઠાં મળી બીજાની કુથલી કરવા મંડી જઈએ છીએ એ શોચનીય દશા છે.

વખતનો સદુપયોગ કરવાનો શ્રેષ્ઠ માર્ગ તે સારૂં વાંચન છે. હાલના વખતમાં ગુજરાતી ભાષામાં પણ ઘણાં સારા પુસ્તકો છે અને દિવસે દિવસે તેમાં વૃદ્ધિ થતી જાય છે. તો આપણે તેનો લાભ અવશ્ય લેવો જોઈએ. અમુક પુસ્તકો વાંચવાંજ છે એવો ઠરાવ કરીએ અને જ્યારે જ્યારે નવરાશ મળે ત્યારે તે થોડાં બને તો થોડાં થોડાં પણ વાંચીએ તો ઘણે દિવસે પણ પૂરાં થાય. કાંઈ વાંચવાનો નિશ્ચય કર્યો ન હોય તો નવરાસ મળેજ નહીં. નવરાશ મળે ત્યારે વાંચીશું એમ ધારી રાખવાથી નવરાશ મળશેજ નહીં. પરંતુ અમુક પુસ્તક વાંચી નાંખવું છે એમ નિશ્ચય કરીશું તો અવકાશ મેળવી ગમે ત્યારે તે પુરૂં કરી શકાશે. સારા વાંચનથી એટલા બધા

ફાયદા થાય છે કે તે ગણતાં પાર આવે તેમ નથી. સારાં પુસ્તકો વાંચવાથી આપણી બુદ્ધિ ખીલે છે એટલુંજ નહિ પણ આપણી નીતિ પણ સારી થાય છે. સારાં આચરણ કરવાનો ઉત્સાહ અને હિંમત આવે છે. જગતમાં જન્મી ને જેવાં આવીએ તેવાં પાછાં જઇએ, જ્ઞાનમાં કિંચિત્ માત્ર વધારો ન કરીએ તો આપણો જન્મ એળે જાય છે. સારા વાંચનથી આપણા જ્ઞાનમાં વધારો થઈ આપણું વર્તન સુધરે છે. શાળામાં ગમે તેટલો અભ્યાસ કર્યો હોય અગર કોલેજમાં અભ્યાસ કર્યો હોય તોપણ જ્ઞાનનો મહાસાગર એવો મોટો છે કે તેમાં ચંચુપાત કર્યા બરોબર થાય છે અને આખી જીંદગી સુધી કશું ન કરીએ ને પુસ્તકો વાંચીએ તોપણ પર્યાપ્તિ થાય એમ નથી. ત્યારે જે કિંચિત્ માત્ર અવકાશ મળે તે તેવા સારા કાર્યમાં ગાળીએ તો કેટલુ ઉત્તમ ? વળી આપણામાં સ્ત્રીઓને શાળા પાઠશાળામાં પુરતો અભ્યાસ કરવાનો વખત અને સાધન સાધારણ રીતે નથી મળતાં, તો અવશ્ય જે વખત ફુરસદનો મેળવી શકીએ તે આપણું જ્ઞાન વધારવામાં વાપરવો એ આપણી મોટી ફરજ છે. ટીપેટીપે સરોવર ભરાય એ કહેવત અક્ષરશઃ ખરી છે, થોડુ થોડુ કરતાં આપણું જ્ઞાન વધારી શકીએ. અને સારા વાંચનથી એ રીતે જ્ઞાનમાં વધારો કરેલી કેટલી બધી બહેનો આપણે જાણીએ છીએ. મોટા શહેરોમાં વાંચવાનાં સાધન ઘણા થોડા પૈસા ખરચવાથી મળી શકે છે.

વાંચન ઉપરાંત વખત મળે તો ભરવુ, ગુંથવું, ગાવું, વગાડવુ, ચિતરવું તે કળાઓ પણ સ્ત્રી જાતિને ભૂષણરૂપ છે. સંસારમાં અનેક જંજાળો, મુંઝવણો, અને કર્કશતા હોય છે. તે સર્વમાંથી આપણા તથા કુટુંબીઓનાં મનને મુક્ત કરવાં એ આપણી ફરજ છે. સાધન હોય તેણે ફુરસદના વખતમાં એ કળાઓ ખીલવવા બનતો પ્રયાસ કરવો જોઈએ. ભરવા ગુંથવાનું કામ સ્ત્રીઓમાં વિશેષ પ્રચાર પામતું જાય છે એ સંતોષની વાત છે. એ હુન્નર ઉપયોગી તેમજ શણગારના કામના છે. તે કામ કરતાં વાતચીત વગેરે સહેલાઇથી થાય છે અને બુદ્ધિ પણ ખીલે છે. આપણાં **મહારાણી મેરી** ભરવામાં કુશળ છે. એમના સરખા દરજ્જાનાં બાનુને ખાસ કાંઈ કરવાની

જરૂર નથી હોતી. ઘર શણગારની ચીજો તે મરજી મુજબ ખરીદ કરી શકે છે તે છતાં રાણી ભરવાનો શોખ ધરાવે છે. એટલુંજ નહીં પણ તે શોખનો ઉપયોગ ગરીબોના લાભ માટે થાય માટે તે પોતાનાં સર્વ ભરત કામો ગરીબ વર્ગના ઉદ્ધાર માટેજ સંસ્થાઓમાં તેમજ ગરીબ લોકોમાં વહેંચે છે. તેઓ ધારે તો તેથી વધારે પૈસા એ ખાતાઓમાં આપી શકે, પણ જાત મહેનતથી કરેલા કાર્યની કિંમત વધારે અને તેમાં વિશેષ પુણ્ય છે એમ માની તેઓ દરવર્ષે પચાસ સાઠ જભ્ભા ગુંથે છે. આપણી શ્રીમંત સ્ત્રીઓ જેમને કાંઇપણ ઘરકામ કરવાનુ નથી હોતું તેમાંની કેટલી આટલું કામ કરતી હશે. રાણીને માટે એવું લખવામાં આવ્યું છે કે તેમના દરેક બેસવા ઉઠવાના ખંડમાં ભરતકામ રાખી મૂકેલુ હોય છે. તે તેઓ જે જગાએ બેઠાં હોય ત્યાં કામ કર્યા કરે છે. નવરાશ મેળવવા માટે ઉદ્યોગી સ્વભાવ એ મુખ્ય જરૂરનો છે. આળસ હોય તો કદી કાંઈ કામ કરવાની નવરાશ મળેજ નહીં. ભરવા ગુંથવામાં અવકાશનો સમય કાઢવો એ સારૂ છે પરંતુ તેમાં શક્તિ ઉપરાંત પૈસા ખરચવા એ ભૂલ છે. તેમજ વાંચન કરતાં તેનો દરજ્જો કાંઇક ઉતરનો છે એ પણ ધ્યાનમાં રાખવું. જ્ઞાન પ્રાપ્તિને ન ગણકારીએ એમ કરવા જેવું નથી. તેજ પ્રમાણે સંગીત અને ચિત્રકળા પણ વખત ગાળવાનાં સારાં સાધન છે. આપણી સ્ત્રીઓ આ બે કળાઓમાં ઘણી પછાત છે. એ કળાઓ મનને કેટલું ઉંચે દરજ્જે પહોંચાડે છે તેનો ખરો ખ્યાલ હજી આપણી સ્ત્રીઓને નથી. એવી કળાઓ કુટુંબી સ્ત્રીઓમાં ન હોવાથી તેનો શોખ રાખનારા પુરૂષોને હલકી સંગતિમાં ફરતા આપણે જોઈએ છીએ.

નવરાશનો વખત સ્વાર્થ-આપણા પોતાના હિત માટે કાઢવા ઉપરાંત પારકાનું હિત કરવામાં પણ યથાશક્તિ આપણે પ્રયત્ન કરવો જોઈએ. જેઓ પરોપકાર એજ પોતાના જીવનનો મુખ્ય હેતુ કરીને રહ્યાં હોય તેમનું જીવન ધન્ય છે પરંતુ સર્વ કોઈ પોતાનું કુટુંબ કે ઘર છોડી તેમ કરી શકે નહીં તેમ સર્વને તેમ કરવાની જરૂર પણ નથી. તોપણ આપણી આસપાસ જે

કાંઈ અજ્ઞાન, દરિદ્રતા, વ્યાધિ, અનીતિ વગેરે અનિષ્ટ સ્થિતિઓ હોય તે દૂર કરવા કાંઈ કાંઈ પ્રયત્ન કરવા જોઈએ. બીજાનાં દુઃખ દૂર કરવા માટે સ્ત્રીઓએ એકઠાં મળી પ્રયાસ કરવો જોઈએ. એ કામ એક બે જણનું નથી એકાદ જણ થોડું કરી શકે પણ ઘણાં એકઠાં થઇને એ કાર્ય કરે તો ઘણું વધારે કામ થાય. કાંઈ ન બને તો આપણા સમાગમમાં આવતાં માણસોને કાંઈ કાંઈ બોધ આપણે આપી શકીએ તથા આપણું વર્તન એવું રાખી શકીએ કે તેનું અનુકરણ કરવા આપણા સહવાસમાં આવનારાં દોરાય તોપણ આપણી ફરજ કેટલેક દરજ્જે બજાવી કહેવાય. નવરાશનો વખત બીજાનાં દુઃખ દૂર કરવાના કાર્યમાં ગળાય તો આપણું જીવન સફળ થાય. વખત નથી મળતો એમ કહેવું એ માત્ર આપણું આળસજ બતાવે છે, આપણી કામ કરવાની વૃત્તિ નથી એમ કહેવા બરોબર છે. આપણે સર્વે એ ભૂલ કરીએ છીએ. કામ કરવાનો ઉત્સાહ ન હોય એટલે વખત ક્યાં મળે છે એમ ધારી લઈ મનને સંતોષ-ખોટો સંતોષ, પમાડીએ છીએ, વખત મેળવીએ તો બહુ નહીં તો થોડો તો મળેજ. માટે પ્રથમ મનથી દૃઢ ઠરાવ કરવો જોઈએ કે અમુક કાર્ય મારે કરવુંજ છે. એવો દૃઢ નિશ્ચય થાય તો ગમે તેવી મુશ્કેલીઓ દૂર થઈ શકે. પરંતુ જો આપણો નિશ્ચયજ ન હોય કે હોય તો ઢીલો હોય તો વખત કોઈ દહાડો મળવાનો નથી એ નક્કી સમજવું. કોઈ લક્ષ્ય સ્થળ રાખીએ તો ત્યાં પહોંચવાનો આરંભ કરી શકાય. ગમે ત્યાં જવાશે ત્યાં જઇશું એમ ધારીએ તો જ્યાં હોઇએ ત્યાંનાં ત્યાંજ રહીએ. સવાર પડી સાંજ થઈ એમ દિવસ ઘટમાળ પેઠે ચાલ્યા જાય છે ને આપણા આયુષ્યમાંથી પળે પળે ઓછું થતું જાય છે તો આપણી જીંદગીનું સાર્થક થાય એવાં કાર્ય કરવા તરફ બેદરકાર રહીએ તે કેવી ભૂલ છે. ઘર કામ કરીએ તેટલાથી બસ નથી આપણા ઉત્તમ દેહનું સાર્થક કરીએ તોજ જન્મ ધર્યાનું પ્રયોજન છે નહિ તો આપણામાં ને પશુમાં કાંઇ ફેર નથી. પરમકૃપાળુ પ્રભુ સહુને સદ્બુદ્ધિ આપો ને જીવન સફળ કરવામાં સહાયતા કરો.

સૌ. શારદાગૌરી બી. એ.

૧૫૧—ગૃહજીવનની રસિકતા.

ઇંગ્રેજ લોકોને Home એટલે ગૃહ શબ્દ માટે ઘણું અભિમાન હોયછે. એ લોકો એમ પણ કહેછે કે Home શબ્દમાં જેટલો અર્થ રહેલો છે તેવા ભાવાર્થનો એકે ભાષામાં શબ્દ નથી. Home sweet Home વિગેરે શબ્દો પ્રેમ, શાંતિ અને સુખનાં અવર્ણનીય સ્મરણ કરાવેછે એમ એ લોકોનું કહેવુંછે. આ અભિમાનનો દાવો કેટલે અંશે સત્ય છે તે તપાસવાનો આ પ્રસંગે આપણો આશય નથી. પણ આપણે તો એટલુંજ જોવાનું છે કે ઇંગ્રેજ લોકોના ઘરમાં સુખ શાંતિનો વાસ માલુમ પડે છે તેનું કારણ શું છે. ગૃહવ્યવહાર ચલાવવામાં જેવી અડચણો આપણા લોકોને પડેછે તેવીજ એમને પડેછે. પૈસો કમાવવો આપણા લોકોને જેટલો મુશ્કેલ છે તેટલોજ તેમને છે. એમનો સંસાર કાંઈ વધારે સરલતાથી ચાલતો નથી. સવારથી સાંજ સુથી ગમે તેવી જગ્યાએ મજુરી એમને પણ કરવી પડેછે. પરંતુ આપણા લોકમાં ને એ લોકમાં ફેર માત્ર એટલો કે સંધ્યાકાળે કામધંધો છોડીને ઘેર જાય ત્યારે એમને સપૂર્ણ આનંદ મળેછે. પ્રેમમૂર્તિ પત્ની પતિની રાહ જોઈને ઉભેલીજ હોય. નિર્દોષ રસિક બાલકો પિતાને આલિંગન દેવા તૈયારજ હોય. મોં આગળ સાદો પણ સ્વાદિષ્ટ ખોરાક મૂકેલો હોય. સ્નેહ પૂર્ણ મોં જોઈને તથા રસિક વાતો સાંભળીને માણસ ઇતર કાર્ય જંજાળ ભૂલી જાય એમાં કાંઈ સંદેહ નહિ. સંધ્યાકાળને વખતે સ્ત્રી, બાલક સર્વ પોતપોતાના કામથી પરવારેલાંજ હોય. એટલે સર્વ સાથે બેસીને વાર્તાવિનોદથી ભેગાં મળીને ભોજન લે, જમ્યા પછી બીજા ઓરડામાં બેસીને પણ ઘડી ભર સંગીત કે કાંઈ રમત ગમતમાં કાળક્ષેપ કરે.

આવી રીતે ગૃહિણીને પણ પોતાના ઘરમાં રહીનેજ ગૃહકાર્યમાંથી પરવાર્યા પછી સાંજને પહોર આરામ અને તેની સાથે આનંદ મળે છે. અને

પુરૂષની માફકજ તેના મનને શાંતિ મળે છે. કેમકે દિવસની વખતે તેને પણ કામ કરવાનાં હોય છે. અને સર્વે કાર્ય પરિપૂર્ણ કરીનેજ રાત્રીને વખતે એ આરામ લેવા બેસે છે. ભોજન અને આનંદ, બન્નેના સંયુક્ત પ્રયાસનુંજ પરિણામ હોય છે. પોતાની તેમજ બાળકની તંદુરસ્તી માતાના પ્રયાસ અને દીર્ઘ દૃષ્ટિનુંજ ફળ છે. સર્વ પ્રકારનો આનંદ તથા શાંતિ મેળવવા માટે તેને પ્રયાસ કરવો પડે છે. અને તે બધાને માટે દિવસની વખતે તેને કામ કરવું પડે છે. અને તેનાજ પરિણામે સંપૂર્ણ સુખ અને સંતોષ સર્વેને મળી શકે છે.

આટલા વિવેચન ઉપરથી આપણને માલમ પડશે કે જો ઘરમાં સંતોષ, અને શાંતિ હશે તોજ ગૃહજીવનમાં રસિકતા આવશે. અને તે પ્રાપ્ત કરવાનાં મુખ્ય સાધન **સ્નેહ અને નિયમિત વ્યવસ્થા** છે.

આ બન્ને સ્ત્રીના હાથમાં છે, અને તેનેજ લીધે

"ગૃહિણી ઘરનો સ્થંભ છે, ગૃહિણી ઘરનું માન;
ગૃહિણી ઘરનુ ઘરેણું છે, ઘર ગૃહિણી વિનાનું સ્મશાન."

એમ કવિએ ગાયું છે.

આમાં ગૃહિણી એટલે સુગૃહિણી. જે સ્ત્રી પોતાનો ગૃહસંસાર સારી રીતે ચલાવી શકે, સર્વ રીતની જવાબદારી પોતાને શિર ધારણ કરી શકે તેજ ગૃહિણી કહેવાય. અને યોગ્ય વય વગર ગૃહિણી થઈ શકાયજ નહિ. ચૌદ પંદર વરસની બાલિકાને માથે સાસરાના ઘરનો બોજો તમે નાંખો, અને પછી એમ આશા રાખો કે ગૃહિણીની સર્વ ફરજ એણે બજાવવી જોઈએ, એવી આશા નિરર્થક છે. પીયરમાં રહીને સંપૂર્ણ વ્યાવહારિક કેળવણી લઈને યોગ્ય વય થાય (એટલે વીસ વર્ષ પહેલાં બનેજ નહિ.) એટલેજ એ ગૃહિણીનું પદ લેવા લાયક થાય. અને તેવી સંસ્કારિત ગૃહિણીને શ્વશુરમાં પણ આપો આપ સન્માન મળશેજ, અને જો સન્માન મળશે તોજ કુટુંબમાં અને જનસમૂહમાં સારી અસર કરી શકશે. બાલક વહુ સાસરે જાય, ત્યાં

એની કદર કોઈ કરે નહિં, કેમકે કદર કરવા જેવું એવડી બાલિકામાં હોય પણ શુ ? તેથી એક પુતળા જેવી અથવા તો સાસુનો ગુસ્સો ખાલી કરવાનું એક સ્થાન એવી તેની સ્થિતિ થાયછે. એટલે ઘરમાં શાંતિ અને સુખને બદલે માત્ર ક્લેશ અને અસંતોષને સ્થાન મળેછે. **સ્ત્રીને જો યોગ્ય સન્માન મળે અને તેના પ્રત્યે પુજ્યભાવ થાય તોજ રસિક જીવન થાય.**

હીંદુ સંસારમાં સંયુક્ત કુટુંબની રીત છે, તેમાં ઘણું ખરૂ સાસુ વહુ, નણંદ, ભોજાઈ, કે દેરાણી જેઠાણી વચ્ચે ક્લેશ કજીઆ ચાલ્યા કરે છે. દરેક ઘરમાં એવુંજ હોય છે એમ મારૂ કહેવું નથી. સંયુક્ત કુટુંબની પદ્ધતિના અનેક લાભ છે, એ વાત પણ ખરી છે. પરંતુ તેમાં દંપતિને સ્વતંત્રતા મળતી નથી. દંપતીથી પોતાની ઇચ્છા પ્રમાણે વર્તન થતું નથી, એટલે તેમનો ઉત્સાહ મંદ પડી જાય છે. મનુષ્ય જાતે અનુભવ મેળવીને સ્વતંત્રતાથી વર્તે તો વધારે સારૂ પરિણામ આવે તેટલા માટે યુવાન દંપતીને જેમ વહેલી સ્વતંત્રતા અપાય તેમ સારૂ. તેમ કર્યાથીજ કુટુંબમાં અરસપરસ સ્નેહ સચવાશે.

એ ખરૂ છે કે એટલી સ્વતંત્રતા મેળવવા માટે ઘણી વધારે કેળવણીની જરૂર છે. પણ તે ધીમે ધીમે લેવાશેજ, ને આપણો સંસાર એમ કરીશુ તોજ કાંઇક સુધરવાની આશા છે.

આવી સ્થિતિ હશે ત્યાંજ પોતાના ગૃહ માટે, અને માતાપિતાને માટે પ્રેમની લાગણી બાલકોમાં જાગ્રત થશે. અને એવી લાગણી આપણા બાલકોમાં જાગ્રત કરવી એજ આપણો આદર્શ (Ideal) હોવો જોઇએ.

બાળકોને માતાપિતા પ્રત્યે પ્રેમની લાગણી હોવી જોઇએ, ભયની નહિં. ભય કરતાં પ્રેમ વધારે પ્રબળ છે. પ્રેમથી બાલક વધારે આજ્ઞાંકિત થાય છે. પ્રેમ સર્વને જીતી શકે છે.

પતિ પત્નીના વિચારમાં એકતા હશે, અરસપરસ શુદ્ધ પ્રેમ હશે તો બાલકોમાં પ્રેમભાવના આવશે એ નિઃસંશય છે.

આવી રીતે જે ગૃહમાં પ્રેમનું રાજ્ય હશે, ત્યા રસિકતા, શાંતિ અને સંતોષનો નિવાસ હોય એમાં પણ આશ્ચર્ય નથી.

ઉપર બતાવ્યું કે ગૃહજીવનમાં રસિકતા લાવવાનુ મુખ્ય સાધન પ્રેમ છે. બીજું સાધન **નિયમિત વ્યવસ્થા** છે. (Love અને Order) જેવી રીતે જનસમાજના બંધારણ માટે નિયમો હોય છે, તેવીજ રીતે ગૃહવ્યવસ્થા માટે નિયમો હોવાજ જોઈએ, અને તે નિયમાનુસાર વર્તન થશે તોજ વ્યવસ્થા સચવાશે. જે ઘરમાં આવી રીતના નિયમો નથી હોતા,-નવાબી કારખાનું હોય છે, ત્યાં સર્વ ગેરવ્યવસ્થા અને અંધેર હોય છે, તેથી ઘરમાં રહેનારાં તેમજ બહારનાને આનંદ કે સુખ મળે નહિ **જ્યાં** Harmony **સુવ્યવસ્થા હોય ત્યાંજ સુખ હોય.**

સ્ત્રી, પુરૂષ, બાલકો સર્વેએ આવી રીતની વ્યવસ્થા સાચવવામાં સહાયભૂત થવું જોઇએ.

ગૃહનું ઐક્ય સાચવવું એ કુટુંબની દરેક વ્યક્તિની ફરજ છે. અને તેટલા માટે સ્વાર્થ બુદ્ધિ દૂર કરવી જોઈએ. તદ્દન નિ:સ્વાર્થપણે પોતાની ફરજ બજાવવી જોઈએ. પોતાના સુખનો ભોગ આપીને પણ, બીજાંના મનને સંતોષ આપવો એજ દરેકનું કર્ત્તવ્ય છે. પતિ, પત્નીના તેમજ સતાનના શ્રેય માટે સતત પ્રયાસ કરે છે, પત્નીએ, પતિ તેમજ સંતાનને સુખ આપવું એજ ઉદ્દેશ રાખવો, ને સતાનોએ માતા પિતાને પ્રસન્ન રાખવાનો પ્રયત્ન કરવો.

સગાં સંબંધીઓને મળવું, હળવું, તેમની સત્કારપૂર્વક સ્વાગતા કરવી. પોતે તેવી સ્વાગતાનો લાભ લેવો, એ પણ જો મર્યાદાસર કર્યુ હોય તો ઘણું લાભકારક છે. જન સમાજમાં અરસ્પરસ સમાગમથી આચારવિચાર સુધરેછે, વિવિધ વિષયોની વાત ચર્ચાવાથી જ્ઞાનમા વધારો થાય છે, અનેક વિષયની માહિતી મળેછે, વિચાર ઉદાત્ત અને ઉન્નત થાય છે. અને મનનુ સાંકડાપણું દૂર થાય છે.

ગૃહકાર્યથી પરવાર્યા પછી સારાં બોધદાયક પુસ્તકો વાંચવાનો અભ્યાસ રાખવો. તેને લીધે મનને ઘણીજ શાંતિ મળેછે. ગૃહકાર્યની જંજાળમાંથી થોડીવાર આરામ મળે છે. તેમજ જ્ઞાનમાં વધારો થાયછે. સારાં પુસ્તક વાંચ્યાંથી ઘડીભર વર્તમાન સ્થિતિનું વિસ્મરણ થઈ શકેછે, અને જાણે બીજાજ દેશમાં, બીજીજ દુનીઆમાં હોઈએ એમ ભ્રાંતિ થયછે. આપણી ભૂલો સુધારી શકાય છે. વિવિધ સ્વભાવનાં, બુદ્ધિશાળી મનુષ્યના સમાગમમાં સર્વ કોઈથી આવી શકાતું નથી. પણ સારા ગ્રંથકારનાં પુસ્તક વાંચ્યાંથી ભિન્ન ભિન્ન પાત્રોના સ્વભાવ જાણ્યાથી પ્રત્યક્ષ સમાગમ જેટલો, બલ્કે અધિકતર લાભ થાય છે. જુદા જુદા દેશના રીત રીવાજ, ઇતિહાસ સર્વનું જ્ઞાન પુસ્તકદ્વારા આપણને મળી શકેછે, અને તેથી મનનું સાંકડાપણું Narrow mindedness) દૂર થાયછે.

વળી સારા પુસ્તકો વર્તમાનપત્રો વાંચ્યાથી સારી રીતે વાતચીત કરતાં આવડે છે. સ્ત્રીઓને ઘરમાં તેમજ જનસમાજમાં કોઈની કુથલી અથવા ગૃહના સામાન્ય બનાવો સિવાય બીજી વાત કરતાં આવડતી નથી. ઘણી વાર તો બીભત્સ વાતો પણ થાય છે. આનુ કારણ એજ કે નિર્દોષ ગમ્મતની વાતો આવડેજ નહિ. વિવિધ વિષયો ઉપર વાતચીત, શુદ્ધ પવિત્ર સંભાષણ, એ પણ એક આભૂષણ છે. અને ખાસ કરીને ઘરમાં તો એ માટે બહુજ સાવધાન રહેવાની જરૂર છે. વડીલ વર્ગ જો સારી વાતો કરશે તોજ બાલકોના મનપર સારી છાપ બેસશે. બાળકને કાને પણ અપશબ્દ પડવા ના દેવો.

સારૂં વાંચન હશે, તોજ સારી વાતચીત કરી શકાશે, અને ઘરનો મલાઝો સાચવવાને આ ઘણી અગત્યનો વિષય છે.

ઘરને દીપાવવાને, ગૃહજીવનમાં રસિકતા લાવવાને માટે સ્ત્રીઓનાં મન ઉન્નત હોવાની ઘણી અગત્ય છે, એતો સર્વ કબુલ કરશે. સાંજ સવાર રસોઈ કરવી, ઘર સાફસુફ કરવું, દાણો દુણી સ્વચ્છ કરવાં એમાં ને એમાંજ આખો દિવસ ઘણી સ્ત્રીઓનો જાયછે. પોતાનાં કે છોકરાંના મનની ઉન્નતિ કરવાનો ખરખટલામાંથી અવકાશજ નથી મળતો.

મારૂં કહેવું એમ નથી કે સ્ત્રીઓએ ગૃહ કાર્ય કરવુંજ નહિં. પણ એટલુંજ કે વિજ્ઞાન (science)ની મદદ લઈને સ્ત્રીઓને ગૃહ કાર્યમાં કોઈ પણ રીતે સરલતા કરી આપવી જોઈએ, અને તેમ કર્યાથીજ સ્ત્રીઓની માનસિક શક્તિ અને શારીરિક ક્ષીણતા થતી અટકાવી શકાશે. જ્યાં સુધી સ્ત્રીઓને શિર ઘરખટલાનો અથાગ બોજો રહેશે, સ્ત્રીઓ નિરૂદ્યમી જીવન ગાળશે, ત્યાં સુધી આપણા દેશની ઉન્નતિ થવાની નથી. સ્ત્રીઓ જ્યારે કાંઇ **વધારે ઉપયોગી** ફલદાયક કાર્યનો આરંભ કરશે ત્યારેજ પ્રજાની ચઢતી થશે.

વર્તમાન સ્થિતિ જોતાં આપણી સ્ત્રીઓ વહેમ અને અજ્ઞાનમાં ગરકાઈ ગઈ છે તેમાં કાંઈ નવાઈ નથી. સેંકડો વર્ષ થયાં સ્ત્રીઓને એવુંજ શિક્ષણ આપવામાં આવે છે કે તેને ગૃહકાર્યમાં ગુંથાઈ રહેવું એમાંજ પતિવ્રતાપણાનો સમાવેશ થાયછે; અમુક ચીલે ચાલ્યા કરવું એજ તેનો ધર્મ છે અને તેના કાર્યની સરળતા કરી આપવાનો માર્ગ કોઈ બતાવતુંજ નથી.

આમ કર્યાથીજ હિંદુ ગૃહ સંસારની અવનતિ થઈ છે.

બાઈ તો ભૂગોળ ને ખગોળમાં રમે છે.

બાઈનું તો ચિત ચુલા માંય.

અજ્ઞાન માતા ઉદાત્ત બુદ્ધિનાં પુત્ર પુત્રિઓને જન્મ આપી શકે નહિ.

જ્યા સુધી સ્ત્રીઓને માનસિક, તેમજ શારીરિક ઉન્નતિ કરવાને અવકાશ નહિ મળે ત્યાં સુધી આવી અધમ સ્થિતિ કાયમજ રહેશે.

આ વિટંબના દૂર કરવા માટે પુરૂષોએ Science (વિજ્ઞાન, સાયન્સ) ની મદદથી સ્ત્રીઓનાં કામમાં સરળતા કરી આપવી જોઈએ.

આમ કર્યાથી પુરૂષ અને સ્ત્રી બન્નેનું હિત સચવાશે. પુરૂષને કાંઈ વધારે આપદા વેઠવી નહિં પડે, તેમજ સ્ત્રી પોતાના પતિ, તેમજ કુટુંબ સર્વેનું કામ વધારે સારી રીતે કરી શકશે, અને નવરાશનો વખત જે હાથ લાગશે તેમાં પોતાની અને સંતાનોની માનસિક તથા શારીરિક ઉન્નતિ માટે પ્રયાસ કરી શકશે.

હિંદુ સ્ત્રીઓમાં કેટલાએક સદ્દગુણ એવા છે કે જો તે સાથે તેમનાં મન કેળવાશે અને શારીરિક બલ વધશે તો હિંદુ સ્ત્રી-ગૃહિણી અનુપમેય થશે. એમાં કાંઈ વાંધો નથી.

આવી રીતે જે ગૃહમા ગૃહિણીનાં તન અને મન કેળવાએલાં, કસાએલાં હશે ત્યાંજ પતિને તેમજ અન્ય કુટુંબ વર્ગને સુખ અને આનદ મળશે, અને નોજ થાકેલો કંટાળેલો પુરૂષ પ્રથમ જે આનદનો પોતાના ગૃહમાં અભાવ હોવાને લીધે કલબ અને જીમખાનાનો આશ્રય લેતો તે હવે સ્વર્ગીય સુખ મેળવવા પોતાના ઘર તરફજ દોરાશે. અને સ્વાભાવિક રીતે Home Sweet home નો ઉદ્દગાર કરશે.

આવી ગૃહિણીઓ અને આવાં ગૃહ આપણા લોકમાં થાઓ એટલીજ અભિલાષા છે.

લેડી લક્ષ્મીબાઇ.

૧૫૨—સ્ત્રીઓની કુટુંબ ભક્તિ.

શ્રેષ્ઠ લક્ષ્મી સંસારમાં, સર્વે સારમાં સાર,
સાચુ સુખ સંસારનું, સુઘડ સલુણી નાર.

સુજ્ઞ બહેનો ! અભણ માણસ પંડિતાઇનું, અને કૃપણ માણસ ઉદારતાનુ ડોળ દેખાડે તે કદી નીભી શકતું નથી. આ ઉપરથી આપણે સુદૃઢ જ્ઞાન મેળવવાનો બોધ મળે છે. કહેવત છે કે (અધુરો ઘડો છલકાય) માટે આપણને જરા લખતાં વાંચતાં આવડયુ એટલે ભણી ચુક્યાં એમ સમજવું નહિં, પણ જે ભણી ગણી લાજ,—આબરૂ, વધારે અને બીજાને ઉપયોગી થાય એજ સાચું ભણતર સમજવું.

બ્હેનો ! સાચાં ભણતરનો અર્થ હાલનાં સમયમાં નિશાળે જઈ ભણ‑વાથી, લખતાં વાંચતાં આવડે એટલામાંજ સમાઈ–રહેલો હોય, એવી માન્યતા આપણી બ્હેનોમાં વિશેષે કરી જોવામાં આવે છે. પણ ખરી રીતે જોતાં સ્ત્રીઓને ભણવાની સાથે સાંસારિક, વ્યવહારિક, ધાર્મિક, વિગેરે બાબતોનુ ગ્નાન પણ પૂરતા પ્રમાણમાં હોવું જોઈએ.

ઘર તેમજ સાંસારિક કાર્યમાં સ્ત્રીઓનુ કુશલતાપણું હોવું જોઇએ, તે આજનું નવીન નથી, પણ એ રચના સર્વે સૃષ્ટી રચનાર પરમાત્માએ પ્રથમ‑માંજ સ્ત્રી શરીરો રચી નિર્માણ કરેલી છે, તથા આપણા આર્યાવર્ત્તના મહાન કવિઓ તેમજ શાસ્ત્રકારોએ પણ અનેક સ્થળે વર્ણવેલું છે કે ઘર તે ઘર નથી પણ જે ઘરમાં ઉત્તમ ગૃહિણી હોય તેજ ઘર કહેવાય છે, તે માટે તે કાર્ય સ્ત્રીઓ માટેજ નિર્માણ થએલુ છે, તેમજ હાલના સમયે પશ્ચિમના મહાન સુધારકો પણ તે ક્રમને સહાનુભૂતિ આપનાર થયા છે.

સ્ત્રી પુરૂષોને એક સરખા ભણતરની જરૂર છે?

સ્ત્રી પુરૂષોને એક સરખું ભણતર ભણાવી કેળવણી આપવાથી ત્યાંની સ્ત્રીઓમાં સમાન હક માગવાનો જે સખ્ત પવન ફુકાયો હતો ત્યારથી તે લોકોને પણ પુરૂષોને લાયકની કેળવણી સ્ત્રીઓને આપ્યાથી, તે કેળવણીનો કડવો અનુભવ મળવાથી તેઓ પણ હવે તેવી કેળવણીથી ચેતતા રહેવા ઇચ્છા ધરાવતા હશે.

માટે બ્હેનો ! આપણે તેવા દાખલાઓ ઉપરથી ચેતીને ચાલવા સાથ ભણતરનો ઉપયોગ કરતાં શીખવાની જરૂર ઘણી રહેલી છે. આપણે કેળ‑વાવું (એટલે ઘડાવું) એમ અત્રે સાધારણ અર્થ લેશું, તો ચાલશે, કારણ ઘણીક વખતે આપણા સાંભળવામાં આવે છે કે કોઇની વહુ, દીકરી, ભાણેજ, ભત્રીજી, નણંદ ભોજાઈ, દેરાણી, જેઠાણી, વિગેરે કોઇપણ સ્ત્રીને પોતાના ઘરમાં, કુટુંબમાં, તેમજ બહારના કોઇપણ કાર્યોમાં સુવ્યવસ્થિત જોશું–ત્યારે કુદરતી રીતે એમજ બોલાય કે તે કોના હાથ નીચે કેળવાયલી છે? તો

ઉપરના વાક્યપરથી એટલુ તો નિશ્ચિત થાય છે, કે આપણે સર્વને ઘડાવાની એટલે કેળવાવાની જરૂર રહેલી છે. તેનાથી સ્પષ્ટ માલૂમ પડે છે કે કેળવણી ફક્ત એકલુ ભણતર ભણવાથી મળી શકતી નથી, પણ તે ભણતરની સાથે સ્ત્રીઓપર બીજી અનેક બાબતોની જોખમદારીઓ રહેલી છે.

કુટુંબોમાં સંપ જોઈએ.

પ્રથમમાં, જો ફક્ત ઘર પ્રત્યેજ નજર ફેકશું તો ત્યા આપણા વડિલો પ્રત્યેની આપણી ફરજો ધ્યાનમાં રાખી તેઓની તરફ હમેશાં હૃદયમાં પૂજ્ય ભાવ ધારણ કરતાં રહેવું. તેમના તરફથી જે સુબોધ મળે તે અહરનિશ ગ્રહણ કરવો. નમ્રતા રાખવી. દ્વેષ, અભિમાન, ઉછ્ંકલપણું, અસંતોષ કુસંપ ઈત્યાદિ દુર્ગુણોનો ત્યાગ કરી, જેમ બને તેમ સરલતા, શાંતિ, સંતોષ, સંપ-આદિ સદ્ગુણોને વધારવાથી આપણે અનેક તરેહના લાભ મેળવી શકશું. બહેનો ! સત્ય માનજો કે જ્યાં સુધી આપણે ગુણગ્રાહી થશું નહિં, ત્યાં સુધી ગુજરાતી, ઈંગ્રેજી, સંસ્કૃત, મરાઠી ભાષાઓની ચોપડીનું ઉપલક જ્ઞાન મળવાથી આપણા કાર્ય સંસારને ઉપયોગી કેળવણી કદીપણ મેળવી શકશું નહિં.

બ્હેનો ! ઘણાક કુટુબોમાં આપણે કુસંપ જોઈએ છીએ, અને તે પણ વિશેષ પ્રમાણમાં, તેના કારણભૂત સ્ત્રીઓજ હોય છે એવી માન્યતા છે, અને તે કેટલેક અંશે સત્ય જણાય છે, તે પરથી હું એમ માની શકું છું, કે ઘણે ભાગે પુરૂષોને પોતાના વેપાર ધંધાને સબબે બહાર રહેવું પડેછે, તેમજ સ્ત્રીઓને મોટે ભાગે ઘરમાં રહેવાનું હોય છે; વિશેષે કરીને પુરૂષોને બહારના ધંધા પોતપોતાને માટે જુદા હોયછે, પણ સ્ત્રીઓને ઘરસંસારનું કામ સાથે રહી ચલાવવાનુ હોય છે.

બહેનો ! ઇશ્વર કૃપાથી કુટુંબમાં બે ચાર ભાઇઓ સાથે હોય, તેમાંથી કદાચ કોઈને સંતતી હોય, કોઇના પતિની આવક વિશેષ હોય, કોઇની સ્ત્રીનું શરીર રોગી હોય, એકાદ બે ભાઇઓ કુંવારા હોય, પરણેલી તેમજ

કુંવારી નણંદો હોય, અને કદાચ વૃદ્ધ સાસુ સસરા પણ હોય, તો તેવા કુટુંબમાં આપણે ઘરકામ કાંઇક વિશેષ પ્રમાણમાં કરવું પડે, તો શું તેટલા માટે કુટુંબમાં ક્લેશ કરવો તે ઉચિત છે ? કદી નહિ. બહેનો ! જો આપણને બાળકો ઉપર પ્રેમ હોય, તો પ્રથમ આપણા કુટુંબના બાળકોને જોઈ આપણે રાજી શા માટે ન થવું ? તે બાળકો ઉપર દ્વેશ કર્યાથી આપણે તેના મા બાપનું અંતઃકરણ દુખાવીએ છીએ, તેટલુંજ નહિં પણ ઇશ્વરના આપણે ગુન્હેગાર ઠરીએ છીએ. બાળક જ્યાં સુધી અજ્ઞાન દશામાં હોય છે ત્યાં સુધી તેનું જીવન એક સદ્દવર્તન કરનાર સાધુતુલ્ય હોય છે. તેને માન, અપમાન, દ્વેશ, રાગ, ક્રોધ, કાંઈ પણ હોતું નથી. એવા પ્રાણીપર દ્વેષ કરવાથી થતાં મહાન પાપથી ડરવું જોઇએ.

વૃત્તિઓને સ્થિર કરવાની જરૂર.

એક તરફ કથા વાર્તામાં આપણે સાંભળીએ છીએ કે કોઈ પ્રાણીપર દ્વેશ કરવો નહિ, ઇશ્વિરના ઉત્પન્ન કરેલાં સર્વે પ્રાણીપર સમાન ભાવ રાખવો. ને બીજી તરફ આપણા ઘરનાંજ નિર્દોષ બાળકોપર દ્વેષ થાય તે ઘણુંજ શોચનીય ગણાય. માટે બાળથી તે વૃદ્ધ પર્યંત કોઇનીપર બનતા સુધી દ્વેશ રાખવો નહિ. દ્વેષ તે આપણી ઉન્નતિનો નાશ કરનાર છે, તેમજ સંપ તે સંપત્તિને સ્થિર કરનાર છે, માટે બહેનો હમેશાં સંપને ચહાતા રહેવું. જો તમે સંપને ચહાશો, તો શાંતિ તેની સાથેજ આવશે; સંપથી રહેવામાં કદાચ એકાદ વસ્તુ આપણને ઓછી મળી તો શું થયું ? તમે સંપને ચહાતા હશો એટલે તે વસ્તુ માટે તમને શાંતિ રહેશે. પણ જો તમને સંપની દરકાર ન હોય તો, તેજ સમયે તમારૂં મન તે વસ્તુ માટે લલચાઈ અશાંતિને પ્રાપ્ત થશે, અને અશાંત થએલું મન કોઇપણ વખતે તૃપ્ત રહી શકશે નહિં.

બહેનો ! મનની શાંતિ માટે વૃત્તિઓને સ્થિર કરવાની આવશ્યકતા રહેલી છે, માટે જો તમારા મનની વૃત્તિઓને તમો વશ વરતાવી શકશો, તો તમોએ ધારેલાં સર્વે કામ કરવાને તમો શક્તિમાન થશો, અને ત્યારેજ

તમારી સંસાર સ્થિતિમાં અનેક પ્રકારના સુખદુ:ખ સમયે ધૈર્ય ધારણ કરી, તમારા કુટુંબ પ્રત્યે સરળભાવથી વરતી તેમને સહાયભૂત થઈ શકશો, અને ત્યારેજ તમારા સદ્‌ગુણોથી તમો એક સ્ત્રીજાતિને શોભારૂપ બની, આપણી બહેનો ઉપર હાલમા જે કલંકો મુકાયાં છે તેને નિર્મૂળ કરી શકશો. માટે બહેનો ! તેવું ઉચ્ચ જીવન ગાળવા માટે ઘણાં ભભકાદાર વસ્ત્રો અને આભૂષણોનાં દેખાતાં ક્ષણિક આનંદ માટે મનુષ્ય જીંદગીનો જે અમૂલ્ય સમય છે તેને વિશેષ પ્રમાણમાં ન વ્યતિત કરતાં જેમ એક ચતુર રાજા પોતાના મનને વશ કરી પછી મંત્રીઓને સુધારી શત્રુઓને કબજે કરી લે છે, તેમ આપણે મનને અંકુશમાં રાખી બાળકો તેમજ સગાં સંબંધીઓ તથા સમાજને ઉપકારી બની પોતાનાં કરી લેવાં જોઇએ.

મિસિસ જી. કે. ઉપાધ્યાય.

૧૫૩—બાળાઓને યોગ્ય તાલીમ.

બાલ્યાવસ્થાથીજ બાળાઓને યોગ્ય કેળવાયલી માતાના હાથમાં સોંપવી; કારણ કે કોઈ પણ દેશનો, કોઇ પણ પ્રજાનો, અને કોઈ પણ રાજ્યના ઉદયનો ખરો આધાર વાસ્તવિક જોતાં બાળકને જન્મ આપીને ઉછેરનાર માતાપરજ રહેલો હોય છે. સ્ત્રીઓ, પુત્રી, પત્ની કે માતા, સર્વ સ્થિતિમાં સમાજની અને દેશની મોટામાં મોટી આશા છે.

જેમ મોટું મહાલય બંધાવતી વખતે તેનો પાયો મજબુત કરવાપર પહેલુ લક્ષ આપવાની જરૂર છે, તેમજ સ્ત્રીઓની ઉન્નતિ માટે તેમની બાલ્યાવસ્થા કે જે જીંદગીના પાયારૂપ છે, તેને મજબુત એટલે યોગ્ય બનાવવા માટે તેમને સારી માતાના હાથમાં મૂકવાની જરૂર છે. જે દેશમાં સુજ્ઞ ને સારી માતાઓ હોય છે, તે દેશનાં બાળકો બળવાન, તેજવાન, રોગહીન,

પરાક્રમી, વીર્યવાન, વિદ્વાન, અને યશસ્વી નીવડે છે. માટે આપણી કન્યાઓને નાનપણથીજ કેળવાયલી, યોગ્ય માતાને સોંપો અને પછી જુઓ કે આપણી આર્ય રમણીઓની સ્થિતિ કેટલી ઉન્નત બની શકે છે અને તેઓ પોતાની સ્થિતિ સુધારી–પોતાના કુદરતી સદ્‌ગુણો પ્રકાશમાં મૂકી શકેછે.

સ્ત્રીઓની અધમ સ્થિતિનું એક સબળ કારણ લાયકાત વિનાની માતાઓજ છે. બાળલગ્નના નુકશાનકારક રિવાજે વયમાં આવ્યા પહેલાંજ બાળાઓ ગર્ભ ધારણ કરે છે. ઉછરતી વયની મુગ્ધાઓ પ્રેમાળ પતિવ્રતા બની શકે, પણ વયના અપરિપક્વપણાને લીધે સંસારના વ્યવહારોમાં અને ખાસ કરીને બાળકોની રક્ષણશિક્ષણની ગંભીર ફરજોમાં તેમની બુદ્ધિ ચાલી શકે નહિ. એવી ગંભીર ફરજો યોગ્ય રીતે અદા કરવાની બુદ્ધિ એવી બાળમાતાઓમાં હોતીજ નથી એમ કહેવું એ પણ અતિશયોક્તિ નથી. માતાની ગંભીર તેમજ કઠીન ફરજને માટે તો યોગ્ય કેળવાયલી અને પુખ્ત વયની માતાઓજ વધારે સારો વિજય મેળવી શકે

યોગ્ય કેળવાયલી માતા ભવિષ્યની પ્રજાની સારી આશા છે, દેશનું ભવિષ્ય ને પ્રતિષ્ટા છે. માતાપિતાની છાયા સ્વબાળક ઉપર કુદરતી રીતેજ પડે છે, અને તેમાં પણ વિશેષ ભાગ સ્વમાતાનોજ હોય છે. કારણ કે સામાન્ય રીતે બાળક ઉછેરવાનુ, કેળવવાનું, અને તેમાં પણ વિશેષે કરીને કન્યા કેળવવાનુ કાર્ય પિતા કરતાં માતાને શીરેજ વધારે રહેલુ હોય છે. બાળાઓ નિરંતર માતાનાજ સહવાસમાં રહે છે, અને તેમની પાસેજ નાનપણનો સમય વ્યતિત કરે છે, તેથી જો માતા કેળવાયલી હોય તો બાળકો કેળવવાનું કામ પિતા કરતાં વિશેષ સહેલાઈ અને સરળતાથી પાર પાડી શકે છે; કારણ કે સ્ત્રી જાતિની કોમલતા, કલ્પના, સ્નેહીપણું, રસિકતા, માર્મિકતા વગેરે કુદરતી શક્તિઓની લહેરોની અસર બાળકોનાં બાળહૃદયને તુરતજ થઈ જાય છે. તે તેમના બાળહૃદયમાં વજ્રલેપન થઈ જાય છે.

ગૃહમંદિરમાં માતા એ સર્વનાં હૃદય અને ચક્ષુનું આકર્ષણ કરનાર છે. એનું અનુકરણ પ્રતિક્ષણ ન જણાય એવી રીતે થયાજ કરે છે. હમેશાં કહેવા કરતાં કરી બતાવવાની અસર મનુષ્ય ઉપર, અને તેમાં વિશેષે કરીને સંસ્કારગ્રાહી કોમલ હૃદયનાં બાળકો ઉપર, સત્વર થાય છે. ઉપદેશ કરતાં આચારમાં પ્રત્યક્ષ બતાવવાથી વધારે શ્રદ્ધા પેદા કરી શકાય છે. બાળકોમા વાણીનો ઉપદેશ સમજવાનું સામર્થ્ય મોડું આવે છે, પણ પ્રત્યક્ષ આચારથી શીખવાની શક્તિ તો તેમનામાં બાલ્યકાળથીજ હોય છે, તેથી સ્વમાતાના સારા કે નરસા સર્વ ગુણદોષ બાળકોમાં સ્વભાવિકજ આવે છે; માટે કેળવાયલી માતાના હાથ નીચે બાળાઓને કેળવવાની ખાસ આવશ્યક્તા છે.

ગૃહકેળવણી વિના શાળાની શુષ્ક કેળવણી ઘણી વખત નકામી જેવીજ થઇ પડે છે; માટે માતા તરફથી ગૃહકેળવણી મળવાની જરૂર છે. જ્યારે બીજી શાળાઓ બંધ હોય છે ત્યારે પણ કુશળ માતાઓ નહાતાં, સુતાં, બેસતાં, ઉઠતાં, શિયાળાની શગડી વખતે, ઉનાળાની ખુશનુમાં ચાંદની વખતે, અને ચોમાસાની મેઘલી રાત્રી વખતે પણ પોતાની સંસારશાળા યોગ્ય ઉત્સાહથી, જાણ્યે અજાણ્યે, ચલાવ્યેજ જાય છે. આ સર્વ સમયમાં યોગ્ય માતા હોય તો સુસંસ્કાર, ને નઠારી માતા હોય તો નઠારા સંસ્કાર, બાળકોના બાળહૃદયમાં જડ નાખે છે.

કોઈ કહે છે કે કન્યાઓને સુવિદ્યા આપીએ તો તે બસ છે. સારી માતાની તેમાં શું જરૂર છે ? કેટલીક વખત શું અભણ માતાઓનાં સંતાન પણ વિદ્વાન નથી થતાં ? આપણે કહીશું કે હા; પરંતુ તે સાથે નક્કી એ પણ માનજો કે તે સંતાનોમાં કાંતો સંસ્કારજન્ય બુદ્ધિનો પ્રવાહ વિશેષ હોય છે, અને કાંતો બીજી વ્યવહારિક અનુકૂળતા વિષેશ હોય છે; તો પણ અભણ માતાનાં સંતાનો જેટલાં ઉત્પન્ન થઇ-ઉચ્ચ જીવનમાં પ્રવેશ કરી શકે છે, તેનાં તે સંતાનો જો વિદુષીને કેળવાયલી માતાના હાથ નીચે ઉછરેલાં હોય તો વિષેશ ઉન્નત થઇ-પ્રકાશમાં આવી શકે, અને ઘણે દરજ્જે વધારે સારાં કાર્યો પાર પાડી શકે-એમ તો સર્વ કોઈ વિચારશીલ મનુષ્ય કબુલ કરશેજ.

આપણાં પ્રાચીન પુસ્તકોમાં પણ કહ્યું છે કે " **नास्ति वेदात्परं शास्त्रं नास्ति मातुः समो गुरुः** ' અને " **गुरुणां चैव सर्वेषां माता परमो गुरुः** " તેમજ વળી એક વિદ્વાન કહે છે કે 'ભલી માતા સો શિક્ષક બરાબર છે," વળી સરજન જનરલ કાનિશ કહે છે કે–"છોકરાંપર વધારે અસર સ્વમાતાનીજ થાય છે. માતાની માનસિક અને દૈહિક ખામીઓ છોકરાંમાં આવે છે. ઘણા વિદ્વાન અને પ્રખ્યાત માણસોનો એવો અભિપ્રાય છે કે આખી પ્રજાની માનસિક અને શારીરિક શક્તિઓ ઉપર પિતા કરતાં માતાની અસર વધારે થાય છે; એના પુરાવો એજ છે કે ઘણું કરીને હાલના સઘળા વિદ્યા હુન્નરાદિમાં પ્રખ્યાત થએલા, મહાન પંકાએલા મનુષ્યો સારી–યોગ્ય માતાને પેટેજ અવતરેલા છે."

અનુકરણ કરવાના ગુણ કુદરતી રીતેજ બાળકોમાં ઘણે અંશે રહેલા હોય છે, રમતમાં પણ કુમારીકાઓ પોતાની માતાનુજ સર્વ રીતે અનુકરણ કરે છે. દક્ષણી માતાની પુત્રીને પોતાની પુતળી દક્ષણી પોશાકમાં સજ્જ કરતી જોઈએ છીએ, અને ગુજરાતી માતાની પુત્રી પોતાની માતાના અનુકરણ અનુસાર પોતાની ઢીંગલીને ગુજરાતી પોશાકમાં શણગારતી જોવામાં આવે છે. એક એકવીસ માસની બાળકી તેની માતાની રસોઇનું આબેહુબ અનુકરણ કરતી હતી. તે એવી તો સરસ નકલ કરતી કે રોટલી ફેરવતાં તેની માતા રહેજ દાઝી હશે, એટલે તાવડીને હાથ અડાડી–તે દાઝવા જેવોજ અવાજ કરી–હાથ ખેંચી લેતી. મતલબ કે સર્વ કોઈ બાબતમાં બાળક માતાનુ અનુકરણ ઘણી સંભાળપૂર્વક કરે છે, તે અનુસાર યોગ્ય–કેળવાયલી માતાના અનુકરણથી–બાળા સર્વ રીતે લાયક બને છે.

(અબળાહિત દર્પણ)

સૌ. સુમતિ.

૬૫૪—પત્ની.

મને ઘણીવાર એવો વિચાર થાયછે કે પુરૂષો કરતાં સ્ત્રીઓમાં દૃઢતા વધારે હોય છે. નસીબદેવીનો રોપ ખમવા પુરૂષો કરતાં સ્ત્રીઓમાં વધુ સહન શકિત હોય છે. એક શાંત સહનશીલ ધીરી પત્નીને દુઃખના સમયમા પતિને ધૈર્ય આપતી જોવા કરતાં જગતમા બીજું કશું વધુ કરૂણાજનક નથી. દૈવી કોપથી પડતા પુરૂપરૂપી વૃક્ષની નાની લતા ટેકારૂપ થાયછે. અને પોતાના બળથી ટેકાવી રાખેછે. કાલે રાત્રે એ વિષયપર વિચાર કરતાં મને એક આગલો બનાવ યાદ આવ્યો. મારા બાળકપણામાં અમારે એક મહા કુળવાન શ્રીમંત કુટુંબ સાથે ઓળખાણ હતી. કુટુંબમાં માત્ર પતિ અને પત્ની બે જણ હતાં. પૈસાની પુષ્કળ છુટ હોવાથી બન્ને અત્યંત દમામથી રહેતાં. એક દિવસ સાંજે હું મારા પિતા પાસે બેઠેલી હતી તેવામાં મેં ઉપર કહેલ પુરૂષ બહુજ શોકિત મુખે તે ખંડમાં પ્રવેશ્યા. મારા પિતાએ તેમને માન આપી બેસાડયા. બેસતાં કંઇપણ બોલ્યા ચાલ્યા સિવાય તેઓ ખુરશીના ડાંડા પર માથું મૂકી રડી પડયા. મારા પિતાના તેઓ અંગત મિત્ર જેવા, એક પુત્ર જેવા હતા. એટલે તેમને બહુ ખોટું લાગ્યું. અમારા મિત્રને શાન્ત સ્વસ્થ કરી મારા પિતાએ આમ કરવાનું કારણ પૂછ્યું. તેમણે મુગે મોંએ કોટમાંથી એક તાર કહાડી આપ્યો. અને પિતાએ વાંચ્યો. તેમની પછીની વાતચીત ઉપરથી હું એટલું સમજી શકી કે તાર મુંબઇની એમની પેઢીપરથી હતો. પેઢી ભાંગી હતી, જપ્તી આવવાની તૈયારી હતી, અને સર્વ માલમીલકત જઇ પોતાને કંગાળ સ્થિતિમાં રહેવું પડે એવો સમય આવ્યો હતો. મુનીમોની ગરબડનું આ પરીણામ હતું.

"મને મારી મીલકત પૈસા ઘર દુકાનો કશાની દરકાર નથી; મારી ભાર્યા! અરેરે એનુ શું થશે. ગરીબાઇ એ કેમ સહેશે! મારાથી આ વાત

એને કહી શકાતીજ નથી. સવારની એ મને પૂછેછે તો હું ઉડાવુંછું. પણ એ ક્યાં સુધી ? ઘર છોડતાં એ શું શું કરશે ને કેવું કરશે."

મારા પિતાએ એને સમજણ પાડી કે ભાઈ તમે સ્ત્રીઓને ઓળખતા નથી. એની સહનશક્તિ પાસે તમારૂ ધૈર્ય પાણી ભરે. શાન્ત થાઓ ને તમે બન્ને સાંજના અહીં આવજો એટલે હું રસ્તો કહાડીશ. પ્રભુને ઘેર લખાએલા લેખ મિથ્યા ન થાય દૈવી કોપ સ્હામે ટકવામાં બહાદુરી છે સમજ્યા.''

અમારા મિત્ર ગયા અને સાંજે પતિ પત્ની સાથે આવ્યાં. પતિતો મુખ ઉપરથી ગભરાએલા હતા. નિર્દોષ પત્ની સ્વસ્થ હતી. મારા પિતા સાથે થોડીવાર એમણેજ વાત કરી ખબર અંતર પૂછી અંતે પાસે ટેબલપર પડેલો તાર ઉચકી મારા પિતાએ તે અમારા મિત્રની પત્નીના કરમાં મૂકયો શું બનેછે તે જોવાની ઇચ્છાથી પિતાની આજ્ઞા લઈ હું તે ખંડમાં બેઠેલી હતી. વળી એ યુગલને પણ હું બહુ પ્રિય હતી. તાર વાંચતાં કેવી કારમી ચીસ ને પત્ની પાડશે એમ મેં તો ધાર્યું હતું. પરંતુ તેને બદલે તાર વાંચી નીચે ફેંકી દઈ હસતી હસતી ઉભી થઈ તે પતિના બે હાથ ઝાલી ઉભી. "ને આજ દિલગીરીનું કારણકે ? ઓહો ધન મીલકત ગયુ, પરન્તુ હું ને તમે તો છુટાં નથી પડયાં ને ? મારો ને તમારો સંયોગ એજ મારૂ ધન." પતિ ઉપકારવેલો થયો, આખથી ચોધાર અશ્રુ ચાલ્યાં, અને એ બેને એકાન્તમાં મુકવાના હેતુથી મારો હાથ ઝાલી મારા પિતા બહાર ચાલ્યા ગયા. કલાકે એ પ્રેમીજીવ ખંડમાંથી નીકળ્યા, અને પોતાને સર્વથા સુખ હોવાનું જાહેર કર્યું. આ વૃત્તાંત ઘણા વખત પહેલાં બનેલ છે છતાં એ મને તાદૃશ છે. પત્નીની સહનશીલતાથી પતિ ગમે તેવા દુઃખ સહન કરી શકે છે. એ મધુર મુખનું હાસ્ય હજારો માઇલની મુસાફરીનો શ્રમ વિસરાવે છે. ગૃહની દેવીરૂપ એવી પત્ની દરેક ઘરમાં હોય એવી એક વિલક્ષણ આશા મારા મનમાં રાત્રિ દિવસ ભટકે છે. કોઈ પણ પ્રકારના દંભ વગરની, સર્વ રીતે સરળ, સત્યવાદી, પવિત્ર નીતિની પ્રતિમા મારી

કલ્પનામાં મને રોજ જણાયછે. બાહ્ય દેખાવ સર્વથી દૂર કરી અંતરની સત્યવૃત્તિ ધરાવનાર પત્નીઓ ગૃહની દેવીઓ મારી તરંગ ભૂમિમાં જણાયછે. અને એ તરંગ ભૂમી કદી પ્રત્યક્ષ થશે. ભારતભૂમિ એવી સ્ત્રીઓથી પૂર્ણ થશે એ આશાથી ઇશ પાસે પ્રાર્થના કરતી અત્યારે તો હું નિદ્રાદેવીની સેવામાં હાજર થવા આજ્ઞા માગુંછું. પ્રભુ મારૂં સ્વપ્ન સત્ય પાડશે એમ વિશ્વાસ છે. તથાસ્તુ !

સૌ. કીર્તિદાગૌરી.

૧૫૫—આત્મવૃત્તાંત.

મારૂં નામ મનોરમા છે ને વાંચકોને સરળ પડે માટે મારી સવિસ્તર હકીકત આપવાનું હું ઠીક ધારૂંછું. મારા પિતાનું નામ મોહનલાલ ને મારી માતાનું નામ ઇચ્છાલક્ષ્મી તથા મારી નાની બેનનું નામ પ્રેમપ્રતિમા હતું. મારા પિતા વાણીઆ જ્ઞાતિના છતાં સુધારક હતા અને તેથી હું ગુજરાતી પાંચ ચોપડીનો અભ્યાસ કરીને પછી ઈંગ્રેજી શીખવાને અમે સુરત રહેતા હોવાથી મિશન સ્કુલમાં જવા લાગી. ત્યાં મેં લગભગ મેટ્રીક સુધી અભ્યાસ કર્યો ને તે વખતે મારી ઉમ્મર અઢાર વર્ષની હતી. મારા પિતાનો વિચાર મેટ્રીકની પરિક્ષા આપ્યા પછી મારા લગ્ન કરવાનો હતો. પણ મારાં માતુશ્રીના આગ્રહને લીધે મારાં લગ્ન અમારી જ્ઞાતિના એક પચીસ વર્ષના યુવાન બી. એ. થએલા ઇસમ સાથે થયાં. મારાં પતિનું નામ લલિત મોહન છે ને સાસુજીનું નામ ગંગાલક્ષ્મી છે. તેજ વર્ષમાં હું મારા સાસુજીના બોલાવવાથી ત્યાં રહેવા ગઈ. તે વખતે હું બહાર જવા આવવાને રેશમી સાડી તથા સફેદ મલમલનું સુંદર ફેશનનું બદન તથા બુટ અને મોજાં પહેરતી અને અલંકારમાં ફક્ત હાથે બંગડી, કાને બુટ્ટી, અને ડોકમાં

અછોડો તથા હાથે વીંટી. વીંટી સિવાય બીજું કાંઈ મને ગમતું નહોતું અને ઘરમાં સુતરાઉ સફેદ ગવન અને સફેદ બદન પહેરતી હતી. મારા પિતાને ત્યાં કામ કરવાનું નહોતું તેમ સાસરે પણ કાંઈ કામ કરવાનું નહોતું કારણ કે સાસુજીને મારા પતિ સિવાય બીજું કાંઈ ફરજન નહોતું અને મારૂં સાસરૂ પૈસાદાર હોવાથી રાંધવાને એક બ્રાહ્મણ, વાસણ માજવાને નોકર તથા અનાજ સાફસુફ કરવાને એક બાઈ તથા ગાડી ઘોડો હતા. એટલે મારે પીવાનુ પાણી પણ હાથે લેવાનું નહોતું, પણ એક દિવસમારે સાસરે અમારા ભટ ઉપર તેની મા માંદી થઈ ગયાનો રાત્રે તાર આવ્યો, અને તે ગભરાઈ જવાથી મારા સ્વામીની રજા લઈ પોતાને ગામ ગયો, પણ હવે કેમ થાય? ભટ ગયો તે રાંધે કોણ? કાંઈ વૃદ્ધ સાસુજીને રાંધવા દેવાય ? અને મને પણ રાંધતા આવડતું નહોતું. પણ તેથી કાંઇ ભુખ્યા રેહેવાય? ત્યારે મેં પોતે ગભરાતાં, ગભરાતાં, રાંધવા માંડયું. પણ શું કરવું તે કાંઈ સુઝે નહીં. દાળ ઓરી અને તેમાં પુષ્કળ પાપડખાર નાંખી હું તો નહાવા ગઈ, નાહીને આવી ત્યારે દાળ બફાઈ હતી પણ પાપડખાર વધારે હોવાથી કાળી કાળી થઈ ગઈ હતી અને મેં દાળ ગળ્યા વગરજ એમને એમ આમલી હળધર, મીઠું, આદુ મરચાં, કોથમીર નાંખીને હોલે મૂકી ચુલે રીંગણાનું શાક વઘાર્યું. તેલમાં મરચાં હીંગ નાખી રીંગણાના કડકા નાખ્યા ને હળધર મીઠું નાંખી બે ત્રણ વાડકા પાણી નાંખી લોટ બાંધવા બેઠી. પુરીના લોટને મોણ દેવું જોઈએ તે છતાં ખબર ના હોવાથી મેં તો એમને એમ લોટ બાંધ્યો અને તે દરમ્યાન શાક થઈ ગયું તે અંગારે મૂકીને હું તપેલીમાં પાણીને ચોખા સાથે નાંખી ચુલે મૂકીને સ્વામી નહાતા હતા ત્યાં તેમને ધોતીયું તથા ટુવાલ આપવા ગઈ. અને ત્યાં જરા વાર લાગી તેથી હું જ્યારે આવી ત્યારે ચોખા ઉભરાતા હતા અને જરા ચીકણા થઈ ગયા હતા. તે જેમ તેમ ઓસાવી નીચે ઉતારીને ચુલે પેણી મૂકી પુરી કરવા માંડી. પણ કોઈ દિવસ કરી હોય તો આવડેકેની. એક તરફથી જાડી તો બીજી તરફથી પાતળી એવી પુરી વણીને તળવા મૂકી પણ ન ફુલે કે ન ફાટે. જ્યાં ત્યાંથી જેવી તેવી કરીને મૂકી એટલામાં સ્વામી અને સાસુજી જમવા

આવ્યાં. અને રસોઇ સારી થઇ નહીં તેથી પીરસનાં તો શરમ આવે પણ કાંઈ છુટકો! શરમાતાં, શરમાતાં, એ જણાને પીરસ્યુ અને બેઉ જમવા બેઠા. સ્વામી તો જે ભાવ્યું તે ખાઈને ઊઠી ગયા પણ સાસુજી વૃદ્ધ તે બોલ્યાં કે "વહુજી આતે રાંધ્યું કે રમત કરી છે. નોહતું આવડતું તો ના કહેવી હતી, પણ આવી રસોઈ તે કોણ ખાય' આ દાળ કાચીને સ્વાદ વગરની છે. શાક પણ તેવુંજ અને ચોખા પણ જાણે લાહી જેવા, પુરી ચવ્વડ. ને મારા જેવા વૃદ્ધથી તો કાંઈ એવી ખવાયજ નહીં ત્યારે ખાવું કે ભુખ્યા રહેવું. હૈયું બાળ્યા કરતાં તો હાથ બાળ્યા સારા." સાસુજી બોલ્યા તે નીચું જોઈને મે સાંભળ્યા કર્યું. પણ શું બોલું ? હું તો મુગી મુગી બેસીજ રહી. અને સાસુજી પણ જરાતરા જે ભાવ્યુ તે ખાઈને ઊઠી ગયાં. હું પણ મારો જીવ ઉદાસ થઈ જવાથી થોડું ખાઈને ઓરડામાં ગઈ ને જોયુ તો સ્વામી નહોતા તેથી જઈને પલંગ ઉપર સુતી ને મોંએ માથે ઓઢીને ખુબ રડી. ને રડતાં રડતા હું સુઈ ગઈ. થોડીવારે હું જાગી તે વખતે સ્વામી મારી પાસે પલંગ ઉપર બેઠા હતા. મને જાગતી જોઈને સ્વામીએ પુછ્યુ કે "મનોરમા તું ગભરાતી ના. તું તારે પાયેર જાય ત્યારે ભુલ સુધારી લઈને બધુ શીખીને આવજે પણ મારે એટલું તો કહેવું પડશે કે તું ભણતા શીખી તે રાંધતાં શીખવા ઉપર અને ગૃહવ્યવસ્થા ઉપર વધારે લક્ષ આપ્યુ હોત તો આવું થાત નહીં". સ્વામીનું બોલવું સાંભળી પાછું મને રડવું આવ્યું ને હું બોલી કે "જો મારા પીયેરમાં શીખવાનું હોત તો મારે આ વખત ન આવત. સ્વામીનાથ ! પહેલા મને સુધારાને નામે આનંદ થતો હતો પણ આજે તો મારો જીવ બળી જાયછે. મને તો લાગેછે કે સારાં કપડાં પહેરવા, ઈંગ્રેજી ભણવું, ને પાર્ટીઓમાં જવાને સુધારો ના કહેવો જોઈએ. પણ સારી રીતે ઘરમાં હિસાબ રાખતાં, રાંધતાં ને બાળક ઉછેરતાં આવડે તેનેજ સુધારો કહેવો જોઇએ. એ તો ઠીક પણ મારે હવે શુ કરવું ? કે જેથી મારી ભૂલ સુધરે. ને મને રાંધતાં બરાબર આવડે. આજેજ મને અનુભવ થયો કે દરેક પૈસાદાર કે ગરીબ સ્ત્રીઓને પણ પાકશાસ્ત્ર શીખવું અવશ્ય છેજ." મારૂ બોલવું

સાંભળી સ્વામી વિચારમાં પડયા ને થોડીવારે બોલ્યા, " મનુ તું એમ કર કે તું મારા માસી જે ભરૂચમાં રહે છે ત્યાં જા કેમકે હમણા વિમળા બહેનની સુવાવડ છે. ને વળી તારી ફોઇની છોકરી મારા માસીના દીકરા મદન મોહન સાથે પરણી છે. તે ત્યાંજ છે અટલે તને શીખવામાં વધારે સુગમ પડશે ને માસી શાંત સ્વભાવનાં હોવાથી તે તને ધીરેથી શીખવશે, કેમ તારી મરજી છે? હોય તો માજીને કહીને નક્કી કરૂ." મેં તો તરત હાથ જોડીને કહ્યું કે સ્વામીનાથ તમારી આજ્ઞા હશે તો હું તો તમે જ્યાં જવાનું નક્કી કરશો ત્યાં જઈશ. મારે તેમાં કોઇપણ પ્રકારનો વાંધો નથી. મારૂ બોલવુ સાંભળીને સ્વામી ઊઠયા અને સાસુજીની અનુમતિથી બીજે દિવસે મારે ભરૂચ જવાનુ ઠર્યું. સાંજે સાસુજીએ પાસે બેસીને મારી પાસે રંધાવ્યુ તેથી કાંઈ વધારે બગડયું નહીં, અને બીજે દિવસે સવારથી તો ભટ આવવાનો હતો તેથી મારે રાંધવાનું નહોતું. બીજે દિવસે મને સ્વામી સ્ટેશનપર મૂકવા આવ્યા ને ગાડી ઉપડતી વખતે મને કહ્યું કે સંભાળીને જજે અને ખત રાખીને ધીરજથી શીખજે. મે નમન કરીને હા કહી. અને ગાડી ઉપડી. ભરૂચના સ્ટેશન ઉપર મારા દીયર મદનમોહનને મને તેડવા આવવાને તારથી ખબર આપી હતી તે પ્રમાણે તેઓ તેડવા આવ્યા હતા. તેમની સાથે હુ ઘેર ગઈ. ઘરમાં પેસતાંજ મારી ફોઇની છોકરી ને માસીજીના છોકરાની વહુ સુશીલા મને તેડવા આવી ને હાથ પકડીને ઉપર તેડી ગઇ, ને નોકરપણ કહ્યા વગરજ સામાન લઈને મારે વાસ્તે તૈયાર કરેલા ઓરડામાં મૂકી આવ્યો. હું પણ કપડાં બદલીને માસીજી પાસે ગઈને પ્રણામ કરીને સામી બેઠી. એટલે માસીજીએ બધાની ખબર પૂછી. મેં માસીજીને બધાના સમાચાર કહ્યા અને પછી મારી ફજેતીની વાત કહી અને કહ્યુ કે તમારી પાસે શીખવા આવીશું. માસીજીએ બધી વાત સાંભળીને ધીરેથી કહ્યું કે વહુ ગભરાશો નહીં. હોય એમ પણ થાય. પણ હવે તમને ખંત છે તે જલદી શીખી શકશો. વખતે બગડે પણ ખરૂં તેમાં ગભરાવું નહીં. એમ કહી સુશીલાને બોલાવી એટલે સુશીલા તરત આવી તેને માસીજીએ કહ્યુ

કે કાલથી તારી સાથે રાખીને મનોરમાને કામકાજમાં સમજ પાડજે. બીજે દિવસથી હું કામકાજ કરવા લાગી. ઘણી વખત મારાથી ઘી, તેલ વીગેરે ઢોળાઈ જઇને બગાડ થતો પણ માસીજીએ મને એક પણ શબ્દ કહ્યો નહીં, અને ધીરેથી સમજ પાડીને દરેક કામ શીખવ્યું. એ મહીનામાં હું બધું રાંધતાં શીખી અને મુરબ્બો, અથાણું અને થોડી સારી ચીજો બનાવતાં પણ શીખી, ને તે દરમ્યાન વિમળા બહેનને પુત્ર જનમ્યો એટલે માસીજીએ મને સુવાવડના કામમાં પણ માહીતગાર બનાવી. માસીજીના ઘરની વ્યવસ્થા ઘણીજ સારા પ્રકારની હતી. અનાજથી તે પાણીના પવાલા સુધી દરેક પોતપોતાની જગોએ ગોઠવેલાં હતા, અને ચોકખાઇ પણ સારી રેહેતી હતી. સુશીલા પણ ઘરમાં એકજ નોકર છતાં એવી ઝડપથી કામ કરતી કે નવરીને નવરી. માસીજીપર માના જેવુંજ હેત હતું ને પડયો બોલ ઝીલી લેતી. અને માસીજી પણ વિમળા બહેનમાં ને સુશીલામા બીલકુલ ફેર ગણતાં નહીં. હું ત્યાં રહી તે દરમ્યાન મને એમનો બધાનો પોશાક સારો લાગતો તેથી હું પણ બદન તથા મોજાને પેનશન આપીને સારી ડગલી સીવાડી હતી તે પહેરતી. આ પ્રમાણે મને ત્રણ માસ થયા એટલે માસીજીએ કહ્યું કે વહુ સુરતથી કાગળ આવ્યો છે તેમાં મોટી બહેન આવતી કાલે બપોરે તમને તેડાવે છે. મારા ધારવા પ્રમાણે તમને કામકાજ પણ આવડ્યું છે, તેથી મદન મોહન તમને સ્ટેશને મૂકવા આવશે અને ત્યાં લલીત મોહન તેડવા આવશે. એટલે તમને અડચણ નહીં પડે. હું આજે મોટી બહેનને કાગળ લખું છું કે મનોરમા આવે છે. ત્યારે મેં કહ્યું કે તમે જેમ કહેશો તેમ કરવા તૈયાર છું. મેં પણ તેજ દિવસે જમીને સાંજના મારો સામાન બાંધી લીધો. ને બીજે દિવસે જમીને બધાને મળી ભેટીને હું સુરત જવા નીકળી. દીયરજી સ્ટેશનપર આવ્યા હતા ને ગાડીમાં બેસાડીને કહ્યું ' કે ભાભી સંભાળીને જજો ને પહોંચીને કાગળ લખજો." એટલે ગાડી ઉપડી ને તેઓ તેમને ઘેર ગયા. સુરતના સ્ટેશને સ્વામીજી તેડવા આવ્યા હતા. તેમણે મને જોતાંજ હસીને કહ્યું કે "મનોરમા તું તો ઘણીજ બદલાઈ ગઈ છે, મેં તો પહેલાં ઓળ-

બીજ નહીં." મેં શરમથી નીચું જોયું ને અમે બન્ને ઘોડાગાડીમા બેઠાં. ગાડી ચાલી એટલે સ્વામીએ પૂછયું "મનોરમા તને શું આવડયું તે કહે. તે દિવસે રાંધ્યું હતું તેવું રાંધશે કે નહીં." મેં તરત સ્વામીને કહ્યું "સ્વામીનાથ ફરી એ વાત સંભારશો નહીં. મારો જીવ એ વાત સંભારતા બળી જાયછે, પણ હું પરમેશ્વરનો પાડ માનુંછું કે તે વિશે મારી આંખ ઉઘડી ને હું હવે મારો પત્નીધર્મ તમને સંતોષ ઉપજે તેવી રીતે બજાવીશ. વારૂ પરમેશ્વર માસીજીનુ કલ્યાણ કરજો કે તેણે મને પોતાની દીકરીની માફક કેળવીને બધુ શીખવ્યુ. અને હું પણ મારા પિતાજીને સમજાવીને પ્રેમપ્રતિમાને પણ ગૃહકાર્ય શીખવવાનું કબુલ કરાવીશ. નહીં તો તે દુઃખી થાય. ભણેલાંજ કાંઇ કેળવાયલા કેહેવાય નહીં પણ સાથે ગૃહકાર્ય આવડતું હોય તોજ કેળવાયલા કહેવાય" એમ હું હવે સમજીછું.

ઘેર જઈ કપડા બદલીને સાસુજીને પ્રણામ કરી તેમની પાસે બેઠી, ને પછી બધાના સારા તાજાની ખબર કહી એટલામાં જમવાની વખત થઈ ને અમે જમવા ગયા. પણ મહારાજ સારૂં રાંધતો ન હોવાથી મને તો કાંઈ ભાવ્યું નહીં. હું થોડું ખાઈને ઉઠી ગઇ. ઓરડામાં જઈ સ્વામીને મુખવાસ (પાન) આપીને ધીરેથી કહ્યું "કે સ્વામીનાથ જો માનો તો એક વાત કહુ અને એક ચીજ તમારી પાસે માગું." સ્વામીએ હસીને કહ્યું કે ખુશીથી આપીશ તારે જે જોઇએ તે હું ખુશીથી આપીશ" ત્યારે મેં કહ્યું કે "આ ભટને કાલથી રજા આપો અને હું રાંધીશ." મારૂ બોલવું સાંભળીને સ્વામીજી તો ખુબજ હસ્યા ને બોલ્યા કોણ? તું રાંધવાની છો? મનોરમા તું બોલતી નહિં તું રાંધવાનુ કહેછે ને મને તે તે દીવસે રાંધ્યુ હતુ તે સાંભરી આવેછે. મેં કહ્યું કે હવે એવાં બહાના કાઢી ફરી નહીં જવાય. સ્વામીએ કહ્યું કે મારી તો હાજ છે, જો માજી હા કહે તો કાલથી રજા આપીએ. એટલે હું ઊઠી સાસુજી પાસે ગઇ સાસુજી પથારીમાં જાગતાં સુતાં હતાં ત્યાં જઇને હું પાસે બેઠી એટલે સાસુજીએ કહ્યું કે "વહુ કેમ રાતની વખતે અહીંઆં આવ્યાં છો? તબીએત તો સારી છે?" મેં કહ્યું હા તબી-

એત તો સારી છે, પણ હું તમારી પાસે એક ચીજ માગવા આવીછું તે આપ્યા વગર નહીં ચાલે. સાસુજીએ બેઠાં થઈને કહ્યું કે વહુ લગ્ન પછી આજેજ મારી પાસે માગવા આવ્યાં છો તો મારાથી અપાય તેવું હશે તો તમને આપીશ. એટલે મેં કહ્યું કે તમારાથી અપાય તેવુંજ છે. કાલથી ભટને રજા આપો. એટલે સાસુજીએ મારે વાંસે હાથ ફેરવીને કહ્યું કે વહુ ભટને રજા આપવાની જરૂર નથી. પરમેશ્વરની મહેરબાનીથી આપણે ભટ રાખી શકીએ તેમ છે અને તે દિવસે મેં તમને કહ્યું તેમાં ખોટું લગાડશો નહિં. એ તો દરેક બૈરાને રસોઈ કરતાં તથા ગૃહવ્યવસ્થા શીખવું અવશ્યનું હોવાથી અને તે વાતની આવડત તને ન હોવાથી મને ખોટું લાગ્યુ તેથીજ મેં તને કહ્યું. હવે તને આવડયું જાણી મને સંતોષ થયો. ને ભટને હું રજા આપવાની નથી. મેં ધીરેથી કહ્યું ના સાસુજી એમ નહીં ચાલે, મારૂ માગ્યુ તમારે આપવું પડશે. કાલથી રજા આપો. તમને પ્રભુએ પૈસા આપેલા છે તે બીજા કામમાં ખરચજો. પણ મારી આટલી ઇચ્છા તો પુરી પાડવીજ પડશે. આખરે મારા સાસુજીએ ભટને રજા આપવા હા કહી ને મારૂં ધાર્યું થયું

હમણા અમે વસ્તારી થયાં છીએ. અને વૃદ્ધ સાસુજી પોતાના ત્રણ પૌત્ર ને બે પૌત્રીને આખો દિવસ પોતાની નજર આગળથી ખસેડતાં નથી. અને હું પણ રાંધી પરવારીને ઘર સાફસુફ કરી સાસુજી પાસે બેસીને ઘણા હેતથી માસીજીને યાદ કરીને સાસુજીને ઘણી વખત કહુંછું કે માસીજીને લીધેજ મારો ને મારે લીધે મારી નાની બહેન પ્રેમપ્રતિમાનો સંસાર સુધર્યો કેમકે તેને મેં મારી પાસે રાખીને બધું શીખવ્યું, તેથી એ પોતાને સાસરે સુખી છે. ને હું પણ આનંદમાં દિવસ ગુજારીને માસીજીને હરવખત યાદ કરૂછું, ને પરમેશ્વર તેમને સદા સુખી રાખે એમ હું રોજ પ્રાર્થના કરૂછું. સાસુજી તથા સ્વામીજી ઘણી વખત મને કહે છે કે મનોરમા તે દિવસે તેં રાંધ્યુ હતું તેવું ફરી એકવાર રાંધ. એ વાત સંભારીને અમે ઘણાંજ હસીએ છીએ ને મારા ત્રણ છોકરા તથા બે છોકરીને પણ તે સાંભળીને આશ્ચર્ય થાય છે.

સુંદરીસુબોધ.

સ્વ. સૌ. વિજયાલક્ષ્મી.

૬૫૬—સુવર્ણમાળા.

દરેક સ્ત્રી, પછી ગમે તેટલી તે કેળવાએલી હોય પણ તેણે યાદ રાખવું કે પોતાના પતિનો પ્યાર તે એક અમૂલ્ય જવાહીર છે તે મેળવવાને દરેક રીતે યત્ન કરવો, તે સાચવી રાખવાને પણ યોગ્ય થઈ યત્ન કરવો; કે મરણ પછી પણ એ પ્યારરૂપી જવાહીરનો વારસો આપણા બાળકને મળે.

દરેક રંક યા રાય, વિદ્વાન કે સામાન્ય, પણ સદ્‌ગુણી ગૃહિણીના જીવનની શ્રેષ્ટતા માત્ર તેણે મેળવેલા પતિપ્યારથીજ છે, પતિ એજ જેનુ જીવન છે, પતિ એ જેનાં પ્રાણનોએ પ્રાણ છે તેને પછી કદીએ પતિનો દરજ્જો કે તેના પૈસા કે વૈભવ સત્તા કે વિદ્ગત્તાનો વિચાર આવતો નથી, અને હું કહીશ કે તેજ સ્ત્રી સાચી સતી છે.

પોતાની જીવનવેલ પતિનાં જીવનવૃક્ષમાં સંકેલવી તેના કરતાં અધિક ઉત્તમ તે શું હોઈ શકે ? વિશ્વસમૃદ્ધિ પતિપ્રેમ આગળ જે તુચ્છ ગણી તજે છે તેનેજ ધન્ય છે. પત્નીપ્રેમની કીંમત તેવે સમયેજ થાયછે.

સીતા, સાવિત્રી, દમયંતી, ને અનસૂયા, એ સર્વ આર્યાવૃત્તનાં સ્ત્રી રત્નોએ પોતાના પતિવ્રત માટે પ્રાણ આપ્યા છે. શીયળ માટે ઘણાં દુ:સહ દુ:ખો સહન કર્યાં છે. તે મહાન સતીઓએ રાજા મહારાજાનાં વૈભવ ત્યાગ કરીને જંગલમાં મંગળ કરીને મઢૂલીમાં સુખ કેળવી પતિથી આનદ ભોગવ્યોછે.

જગતમાં અક્ષય કીર્તિસ્થંભ તેમણેજ રોપ્યા છે, કરમાય નહિ તેવા અક્ષય કીર્તિ કુસુમોની માળા તેમના કંઠેજ હતી,-તેમને થઈ ગએ ઘણાં વર્ષો વહી ગયાં છે. પણ હજુ એ ભારત ભૂમિમાં તેમની યાદ તેવી ને તેવી તાજી છે. શું તે ભુંસાય તેવી છે ?

સ્ત્રીની અંદર એક દૈવી ગુણ છે તેનું નામ "પ્રેમ" કે કંઈ અન્ય હોય પણ તે સર્વ જગતથી જુદી છે. કારણ જો કોઈ ચતુર પુરૂષ સ્ત્રી

પસંદ કરે તો તે કયા ગુણને માન આપેછે? રસોઈ આવડવી, ભરત ચિત્રનું કામ, બે ત્રણ ભાષાઓનું જ્ઞાન, ગાનાં બજાવતાં, નર્સ થવું, સુંદર છોકરાંને જાળવવાં, વગેરે આવડતમાના કયા સદ્ગુણને પસંદ કરે છે? પણ સ્ત્રી કે પુરૂષ ઉભય પોતાની પસંદગી તો આત્મા ઓળખી કરે છે. "આત્મા ઓળખે તે વર નહિ તો પર" તેવી રીતે બાહ્ય સમૃદ્ધિનાં સાધનો કંઈપણ કામ આવતાં નથી પણ એક હૃદય, આત્માજ ઉપયોગમાં આવે છે, માટે પતિ-પત્નીએ સદ્વર્તન રાખી હૃદય—આત્મા નિર્મળ રાખવાની જરૂર છે.

ઘણાંએ કેળવાએલાં દંપતી પણ એક બીજાને વાસ્તે ઘણીવાર અસંતોષી રહે છે. પણ હુ ધારૂ છું કે જો તે એક બીજાનાં નિર્મળ હૃદયમા પોતાનુ પ્રતિબીંબ જુએ તો પછી તેવી ફરિયાદ રહે નહિ, ને મતભેદ પણ થાય નહિ. હિંદુસ્થાનમાં બાળલગ્નથી એક જાતનાં નહિ પણ અનેક જાતનાં કજોડાં થાયછે. મનના, તનના, વિદ્યાના, વયના વિત્તનાં ને વિચારના અનેક કજોડાં! પણ કેળવાયલાએ પોતાના સંસાર સુધામય કરવાને વાસ્તે, એક બીજાનાં દોષ કાઢીને કુસંપ પેદા કરવા કરતા, તેને અનુકૂળ થવુ તે શ્રેષ્ટજ છે.

અલબત્ત જ્યાં સદ્વર્ત્તન નથી ત્યાં તો કશું નથી, એમજ મારૂ તો માનવુ છે; માટે પતિનો પ્રેમ મેળવી ગૃહરાજ્યનાં રાણી થવા સદ્વર્ત્તન સ્ત્રીઓને તો ઘણાજ કામનું છે. સ્ત્રીમાં ભલે કદી ઘણી ચતુરાઈ ને ઘણી આવડત હોય પણ સદ્વર્ત્તન વિના તે નકામી છે. માટે ગૃહરાણી ગૃહ—સચીવ સ્ત્રીએ અવશ્ય સદ્વર્ત્તનશાળી થવુંજ જોઇએ.

સ્ત્રીઓનાં સદ્વર્તનમાં શીયળ તે મૂખ્ય છે. શીયળ વિના સર્વ કાંઈ તુચ્છ છે. માટે મનની દૃઢતાએ સંપૂર્ણ રીતે શીયળ પાળવું ને બીજા પણ અનેક સદ્ગુણોનું સ્ત્રીઓએ પાલન કરવાનું છે. શીયળ વિનાની સ્ત્રી અમાસ રાત્રી કરતાંયે ભયંકર છે. તેની આવડત, તેના બીજા ગુણો, તેની વિદ્યા કે તેનું સૌંદર્ય સર્વ નકામુ—નકામુંજ છે!

શરીર સૌંદર્ય એ કંઈ બહુ મોંઘી ને માનલાયક ચીજ નથી. તે તો એક હલકામાં હલકી સ્ત્રી પાસે પણ હોય છે. પણ પતિપ્રેમ જે ઉમદા સદ્વર્તનનો ગુણ છે એ એક મોંઘામાં મોઘી ચીજ છે, કારણ તે ક્વચીતજ મળી આવે છે. જ્યાં તે છે ત્યાં સ્વર્ગનાં સુખ હેઠાં ઉતરે છે.

સ્ત્રીઓએ જેટલો શ્રમ સૌંદર્ય માટે લીધોછે ને લે છે, તેના જેવો શ્રમ જો સદ્વર્તન માટે લીધો હોત તો ખરેખર ભારત ભૂમિ પ્રાચીનપ્રણાનું તેજ હજુ ધારતી હોત. પણ અફસોસ! આજ કાલતો નવાં નવાં ફેશન વાળાં લુગડાં, ઘરેણાં પહેરીને પરી થઈને પુરૂષોમાં વખણાવાનું મન સર્વેને થાય છે. સાબુ, સેન્ત, સુગંધી તેલો, સાડીઓ, પોલકા, પાઊડર, બુટ, છત્રી, કઈ કંઈ વધી પડયુ છે, જેથી હિંદનું હતભાગ્ય પણ વધ્યું છે!

વળી આધુનિક ગરમ પાણીનો રિવાજ પણ પ્રમાણમાં વધી પડયો છે. જ્યાં ત્યાં, ચ્હા, ચ્હા, ને ચ્હા! 'ખાવા ખોતેરાં ને પીગાંણાં બહોતેરાં'– તેમ દિવસમાં બે ત્રણ વખત ચ્હા! આ રિવાજ પણ નુકસાનકારક છે, આર્થિક ને શારીરિક બન્ને રીતે નુકશાન કરે છે, મિથ્યા ખટપટ ને કામ વધારે છે, માટે બનતા પ્રયાસે ચ્હાને સત્વર કાઢી નાખવી. શ્રીમંતનું અનુકરણ નિર્ધન કરે તો તે વધારે નિર્ધન થાય માટે પ્રથમ તો શ્રીમતોએજ સર્વ રીતે વિચાર કરવાનો છે. ઉત્તમ દૂધ રૂપી અમૃત મૂકીને ચ્હા રૂપી વિષનું પાન શા માટે કરવું ને પ્રજાને કરાવવું જોઈએ? ગરમ પાણી વિલાયત જેવા ટાઢા દેશને યોગ્ય હશે પણ હિંદ ગરમ હોઈ તેને માટે યોગ્ય નથી માટે ઝેરી જંતુની માફક તેનો નાશ કરવો.

સ્ત્રીઓએ આળસુપણે પોતાનો કાળક્ષેપ વૃથા કરવો નહિ જોઈએ. આપણી પાસે સમય હોય તેનો સદુપયોગ કરવો. નકામી નિંદા કુથલી કે નમાલી વાતો કે આળસુપણે સુવામાં કે દેવ દર્શનના ઢોંગ કરવામાં ગુમાવી દેવો જોઈએ નહિ. ભરવું, ગુંથવું, સાંધવું, સીવવું, રાંધવું, ઘરકામ, વાંચવું, વિચારવું, લખવું, પ્રભુ સ્મરણ, છોકરાં હોય તો તે, એમ અનેક રીતે

સદ્પ્રવૃત્તિમાંજ પોતાનો સમય ગાળવો. કદી પણ ક્લેશ, નીંદાને ગામ ગપાટામાં ગાળવો નહિ. સમયનો સદુપયોગ એજ શ્રેષ્ટ જીવન છે, જેટલો સમય વ્યર્થ ગુમાવ્યો તેટલું જીવન પણ વ્યર્થ ગુમાવ્યું જાણવું.

આધુનિક કાળે સ્ત્રીઓ ભરતાં ગુંથતાં શીખી છે, તેસારી વાત છે પણ ઉપયોગ વગરનું નકામુ ખરચાળુ ભરત નહિ ભરવું જોઈએ. વોરાઓનાં નકામાં બીલ વધ્યે જાય એ પણ કંઈ આવડત કે ગૃહસ્થાઈ નથી. માટે હંમેશા ઉપયોગી કામ કરતાં પહેલાં શીખવું જોઇએ. શ્રીમંતો કદી કરે તો ભલે પણ સાધારણ સ્થિતિવાળાએ તો બહુજ સંભાળ લેવાની છે. તેઓએ એવાં નકામા ખોટા ખર્ચોથી બચવાનું છે.

વળી સ્ત્રીઓની અંદર એ પણ એક વધી પડ્યુ છે, તે એ કે ભણવા ને લખવા વાંચવાનો ડોળ ! બેવકુફ જેવી હોય પણ પુસ્તક લઈને બેસે. પછી ભલે પાંચ દહાડે પાનું પુરૂં થાય, ને પુર્નજન્મે સમજાય, પણ બાઈ સાહેબ ભણેલાં છે. ઘરનું કામ સંભાળે નહિ, તે તો હલકું. છોકરૂં તેડતાં શરમાય તે આયાઓ જોઈએ. સખીઓને ચાહાપાણી હોય, કદી કંઇ મેળાવડો હોય તો હાજર. બાળક ઘેર રોઈ મરે ને વર આંટા ખાયા કરે. નાટકમાં તો તૈયાર ! આ કુટેવો પણ સુધારવીજ જોઇએ. વાંચવું લખવુ જો કે અવશ્યનુ છે, તોપણ તેની ઉપયોગીતા ને નિયમ ઉપર આધાર રાખે છે. ઘરની આવક—યોગ્યતાનો વિચાર નહિ, વાંચે પણ વિચારવાની શક્તિ નહિ, અમલમાં આણવાની શકિત નહિ, બાળકની સંભાળ નહિ, પતિની આજ્ઞા કે પ્રેમની દરકાર નહિ, એ વાત કોઈ પણ રીતે સ્ત્રીપણાંને શોભતી નથી. માટે તેવા સુધારાના ખોટા ડોળને ધિક્કારવા જોઈએ.

પરણ્યા પછી દરેક સ્ત્રીની પ્રથમ ફરજ તો એજ છે કે તેણે તેનાં પતિનો પ્રેમ હરેક રીતે સંપાદન કરવો જોઈએ. તેના હૃદયને ઓળખી લેવું જોઈએ, આત્માથી એકતા સાધવી જોઇએ, તેને દરેક રીતે સુખ સંતોષ ને આનંદ આપવા જોઇએ. તેમને અખૂટ પ્રેમ આપીને પ્રેમના બદલામાં પ્રેમ મેળવી લેવો જોઇએ ને સંસાર સ્વર્ગ કરવો જોઇએ.

દરેક બાળકને માટે તેની માતા જવાબદાર છે. તેની શારીરિક માનસિક, નૈતિક ને આધ્યાત્મિક દરેક ઉન્નતિને માટે તેની માતા જવાબદાર છે. બાળકનાં બુધ્ધિબળ, વિદ્યા ને સદ્‌વર્તન એ સર્વ માતાનાં ઉપરજ આધાર રાખે છે, માટે ભવિષ્યમાં સારી પ્રજા ઉત્પન્ન કરવાને માટે માતાએ દરેક રીતે નિયમિત ને સદ્વર્ત્તનવાળાં થવું જોઈએ. માતાનાં ચારિત્રની ઉત્તમ યાતો અધમ છાપ જે બાળકનાં મગજમાં પડે છે, તે કાળે કરીને પણ ભુસાતી નથી. બાળપણથીજ પુત્ર પુત્રીઓને ધર્મનીતિનું શિક્ષણ જો ગૃહદ્વારા દીધુ હોય તો પછીથી શાળામાં વાંધો આવે નહિ, ને ઘણી પ્રજા સંપાદન કરી શકાય, ને આધુનિક કેળવણીને ધર્મ નીતિ રહીત ગણાય છે તે પણ ગણાય નહિ. પણ તે સર્વ ફરજોને માટે માતાજ જવાબદાર છે. કેળવાએલી સુજ્ઞ માતા બાળકનું ભાગ્ય નથી ઘડી શકતી પણ ચારિત્ર તો ઘડીજ શકે છે. ઘણા પુત્રો ઘણી લક્ષ્મી કે ઘણો વૈભવ વિદ્યા, તે ભાગ્યને આધારે છે, પણ સદ્વર્ત્તનમય ચારિત્રતો ફક્ત માતાને આધારે છે. માતા બાળકનો પહેલો ગુરૂ છે.

દરેક ડાહી સ્ત્રીએ પોતાના ગૃહમંદીરમાં આવક ને વ્યયનો હીસાબ રાખવો ઘટે છે, ને જો કે કંજુસાઈ નહિ પણ કરકસર તો કરવીજ જોઈએ. નાતવરા, વરઘોડા, મરણ, જન્મ, ને લગ્નનાં ખરચોમાં, કુલણજીની પેઠે કરજ કરીને ફૂલેકામાં, શ્રીમંતો તેમજ ગરીબ સરખાં ઉતરે ! આ રિવાજો સામે પણ ટક્કર ઝીલવાની છે. અને તેમાં એ સ્ત્રીઓએજ પોતાનું મન દૃઢ કરીને મજબુત રાખવાનું છે. વળી બીજી બાજુએ પૉલીશનાં માલ, જાપાની સાડીઓ ને સીલ્કો, ને બીજી અનેક શોખમોજની આંખને આંજે તેવી ચીજો માટે પણ પ્રથમ સ્ત્રીઓએજ મન મજબુત રાખવાનું છે. એ બન્ને બાજુએ થતાં ખોટા ખર્ચનો બચાવ કરવો ખાસ જરૂરનો છે. પોતે તેમજ ગૃહકુટુંબને ખાસ ઉપયોગ વગરની શોખની કોઈપણ ચીજ નહિ ખરીદવી, ને આહાર, વિહાર ને પોશાકમાં નિયમિતપણું, સાદાઈ ને સ્વચ્છતા રાખવાં.

૧૫૯—સીસ્ટરડોરા.

"परोपकाराय सतां विभूतयः"

વિદુષી, કળાવાન, બુદ્ધિવાન, અને તેમાં પણ ખાસ કરીને પ્રાતઃ સ્મરણીય પતિવ્રતા સતીઓનાં યશસ્વી નામો દુનિયામાં બેશક પ્રકાશવા લાયક છે, પરંતુ જેઓ પરનાં કલ્યાણ માટે સતત પ્રયાસ કરે છે, અને વિશેષે કરીને જીવનને ન્યાસ પરસેવા કરનાર થાપણ તરીકે માની સ્વાર્થનો સ્વસુખનો ભોગ આપીને પણ પરહિતનો પરમાર્થનો નિયમ સર્વદા પાળે છે, તેઓની કીર્તિ જરા પણ ઓછી તેજસ્વી નથી.

યુરોપખંડ માંહેના ઈંગ્લાંડ દેશમા આશરે ૧૮૩૧ ની સાલમા સીસ્ટર ડોરાનો જન્મ થયો હતો. બાળવયથીજ તેનામાં પરોપકાર ને દયાની વૃત્તિ ઘણી સતેજ હતી. વિલાયતમાં પરોપકાર વૃત્તિવાળી અબળાઓ માંદાની માવજત કરવી, યુદ્ધમાં ઘાયલ થએલાની સારવાર કરવી અનાથ બાળકોના રક્ષણ શિક્ષણનો બોજો શીર લેવો, દુઃખીઓને દીલાસો આપી કે યોગ્ય ઇલાજ લઈ તેમનાં દુઃખ દૂર કરવાં, બેરોજગારને ઉદ્યમે ચડાવવા, તેઓની સ્થિતિ સુધારવી, દારૂ ને અફીણ જેવી નુકસાનકારક ચીજોથી દેશબંધુઓને બચાવવા, સંસારીઓના ગૃહકલેશો દૂર કરાવવા, અને સ્ત્રીઓની સ્થિતિ સુધારવાના યોગ્ય ઉપાયો કરવા, વગેરે પરોપકારી પરહિતનાં કાર્યો વગર પગારે ફલની આકાંક્ષા સિવાય, સાત્વિક ભાવે પ્રભુપ્રિતે કરવાને પોતાનુ જીવન અર્પણ કરે છે. અને શીર લીધેલુ સત્કાર્ય જીવન પર્યંત શુદ્ધ બુદ્ધિથી પૂર્ણ કરે છે. આવી પરોપકારી અબળાઓનાં મંડળ સ્થપાય છે, અને તેનુ બંધારણ નૂતન સ્થાપન થએલાં આપણા દેશનાં "સેવા સદનને" અમુક અંશે મળતું હોય છે.

સીસ્ટર ડોરા એવીજ પરોપકારી બાઈ હતી. તે સૌંદર્યવાન, દ્રવ્યવાન, કુલીન અને વિદુષી હોવાથી લગ્ન માટે તેને ઘણી સારી માગણીઓ આવી હતી. છતાં પણ તેણે આ દુનિયાનાં ચલિત સુખોને તિલાંજલી આપી પોતાનું

જીવન રોગીઓની સેવાના પરોપકારી કાર્યમાં ઇશ્વિર પ્રિતે અર્પણ કર્યું અને તેમાં તેણે એટલી હિંમતને હોંસથી કામ બજાવ્યુ કે ઘણાં ટુંકા સમયમાંજ તેનું નામ ઘેર ઘેર પુજાવા લાગ્યુ. જો કે સીસ્ટર ડોરાને પોતાની પ્રશંસાની દરકાર ઘણી થોડી હતી.

પોતાનાં મહાન કાર્યની શરૂઆતમાં તે પોતાના ઘરમાં સાદી દવા રાખતી અને કુટુંબમાં, ચાકર નફરોમા તથા પાડોશીઓમાં યોગ્ય રીતે તેનો ઘટતો છૂટથી ઉપયોગ કરતી. જાતે તેમની ચાકરી કરતી. વળી તેમનો ખોરાક તપાસતી, અને તેમાંના ગરીબોને કંઈ પણ ડોળ કર્યા વિના વગર પ્રસિદ્ધિએ ઘટતો ખોરાક પોતેજ પૂરો પાડતી. ધીમે ધીમે તેની આ પરોપકારવૃત્તિ વધારે વિશાળ બની, અને થોડા સમયમાંજ નાની સરખી ડીસ્પેન્સરીની માફક તેને ત્યાં ગરીબ રોગીઓની ભીડ થવા લાગી.

થોડાં વર્ષ ખાસ અનુભવ મેળવ્યા પછી ૧૮૬૫ ની સાલમા તેણે એક દવાખાનુ ઉઘાડયુ. તેમાં દસ ઉપરાત દરદીઓની સારવારનુ કામ પોતે એકલીએજ એવી સારી રીતે બજાવ્યું કે ડોકટરો અજાયબ થયા, અને દરદીઓ સંતોષ પામ્યા. આવી રીતે ઉભય પક્ષની પ્રીતિ સીસ્ટર ડોરાએ સંપાદન કરી થોડાં વર્ષ પછી અકસ્માતિક કેસોનું તેણે બીજુ દવાખાનુ ખોલ્યુ. અને તેમાં પણ પ્રશંસાપાત્ર મહેનત કરી.

રોગી લોકોની માગણીથી કે ફરિયાદથી તે કદી પણ કંટાળતી નહિ, એવી તે શાંત સ્વભાવની હતી. દરદીની રસોઈ ને પીરસવાપર તે જાતે તપાસ રાખતી. તેના જખમ સાફ કરવા, પાટા બાંધવા ને દવા આપવી તે સર્વ પોતેજ કરતી. વળી સર્વથી ઉત્તમ તો તે એ કરતી કે તંદુરસ્ત થયા પછી તે રોગીઓ નીતિમાન થાય, એટલા માટે હમેશાં દરદી પાસે ઇશ્વિર પ્રાર્થના કરતી, મનુષ્ય તરીકેની તેની ફરજો સમજાવતી, અને તેમની પરોપકારની તેમજ સારી લાગણીઓ સતેજ કરતી. તેના દવાખાનામાંથી નીકળ્યા બાદ દરદીઓને તેની ઉંડી દીલસોજીની એટલી સારી અસર રહેતી કે તેઓ પાપાચરણથી ડરી દૂર રહેતા.

નાના બાળકો પરનો તેનો પ્યાર અનહદ હતો ગમે તેવી શ્રમિત સ્થિતિમાં પણ તેના હાથપર એક માંદુ બાળકતો હોયજ ! ! બિમાર બચ્ચાંને છાતીપર લઈ તે બીજા દરદીઓની ખબર લેવા દવાખાનામા ફરતી ત્યારે જાણે દયાની દેવીજ !

જેમ તે ગરીબ રોગીઓની સેવામા અગ મહેનત કરતી તેમ પોતાના પૈસાનો પણ છૂટથી ઉપયોગ કરતી. નિર્ધન કુટુંબનાં દરદીઓને ઘટતો ખોરાક પોષાક અને બીછાનાં સુદ્ધાં તે પુરા પાડતી, અને મંદવાડથી ઉઠયા પછી "સેનેટરીયમ" માં પોતાને ખર્ચે મોકલતી.

તેનો સ્વભાવ એટલો માયાળુ અને તેની ભાષા એટલી મીઠી મધુરી હતી કે કસ્બાના સર્વે લોકો તેને બહેન તરીકે ચાહતા; સર્વે જાતીનાં અને સર્વે ધર્મનાં લોકો તેનાં યશસ્વી કામોથી તેના તરફ પૂજ્યભાવ રાખતા, અને બારીક સંજોગોમાં પણ તેનું વચન માન્ય કરી તેને માન આપતા.

મૃદુ અને સ્નેહાળ અતઃકરણ, મીઠી જબાન, આનદી સ્વભાવ, ધૈર્ય, હિંમત અને ઉડી દીલસોજી બતાવવાની શક્તિ, તેમજ સ્વાભાવિક સરલતા અને નિખાલસ દીલ, એ સર્વે તેને પરમાત્મા તરફથી મળેલી ઉમદા બક્ષિસ હતી, અને તેનો તે પોતાનાં સુકાર્યમાં ઘણો ઉપયોગ કરતી.

વળી રોગીઓની તે આરોગ્ય દેવી હતી. તે રોગીઓની એટલી ખંત અને હુશીયારીથી સારવાર કરતી કે ઘણી વખત ડોકટરોના ધાર્યા કરતાં અર્ધી મુદતમાં તે દરદીને તંદુરસ્ત બનાવવા શક્તિવંત બનતી આ સર્વે તેના અથાગ પરિશ્રમનું ફલ હતું.

સૃષ્ટી નિયમ અનુસાર તેનાં કાર્યોમાં પણ પ્રસગોપાત વિઘ્ન આવી જતા. શરૂઆતે લગ્નની લાલચમાં નાખવાને કેટલાક પ્રયત્ન થયા હતા પરંતુ સીસ્ટર ડોરાએ શુદ્ધ બુદ્ધિથી પોતાના શુભ વિચારમાં તેમજ ખાસ કરીને આચારમાં ચુસ્તપણું બતાવતાં ઘણી જૂજ મુદતમાંજ તેવા યત્નો દૂર થયા હતા. વળી

ચેપી રોગના દરદીઓના સંસર્ગમાં આવવાથી તેમજ અથાગ પરિશ્રમથી તે ઘણી વખત રોગથી પટકાઈ પડતી હતી. છતાં પણ પોતે હાથ લીધેલું રોગીઓની સેવા કરવાનું કાર્ય તેણે જીંદગી પર્યંત ઘણી ઉત્તમતાથી બજાવ્યું. આશરે ૧૮૭૮ ની સાલમાં ૪૭ વર્ષની ઉમરે અનુકરણીય જીવનવાળાં સીસ્ટર ડોરાનું અવસાન થયું. ઇંગ્લાંડનાં લોકો હજી પણ તે પરોપકારી બહેનીનું પૂજ્યભાવથી સ્મરણ કરે છે.

આપણી નૂતન સ્થાપન થએલી "સેવાસદન" ની સંસ્થામાં આપણા આર્યાવર્તમાં સીસ્ટર ડોરા જેવાં પરોપકારી રત્નો સત્વર પ્રકાશમાં આવે એ ઇશ્વિર પ્રતિ પ્રાર્થના.

રમણી મણિમાલા.

બહેન ર++

૧૫૮—લેડી જેનવાલેસ.

યુરોપખંડના પ્રખ્યાત ગ્રંથકાર મી. કાર્લાઇલની પત્ની લેડી જેનવાલેસનું ચરિત્ર દરેક સ્ત્રીએ જાણવા લાયક છે.

લેડી જેનવાલેસનો જન્મ યુરોપખંડના એક દેશ સ્કાટલાંડમાં થયો હતો. સ્કાટલાંડ દેશ આપણા રાજ્યકર્તા અંગ્રેજ લોકોના મુલક ગ્રેટ બ્રિટનનો ઉત્તર તરફનો ભાગ છે. મુંબાઇથી એડન થઈ, તાંબડા સમુદ્ર અને સુવેજની નહેરમા થઈ, બ્રીંડીસી બંદરને રસ્તે તે દેશમાં જતાં આશરે સોળથી અઢાર દિવસ લાગે છે.

તેની મા ડાહી ને દીર્ઘદષ્ટિવાળી હતી. સુકેળવણીની મનુષ્ય માત્રને કેટલી જરૂર છે, તે પોતે સંપૂર્ણ સમજતી હતી અને પોતાના ઉમદા વિચાર અનુ-

સાર પોતાની પુત્રીને ભલી પત્ની અને ડાહી માતા બનાવવા ઇચ્છતી હતી. તેથી નાની જેનને બાલ્યકાલથીજ પ્રશંસાપાત્ર શિક્ષણ શરૂ થયું હતું, અને પરિણામે તે વિદુષી બની હતી.

લેડી જેનવાલેસ વિદુષી હતી એટલુંજ નહિ પણ તે ઉપરાંત તેનામાં મોહક ખુબસુરતી, વિશાળ બુદ્ધિબળ, ડહાપણ, ને સહનશીલતા એ સર્વ ઇશ્વરી બક્ષીસ હતી

તે દેશની લગ્નપદ્ધતિ આપણી અર્વાચીન લગ્નપધ્ધતિથી જુદી છે. તેઓમાં વરકન્યાની જાતેજ પસંદગી થાય છે, અને વડીલોની તેમાં સંમતિ લેવાય છે.

જ્યારે લેડી જેનવાલેસને તરૂણાવસ્થા પ્રાપ્ત થઇ ત્યારે તેને ટામસ કાર્લાઇલ નામના યુવક સાથે ઓળખાણ થયું. તે વખતે કાર્લાઇલ એક શાળામાં શિક્ષક હતો, ને તેની સ્થિતિ કંઇ વધારે ઉંચી નહતી. પરંતુ તેની સ્વાભાવિક બુદ્ધિ ઘણીજ પ્રશંસાપાત્ર હતી. લેડી જેનવાલેસ તેની ઉંચી બુદ્ધિ જોઈ આશ્ચર્ય સાથે મોહ પામતી અને બીજાં માગાં છતાં એ મહાન બુદ્ધિમા પોતાની ઉજ્વલ બુદ્ધિનું સમ્મીલન કરી તેને વધારે પ્રશંસાપાત્ર બનાવવાની લાગણીથી તે કાર્લાઇલને પરણી.

લેડી જેનવાલેસ પતિને અતિ પ્યારથી ચાહતી, પણ પતિ તરફના પ્રેમનો પહેલેથીજ તેવો પ્રતિધ્વનિ થતો નહિ. કાર્લાઇલ તેના તરફ બેદરકાર ને લાગણી વિનાના અંતઃકરણે વર્તતો, અને બાનકસુરે તેની તરફ કંડાર વર્તણુક રાખતો.

ગરીબ કે તવંગર, સુખી કે દુઃખી સર્વ સ્ત્રીઓ પતિ તરફના મધુર વચન અને મંદહાસ્યની સર્વદા આશા રાખે છે. જ્યારે તેમાં નિરાશ થવાનો સમય આવે છે, ત્યારે તેના ટુંકા-મંદભાગ્યની પરિસીમાજ થાય છે. લેડી જેનવાલેસના ભાગ્યમાં એટલો આનંદ, એટલું સુખ, એટલો સંતાપ, પણ લખાયલો નહતો.

નાટયનાં, પાર્ટીઓમાં, ક્લબમાં, ફરવા કે હવા ખાવા સર્વ જગોએ તે એકલોજ પત્ની સિવાય જતો. સામાન્ય રીતે વિલાયતમાં કુટુંબ સાથેજ જમે છે, પણ આ પત્ની પતિ સાથે ભોજન પણ લઇ શકતી નહિ. કાર્લાઇલ હમેશાં એકલોજ જમતો.

પોતે પત્ની તરફ આટલો બેદરકાર કઠોર હતા છતાં પોતાનાં સુખ સ્વચ્છંદના સંબંધમા લેડી જેનવાલેસ કદી ઉદાસીપણું જણાવતી તો તે અતિશય ગુસ્સે થઇ જતો હતો.

લગ્ન પછી કાર્લાઇલ મહાન ગ્રંથકાર તરીકે બહાર પડયો. પરંતુ દિલગીરી સાથે જણાવવું જોઇએ કે પત્નીના સબંધમા તેની લાગણી શુષ્કજ રહી. સ્વામીરચિત વિચુયો સાભળવાને લેડી જેનવાલેસ હમેશાં આતુર હતી પણ પતિની ક્રૂરતાએ એટલી ઇચ્છા પણ તૃપ્ત થતી નહિ. લેડી જેન તરફ પતિનો હમેશા અન્યાયી વર્તાવ હતો, તિરસ્કાર હતો, બેદરકારી હતી, કઠોરતા હતી, અને તે પણ સબળ કારણ વિના બીનકસુરેજ.

આર્ય પત્નીઓ પતિના ગમે તેવા નિર્દય જુલમ માટે પણ પતિથી છૂટી પડી શકતી નથી પરંતુ યુરોપીયન બાનુઓને "ડાઇવોર્સ" (છુટાછેડા) નો અધિકાર છે. અને તેમા કાયદો તેનો મદદગાર છે. આવા અધિકારનો–કાયદાનો સંપૂર્ણ લાભ લેઇ શકવાને સમર્થ છતાં લેડી જેનવાલેસ–તે સહનશીલ દેવી સર્વ પ્રકારની ગંભીર મનોવ્યથા મૌન મુખે સહન કરતી, પતિની સેવા કરતી, તેને ખુશી રાખવાના યત્નો કરતી. ચાકર નોકરને કરવા જેવું કામ પણ પતિની ખુશી માટે ઘણી વખત જાતેજ કરતી. અને તે સર્વથી વધારે વખાણવા લાયક તો એ હતુ કે પોતે પતિને જીગરના પ્યારથી ચાહતી. "વ્હાવું ને સ્હેવું" **પ્રેમ ને ધૈર્ય** એ સ્ત્રી જીવનની સાફલ્યતાવાળા મહાન સૂત્રને તે અક્ષરશઃ અનુસરતી.

સગાં કે સાહેલી પાસે તેણે કદાપણ પતિની વર્તણુક માટે ફરિયાદ કરી નહોતી. પરંતુ આ અસહ્ય વેદનાથી દિનપ્રતિદિન તેનું સ્થૂલ શરીર ક્ષીણ થવા માંડયું અને આવી હૃદયભેદક સ્થિતિમાજ યુવાન વયે તેનો કાળ થયો.

પત્નીના ભોગે પતિની લાગણી જાગ્રત–સતેજ થઇ. હવેજ તેને પત્નિના સદ્ગુણ, ભલાઇ, કર્તવ્યપરાયણતા, સહનશીલતા, અને પ્રેમની ખરી પરીક્ષા પડી. વિયોગે વ્યાકુળ બની તે ઝુરવા લાગ્યો. પણ સમય ચાલ્યો ગયો હતો અને છેવટ પર્યંત દુઃખ ભોગવી લેડી જેન સદાને માટે સમાધિમાં સૂતી હતી. કાર્લાઇલે પત્નીની ઘોર ઉંચી જાતના સંગે મરમરની બંધાવી અને તે પરના સફેદ ને સ્વચ્છ આરસપર લેખ કોતરાવ્યો કે—

અત્યુત્તમ પત્ની, સહનશીલ સુન્દરી, ક્ષમા અને દયાની દેવી, પતીની કઠોરતાનું ભોગ થયેલ કોમળ પુષ્પ, લેડી જેન-વાલેસે યુવાન વયે આ ભૂમિપર શયન કર્યું છે.

તે હમેશાં કબરસ્તાનમાં મંદ પગલે, શોકાતુર ચહેરે પત્નીની સંફેદ ઘોર પાસે જતો. તે પરનાં "ક્રોસ" ને અતિ પૂજ્ય ભાવે પોતાના હોઠ લગાડતો, અને ઘુંટણ મંડીએ પડી તેણીના આત્માની શાંતિ માટે પ્રાર્થના કરતો; અને અનુતપ્ત હૃદયે, બળતા–પશ્ચાત્તાપથી બળતા અંતઃકરણે, સજળ નયને, ધ્રુજતે સાદે કહેતો કે "મારી કઠોરતાની ભોગ થઇ પડેલ નિર્દોષ પ્રિયા, મારા જડ ને લાગણી વિનાનાં અંતઃકરણથી દુભાયલી પ્રિયા, તારા પ્રત્યેની મારી વર્તણુકને માટે મને ક્ષમા કર." છેલ્લે છેલ્લે પણ આ નિખાલસ દિલના ઉદ્દગાર લેડી જેનવાલેસે શ્રવણ કર્યા હોતતો કેટલા કર્ણપ્રિય થઇ પડયા હોત. ?

લેડી જેનવાલેની સહનશીલતા ને સદ્ગુણો ઉપરાંત આ જીવન લખવાનો ઉદ્દેશ તેનો આત્મસંયમ છે. સ્વામી તરફથી ગમે તેવી વર્તણુક સહન કર્યે જવી એ આર્યબાળાઓને માટે ફરજ્યાત–સામાન્ય થઈ પડયું છે. પરંતુ યુરોપીયન સ્વતંત્ર મગજની લેડીઓને માટે તેમ નથી. તેઓ ધારેતો કોર્ટથી પણ વાજબી ન્યાય મેળવી શકે છે. તેમ છતાં પતિનો સુયશ કોઇપણ પ્રકારે ઝાંખો ન પડે એજ આંતર ઇચ્છાએ જીંદગી પર્યંત સહન કરી પોતાની અવિચલ કીર્તિ આ દુનિયા પર કાયમ રાખી ગઇ એવી બ્હેન જેનવાલેસને ધન્યવાદ ઘટે છે.

સુંદરી સુબોધ.

બહેન ૨ - -

૧૫૯—માતાની નજીવી ભૂલોનાં ભયંકર પરિણામો.

૧

શિયાળો હોવાથી ટાઢ બહુ પડતી હતી. મણીગૌરીએ પોતાના કીકાના ઘોડીઆં પાસે ગરમી માટે અંગારા ભરી સઘડી મૂકી. ઘોડીઆંની ઝોળી-માંથી કપડું લટકેછે, કે ઝોળીની દોરી સઘડીને અડકે તેમ છે કે કેમ? તેની તપાસ કર્યા સિવાય સઘડી મૂકી તે ચાલી ગઈ. કીકાને ઓઢાડેલાં કપડાંનો એક છેડો બહાર લટકતો હતો તે કીકાના પગની પાટુથી વધારે વધારે બહાર આવ્યો ને સઘડીમાના દેવતા પર પડ્યો, કપડું સળગ્યુ અને તે સાથે ઘોડીઆંની ઝોળી પણ સળગી ઊઠી મોટો ભડકો થયો. માણુસો દોડી આવ્યા પણ મોડાં. કીકાનું શરીર દાઝી ગયુ હતુ, અને દવા દારૂ કરતાં છતાં નિર્દોષ બચ્ચું રીબાઈ રીબાઈને મરણ પામ્યુ.

૨

જમનાની બાળકી નવેક માસની હતી. તેને ઘોડીઆં પાસે ગોદડી નાંખી તેપર સુવાડી પોતે રસોઈ કરવા બેઠી. ઘોડીઆંની ઝોળીની દોરી ગોદડી પાસેજ લટકતી હતી, તે રમતા રમતાં છોકરીના હાથમાં આવી. રમતમા તે દોરી છોકરીના ગળાં પાસે આવી. રમતાં રમતાં છોકરીએ ગુલાં-ટ ખાધી ને દોરી ગળાની આસપાસ વીંટાઈ. ઉપરા ઉપરી છોકરીએ બેચાર ગુલાટો ખાધી ને દોરીના ગળામાં ફાંસો આવતાં બિચારી બાળકીના રામ રમી ગયા.

૩

મટુ શેઠાણીનો કાકુ શિયાળામાં ચાર પાંચ મહીનાનો તંદુરસ્ત બાલક હતો. બચ્ચાંની એટલી ઉંમર ને શિયાળાની રૂતુ શીતળા કઢાવવા માટે ઉત્તમ તક છે, છતાં મટુ શેઠાણીએ "થાય છે, કઢાવીશું, શી ઉતાવળ છે" કહી

શીતળા કઢાવ્યા નહિ. શિયાળો વીતી જતાં આવતા શિયાળાપર વાત રાખી. પણ તે શિયાળામાં કુટુંબમાં લગ્નગાળો શરૂ થતાં, તે વખતે શીતળા ટંકાવવાનું મુલતવી રાખ્યું. એવામાં ગામમાં શીતળાનો રોગ ફાટી નીકળ્યો, ને કાકુને શીતળા નીકળ્યા. ઘણી ઘણી માવજતે છોકરો મુશીબતે બચ્યો. છતાં આખા શરીરપરનાં ચાઠાંથી કદરૂપો બની ગયો, ને જમણી આંખે ખોડ આવવાથી જન્મભર દુઃખી રહ્યો.

૪

શ્રાવણ માસમાં મોટી સાતેમે મોતી પોતાની નાની ભાણકીને લેઇ શીતળા માતાના દર્શન કરવા ગઈ. તે દિવસે સ્ત્રીઓ ટાઢે પાણીએ નાહ્ય છે, અને ટાઢું જમી અણગોખ રાખેછે. વચમાં નદી આવતાં પોતે ટાઢે પાણીએ નાહીને કપડાં પહેર્યાં. નાની છોકરીના કપડાં ઉતારી "માતાજી માતાજી" કહી ઠંડા નદીનાં પાણીમાં છોકરીને બે ચાર વખત ઝબોળી. પવનના ઝપાટામાં છોકરીને ઠંડે પાણીએ નવરાવાથી સખ્ત શરદી થઈ, અને છોકરી બે ચાર દિવસમાં મરી ગઈ.

૫

ગંગાનો છોકરો જન્મ્યો ત્યારે તેના પેટનો મળ બરાબર સાફ થયો નહોતો. તેથી તેના પેટમાં દુઃખ્યાજ કરતું. આ દુખાવાથી બાળક ઘણુંજ રડતું. ગંગાની ઊંઘમાં આથી ખલેલ પડતી, દેવ દર્શને જઈ શકાતું નહિ, બહાર જઈ શકાતું નહિ, વગેરે વગેરે તેને મુઝવણ લાગતી. ડૉકટરને બતાવી યોગ્ય ઉપચાર કરવાને બદલે તેણે બાળકને અમલ (અફીણ) આપતું શરૂ કર્યું. ગરીબ બીચારૂ નિર્દોષ બચ્ચું ! ! અફીણના ઘેનમાં સુસ્ત થઈ પડી રહેતું. ધીમે ધીમે બાળકનું શરીર કંતાતું ગયું, પણ ગંગાના ધ્યાનમાં તે આવતું નહિ. તેણી સામટું અફીણ મંગાવી લેતી, અને ચમચામાંજ એક બાજુએ ચોંટાડી રાખતી. હમેશાં સાંજરે તેમાંથી થોડુંક અફીણ બાળકને પાતી, અને બાકીનુ ચમચામાં એક તરફ ચોંટાડી મૂકતી. એક દિવસ ચમચામાં દૂધ નાંખી અફીણુ ઘોળવા બેઠી. એવામાં કાંઈક ઉતાવળનુ કામ

આવી પડતાં તેને ઊઠવું પડયું. તે અરધેક કલાકે પાછી આવી, ને પલાળેલુ અફીણ પાવા માટે લીધું. અરધી કલાકમાં પેલું ચમચે ચોંટાડેલું બધું અફીણ પલળી દૂધ સાથે મળી ગયું હતું. તેનું ભાન ગંગાને રહ્યું નહિ. અને એમને એમ બાળકને અમલ પાઈ દીધું. અફીણનુ ઘેન બાળકને ઘણું ચડયું. ઘણી મ્હેનતે પણ તે ઉતર્યું નહિ, અને દસ કલાકમાં ગંગાએ રતન જેવો પુત્ર ગુમાવ્યો.

૬

જડાવના છોકરાએ રાતનાં રડવા માંડયુ. ઉંઘ બગડતાં તેણી ખીજવાઇ ગઈ; અને બિછાના પાસેનું ઘોડીઉં ખંખેર્યા કે ઝાપટયા સિવાય તેમાં છોકરાને નાંખી દોરીવતી હીંચોળવા માંડયું. ઘોડીઆંની ઝોળીમાં સૂતાંજ બાળકે કારમી ચીસ પાડી, અને તે પછી તો ઉપરાઉપરી ઘણી ચીસો પાડવા માંડી. જેમ જેમ બાળક વધારે ચીસો પાડે તેમ તેમ જડાવ વધારે દોરી ખેંચે, પણ બાળકની ચીસોનુ કારણ તપાસે નહિ. છેલ્લે બચ્ચું રડતું રહી ગયુ. સવારે જડાવ ઝોળીમાંથી છોકરાને લેવા ગઈ તો તેનુ શબજ હાથમાં આવ્યું, અને ઘોડીઆંમાં એક ઝેરી વીંછી દેખાયો. બાળકના કુમળાં શરીરપર વીંછીના અનેક ડંખ હતા, અને તે ડંખની વેદનાથીજ બાળક ચીસો પાડી મરણ પામ્યું હતું.

૭

ગુલાબ છોકરાને દૂધ પાવા બેઠી, પણ છોકરાએ દૂધ પીધુ નહિ. તેથી તે એમનું એમ દૂધ ઉઘાડું મૂકીને બાળકને લઈ ચાલી ગઈ. તેના ગયા પછી થોડીકવારે દૂધમાં ઉપરથી ગરોળીની લાળ પડી. કલાકેક પછી ગુલાબ પાછી આવીને વગર તપાસે પેલું ઉઘાડુ દૂધ બાળકને પાયું. એકાદ બે કલાકમાંજ બાળકને શરીરે વિષ વ્યાપી ગયુ ને તેનું મરણ થયુ.

૮

સંતોક પોતાની દીકરીને સાકર નાંખેલું દૂધ પાઈ તેનું મોં ધોયા કે લુછયા સિવાય એમને એમજ જમીનપર ગોદડું નાંખી સુવાડી કામે વળગી.

થોડીવારે એક કીડી બાળકના હોઠને વળગી, અને ધીમે ધીમે ઘણી કીડીઓ ચડીને છોકરીના મોઢાની આસપાસ ને, અંદર જઈ ચટકા દેવા લાગી. થોડીકવારે કેટલાક મંકોડા પણ મોંએ ચડયા ને ચટકા દેવા લાગ્યા. છોકરી રડવા ને ચીસો પાડવા લાગી. સંતોકે આવીને જોયું તો છોકરીના મોંમાં ને મોંની આસપાસ અસંખ્ય કીડીઓ ને કેટલાક મંકોડા વળગી પડયા હતા. મહા મહેનતે મોં સાફ કર્યું. કેટલાક મંકોડા તો કેડથી તૂટી ગયા છતાં બાળકીને લીધેલો ચટકો મૂક્યો નહિ. નિર્દોષ બાળકને આથી ઘણું દુઃખ પડયું.

૯

સ્ત્રીઓને સવાર કરતા સાંજરે રસોઈની થોડી ચીજો કરવાની હોયછે, તેથી રસોઈમાંથી વહેલી વહેલી પરવારી માણેક પોતાની બે વરસની પોપટની માફક બોલતી બાળકીને ખોળામાં લઈ ઘરનાં નેવા નીચે સમીસાંજે બેઠી, ને પાડોશણ સાથે વાતે વળગી. સંધ્યાનો વખત હોવાથી પક્ષીઓ પોતપોતાના માળા તરફ ઉડી જતાં હતાં. તેમાંનાં એક પક્ષીની પાંખ નેવાં પાસેની નાળને લાગતાં તે નાળ બરાબર છોકરીનાં તાળવાંપર પડી. નાદાન બાળકી અતિશય રડી અને તે પછી તે નિર્દોષ છોકરી કદી પણ બોલી શકી નહિ. મગજના સ્નાયુને ઇજા થતા તે જન્મભર મૂગીજ થઈ ગઈ.

૧૦

તારાગૌરીએ પોતાની ૭ વરસની દીકરીને માથે નવરાવીને સુવાડી. માથાના વાળ સુકાઈ જાય માટે તેણે દીકરીના વાળ છૂટા કરી ઓસીકા પાસે નીચેના ભાગમાં ઝીલતા લટકતા રાખ્યા. ઢોલણીના પાયા નીચા હતા. અરધીક રાત્રીએ એક નાગ ઘરમાં નીકળ્યો તે ઢોલણી નજીક આવ્યો. લટકતા વાળપર ચડી ઉંઘતી બાળાના કપાળપર દંશ દીધો. બિચારી બાળકી ઉંઘમાંથી ફરી ઊઠીજ નહિ.

૧૧

વિજયાને જેમ પોતાને દાગીના પહેરવાનો શોખ વધારે હતો, તેમ પોતાનાં બાળકને પણ દાગીનાં પહેરાવવાનો શોખ હતો. તેણે પોતાના ત્રણ

વર્ષના દીકરાને કેટલાક દાગીના પહેરાવ્યા હતા. છોકરો રમતો રમતો ઘર બહાર નીકળી ગયો. તપાસ કરતાં સાંજ સુધી તેનો પત્તો લાગ્યો નહિ. પોલીસખાતાને ખબર આપવામાં આવી ને તેનાં સગાંવહાલાં, સ્નેહીઓ, ને ઓળખીતાં સર્વ શોધવા લાગ્યાં. બીજે દીવસે સાંજરે એક કુવામાંથી બાળકની લાસ મળી. લાસપર એક પણ દાગીનો ન હતો. પોલીસખાતાની તપાસને અંતે જણાયું કે દાગીનાની લાલચે એક લુચ્ચાએ તે નિર્દોષ છોકરાનુ ખુન કર્યું હતું. ગુન્હેગારને ઘટતી શિક્ષા થઈ પણ વિજીયાનો લાડકો પુત્ર પાછો મળ્યો નહિં.

૧૨

કેસરે પોતાના છોકરાને લીલા કાચા રંગનુ ઝભલું પહેરાવ્યું. લીલા કાચા રગમાં જંગાલ પડે છે; અને જંગાલ ઝેરી પદાર્થ છે. બાળકે આખો દિવસ ઝભલાંની બાંયો ચુસ્યા કરી અને સાંજરે સુતું તે ઊઠવા પામ્યુંજ નહિ. તેના શરીરમાં ઝેર પ્રસરી ગયુ હતું, જેથી ડોકટરોની ઉંચી દવા પણ અસર કરી શકી નહિ.

૧૩

ચચળ પોતાની પાંચ વરશની છોકરીને ખોળામાં બેસારી લાડ કરતી અને તેના કાન પકડી બોલતી કે "અહીં બેનને કરણફુલ પહેરાવીશું, અહીં બેનને વાળીઓ પહેરાવીશુ અને વળી જડાઉ નખલી પણ પહેરાવીશું." એક દિવસે સરૈયો આવ્યો ને ચંચળે છોડીના અકેક કાનમા સાત સાત વેહ વીંધાવ્યાં. છોકરી દુઃખથી રડવાને પછાડા મારવા લાગી, ત્યારે છોકરીને પકડી રાખવા ચંચળે પાડોશણને મદદમાં બોલાવી. બાળકીને અતિ વેદના થઈ, બન્ને કાનના વેહ પાકયા, તેના ચેપથી માથામાં અને આખે શરીરે ગુમડાં નીકળ્યાં અને છ માસ રીબાઈ ગરીબ છોકરી મરણને શરણ થઈ.

૧૪

જયાની દીકરીનો આંખો ઊઠી હતી, તેથી રડયા કરતી. જયાએ તેને ઝોળીમાં નાંખી હીંચકા નાખવા માંડયા, છોકરી વધારે રડવા લાગી, તેમ

મોટા હીંચકા નાંખવા માંડયા. અચાનક ઉંચી ઝોળીનું નાકું તૂટયું અને તૂટતાંજ બાળકી ઉચેથી જમીનપર પછડાઈ. પછાટથી તેનું ગળું પડયું, અને નવેક માસ જેટલી લાંબી મુદત તે માંદી રહી, અને છેવટ પણ સાજી નજ થઇ.

૧૫

ગામમાં લગ્નવાળો ચાલ્યો. સવિતાને લહાવા લેવાનાની ઉલટ બહુ હતી. પોતાની સાત વર્ષની કન્યાને પરણાવા તેણે પતિ પાસે હઠ કરીને તેમાં ફાવી. કન્યાના લગ્ન કર્યાં. લગ્ન દિવસ વચ્ચે પાંચેક દિવસ રહ્યા, ત્યારે તેને વિચાર આવ્યો.–હાબા, કન્યાના દાંત રાતાતો જોઈએજ તો. રાતા દાંત વિના તો બા કન્યાદાનનું ફળ નહિ તો.” તેણે સવાશેર આંબલી મંગાવીને રાત્રીએ લગ્નવતી બાળકીનાં મોંમાં દાંત ઉપર દાબી દાબીને ભરી. આખી રાત આંબલી મોંમાં રહેવાથી કન્યાને આંચકી ને તાણ થઈ, ને સાંજ પહેલાજ તે બીચારી લગ્નવતી કન્યા મરણાધીન થઈ.

૧૬

નર્મદા કહેતી કે “મને મારો દીકરો બહુજ વહાલો છે.’ તે એક દિવસ છોકરાને રમાડતી હતી. રમાડતાં તે ઉભી થઈ અને બાળકને ઉંચુ ઉલાળી હેતથી બે હાથ વચ્ચે ઝીલવા લાગી. અચાનક બાળક એક વખત હાથમાં ન આવતાં નીચે પટકાઈ પડયુ. નીચે છો હતી, તેના પછાડથી બાળક માંદુ પડયું, ને રીબાઈ રીબાઈ મરણ પામ્યું.

૧૭

ચંપા છોકરીને ઝોળીમાં સુવાડી કામે વળગી. ઝોળી ઉપરની અભરાઈ પર શાક મોળવાની રાજેસ છરી પડી હતી. થોડીવારે એક બિલાડી ઘરમાં આવી ને ઝોળી પરની અભરાઈ પર ચડી. ત્યાંથી નીચે ઠેકડો મારતાં છરી ઘોડીયાંની ઝોળીમાં સુતેલી છોકરીના પગ પર પડી અને પગનો પોંચો કપાઈ ગયો.

૧૮

દીવાળીએ દીકરીના ઘોડીઆની દાંડીએ કોડીઓનો ઝુમખો ગુંથીને બાંધ્યો. સૂતેલી રમતી છોકરીના હાથમાં તે ઝુમખો આપી પોતે કામે વળગી.

રમતાં ખેંચતાં એક નાની કોડી તૂટી ગઈ ને તે બાળકીનાં મોઢામાં પડી. કોડી લીસી હોવાથી મોઢામાં પડતાંજ ગળામાં ગઈ ને ગળાની બારીમાં અટકી ગઈ. દીવાળી આવી પહોંચી પણ કોડી કેમે કરી નીકળીજ નહિ ને છોકરી મરણ પામી.

૧૯

શીવકોર છોકરાને લઈને પીયર જતી હતી. રેલવેમાં બારણાં પાસેની બેઠકપર તે છોકરાને લઈને બેઠી. પાસે બેઠેલી સ્ત્રીઓ સાથે તે વાતે વળગી. સીટી થઈ. "હાથ સંભાલો, સામાન સંભાળો." ના પોકાર પડ્યા, પણ વાતોમાં ગુલતાન થએલી શીવકોરે ધ્યાન આપ્યુ નહિ. ગાડીનાં બારણાં બંધ થવાના અવાજ સાથેજ છોકરે ચીસ પાડી. જોતાં જણાયું કે બીચારા છોકરાના હાથનો પોંચો બારણામાં આવી જતાં કપાઈ ગયો હતો ને બધે લોહી લોહી થઈ રહ્યું હતું. ડોકટરી મદદ તુરતજ આવી પહોંચી, છતાં હાથનો પોંચો કાપી નાખવાની સરજનને જરૂર જણાઈ. નિર્દોષ બાળકનો હાથ કાપી નાંખવો પડયો.

૨૦

લગ્ન થઈ ગયા પછી દસેક વર્ષે નવલને સીમંત આવ્યું. મુબાઈથી તે સુવાવડ માટે દેશમાં આવતી હતી, ત્યારે નર્મદાજી વચમાં આવતાં તેણે બાધા રાખી કે જો પુત્ર જન્મશે તો આવતી વખતે નર્મદાજીને શ્રીફળ ચડાવીશ. તેને પુત્ર અવતર્યો. પાછા વળતાં ખોળામાં બાળક ને પાસે શ્રીફળ રાખ્યું. એવામાં બેઠક માટે પાસેની સ્ત્રીઓ સાથે વાંધો પડયો. તેની પંચાતી ચાલતી હતી એટલામાં નર્મદાનો પૂલ આવ્યો ને કહેતાં કહેતામાં થોડીજ નર્મદા બાકી રહી. નવલ ઉતાવળી ગાભરી થઈ ગઈ ને ઉતાવળમાં ગભરાટમાં શ્રીફળને બદલે છોકરોજ નર્મદામાં ફેંકી દીધો ! !

૨૧

હરકોર પહેલા ખોળાના પુત્રને લેઈ પીયર જતી હતી. પીયરનું ગામ જેમ જેમ નજીક આવતું જાય તેમ તેમ બે માસના કોમળ બાળકને છાતી

સરસું વધારે વધારે દાબતી જાય ને બોલતી જાય કે "મામાનું ઘર આવ્યું, મામાનું ઘર આવ્યું." જ્યારે તેના પીયરનું ઘર આવ્યું અને તેની માએ હેતથી ભાણાને હાથમાં લીધો ત્યારે બીચારો બાળક દબાઈ દબાઇનિ અધમૂવોજ થઈ ગયો હતો. પીયરને ઘેર છોકરો લાંબી મુદ્દત બિમાર રહ્યો.

૨૨

નવરાત્રીના દિવસો હતા. અંબાને ગરબા ગાવાની અતિ ઉલટ હતી. પણ તેના છોકરાના કાનમાં ચસકા બહુ આવતા હતા. તેથી કાનમાં દવાનાં ટીપાં નાખ્યા પછી જવું એમ તેના પતિની આજ્ઞા હતી. ગરબાનો સુર સંભળાતાંજ અંબા અતિ ઉતાવળી થઈ. ઉતાવળમાં કાનની દવાની શીશીને બદલે તેજાબની શીશી ઉપાડીને તેજાબનાં છોકરાના કાનમાં ટીપાં નાખ્યાં. પહેલું ટીપું કાનમાં પડતાંજ છોકરે બરાડયુ પણ અંબાને ગરબામાં જવાની ઉતાવળ હોવાથી ઉપરાઉપરી કેટલાંક ટીપા નાખ્યાં. છોકરો જન્મભેર બહેરોજ રહ્યો.

૨૩

નંદકોર પોતાની એકની એક નાની બેનના લગનપર બે માસની દીકરી લઈ પીયેર આવી, અને નાની બેનની કન્યામા થઈ માથે મોડ ઘાલી મહાલવા લાગી. લગનદિવસ સુધી તો બધુ ઠીક ચાલ્યુ. લગનદિવસે પોતે સવારમા ઊઠી ને બોલી કે 'વહેલી વહેલી ચાંદલો ચોટલો કરી લઉ, પછી છોકરીને ધવરાવું." આવી રીતે ચાંદલા ચોટલામાં, નાહાવા ધોવામા, ને કપડા દાગીના પહેરવામાં નવેક થયા. પછી ગામમાં નોતરાં દેવા ચાલી ને બોલી કે "હમણાં નોતરાં દેઈ આવીને ધવરાવું. ધવરાવવા બેસીશ તો તડકો થઈ જશે" નોતરાં દેઈને આવી ત્યાં રસોઈ તૈયાર હતી એટલે જમવા બેઠી, ને જમીને ઊઠી ત્યાંતો જાન આવી ને સામૈયાં થયાં. સાંથાંમાંથાં મળવામાં, વેવણોને મનાવવામાં, કલવા વગેરેમાં ઘણો વખત ગયો. નંદકોરે કહ્યુ "હવે તો વરને પોંખી, કન્યાદાન આપી નિરાંતે છોકરીને લઉ." ગરીબ બિચારી છોકરી ! ! રાતના નવ દસે જ્યારે ખોળામાં લઈ તેને ધવરાવવા માંડી ત્યારે તે ધાવી શકી નહિ, અને મોંમાં દૂધ રેડતાં ગળે ઉતર્યુંજ નહિ.

૨૪

ગુલાબના ઘરમાં ચાર દેર જેઠનું મજીયારૂં હતું. તેને બે ત્રણ માસની એક દીકરી હતી. ગુલાબની એક સાહેલીએ શીખામણ આપી કે "અલી ગુલાબ! જો આ છોડીને ખુબ ખવરાવા પીવરાવાનું રાખજે. ક્યાં તારૂ જુવારૂં છે કે એકનું વરે છે. તો ખુબ ખવરાવજે કે વહેલી મોટી થાય ને મજીયારામાંજ લગ્ન અને આણાનું ખર્ચ નીકળે, ને વળી સીમંત પણ આવી જાય કે તે ખર્ચ પણ મજીયારામાંજ થઇ રહે, સમજી બહેન!!" ગુલાબે શીખામણ બરાબર ધ્યાનમાં રાખી. છોકરીને દૂધમાં ખુબ ઘી નાંખીને પાવા માંડ્યુ. છોકરી રડે, ઉલટી કરે, ઓળપાઇ જાય પણ ગુલાબ ઓછી ઉતરે નહિ. આવી રીતે થવાથી છોકરીને સખત ઝાડો થયો, છતાં ગુલાબ પોતાની ભૂલ સમજી નહી. આથી છેવટ છોકરી બચવા પામી નહિ.

૨૫

ગોદાવરીએ પોતાની બે વરસની બાળકીને રમવા માટે દાતણ આપ્યું. અક્ષેતી બાળકી દાતણ મોંમાં નાખી આમથી તેમ દોડવાને રમવા લાગી. અચાનક પડી જતાં દાતણ તાળવામાં બેસી ગયું, ને ઘણું લોહી વહ્યું. નાદાન બાળકી લાંબી મુદત બિછાના વશ રહીને રીબાઇ.

હથિઆર, ઝેર કે ફાંસાથી બાળકોની ઘાત કરવામાં આવેછે ત્યારે તેને ભયકર ગુન્હો ગણી ગુન્હેગારને શિક્ષા કરવામાં આવેછે. અને ફરીથી એ પ્રકારના ગુન્હા ન થાય તેને માટે કાળજી રાખવામાં આવેછે. પણ માતાની અજ્ઞાનતા બેદરકારી કે ભૂલથી અનેક બાળકોનાં મોત થાયછે, અથવા જીંદગીપર્યંત નબળાં ને માંદા રહેછે, તેને માટે કોઇ પણ શિક્ષાનો પ્રકાર–કોઇપણ જાતના ઇલાજ નથી એ ઓછું શોચનીય નથી. બીજી રીતે બાળકોને માટે, વાત્સલ્ય પ્રેમને માટે પોતાનો પ્રાણ અર્પણ કરનાર માતાઓ આડકતરી રીતે બાળકોના ખુન કરી નાંખતાં છતાં પોતાની ભૂલ સમજતી નથી, અન્યને સમજાવવા યત્ન કરતી નથી, એ એથી પણ વિશેષ દિલગીરી ઉપજાવનારી બીના છે.

આ નાહાનકડા લેખમાં માતાની અજ્ઞાનતા, બેદરકારી અને ભૂલોના જે જૂજ દાખલાઓ આપવામાં આવ્યા છે એટલા ઉપરથીજ માતાઓની ભૂલોના ભયંકર પરિણામોનું પ્રમાણ બાધવાની ગંભીર પ્રકારની ભૂલ કરશો નહિ. આવા અથવા તો આને મળતા અનેક દાખલાઓ બન્યા કરેછે. ગરીબ બિચારા પરવશ બચ્ચાંઓ–મુગા અબોલ બાળકો ફરિયાદ કરી શકતા નથી, તેથી માનશો નહિ કે તેમને ફરિયાદનું કારણ નથી. પોતાની અજ્ઞાનતા ને લાચારીએ તેઓ માતાની ભૂલ અજ્ઞાનતા ને બેદરકારીના દુઃખ મૌનમુખે સહન કરી જાયછે. પણ એથી માતાઓની ગભીર પ્રકારની જવાબદારી કોઈપણ પ્રકારે ઓછી થતી નથી.

વહાલી બહેનો ! ! માતાઓ આવી ભૂલોથી દૂર રહી પોતાની ગભીર જોખમદારી યથાયોગ્ય સમજે, એટલુજ નહિ પણ તે સાથે પોતાની સાહેલીઓ, પાડોશણો, અભણ બહેનીઓ, સગાંવહાલાં ને ઓળખીતાંની સ્ત્રીઓ અને તે ઉપરાત પોતાના સહવાસમા આવતી હરકોઈ સ્ત્રીઓને આવી ભૂલોથી નિરાળી રહેવા તથા માતાની ગભીર ફરજ સમજાવે. એજ આ નાહાનકડો લેખ લખવાનો ઉદ્દેશ છે.

સરલા.

૧૬૦—ખરૂં વશીકરણ.

સુરબાળા ને સુશીલા એ બે બેનપણીઓ છે તે એક બીજાને ઘેર આવે જાય, ને વાતચીત કરી આનંદમાં દિવસ કાઢે છે. એકવાર સુરબાળા સુશીલાને ત્યાં ગઈ ને વાત કરવા માંડી. વાત કરતાં વાત નીકળી એટલે સુશીલાએ કહ્યું મારા પતિ હંમેશા આનંદમાં રહે છે, અને વળી આજે પણ તેઓને આનંદ થયો છે.

સુરબાળા–સારૂ બહેન, તારા પતી આનંદમાં રહે છે તથા આનંદી આજે વધારે થયા તો ઘણું સારૂ. પણ મારે તો તારાથી ઉલટુંજ ચાલેછે.

સુશીલા–કેળવણી તને ઓછી તેથી એમ થતું હશે. પતિ કેમ વશ કરવા તે વિશે આપણા જેવી સદગુણી સ્ત્રીઓથી કેમ બોલાય? તું **વશીકરણ વિદ્યાથી** તદન અજાણી છે, ખરૂ કેની !

સુરબાળા–હા, એમ ખરૂ, પણ આજે તારા પતિ ચંદ્રકાન વધારે પ્રસન્ન થયા તેનું શું કારણ તે મને કહેશે ?

સુશીલા–હા, જો સાંભળ, હું કહુંછુ. એમણે મને કહ્યું કે આજે મારે ઑફીસમાં વહેલા જવું છે, માટે રસોઈ વહેલી કરજે, મે કહ્યું સારૂ. એમ કહી રસોઈ ઉતાવળથી કરવા માંડી. રસોઈ થઈ ને કહેવા ગઈ કે જમવાની વખત થઈ છે. ત્યારે એમણે કહ્યું હજુ વાર છે. થોડીવાર પછી જમવા આવ્યા. પછી મેં કહ્યુ કે મારે અંગ્રેજી ભણવું છે. થોડું ભણીછું ને વધારે ભણીશ. એમણે કહ્યું સારૂ હું નવરાસના વખતમાં શીખવીશ. તુ ગુજરાતી ક્યાં સુધી ભણી છે? મેં કહ્યું કે હુ ચાર ચોપડી શીખી છુ. એ જમી રહ્યા ને હાથ મોં ધોઈ આનંદથી પોશાક પહેરી ઑફીસમા ગયા. હવે થોડી વાર રહીને આવશે. જો આવી રીતે અમે વારવાર ગમત કરીએ છીએ. સુરબાળા ! જો સાંભળ, મારે ત્યા બીલકુલ તકરાર થતી નથી. તારા પતિ રજનીકાંત સાથે તારે કેમ તકરાર થાય છે ! તે મને સમજાતું નથી. માટે આજે તુ તારી મને બધી વાત કર !

સુરબાળા–સુશીલા ! હું શુ કરૂ ! મારી સાથે જરા જરા વાતમા વાકુ પાડે છે. એટલે હુ ચીડવાઈ જાઉ છુ.

સુશીલા-સુરબાળા ! એમ ચીડવાઈ ન જઈએ. કોઈ માણસનો સ્વભાવ એવો પણ હોય. પણ વિચાર કરી ધીમેથી શાંત પાડીએ.

સુરબાળા (ચીડાઈને)–કેવી રીતે એમને શાંત પાડીએ તે તુંજ કહેની.

સુશીલા-અહો ! તેમાં શું ! તેમના કહેવા પ્રમાણે કરીએ, ને એમના સામુ જરા પણ બોલીએ નહીં. ક્રોધમાં હોય તે વખતે મધુર અને નમ્ર

વચનથી શાંત પાડીએ. કોઈએ કહ્યું છે કે,—

કદી પતિ ક્રોધાય નહિ, એકજ નમ્ર વાણીથી,
કદી પતિ ક્રોધાય નહિ, સુંદરી જે હોય શાણીથી.

સુરબાળા—સારૂં જ્યારે ચીડવાશે ત્યારે એમ કરીશ ને તારી **વશીકરણવિદ્યાનો** ઉપયોગ કરીશ.

સુશીલા—જ્યારે ત્યારે એકનું એક કહેવું નહિ, અને આપણો વાંક હોય તો તે વાતની માફી પણ માગવી.

સુરબાળા—શું વાંક ન હોય તોપણ કહેવું કે મારો વાંક છે ?

સુશીલા—વાંક ન હોય, તોપણ સામું ના કહીએ સમજી !

સુરબાળા—સમજી, સમજી, હવે એમ કરીશું.

સુશીલા—જો તું કેટલું જોરથી બોલે છે ? આવી રીતે બોલે તો રજનીકાંતને ખોટું લાગેજ તો ! જ્યારે આનંદની વાત હોય છે, ત્યારે તું કેવી વિવેકથી વાત કરે છે ? તેવી રીતે પતિ આગળ નમ્રતાથી બોલીએ અને તું આવી રીતે ધાંટા પાડીને બોલેછે, ઘડી ઘડીમાં ચીડાઈ જાયછે, તેથીજ રજનીકાંત તારે વશ નથી.

સુરબાળા—બેન, મેં સાંભળ્યુ છે કે વ્રત કરવાથી પતિ વશ થાય. માટે એમજ કરૂ એટલે મારા પતિ મારાથી સદાય વશ થશે—ખરૂ કેની !

સુશીલા—(મનમાં વિચાર કરવા લાગી કે મારે તો એને ગમે તે રીતે સુધારવી ?)

વાહ વાહ ! તું એવું કેવુ બોલે છે ? પતી વશ કરવા સારૂ વ્રત કરવાનું તે પહેલાં મેં તને **વશીકરણવિદ્યા** કહી તે છે. તે પ્રમાણે તું કર.

સુરબાળા—વ્રત કરવા કરતાં એક મંત્ર છે તેનો જપ કરીશ. એટલે મારા પતિ એની મેળે મારે વશ થશે.

સુશીલા—સુરબાળા ! તારી આવી વાણીથી હું અત્યંત દીલગીર છું; કારણકે પતિ તો એકજ ઉપાયથી વશ થાય.

સુરબાળા—બહેન સુશીલા ! કેમ વળી પતિ તો મંત્ર કે વ્રતથીજ વશ થાય નો ?

સુશીલા–તારો મંત્ર કે વ્રત કોઈ પણ દેવ માનશે નહિ. ને મારી વિદ્યા સર્વ દેવ માનશે, માટે એજ કર.

સુરબાળા–સારૂં ત્યારે તારી **વશીકરણવિદ્યાનો** હું ઉપયોગ કરીશ

સુશીલા–અરે, સુરબાલિકા સમાન સુરબાળા ! જે વિદ્યા મેં તને બતાવી છે તેજ પ્રમાણે કર.

સુરબાળા–એવી હું ક્યાં ખટપટ કરૂં ?

સુશીલા–એમાં ખટપટ શાની ! હું તને સહેલી રીત બતાવુંછું તેમજ કર.

સુરબાળા–(વિચાર કરીને ધીમેથી)–ઠીક ત્યારે, એમ કરીશ.

સુશીલા–ચોકખું બોલ, કે તેમજ કરીશ. તેમાં કાંઈ મહેનત પડવાની નથી. ફક્ત જીભ વાંકી ચુંકી થઈ જાય તે અટકાવવાની છે. તું સારૂ ભણી નથી, તેનું આ પરિણામ ! મારે ત્યાં થોડા દિવસ રહેજે, હું તને ભણાવીશ, પછી તુ રજનીકાંત પાસે અભ્યાસ વધારજે.

જો બીજી એક મારી બહેનપણી હતી, તે પણ આમજ સુખી થઈ. તેણે એક કવિતા પણ જોડી હતી.

(વસંતતિલકા.)

હે બુદ્ધિશાળી, ગુણસંપન્ન પ્રાણ પ્યારી !
છે બે'ન ! એક વિનતી તુજ પાસ મારી;
આધીન થાય પતિ કેવળ જેવી રીતે,
તેવો ઉપાય દરશાવ તું સીદ્ધ પ્રીતે.
યોજ્યા ઉપાય બહુ તો પણ લેશ શાણી !
સ્વામી થયા ન વશ તેથી અતી મુઝાણી.

આ ઉપરથી મેં તેને કહ્યું હતું કેઃ—

ચીંતા વૃથા ન કર તું; વશ નાથ થાએ,
તેવો ઉપાય કહું, તે ધર ચિત્ત માંહે;
રાખી સદા વિનયને, પતિ સેવ ભાવે,
થાશે સદા વશ, કદી નવ કષ્ટ આવે.

સુરબાળા–બ્હેન ! સ્વામી વશ કરવા સારૂ ઠીક ઉપાયો બતાવ્યા છે. હવે હું સંપૂર્ણ સમજી કે પતિની સેવા કરવાથીજ પતિ વશ થાય છે.

સુશીલા–ઘેર જઈને મારી વિદ્યાનો ઉપયોગ કરજે. (બે જણાં છુટાં પડવાની તૈયારીમાં સુશીલાનો પતિ ચંદ્રકાંત ઓફિસથી આવ્યો.)

ચંદ્રકાંત-કેમ ! શું વાતો કરો છો ?

સુરબાળા–કાંઈ નહીં એતો અમારી બેનપણીઓની વાતો.

હુ જાઉ છુ એમ કહી સુરબાળા જાય છે. ને જે પ્રમાણે સુશીલાએ **વશીકરણવિદ્યા** ભણાવી હતી, તે પ્રમાણે ઘેર જઈ વરતી–સુરબાળા સુખે દિવસ કાઢે છે.

સુરબાળા ઘેર જઈ લુગડા કાઢી થોડીવાર ખુબ રડી. પછી વિચાર કરવા લાગી કે હમણાં મારા પતિ આવશે એટલે મોં ધોઈને પોતાના પતિ સારૂ ખાવાનું કાઢીને ઘરની વસ્તુઓ સાફ કરતી હતી, એટલામાં રજનીકાંત આવ્યો. રજનીકાંત કપડાં કાઢી બેઠો હતો, ત્યાં સ્વચ્છ લોટામાં પાણી સુરબાળા લાવી.

રજનીકાંત આ જોઇને વિસ્મય પામ્યો કે કોઇ દિવસ નહીં અને આજે આવું ક્યાંથી ! રજનીકાંત વિચાર કરવા લાગ્યો કે લાવ આજ એની પરીક્ષા લઉ ?

રજનીકાંત–કેમ, આજે ક્યાં ગઈ હતી ?

સુરબાળા-વહાલા ! આજે મારી બ્હેનપણી સુશીલાને ત્યાં ગઈ હતી.

રજનીકાંત–આજે તારા આવા વિનય પ્રીતિના શબ્દ સાંભળી આશ્ચર્ય લાગે છે. આગળ હું તને પૂછતો તો તુ-મને ખાવા ધાતી; કાંઈ સુશીલાને ત્યાંજ તું આજ શીખી આવી લાગે છે. કારણ કે તે ઘણી ડાહી છે.

સુરબાળા–હા, તેમજ છે. હવે હું તમને કદી પણ તુંકારા હુકારા કરનાર નથી. અને હવે પછી આપ મહેરબાની કરીને ભૂતકાળની વાત વિસારે પાડજો. કારણ કે તે વાત યાદ આવતાં મારૂં કાળજું કોરાઈ જાય છે.

રજનીકાંત-શું તને સુશીલાએ એક દિવસમાં આટલુ બધુ જ્ઞાન દઈ દીધુ, તે તું બધીજ સુધરી ગઈ? હું કાલે સુશીલા પાસે જઇશિ અને તેને ધન્યવાદ આપીશ, અને તેનો ઉપકાર માનીશ; ખરેખર સુશીલા સુશીલજછે.

સુરબાળા—સ્વામીનાથ! હું પણ સુશીલાનો ઉપકાર માનુંછુ. હું કે જે તદનજ મૂર્ખ હતી, તેને એક કલાકમાં સુધારી તે કંઈ જેવી તેવીવાત છે?

હીરાબહેન મથુરભાઇ.

૧૬૧—માતૃધર્મ.

દેશના સુધારાનો આધાર માતા ઉપર છે, એમ જે નેપોલીયને કહ્યું છે તે સત્યજ છે. દેશની પ્રજા બળવાન, વિદ્યાવિનોદિ અને ધર્મિષ્ઠ થાય એ સૌ કોઈ ઇચ્છે, અન એ અત્યુત્તમ ઇચ્છા કાંઈ આકાશકુસુમવત નથી, જો શ્રમ કરવામાં આવે તો તે ફળિભૂત થાય તેમ છે; પરંતુ એ શ્રમ જો વ્યવસ્થિત થયો હોય તોજ.

હિંદુસંસાર સ્ત્રીકેળવણીના અભાવને લીધે કઢંગો થઈ પડયો છે એની તો કોઇથી ના કહેવાય તેમ નથી. સ્ત્રીઓને વિદ્યાદેવીથી વિમુખ રાખવાનો સંપ્રદાય પ્રત્યેક જ્ઞાતિમાંથી નાબુદ થાય તોજ ઉન્નતિની આશા રાખી શકાય સ્ત્રીઓને ભણાવી ગણાવી હોશિઆર બનાવવી અને સ્ત્રીકેળવણીનો પ્રચાર વધારે કરવો એ સંબંધી માસિકોમાં વારંવાર લખાય છે. તોપણ તેનો અમલ હજુ પુરેપુરો નહિ થએલો હોવાથી તે સંબંધી વધારે લખવાની જરૂર હું ધારૂ છુ. અને સ્ત્રીકેળવણીના એક અંગ તરીકે આ 'માતૃધર્મ' એટલે ભવિષ્યની ઉત્તમ પ્રજાની માતા તરીકે સ્ત્રીઓનું શું શું કર્તવ્ય છે, તે સમજાવવા મેં આ લેખમાં કાંઇક યત્ન કર્યો છે. હિંદુઓમાં બાળલગ્નની

હાનિકારક રૂઢિને લીધે માતા તરીકેની જવાબદારી સમજ્યા પહેલાં મારી કેટલીક બહેનોને માતા થવાનો સમય આવે છે. અને તેવે વખતે પોતાના કર્તવ્યનું ભાન નહિ હોવાથી પરિણામે દુઃખકારક ભૂલો તેઓ કરે છે. સાસુ નણંદના દબાણથી કે પછી પોતાની અજ્ઞાનતાથી સ્ત્રી સગર્ભા હોય છે ત્યારથીજ ભૂલોની શરૂઆત કરે છે. પણ તેણે જાણવું જોઇએ કે ગર્ભાધાન થયુ ત્યારથીજ તે માતા તો થઈ ચૂકી છે એટલે પ્રથમ ગર્ભિણી દશામાંજ માતા તરીકેની કેટલીક ફરજ તેને અદા કરવાની હોય છે. અપથ્ય ખોરાક ગર્ભને નુકસાન પહોંચાડે છે, માટે વૈધકશાસ્ત્રમાં કહ્યા પ્રમાણે પથ્યાપથ્યનો વિચાર કરવો જોઈએ. બાળકની મનોવૃત્તિ ઊંચા પ્રકારની થાય તેટલા સારૂ તેની સ્ત્રીઓએ સારાં સારાં પુસ્તકો વાંચવાં જોઇએ. અભિમન્યુ કૃષ્ણના મુખથી માતાના ઉદરમાંજ કોઠાયુદ્ધ શીખ્યો હતો. આ પૌરાણિક દૃષ્ટાંત સૂચવે છે કે સગર્ભા સ્ત્રીઓએ પોતાનું મન ઉચ્ચ અને ધર્મપરાયણ રાખવું કે બાળકનામાં પણ તેવા ગુણો અવતરે.

જેટલી જવાબદારી ગર્ભિણી અવસ્થામાં છે, તેટલીજ—બલ્કે તેથી પણ વધારે જવાબદારી સ્ત્રી સંતાનવતી થાય ત્યારે છે. ખનીજ પદાર્થો ખોદી કાઢવા સહેલા છે. પણ બહાર કાઢયા પછી માટી વગેરેથી મુક્ત કરી તેને પાસા પાડી મનોહર બનાવવા તેમાંજ ચતુરાઈ રહેલી છે. અનિવાર્ય માતૃ સ્નેહને લઈ કેટલીક હર્ષઘેલી માતાઓ બાળકનું હદથી જાદે લાલન કરે છે. અને બાળપણમાં એવી અયોગ્ય છૂટ મળવાથી—સંગદોષથી તેઓ દુર્ગુણી થાય છે. આવા પુત્ર-પુત્રીને જો તેના પિતા તરફથી કાંઈપણ શિક્ષા કરવામાં આવે તો તેવે પ્રસંગે બાળકનો પક્ષ કરી સ્ત્રી પતિની સાથે ઝગડો મચાવે છે. આવા અંધવાત્સલ્યનું પરિણામ એ આવેછે કે એ સ્વહસ્તે ઉછેરેલાં વિષવૃક્ષનાં ઝેરી ફળો લાલન કરનારનેજ ચાખવાં પડે છે.

માટે—**लालने बहवो दोषास्ताडने बहवो गुणाः**

तस्मात्पुत्रं च शिष्यं च ताडयेन्नतु लालयेत्.

છોકરા તથા છોકરીઓ બન્નેને કેળવણીની સરખી જરૂર છે, એ કેટલીક સ્ત્રીઓ જાણતી નથી. કન્યા સાત આઠ વર્ષની થઈ કે માતા તેને ઘર કામમાં જોડી દે છે. હા, કન્યાઓને ગૃહકાર્યો શીખવવાં આવશ્યક છે ખરાં. પણ તે સાથે તેને વિદ્યાદેવીની પ્રસાદી લેવાનુ પણ શીખવવું જોઈએ. પોતે વહેમથી મુક્ત થઈ બાળકોને વહેમ રહિત બનાવવા. વળી પ્રત્યેક માતાએ પોતાનાં બાળકને બાળપણથીજ સાચુ બોલવાની હિંમત રાખતાં શીખવવુ જોઈએ. જે માતા સત્યને વધુ ચહાતી હોય તેનું બાળક ભાગ્યેજ અસત્યભાષિ થાય! સત્યકામ ગૌતમ ઋષિની પાસે ઉપનયન લેવા ગયો ત્યારે ગૌતમે તેને ગોત્રનું નામ પૂછ્યુ. ગોત્રથી અજાત તે બાળક પોતાની માતા જબાલા પાસે આવી પૂછવા લાગ્યો. તેણીએ જવાબ આપ્યો કે તારા પિતાની સેવારૂપ પ્રવૃત્તિને લીધે હું ગોત્રનું નામ જાણુતી નથી. આ સાંભળી સત્યકામે ગૌતમને આવીને કહ્યું કે મારી માતા ગોત્ર જાણુતી નથી. અને હું પણ જબાલાનો પુત્ર છું, એ સિવાય બીજું કશુ જાણતો નથી. આ હિંમત ભરેલાં વચનોથી મુનિએ પ્રસન્ન થઈ તે શુદ્ર નથી એમ કલ્પી ઉપનયન આપ્યુ. કહો! હાલની કોઈ સ્ત્રી કે બાળક આવુ સત્ય બોલવાની હિંમત ધરી શકશે? માતા સાધ્વી અને ધર્મપરાયણ હોય તોજ બાળકને સહૃદય બનાવી શકે. પોતાનાં પુત્ર–પુત્રી વિનીત, સભ્ય અને નિરભિમાની થાય તે તરફ તેણે કાળજી રાખવી જોઈએ. ઘેર આવતા માણસો પ્રત્યે તેમને ઘટે તેવા યોગ્ય સન્માનપૂર્વક વર્તતાં શીખવવું,-ખુશામત કરવાની ખોટી ટેવ તથા ચાડી ચુગલી કરી પ્રિય થવાની નિચવૃત્તિનો માતાએ ઉચ્છેદ કરવો જોઇએ. સત્યવક્તાપણું, ધર્મ ઉપર પ્રેમ તથા શ્રદ્ધા, વડિલો તરફ માન અને પ્રીતિ તથા અસાધારણ ધૈર્ય ઇત્યાદિ સદ્‌ગુણોનો સંચય કરવાનું બાલ્યાવસ્થામાંથીજ માતાએ શીખવવું. કોઈ અંગ્રેજ ગ્રંથકારે માણસના મનને કુદરત સાથે સરખાવ્યુ છે. જેમ જમીનમાં કાંઇપણ બીજ વાવવામા ન આવે તો તૃણાદિ જેવા હલકા પદાર્થો સ્વતઃ ઉગી નીકળે છે. તેમ બાળકના મનમાં માતારૂપ ખેડુતથી જો સદ્‌વર્તનનું બીજ ન વવાય તો દુર્ગુણોનું વાવેતર થવાનુજ. માતા તરીકે એક અગત્યની ફરજ બાળકોને સ્વચ્છ રાખવાની છે. પૈસા

ખરચી મોંઘાં કપડાં ખરીદવાની શક્તિ તો ન હોય, પણ સ્થિતિ પ્રમાણે અંગ ઢાંકવા જે મળે તેને સ્વચ્છ તો રાખી શકાય. પોતે સ્વચ્છ રહી બાળકને સ્વચ્છતાપ્રિય બનાવવું. અનુકરણ શક્તિ બાળકોમાં વધારે હોય છે. શરૂઆતમાં તે માતાના સહવાસમાં આવે છે. તેથી તેનામાં તેના જેવા ગુણો અને ટેવો બંધાય છે. માતાની હાનિકારક ટેવો બાળકમાં પ્રવેશ પામે તો ઘણુંજ અનિષ્ટ થાય. હાલ મોટી ઉમ્મરના સભ્ય માણસો પણ ટેવના દબાણમાં દબાઈ જઈ કેવળ તેના દાસ બનેલા આપણે જોઇએ છીએ. તેનું કારણ બાળપણની નુકશાનકારક ટેવજ છે. ઉદ્યોગ, સ્વાશ્રય, વગેરે ગુણો પરિણામે લાભકારક છે; એ માતાઓએ ભૂલવુ જોઇએ નહિ. ' કેળવાએલી માતા સો શિક્ષકની ગરજ સારે છે.'—આ ઉક્તિ હરેક માતાએ તેમજ માતા થવા ઇચ્છતી સન્નારીએ સદા ધ્યાનમાં રાખવી.

'लोके गरीयसी माता', માતાની મહત્તા વિષે અનેક શાસ્ત્રો સાક્ષી પૂરે છે. તેની ખાતરી કરવી હોય તો એક દુષ્ટ અને કૃતઘ્ની પુરૂષને માતાના સ્નેહ વિષે પૂછો ! ગમે તેવો તે પાપી હૃદયનો હશે તોપણ અવશ્ય એવોજ પ્રત્યુત્તર આપશે કે માતાનું ઋણ ચુકવવા અનેક જન્મો વ્યતીત થાય તો પણ કોઈ દિવસ એ ઋણ પુરૂ થવાનું નથી, આવા ગૌરવવાળી માતાઓએ કર્તવ્યવિમુખ થવું એ કેટલુ દિલગીરી ભર્યું ગણાય ?

બાળકને સદ્દગુણી બનાવી સંસારની ધુરા વહન કરવાને લાયક કરવાં એટલેથીજ કાંઈ માતૃધર્મ અટકતો નથી. હિંદુસંસારમાં સાસુ વહુના કલેશો જે આપણે ઘેરઘેર જોઈએ છીએ, તે પણ બહુધા માતૃધર્મની ખામીને લીધેજ થાય છે. અજ્ઞાનતાથી કે ઉદારતાના અભાવે કેટલીક માતાઓ પુત્ર અને પુત્રવધુને સુખી જોઈ ઇર્ષ્યાગ્નિથી બળી જાયછે ને ઘરનાં વહુએ કરેલાં કાર્યોમાં નજીવી ભૂલો કહાડી તેના બાઈ બાપને ગાળો ભાંડે છે ! સદ્દગુણી માતા પુત્રના સંસારનાવનું સુકાન છે, જ્યારે એક હલકા મનની નીચ માતા પુત્રના સંસારવૃક્ષને નાશ કરવાનો કુહાડો છે. મૂર્ખ અને નાલાયક ધણીને પનારે પડેલી કેટલીક સાધ્વીઓ ધણીને માઠું લાગશે એમ

જાણી સાસુનો જુલમ સહન કરે છે. તોપણ તેનું ઉંડું અંતર સાસુને શ્રાપ આપ્યા વિના રહેતું નથી. જે માતા પુત્ર ઉપર પ્રેમવાળી હતી, તેજ માતા પુત્રવધુ આવતાં પોતાના છોકરાને નામર્દ, સ્ત્રીવશ વગેરે હલકા શબ્દોથી તિરસ્કારે છે અને પોતાનું ગૌરવ પોતાને હાથેજ ન્યૂન કરે છે. માતા તરીકેની મારી આર્યબહેનોની આ કેવી વર્તણુંક ?

સુંદરીસુબોધ.

મિસિસ સુરજબહેન.

૧૬૨—વેદમાં સ્ત્રીનુ સ્થાન.

આ વિષયપર લખાએલા વેદ મંત્રોના આધારે આ વિષય હું યથાશક્તિ ચર્ચીશ અને ત્યારબાદ પતિ અને પત્ની વચ્ચે શો સબંધ છે તે વર્ણવવા પ્રયાસ કરીશ. આટલી થોડી શરૂઆતની ટીકા બાદ હું આ વિષયને લગતા વેદના મંત્રો અત્ર આપુછું.

(१) इडेरन्ते हव्ये काम्ये चन्द्रे ज्योतेऽदित सरस्वति महि विश्रुति ।
सतानिऽव्न्ये नामानि देवेभ्यो यासुकृतं ब्रूनात् ॥

(२) आजिघ्रकलशम्मह्यात्वा विशन्तु इन्द्रवः ।
पुनरुर्जा निवर्त्तस्वसानः सह अन्धुक्ष्वोरुधारापयस्वती ॥
पुवर्मा विशनाद्रयिः यजु० अध्य० ८ मं० ८१–८०

(૧.) સ્ત્રી "ईडा" કહેતાં પૂજ્ય છે; સ્ત્રી તે છે કે જેને સન્માન ઘટે છે તે ખરેખર ગૃહસ્થાશ્રમનો ઉલ્લાસજ છે. હમેશાં મધુર વચની અને

આનંદી, સાન્ત્વન આપનારી અને ચંદ્રમાં જેવી શાંત પ્રકૃતિવાળી, તે ઘરના પ્રકાશરૂપ છે. તેના આંતર સ્વભાવની કોઇપણ રીતે અવગણના કરવી જોઇતી નથી. તે વાણીની, આપણા પવિત્ર ઘરબારની (**મહિ**) વાસ્તવિક દેવી, બુદ્ધિ પ્રભાવશાલિની, વેદમાં નિપુણ, રે! અનાશવત-ગાયના જેવી નમ્ર અને પોષણ કરનારી છે. અહો! દેવી! આ તારાં જુદાજુદાં નામો છે? તું મને માયાળુ શબ્દો કહે અને સદાચરણી કાર્યોનો ઉપદેશ કર, કે જેથી હું હૃદય અને મન ઉભયના ઉત્તમ ગુણોને પ્રાપ્ત થાઉં.

(૨) હે દેવી! તું ખરેખર મહાન્ છે. તું અમારી પૂજાનું પાત્ર છે. આવ અને મારા ગૃહરાજ્યની રાણી થા કે જ્યાં તારે લીધે હું મધુર સંતોષ પામું. અનેક પ્રકારની સમૃદ્ધિ-નવનિધિ-તને પ્રાપ્ત થાઓ અને એ ગૃહરાજ્યની ગાદી પર બેસીને મારા દુઃખોનું તું સાન્ત્વન કર, તું અમને હજાર ગણું બળ આપ. હે અનેક પ્રકારના વિજ્ઞાન અને શિક્ષાને ગ્રહણ કરનારી-જાણનારી! હે પુષ્કળ દૂધ અને બીજી આશીષોથી ભરેલી દેવી! તારી મારફત મને ભૌતિક તેમજ આધ્યાત્મિક આબાદી પ્રાપ્ત થાઓ.

આહા! આ મંત્રો કેટલા બધા મધુર છે. તેઓ અબળાની કીર્તિ કેટલા ઉચ્ચ અને ઉમદા શબ્દોમાં પ્રતિપાદન કરે છે! વાસ્તવિક રીતે તે ઘરસંસારની રાણી અને અધિષ્ઠાતા દેવી (Presiding Deity) છે. પવિત્ર હોમાગ્નિની માફક-અને જાણે કે તે પોતેજ યજ્ઞના અગ્નિનું પ્રતિબિંબજ નહિ હોયને! તેમ-હમેશા માન પામવા લાયક, કદી પણ નહિ અવગણના થવી જોઇએ એવી, કદી પણ અસંતોષ અપમાન થવું જોઇએ નહિ એવી, પ્રજોત્પત્તિનું મૂળ કારણ કે જેમાંથી આખી સૃષ્ટિ સરજાઇ છે, તે '**અદિતિ**' ને જાતેજ ઘરની પુણ્યશાળી અને પવિત્ર દેવીના જેટલી કુલિન અને ઉદાર. તેના જેટલી પુણ્યાત્મા અને શુદ્ધ કરનારી અન્ય કોઇજ નથી. તે જનસમાજનો સૌથી મહાન્ શિક્ષક છે. વેદવાણીની માફકજ તે હમેશાં સર્વ શક્તિમાન પરમાત્માના ગુણાનુવાદનો ઘોષ કરતીજ હોય છે. તે કુદરતના રાજ્યમાં સૌથી શ્રેષ્ટ અને અત્યંત મનોહર છે. જે મનુષ્ય જાતને શ્રેષ્ટ પદે

ચઢાવે છે અને તેને પ્રતિષ્ઠાએ પહોંચાડે છે, તે સૌથી વધારે પવિત્ર અને ઉમદા ગુણોનું સ્થાન સ્રોજ છે. પુરાતન કાળથી અને તે પણ સભ્ય અથવા જંગલી-સઘળા પ્રદેશોમાં તે પુરૂષના માનનું પાત્ર ગણાઈ છે અને તે પણ અવાસ્તવિકપણે તો નહિજ! તેનામાં કુદરત સૌથી વિશેષ પ્રમાણમાં જોવામાં આવે છે. તે ખરેખર કુદરતનુ પ્રતિબિંબજ છે. તે એક અનુકરણ કરવા જેવો નમુનો, અને મનુષ્ય સમાજની વર્નણુંક નિર્માણ કરનારી છે. ગાય અને ધરતી માતાની માફક તે મનુષ્ય જાતની પોષણ કરતી છે. બાળકને જન્મ આપનારી એજ છે. બાળક જેને ધાવીને મોટો થાય છે તે પણ એજ છે. તે એજ છે કે જેની હાજરી અને સાન્ત્વન કરનારા મધુર શબ્દો દુ:ખ અને પીડા દૂર કરે છે. તે એજ છે કે જે પુરૂષને માટે સ્વર્ગનાં દ્વાર ખોલી આપે છે. તેના એકલીનામાંજ પુરૂષનો પ્રેમ સમાયલો છે. રે! એટલુંજ નહિ પણ તે **જાતે પ્રેમનો અવતારજ છે.** તે પવિત્ર વિચાર (પ્રેમનો), તે અપૂર્વ-દુર્લભ-બક્ષીસ, તે સર્વોત્તમ ગુણ કે જે એકલોજ સ્વર્ગમાં જવાના પરવાનારૂપ મનાયો છે અને ભવિષ્યમા હમેશાં મનાશે તે પણ જાતેજ છે. હા! નિ:શંક સ્ત્રી વિના આ દુનિઆ, 'પ્રેમ' એ પવિત્ર વિચારશૂન્ય હોત! તેના વિના એ ગુણ કોણ જાણે કયાંએ ઢંકાએલો પડયો રહ્યો હોત! તે એકલીજ એ ગુણને વિકાસ પમાડે છે, પૂર્ણ બનાવે છે, તેથીજ તે **रत्ना** અને **काम्या** રમણીય અને ઇચ્છવા યોગ્ય કહેવાય છે. તેના વિના ગૃહસસાર અધારો ખીન્ન અને સુનો સુનો ભાસે છે; અને તેથીજ તેને **ज्योति** અને **चन्द्रा**ના નામથી સબોધવામાં આવે છે, એટલે કે તે ગૃહસંસારનો પ્રકાશ અને જીવન છે. તે હમેશાં માન્ય કરવા લાયક અને કદી પણ નહિ ધુતકારવા અને નહિ ફેકી દેવા લાયક છે, તેથીજ તેને **हव्या** અને **अघ्न्या** એટલે પૂજ્ય અને માન્ય કરવા લાયક કહેવામાં આવે છે, પવિત્ર હોમાગ્નિ કે જે એક વખત સળગાવ્યા પછી કદી પણ હોલવી શકાતો નથી, તેમજ તજી શકાતો નથી તેની માફક સ્ત્રી પણ પૂજ્ય અને ગ્રહણ કરવા લાયક, મતલબ કે અતાજ્ય અગર તલાક નહિ આપવા લાયક છે.

પ્રિય વાંચનાર ! તું સ્ત્રી હો, પુરૂષ હો. સ્ત્રીના સમાન હકો અને પ્રતિષ્ટાનો પક્ષાપાતી હો કે વિરોધી હો જે હો તે હો. પરંતુ ઉપલા શબ્દોમાં સ્ત્રીના 'મૂલ્ય'ની લેશ પણ અતિશયોકિત છે એમ કહેવાની તારી તાકાદ નથી. વેદોમાં એવા અત્યુકિત કરનારા શબ્દોનો ઉપયોગ કરવામાં આવ્યોજ નથી. પુરૂષની દુરાગ્રહી આંખે સ્ત્રી જાતિના આ ગુણો કદાચ નહિ પણ દેખાય, પરંતુ પરમાત્માની વાણી–વેદવાણી–તો તેને આ માનની ઉચ્ચ પદવી આપે છે. પંજાબીઓ પત્નિ વિનાના ઘરને "તકીયા" અને "દેરા" કહીને ધિક્કારી નાંખે છે તે ઘણાએ સાંભળ્યું હશે. શુ તમે પ હેજ તમારી જીંદગીમાં કદિ નથી અનુભવ્યું કે ગૃહદેવી કદાચ પ્રસંગોપાત્ બહાર ગઈ હોય છે તો ઘર આનંદ રહિત–સુનુ સુનું ભાસે છે ! સત્ય છે કે આ લક્ષ્મી અને સરસ્વતી–દ્રવ્ય અને વિદ્યાની દેવીથીજ ઘર આનંદી અને સમૃદ્ધિવાન બને છે. દરેક નામ સાથે "**દેવી**" શબ્દોનુ જોડાણુજ તે કોણ છે–તેનું સંસારમાં કયું સ્થાન છે–તે પ્રતિપાદન કરે છે. એટલાજ માટે તેને **વામા** અને અર્ધાગના કહેવામાં આવે છે.

નીચે હું સ્ત્રીના ગુણો અને ફરજોનું વર્ણન આપતા યજુર્વેદના કેટલાક ચુંટી કાઢેલા મંત્રો ટાંકી દેખાડુછું. આશા રાખવામાં આવે છે કે તે ઘણાજ ઉત્સાહથી વંચાશે, કારણ કે ગૃહવ્યવહારમાં સ્ત્રીનું કયુ સ્થાન છે અને હોવું જોઈએ તેનો યથાર્થ ચિતાર તે શ્લોકો આપે છે. એમ છતાં તેમ કરૂં તે પહેલાં હું પરણેલા તેમજ હવે પછી પરણવાના એવા મારા વાંચકોની ચોરીની આસપાસ ફેરા ફરતી વેળા તેમને બોલવા પડતા મંત્રો યાદ કરીને તેમનો સાર સમજવા સ્મરણ કરાવવા ઇચ્છુંછું. પ્રિય વાંચક ! સ્ત્રીની પ્રતિષ્ટાનું નિમ્ન લિખિત શબ્દોમાં ગાન કરવાનું વચન આપવા તેમાં તને ફરમાવવામાં આવ્યું છેઃ—

(૧) ओं सरस्वति प्रेदमव सुभगे वाजानीवति ।
यान्त्वा विश्वस्य भूतस्य प्रजामासस्याग्रतः॥

यस्यां भूतऽसमभवद्यस्यां विश्वमिदं जगत् ।
तामद्य गाथां गास्यामि या स्त्रीणायुत्तमं यशः ॥

"હે ! વિદ્યાદેવી ! સમૃદ્ધિ અને બળ આપવાવાળી ! જેણે તારૂં પાણી ગ્રહણ કર્યું છે તેનુ તું રક્ષણ કર. આ વિશ્વનું પ્રથમ મૂળ છે. તારાથીજ મનુષ્ય જાતની ઉત્પત્તિ છે. આખી સૃષ્ટિ તમારામાંજ સમાએલી છે. હું તારા ઉમદા ગુણોની કીર્તિનુ હમેશાં ગાન કરીશ."

(२) कन्या उतत्वया वयं धारा उदन्य इवाति गाहे महि द्विषः ।

"હે તેજસ્વી કન્યા ! તારી સહાયથી હુ જેમ પાણીનો ઝરો પોતાની આગળ બધો મેલ ઘસડી જાય છે તેમ શત્રુદળને હું મારી આગળ ઘસડી લઈ જાઉ."

(३) अहं निष्यामिमयि रुपमस्या वेददित् पश्यन् मनसा कुलायनस्ते ममद्धि मनसोदमुच्ये स्वयं श्रघ्नानो वरुणय पाशान् ।

"હું મારા કુટુંબનુ કલ્યાણ ઇચ્છતો હોવાથીજ તારા આનંદી ચહેરાની પ્રાપ્તિ અને તેમાં આનંદ પામવા ઇચ્છુ છું. તું સદાચરણી કાર્યો કર. હુ કદી પણ મારા મનમાં કોઈ ખરાબ વિચાર અગર યુક્તિ આવવા દઈશ નહિ, નહિ કે હુ તારાથી વેગળો રહીને એકલોજ કંઈ ચીજનો ઉપયોગ કરીશ. આ પ્રકારે તારી સાથે સંબંધમાં રહીને અસુરના બંધનોને છિન્નભિન્ન કરી નાંખીશ—"

(४) ओं अमोऽहमस्मि सात्वं सात्वमसि, अमेऽहम सायूब्रंहमस्मि ऋक्त्वं द्यौ रहं पृथिवी त्वं ताविव विवाहा वैह सहरेता दंधा वैह प्रजाय प्रजां प्रजनया वहै पुत्रान विन्दावहै वहन् ते सक्तु जरदष्टयः संप्रयौ रोचिष्णू सुमणस्य मानौ पश्येम शरदः शतम् ।

'વાસ્તવિક રીતે ગૃહરૂપી યજ્ઞમાં હું પ્રાણ રૂપ છું જ્યારે તું વાણીરૂપ છે. (પ્રાણ અને વાણી એ મળીને યજ્ઞ પુરો થાય છે એટલે કે તું વાણીની

જગ્યા સાચવે છે, જ્યારે હું પ્રાણની જગ્યા સાચવું છું. હુ સામવેદ રૂપ છું જ્યારે તું ઋગ્વેદ સમાન છે હું જ્યારે શ્લોક રૂપ છું, (કે જે પ્રકાશના કિરણો અને વરસાદ મોકલે છે) જ્યારે તું પૃથિવી રૂપ છે કે જે તેને ગ્રહણ કરે છે. સારાંશ કે હું બીજ વાવનાર અને તું તે કે જેમાં બીજ પોતાનુ મૂળ પેસાડે છે અને પુષ્ટીને પામે છે. આપણો ઉભયનો સંબધ થાય અને પરસ્પરના ગુણો ગ્રહણ કરીએ, પ્રજોત્પત્તિ કરીએ, અને વૃદ્ધાવસ્થા સુધી જીવે એવા પુત્રોને જન્મ આપીએ. આ પ્રમાણે એકમેક સતુષ્ટ કરીને અને એકમેકથી સંતુષ્ટ રહીને, દઢ મગજવાળા, આખ અને કાન સલામત એવા સો વર્ષ સુધી જીવી શકીએ."

(૯) पत्नि त्वमसि धर्मस्याहं गृहपति तव यमममस्तु यो प्यामह्यं त्वादाद् बृहस्पतिः ।

"પવિત્ર કાયદા પ્રમાણે તું મારી પત્ની અને હું તારો પતિ છું. તું મારી આરાધનાનું પાત્ર છુ. આ સૃષ્ટિના સરજનહાર તરફથી તું મને બક્ષીસમાં મળેલી છે. તારા પતિ તરીકે મારી સાથે તું સો વરસ જીવ અને છોકરાંને જન્મ આપ."

હવે હું સ્ત્રીના ગુણો અને ફરજો વર્ણવે છે એવા મંત્રો આપુછુ. આ મંત્રોનો દેવતા એકલી પત્ની છે કે પતિ પત્ની બેઉ છે એ શોધી કહાડવું ઘણું અગત્યનું છે. થોડાક મંત્રોને તેમના દેવતા તરીકે અગ્નિ છે, પણ ત્યાં સ્ત્રીને અગ્નિની સંજ્ઞાથી જણાવે છે, અને આ સૃષ્ટિમાં અગ્નિ જેટલો ઉપયોગી છે તેટલીજ મનુષ્ય વ્યવહારને પવિત્ર અને ઉપયોગી તે (સ્ત્રી) છે એમ કહેવામાં આવ્યુ છે. સતપથ બ્રાહ્મણમાં માનસિક સંબંધને **वाजपेय यज्ञ**ના નામથી વર્ણવ્યો છે.

(१) शर्मचस्थो वर्मचस्थोऽछिद्रे बहुल उभे व्यचस्वती संवसाथाभृत मग्निं पुरीष्यम् । यजु० अध्य० ११ मं० १३ ।

"હે પરિણિત યુગલ ! તમે એકમેકની શાંતિ છો. તમે પરસ્પર રક્ષણ કરનારી ઢાલ છો. બગાડ રહિત, બહોળી સમૃદ્ધિવાળું આ ઘર તેમાં રહો અને તંદુરસ્તી અને દ્રવ્ય આપનારા હોમાગ્નિનો તેમાં અભિષેક કરો !"

(૨) लोकं पृणछिद्रं पृस्य अथोसीद ध्रुवात्वं इन्द्राग्नि त्वा बृहस्पति-
रस्मिन या नावसीषदन ।

"હે પ્રતાપી નવોઢા (કન્યા) ! કુટુંબને સુધાર અને શુદ્ધ કર, તેની ખામીઓ દૂર કર અને પછી આ ઘરમાં તારી સત્તા ઝમાવ. વેદોનો અને સૃષ્ટિનો સ્વામી પરણેલા યુગલને ઇંદ્ર અને અગ્નિની માફક (ગૃહરાજ્ય પર) અભિષેક કરો !"

આ મંત્રોમાં પતિ પત્નીને એકમેકની શાંતિ અને રક્ષણ કરનાર બખ્તર કહેવામાં આવ્યા છે. ખરી રીતે પતિ પત્ની બન્ને સાથેજ ચઢે અને પડે છે, અને દરેક જણ બીજાની વર્તણુક નિર્માણ કરવામા મદદ કરે છે. પરંતુ બીજા મંત્રમાં બતાવ્યા પ્રમાણે અગ્રસ્થાન સ્ત્રીનુ છે, કારણ કે સ્ત્રીની યોગ્યતા આખા કુટુંબની અને પરિણામે આખા રાષ્ટ્રની લાયકાત નિશ્ચિત કરે છે !

(૩) सामितंऽसंकल्पे थां संप्रयौ रोचिष्णु सुमनस्यमान्सौ इर्ष भूर्जय-
भिसंवसापौ । यजु० अध्य० १२ मं० ५७

"અરસપર ચહાતાં અને એકમેકને આહ્લાદ આપતાં, તંદુરસ્તી અને સમૃદ્ધિ પ્રાપ્ત કરતાં, આનંદમાં રહી એકમેકની સલાહપર આધાર રાખો."

(૪) मातेव पुत्रं पृथिवी पुरीष्यमग्निः स्वेयोनावभारुखातां विश्वैः
देवैर्ऋतुभिः संविदानेः प्रजापति विश्वकर्म्मा विमुश्चतु ।

यजु० अध्य० १२ मं० ६७

"મનુષ્યનો ઇશ્વર અને સરજનહાર હમેશાં તેને દુઃખમાંથી મુક્ત કરો તેને કે જે સઘળી વનસ્પતિના બીજને કણગો ફુટીને ઉગી નીકળે ત્યાં સુધી

પોતાના ખોળામાં રાખનાર પૃથિવી માતાની માફક પુત્રરૂપી બીજને વૃદ્ધિ પામવા માટે પોતાના ઉદરમાં રાખે છે."

જેવી રીતે ધરતી માતાના પેટમાં અને ખોળામાં વનસ્પતિ રાજ્ય પુષ્ટી પામે છે તેવીજ રીતે મનુષ્ય જાત સ્ત્રીના ખોળામાં ઉછરે છે, અને તેથી સ્ત્રીને પૃથિવી સાથે સરખાવવામાં આવી છે.

(૯) विमुच्यध्वमघ्नया देवया नागन्मतमसस्पारमस्य ज्योजिरयाम ।

यजु० १२ मं० ७३.

"હે મનુષ્યો ! ગાય તેમજ સ્ત્રીઓની શોધ કર. કારણ કે તે સ્વર્ગીય શાંતિ (**देवमाना**) નું મૂળ છે અને તે દ્વારા અશાંતિ અને રોગોથી મુક્ત થાઓ. આ લોકમાં પ્રસરેલા મૃત્યુ અને અંધકારની બહાર નીકળો અને અખંડ પ્રકાશ અને જીવન પ્રાપ્ત કરો."

અહિં **अघ्न्या**ને સ્વર્ગે લઈ જનારી કહેવામાં આવી છે, ખરેખર, પત્ની પોતાના પતિનું રોગ અને અધઃપાતથી અનેક પ્રકારે રક્ષણ કરે છે. જેમ ગાય આપણને દૂધ અને માખણ આપીને આપણું રક્ષણ કરે છે, તેમ **સ્ત્રી** પણ બાળકોને-કે જે પુનઃ પ્રજોત્પત્તિ કરે છે-જન્મ આપીને આપણું રક્ષણ કરે છે. ગાય વિના યજ્ઞમાં ચાલી શકતુંજ નથી એમ મનાય છે. પરિણામે ગાય અને પૃથિવીનાં બધા કારણો સ્ત્રીમાં હોય છે. વેદો **अघ्न्या** શબ્દ તેમજ **गा** શબ્દ સ્ત્રીને છુટથી લગાડે છે. આ પ્રમાણે વેદવાણી બન્નેમાં સરખાપણું અને તેમના સામાન્ય ગુણોનું વર્ણન કરે છે.

નાટય.

પ્રેમાનંદ.

૧૬૩—સુલોચના વિષે સખીઓનો સંવાદ.

માલતી—'ધાના ત્યાં પાના નહિ, અને પાના ત્યાં ધાના નહિ." એ પણ મારૂં રડયું "સો મણ તેલે ઇશ્વરને ત્યાં અંધારૂં સ્તો" બિચારી મારી બાઈ વ્રત અપવાસ કરી કરી વાજ આવી જાય છે; અને કુલપતિને તો ભગવાનથીએ ભલે પ્રકારે પૂજેછે; તેમ "દેશ તેટલા દેવ" કરવાને ચૂકતી નથી. તોય પણ આશા તો અંતરિયાળની અંતરિયાળજ લટકયા કરે છે; અને મારી પાડોશમાં પેલા જીવાનન ભટને ત્યાં 'શીતળા મા વગર આરાધે આવી અમી છાંટો નાખી જાય છે." (માલતીને ઉભી રહેલી જોઈ માધવી પાછળથી આવી તેની આંખો દબાવે છે અને માલતી તેના હાથ છોડાવતી કહે છે કે) છોડય છોડય એ તો મેં ઓળખી. અલી છોડને મારી તો આંખો દુખે છે. એ તો તમે આવ્યાં તે જાણ્યાં. (એટલું કહ્યા છતાં જયારે નથી છોડતી ત્યારે તેના હાથપર નખ મારી જોર કરી છૂટી જઇ માધવીને જુએ છે.) અહો બેન તુંજ છે કે ? કંઈ કહી જવાયું હોય તો માઠું ના લગાડીશ; મેંકુ પેલી વાંદરી જેવી વલ્લિકા હશે. તે મોઈ મને રાત દહાડો પજાવ્યા કરેછે.

માધવી—ત્યારે તારી સાથે રમત ગમત કરવાને કોઈ કંઈ કરે તેણે વાંદરીના અલંકારથી અલંકૃત થવાને તૈયાર હોવું જોઈએ. ઠીકજ છે; પણ દેવીએ તને મોકલી છે કયાં ? અને તું રખડયા ક્યાં કરે છે ?

માલતી—અલી, તે તું પૂછનારી કોણ જે ! કંઇ આપી વીહર્યાં હશો કે હુકમમાં લેવા મંડયાં છો ? મારી તો આંખો જમની પેડે ઝાલી તે ઉઘડતીએ નથી.

માધવી—(મોં મરડી) ઓહો ! એમાં તે ક્યમ થઈ ગયું તે આટલાં બધા ચઢી જાઓ છો ? હવેથી તમારૂં નામ નહિ દઈએ ! (એમ કહી જવા માડે છે અને પાછળથી વલ્લિકા આવી કહે છે કે,)

વલ્લિકા—માધવી ઊભી રહે ઊભી રહે, તને મારા સમ. (માધવી ઊભી રહેતી નથી તેને દોડી જઈ પકડી ઊભી રાખી) અલી વાહરે ! તારો તો મિજાજ બહુ વધી પડયો દેખું ! ! ઊભાંરયો ઊભાંરયો કહીએ છીએ ને ઊભાંય રહેવાતું નથી કે ?

માધવી—(માલતી સામે વાંકી નજરે જોઇ) અમારે તે મિજાજ શા ઉપર ! ! કે' કે'તી હોય તે, શું કામ છે તે ?

વલ્લિકા—(માલતીને જોઈ.) અલી માલતી ! તું શું કરી આવી ? માજીએ બેઠાં બેઠાં ઘેડપણમાં કેવા "ગોળા ગબડાવે છે," તે કંઇ જાંણ્યુ કે ?

માલતી—ના, અલી ના. તે દહાડે દેવીને બોલાવી એમણે શું કહ્યું તેમાંનું મારા જાણવામાં તો કંઈએ આવ્યુ નથી. સખી, તું જાણતી હોય તો કહે જોઈએ ? હું તો કુલપતિ પાસે ગઈ'તી, ત્યાં તો તેમણે 'પારિયાંજ વાળી દીધાં ! ! '

વલ્લિકા—એટલે શું એમ કહ્યું કે હવે યજ્ઞ નહિ કરાય ?

માલતી—ના ના, છેક એવું તો નહિ; પણ એના જેવુંજ. તેમણે મને કહ્યું કે' તું દેવીને જઇ કે' કે અધુના બ્રમ્હમુહૂર્ત જેવું જોઇએ તેવુ નથી, માટે મંગલમુહૂર્ત આવતાંજ યજ્ઞારંભ કરી દેવામાં આવશે.

વલ્લિકા—ત્યારે એ તો "ના નહિ ને નાના કાકાસ્તો." બહેન એ બિચારા શું કરે ? કરમમાં ન હોય તો ક્યાંથી લાવી કાઢી આપે ? પણ અલી માધવી, તું મહારાજા કને ગઇ'તી તેનું ક્યમ થયું, તે તો કે ?

માધવી—મહારાજ બિચારાને શું છે ! તે તો સીધા સટ છે. તેમણે તો કહ્યું મને સચિવ કંઈ રાજકાજ માટે મળવા આવનાર છે, તેમના આવી ગયા પછી વાતચિત કરી હુ ઉતાવળે આવું છુ. વળી વધારેમાં મને એમ પણ કહ્યું કે તું જઈ દેવીને માઠું ન લાગે તેમ કે'જે અને હું સત્વર આવી પહોચું છું.

વલ્લિકા—એની દેવીએ "સવળે હાથે પૂજેલી ગોર એજ ફળી છે તો." વારૂ હવે ચાલો; દેવી આપણી વાટ જોઈ બેશી રહ્યાં હશે, માટે તેમને જઈ જલદી મળી સર્વ સમાચાર કહીએ. (જવા માંડેછે.)

માધવી—(તેને જતી અટકાવી) અલી વાહરે ! અમારી વાતો પૂછી લીધી અને તું શું કરી આવી તે તો કંઈ કહેવું નથી ! કહ્યા વગર તને જવા કોણ દેનાર છે તે ?

માલતી—એ તો એમની હુંશિયારી દેખાડતાં હશે કે અમે કેવાં ડાહ્યાં છીએ કે બીજાંની વાતો જાણી લઈએ અને અમારી વાત કોઈનેય ન આપીએ ?

વલ્લિકા—(માલતીને) ના રે સખી ના, એમ તે કંઈ હોય ? લ્યોને મારે શું, વાર થશે તો ત્રણે જણને ઠપકો ખાવો પડશે.

માધવી—એ વિચાર અને ડહાપણ બીજાંની વાત પૂછી લેતાં ક્યા જતાં રહ્યાં હતાં ?

માલતી—અલી, કે'ને કે'ની હોય તો ? નકામી "શા ભાવ ખાય છે" અને ખોટી કરે છે તે ?

વલ્લિકા—એ તો એમ થયું કે, માતાજીએ દેવીને બોલાવી કહ્યું કે તુંજ મારા પુત્રને બીજી કન્યા પરણવા દેતી નથી; પણ એટલોય તને વિચાર ક્યાં છે કે આયુ તો વંટોળીઆ વાયુ જેવું છે. સારે સારૂ તો સર્વેને સારૂ લાગે છે. પણ જો કંઈ રાજકૈવક થયુ તો શ્રાદ્ધ સારનાર વિના બધાંયને ઉંધે માથે લટકવું પડશે.

માધવી—માતાજીનુ કહેવુ તો ખરૂ છે. પણ દેવીની કંઇ એટલી વય થઈ ગઈ નથી કે માજીનુ કહ્યું કરવા તેમણે ઉતાવળ કરવી જોઇએ !

માલતી—અલી વલ્લિકા, એ વાત તો સર્વના જાણ્યામાં છે; પણ તને ત્યાંની છાની બાતમી મેળવવા મોકલી હતી તેનું તું શું કરી આવી, તે કે'ની !

વલ્લિકા—છાની બાતમીમાં એ સમાચાર મળ્યા કે, માતાજીએ સચિવને બોલાવી અંગ દેશના રાજાને પુત્રી છે તેનું માગું કરવા જણાવ્યું છે. અને આર્યપુત્રના બીજા સર્વ વિચાર ઉતાવળે ફેરવી નાખવા સૂચવ્યું છે. સચિવે પણ તે કાર્ય સત્વર પાર પાડવા માજીને વચન આપ્યું છે.

માલતી—ત્યારે તો એ વાત આ માધવીની વાતને મળતી આવેછે. મહારાજે એની સાથે કહાવ્યું છે કે હું સચિવને મળી ઉતાવળે દેવી પાસે આવું છું. તો તે સચિવને મળી એ સંબંધેજ વાતચિત કરવાના હશે.

માધવી—હા સખી એમજ હશે. મારે હવે ઉતાવળે જઈ દેવીને આ સર્વ વાતથી જાણીતાં કરવાં જોઇએ.

વલ્લિકા—હા, હા, સખી એમજ કરવું જોઈએ.

માલતી—ચાલો ચાલો ત્યારે. (સર્વે જાયછે.)

સુલોચના—(ચિંતાગ્રસ્ત વેશે સુકેશી સહ) સખી સુકેશી ! પેલી ત્રણ જણીઓને મોકલી છે તેમાંની એક જણી હજી સુધી પાછી આવી નહિ. એમને કેમ વાર લાગી હશે ? જાને તું જઈ મદનમંજરીને એમની તજવીજ કરવા મોકલ જોઈએ ?

સુકેશી—હા બેન ! એમ કરૂ છુ. પરંતુ એમને ગયે કંઈ એટલી બધી વાર થઈ નથી કે તજવીજ કરવા મોકલવાની જરૂર પડે.

સુલોચના—(સકોપ ત્યારે તો વાર એટલે વરસ બે વરસ વીતી જવાં જોઇએ ? ડાંપણુ કરવું રે વા દઈ જા હું જેમ કહું છું તેમ જલદી કરય.

સુકેશી—વારૂ તેમ કરૂં છુ (જવા માંડે છે અને ત્રણે જણીઓને આવતી જોઈ.) લ્યો, આ ત્રણે જણી આવીઓ. એમાંની તે કીયી કાર્ય થઈ રહ્યા પછે ઊભી રહે તેવી છે કે બોલાવા મોકલવાની જરૂર પડે.

સુલોચના—લ્યો હવે તમારૂં બોલ્યું ખરૂં કરવાનું રહેવા દઈ એમની વાતથી જાણીતાં થઈ જે કરવું ઘટે તે કરો. (માધવી માલતી ને વલ્લિકા પ્રવેશ કરી એક પછે એક જણી ધીમેથી દેવીને જાણેલા સમાચાર જણાવેછે.)

સુકેશી—સખી, ત્યારે તો હવે આ ચાલતો પ્રસંગ બંધ કરવો જોઇએ. કારણ હવે મહારાજાને આવવાનો સમય છે.

સુલોચના—હા. એમજ કરવું જોઇએ. (વિચાર કરી) પરંતુ સખી માલતી! તું સચિવને ત્યાં જઈ આર્યપુત્રને અને તેમને શી વાતચીત થઈ તેની કંઇ બાતમી કાઢી લાવે તો ઠીક. કેમ સુકેશી ખરૂં કની?

સુકેશી—હા, હા. એમ થાય તો વધારે સારૂં. જા માલતી, ઉતાવળે જા અને માધવી! તું જઇ દ્વાર પાસે ઊભી રહે, અને મહારાજ આવતા જોઈ જલદી જણાવી જા. અલી વલ્લિકા! તું આ બધું ઠીક ઠાક કરી રાખ. (ત્રણ જણીઓ કહ્યા પ્રમાણે કરેછે.)

સુલોચના—(નિઃશ્વાસ નાખી) સખી! શું આર્યપુત્ર મારૂં કહેવું કંઈ પણ ન સાંભળતાં માજીના કહેવા પ્રમાણેજ કરશે? અરે પણ મારાથીએ તેમને માતાજીનું વચન ઉથાપવાનું શી રીતે કહી શકાય?

સુકેશી—અરે સખી! તું આવા મિથ્યા તર્ક વિતર્ક શા કાજે કરે છે? મહારાજા "દૂધ ને દોણી" બન્ને વાનાં રાખી બતાવે તેવા કુશળ છે. તેમાં પણ તને તો તેઓ જરૂર પ્રસન્ન કરશે.

માધવી—(ઉતાવળે દોડતી ચપટી વગાડી) દેવી! મહારાજ વસંતકની સાથે દ્વાર સુધી આવી પહોચ્યા છે. (દેવી સાવધ થઈ જાય છે અને રાજા તથા વસંતક પ્રવેશ કરેછે.)

(**તપત્યાખ્યાન**)

૧૬૪—અદિતિ કુંડળ હરણ.

(ધન્ય છે, ધન્ય છે, આકાશવાણી! એમ બોલતી દિતિ પ્રવેશ કરે છે).

દિતિ—હા હા, હું એમજ કરીશ. આજે કેટલે વર્ષે અને કેટલે દહાડે મહામહાવ્રત કરી જ્યારે કાયા કષ્ટી નાખી ત્યારે પ્રાણનાથે પધારવાનું કહ્યું

છે. મેં મારા માયાવીસુતો કનેથી સર્વ શૃંગાર મંગાવ્યા છે પણ અદિતિ જેવાં કુંડળની મારે ખામી છે (વિચાર કરી) તે એની કને જઈ લાવ્ય માગી લાવું. (એમ કહી જાય છે.)

(શૃંગાર સજી રહી દર્પણમાં મુખ જોતી અદિતિ પ્રવેશ કરેછે.)

અદિતિ–આજ મેં સાંભળ્યું છે કે દિતિના વ્રતાદિકથી પ્રસન્ન થઈ એને ત્યાં પ્રભુ પધારવાના છે. એ પ્રસંગે કોઈ ન જાણે તેમ શૃંગારાદિ સજી હું તેમના આવતા બેવજ જો માર્ગમાં દર્શન કરવા ઉભી રહુ તો સર્વે સારાં વાનાં થાય. (એટલું બોલી દર્પણમાં કુંડળ જોઈ વિચાર કરે છે.) આવાં કુંડળ કોઇનેય અદ્યાપિ પ્રાપ્ત થયાં નથી અને થવાનાં નથી. એ શોભા વડેજ હું બીજી મારી સપત્નીઓ કરતા સ્વામીને વધારે વહાલી થઈ પડું છું અને આજ પણ પ્રભુનું સહુ પહેલાં મન હરણ કરી શકીશ. (એવે ત્યાં દિતિ પ્રવેશ કરેછે.)

દિતિ–(અદિતિને માનપૂર્વક નિહાળી) કેમ મોટી બેન ! શરીરે સુખી તો છોને ! પાશુપતેશ્વરનાં દર્શને જવાની તૈયારી કરો છો કે પુણ્યક્ષેત્રમાં જવું છે ? બેન આજ તો મારે ત્યાં પ્રભુ પધારવાના છે. (એટલુ બોલી કુંડળ પહેરેલાં જોઈ બોલતી અટકી જાય છે.)

અદિતિ–(કંઇક કોપસહ) અહો એમાં તે શુ ? મેં પણ વ્રતાદિ કરી પ્રભુ પ્રસન્ન કર્યાંતા.

દિતિ–(સંકોચાયલે મને) બેન ! તમારે પગલે પગલે ચાલી મેં પણ તેમ કર્યુ છે અને તમારી કને પ્રભુને પ્રસન્ન કરવા કંઈ લેવા આવીછુ. તમે મારાં સગાં મોટાં બેન અને અહીં પણ મોટાં સપત્ની થાવ છો એટલે તમે મારી આશા પૂરશોજ.

અદિતિ–તારે જે માગવું હોય તે માગી લે અને ઉતાવળ કર કે મારા નિત્યનિયમમાં અટકાવ આવે નહિ.

દિતિ–(મહામહાયત્ને ઉચ્ચાર કરી) ત્યારે બેન ! આ તમારાં કુંડળ મને આજનો દહાડો પહેરવા ન આપો ! (એટલુ કહી નીચું જુએછે.)

અદિતિ–ના એ તો હું કાઇનેય આપતી નથી અને આપનારેય નથી. તારે બીજું જે કંઈ જોઇએ તે માગી લે.

દિતિ–(સકોપ) બીજાને શું મારે ચૂલામાં ઘાલવું છે ? વારૂ હું માગવા આવી છતાં જો તમે નથી આપતાં તો હવે એ સુખે વાપરજો. (એટલું બોલી પોતાના આત્મપક્ષીય ભૌમાસુરનું સ્મરણ કરે છે અને તે એકાએક શસ્ત્રાસ્ત્ર સજ્જ પ્રવેશ કરે છે.)

ભૌમાસુર–(દીર્ઘસ્વરે) અહો માતે ! શી આજ્ઞા છે. મારૂં સ્મરણ કેમ કર્યું ? શી ઇચ્છા ઉત્પન્ન થઈ છે ? શું હું ઇંદ્ર લોકમાં જઇ ઇંદ્રને જીતું એમ તમારે કહેવું છે ? બોલો બોલો, આજ્ઞાનુવર્તન કરવા હું સર્વ પ્રકારે સજ્જ થએલો છું એમ જાણો.

દિતિ–(આશ્વાસનસહ) વત્સ ભૌમાસુર ! તારૂં કલ્યાણ થાવ. મારી ઇચ્છા એટલીજ છે કે આ અદિતિએ કાને ઘાલેલાં કુંડળ તું મને હમણા અપાવ્ય. એટલાજ માટે મેં તારૂં સ્મરણ કર્યું છે.

ભૌમાસુર–અહો, એમાં તે શું માગ્યું ? (દીર્ઘ સ્વરે) અરે અદિતિ ! કુંડળ કાઢી આપ્ય. કાઢે છે કે નહિ ? કાઢયાં કે નહિ ? કેટલી વાર, કેટલી વાર ? કાઢય, કાઢય ? (એટલું કહ્યાં છતાં નથી કાઢતી તેથી કને જાય છે.)

અદિતિ–(સકંપ) જા જા, દુષ્ટ ! હમણા તારૂં આવી બન્યું સમજ. હું પણ કેવા વીરની માતા છું તે તારા જાણવામાં છે કે નહિ ? નહિ હોય તો હમણા જણાશે.

ભૌમાસુર–(સકોપ) કાઢય કાઢય, તારા વીરનાં વપુ દીન થયાં સમજ. કાઢે છે કે હું કાઢું ? (એમ કહી છેક કને જાય છે.)

અદિતિ–(દીન સ્વરે આમથી તેમ નાસતી) નહિ આપું નહિ આપું. એ મારાં છે, એ મારાં છે. (સકંપ) અરે દુષ્ટ મને સ્પર્શ કેમ કરેછે ? અરે દિતિ ! આમ કરાવવું તને ઘટે નહિ ! હા સ્વામીનાથ ! મારૂં રક્ષણ કરો

રક્ષણ કરો. હા મારા દ્વાદશ સૂનુઓ ! (એટલેથીજ થતો ઉચ્ચાર અટકાવી ભૌમાસુર કાન મચરડી નાખી કુંડળ કાઢી લે છે અને દિતિસહ ચાલ્યો જાય છે. તમને જતાં જોઇ) હા પુત્રો ! આ મારાં કુંડળ લઈ જતા અસુરનો વધ કરો, વધ કરો. એવે ત્યાં સ્વર્ગથી ઇંદ્રાદિક દ્વાદશ અદિતિસૂનું શસ્ત્રાસ્ત્ર સજી પ્રવેશ કરેછે.)

ઇંદ્ર–અહો જનની ! કુંડળ હરણ કરનાર કયો અસુર આ વજ્રને (ઉગામી) ધારણ કરવા ઇચ્છે છે ?

અદિતિ–(ગભરાયલે વેશે) ભૌમાસુર, ભૌમાસુર, એ લઈ જાય, એ લઈ જાય.

ઇંદ્ર-(દીર્ઘ નિઃશ્વાસ નાખી) અહો જનની મારો ઉપાય નથી. વસુધરાએ વિષ્ણુને પ્રસન્ન કરી એને વૈષ્ણવાસ્ત્ર અપાવ્યું છે તથાપિ હે સુરજનની ! હું તેની સાથે યુદ્ધ કરી કુંડળ પાછાં આણી આપું છું. (એમ કહી બાકીના એકાદશસહ ઇંદ્ર યુદ્ધ કરવા જાય છે અને અદિતિ પણ એકાંત સ્થળમાં જઇ પતિસ્મરણ કરતી બેસે છે.)

(રેશ દર્શિકા સત્યભામાખ્યાન.)

નર્મદાશંકર.

૧૬૫—સખી વિનોદ.

(જાનકી નાહી વસ્ત્ર પહેરી છૂટે કેશે અગાસીમાં ઉભી છે.)

જાનકી—સૂર્યોદય કેવો સોહે છે ?

સખી—ભાગ્યોદય પણ એમજ સોહે છે બા ! સૂર્યકિરણ તારાં વદન

કમળોને સુંદર પ્રફુલ્લ કરે છે ને નિત્યના કરતાં તું કંઇક જુદી પણ બહુજ રૂપાળી દેખાય છે જાનકી; આજ તારૂ ખરેખરૂ ઉમંગ ભર્યું કુમારિકા સ્વરૂપ જોઉં છું.

બીજી સખી—(આવીને) જાનકીબા ઋષિ સાથે આવ્યા છે તે કુંવરોને મેં જોયા જો.

જાનકી—ક્યાં જોયા તેં ?

બીજી સખી—અમરાઇમાં ઉતારો છે ત્યાં જઇને. એક તો મેઘવર્ણ, કમળનેન, સિંહસ્કંધ ને બીજો ગૌરવર્ણ છે, બન્નેને કાન આગળ કેશ પટા છે ને બન્નેએ ધનુષ ભાથા રાખ્યાં છે.

સખી—(બીજી સખીને) તેં જોયા ને જાનકીએ શુ નથી જોયા કે ?

બીજી સખી—હેં ! હેં ! જાનકીબા તમે ક્યારે જોયા ?

જાનકી—તું બહાર ગઇ હતી ને માતા ગૌતમપત્નિનાં દર્શને ગયા તે મને સાથે લઇ ગયાં હતાં ને ત્યાં તે બેઠા હતા.

બીજી સખી—પણ બા બોલો જેનુ નામ રામ છે તે કેવા કોમળ સુદર કાંતિમાન છે ?

જાનકી—પણ વારૂ ! તે કોમળ બાળકમા રાક્ષસોને મારવાનુ બળ કેમ આવ્યુ હશે ?

બીજી સખી—ગુરુ શતાનંદ કહેતા હતા કે મુનિ વિશ્વામિત્રના યજ્ઞનું રક્ષણ કરવા જતાં માર્ગમા મુનિએ કેટલાંક દૈવી શસ્ત્ર અસ્ત્ર આપી વાપરતાં શીખવ્યાં હતાં ને પછી તેણે તાટિકા, સુબાહુ, મારીચ, ને હજારો રાક્ષસોને માર્યા; અહલ્યા માતાની વાત તો આપણે જાણી છે પણ બા લઘુ વયે મોટું પરાક્રમ એ શુ હશે ?

જાનકી—આપણે તો ઘરમાં વાત થાય તે સાંભળવી; જેનાં એસા વખાણતા હતા તેને જોયા તો ખરા ને વળી મંડપમાં જોઇશું.

બીજી સખી—એ બે સગા બંધુ છે કે ઓરમાન? શતાનંદે કહ્યું હતું ખરૂ પણ વિસરી ગઇ.

જાનકી—દશરથને ત્રણ સ્ત્રી; તેમાં કૌશલ્યાના રામ કૈકેયીના ભરત અને સુમિત્રાના લક્ષ્મણ તથા શત્રુઘ્ન.

સખી—પણ બા તમારી ને રામની દૃષ્ટિ મળી તે હું જાણું છું જો.

જાનકી-(લજ્જા સંકોચે) ક્યારે વળી? આપણે ગયાં કે તે બે તરતજ ઊઠી ગયા તે તું કેમ ભુલી જાય છે?

સખી-હતા ત્યાં લગીમાં રામે નીચેથી ઉંચે નથી જોયુ પણ તમે તો વચમાં વચમાં તેની ભણી જોતાં હતાં, ને થોડેક ચાલી તેણે પણ પાછું ફરી જોયું હતું ને પછી એકજ ક્ષણે તમે બન્ને લજ્જા પામ્યા હતાં, મેં કાલે તમારીજ ચર્ચા જોયા કીધી છે.

જાનકી-તને તો એવું એવુ બોલી હસાવતાં આવડે છે.

સખી-પણ બા, વારૂ હસો છો તો ખરાં.

બીજી સખી-પણ જાનકી બા, અમે તો તમારૂ મન પામી ગયાં છીએ જો.

જાનકી-ગમે તેમ ચોક પૂરોની; કોણ જાણે શું થયુ છે કાલનુ મને કે ક્ષણમાં બીહું છું, ક્ષણમાં હસુ છું, ક્ષણમાં વહાલ ઉભરાય છે, ક્ષણમાં વિસ્મય પામું છું, ક્ષણમાં સ્વયંવર સાંભરી આવે છે ને ક્ષણમાં ઘૂમ થઇ જાઉછું વિચારમાં કે મારે માટે વિધિએ શું નિર્મ્યું છે?

સખી-કાલનું તમને થાય છે તે ખરી વાત છે; જ્યારે જ્યારે તેની વાત સાંભળતાં ત્યારે ત્યારે તમને તેના ઉપર વહાલ આવતું, તો કાલે દૃષ્ટિ મળ્યા પછી અધિક વહાલ કેમ ન આવે?

બીજી સખી-જાનકીબા હવે ગૌરી પૂજવા જવાને શણગાર કરો, મંડપ ભરાવાની તૈયારી થશે જો?

સખી–બા, ગૌરીને મનાવજો કે રામ ધનુષ્ય તોડે ને તમને વરે; અમે તો દેવી પાસે એજ કરગરવાના છઈએ.

જાનકી–(લાજી હસી) તમે તો આજ મને તમારૂં રમકડું કર્યું છે એનો.

બીજી સખી–જાનકી બા, ઊઠો હવે; આ રથ આવ્યો.

(રામ જાનકી દર્શન.)

રણછોડભાઈ ઉદયરામ.

૧૬૬–નળદમયંતી વનગમન.

નળ–પ્રિયા, જાણે કોઈએ મને ભુરકી નાખ્યો હોયની એમ હું ભાન ભૂલ્યો હતો, તેથી કાંઈ સૂઝ્યુ નહિ; અને છેવટે પરિણામ આ થયું.

દમયંતી–પ્રાણનાથ! જે કાળે જે બનવાનું હોય તે કોઈનાથી અટકાવી શકાતું નથી, માટે આપ ખેદ કરશો નહિ.

નળ–ખેદ કર્યો થતો નથી. પ્રિયા! હાથે કરીને ઉપાસન ઉભું કર્યું તેનો પશ્ચાત્તાપ કેમ ન થાય? પુષ્કર દુષ્ટ વિચાર કરતો અટકે એટલા માટે, એને હરાવીને કોઈ આઘેના દેશમાં એનો વાસ કરાવવાની લાલચે, મારી પોતાનીજ લાજ ખોઈ બેઠો. બીજાને ફસાવા જનારો પોતેજ ફસાયછે.

દમયંતી–આર્યપુત્ર, આપ થોડા દિવસથી મને કહેતા હતા તે પ્રમાણે જરા જરા વારમાં આપના વિચાર બદલાઈ જતા, એવી મનની ભ્રમિત સ્થિતિમાં જે બની ગયું તે વિસારી દીધા વિના સિદ્ધિ નથી. હમણાં આપણી જે સ્થિતિ થઈ છે તેવી, અને તે કરતાં પણ વધારે દુઃખદાયક સ્થિતિમાં ઘણા લોકો દિવસ નિર્ગમન કરેછે, તો આપણે કેમ નહિ કરી શકિયે?

નળ–દેવી, મારી પ્રાણપ્રિયા, મને મારૂં દુઃખ થતું નથી, પણ તારી આવી સ્થિતિ જોઈને મારૂં હૃદય કંપેછે. તને થતું દુઃખ સંતાડી રાખવાને

તું પ્રયત્ન કરેછે, પણ સ્વભાવિક મૂકાઇ જનો નિશ્વાસ બધું ઉઘાડું પાડી દે છે. તારૂં કોમળ અંગ આટલી વારમાં કરમાઈ ગયુંછે. પુષ્પમાર્ગ ઉપર ચાલવાથી પણ ઘસારો પડે એવા કોમળ પગ, આવા ખડબચડા રસ્તામાં ચાલતાં, છેક તળવાઈ ગયા છે; તેમાં વળી, ડગલે ડગલે ઠેસો વાગેછે, અને અખડાઈ પડેછે, એ મારાથી દેખી ખમાતું નથી.

દમયંતી-સેહેવાનું આવતાં સહનશક્તિ એની મેળે આવેછે.

નળ-પ્રિયા, આજ ત્રણ દિવસ થયાં અન્ન કે પાણી તું પામી નથી. સીમમાં વાસો રહેનારા ભલા ખેડુતોની સ્ત્રિઓએ, પરમ દાહાડે પોતાના પતિના ભાથામાંથી તને આપવા માંડયું પણ પુષ્કરના વાંકમાં તેઓ આવી જાય એટલા માટે તેં કાંઈ પણ લીધુ નહિ. આ ઉજ્જડ વગડામાં ફળાદિ કાંઈ પણ જોવામાં આવતું નથી. મારી પ્રાણપ્રિયા, હું શુ કરૂ ? અરે, જે હજારોનુ પોષણ કરવાને શક્તિ ધરાવતો હતો, તે કુટિલ કાળના પલટાઈ જવાથી પોતાની પ્રાણપ્રિયાને ભૂખે તરશે ટળવળતી જોઈને લાચાર બની જઈ ટકટક જોયા કરે, એના જેવો નિર્ભાગી બીજો કોને કેહેવો ? (ખેદબતાવેછે.)

દમયંતી-આર્યપુત્ર, આપ અકળાશો નહિ. મારી ભૂખ મરી ગઈ છે એટલે મને બહુ લાગતું નથી. પોતેજ ભૂખ્યા તરશ્યા છો તેમાં વળી મારી ચિંતા કરીને આપ દુઃખમાં વધારો કરોછો. અરે, હું કેવી અભાગણી કે આપને સુખ દેવાનું સાધન થવાને બદલે દુઃખ દેવાનું સાધન થઈ પડીશુ.

નળ- પ્રિયા જોઈ પેલી ટેકરી ?

દમયંતી-હા, મારા પિતાને ત્યાંથી આપ મને પ્રથમ પોતાની માયાની છાયા નીચે લઈ આવ્યા ત્યારે આપણે પેલી જગ્યાએ પડાવ નાખ્યો હતો, અને સૂર્યોદય થતી વેળાનો આ પ્રદેશનો દેખાવ બતાવવાને આપ મને એ ટેકરી ઉપર લઈ ગયા હતા, તે એ.

નળ-પ્રિયા, એ સમયે આપણા સુખનો પૂર્ણ સૂર્યોદય હતો, અને આજે આ વેળા પણ છે. તે વેળાએ તારા સુખની વૃદ્ધિ કરવાને હું પૂરો

શક્તિમાન હતો, આ વેળાએ દુઃખની વૃદ્ધિ કરનાર થઈ પડયોછું અને શાથી તારૂ દુઃખ ઓછું થાય, તેના વિચારમાં નિમગ્ન થયોછું. પ્રિયા એ ટેકરીની સામેની સીધી વાટ જોઈ?

દમયંતી-હા, મારા પ્રાણાધાર, આપ એ વાટે મારી આગળ ચાલો તોજ એ સારી લાગે.

નળ-પ્રિયા, જે તારાથી વિખુટાં પડવાને કલ્પાંત કરતાં હતાં, એવા તારાં બાળક, આ માર્ગે થઈને જ્યાં ગયાં છે, ત્યાં તું તેઓને મળે તો તેમને કેટલો બધો આનંદ થાય?

દમયંતી-મારા જીવનહાર, મારી સાથે આપને દેખે તોજ તેમને આનંદ થાય.

નળ-પિતા કરતાં માતાનો સહવાસ છોકરાંને વિશેષ હોય છે. માટે માતા વિના તેમને ચાલે નહિ.

દમયંતી-પ્રાણનાથ, આપના વચનથી ત્રાસ ઉપજવાનો પ્રથમ અનુભવ હમણાંજ થયો. મને વિખુટી પાડવાનો આપનો વિચાર મારૂ કાળજું તોડી નાંખે છે; અરે મારાથી તે સહન થઈ શકતો નથી.

નેપથ્યમાં-ત્રાહિ! ત્રાહિ! ખાધો, ખાધો ધાઓ, ધાઓ.

નળ-(સાંભળીને) અરે, કોણ આશ્રય માગેછે? મારી પાસે શસ્ત્ર અસ્ત્ર નથી તોપણ હું ક્ષત્રિય છું તો મારે વાહારે ધાવું જોઇયે.

દમયંતી-પ્રાણપતિ, હું આપની પડખે રહીશ, મારી પાંતીની કશી ચિન્તા કરશો માં. (નેપથ્યમાં જાયછે.)

કળી-(ગાભરો ગાભરો પ્રવેશ કરીને) ત્રાહિ! ત્રાહિ! ખાધો! ખાધો! ધાઓ! ધાઓ! અરે, આ કાળ સરખો વાઘ નળનું ભક્ષણ કરી જાય તો દમયંતી એકલી પડે (રંગભૂમિ આગળ થઈને પોકાર કરતો પસાર થાયછે, તેની પછવાડે ઘુઘુવાટા કરતો વાઘ આવેછે ને રંગભૂમિ ઉપર થઇને

પસાર થાયછે તેવામાં પાછળથી રીંછ આવેછે તેનો અને નળનો ભેટો થઈ જતાં તેમની બાઝમબાઝ થાયછે. દમયંતી છળી જતી પણ પોતાના પતિને આશ્રય આપતાં ડરીને રીંછ જતું રહેછે.)

દમયંતી-આપને બહુ વાગ્યું ?

નળ-ના. પ્રિયા, તું મારી ચિંતા કરીશ નહિ; પણ જોયું ? પેલો આગળ જતો વાઘ આપણા જોવામાં આવ્યો તેના સપાટામાં આવી જાત તો શસ્ત્રવિના ઉગરવું મહાકઠિણ પડત, માટે હું તને વિનવીને કહું છું, કે મારૂં કહ્યું માન, અને તું આ વિદર્ભ દેશને માર્ગે જા, કે સુખી થાઉ.

દમયંતી--આપ જે સંકટ સોસશો તેમાં ભાગ લેવાને હું તૈયાર રહેલી છું. આ જંગલના પ્રાણિઓ ગમે તો મને ફાડી તોડી ખાશે તેની હું દરકાર કરતી નથી. મારૂં જે થવાનું હશે તે થશે, પણ આપનાથી હું કદી જુદી પડનાર નથી. મારાથી આ જંગલનો ત્રાસ સહન થશે. પણ વિખુટાં પડવાનાં આપનાં વચન સહન થતા નથી. (વિલાપ કરેછે.)

નળ.--પ્રિયપ્રિયા, બને સાથે, જંગલના પશુનો અને દુ:ખનો ભોગ થાય તેના કરતાં, એમાંથી એક પણ બચે તો નિરપરાધી બાળકની સંભાળ લઈ શકે. પ્રિયા, તારા વિના એક ક્ષણ પણ ઇન્દ્રસેન રહી શકતો નહિ તેની શી વલે થશે? તેના ઉપર જરા તો દયા કર? પેલી ભલી અને નરમ સ્વભાવની ઇન્દ્રસેના તારા વિના ટળવળી નહિ મરે ? પ્રિયા મારૂં માન, અને તારા વાહાલાં બાળકનું ભલું થાય એવો કાંઈ પણ વિચાર કર.

દમયંતી-જો એમજ આપની ઇચ્છા હોય તો આપણે બંને ત્યાં જઈએ. મારા પિતા આપને અતિશય માન સાથે પુજ્ય તરીકે ગણશે, અને આપણે આપણાં બાળક ભેગાં સુખથી રહીશુ.

નળ-મારી આવી વિષમ સ્થિતિમાં મને ત્યાં જવાનુ મન કેમ થાય? તારો સ્વયંવર થતાં હું કેવા ઠાઠમાઠથી ત્યાં આવેલો ? મારી સમૃદ્ધિ કેવી, એ તને નથી સાંભરતું ?

દમયંતી-પ્રાણનાથ, પ્રથમ અતિશય આતુરતાથી આપે મને વાટ જોવરાવી, પણ પધાર્યા પછી તો હર્ષઘેલી બનાવી દીધી હતી.

નળ-ત્યારે પ્રિયા, તું એમ કેમ કહે છે? અતિ મોટી મૂર્ખાઈ કરીને રાજભ્રષ્ટ થએલો, માત્ર સર્વેના શોકમાં વધારો કરવાને હું શુ મોં લઈને આવું?

દમયંતી-આપનો જ્યારે એમજ નિશ્ચય છે ત્યારે મારો પણ નિશ્ચય એમજ છે કે, જે પતિનુ થવાનુ હોય તેજ પ્રિયાનુ થવું જોઇએ. મને મારા શરીરની, જીવની, કે કશાની દરકાર નથી. માત્ર આપ અને આપજ, જે મારા પ્રાણપતિ છો તેની દરકાર છે. આ જગતમાં સ્ત્રીને પોતાના ધણી કરતાં વિશેષ બીજું કશુ નથી, માટે મારા પ્રાણાધાર, મને તજવાનો આપ વિચાર મા કરો. (રડે છે.)

નળ-બનવાનુ જ્યમ હોય ત્યમ, મતિ સાધન સૌ થાય,

ભીરૂ, તું ડર માં, હું ભાગે આત્મા તજુ, પણ તને તજું નહિ, એ નિશ્ચય જાણ.

(નળદમયંતી નાટક.)

૧૬૭—પતિ પ્રત્યે પત્નીનું આશ્વાસન.

ભીખારીદાસ—(સ્વગત) અહો! ઈશ્વરની ગતિ કેવી ન્યારી! માથે દુ:ખનાં ઝાડ ઉગ્યાં. એકેય પ્રકારની હવે બાકી રહી નહિ. બાપે બધી પૂંજી ગુમાવી નાખી; તેમાં વળી કરજ કર્યું ના હોત તો આજે મારી આવી દશા હોત નહિ. લેણદારોને સતાપે, ઘરબાર વેચતાં પણ છુટકો થયો નહિ, ત્યારે વતન તજવું પડયું, અને અમદાવાદ આવીને વસ્યો "નસીબ બે ડગલાં આગળનું આગળ" એ કેહેવત હવે સાચી પડી. અહિં પણ માથાફોડ મેહેનત કરતાં છતાં બધાનું પૂરૂ થતું નથી. છોકરાં બિચારાં અર્ધાં ભૂખે મરેછે. અરે ભગવાન્! અમે ને એવડાં શાં પાપ કર્યાં હશે કે, આવી દશા-

એ પહોંચ્યા! મને આવી ઉદ્યોગી સ્ત્રી મળી ના હોત તો મારા ઘણાજ માઠા હાલ થાત. અરે! તે બિચારી કેટલી બધી મેહેનત કરેછે! રાત્રે જંપીને બે ઘડી પણ સૂતી નથી. ગજા ઉપરાંત લોકોનું દળી ખાંડીને એ બાપડીનું આખું શરીર તૂટી ગયું છે. ઓહો! તેને કેટલી ચિન્તા! બધુ ઘર એનાથીજ નિભ્યુ જાયછે. એની સમજણ કેવી સારી! મને રોજ રોજ કેવી હિંમત આપેછે! ખરે, એનામાં આવી ધીરજ હોત નહિ તો, આખુ ઘર ખેદાન મેદાન થઈ જાત અરે ભગવાન્! (નિશ્વાસ નાંખે છે.)

ગંગાબાઇ--(વેગળેથી જોઈને પ્રવેશ કરીને) મારા પ્રિય! તમે બહુ શોકથી ઘેરાઈ ગએલા જણાઓછો; મારા સમ, તમે નિસાસો કેમ નાંખ્યો? સાચું કહો.

ભીખારીદાસ -કંઈ નહિ.

ગંગાબાઈ-એમ કેમ? આટલું બધુ મોં ઉતરી ગયુછે, ને આંખો તો ઝળઝળિયાંથી ભરાઈ ગઈ છે. તમારા દુઃખમાં હું ભાગિયણ થાઉં નહિ ત્યારે બીજું કોણ થાય? તમારા મનની વાત મને કેહેવાને તમારે કચવાવું નહિ.

ભીખારીદાસ—ખરૂ કહેછે મારી વાહાલી! તારી સમજણથી તો આખું ઘર ચાલેછે; તુ સારી પેઠે જાણેછે કે, તારાથી કશી વાત કોઈ દિવસ હું છાની રાખતો નથી. ઇશ્વિરે મને દુઃખ દરિયામાં ફેંકી દીધો છે ખરો, પણ તુજ રૂપી વાહાણનુ સાધન આપ્યું છે, તેથી મને ઘણી ચિન્તા થતી નથી. તું એક રત્ન મારે હાથ ચડયું છે. અરે પ્રિયા! તારી અવસ્થા નીચી છે, પણ તારૂ મન ઉંચું છે. તારૂં શરીર મહા મેહેનત કરી તેં કશીને કઠિણ કરી નાખ્યુ છે, પણ તારૂં મન ઘણું કોમળ છે. કોઈ શંખણી કર્મે ચોંટી હોત તો અરે ભગવાન્! મારી કેવી વલે થાત! આ બધો પ્રતાપ ભણ્યાનો; તને ભણાવનારનું કલ્યાણ થજો.

ગંગાબાઈ—મારા વાહાલા! તમે ગુણગ્રાહક છો, તેથી આટલું બધું મને માન આપોછો. આપણા પાડોશીઓના ઘરમાં નિત્ય કંકાસ થાય છે,

તેનું કારણ ઘણી ધણિઆણીની મૂર્ખાઇ વિના બીજું કાંઈ નથી. તમે સુજ્ઞ છો તો નિભાવોછો, ચૂક કાહાડવા બેસો તો હજારો નીકળે. પણ કહોની, તમે કેમ ઉદાસ છો?

ભીખારીદાસ—મારી પ્રિયા, તને શોકાતુર કરવાને હું ઇચ્છતો નથી. આજે વિચાર કરતાં તારી અવસ્થા વિષે મારા મનમાં ઘણું લાગ્યું. સગાં વાહાલાને તજીને મારી પાસે આવી રહેવાની જ્યારથી તને જરૂર પડી છે ત્યારથી તું જંપીને બેઠી નથી. નાનપણથી સંસારના ખટરાગથી તું ઘેરાઈ ગઈછે. તારા સરખી યોગ્ય સ્ત્રી પ્રમાણે મારા ઘરમાં તને કશું સુખ મળી શકતું નથી; પણ ઊલટા દુઃખમાં ભાગ લેવો પડેછે. આજની સ્ત્રિયોને જોઉ છું, અને તેમની સાથે તને સરખાવુ છું, તો મને આભ ધરતીનો ફેર જણાયછે. તેં કાંઈ ઘણો વિદ્યાભ્યાસ કર્યો નથી, તોપણ તારામાં સ્વાભાવિક ગુણજ રહેલા તે કેવા ખીલી નીકળ્યા છે! જયકુમારીને થોડું થોડુ કરતાં પણ તે કેટલું બધુ શીખવ્યું! તે કેવી કડકડાટ વાંચેછે! અત્યારમાંથી એના વિચાર કેવા સારા છે! ઇશ્વર કરશે તો એ છોકરી સારી ઊઠશે. આ બધા તારો પ્રતાપ. મારી વાતથી તો તું સારીપેઠે જાણીતી છે. અરે! ચિન્તાથી મારૂં શરીર કેવું થઈ ગયુ! વળી બીજા આધિ વ્યાધિ તે તો જુદા.

ગંગાબાઈ તમે આટલો બધો બળાપો શું કરવાને કરોછો? ઈશ્વરે આપણને જેવી સ્થિતિમાં મૂક્યા તેમાં રહી સંતોષ માનવો. તમે મેહેનત કરવામાં બાકી રાખો નથી, તેમ છતાં જ્યારે આપણી માઠી અવસ્થા રહી ત્યારે શું કરીએ? તમારા બાપનો ધોકો તમને લાગ્યો, નહિકર આજે આપણે સારી સ્થિતિમાં હોત. તમારી મહા મેહેનતની કમાઈમાંથી બે પૈસા એકઠા કરી રાખેલા તે દેવામાં આપી દેવા પડયા. ઘરબાર પણ તેમાંજ ગયાં. જ્યારે તમારે મેહેનત કરવાની જરૂર નોહોતી ત્યારે શરીર પાંશરૂ હતું.

ભીખારી૦—અને હમણાં જ્યારે બે પૈસા સારૂ મેહેનત કરવાની જરૂર છે, ત્યારે મહા રોગે કરીને આખુ શરીર ઘેરાઈ ગયુ છે.

ગંગાબાઇ—વળી અધૂરામાં પૂરૂં, વાઇનો રોગ મહા ભૂંડો થઇ પડયો છે. તેથી એક ઘડી પણ બાહાર તમને ધીરાય નહિ. તમારાથી અણચાલે

મેહેનત થતી નથી, તેમાં તમે શું કરો ? તમે ઘણી ચિન્તા કરીને શરીર શું કરવાને ગાળી નાંખે છો. મને હવે સદ્યું પડયું છે તેથી કશું લાગતું નથી, માટે મારી કશી ચિન્તા તમારે કરવી નહિ. તમારે તો હવે ઘરમાં રહીને નાના છોકરાંને તેમના ગજા પ્રમાણે થોડું થોડું શીખવવા માંડવું. ઘરનું કામ હુ મારી મેળે કરીશ, તે વિષે તમારે જરા પણ મનમાં આણવું નહિ.

ભીખારી૦—તારે શું આખો જન્મારો વૈતરામાં કાહાડવો ?

ગંગા૦— આપણી સુખી અવસ્થા હતી ત્યારે મારે કંઈ કરવુ પડતું નહિ તેથી વાંચવામાં અને ગમતમાં મારો કાળ જતો. હમણાં જ્યારે અવસ્થા બદલાઈ ત્યારે તેને અનુસરીને મારે વર્ત્તવું જોઈએ. તમે વૃદ્ધચાણાખ્ય મને વાંચી સંભળાવતા હતા તેમાંથી જે શ્લોક અમજાતિને લાગુ પડતા હતા તે બધા મેં ગોખી રાખ્યા છે. તેમાંનો આ એક બરાબર લાગુ પડેછે.

जानीयात् प्रेषणे भृत्यान्, बांधवान् व्यसनागमे ।
मित्रंचापत्तिकालेषु, भार्या च विभवक्षये. ॥

આ શ્લોકના અર્થનો દુહો પણ મને સાંભરેછેઃ—

દુઃખ આપત્તી કાળમાં બાંધવ, મિત્ર જણાય;
વૈભવનાશ થયે ત્રિયા, ચાકર જો પ્રેરાય.

વળી એવાજ અર્થનો બીજો શ્લોક મારા સાંભળવામાં આવ્યો છેઃ—

जानीयात् संगरे भृत्यं, बांधवान् व्यसनागमे ।
भार्यां क्षीणेषु वित्तेषु युद्धे शूरं धने शुचिम् ॥

ભાવાર્થ— સંકટમાં ચાકરનું ચાકરપણું જણાયછે; દુઃખ આવે ત્યારે ભાઈઓનું ભાઈપણું જણાયછે, પૈસો ઘટી પડયે સ્ત્રીની પરીક્ષા થાય છે; યુદ્ધમા શૂરનું શૂરાપણું જણાયછે, અને ધનના વ્યવહારમાં માણસની ચોકખાઇ જણાયછે. સુખમા તો અમે અમારી ગરજને લીધે તમારૂં મન સાચવીને

ચાલીએ, પણ કઠિણવેળામાં નિભાવ થાય એમ, સ્થિતિ પ્રમાણે વર્તિયે ત્યારે ખરો ધર્મ પાળ્યો કહેવાય.

ભીખારીદાસ—ધન્ય છે મારી પ્રિયા, તને ધન્ય છે. જો કે હું દુઃખદ અવસ્થામાં આવી પડયો છું, તોપણ તારે લીધે હું પોતાને સુખી સમજુંછુ કેમકે, કહ્યું છે કેઃ—

यस्य पुत्रो वशी भूतो, भार्या छंदानुगामिनी ।
विभवे यश्च संतुष्टस्तस्य स्वर्गमिहैव हि. ॥

સમજી? એમાં કહેછે કે, પુત્ર હોય તે વશમાં રહે, અને સ્ત્રી ધણીની મરજી પ્રમાણે વર્ત્તે, અને જેટલો વૈભવ મળ્યો હોય તેટલામાં સંતોષ પામે એવા મનુષ્યને અહિંઆજ સ્વર્ગ છે.

ગંગા૦—જેમ તમે સંતોષ માનો છો તેમ હું નિત્યસંતોષી રહુંછું, માટે મારી ચિન્તા કરવી નહિ.

ભીખારીદાસ—વારૂ ત્યારે. પણ આપણી જયકુમારી ઝબારને ત્યા છાપેલા કાગળ વાળવા જાય છે. તે અહિં લઈ આવીને વાળતી હોય તો હું પણ એને વાળવા લાગું, અને એના બે ભાઈ પણ જોવાથી શીખે, તેથી ઉપજમાં કાંઈ પણ વધારો થાય; વળી એ છે તો ડાહી, પણ એની ઉમર થવા આવી તેથી ઘરમાં રહેતો સારૂં.

ગંગાબાઇ—ખરી વાત છે, પણ મારે ઝબારને ત્યાં જઈને કહેવુ પડશે ત્યારે એ વાળવા આપશે.

ભીખારીદાસ—બહુ સારૂ; જયકુમારી પરવારી હોય તો લઈને જા

(ગંગાબાઇ જયકુમારીને તેડીને જાય છે.)

જયકુમારીવિજયનાટક.

દોલતરામ કૃપારામ.

૧૬૮—દંપતી પ્રેમની પ્રભુતા.

સુભદ્રા—અહો! વસંત વિકાસ પામવા લાગ્યો!

(શાર્દૂલવિક્રીડિત વૃત્ત.)

આમ્રશ્રેણિ સુવાસવાસિત ધરે પુત્રીસમી મંજરી,
શોભા શ્યામ અશોકમાલ ધરતી જાણે સગર્ભા પરી,
ગાએ છે ગરબે મણી-ફલકમાં આ પદ્મિણી પદ્મિણી,
ચાલે ભૃંગ કુરંગ ખંજન યથા પીધી ઘણી વારૂણી.

(દીર્ઘિકામાં જળકુંડાળાં જોઈને) અરે, આ સમયે આ કુમારી દીર્ઘિકાને પણ વર માટે વલખાં!

(વસંતતિલકા વૃત્ત.)

ઔપદ્ધિનાયક સુધારક હાથ માગે,
અંભોજ-નાયક દિવાકર પાય લાગે.
આ દીર્ઘિકા વદન જોઈ સુરૂપવાળા,
વાળે વિમૂઢ થઈ અંતરમાં કુંડાળાં.

મારાએ હૃદયમાં કુંડાળાં ને ઉંડાળાં વળેછે, પણ કારણ બીજું, અરેરે, પ્રાણજીવન ક્યારે આવશે? તે અત્યારે ક્યા હશે? સુખી હશે કે દુઃખી? તેમની સેવા કોણ કરતું હશે? તેમને પ્રસન્ન કોણ રાખતું હશે? પુછું પણ કોને? અરેરે, આ દુઃખ વેઠયુ કેમ જશે? વસંતનો યોગ અને પતિનો વિયોગ! હવે શું કરૂં?

લાવ ત્યારે આ શીતળ જળમાં સ્નાન કરી જરા ટાંડી પડું. અથવા તેથીએ ક્યાં ટાંડાં પડાવાનુ છે? અરે મૂઢ વિધાતા, મારે તે એવો ધર્મપરાયણ પતિ ઘટે?

(મનહર છંદ.)

જગપ્રતિપાલ વિષ્ણુતણી રાણી થવા લક્ષ્મી,
અમલ જલતણા કમળમાં મલપતી;
લયશાલિ રૂદ્રની પ્રિયા થવાને પારવતી,
ભૂત પ્રેત ભૈરવને ઘરમાં સંઘરતી;
રત્નાકરતણી વધૂ થવાને અલકનંદા,
શતમુખથી પુનિત પ્રેમ વરસાવતી;
ધર્મધુરંધર એક ધર્મપાળ–નારી થવા,
હું અભાગિણી સુગુણુ એક ન વસાવતી.

અરે, આ સકલગુણના ભંડાર, સકલ સ્નેહના આગાર, મારા પ્રાણ-નાથને મારે માટેજ કષ્ટ! અથવા મારે લીધેજ આ રાજ્યમાં કલહ અને મહાન્ યુદ્ધ! આ ક્લેશમાં કેટલા ખપી જશે? કેટલા ઘર ભાગશે? અરેરે,

(સોરઠો.)

કુલનો કરવા નાશ, સકલ સદનને ફેડીને,
કરવા ધર્મ હતાશ, ઉપની પાંચાળી નરી.
(નેપથ્યમા) કુડનો કરવા નાશ, વિકલ મદનને ફેડીને,
કરવા ધર્મપ્રકાશ, ઉપની પ્રેમાળી નરી.

સુભદ્રા—અરે, કોણ આ મારી સ્તુતિ કરે છે? (આમ તેમ જોઇને) કંઈ દેખાતું તો નથી. ત્યારે પડઘા તો નથી? એમજ, અહીં ને બીજુ કોણ આવે? હવે હું શું કરૂં?

(વસંતતિલકા વૃત્ત.)

શું અસ્ત્ર લેઈ હૃદયે પ્રણયે વિદારૂં,
કે શત્રુના રૂધિરથી કરૂં શસ્ત્ર કાળું;
કે યોગિની થઈ સદૈવ મહેશ રાધું,
કે ક્ષુદ્ર ભોજ્ય દઈ ભૈરવ ભૂત સાધું?

ખરે, રમણ આમ ભ્રમણ કરે અને હુ સાથે પણ ન હોઉં એ અનાર્યતાજ તો. સતીતો,

(વસંતતિલકા વૃત્ત.)

છાયા સમાન પતિને પડખે રહે છે,
કાયા સમાન પતિને બહુ સાચવે છે.
માયા સમાન પતિ પૂરૂષમાં રમે છે,
જાયા સતી પતિતણી રતિમાં રમે છે.
વળી, વામા કરે જપ અને તપ નાથ માટે,
દોડે ધરી અધર અંબર ઘોર વાટે.
યુદ્ધે ચડે પતિતણા શબકાજ નારી,
તે વર્ગમાં ગણતરી નહિ, હાય, મારી.

ત્યારે જન્મ ધરી મેં શુ કર્યુ? કંઇ નહિ.

(દ્રુતવિલંબિત વૃત્ત.)

રમણસાથ રમી સુખ ના લહ્યુ,
સ્તવન ઇશ્વરનુ પણ ના કર્યુ,
નિયમ દાનથકી મન ના ઠર્યું,
અરર, જીવિત વંધ્ય બન્યું નયુ.

(અકળાઈને આવેશમાં) ત્યારે શો ખપ આ દેહરૂપી ઉપાધિનો જેણે કંઈ સાર્થક તો નજ કર્યું પણ અનર્થ કર્યો? માટે બહેન દીર્ધિકા,

ગીતિ.

પતિના સ્નેહે બળતી, પતિ સ્નેહાર્ણવ સમી તુજ મહત્તા,
તેમાં વપુને અરપું,
(એટલુ બોલી જળમાં ભુસ્કો મારવાનુ કરે છે કે નેપથ્યમાં)
"જો હત સ્ત્રીની શરીરપર સત્તા."

સુભદ્રા—(ચોકીને) અરે, આ પાછું કોણ બોલે છે? મ્હારા શરીર પર મ્હારી સત્તા નહિ એવું કોણ કહે છે? કેમ નહિ વારૂ?

(ફરીને નેપથ્યમાં)—

ગીતિ.

"પતિને અર્પણ કીધું, તેપર સત્તા ધરે ન કુલનારી,
ત્રિવિધ તાપમા બળતા, સતી, છતા પતિ, ન જાય ક્ષણ હારી.

સુભદ્રા—અહો, આતો મનેજ સંબોધે છે. મ્હારી દુષ્કૃતિનેજ અટકાવે છે, ત્યારે શું સ્ત્રી સર્વદા પરાધીન? એમજ તો.

શાર્દૂલવિક્રીડિત વૃત્ત.

રામાએ નિજબાલ્યમા જનકની આજ્ઞા સદા માનવી,
પ્રૌઢત્વે વરનીજ "હા ઉપર હા" આંખો મિંચી પાડવી.
વૃદ્ધામા નિજપુત્રની પણ જરી ના આયના લોપવી,
આ શા શાસ્ત્ર કરી, કરી પશુસમી, અર્ધાંગના, માનવી!

અરરે, સ્ત્રીનુ કશુંએ નહિ? કોઈએ નહિ?

(ઇંદ્ર વિજય છંદ.)

જે ધન પ્રાપ્ત થતું નિજ ભાગ્યતણા ઉદયે નહિ તે ધન તેનુ,
જે સુત જન્મ ધરે નિજપેટ કહ્યું ન કરે ક્ષણ તે સુત તેનુ,
જે વરના ઘરમા નિજ ગર જરૂર ભૂલે વર તે સુખ તેનુ,
નિશ્ચય નાર ગુલામસમી—
(નેપથ્યમાં)— "નહિ જો હત પ્રેમનુ બંધન તેનુ"

સુભદ્રા—અરે, કોણ મ્હારા બોલમા પુનઃ પુનઃ વાંધા નાંખે છે? શબ્દ તો પરિચિત જણાય છે, પણ ઓળખ પડતી નથી, લાવ જોઉ. (ચારે પાસ પરિક્રમણ કરતી જુવે છે.) અરે, આતો કોઇ જણાતુ નથી. ત્યારે શું આ મ્હારી ભ્રમણા હશે? આવેશમાં બોલાતા શબ્દને કે કરાતા

કૃત્યને અટકાવવા અંતઃકરણ બહુવાર અંતઃશબ્દ કહાડે છે, તેમ તો નહિ હોય ? એમ પણ હોય, લાવની ત્યારે, ભગવાન્ સૂર્યનારાયણનુ સ્તવન કરી દેહશુદ્ધિથી ચિત્તશુદ્ધિ કરી લેઉં. (સૂર્ય સામી પ્રણામાંજલી કરી) ભગવાન્ સૂર્ય,

(શિખરિણી વૃત્ત.)

સ્નાદેનુ જાણો નિજ વિરહથી દુઃખ સબળુ,
વિચારો બાળાનુ તન મન સદા હોય નબળુ,
મહા ધારો શક્તિ સકલ જન કલ્યાણ કરવા,
ધરે છે શુ દેવી પતિવિરહિના નાર મરવા.

માટે હે જગતપિતા મારીચ,

(વસંતતિલકા વૃત્ત.)

દ્યો બાળ કાળકૃતિ આપ અથેતિ જાણો,
ભદ્રા–નદી નિકટ ધર્મ–સમુદ્ર આણો.
કિંવા, અસ્રપતિ, અસૂ હરજો કરારે,
રહેવું નથી પુનિત ધર્મવિના લગારે.

(એટલામાં સોળ શૃંગાર સજી દાસી પ્રવેશ કરે છે.)

દાસી–(વારણાં લેઈને) બાઈ સાહેબ, બારણે કોઈ વિદ્વાન ભટજી આવ્યા છે અને આપને મળવાનો આગ્રહ કરે છે.

સુભદ્રા–દાસી, મારે ભટજીનુ શું કામ છે ? ભોજન આપી દક્ષિણા આપી વિદાય કર.

દાસી–ભોજન તો ક્યારનુ એ આપ્યું. દક્ષિણા મારે હાથે લેતા નથી, અને તમનેજ મળવાનુ કહે છે.

સુભદ્રા–સખિ, નથી જાણતી કે,

(ગીતિ.)

વિરહે વિહ્વલ સ્રીએ, વહાલી કરવી ઘટે વિજનતાને,
રામવિરહમાં સીતા, ગણતી દશમુખ તથાપિ તૃણમાને.

દાસી–એ તો ખરૂ, પણ ત્યારે તેજ સીતા હનુમાન સાથે કેમ બોલી? કાળા મોંના મર્કટ કરતાં દશ મોંના રાજા ખોટા?

સુભદ્રા–દાસી હજી તું સમજી નહિ. હનુમાન તો રામચંદ્રજીનો દૂત હતો. પતિનો સંદેશો લાવનારને કોણ ન મળે?

દાસી–પરપુરૂષ તો ખરોજ કે નહિ?

સુભદ્રા–ઘેલી, પણ તે તો ધર્મના સંગી હતો. રાવણ તો અધર્મી હતો.

દાસી–ત્યારે આ ભટજી ધર્મના સંગી નથી એમ કોણે કહ્યું? મિથ્યાપવાદ મુકવામાં દોષ છે.

સુભદ્રા–(સહજ અકળાઈને) કોણ મિથ્યાપવાદ મુકે છે?

દાસી-કોણ તે મારા બાઈસાહેબ. કોણ કેહે છે કે એ ભટજી ધર્મ સંગી નથી?

સુભદ્રા-ભલે તે ધર્મસંગી હોય, આપણે શું કામ છે? ઓછોજ હનુમાનની પેઠે સંદેશો લાવ્યો છે.

દાસી—અહો, તમારે તો ધર્મના સંગીનુએ કામ નથી કે? પણ શાથી જાણ્યું કે એ ધર્મના સંગી મહારાજ ધર્મપાળનો સંદેશો નહિ લાવ્યો હોય?

સુભદ્રા—(વ્હીડાઈને) ત્યારે કેહેતી કેમ નથી! જાણતી નથી કે આ અર્ધાંગણી કેવળ પરાધીના છે? બોલાવ, સત્વર. જોજે, સન્માન સાથે લાવજે, હું આ આસન ઉપર બેસુ છું. જા, વ્હેલી બોલાવી લાવ. (આસન ઉપર બેસે છે.)

દાસી—જેમ આજ્ઞા. (જતાં જતાં) હું કેહેતી નથી કે આર્ય ધર્મપાળનો સંદેશો લાવ્યો છે.

સુભદ્રા–પાછી આવ, પાછી આવ, તું શું કહેતી હતી? (દાસી ચાલી જાય છે.) અરે, આતો ચાલી ગઈ. પણ એ બીચારી પતિવ્રતા છે, એનેય પતિનો વિયોગ છે. એ વિરહિણીના ધર્મ જાણે છે. માટે એ ખોટું નહિજ કરે. અરે, આ ડાબુ અંગ કેમ ફરકે છે? ખરે, વધામણીતો સારી

હશે. ત્યારે આ છાતી ફાટી જતી હોય એમ કેમ ધબક ધબક થાય છે? અને પણ આ દેહનો ત્યાગ કરી ધર્મપાળ જેવા પતિને મળવાનું મન થતું હશે. સર્વથા,

(ગીતિ.)

હૃદય નાથને મળવા ઇછળે ક્ષણ ક્ષણ અધીર હૃદયથી,
બુદ્ધિ, ટેક, ભય, લજ્જા પુનિત પ્રીતિને નથીજ પરિપંથી.

(વિદ્યાધરને લેઈ દાસી આવે છે, તેના હાથમાં લાકડી છે, પાઘડીપર પોતીયુ બાધ્યુ છે, એક ધોતીયાથી કેડ બાધી છે, ખભે દોરીલોટો છે.)

વિદ્યાધર—બાઈ, તમારો જયજયકાર થાઓ. ધનપાળ શેઠનાં કુળવધૂ તમેજ કે?

સુભદ્રા—મહારાજ, પધારો. આ આસન ઉપર વિરાજો. (શ્વાસ મુકતો લાકડીની સહાયથી બેસે છે.) વેદમૂર્તિ, પિતાજી ધનપાળના કુલદીપક સજ્જ અને સ્વસ્થ છે?

વિદ્યાધર—બાઈસાહેબ, હુંતો પરદેશથી આવ્યો છું, તે બીજુ તો નથી જાણતો પણ વાટમાં એટલુ સાંભળ્યુ કે ધનપાળ શેઠનુ ધન જેવું આવ્યુ હતું તેવુ "બારૈયાનુ બારે વાટે" ગયું. લેવામાં તેમના ગોઠિયા, હવે તો તેમના દીપક સજ્જે નથી ને સ્વસ્થે નથી.

સુભદ્રા—(કંઈ લજ્જાથી) મહારાજ, હું તો એમના કુંવરની ખબર પુછુછું. ધનની મારે શી સ્પૃહા છે?

વિદ્યાધર—પહેલી મારી ખબર તો પુછો, અભ્યાગતની સેવા એ કુલવતીનો પરમધર્મ છે.

સુભદ્રા—અરે, ભૂદેવ મારો દોષ છે તે ક્ષમા કરો, કહો, શરીરે માજા છો?

વિદ્યાધર—સાજા ન હોઈએ તો આવીએ શું કરવા?

સુભદ્રા—વારૂ વિદ્યાપતિ, આપનુ કંઈ ઈચ્છિત હોય તે કહો, અને પછી મારા પ્રાણેશ્વર કુલચંદ્રના વૃત્તાંત કહો.

વિદ્યાધર—બાઈ, વિદ્યાને ઇચ્છિત લક્ષ્મી, અને લક્ષ્મીને તો દીકરી ગણી શેઠે દીધી શઠને. પ્રાણેશ્વર તો પવન-તેતો અત્ર ત્રિવિધિ વાય છે, અને હું ચંદ્રલોકમાંથી આવ્યો નથી.

દાસી—(જરા ચ્હીડાઇને) કેહેતા હો તો કહી ઘોને, શું કરવા આમ પપળાવો છો ? નથી જોતા કે બાઇસાહેબના જીવનનો આધાર તમારા સંદેશા ઉપર રહ્યો છે ? ઢીખળ તે કેટલુ ?

વિદ્યાધર—તું મને કોણ હુકમ કરનારી ? જા નથી કેહેતા. (ઉઠવાનુ કરે છે.)

સુભદ્રા—મહાજન, આપ એના બોલ ઉપર રીસાશો નહિ, માટે બેસો જરા, શ્રમ ઉતારો, અને આ વિરહિત અબળાની અવસ્થા જુવો, કેવી થઇ ગઇ છે ? (આંખમાં આંસુ લાવીને) ત્યારે કૃપા કરી પ્રાણનાથના સમાચાર કહો.

વિદ્યાધર—(મનમા) હજી નામ દેતી નથી. (તાણીને) પણ કયા પ્રાણનાથ?

સુભદ્રા—(નીચું વદન કરી) સુભદ્રાને ધર્મપાળ વિના બીજો કોઇ પ્રાણનાથ હોય ?

વિદ્યાધર—(મનમાં) હવે જરા વાત કરૂં. (તાણીને) ભગિની, આર્ય ધર્મપાળ કુશળ વર્તે છે.

સુભદ્રા—(મનનો ખેદ કહાડતી હોય એમ શ્વાસ મુકી) તથાસ્તુ, પ્રભુ તમારૂં ભલું કરો. (દીન વદન કરી) પણ મહારાજ, તે હાલ ક્યાં છે તે કેહેશો ?

વિદ્યાધર—હા, સાંભળો.

(**ઇંદ્રવિજય છંદ**)

કેસર ચંદન કંજ ગુલાબની ધાતુથી પંજર દિવ્ય મઢેલુ,
સત્ત્વ મયંકનુ અસ્તર છે મકરધ્વજ ને રતિથીજ ઘડેલું,
તત્ર સુધામય કોમલ ફુલ્લ મૃણાલવિશે, અલિ, ધર્મ વિરાજે,
નાથ પુરી નિજ અંતરમાં, મુજને પુછતાં લલના કયમ આજે !

અહો શું સ્ત્રીઓનાં ચરિત્ર !

સુભદ્રા—(સલજ્જ) મહારાજ, મારા હૃદયમાં તો પ્રાણેશ્વર સદૈવ વિરાજે છે. તેમ ન હોય તો અત્યાર પહેલાં સુભદ્રા ક્યારનીએ હતી નહતી થઇ હોત; પણ દૃષ્ટિગોચર કરવા ઉત્કંઠિત છું.

વિદ્યાધર—હૃદયમાંથી કહાડો બારણે, એટલે આંખ આગળ આવશે.

સુભદ્રા-(દીનવદન કરી) સખિ, મારીવતી આ મહાજનને તું વિનવ કે પ્રાણપતિના સર્વ વૃત્તાંત નિવેદન કરે.

દાસી-મહારાજ, આ અમારા સુભદ્રાબાને મહારાજા ધર્મપાળ વિના જરાએ ગમતું નથી. નથી ખાતાં, નથી પીતાં, નથી ઉંઘતાં, નથી સુતાં, નથી બેસતાં, નથી ફરતાં; શ્વાસોચ્છ્વાસ આર્ય ધર્મપાળની માળા. શુ કેહેવરાવો છો? એ તો પતિવિના જરાએ રહી શકતાં નથી.

વિદ્યાધર—(મનમાં) થાય છે, શો રઘવાટ છે? ધર્મપાળ ખુશી છે તે તો એ જાણે છે, તો એ ઘડી ટીખળમાં "વાતમાં વર્ણુપ." (તાણીને) સાંભળો ત્યારે.

(ઇંદ્રવિજય છંદ)

અંગ-તુરંગ વિશે ઘટ નાજુક વજ્રકપાટથી બદ્ધ કર્યો છે,
કોમળ કરૂણ તંતુની સાંકળથી કરપાદ વિશે પકડયો છે.
વીર સુધીર અધીર બન્યો બલવાન છતાં બલ વિવ્હલ જેનું,
નાચત ખેલત મહાલત એ, 'નહિ જો હત પ્રેમનું બંધન તેનું."

સુભદ્રા-(આશ્ચર્ય પામીને મનમાં) અરે, મને આત્મહત્યાના દોષમાંથી બચાવી લેનાર શું આજ કોઇ દયાળુ મહાત્મા હશે? પદ તો એજ આવ્યું. લવ, ત્યારે ખાત્રી કર, (તાણીને) આપ કોણ છો અને ક્યાંથી આવ્યા છો?

વિદ્યાધર-હું કોણ છું તે હજી હું યથાર્થ જાણતો નથી, પણ આદિમાંથી આવ્યો ને અનાદિમાં જાઉંછું.

સુભદ્રા-મહાજન, એ વેદાંત તો અમારે શા કામનું? અમે તો આ સંસારનાં સત્ત્વ, હજી તો લ્હાવ બહુ લેવાના છે.

વિદ્યાધર-ખરૂંજ તો.

સુભદ્રા-ત્યારે યથાર્થ કહો કે આપ કોણ છો ?

દાસી-વિદ્યાધર. (સુભદ્રા આશ્ચર્યથી જોઇ રહેછે.)

વિદ્યાધર—"વિદ્યાધર," "વિદ્યાધર" કો'ને કહે છે ? **ચાલ ઉતાર શૃંગાર, નહિ તો બતાવ તારો પતિ.**

દાસી-(ખૂબ ચીડાઇને) મારા પતિ તે તમે, વિદ્યાધર તે તમે, હવે કંઇ કહેવું છે ? (સુભદ્રા ચકિત થઇ એક બીજા સામે જુવે છે.)

વિદ્યાધર—(ખડખડ હસીને) સ્ત્રીના પેટમાં વાત રેહે ? તેમનાથી તો—

(ગીતિ.)

ષોડષ શૃંગારતણા શીક્કા ને શૃંખલા ધરો તનમાં,
શિરસાટે કહેવાની વાતો તે પણ રખાય નહિ મનમાં.

સુભદ્રા—(દીન વદનથી) બહેન, આ વાત તેં કેમ છાની રાખી ? દાસી જાણી મેં કેટલીકવાર તને તરછોડા કર્યા હશે ? તારી પાસે કેટલાં હલકાં કામ કરાવ્યા હશે ? અને તેં કંઇ ઇસારો પણ ન કર્યો ?

દાસી—બાઇસાહેબ, આપ ઉદાર છો, મને ઓળખશો તો સેવા કરવા નહિ દ્યો, અને આ પ્રસંગે બીજી દાસીનો વિશ્વાસ નહિ, તેથી વાત છાની રાખવી પડી.

સુભદ્રા—આર્ય વિદ્યાધર ત્યારે આપ અત્યારસુધી પ્રચ્છન્ન કેમ રહ્યા ? મારા પ્રાણેશ્વરના સહચારી અને મહાત્મા અમરસત્રના પરમ મિત્ર તે આપજી જેણે—

(શિખરિણી વૃત્ત.)

સુભદ્રાનું હેતે ઘન તિમિરમાં રક્ષણ કર્યું,
નિરાશાથી સૂતા હત હૃદયમાં જીવન ભર્યું,
પ્રિયાને પ્રેરીને વિરહસમયે પાલન કીધું,
નિવારી હત્યાથી મધુર વચને શિક્ષણ દીધું.

બન્ને સાથે—બાઇસાહેબ, સાથે લાગાં,

(રોળા વૃત્ત)

માયાવર્તીનો અમલ દશા અબળાની રા'ની,
સેનાપતિનો નાદ દુષ્ટ મંડળનું પાણી,
ધર્મપાળનુ કલંક ભાર પૃથ્વીનો ભારે,
ઉતર્યાં છે આ કાળ અમર ચડતાં અધિકારે.

સુભદ્રા—(ભાર કહાડતી હોય તેમ શ્વાસ મુકીને.) હા–શ, અંતે ધર્મનો જય થયો. પણ હવે પ્રાણનાથ ક્યારે આવશે ? વિદ્યાધર, મારે શાં વધામણાં દેવાં તમને ?

વિદ્યાધર—આ ફૂટેલ સ્ત્રીએ મારૂ વધામણું ઝુંટાવી લીધુ, પણ હવે ધર્મપાળને પ્રત્યક્ષ લાવી વધામણું લેઇશ, ત્યારે એ શું કરશે ?

દાસી—તમે બાઇસાહેબ પાસે વધામણી લેશો ત્યારે હું ભાઇસાહેબ પાસેથી લેઇશ.

વિદ્યાધર—આવજે લેવા પણ હૃં જાઉં, મહારાજ ધર્મપાળ આવતા હોય તો વેહેલા વેહેલા લેઇ આવું. (જાય છે અને જતાં જતાં) અહો, શો સ્ત્રીઓને પતિપ્રતિ મોહ ! પુનિત દાંપત્યને અવર અવલંબનની અપેક્ષા નથી. જુવોને,

(માલિની વૃત્ત.)

અમર–વિજયકેરા ગુચ્છની કીર્તિ–વાસે,
સકલ જગત મધ્યે પૂર્ણ અહ્લાદ ભાસે,
પણુ રમણ–રતા આ નિસ્પૃહા કંથ ઝંખે,
પતિ વિરહ સતીને નિત્ય ને નિત્ય ડંખે.

મને તો એમજ જણાય છે કે પુનિત અને નિઃસ્વાર્થ પ્રેમ પ્રેમદાઓનોજ છે. કાંકે—

(વસંતતિલકા વૃત્ત)

સેવે સદા જનકને દુહિતા સુભાવે,
ષટ્દોષ યુક્ત પતિને દયિતા નભાવે,
ઇચ્છેરતી શિશુજનો જનિતા સ્વભાવે,
ના સ્વાર્થ સૌખ્યનોં તમા પ્રમદા ધરાવે.

(જાયછે.)

સુભદ્રા—સખિ, હવે પ્રાણનાથ વેહેલા આવે તો બહુ સારૂ. આજ સુધી તો જેમ તેમ કરી ધૈર્ય રાખી રહીછું, પણ હવે નથી રહેવાતું. અને જ્યારથી આ તારા પતિએ પ્રાણનાથ આવવાની વાત કરી છે, ત્યારથી તો જીવ તલપાપડ થઇ રહ્યો છે.

દાસી—બાઇસાહેબ, આર્ય ધર્મપાળ ક્ષણે ક્ષણે આપની પાસે આવતા જાય છે; એમને પણ આપને મળવાની ઉત્કંઠા ઓછી નથી. મારા ઘરવાળા તો કહેતા હતા કે રણસંગ્રામમાં પણ તમને એક ક્ષણ વિસાર્યા નથી, તો હવે એ થોડીવારમાંજ આવશે.

સુભદ્રા—ત્યારે તો પ્રાણનાથને વધાવી લેવાની તૈયારી કરવા, ચાલો, આપણે ઘરમાં જઇએ.

દાસી—(મનમાં) ધર્મપાળ આને આ વેશમાંજ જુવે એજ ઠીક. (તાણીને) બાઇસાહેબ, મહારાજા ધર્મપાળને તો જ્યાં આપ ત્યાં ઘર , અને આપનો આનંદ એજ વધાવો.

સુભદ્રા—(આંખમાં અશ્રુ લાવી) બહેન, તું ખરૂ કહે છે. મારાં તે એવાં શા ભાગ્ય કે મને આ ભર્ત્તાર મળ્યા ?

દાસી—બાઇસાહેબ, હીરો કુંદનમાં જડાયો છે. ધર્મપાળને સુભદ્રા અને સુભદ્રાને ધર્મપાળજ ઘટે છે.

સુભદ્રા—પણ બહેન, મારામાં તે એવા શા ગુણ છે ? મારો તો સ્વભાવ કે એમને સુખ આપવું ને એમને પ્રસન્ન કરવા, એમાં શું વધારે ?

દાસી—ને એમનો સ્વભાવ કે તમારૂ લાલન પોષણ કરવું.

સુભદ્રા—સખિ, તું મારો પક્ષ કરે છે, જેને, એ કુલદીપક દુષ્ટનો પરાજય કરે છે, સાધુનું પોષણ કરે છે, અને જે એમનો સંગ કરે તેને સુખી કરે છે, હું શું કરૂં છું ?

દાસી—એવા પ્રતાપીને સહાય, અને તેમનું તથા તેમના સંગીનું ભદ્ર.

સુભદ્રા—સ્ત્રી સ્ત્રીનું ઉપરાણું લે એ સ્વાભાવિક.

દાસી—અને સતી પતિનુ ઉપરાણું લે એ પણ સ્વાભાવિક.

સુભદ્રા—પણ બ્હેન, આપણે કંઇએ તૈયારી ના કરીએ, ત્યારે પ્રાણનાથ અવિવેકી ધારશે-હોં.

દાસી—વહાલમાં વિવેક હોય નહિ, છતાં પણ તૈયારીમાં આપનું મન કઠણ કરો.

સુભદ્રા—સખિ, ખરે, એ સૂર્ય જેવા પ્રતાપી અને વિજયના પ્રભાવે સવિશેષ તેજોમય પ્રાણનાથ સામે મારાથી કેમ જોઈ શકાશે ? મને તો હર્ષ, શોક ને દૈન્યથી કાંઈ સૂઝ નથી પડવાની. માટે સખિ, મારી પાસે ને પાસે—(એટલામાં જય જય શબ્દ થાય છે.)

સુભદ્રા—અરે પ્રાણનાથ આવ્યા; સખિ, ચાલો સામાં. (ઉઠતે અને ચાલતે ચાલતે) અરે, મારા પગ કંપે છે, મારી છાતી ભરાઈ આવે છે, આ આંખે તો તિમિર આવ્યાં; બ્હેન, મસ્તિષ્ક પણ ભમે છે. હવે હું શું કરૂં ? (દાસીને ખભે ટેકો દેઈ ઉભી રહેછે.)

દાસી—બાઈસાહેબ, આર્યધર્મપાળના આટલા ભગીરથ શ્રમનું ફળ આપ પોતેજ છો. હવે આપની સમીપ રહેવા આવનાર આગળ આમ હૈયા સૂનાં થવાય કે ? જુઓ એ તો આ આવે. (ધર્મપાળ પ્રવેશ કરે છે.)

ધર્મપાળ—(દૂરથી સુભદ્રાને જોઈને).

ગીતિ

ગ્રીષ્મ કાળને અંતે, શુષ્ક બનેલી ધરાસમી પ્યારી,
વિરહ-વ્યાઘ્રથી ત્રસ્તા, મૃગી, નયનમાં રહી જીવ ધારી.

માટે હવે હું સત્વર જઈ એને મળું. (આગળ જાય છે.)

સુભદ્રા—સખિ, આ તે શાણું કે સાચું ? પણ તું મારાથી જરા વેગળી ખસીશ નહિ, મને આશ્રય તો માત્ર—

દાસી—(ધર્મપાળને છેક પાસે જોઈ) ધર્મનોજ છે. (ધર્મપાળ પાસે આવે છે એટલે દાસી જરા દૂર જાય છે, એટલે બન્ને જણુ વળગી પડે છે. થોડી વાર એમ રહ્યા પછી હુસકાં ભરતી સુભદ્રા પતિને ખભે અને માથે હાથ નાખે છે. અને એક ટશે ને ટશે જોઈ રેહે છે.)

સુભદ્રા—પ્રા–ણુ–ના–થ-આપ ખુશી છો ?

ધર્મપાળ—(સુભદ્રાની ચીબુક ઝાલી તેના સામે જોઈ) પ્રિયે,

(દ્રુતવિલંબિત વૃત્ત.)

ગહન રાન જતાં સરિતા મળી,
અહિસટે હૃદયે કુસુમાવલી,
અમૃત જીવન જીવનુ અંગમાં,
ક્યમ ન હોઉં અલેતિ ઉમંગમાં.

(અમરસત્ર નાટક.)

જ. ઉ. યાજ્ઞિક.

૧૬૯—કન્યા વિદાય.

(શાર્દૂલવિક્રીડિત વૃત્ત.)

કાશ્યપ—જાશે આજ શકુંતલા ઘરથકી એવા વિચારે કરી,
ચિંતામાં મુજ કાળજું વિરહથી કોરાઈ જાયે ફરી;
બેઠો છે મુજ કંઠ ગદ્દગદિત થૈ અશ્રુપ્રવાહે કરી,
ચિંતાથી નબળી પડી નયન આ દેખે ન શોકે જરી.

એવો શોક અરણ્યવાસી અમને થાયે ખરા સ્નેહથી,
તો શી વાત કરૂં ગૃહસ્થ જનની સંસારકેરી જુદી;
માયા ને મમતા થકી હૃદયમાં કન્યા જતે સાસરે,
પીડાયે અતિમાત્ર એ નવિન આ પુત્રિવિયોગે ખરે.

બન્ને સખિઓ–અલી શકુંતલા, શણગાર તો તારો પૂરો થયો. હવે આ વસ્ત્ર પહેર.

(શકુંતલા ઉઠીને પેહેરેછે)

ગૌતમી–બેટા, આ તારા પિતા તારી કને ઉભા છે. એઓની આંખો આનંદના આંસુથી ભરાઈ આવી છે. એઓ તને ભેટવા ઇચ્છતા હોય એમ જણાય છે.

શકુંતલા–(લજવાઇને) પિતાજી પગે પડુંછું.

કાશ્યપ–બેટા,

(શ્લોક અથવા અનુષ્ટુપ વૃત્ત.

શર્મિષ્ટા છે યયાતિને ધણિને તેવી તું પ્રિયા,
થા અને પુરૂના જેવો પુત્ર સમ્રાજ પામ જા.

ગૌતમી–ભગવન્! આતો ખરેખર વરદાનજ, કેવળ આશિષ ન હોય.

કાશ્યપ–બેટા, હવે અહીંથી હુતાગ્નિની પ્રદક્ષિણા કર.

(સર્વે પરિક્રમણ કરેછે)

કાશ્યપ–મંત્ર ભણીને આશિષ દેછે.

(આકાશમાં)

(વસંતતિલકા વૃત્ત.)

માર્ગે સરોવર મનોહર જાય જોતી,
લીલાં બનેલ છમ પંકજ ખીલવાથી;
છાયા ખસુસ તરૂવંદતણા પ્રતાપ,
આછો કરો સખત સૂર્ય મયૂખ તાપ;

થાજો, વળી, કમલપુષ્પતણી રજોએ,
માર્ગે સુવાસિત અને મૃદુ ધૂળ એને;
ધીમે ધીમે પવન વિઘ્ન રહીત વાજો,
કલ્લોલથી યુવતિ માર્ગ તમામ જાજો.

ગૌતમી—બેટા, બાંધુ જેવા તને વાહાલા જે આ તપોવનમાંના દેવતા તે પણ તને જવાની આજ્ઞા દેછે. એમને નમસ્કાર કર.

શકુંતલા—(પ્રણામપૂર્વક પરિક્રમણ કરીને કાનમાં) અલી પ્રિયંવદા, રાજપુત્રને મળવાની મારા મનમાં ઘણી ઉત્કંઠા છે ખરી તોપણ આશ્રમ છોડીને જતાં મારા પગ ઉપડતા નથી.

પ્રિયંવદા—તપોવન વિયોગે કરી કેવલ તનેજ શોક ઉત્પન્ન થાયછે એમ નથી. તારા વિયોગથી તમામ તપોવનને પણ તારી પેઠેજ દુઃખ થાયછે.

(આર્યાગીતિ વૃત્ત.)

હરણાંઓ મુખમાંથી નાંખી દે ભોંય દર્ભના કલ્લા,
મોર તજેછે નર્તન વાગ્યા એને વિજોગના ભાલા:
સર્વલતા વન કેરી જાણે આંસુ ખરેખરાં પાડે,
તેમ પત્ર વેરેછે ઉભરા એવા પ્રકારથી કાઢે.

શકુંતલા—(સંભારીને) પેલી મારી બહેન વનજ્યોત્સ્નાને કહી આવું.

કાશ્યપ—ઠીક તારો એની સાથે માનીજણી બહેન સરખો સ્નેહ છે તે હું જાણુંછું. આ રહી તે જમણા હાથ ભણી.

શકુંતલા—(વેલ પાસે જઈને) અરે ! પ્રિય વનજ્યોત્સ્ના, આંબાને લાગેલી છે ખરી તોપણ લગાર તારા આણી તરફ આવેલા શાખારુપી હાથે મને ભેટી લે. હું હવે દૂર દેશ જનારછું, તેથી હવે પછી તારો મેળાપ મને થશે નહિ.

(વસંતતિલકા વૃત્ત.)

કાશ્યપ—સંકલ્પ મેં પ્રથમથીજ કરી મૂકયો' તો,
ભર્તારનો મન વિષે તુજ કાજ તે તો;

રૂપે, કુળે, અવર સદ્‌ગુણમાં સમાન,
પામી હવે સુકૃતથી ધણિને પ્રમાણ.
આંબો મળ્યો ઝટ રુડી નવમાલિકાને,
જામી ખરેખર વધુવર જોડ એને;
બંને હવે વર વિષે સુખિઆં થયાં આ,
તેની તથા તુજ વિષે ગઈ આજ ચિંતા.

બેટા, અહીંથી હવે માર્ગે પડ.

શકુંતલા.--તમો બન્ને જણીઓને આ વેલની સુપરત કરુ છું.

સખિયો.—એ તો ઠીક. પણ આ બે જીવની કોને સુપરત કરી જાય છે? (એમ કહી આંખમાંથી આંસુ પાડે છે.)

કાશ્યપ.—અનસૂયા, રડ માં, તમારે બેઉ જણીઓએ તો શકુંતલાને ધીરજ આપવી જોઈએ.

(પછી સર્વે આગળ ચાલવા માંડેછે)

શકુંતલા—પિતાજી, આટલું કહુંછું તે જરા ધ્યાનમાં રાખજો. તે એ કે પેલી મારી લાડકડી હરણી ભારેવાઈ થઈને આશ્રમમાં ફરે છે તે જ્યારે નિર્વિઘ્ને વિઆય ત્યારે એ શુભ વર્તમાન કોઈની જોડે મને કહાવજો.

કાશ્યપ—ઠીક, નહિ વીસરૂં બેટા.

શકુંતલા—(તણાતી હોય એમ બતાવી) અરે! કોણ આ મારો પાલવ સાહી રહ્યું છે? એમ કહી પાછું ફરી જુવે છે)

કાશ્યપ—બેટા,

(વસંતતિલકા વૃત્ત.)

રેડયુ મુખે કુશતણી અણીથી પડેલ,
ઘા રૂઝવા અમળ ઈંગુદી કેરૂ તેલ;
સામો મુઠીભર વળી દઈને ઉછેરી,
તે પુત્રીતુલ્ય હરણી નહિ જાય છોડી.

શકુંતલા—બાપલ્યા, તારી સોબત હું મૂકીને જાઉંછું તો મારી પાછળ કાં આવેછે? તને જણીને તરત તારી મા મરી ગઈ. પછી તેના વિના મેં તને ઉછેરી મોટી કરી. હવે હું જઇશ એટલે દાદા તારૂં જતન કરશે. માટે જા, બા, પાછી જા. (એમ કહી રડતી રડતી આગળ ચાલી)

(વસંતતિલકા વૃત્ત.)

કાશ્યપ—ઉંચી ચડેલ તુજ પાંપણુ આંખ કેરી,
તેમાં રહેછ ખુબ અશ્રુપ્રવાહ જ.રી;
એ બંધ તું કર ધરી મન ધૈર્ય સાચું,
જેથી જરાય તુજ દીલ ન થાય કાચું.
કાંજે તને નહિ દિસે જળના ભરેલા,
નેત્રોવડે ખચિત મારગ નીચ ઉચા,
તેમાં કદાપિ ડગલાં ભરતાં અગાડી.
બેસીશ આડું અવળું પગને લગાડી.

શારંગરવ—ભગવન્, ભાગોળના તળાવની પાળ સુધી સગાંવહાલાંએ વળાવવા જવું એવો સંપ્રદાય છે; માટે હવે આ તળાવની તેડ આવી. તો જે કાંઈ સંદેશા કહેવાનો હોય તે કહી પાછા વળવું ઘટારત છે.

કાશ્યપ—ત્યારે આવો, આ વડના વૃક્ષની તળે થડકમાં બેસી જરા વિસામો ખાઈયે.

(સર્વે પરિક્રમણ કરીને બેસેછે)

કાશ્યપ—અરે, મહાપ્રતાપી દુષ્યંતને ઘટે તેવો શો સંદેશો કહાવું વારુ? (એમ કહી વિચારમા પડેછે) શારંગરવ, શકુંતલાને સોંપીને દુષ્યંત રાજાને મારૂ નામ દઈ આટલો સંદેશો કહેજે.

શારંગરવ—કહો, મહારાજ.

(શાર્દૂલવિક્રીડિત વૃત્ત.)

કાશ્યપ—જાણો જે તપ એજ છે ધન ખરૂ એવા અમોને ઋષિ,
તે સાથે કુળ ઉચ છે તમતણું તે લો વિચારી ખુશી;

આપોઆપ વળી પરસ્પર છૂટી'તી સ્નેહની વૃત્તિ તે,
વચ્ચે કોઈ પ્રકારથી નવ હતા બંધુજનો કોઈએ.
જે રીતે બહુ માનમાં અવર છે રાણી ઘણી આપથી,
તે રીતે તમ પાળજો યુવતિને સામાન્યસત્કારથી;
તેથી પ્રાપ્ત થવો વધુ ઉદય તો છે ભાગ્ય આધીનરે,
ના બોલાય વિશેષ એ વહુતણા બંધુજનોથી ખરે.

શારંગરવ—સંદેશો તો જેવો ઘટે તેવોજ છે. તેજ પ્રમાણે હું પહોંચાડીશ.

કાશ્યપ—બેટા, હવે તને કાંઈ શિખામણ દેવી જોઈએ. અમે વનવગડાના વાસી છઈએ પણ સંસારની રીતભાતથી કેવળ અજાણ્યા નથી.

શારંગરવ—નહિ, નહિ, મહારાજ, બુદ્ધિમાન પુરૂષને કોઇપિણ વિષય અજાણ્યો નથી.

કાશ્યપ—તો અહીંથી સાસરે પહોંચ્યા પછી—

(શાર્દૂલવક્રીડત વૃત્ત)

સેવા તું કરજે સદા મનથકી તારા વડીલો તણી,
સારો સ્નેહ સખી સમાન ધરજે તારી સપત્ની ભણી;
ભર્તા રોષ કરી વઢે કદિ તને સામે ન તોયે થતી,
રે'જે સેવક સાથ રોજ વદતાં દાક્ષિણ્ય દેખાડતી.
જે વેળા તુજ ભાગ્યના ઉદયથી થાયે બડે જાવતું,
તે વેળા મનમાં ફુલાઈ ન જતી કે માન્ય રાણી છું હું.
વર્તે જે અબળા જનો ઉપરની રીતે બધાં તે ધરે,
સન્નારી અધિકારને, અવર તો બોળે કુળોને, ખરે.

ગૌમતી—વાહ ! આટલા ઉપદેશમાં વહુ માણસે કેમ ચાલવું એના ધર્મ આવી ગયા. બેટા, આ બધું કાળજામાં કોરી રાખજે.

કાશ્યપ—હવે મને તથા તારી બહેનપણિઓને છેલી વારકી ભેટી લે કે અમે જઈએ.

શકુંતલા—પિતાજી, પ્રિયંવદા તથા અનસૂયા મારી પ્રાણસખિયો તે પણ અહીંથી પાછી જવાની કે ?

કાશ્યપ—હા, બેટા, શું કરીએ ? એઓને પણ પરણાવ્યા વગર છુટકો છે ? માટે તારી સાથે એમને મોકલાય નહિ. પણ ગૌતમી આવશે.

શકુંતલા—(પિતાની કોટે વળગીને) પિતાજી, મલય પર્વતની તળેટીમાથી ઉખડી ગએલી ચંદન લતાની પેઠ દાદાને ખોળેથી ઉતરેલી એવી જે હુ તે મારા જીવને પરદેશમાં કેમ ધારણા રહેશે, વારૂ ?

કાશ્યપ—બેટા, તું આવડી કેમ અકળાય છે, વારૂ ?

(શકુંતલા પિતાને પગે પડેછે.)

કાશ્યપ—કલ્યાણ થાઓ, બેટા. તારે વિશે મારી સર્વ મનકામના સિદ્ધ થાઓ.

સારંગરવ—બપોર તો થઈ ગયા. બહેન, હવે ઉતાવળ કરો તો ઠીક.

શકુંતલા—(આશ્રમ સામી ઉભા રહીને) દાદા, ફરી હવે તપોવનનું મોહોડું હુ ક્યારે દેખીશ ?

કાશ્યપ—સાભળ. ક્યારે દેખીશ તે

(વસંતતિલકા વૃત્ત.)

ચોખંડ પૃથ્વિ તણી તું થઇને સપત્ની,
રાજ્યાધિકાર સુખમાં ચિરકાલ કાઢી.
દૌષ્યંતિ જે અતુલ પુત્ર ખરો ગુણાગ્ર,
તેનો વિવાહ વિધિથી કરજે સમાપ્ત.
જ્યારે થશે સમજણો સહુ વાતથી એ,
ભર્તાર તે સમય ભાર કુટુંબ તણોરે.
દેશે મુકી સકલ એ સુતનેજ શીશ,
શાંતાશ્રમે વર સુધાં પગ તુ મુકીશ.

ગૌતમી—બેટા, હવે જવાની વેળા થોડી રહી છે. દાદાને પાછા વાળ નહિ તો ફરી ફરીને ઘણીવાર સુધી એઓ બોલ્યા કરશે. તમે હવે પાછા વળો.

કાશ્યપ—બેટા, હું જાણુંછું. હો ! હવે અનુષ્ટાનનો કાળ જતો રહે છે.

શકુંતલા—(પાછી પિતાને ભેટીને) દાદા, તમારૂં શરીર તપશ્ચર્યા કરી કરી ઘણું કષ્ટાયુંછે; તેમાં વળી મારી ચિંતા કરી લગારે હમેશ કરશો નહિ.

કાશ્યપ—(નિસાસા મુકીને)

(આર્યાગિતિ વૃત્ત.)

વળે શોક શમતા મુજ ક્યાંથી, બેટા, ઘરાંગણે દેખી,
વેરેલા પૂર્વે તેં બળિનીવારો ચરાવવા પંખી.
સધાવો બેટા, વાટમાં કલ્લોલ કરતાં જજે.

(શકુંતલા પોતાના સાથીઓ સાથે ચાલવા માંડે છે)

પ્રિયંવદા તથા **અનસૂયા**.—(શકુંતલા ભણી જોઈને) અરે, રે ! ખરે એ તો ગઈ. ઝાડમાં ને ઝાડમાં અતરધાન થઈ ગઈ.

કાશ્યપ—(હાશ કરી લાંબા નિસાસા મુકીને) ચાલો મારી પાછળ. ઘેર જઈએ.

પ્રિયંવદા તથા **અનસૂયા**—દાદા, શકુતલાના વિયોગે કરીને આખુ તપોવન સુનુ સુનુ લાગેછે, તેમાં અમારાથી કેમ પગલું મુકાશે ?

કાશ્યપ—સ્નેહની રીત એવીજ દીસેછે. (વિચારમાં ને વિચારમાં પરિક્રમણ કરી) અહો ! મને પુછો તો શકુંતલાને સાસરે વળાવેથી મારૂ હૃદય હવે સ્વસ્થ થયુ. કેમકે

(ઇંદ્રવજ્રા વૃત્ત)

આખેર કન્યા ધન પારકુ છે,
તેને વળાવી ધણિ ઘેર આજે.
આત્મા થયો આ મુજ શુદ્ધ જંપી,
માલીકને થાપણુ જેમ સોંપી.

અભિજ્ઞાન શકુંતલ નાટક.

મહામહોપાધ્યાય.

૧૭૦—સાવિત્રિ ચરિત્ર.

સાવિત્રી—અહો મારા હૃદયપ્રિય પુસ્તકો ! જો કે આપના શુભ આશ્રયથી જે જે લાભ મને મળ્યો છે તે હું મારી એક જીભથી કહી શકતી નથી તોપણ પરલોકનો જય કરવામા અસ્ત્રરૂપ શાસ્ત્રોએ, વેદવાણીના નિવાસ રૂપ નિર્મલ ઇતિહાસોએ અને પુરાણોએ જે જે મારી ઉપર ઉપકાર કર્યા છે તે હું કેમ વિસારૂ ? મહાકવિઓના મનમાથી ઉત્પન્ન થએલાં સાભળવા યોગ્ય કાવ્યોએ અને રત્નોના કોપને પણ હલકા પાડે એવા કોષોએ, મારા ઉપર જે જે ઉપકાર કર્યા છે તેને કેમ ભૂલું ? [બીજી કોર જોઇને] સારા માર્ગને દેખાડનારી કથાઓ અને હર્ષના સ્થાનકરૂપ કથાનકોએ સ્નેહી પ્રિય મિત્રોની પેઠે જે કાંઇ મારા ઉપર ઉપકાર કર્યા છે, અરે, તે કેમ ભૂલુ ? [ફરીને બીજી કોર જોઇને] ઉત્તમ ગદ્ય અને પદ્યથી મનોહર ચંપૂઓએ અને આ સુંદર નાટકોએ વારંવાર જે જે મારી ઉપર ઉપકાર કર્યા છે તેને આ મારૂ મન કેમ ભુલી જશે ? અરેરે, તોપણ દયારૂપી ઉત્તમ અમૃતમય અતઃકરણવાળા પિતાજીની આજ્ઞાથી પોતાને યોગ્ય વર શોધવા સારૂ આજ વર્ષ દિવસ થયા હુ જુદાજુદા દેશમાં ફરતી હતી તેથી મારાથી તમારી સભાળ લેવાણી નથી અને હવે તો સઘળો સસાર મને ઉજડ અરણ્ય જેવો શન્ય અને અસાર લાગેછે. શાસ્ત્રવિચારની વેળા વીતી ગઇ, કાવ્યના વિનોદનો અવસર જતો રહ્યો અને સાહિત્ય શીખવાનો સમય સંતાઇ ગયો; વધારે શું કહુ ? આપના ગુણથી વેચાએલા હૃદયવાળી સાવિત્રીને જીવવાનુ પણ હવે પ્રયોજન નથી માટે તેના છેલ્લા પ્રણામ છે. [એમ કહી પ્રણામ કરી ફરીને આંસુ ભરેલી આંખે] હે શાસ્ત્રો ! હે ઇતિહાસો ! હે પુરાણો ! હે કથાઓ ! હે કથાનકો ! હે વિચિત્ર ચપૂઓ અને હે નાના પ્રકારના નાટકરૂપ રત્નો ! સાવિત્રીના આ આપને છેલ્લા પ્રણામ છે, કેમકે હવે તે

આપના સમાગમનો લાભ લેવાને સમર્થ નથી. [કથાના બે પુસ્તકો હાથમાં લઈને] અહો ! મારા હૃદય જેવી, આત્મા જેવી અને પ્રાણ જેવી પ્રિય આ બે કથાઓ માલતી–માધવીથી વધારે છે, કે જે માલતી–માધવીની પેઠે મારા દુઃખથી દુઃખણી હોય, શૂન્ય થઈ ગઈ હોય અને વિનોદને વિસરી ગઈ હોય તેવી જણાય છે. માલતી–માધવીના વિયોગની પેઠે એનો લેશ પણ વિયોગ મારાથી સહન થતો નથી. આ લાંબા દેશાટનમાં મને જેણે આનંદમગ્ન રાખીને માતાપિતાના ચરણની સેવાના વિયોગના દુઃખનું વિસ્મરણ કરાવ્યુ હતું તે પણ આ બે કથાઓ આ સમયે મને લેશ પણ આનંદ ઉપજાવતી નથી. શું કરૂં, ક્યાં જાઉં અને મારૂં હિત કેમ થાય, તે હું જાણતી નથી. મારા દુઃખે દુઃખ પામનારી પ્રિય સખી માલતી અને માધવી પણ પાસે નથી કે તેને હું મારૂં દુઃખ કહી સંભળાવું. [એમ બોલતાં નિસાસો નાખી નીચે બેસે છે અને માલતી તથા માધવી પ્રવેશ કરેછે.]

માધવી—સખી માલતી! પ્રિયસખી સાવિત્રીનો આપણી ઉપરનો પ્રેમ જોયો ? તે પાછળથી પુસ્તકો સાથે બોલતા પણ પોતાના નિર્ગુણ સખીજનને પણ ભૂલતાં નથી.

માલતી—એવાંઓને એમજ શોભે છે.

માધવી—જો ઇચ્છા હોય તો ફરીથી પણ છુપાઈ રહીને તેનાં મધુર વચનો સાંભળીએ.

માલતી—ના, ના, બેન ! હવે વિલંબ કરવામાં મારૂં મન સંમતિ આપતું નથી. જે સમયથી પરમપવિત્ર મનનાં માતા માલવી અને દયામય મનવાળા પિતાજી અશ્વપતિએ આજ્ઞા કરી છે તે સમયથી કયી રીતે, કેવા પ્રયત્નથી અને કેવા ઉપદેશથી સાવિત્રીને માત–પિતાના મન પ્રમાણે ચાલવાનું સમજાવવી તે વિષે મોટી ચિંતા છે માટે આવો આપણે તેનું પુસ્તકમાં લાગેલું મન આપણી કોર ખેંચીએ. [એમ કહી સાવિત્રી પાસે આવીને] આ આપણી પ્રિયસખી સાવિત્રી પોતાના પુસ્તકોની પાસે લમણે હાથ દઈને

આંસુડાં પાડતી, નિસાસા નાંખતી તથા શૂન્યચિત્ત થઈને ગળગળે સાદે કંઈકંઈ બોલ્યા કરે છે. એનુ હૃદય શૂન્ય થઈ ગયુ છે તેથી પાસે ઉભા છતાં પણ તે આપણને દેખતી નથી, માટે કાંઇક બોલીએ.

માધવી—ઠીક, એમ કરીએ. [સાવિત્રીને] પ્રિયસખિ ! શરીરે સારૂછે ?

સાવિત્રી—(સાંભળ્યા વિના મુદિતમહાલક્ષ્મી અને પ્રમજ્જપાર્વતી નામની એ કથાને) હે મારા મનના વિસામાના આધાર પ્રિય કથાઓ ! માલતી અને માધવીની પેઠે તમે બેય મારા હૃદયનું સર્વસ્વ છો માટે કહો કે મારે શું કરવું અને મારૂ કેમ કલ્યાણ છે ? (ફરીને નિસાસો નાખીને) અરે, આ મારી વા'લી કથાઓ પણ કાંઈ ઉત્તર આપતી નથી, અથવા દૈવ અવળો થાય ત્યારે કોઇપણ સંબંધી પોતાનું સગપણ દેખાડી શકતું નથી, માટે એનો કાંઈ અપરાધ નથી. હશે, હું મારા હૃદયનેજ પૂછું.

(રાગ સીતાજીના મહિનાનો.)

કેને હૃદય હવે ક્યાં જાઉ ? ઉપાય હું શું કરૂં ?
સત્યવાન મહાગુણવાન, એને શી રીતે વરૂ ?
મન દેતાં નથી માત તાત કળે પડતી નથી,
મુનિવર નારદની તેમ, સંમતિ મળતી નથી.

માલતી-માધવી—પ્રિય સખિ ! તારૂં શરીર આરોગ્ય છે ?

સાવિત્રી—(સામુ જોઈને મનમાં) અરે, ભૂલ થઇ. પ્રિય સખી માલતી-માધવીએ પણ મારા મનના વિચાર જાણ્યા ! અથવા એ મારૂ હૃદયજ; એનાથી શુ છુપાવવાનું છે ? (પ્રકાશમા) પ્રિય બેન માલતી-માધવી ! વિજયલક્ષ્મીથી શોભતા એ રાજકુમારનું કોઇપણ રીતે વર્ણવી ન શકાય એવું અને સર્વ સદ્દગુણરૂપી આભૂષણોથી શોભતું શરીર તો કોઇનું ન હોય તેવું આરોગ્ય છે. નિરોગીપણામાં, વિદ્વાનપણામાં, વીરપણામાં અને ધીરપણામા એના જેવો બીજો કોઇજ નથી. એ તો આર્ય શત્રુશલ્ય અને વીરમિત્ર પણ માન્ય કરે છે. પણ તે લોકો માત્ર પદભ્રષ્ટતાને લીધેજ તેની સાથે સ્વ-

યંવર કરવાને સંમતિ આપતા નહતા, પણ પવિત્ર પિતાજીએ તેના વિચારને સાગ નહોતા ગણ્યા. એમના વિચાર તો નારદજીના છેલ્લાં વાક્યોથી બદલાઈ ગયા.

બેય સખી—બેન ! અમે તો તમારી પ્રકૃતિ વિષે પૂછીએ છીએ અને તમે તો બીજીજ વાત કરો છો.

સાવિત્રી—(જરા શરમાઈ જઈને) પ્રિય સખીઓ ! ક્ષમા કરજો. મારૂં મન હમણા સ્થિર નથી, તેથી તેમ થયુ છે. મારી પ્રકૃતિ તો સારીજ છે, માત્ર આ મોટી મનોવ્યથા છે, તેથી હુ ઘેલી જેવી થઈ ગઈછુ.

માલતી—તમે સુજ્ઞ અને વિચારવાળાં છો એટલે તમને કાંઈ કહેવા જેવું નથી, પણ જ્યારે આપણાં માતાપિતા જે વાતમાં આજ્ઞા ન કરે ત્યારે તે વાતમા આપણે આગ્રહ ન કરવો જોઈએ.

માધવી—મને માલતીનુ કહેવું ઘણુંજ ઉચિત લાગે છે. આપણે પ્રત્યેક સ્ત્રીધર્મ પુસ્તકોમાં એમ વાચ્યું છે કે, 'સ્ત્રીઓએ વિવાહની અગાઉ માતાપિતાની આજ્ઞામાં રહેવું જોઈએ.' એ પ્રમાણે તમારે માતાપિતાની આજ્ઞા માન્ય કરવી જોઈએ એઓ પણ આપણા હિતને માટેજ તેમ કરવાની ના પાડે છે. આપણા વિષે જેટલી તેમને ચિંતા હોય તેટલી કોઈને નજ હોય, તેમ છતા આપનો એટલો બધો આગ્રહ છે તેથી તે કદી તમારી ઇચ્છા લોપે તો નહિ, પરતુ જ્યારે નારદજી જેવા મહાત્મા પણ તેના આયુ-ષ્ય વિષે સારો મત ન આપે ત્યારે તે માયાળુ માવતરનુ મન કેમ તેમ કરવા સંમતિ આપે ? તે વિચારો. માટે ફરી દેશાટનના આરંભ કરો. અને '**बहुरत्ना वसुंधरा**' છે, માટે ઇશ્વરકૃપાથી તેવોજ બીજો રાજકુમાર તમારા જોવામાં આવ્યા વગર રહેશે નહિ.

માલતી—હું માધવીના બોલેબોલ માનવા યોગ્ય ગણુંછુ.

સાવિત્રી—(ઘડીવાર મુગા રહીને અને ઊંડો નિસાસો નાખીને) હું જન્મ ધરીને તમો બેયની સાથેજ મોટી થએલી છું. મારી પ્રકૃતિ વિષે તમે

એય કાંઇજ અજાણ્યા નથી તેમ છતાં માતાપિતાની આજ્ઞા માનવા વિષે તમે મને ભલામણ કરો છો, પણ શું હું એટલું પણ નથી જાણતી કે માતાપિતાભણી પુત્રીનો શો ધર્મ છે? હું આપણા પવિત્ર વિદ્યાગુરૂની કૃપાથી સારી રીતે જાણું છુ કે જેઓએ આપણું લાલન પાલન કર્યું છે, જેઓએ આપણા સુખને માટે દુઃખ સહન કર્યા છે, અને જેઓએ પોતાના પ્રિયપ્રાણ કરતાં પણ આપણને અધિક પ્રિય ગણેલ છે, તે માતા અને પિતાની આજ્ઞા પોતાનો પ્રાણ જતાં સુધી પણ પાળવી જોઇએ. પણ જેમ એક કોરેથી સ્ત્રીઓનો માવતર તરફનો ધર્મ જોઇએ છીએ તેમજ બીજી કોરથી સ્ત્રીઓનો પોતાના પતિ તરફ કેવો ધર્મ છે? તે વિચારવા જેવું છે. સ્ત્રીઓએ એક પતિ કરીને બીજો પતિ કરવો એવું કોઇ શાસ્ત્ર કહેશે? કદિ નહિ.

માધવી—એ અવળી વાત કરો છો. તમે એને ક્યારે પતિ કરેલ છે? નથી સ્વયવર માલા નાંખી કે નથી જીભથી વચન આપ્યુ, ત્યારે તે પતિ કેવી રીતે કહેવાય?

સાવિત્રી—હા હું માન્ય કરૂછું કે મેં તેમના ગળામાં સ્વયંવરમાળા નથી આરોપી, તેમ જીભથી પણ કાંઇજ કહ્યું નથી, પણ જે સમયથી મેં તેનું મુખકમલ જોયું છે તે સમયથીજ મારા મનથીજ મેં તેને મારા પતિ ગણેલ છે. હવે બેનો! ગમે તો એક હજાર વર્ષનુ આયુષ્ય હોય કે એક વર્ષનું હોય મારે તો એજ પતિ, એજ પ્રાણનાથ અને એજ સંસારનું સર્વસ્વ છે. બેનો! એજ મોટું સંકટ છે કે માતાપિતા આજ્ઞા આપતા નથી ને મારૂં મન બીજા રાજકુમારને વરવા ચાલતું નથી. (એમ બોલતાં મુર્છાગત થઇ પડી જાય છે.) માલતી તથા માધવી–(મૂર્છા ઉતારે છે એટલામાં)

નેપથ્યમાં— (આર્યા)

સાવિત્રી પ્રિયપુત્રી, વટસાવિત્રીતણુંજ વ્રત કરને;
ગૌરીશંભુ કૃપાથી, દીર્ઘાયુષ તેજ વર વરને.

સાવિત્રી—(સાનંદાશ્ચર્યથી એકાએક જાગૃત થઈને) અરે એ કોણે અમૃત જેવું વચન સંભળાવ્યું ? (ચારે કોર જોઈને) અરે અહીં તો કોઈ દેખાતું નથી. અરે હું ભૂલી, સ્વપ્નથીજ હું છેતરાણી. (એમ કહી નિસાસો મેલે છે એટલામાં એ અપ્સરાઓ પ્રવેશ કરે છે.)

પહેલી—સખી ચંદ્રિકા ! પરમ દયાલુ ભગવાન નારદજીએ પુત્રી સાવિત્રીના અંતઃકરણના તાપ સમાવવાના સાધનરૂપ વટસાવિત્રીનું વ્રત બતાવવાને આપણને આજ્ઞા કરી છે. માટે આવો આપણે અંતરિક્ષમાં રહીનેજ કાંઈ કહીએ.

બીજી—બેન બકુલાવલિ ! ઠીક છે, એમ કરીએ. (ગાય છે.)

(રાગ કાલિંગડો તાલ દાદરો.)

અહો મુજ આલિ તું નિરાશ શીદ થાય રે,
થયા પરમેશ સહાયરે;—અહો. ટેક.
પતિનું આયુષ વધવા સારૂ, સુણજે સરસ ઉપાયરે, નિરાશ૦
વટસાવિત્રી વ્રત કર બેની, સુખ સહુ એથી પમાયરે. નિરાશ૦

સાવિત્રી—(સાંભળીને) સખીઓ ! આ ગાયનનો અભિપ્રાય એવો જણાય છે કે 'વટસાવિત્રી' નું વ્રત કરવાથી મારૂ હિત થશે. પણ તે શી રીતે કરવું તે વિષે તમે મારા પ્રિય પિતાજીની પ્રાર્થના કરો કે તે સારા વિદ્વાનોને બોલાવી, એ વ્રતનો સવિસ્તર વિધિ પૂછે, તે પછી તે કહે તેમ હું કરૂં.

બેયસખી—સારૂં, પ્રિયસખી ! અમે આપના પ્રિયપિતાજી પાસે જઈએ છીએ. (એમ કહી જાય છે.)

સાવિત્રી—હું પણ હવે શિવપૂજન કરવા જાઉં. (જાય છે.)

સાવિત્રીચરિત્ર નાટક.

મૂળજી આશારામ.

૧૭૧—સતીત્વ પ્રભાવ.

અનસૂયા--(અંદરથી ગાતી ગાતી પ્રવેશ કરે.

ગાયન.

ત્રિભુવન પતિ તારનાર વ્હાર કરો મા .....રી
વ્હાર કરો મારી હરિ થાઓ સાહ્ય કા.. ...રી--ત્રિભુવન.
દીન દયાળ શરણે બાળ, કિંકરીની લ્યો સંભાળ,
પીડે છે પ્રાણીને પાપી દુષ્કાળ, પીવા મળે ન વારિ--ત્રિભુવન.
ભુલી ગઈ મમ દેહ ભાન, સ્વામિની સેવામાં લાગ્યું તાન,
ક્યાથી કરાવું હવે જળ પાન, પતિને સેવના... . રી--ત્રિભુવન.

અહા! હું પાણીની શોધમાંને શોધમા ક્યાં જાઉં છું. શું હુ સ્વમતો અનુભવતી નથી! ના ' ના ! હું મારા સ્વામિને માટે જળની શોધમાંજ કરૂં છું, પરંતુ કોઈ પણ સ્થળે જળ દ્રષ્ટિગોચર થતુંજ નથી. (આસ પાસ જોઈને) અરે ' પણ આવા ભયંકર જંગલમાં પેલી પર્ણકુટી કોની હશે ! એમાં કોણ રહેતું હશે! શુ કોઈ અધર્મીઓ આવા જંગલમાં આવતા જતા વટેમાર્ગુને લૂટવાના ઇરાદાથી અહીંઆ રહેતા હશે ' કે કોઈ દુષ્ટ પિશાચ કે અસુરનુ સ્થાન હશે! ગમે તે હો ' પરંતુ ત્યાં વસ્તી તો હશેજ! માટે ચાલ હું ત્યાં પૂછી તપાસ કરૂ. (જોઈને) પેલા વૃક્ષ નીચે કોઈ તપસ્વી હોય એમ જણાય છે ' જરૂર આ પર્ણકુટી એમની હશે. (પાસે જઈ વંદન કરે છે.)

નર્મદા--અરે બાઈ! તું કોણુ છે? અને આવા નિર્જન જંગલમાં એકલી તું ક્યાંથી આવી ચઢી! શું તું કોઈ ભુલી પડેલી અપ્સરા છે?

અનસૂયા--યોગિની! મને માફ કરો, મારૂ વૃત્તાંત કહેવાનો કે એક પણ શબ્દ સાંભળવાનો મને હાલ અવકાશ નથી; મને કૃપા કરીને કહો કે આટલામાં કોઈ પણ સ્થળે જળ મળી શકશે?

નર્મદા--બાઈ! તું ઘણી ભોળી જણાય છે. આજ સો વર્ષ થયાં દુષ્કાળ હોવાથી સો સો ગાઉ ફરતી જગ્યામાં કોઈ પણ સ્થળે જળ દ્રષ્ટિએ પડતું નથી: તો તને અહીંઆં તે જળ ક્યાંથી મળશે. માત્ર તપના બળથી વાયુનું ભક્ષણ કરીને હું રહું છુ.

અનસૂયા—હા! હરિ હરિ! શુ મને મારા સ્વામીને માટે જળ નહીંજ મળે! મારા પતિએ આજ સો વર્ષની અખંડ સમાધિમાંથી જાગ્રત થતાં માત્ર જળ માગ્યુ, તે પણ લાવી આપવાને આ કિંકરી સમર્થ નથી. અત્યાર સુધી સ્વામીની સેવામાં દિવસ નિર્ગમન થતા હોવાથી તૃષા કે ક્ષુધાનું મને ભાન ન રહ્યું. પણ જ્યાં સર્વત્ર દુષ્કાળ દુષ્કાળ ફેલાઈ રહ્યો છે; ત્યાં જળ તે ક્યાંથી લાવુ'! હે ગંગા, યમુના, ને સરસ્વતીઆદિ સરિતાઓ! શું તમે મારી આ પ્રાર્થના નહિ સ્વીકારો? મારા સ્વામીને માટે આટલુ કમંડળ જળથી નહિ ભરી આપો? જો તમારામા સત્યનો લેશ પણ અંશ હોય, અને મારી સ્વામીસેવાનુ જે કઇ પુણ્ય ભેળું થએલુ હોય તો તેના પ્રભાવે ગંગાજી પ્રગટ થશો; અને આ કમંડળ જળથી ભરી આપશો. (અવાજની સાથે જમીનમાંથી ગંગા પ્રગટે છે.)

ગંગા—મહાસતી અનસૂયા! હું ભગીરથી તારાપર ઘણી પ્રસન્ન થઈ છું, હવે તારા સ્વામીને માટે કમંડળ જળથી ભરી લે.

અનસૂયા—સતી ભગિરથી! મારાપર આપની આવી અનહદ કૃપાને માટે હું આપની અત્યંત આભારી છું. (જળ ભરે છે.) મારા સ્વામીને માટે આ કમડળ ભરી જળ મને મળ્યુ, પણ મારી એક બીજી વિનતિ સ્વીકારશો!

ગંગા—જે કહેવુ હોય તે ખુશીથી કહે.

અનસૂયા—આપના અત્રે પધાર્યાના સમાચાર જો મારા સ્વામીના જાણવામાં આવશે, તો અવશ્ય તેમને આપના પવિત્ર જળમાં સ્નાન કરવાની ઇચ્છા થશે, માટે મારા સ્વામીની એ ઇચ્છા પરિપૂર્ણ થતાં સુધી આપ અહીંઆજ વિશ્રાંતી લેશો.

ગંગા—ધન્ય છે! ધન્ય છે! તારી પતિ સેવાને ધન્ય છે! સત્સંગ જેવી શ્રેષ્ટ વસ્તુ ત્રિલોકમાં પણ નથી. મારાં એવાં ક્યાંથી અહો ભાગ્ય કે મને સત્સંગ સહજ પ્રાપ્ત થાય! પણ જો તારૂ માત્ર એકજ દિવસની પતિ સેવાનું ફળ મને અર્પણ કરે તો હુ તેમ કરવા કબુલ છુ.

અનસૂયા—(હાથમાં જળાંજળી લઇ.) તથાસ્તુઃ

નર્મદા—(નમન કરી) ભગવતી! મેં આપને ન ઓળખ્યાં, મારા અપરાધને માટે મને ક્ષમા કરજો.

અનસૂયા—યોગિની! તમે નિર્દોષ છો. મારા સ્વામીને માટે હું જળની શોધમાં શંકા મારતી હોવાથી મને શુદ્ધિ નહોતી, ઉલટો મેં કદાચ આપના અનાદર કર્યો હશે તો ક્ષમાને પાત્ર તો પ્રથમ હુજ થઇ ચુકી છું. આપ કોણ છો અને બરજીવાનીમાં આમ કઠિન તપ શા માટે આરંભ્યું છે?

ગાયન.

નર્મદા—ભજું પ્રીત થકી આજ હુ મોરારી,
ભોગવવાને સ્વર્ગ સુખ (૨) આશ મારી- ભજું.
નથી મારે કોઇ માત તાત ભાઇ,
મિથ્યા છે સર્વ જર તણી સગાઇ,
સાચી એક અવનીમાંહી (૨)
ભક્તિ તારી.............................ભજુ.
રહી મોહી આ સંસાર સુખ જાણી,
જાણ્યું સુણી સત્પુરૂષ તણી વાણી.
બેસું ઠરીને ઠામ આવી (૨)
શરણ તારી.............................ભજું.

મહાસતી! હું હજી કુમારીકા છું મારા નસીબમાં પતિનું સુખ નહીં સરજેલુ હોય તેથી મારો જેની સાથે વિવાહ કરે તે લગ્ન થતા પહેલાંજ મરણ પામે છે. એક પછી એક એમ મહા મહેનતે મારાં ગરીબ ગાબાપે

મારે માટે સારાં સરાં કુલીન પાંચ છ ઘર જોયાં પરંતુ તે સર્વ મહેનત વ્યર્થ ગઈ. અને હું અવિવાહીતજ રહી. હું હવે આ અસાર સંસારથી કટાળી અહીંઆં રહી ઇશ્વિર ભજનમાં દિવસ નિર્ગમન કરૂં છું. મારે લાયક કોઈ સ્વામી મને મળવો મુશ્કેલ છે. તો આ ભવાબ્ધિમાંથી મુક્ત થઈ, આજ દેહે સ્વર્ગનું સુખ અનુભવવા આ તપ આરંભ્યુ છે.

અનસૂયા—બહુ સારૂ ! હવે હુ રજા લઈશ મારા સ્વામી મારી રાહ જોતા હશે, તમારી મનકામનાઓ સફળ થાઓ. (જાય છે.)

આકાશવાણી—અરે ભાગ્યશાળી નર્મદા ! ધન્ય છે ! ધન્ય છે ! ! મહાસતી અનસૂયાના આશીર્વાદથી આજ તારૂ તપ સફળ થયું છે, જે માગવું હોય તે ખુશીથી માગ અમે તારાપર પ્રસન્ન થયા છીએ.

નર્મદા—જો આકાશમાંથી આવતો ધ્વનિ સત્ય હોય, તો આજ દેહે સ્વર્ગનું સુખ ભોગવવાની મારી જે ઇચ્છા છે તે પરિપૂર્ણ થાઓ.

આકાશવાણી—તથાસ્તુ: (અંતરિક્ષથી એક દિવ્ય વૈમાન આવે છે ને નર્મદાને લઈ આકાશમાં જાય છે.)

નર્મદા—વૈમાનમાં બેઠા પછી.

ગાયન.

ધન્ય ધન્ય દિન આજનો, ધન્ય ઘડી પળવાર,
ભગવતી ચરણ પ્રતાપથી, સફળ થયો અવતાર.

અનસૂયા નાટક.

સમાપ્ત.

ટીકા.

૧–રાજે=શોભે. નંદના નંદ=નંદનો છોકરો (કૃષ્ણ). આનંદ થઇ=પરમાત્માનુ સુખદાયક સ્વરૂપ. બળિભદ્ર=કૃષ્ણના ભાઇ-શેષના અવતાર. અમર=દેવ. આહિર=ગોવાળ. તે વેદવાણી=એ વેદના વચન જેવું સત્ય છે. નિગમ=વેદ. ઋચા=વેદના મંત્ર. વેણુ...ગાવે=શિવ વાંસળી બની પાંચ મહોડેથી (વાંસળીના પાંચ છિદ્રથી) ગાય છે.

૨–વનછ=વાછરડું. દંત ધાવન કરો=દાતણ કરો. પરહરો=છોડી દો. તિમિર=અંધારૂં. પોહો ફાટ્યુ=સવાર થઇ. કુરનો કરમળો=મીઠા ભાતનુ નૈવેદ્ય.

૩–ન્યાળુ=ધારીને જોઉં. પંથ=રસ્તો. મોડી=દૂર કરી. તળાંસે=ચાંપે. પાવન=પવિત્ર. પાવલા=પગ. ગ્રાહ=મગર. સુધન્વા=ચંપાવતીના રાજા હંસધ્વજનો પુત્ર–અમુક કારણસર એના પિતાએ એને તેલની કંડામાં બાળી મુકવાનો હુકમ કર્યો હતો. પણ એ વિષ્ણુનો ભક્ત હોવાથી તેણે એની રક્ષા કરી હતી. વસમી=કઠણ.

૪–વળાવીઆ=મોકલ્યા. કાળ ખૂટ્યો=મોત પાસે આવ્યુ. શિશ=માથુ કોડામણો=ઇચ્છા પૂર્ણ કરનાર. દોરિયો=દોરો. (સોનાનો) ચોરિયો=ચોરીને. નાથિયો=નાકમાં દોરી ઘાલી. હાથિયો=હાથી. શગભરી=પુરી ભરીને.

૫–ઘટ=શરીર. સતા=સદ્‌ગુણી. અંતરયામી=મનની વાત જાણનાર(ઇશ્વર). બાવટ=દુઃખ. ભૂધર=પૃથ્વીને ધારણ કરનાર (વિષ્ણુ).

૯–ભામીની=સ્ત્રી. કૌભાંડ=બાણાસુરનો પ્રધાન–ચિત્રલેહાનો પિતા. એબા ફૂળી=ગભરાયલી. શકે=લાગે છે કે. ઓથાર=નિદ્રામાં છાતીપર હાથનો દાબ. કર્મે=કપાળે. ફાંસુ=નકામો. પંખના=પાંખવાળા. વંઝા=વાંઝણી. ઉછંગ=ખોળો મૃગજળ=ઝાંઝવાનુ પાણી–ખોટો ભાસ. તરંગ=મોજું. ઇંદ્રજાળ=જાદુ લભ્ય થવું=મળવું. દર્પણ=આરસી. દર્પણ ..કને=આરસીમાં દેખાતું રૂપ પાસે આવી શકે નહિ. ગગનકુસુમ=આકાશનું ફુલ (અસંભવિત વસ્તુ). હારણુ=ધીરજ. ધારણા=દિલાસો. ભવન=ઘર. વિરહ=વિયોગ. અચેતના=બેભાન. ભુજ=હાથ. ઉમા=પાર્વતી.

વિધાત્રી=નસીબ લખનાર દેવી (ચિત્રલેહા એનો અવતાર હતી). પ્રીછી=જાણી. નિશા=રાત્રી. નિર્ગમી જાય=પસાર થાય. વધ=કહે. સદ્ય=તરત. આળપંપાળ= વગર વિચાર્યું. શીઘ્ર=એકદમ. પિંડ=દેહ.

૮–સુર=દેવ. પન્નગ=નાગ. વરૂણ=જળનો દેવ, પાવક=અગ્નિદેવ. જક્ષરાય= જક્ષનો રાજા. (કુબેર) લઘુ=નાના. ઇશ=શિવ. અંબુઇશ=ઇંદ્ર. ધીશ=ઉપરી. સેનાધીશ=કાર્તિકસ્વામી; શિવના પુત્ર. જુગ્મતુરૈયા=અશ્વિનીકુમાર. પ્રભાકર=સૂર્ય. સુધાકર=ચંદ્ર. ગિરીજાવર=શિવ. અષ્ટવસુ=આઠ વસુદેવો. ગાંધર્વ=સ્વર્ગના ગવૈયા. બારેમેહ=વરસાદના બાર દેવો. સપ્ત જળનિધિ=સાત સમુદ્ર. અષ્ટ ધાતુકર= આઠ પર્વત. જુગ્મ વિણાધર=નારદ અને તુમરૂ. ચિત્રવિચિત્ર=જુદાજુદા રંગના. મારૂતગણ=દેવનો એક વર્ગ. વિદ્યાધર=દેવનો એક વર્ગ. સપ્તરૂષિ=સાત રૂષિઓ– ગૌતમ, ભારદ્વાજ, વિશ્વામિત્ર, જમદગ્નિ, વશિષ્ટ, કશ્યપ અને અત્રિ. ચતુ- ર્ભુજ=ચાર હાથવાળા (વિષ્ણુ). પિતાંબરધારી=પીળું વસ્ત્ર ધારણ કરનાર– વિષ્ણુ. બીઆ=ભાઈ. પ્રદ્યુમ્ન=કૃષ્ણના પુત્ર. અનિરૂદ્ધ=પ્રદ્યુમ્નનો પુત્ર. વદન સુધાકર=ચંદ્રના જેવું મ્હોડું. અંબુજ=કમળ.

૯–શાતા=શાંતિ. હેવા=ટેવ. શક્ર=ઇંદ્ર. ચક્ર=સુદર્શન ચક્ર, કૃષ્ણનુ આયુધ. જોજન=ચાર માઇલ. ધારણ=હિંમત. તે શું=તેની સાથે. જામિની=રાત. તંન=છોકરો. દમતું=દુઃખ દેતું. ઉદકની અંજળી=પાણીનો ખોબો. અમરાપુરી= ઇંદ્રની રાજધાની. મીનાકારી કામ=સોનાની અંદર રંગીત ચિત્રકામ. ઓળ= હાર. વાટિકા=વાડી. કુંજ=માંડવો. માતંગ=હાથી. બંદીજન=ભાટ. નરખી= જોઈ. દુર્ગ=કોટ. કોસિસાં=કાંગરા. રત્નાગર=દરિયો. ઉધરે=મોક્ષ પામે. સ્થા- વર=સ્થિર વસ્તુ. જંગમ=લઈ જઈ શકાય એવી વસ્તુ. શકે=જાણે. વ્યોમ= આકાશ. ભોમ=પૃથ્વી. કામધામ=પ્રદ્યુમ્નનું ઘર. જોતકાર=પ્રકાશીત. કામકુમાર= અનિરુદ્ધ. બાવનાચંદન=ઉંચી જાતનું ચંદન. ધારણ=ઉંઘનો મંત્ર. ધારણ ભારણ ભારીકાયા=મંત્રના ભારે કરીને બધાંના શરીર ભારે થયાં. જોગમાયા= નિદ્રાદેવી. વ્યામમાન થઈ=ફેલાઈ. કિંકરી=દાસી. ખેચર=પક્ષી. આલ=ઇજા. આરત=ફીકર.

૧૦-ઉગ્ર=ઘણા. શિક્ષા=શિખામણ. શ્વસુરપક્ષ=સાસરીઆં. રતિ=પ્રદ્યુમ્ન (કામદેવ) ની સ્ત્રી. અડ્ઢૈપડ્ઢૈ=આઘું પાછું. પાત્ર=વાસણ. લક્ષ=લાખો. ઉચ્છિષ્ટ=છાંડેલું. આદિ=વગેરે. ભગિની=બેન.

૧૧-ચાલનહાર થયં=ચાલ્યા. વામીઆં=મટયા-દૂર થયાં. દાખજ્યો=બતાવજ્યો. ગુંજની=છાની. પાદ=પગ. ત્રણેપક્ષ=સાસરૂ, પીયર, મોસાળ.

૧૨-બાદુઆં=બાળક. પેટ=છોકરાં. દામણાં=ચામણાં. વત્સ=બાળક. ગુરૂકર=ગુરૂનો હાથ. વોળાવ્યાં=વિદાય કર્યા.

૧૩ પળે=જાય. અવાસ=મહેલ. પ્રભવી=જન્મ આપ્યો. પ્રભુતા=મોટાઈ લૌકિક=દુનીઆનું. યથાર્થ=ખરૂ. વ્યથા=દુઃખ. અંતરીયાળ=ઓચિંતા. પ્રભુ=સ્વામી. સદન=ઘર. ઇન્દુમતી=ભાનુમતીની છોકરી. મામ=હિંમત. વિપ્ર=બ્રાહ્મણ. હવિષ્યાન્ન=હોમવા લાયક ધાન્ય. આમાન=સીધું-કાચું અનાજ. છતો=પ્રગટ. દેહદમન કરવું=શરીરને દુઃખ આપવું. ટોડલો=ખીંટી. મુક્તાફળ=મોતી. અરોપરો=આમતેમ. ભ્રાન્ત=શક. જ્વાળા=અગ્નિ. આળ=તોહોમત. પૃથ્વી રસાતાળ જશે=પૃથ્વી ગરક થઇ જશે. જોઈ...વાંક=વાંક જોઈને મોડે બોલવું. સ્વામીદ્રોહી=શેઠનો-ધણીનો દ્રોહ કરનાર. કુંભીપાક=એક નર્ક. છેહ=દગો.

૧૪-તસ્કર...ઝાલે=જો હાથોહાથ વસ્તુ પકડે તોજ તમે ચોર કરીને બાંધી શકો. પાખે=વિના. શું...પાખી=શું હાર લેતાં મારો હાથ ઝાલ્યો છે? પરહરી=તજી. આંખ ભરવી=રડવું. ફાંસુ=નકામી. વિમાસે=વિચારે. હાસ=મજાક. શ્વસુરપક્ષની=સાસરાની. અપવાદ=તહોમત. અભિલાખી=ભૂખ્યા. શોર=ગરબડ. યશ=કીર્તિ. આકળી કીધી=ગભરાવી. જુગદીશ=ઇશ્વર.

૧૫-દુઃખોદ્ગાર=દુઃખના વચન. કરતું=કર્મ. નરતું=નબળું. બ્રાહ=મગર. દુઃખની ધીર=દુઃખ સહન કરનાર. કેની અને કોણ તણી=કોની દીકરી અને કોની સ્ત્રી. દોહલે=દુઃખથી. રાતડી=રાતી. સાખી=સાક્ષી. વુઠયા=પ્રસન્ન થયા. વિશ્વાધાર=ઇશ્વર. અંતરીક્ષ=ઉંચેથી. પાગે=પગે. સાધ=સાધ્વી; સતી.

૧૬-મનમુદા=મનમાં આનંદ રાખીને. પદબંધ=કવિતામાં. અપૂજ્ય=જેની કોઇ પૂજા કરતું નહિ. તવ=ત્યારે. તતખેવ=તરતજ. કર્પૂરગૌર=કપૂરના જેવું

સંકેત. જાન્હવી=ગંગા. નિલવટ=કપાળ. રુંદમાળા=ખોપરીના હાર. વાઘાંબર=વાઘના ચામડાનું વસ્ત્ર. શંગી=સીંગડું. કૃતાર્થ થયો=ઇચ્છા પૂર્ણ થઇ. ગ્રહ્યો=પકડયો. વિહાર=રાસ. તૃણવત્=ઘાસના તણખલા જેવો. ગૃહસ્થાશ્રમ=ઘરસંસાર. પરમ=ધણી. મુદ્રા=છાપા. અહર્નિશ=રાત દહાડો. તદાકાર=પૂરેપૂરા. નિર્ગમે=પસાર કરે. વિશ્વંભર=ઇશ્વર. ઘરસૂત્ર=ઘરસંસાર. આણું=તેડું. બહુ દામ=ઘણો પૈસાવાળો. ગુમાન=ગર્વ. દુબળી=ગરીબ. સાસરવેલ=સાસરીઆં. લઘુવેશ=હીંગણો. પ્રીછે=જાણે. સાદર=માનસહીત. ઓરીઓ=લહાવો. આચાર=રીત. દામણી=દયામણી. મહીયર=પીઅર. ફગો=છાકીને બોલો. મીશે=બહાને. આડા=મમત. અત્ર=અહીંઆ. તુષ્ટા=ખુશ થયા. આશંક=શંકા; વહેમ. લાખ ટંક=લાખ રૂપીઆ. મેરૂ=પર્વત. ઋષિરાય=ખોંખલો પંડયો; ગોર. સદ્ય=ઝડપથી. સાંગી=ગાડીપરની બેઠક. સોટા ભાંગી=ભાંગેલા સોટાવાળી. તળાવા=પૈંડા ભેરવવાના ખીલા. પીંજણી=ધરી ઉપરથી પૈંડુ નીકળી જતું અટકાવવાને આડું મુકેલું લાકડું. સંપુટ=દાબડી. વક્ર=વાંકા. રોક=રોકડું. વસાત=વિસાદ; માલ. દોદશ=બન્ને તરફથી. ચંગ-એક જાતનું વાજું. મેર=પર્વત. સુરભિ-ગાય. વચ્છ=વાછરડું. લવણ=મીઠું. ઉપહાસ=મશ્કરી. આસામી=માણસ. (જેને પેરામણી કરવાની છે) પાંસુ=ફોકટ. ગોઠ=ગમ્મત; ઉજાણી. ફોફળ=સોપારી. તાસ=કસબના તારનું લુગડું. ઘરસાડી=એક જાતની સાડી. મોરવી=મોરની ભાતવાળી. નાટ=ઝીણાં કુમાસનું લુગડું. થાન=તાકા. કાતી=કાતર; કપટ. વિપરીત=વસમુ. દોહલો=ગરીબ. ચેષ્ટા=મશ્કરી. કંદર્પ=કામદેવ. છળવા=મશ્કરી કરવા. વ્યંગ=વાંકું. સમોવણ=ટાઢું પાણી. સાધ=સાધુ. શિરોમણી સાધ=સાધુમાં મોટા. માગે માન=કાલાવાલા કરે. પ્રતીત પારખવી=ખાતરી થવી. રજની=રાત. મામ=આબરૂ. ટોપીવાળા=સાધુ. સાકરપેં=સાકરના જેવી. વેસર=વાળી. ઠંડોળી=મશ્કરી શણગટ=ઘુમટો. વહેવારીઆ=મોસાળીઆં. પનોતી=માનીતી; લાડકી. સાદર=અભિલાષા; લહાવો. ભેદીઆ=લીન થયા. કમખા=કાંચળી; કાપડાં. નંદાનંદ=નંદને આનંદ આપનાર (કૃષ્ણ). વૃંદાવનચંદ=વૃંદાવનના ચંદ્ર. (કૃષ્ણ). દોહેલા=વસમા. પ્રતિપાળો=રક્ષણ કરો. અંબરીશ સૂર્યવંશી રાજા-શર્યાતિનાં સંતાનમાંના એક એ મોટા વિષ્ણુ ભક્ત હતા. શંખાસુર=એ નામનો એક દૈત્ય-એને કૃષ્ણે માર્યો હતો.

કચ્છરૂપ=કાચબાનો અવતાર. હિરણ્યાક્ષ=કશ્યપનો દિતિથી થએલો પુત્ર; હિરણ્યકશિપુનો ભાઈ, એને વિષ્ણુએ વરાહ અવતાર લઈ માર્યો હતો. અજા-મેલ=દ્વાપર યુગમાં થએલો કનોજનો એક બ્રાહ્મણ. પદવી=મોક્ષ. પ્રહલાદ= દિતિના પુત્ર હિરણ્યકશિપુનો પુત્ર, એ મોટો વિષ્ણુ ભક્ત હતો. ધ્રુવ=પહેલા મનુના પૌત્ર ઉત્તાનપાદનો પુત્ર; એની માનુ નામ સુરતી; અપરમાના મહે-ણાથી રીસાઈ નારદના કહેવાથી અરણ્યમાં જઈ એણે મોટું તપ કર્યું હતું, જેથી વિષ્ણુ એનાપર પ્રસન્ન થયા હતા. પુશ્ચલી=વેશ્યા. ઉચ્છિષ્ટ=ખાધેલું. બદ્રી=બોર. શબરી=રામની ભક્ત; એણે ચાખી ચાખીને રામને માટે બોર રાખેલાં, રામે તે બોટેલાં છતાં ખાધા. લંકાધીશ=લંકાનો રાજા. ગ્રાહ=મગર. બટુક=ઠીંગણો. પાર્થ=અર્જુન. હરિશ્ચંદ્ર=સૂર્યવંશનો એક સત્યવાદી રાજા. સુધન્વા=ચંપાવતીના રાજા હંસધ્વજનો પુત્ર, એ મોટો વિષ્ણુ ભકત હતો. ખગ=પક્ષી. વિદુર=ધૃતરાષ્ટ્રનો નાનો ભાઈ; એ બુદ્ધિમાન, નીતિમાન, અને ચતુર હતા સુદામા=વિદર્ભ નગરનો રહેવાસી એક બ્રાહ્મણ; કૃષ્ણનો સહા-ધ્યાયી મિત્ર. મઘવા=ઇંદ્ર. લીલા=સહેલાઈ. દાવાનળ=વગડાનો અગ્નિ; બાળ-પણમાં કૃષ્ણે એનું પાન કર્યું હતું. અર્ચા=પુજા. ચર્ચા=નિંદા. દક્ષ=ચતુર. કલ્પવૃક્ષ=મનવાંચ્છિત ફળ આપનારૂ એક સ્વર્ગનું ઝાડ, ચૌદ રત્નમાનું એક. કળા=તેજ. જમ થઈ લાગ્યા છે=દુ:ખ દે છે. પિગાણી=ધુપેલની વાડકી. વટી=પસાર થઈ. રંગ=મોજમઝા. શર્વરી=રાત્રી. પય=દુધ. નાપિક=હજામ. વપન=હજામત. મહિષી=ભેંસ. ધોળાપર કાળું ન જાણતાં=લખતાં વાંચતાં ન આવડતું. હાંકી=ખોંખારો કર્યો. પલવટ=કમ્મર બાંધી. પામરી=રેશમી પીછોડી. બુસટીઓ=બુસટ (કંકુવાળે હાથે તમાચો મારવો તે) મારનાર. ખિરોદત=ભાતવાળું રેશમી કપડુ. રામા=સ્ત્રી. ભામા=ફાંફા. કબાય=કીનખા-બનો જામો. મગીઆ, અસાવળી, દોરીઆ, નીમા, પછેડી, કલગેર, નાટ, દરીઆઈ–આ બધાં જાત જાતનાં વસ્ત્રોનાં નામ છે. દુગદુગી-સ્ત્રીને પહેરવાનુ ઘરેણું. અકોટી=કાનનું ઘરેણું. ટોટી કાનનું ઘરેણું. ગળુબંધ=જડાવ ગલેપટો. ભમરી, સેંથો ને ત્રસેઠીઆ=એ ઘરેણાના નામ છે. શીશફુલ=માથાનું ફુલ.

ઓળે=પગે લગાડે. વાચા=વચન. સારંગપાણુ=વિષ્ણુ. ઓળી=જોડી. યથા-બુદ્ધિ=બુદ્ધિ પ્રમાણે.

૧૭–ઝાડુવાં=ઝાડ. માંજાર=બીલાડી. શ્વાન=કુતરો. નિર્મુખ=ભૂખ્યાં. ગવાનીક=ગૌ ગ્રાસ. વાધલાં=વલખાં. હુતાશ=અગ્નિ. અધ્યાત્મ=મનની. માયા-વરણ=માયાનો પડદો. ભૂધર=કૃષ્ણ. મનવાંચ્છિત=મનનું ઇચ્છેલુ. દ્રુમ=ઝાડ.

૧૮–દેવકી=દેવકની પુત્રી; કૃષ્ણની મા. માન માગવુ=કાલાવાલા કરાવવા. ઉગ્રસેન=દેવકીના કાકા. સેસ ભરવી=વર અથવા કન્યાના હાથમા નાળીએર, પાન, સોપારી, રૂપીઆ વગેરે મૂકવાં તે. વેણી...ભરી=સેસ ભરતી વખતે કાકીએ વેણી ગુંથી હતી તે વીખરાઇ ગઇ. સાવલીઓ=હોડ. પાવલીએ=પગે. ગજગામની (ગજગામિની)=હાથીના જેવી ચાલવાળી.

૨૦–રીઠી મજબુત. થયલી=નીવડેલી. ઉછંકળ (ઉચ્છૃંખલ, ઉત્=નથી, શ ખલા=બધન, વિચારરૂપી બધન જેને નથી હોતું તે)=ઉદ્ધત. નેતરૂં-વલો-વવાની રવૈને બાધેલું દોરડું. સુરવધુ=દેવની સ્ત્રીઓ. અંબા=મા. (જસોદા) કૌતક=લીલા. રીસે તરડીયુ=ગુસ્સાથી કપાળે કરચલીવાળુ. ખાટળીઆળા=વાંકડીઆ, રેણું=ધૂળ. ગોરસ=દહીં. તક્ર=છાસ. કમળપે=કમળથી. ભોમ્ય=ભૂમી. કમળપે...ધરેરે=કમળ કરતાં પણ કોમળ પગ કઠણ જમીન ઉપર મૂકે છે. મયા=દયા. આવારકો=આટલી વખત.

૨૧–સુભદ્રા–દેવકીની પુત્રી, કૃષ્ણની બહેન; અર્જુનની સ્ત્રી. સાસર-વાસો=છોકરીને સાસરે વળાવતી વખતે માબાપ તરફથી લૂગડાં, ઘરેણાં વગેરે આપવામાં આવે છે તે. આભ્રણ (આભરણ)=ઘરેણાં.

૨૨–જાુજવાં કીધા=કઢાડયા. મૃત્યુક=શબ. અહિલોચન=શોણિતપુરના મયદાનવનો પુત્ર. મયને કૃષ્ણે માર્યો હતો; તેનુ વેર લેવાને અહિલોચન મહાદેવ પાસેથી વજ્રપેટી લાવ્યો ને તેમાં કૃષ્ણને ગોંધી મારી નાંખવાના વિચારથી તે માથે મૂકી કૃષ્ણને શોધવા નીકળ્યો, પણ રસ્તામાં કૃષ્ણે કપટ કરી તેને પેટીમાં સુવાડી તે બંધ કરી દીધી. આખરે અહિલોચન અકળાઇને મરણ પામ્યો. તેણે પછી સુભદ્રાને પેટે જન્મ લીધો તે અભિમન્યુ. હંસ=

છવ. હરિભગિની=કૃષ્ણની બ્હેન; સુભદ્રા. મરકલડે...તાણ્યુ=મો મલકાવ્યું. ઠંઠોળી=મજાક. ટબકલી=ટપકાવાળી.

૨૩–પ્રોઢી (પ્રૌઢી)=મોટી. ઘરસૂત્ર=ઘરસંસાર. અર્ધાગ પુણ્ય વિભાગ= અર્ધાંગના (સ્ત્રી) નો પુણ્યમાં ભાગ છે. વામે=નાશ પામે. છિદ્ર=કલંક. ગૃહિણી=સ્ત્રી. વાયક=વાક્ય, વચન. ઝુઝે=વૃદ્ધિ પામે. તોલ પકડે=વક્કર પોષાય. રામા=સ્ત્રી. ગેહ=ઘર. સદન=સ્થાન, ઘર. ભડ=શુરવીર. નેટ=નક્કી. જસો=જેવો તસ્કર=ચોર. તસો=તેવો. હીનસુખ=સુખ વિનાનો. કશી=નકામી. સંગ=સંગથી. નેહ=સ્નેહ. સફળ ફળે=કૃતાર્થ થાય. ફળે=સંતતિ. બાંહે=સાથે. તરણ=ઘાસ. ગર્દ કરવુ=વશ કરવું. મેરી=સ્ત્રી. દામણો=દયામણો. અયુત=દશ હજાર. દેયણ= આપનાર. કર=કરનારી. ખાંત=ઉમેદ. સારખી=સરખી. સહિયે=સહે.

૨૪–સપન=સ્વપ્નુ. માનની=સ્ત્રીઓ. ટાડે=બારણે.

૨૫–નંદના નંદન=નદના છોકરા કટિ=કેડ. લીલવટ=કપાળ. ખિટલી- આળા=વાંકડીઆ. નવનીતપ્રિય=માખણ જેને વહાલું છે એવા. કોકા દઈને કંઠ લપટાવે=ઓકી કરી કોટી કરે. ભામણાં=ઓવારણા. નેતિ (ન+ઇતિ=છેડો) =અનંત. નિગમ=વેદ.

૨૬-વારણે જાય=ઓવારણાં લે. વારૂ=ઓવારી નાંખું. પંકજ=કમળ. લોચન=આંખ. પકજ લોચન=કમળ જેવી આંખ. કપોળ=કપાળ. નાસિકા નાક. દિપક=દીવો. અધુર=હોઠ. અરૂણ=રાતા. મેઘસ્યામકાંતિ=મેઘના જેવી શ્યામ કાંતિવાળી. ભ્રકુટી=ભ્રમર; ભવાં. ભાળ=કપાળ. દંતુડી=નાના દાંત. મદન= કામદેવ. સાંગલુ=નાના છોકરાને ડોકમાં પહેરવાનુ ઘરેણુ. આભ્રણ (આભરણ)= ઘરેણાં. ગ્રહી=ઝાલીને. કીલકીલાકાર=કીકીઆરી કરીને. મરકત=લીલમ. કારંડ=એક જાતનું પક્ષી. સમાણી=સરખી સખા=મિત્ર. ધાઈ=દોડી. શેપ= શેષનાગ. નેતિ=અંત વિનાનો. નિગમ=વેદ ફુલરાવી=મલાવીને. સુભાગી= ભાગ્યશાળી. પરીક્ષા કરે=જાણે. જુગલકિશોર=કૃષ્ણ બળરામ

૨૭–પ્રેમઅંશ=પ્રેમવાળો. જરે=પચે. પાખે=વિના સક્કરખોર=સાકરમા રહેનાર કીડો. ખર=ગધેડું. ક્ષાર=ખારૂં. વગળવંશી=વર્ણસંકર મત્સ્યભોગી=

માછલાં ખાનાર. મુક્તાફળ=મોતી. ચંચુ=ચાંચ પુંઠ ફરે=સામુ જુએ. દયા પ્રીતમ=દયારામના વહાલા. ગોવર્ધનધારી=ગોવર્ધન પર્વતને ધારણ કરનાર; કૃષ્ણ વરે=પ્રસન્ન થાય.

૨૮–સમવોડ=અરોબરીઓ. ઉદ્યોતપુર=ઉદેપુર. પરી=જુદી. દિનરેણ=રાત દહાડો. અંબર આભ્રણ=લુગડાં ઘરેણાં. અવાસ=મહેલ. પ્રેર્યો=મોકલ્યો. અનુચર=ચાકર. રાતડો=રાતો (ગુસ્સાથી). લગન=સ્નેહ. છોભો=શરમાયો. પયપાન=પાણી પીવું તે શિક્ષા કરી=શિખામણ દીધી સવારૂં=વખતસર

૨૯–આરાધ્યું=પુજ્યું. અવિનાશી=નાશ વિનાના; પરમેશ્વર. નિરંજન=તેજોમય. પરમનિધાન=સદ્‌ગુણી. ઉછંગ=ખોળો. અપર મા=સાવકી મા. વાંછો=ઇચ્છો. દત્ત=આપેલું. વિત્ત=પૈસો. તન=પુત્ર. અન્ય=બીજું સાલે=દુઃખ થાય. પરઠયો=બનાવ્યો. દમાશે=દુઃખ અપાશે. કટી=કમ્મર. થંભીને રાખ્યાં=અટકાવ્યા. સવત્સી=વાછરડાવાળી સુવાસણી=સૌભાગ્યવતી કાળ=ગુસ્સો. કલ્લોલ=આનંદ. ચેત=મન. સરીગત=સાથી. લાખ લાખેણો=માનીતો. અલ્પાશન=થોડું ખાવું તે પ્રાશન=ખાવું તે મકરાકાર=માછલીના આકારના. કટીમેખલા=કંદોરો દ્વાદશ=બાર. ખટ=છ. અરણ (અરણ્ય)=જંગલ વરાંસે=લીધે. મોળીયું=ફેંટો. રૂખ=ઋષિ. પ્રાશ=ખોરાક. અશરણશરણ=નિરાધારને આશ્રય આપનાર. અમર=દેવતા. અર્થ=ધન. વ્યર્થ=નકામુ નરહર=વિષ્ણુ. વર=વરદાન. વાહી=પટાવીને. જુજવો=જુદો. એકાવળ હાર=એક શેરની મોતીની માળા. શ્રીપત્ય=શ્રીપતિ; લક્ષ્મીપતિ; વિષ્ણુ. પોતીરળી=આનંદ થયો. અંકુર=કણ. ગીર્વાણ=શાસ્ત્ર. મત્સર=અદેખાઈ.

૩૦–ચટકી=ચટપટી. મારગ (માર્ગ)=રીતરિવાજ. ઉપરણી=ધાટડી રાજેનો સ્વામી=કૃષ્ણ અવિચળ=કાયમનો. ચરણામૃત=પગ ધોએલું પાણી. ફુલ જાસુ=જાસુસનાં ફુલ. ધીંગડમલ=તોફાની; જોરાવર સાખો=સાક્ષી.

૩૧–ભીમક=રૂક્ષ્મણીનો બાપ. રૂખમૈયો=રૂક્ષ્મણીનો ભાઈ. ક્ષેમ=કુશળ સમાચાર વનિતા=સ્ત્રી. તોરણ=દરવાજો. મસ=બા'નું. ભવ=શીવ. સચરાચર=સર્વવ્યાપક. બંદીજન=ભાટ. ગાંધર્વ=સ્વર્ગના ગવૈયા. પ્રલય થાય=નાશ પામે.

૩૨-નંદનંદન=નંદને આનંદ આપનાર; કૃષ્ણ. વંદન=વંદવા યોગ્ય. રજ=ધૂળથી. કુબ્જા=કંસની દાસી. એ કદરૂપી હતી. કૃષ્ણને ચંદન ચડાવવાથી એણે એને સ્વરૂપવાન કરી મુક્તિ આપી હતી ચાર યુગ=સત્ય, ત્રેતા, દાપર, અને કળી. ચાર યુગ પરિબ્રહ્મ=ચારે યુગના ઇશ્વર. રાજત=વિરાજે છે. મધુપુરી=મથુરાં. વંસીવટ=જે વડના ઝાડ નીચે કૃષ્ણે વાંસળી વગાડી હતી તે. તટ=કીનારો નિકટ=પાસે. ધુની=અવાજ. ત્રિલોક=ત્રણે દુનિઆ, સ્વર્ગ, મૃત્યુને પાતાળ. અષ્ટ સિદ્ધિ નવનિધિ=સર્વ પ્રકારની સંપત્તિ અહિ=નાગ ઘનસ્યામ=વાદળના જેવું શ્યામ શરીરવાળા. કૃષ્ણ. લટપટ=ભપકાબંધ. પેચ=પાઘડીના આંટા. રસપટ=રસિક ગોપ=ગોવાળ. કુંજ=ઝાડી. દનુજ=દૈત્યો ધારણ=ધરનાર. કૃષ્ણાષ્ટક=કૃષ્ણ સંબંધી આઠ શ્લોકનો સમૂહ નિશદિન રાત=હાડો.

૩૩-વનચર=જંગલમા વસનાર; વાનર, હનુમાન મુદ્રિકા=વીંટી. કળ=ચેન ઝાળ=સંતાપ. કુશળ=આરોગ્ય. કપૂર=સીતા. કાગ=કાગડો; રાવણ. નમેરા=નિર્દય. મુનિવ્રત= ન બોલવાનો નિયમ. શ્રીપાત=સંન્યાસી. ઉપવીત=જનોઈ.

૩૪-પાગ=પાળ. અંતરયામી=મનની વાત જાણનાર. ગરદ=ધૂળ. માન મણિધરનુ લીધુ=સાપને છંછેડયો. આભ=આકાશ. શુ=સાથે દુરમતિએ ..જાશું= આ વચન રામ લક્ષ્મણના છે. વેર હાથે શું વાસ્યુ=જાણી જોઇને વેર બાંધ્યુ.

૩૫ મઢિ=ઝુંપડી. રાજે=રાજ. લતાઓ=વેલીઓ રૂખ=વૃક્ષ. ત્રબાળુ=મોટી નોબત.

૩૬-ધુત=જુગાર. ગર્થ=પૈસો. બહુનામી=ઘણા નામવાળા. હંકારી=ખોંખારી.

૩૮-વધૂ=વહુ. મર્મ=ભેદ. વણસાડો=બગાડો વિરામ=આરામ એન=સારી. રોષ=ગુસ્સો. ભવના પાસો=દુનીઆના બંધનો

૪૧-સીતામુખચંદ્ર=સીતાનુ ચંદ્રરૂપી મોં. મંગળ=શુભ આશીર્વાદ. ક્ષમા જામ=શાંતિનો પ્યાલો. દંપત (દંપતિ)=જોડું. નિધાન=ઠેકાણું. નૂર=તેજ. રંગ=ખૂબી.

૪૩-ગમના=ભાન. મના=વહેમ. પ્રબોધે=શીખામણ આપે. સાજી=ચોખ્ખી. કથ્યાં=કહ્યાં. કથન=વાત.

૪૪–ખગોળ આકાશ સંબંધી જ્ઞાન. તવારીખ=ઈતિહાસ. પ્રયોગ=અખતરા. અલબેલી=સુંદર. અકોટી=સ્ત્રીને કાને પહેરવાનું ઘરેણું. નયની=આંખવાળી.

૪૬–પ્રભાવથી=મહિમાથી. વાચ=વચન. અહમેવતા=મોટાઇ.

૪૭–ડુબ્યાં દરીએ જહાજ=નાખુશ થાય. બાંહ્ય ગ્રહ્યાની લાજ=મારી ફીકર તમનેજ છે અવની=ધરતી. અવર=બીજો.

૪૮–ઉષ્ણકાળ=ઉનાળો. તરૂતળે=ઝાડ નીચે. ઝખે=મળવાની આતુરતા રાખે. અવધે=મુદત પુરી થતાં.

૪૯–રઘુકુળભાણ=રઘુવંશના સૂર્ય; રામચંદ્રજી. વેરાન=ઉજ્જડ. નિદાન=મૂળ. ઉચ્ચાટ=ચિંતા.

૫૦–મજીઆરો=એકઠાપણું. નિવાસ=ઠેકાણું. નવીન=નવા. અખૂટ=નહી ખૂટે તેટલું.

૫૨–નિર્ધાર=ખચીત. ધરૂણી=સ્ત્રી. આદ્યશકિત=અંબા; દેવી. આદે=અગાઉ. આદિ=વગેરે. હેવાન=મૂર્ખ.

૫૩–ભામણાં=ફાંફાં. અજપજાપ=મનમાં જપ કરવો તે. દીક્ષા લો=શિષ્ય બનો. રતિપતિ=કામદેવ. વર=વરદાન. ભેદ=ભગાણ. સ્યામશરીર=કૃષ્ણ. વૃક્ષ=ઝાડ. વિષ=ઝેર. વંદન=પ્રણામ.

૫૪–સૂક્ષ્મ=બારીક. સાવ=બધુ. પ્રયોજન=કારણ. પ્રૌઢતા=ગંભીરતા. આદર=માન. અજ્ઞ=મૂર્ખ. મર્મસ્થાન=કાળજું. રતિમાત્ર=જરાપણ. અલ્પ=થોડો. વિહાર=આનંદ બર્કી=ધાંટા પાડીને. વર્ણ=ચાર છે; બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શુદ્ર. આશ્રમ=ચાર છે; બ્રહ્મચર્ય, ગૃહસ્થ, વાનપ્રસ્થ અને સન્યસ્ત. અનુજ્ઞા=આજ્ઞા. સમય=સઘળું. ટાણું=પ્રસંગ. કટાણું=ખોટો વખત. અંગના=શરીરના. અંગના=સ્ત્રી.

૫૫–ત્રિગુણાત્મક=ત્રણ ગુણવાળા; સત્વ, રજ, તમ. ભૂધર=ઇશ્વર. શંકા=વહેમ.

૫૬–અપટ=બેસમજ લવરી=નકામી વાત. ચપળા=વિજળી. વિમળ=સ્વચ્છ. રમા=સ્ત્રી. અપ્સરા=સ્વર્ગની નૃત્ય કરનારી સ્ત્રી પાક=રસોઈ સદન=

૫૨. મુધું=કોઠ. હિણતી=વાંક કાઢતી. દારૂણ=ભયંકર. ઘોર=કબર. દુસ્તર=વધારે નાકારૂ.

૫૭–રાજે છે=શોભે છે. મારા. .કારમી=તુ મને ઘણો વહાલો છે. લોચન=આંખ. ઉચરજે=બોલજે. શ્રેષ્ટ=સૌથી સારો. અતોળ=સરખામણી ન થાય તેવો પંક્તિ=જાત સત્વર=ઝડપથી. ચૂર્ણ=ભૂકો નેષ્ટ=નઠારો વસિષ્ઠ-એક રૂષિ, એમના સો પુત્રોને વિશ્વામિત્રે મારી નાંખ્યા હતા છતાં પણ એ ગુસ્સે થયા નહોતા. પરદુ:ખભંજન=પારકાનું દુ:ખ મટાડનાર. નિશ્ચળતા=અડગપણું. ધ્રુવ=ઉત્તાનપાદ રાજાના પુત્ર, એણે ભારે તપ કરીને વિષ્ણુને પ્રસન્ન કર્યા હતા

૫૮–નિર્ગમીએ=ગુજારીએ સગુણ=રસીલુ. મનુજસમૂહે=માણસના જથામા. કુટિલતા=લુચ્ચાઈ

૫૯ તરૂવૃંદ–ઝાડના ઝુંડ. અનિલ=પવન. રવ=અવાજ. અમીરસ=અમૃત.

૬૦ ક્ષણિક-થોડીવારની. ઉદર=પેટ. સતત=હમેંશા. સુષુપ્તિ=ઉંઘ. ઘરસૂત્રવતી=ગૃહિણી વહાય=પટાવે. તૈલઅભ્યંગથી=તેલ ચોળીને બેશ=સુંદર. સ્ફુટ=ચોખ્ખું. સકળ=બધા. રવિ=સૂર્ય. શશી=ચંદ્ર. ગિરિ=પર્વત. નદ=નદી. અસ્તિત્વ=હોવાપણું.

૬૧–અધીનતા=તાબેદારી. શશીશી=ચંદ્રના જેવી.
સુવદના=સારા મોવાળી. પાદઅગુષ્ઠ=પગનો અંગુઠો; કીરણ. સુખદ=સુખ આપનાર; પતિ; સૂર્ય. અનવદ્ય=અનુપમ. હૃદ્ય=આનંદદાયક. વલ્લી=વેલી. અફલા=ફળ વિનાની. નમાલી=માલ વગરની. પદ્મિની=કમળનું ફુલ. નાદાર=રાકડી. રાગ=સ્નેહ. ભવ્ય=મોટા. ગૃહસ્થ=ઘરમાં રહેનાર. ગેહ=ઘર. તડિત=વિજળી.

૬૨–ઉપહાસ=મશ્કરી. વપુ=શરીર. રવિવંશજ=સૂર્યવંશમાં જન્મેલા; રામ. સાહ્ય વિહીન=મદદ વગર. અબ્ધી=સમુદ્ર. નહિ...થતા=તે વખતે તમે કે દશાનન (રાવણ) તેને સહાય કરવા ગયા ન હતા. ઘટ=ઘડો. વિચક્ષણ=ચતુર. મઘવા=ઇંદ્રિ. હરવી=હરાવીને એક=એકજ; અજીત. શૂકર=ભુંડ વિધિ=બ્રહ્મા. ગ્રહેશ=ઘરના કારભરી. અવની=પૃથ્વી. સ્નિગ્ધ=માયાળુ. માયા=વહાલ રવપ-

રાક્રમ...મયા=પોતાના પરાક્રમથી બાપની કૃપા મેળવનારા. પ્રભુતા=મોટાઈ. પંકજ=કમળ. ભરચ્છક=ભરપુર. વર્ષા=વરસાદ. પણ...થવા=પણ સંપૂર્ણ કીર્તિ જોખી થવા. સ્થાયી=કાયમનું. ક્ષણભંગુર=થોડીવારમાં નાશ પામે એવું. રતિ= પ્રેમ. કુળજા=કુટુંબની સ્ત્રીઓ. નકરી=તેવી સ્થિતિમાં. વિરતિ=અટકાવ. કુણ્ઠિત=બંધ થએલી. તુષ્ટિ=સંતોષ. વક્કર=આબરૂ. અજેય=નહિ જીતી શકાય એવું. અણુ=જરાપણ. ગજકુંભ...ડરે=જે સિંહ હાથીના ગંડસ્થળ સિવાય બીજા કોઈ ભાગપર હુમલો કરતો નથી; મેઘ ગર્જના જરાપણ સહન કરતો નથી; અને મદદ વગર મોટા પ્રાણીને હરાવે છે, તે સિંહ શિયાળથી કેમ બીશે. નક્ર=મગર.

૬૩–સુભ્રુ=સારા ભવાંવાળી; સુંદરી. ભૂત=પ્રાણી. જામાત્ર=જમાઈ. નિઃસંગ=એકલવાયાં. ઉછરંગ=આનંદ. ભવન=ઘર. પ્રભુત્વ=મોટાઇ. સમવય= સરખી ઉંમરના. વરવા=બેડોળ વાઘાંબરી=વાઘના ચામડાના વસ્ત્રવાળા ત્રિપુ- રાર=શંકર. હાસ્ય=મશ્કરી. સર્વથા=કોઈપણ પ્રકારે. નિવેદજે=કહેજે. વૃત્ત=વિગત. વાચક=વચન સત્વે...હોમવાનો=તમારા દ્રૂપીના શરીરથી બનેલો મારો દુર્ભાગ્ય અને દોષવાળો દેહ તમારા ખોળાને યોગ્ય રહ્યો નથી તેથી આ પળે હું તેને અગ્નિમાં હોમીશ. પ્રાક્તન=આગળના. હુતાશન=અગ્નિ. પાતક=પાપ

૬૫–તલસે=તલપે. પત્રરચના રચતા=પત્રના જુદા જુદા આકારમાં ગોઠવતા. પળશી=સેવા.

૬૬–તર્પણ=સંતોષ. મરણ પછી=(સ્નેહીનું) મરણ થયાં છતાં પણ. ચિર=લાંબા વખતનું. પ્રણયમયતા=સ્નેહમયપણું. વિમળતા=પવિત્રતા. મૃદુ= કોમળ. અશ્રુ=આંસુ. હૃદયશુચિતા=અંતઃકરણની પવિત્રતા. પથિક=મુસાફર. ચક્ષુવાળાં=જ્ઞાનરૂપી આંખવાળા. શ્રમિત=થાકેલાં. અલ્પખંડો=થોડાથોડા ભાગો. સુઘટ સરણી=સારી રીતે રચેલી ઘટના. સુપ્રભ=પ્રકાશવાળી. જીગર=હૃદય. ઉદધિ=સમુદ્ર (સ્નેહરૂપી). ઔદાર્ય=ઉદારતા. અબુધ=ઓછા જ્ઞાનવાળી (તારી ભાભી).

૬૭–અમીશાં=અમૃત જેવાં. ભીડભંજન=દુઃખ ટાળનાર. ઉરજ્યોતિ= હૃદયનો પ્રકાશ. વિહાર=આનંદ. વિશ્વવિરાજીત=જગતમાં શોભતી. અમૃત

સ્મિત=અમૃતના જેવાં હાસ્ય, પ્રયાણુ=મુસાફરી. પ્રભાકર=તેજ આપનાર. અણિશુદ્ધ=સીધે રસ્તે. કંટક=કાંટા. અનિલ=પવન. મધુ=મીઠાં. વિલસે છે=શોભે છે. શતધાર=સેંકડો ધારાથી.

૬૮–અમોલ=અમૂલ્ય. ઉપવન=બાગ. નરસરિતા=સરોવર અને નદી રત્નાકર=સમુદ્ર

૬૯–ભુવન=ઘર. માનવઉર=માણસનુ મન. શુન્ય=ખાલી. આશ્વાસન=દિલાસો. મર્મ=ભેદ. અધિદેવી=મુખ્ય દેવી. પથે=રસ્તે. દ્વાર=બારણાં.

૭૦–સુશોહન=શોભાવનાર. મોહન=પતિ. મોહન=મોહ પમાડનાર રાગ=સ્નેહ. વામા=સ્ત્રી. લપટ=લહેર. બેશ=સારો. વસુધા=પૃથ્વી.

૭૩=વ્યોમ=આકાશ. વરહાસ=મધુર હાસ્ય. શશીરાજ=ચંદ્રમા. અનિલકુમાર=પવનરૂપી પુત્ર. પલ્લવ=ઝાડ; પાંદડા. વિલસે=આનંદ પામે.

૭૪–પડછંદા=પડઘા. હેરે=છાનામાના જુએ. મયંક=ચંદ્રમા.

૭૫–સદન=ઘર. પામરપાપ=અજ્ઞાનીના અપરાધ. દિનચર્યા=દિવસના કામકાજ. ઉન્નત=ઉંચા. શૃંગ=શિખર. પ્રભાવ=પ્રતાપ. શુશ્રૂષા=સેવા.

૭૬–ઉન્નત જીવનજલ=ઉંચા જીવનરૂપી પાણી. સલિલ અવગાહન=પાણીમાં નાહાવું તે. મનુકુલ તાપ=માણસ જાતના વ્યાધિઓ સૌમ્ય=શાંત. સ્ફટિક=એક કિંમતી પત્થર. વિશદ=નિર્મળ. લલિત=સુંદર. મ્લાનાત્મ=મલિન હૃદય. પ્રાણપ્રબોધ=પ્રાણને જાગૃત કરનાર ઉપદેશ.

૭૭–વહેણ=પ્રવાહ. ભૂતદયા=પ્રાણી માત્ર તરફ દયા.

૭૮–વૃંદ=ટોળું. જનકુંજ=જનસમાજ.

૭૯–સચરાચર=સ્થાવર જંગમ સર્વ વસ્તુ.

૮૦–સુમનસુંદર–ફુલના જેવી સુંદર સોહન=શોભાવનાર.

૮૧–અભિનવ=અવનવા. જોગવે=રક્ષણ કરે. યોગક્ષેમ=ધન ને સુખ. વહાલસોયાં=હેતવાળા. રાસરમણ=રાસક્રિડા.

૮૩–નંદનવન=ઇંદ્રનો બાગ. નંદિની=કન્યાઓ. સુરેખ=સારી રેખાવાળી. વિલસે=આનંદ કરે.

૮૪–આત્મિય=સગાં. કુરંગ=હરણ. સાન્ત્વન કરવું=શાંત કરવું. અશ્રુ=આંસુ. ભીરૂ=બીકણ. તર્ક=વિચાર. મનોજ્ઞ=સુંદર. ભીતિ=બીક. ત્રિજાબ્ધિ=જગતરૂપી સમુદ્ર. મગ્ન=ડુબેલું. પીયૂષ=અમૃત. પ્રણય=સ્નેહ. અભિન્ન=છેદ્છેલું. સહચરી=સખી. શર=બાણ.

૮૫–હાલાહલપૂર્ણ=ઝેરથી ભરેલું. પાત્ર=વાસણ. વિમુક્ત=છુટું. અપૂર્વ=અસાધારણ. કરસ્પર્શ=હાથનું અડકવું. અગમ્ય=સમજી ન શકાય એવું. વ્યાપારાંતરરુદ્ધ=બીજી બાબતમાં રોકાએલું. અવર્ણ્ય=વર્ણન ન કરી શકાય એવું. ભાનુ=સૂર્ય. દ્યુતિ=તેજ. તમિસ્ત્ર=અંધકાર. આત્મોન્નતી=આત્માની ચઢતી. સંસર્ગ=સંગ. શોણીત=લોહી. દુષિત=દોષવાળો. શીરા=નસો. સુધા=અમૃત. ઇચ્છું...તે=એ સંસારના ઝેરને અમૃત સમજવાને ઘણુંએ ઇચ્છુછું, પણ તેની અસર અમૃત જેવી થતી નથી. વિભેદ=ભિન્નભાવ. ભ્રાંત=ભમેલું. ત્રીશંકુ=અયોધ્યાનો સૂર્યવંશી રાજા હરિશ્ચંદ્રના પિતા. વિશ્વામિત્રે પોતાના તપોબળથી એને સ્વર્ગે મોકલ્યો હતો, પણ ઈંદ્રાદિ દેવતાઓએ એને નીચે દોળી પાડયો હતો. એ વેળા વિશ્વામિત્રે પોતાની શક્તિથી તેને નીચે આવતા અધવચ અટકાવ્યો. એથી રાજા આકાશને પૃથ્વી વચ્ચે લટકતો રહ્યો, ને પછી નક્ષત્રમાં એની ગણના થઈ. મુગ્ધ માણસ=મૂર્ખ માણસ. પદ્ય=કવિતા. કવન=કવિતામાં વર્ણન. વિધ્વંસ=નાશ. તદ્રુપ=તેના જેવું. અભેદરસિકે=અભેદને ચાહનારી. ઇતરથા=નહિતો. પંચત્વને પામશું=મરી જઈશું.

૮૬–વ્યતિક્રમ=ફેરફાર. ભાગ્યભૂ=નસીબરૂપી પૃથ્વી. આશાબ્ધિશોષ=આશારૂપી સમુદ્રનું સુકાઈ જવું. દુરિતોદય=પાપનો ઉદય. પરીક્ષણ=કસોટી. વિધિ=વિધાતા. ઉક્તિ=વચન. અંગિકૃતા...વ્યક્તિ=આ પાસે ઉભેલી સ્ત્રી મેં સ્વીકારી નથી. અંતઃપ્રવિષ્ટ=અંદર પેઠેલો. નિર્દુષ્ટ=દોષ વિનાનો. નિત્ય વસ્તુ વિનિવારક=હંમેશ રહે એવી વસ્તુને દૂર કરનાર. વિબુધો=દેવો. ધૂર્ત=ધૂતારા. વંચન=ઠગાઈ. વિપ્રવૃંદ=બ્રાહ્મણોનું ટોળું. મદહૃદય=મારૂં અંતઃકરણ. મતસપત્નીગણ=મારી શોકો. વ્યતિરેક=અભાવ. દયિત=સ્નેહી (પતિ). શુષ્ક=સુકું. સત્યાનૃતા=સાચી જુઠી. પ્રતીતિ=ખાત્રી. જગતીતળ=પૃથ્વીની સપાટી. સ્નેહ-

સિદ્ધિ=સ્નેહની ખાત્રી. શપથાદિક=પ્રતિજ્ઞા વગેરે. ક્ષુદ્રસંસૃતિ=તુચ્છ સંસાર. જવનિકા=પડદો.

૮૮–પ્યાસી=તરસી. નિર્વીર=શુરવીર વગરની. અસ્તાંગત=આથમી ગએલુ. રઢીઆળા=સુંદર, કાંતીવાન. સુદક્ષ=સારા ચતુર. બિરદ=પણ. દારા=સ્ત્રી.

૯૨–તેજોમય=તેજથી ભરેલું. સહચાર=સાથે ફરવું તે. વિધિનિર્મ્યાં=બ્રહ્માએ બનાવેલાં. સાર્થ=સાર્થક. સંચરીએ=ફરીએ. વ્યોમ=આકાશ. વિધિ ...જો=પરમેશ્વરે જોડેલા સંબંધ આખી દુનીઆમાં સાથે ફરીને સાર્થક શા માટે ન કરવાં.

૯૩-સ્વચ્છદે=મરજી મુજબ. ન્યૂન=અધુરૂં. સમભાગી=સરખી ઇચ્છાવાળું. અભિલખતું=ઇચ્છતું. સહચારી–સોબતી.

૯૪–ઉરસરિતે=હૃદયરૂપી નદીમાં. સંકોચ=શરમ. ઉભય=બન્ને.

૯૫ વિનીત=નમીને. કલાંત=થાકેલી. અંકે=ખોળામાં.

૯૬–સંગીતધરણા=સંગીતવાળા. ગૃહકુંજો=ઘરરૂપી બાગો. રવ ભરીયુ=અવાજથી ભરેલુ. વિલીન=તલ્લીન થવું. રસલોલ=રસથી ભરેલુ. વેણું=વાંસળી પ્રણય=પ્રેમ. આત્મયુગલ=આત્માની જોડ.

૯૮-પરીધાન કરી પહેરી. ઉભય=બંને. કૃષ્ટિ=કોઢવાળો. પતિત=ભ્રષ્ટ થએલો. સુરરાય=ઇંદ્ર.

૧૦૦–સરિતડી=નદી. ભડ=શરવીર. દેવી=રાણી. અમલાં=નિર્મળ. પ્રભુતા=મોટાઈ. અક્ષર=કાયમ.

૧૦૧–સમભાગિની=સરખો ભાગ લેનારી. સ્વાર્પણ=ભોગ કર્તવ્યોત્તમ સેવના=સેવારૂપી ઉત્તમધર્મ.

૧૦૨–ગંગાજમની–જુદાજુદા રંગના. રેણું=ધૂળ. ધેનુ=ગાય.

૧૦૩–મંજુલ=મધુર. સુધાસમ=અમૃત જેવી. ધૂનિ=ધૂન.

૧૦૪–મહીતળ=પૃથ્વીમા. ખ્યાતિ=કીર્તિ. પુનિત=પવિત્ર. આત્મપોત=પોતાનું તેજ. સ્પર્શમણિ=પારસમણી. ચપળા=વિજળી, ચાલાક. વિદારજે=દૂર કરજે. ભાવિ=ભવિષ્ય.

૧૦૫-ઉદ્યાન=વાડી. પરાગ-ફુલની રજ. અંકુર=ફણગા. ધૃતિ=ધીરજ. સુકુમાર=કોમળ મમતા=સરખો ભાવ. કલિકા=કળી. કુસુમ=ફૂલ

૧૦૬-અંગલટ=અંગરૂપી લાકડી. મચ્છુ=મોરબી પાસે એક નદી છે. પંથી=મુસાફર. બવળી=મોટી. ફળી=મહોલ્લો. શળીનું ફૂલ=શળીનું પાનું. મણુઝર=મણિવાળી (ભયંકર). અસાડીઓ મેઘ=અસાડના વરસાદના જેવા ધુરકતો. જેઠાણી...વીજળી=વરસાદમાં જેમ વીજળીના ચમકારા થાય છે તેમ જેઠની ધમકીઓ વચ્ચે જેઠાણી જરા જરા વેણબાણ મારતી જાય છે. કટકનો ઘોડો=લશ્કરના ઘોડા જેવી તોફાની.

૧૦૭-ઉન્નતિ=ચઢતી ગ્રહવા-લેવા. મૃદુ=કોમળ.

૧૧૧-આહ્‌લાદક=આનંદ આપનાર. કર=હાથમાં. બુદ્ધિપ્રદા=બુદ્ધિ આપનારી. મયુરવાહને=મોર ઉપર. સરિતે=નદીમાં.

૧૧૩-પદ્માસન=એક પગ ઉપર બીજો પગ ચઢાવીને બેસવું તે. કુમકુમ=કંકુ. અક્ષત=ચોખા. પ્રદાતા=આપનાર. સત્વ=સાર. ગ્રહીને=લઈને.

૧૧૫-અર્થી=કામવાળો. રવ=અવાજ. શુકસારિકા=મેનાપોપટ. બકુલ=બોરસળી. મલ્લીકા=મોગરો. માલતી=મોગરાની એક જાત. સુમન=ફુલ. સુવાસિત=સુગંધીદાર. મુદિત=આનંદી. જ્ઞાનસુધા=જ્ઞાનરૂપી અમૃત અંતરિક્ષથી=આકાશમાંથી. સમીર=પવન. વિદ્યુત=વીજળી. લતા=વેલી.

૧૧૬-યાવચ્ચંદ્રદિવાકર=સૂર્ય ચંદ્ર રહે ત્યાં સુધી. દિવ્ય=તેજસ્વી. નિવાસ=ઘેર.

૧૧૭-મીરાંત=પુંજી; દોલત. કાંબી=પગે પહેરવાનું ઘરેણું. વિંછુવા=છવીઆં. અણવટ=પગનું ઘરેણું. સાસરવાસો=છોકરીને સાસરે વળાવતી વખતે માબાપ તરફથી લુગડાં, ઘરેણાં વગેરે આપવામાં આવે છે તે.

૧૧૮-સાંઢ=ઉંટ. દોષ=પાપ. પશ્ચિમમાંય=દ્વારકાં. સુષુમણા-મધ્યનાડી. દુજો=બીજો.

૧૧૯-કનક=સોનું. કુરંગ=હરણ ત્વચા=ચામડી. ઉજાતો=દોડતો. કર્ણ=કાન. અનંત=અતિશય. લલુતા=શોભા. ચાપ=બાણ. જુજવી=જુદી. સાંસો=

ઢીલ, વિલંબ. લાંછન=કલંક. તનક=થોડું. હેલા=સ્ત્રીનો અનાદર. પેર=ફીકર. કેરણ=સંતાપ. શિલિમુખરેખા=બાણની લીટી. ક્ષુધાર્થી=ભૂખ્યો. અભિલાખા=ઇચ્છા. રૂધીરાળા=લોહીવાળા. વામે=દૂર થાય..

૧૨૦–હરિણાક્ષી=હરણના જેવી આંખવાળી. ભીતિ=બીક. વામશો=દૂર કરશો. ઘટઘટમાં=દરેક હૃદયમાં.

૧૨૧–નિ:સાર=સાર વિનાનું. શુષ્ક=લુખી. પ્રેમલુબ્ધા=પ્રેમથી લોભાએલી. વ્યાખ્યા=રટણ. આદેશ=હુકમ. ભિક્ષુકી=ભિખારી. પ્રણયવારી=પ્રેમરૂપી જળ. વર્ષા=વરસાદ. દીપ્તિ=તેજ.

૧૨૨–હોષ=હોંસ. અબળા–કર્તવ્ય–લક્ષ્ય=સ્ત્રીઓની ફરજનું નિશાન. કિરીટ=મુગટ. અભેદ=પરમેશ્વર. ઘરમોર=ઘરનો પાળેલો મોર. અનેરૂ–અસાધારણ. સ્મિત=હાસ્ય. જ્વલંત=પ્રકાશવાળી.

૧૨૩–કટુ=કડવા. પરહરે=તજે. સંયમ=મનને વશ રાખવું તે. શ્રેય=ભલું.

૧૨૪–રાશી=ઢગલા. તૃણવત્=તણખલા બરોબર. સ્મિત=હાસ્ય.

૧૨૫–સમસ્ત=બધી. ભાવી=નસીબ. સુરસાથ=દેવલોકો. આક્રંદ=વિલાપ. વ્યથિત=દુ:ખ પામેલું. કૃતાંત=પાપરૂપ કર્મ. સૌમિત્ર=લક્ષ્મણ. પતંન=પડવું તે. અશ્રુપાત=રૂદન. સહગમન=સાથે જવું તે. સુરેણુ=સારી રેતી. અયાચક=નહિ માગનાર. યાચન=ભીખ. ત્વરિત=ઝડપથી. ઉત્સુક=આતુર. પુષ્પવૃષ્ટિ=ફૂલનો વરસાદ

૧૨૬–અંતરાય=હરકત. તાડન=શિક્ષા. પાતકી=પાપી. ગુહ્ય=છાની. નિષ્કલંકી=ડાઘ ન લાગે એવી. મીલનસારી=મળતાવડાપણું. લાજમ=ઘટારત, વાજબી. ફારક-છુટા. આસક્ત=પ્રીતિવાળું.

૧૨૭-દિગવિજયી=ઘણા દેશ જીતનાર. સામંતશિરોમણી=સરદારોમાં શ્રેષ્ઠ.

૧૨૮–તરંગ=મોજાં. પરવશી=સેવા ચાકરી. ક્ષણભંગુર=ક્ષણમાં નાશ થાય એવું.

૧૨૯–સર્વ વ્યાપક–સઘળે વ્યાપી રહેલો. સર્વજ્ઞ=બધું જાણનાર. નિર્માણકર=નક્કીકર.

૧૩૦–પ્રાપ્ત કરવું=મેળવવું. સુદઢ=તંદુરસ્ત. સંપાદન કરવું=મેળવવુ. સામ=સમજુતી. દામ=લાલચ. ધોતાળપણું=ઉદારતા.

૧૩૧-રૂણાનુબંધ લેણુદેણી. સેવ્ય=શેદ. વમળ=ગુંચવણી.

૧૩૨-આતિથેય=પરોણાચાકરી. ઉદ્વેગ=સંતાપ. કથાશેષ=જેની માત્ર વાતજ થાય એવું. સ્મરી=યાદ કરી. ભળ ભાગે=મન મળે. લુલીબાઈ=જીભ. મુગ્ધ=રમુજી. દળ=પાંખડી. પરાગ=પુષ્પની રજ. કિન્નરકંઠ=કિન્નરના જેવુ ગળું. કામી=ઈચ્છાવાળો. અસ્ત=નિસ્તેજ.

૧૩૪-અનિવાર્ય=દૂર ન કરી શકાય એવો. અંતરાય=હરકત. સગીર=નાની ઉમરની. જાદવા સ્થળી-મોટી લડાઈ.

૧૩૫-નૂતન=તાજો. નિર્લેપ=ચોકિખ. તપસ્તેજ=તપનુ તેજ. જીર્ણ=જુનું. પરકાયપ્રવેશ=પારકાના શરીરમાં પ્રવેશ. પ્રોક્ષણ કરવું=છાંટવુ. ગ્રાસ=કોળીઓ. ઊર્મિ=ઉમળકો. ભક્ષ=ખાવાના. પ્રાશન કરવું=ખાવું. પ્રક્ષાલન કરી=ધોઈ. અભોજ્ય=ખવાય નહિ એવો. નિસ્પૃહ=ઈચ્છા રહીત. અંગિકૃત=રોકાએલી. મુખારવિંદ=મુખરૂપી કમળ. ચિત્તવિક્ષેપ=મનની ચિંતા. માયિક=માયાના. આવેશ=ઉભરો. અન્યથા=ખોટી રીતે. ચક્ર=પૈડા. નિર્માણ=નક્કી. ક્ષુધા=ભૂખ. સેવ્ય=સેવવા યોગ્ય. સ્વતઃ-પોતાની મેળે.

૧૩૬-ગર્ભિત=છુપું. પ્રતિષ્ઠા=દરજ્જો. અદિતિ=દેવોની મા પ્રકૃત=હાલનો. એકત્રિત=એકઠા. સપત્ની=શોક. ઉલ્લેખ=ઈસારો સૂક્ત=સૂત્ર. **संमजन्तु...नौ**=સર્વ દેવો અમારા બેઉના હૃદયને દેવ યજ્ઞમાં જોડો. સંયુક્તા વાયુદેવ અમારી બુદ્ધિને એકત્ર કરો. **ऋतस्य . दधामि**=પિતૃલોકમાં સારી યોનીમાં તને પતિની સાથે સુખ આપીશ. **तं . दिवः**=સ્વર્ગને ત્રીજે પગથીએ સુકૃત કરનારાનાં લોકમાં સ્વર્ગને પ્રાપ્ત કરનારા દેવો પત્ની, પુત્ર, ભાઈને ધન સહિત તેની **पत्युः...कम्**—પતિવ્રતા થઈને અમૃતને માટે તું ચિત્તને તૈયાર કર. પ્રતિપાદન=સાબીત થયું છે. બ્રહ્મવાદિનિ=વેદપર ભાષણ આપનારી. બ્રહ્મવિદ=વેદ જાણનાર. **मातृदेवोभव**=માતાને માન આપ. **प्रजातंतु माछेत्सि**=પ્રજારૂપી તંતુનો નાશ ન કર. વિરાગી=સ્નેહરહિત અમૃતત્વ=અમરપણું. આસક્તિ=પ્રેમ. ઉત્કટ=બળવાન. ક્ષંતવ્ય=ક્ષમા કરવા યોગ્ય. નિર્વચન=વ્યુત્પત્તિ. દાયાધિકારી=

ભાગના હિસ્સેદાર. દાયા=ભાગ. અનુકંપા=દયા. ઋચા=સૂત્ર. નિક્ષેપ=થાપણ. નિકૃષ્ટ=હલકું. નિસ્તાર=છૂટકો વિષયપરાંગમુખ=વિષય તરફ તિરસ્કારવાળો. અર્હંત=મોક્ષ પામેલો આત્મા. સ્વયંવ્યાખ્યાત્રી=પોતે વ્યાખ્યાન કરનારી. પરાગતિ=મોક્ષ. **आभिः...संस्तुता**=આ (કળાઓ)થી શોભેલી અને શીલ, રૂપ અને ગુણવાળી વૈશ્યા ગણિકા શબ્દથી ઓળખાય છે. તેને જાહેરસભામાં સ્થાન મળે છે અને રાજા અને ગુણવાન પુરૂષોથી તેના વખાણ અને પૂજા થાય છે. નિષ્પન્ન=નીકળવું. They...expeditions તેઓ સ્ત્રીઓને હરવા ફરવામાં મેળાવડામાં અને યુદ્ધના સમયમાં સાથે રાખવાનું ઈચ્છતા ત્રિગુણાત્મિકા=ત્રણ ગુણવાળી. ઉદ્ભવી આવે=પેદા થાય મહામાત્ય=મોટા પ્રધાન. **तथा...जीवति**=તેવીજ રીતે પતિના વિયોગમા બહુજ ખરાબ દુ:ખમાં આવી પડતા અથવા સ્થિતિનો ફેરફાર થતાં તે વિદ્યા વડે સુખથી જીવે છે. આજીવિકા=ભરણપોષણ. કુટિલ=લુચ્ચાઈવાળા. સ્વચ્છંદ= પોતાની મરજી. **बहुधनत्वात्...भाव्यम्**=ઘણો પૈસો હોવાને લીધે ઘણી સ્ત્રીઓ હોવી જોઈએ. **गृहिणी . ऋतम्**=સ્ત્રી, પ્રધાન, ખાનગી સલાહકાર. સારી કળામાં શિષ્યા એવી જે તું તેને કરૂણા વિનાના મૃત્યુએ હરતાં મારૂ શું હરી લીધુ નથી? (સર્વસ્ય હરી લીધું છે). સહિષ્ણુતા=સહનશીલતા. પ્રગલ્ભતા=હુંપદ. ઉપાલંભ=ઠપકો. ઉદ્ગાર=વચન. પરિવર્ત=ફેરફાર. પરાસ્ત= હારેલા. **भवादृशो...दुराशयः**=આપણા તરફ સ્ત્રીઓએ કહેલુ શીખામણનુ વચન તિરસ્કારરૂપ થઈ પડશે. પણ નારીની મર્યાદાને પણ છોડાવે એવા દુ:ખો મને બોલવાની ફરજ પાડે છે. **अद्वैत...रस**=સ્ત્રી પુરૂષનું જોડુ સુખદુ:ખમાં અને સર્વ અવસ્થામાં એકત્ર હોય છે. અને જે જોડામાં હૃદયની વિશ્રાંતી છે. અને આ એકત્ર જોડામાં વૃદ્ધાવસ્થાથી પણ નહિ છૂટે એવો રસ છે. પ્રતીત=ખુલ્લી. દાંપત્યસુખ=પતિપત્નીનુ સુખ. ઉપસ્થિત=રજુ નવશિક્ષિત=નવી કેળવણી પામેલી. બૅડમીન્ટન=એક જાતની દડાની રમત છે. નૂતનતા=નવીનતા. તજ્જન્ય=તેમાંથી પેદા થએલો. ઉપસંહાર=સમાપ્તિ.

૧૩૭-અંતઃપુર=જનાનખાનું. સંપાદન કરવું=મેળવવું. રાત્રીવિકાસી=

રાતે ઉગનાર. નિશ્ચલ=સ્થિર. મકરંદ=ફુલનું કેશર. કથાનકા=વાર્તા. રૂપક=નાટક. નિરૂપણ=અવલોકન. રંજન=ખુશી. અલ્પમતિ=થોડી બુદ્ધિ.

૧૩૮–અનાયાસે=વગર મહેનતે. અવલંબીને=તે પ્રમાણે ચાલીને. ધર્મપરાયણ=ધર્મમાં તત્પર. તાત્પર્ય=સાર. આવેશ=ઉભરો. વસ્તુતઃ=ખરેખર સ્પષ્ટિકરણ=ખુલાસો. અવલોકન=બારીક તપાસ. મશગુલ=લીન.

૧૩૯–બીરૂત્વ=બીકણપણું. ઉદ્દીપન=પ્રકાશીત. તદ્વત્=તે પ્રમાણે. શશીવત્=ચંદ્રની માફક. વિકસવું=ખીલવું. સમીચીન=સારૂ. પીંડ=શરીર ફીરસ્તો=દેવદુત. સ્થાયી=કાયમનું. સહૃદયતા=દયાળુપણું. સ્વાશ્રયી=પોતાનાપર આધાર રાખનાર. આત્મસંયમ-પોતાનાપર કાબુ. અનુકંપા=દયા. મનસ્વી=સ્વેચ્છંદી. તસ્માત્=તેટલા માટે. પરમાણું=રજકરણ.

૧૪૦–કૌમાર=કુમારી અવસ્થા. તારિકા=નાનો તારો. નિયમન=બંધન. ઉષ્મા=ગરમી. શુશ્રૂષા=સેવા. યથાશક્તિમતિઅવકાશ=શક્તિ મતિ અવકાશ પ્રમાણે. દૂરઅંદેશી=દીર્ઘદૃષ્ટિ. ભાવી=ભવિષ્યનુ. તત્વચિંતક=સારનો વિચાર કરનાર. રાજનીતિજ્ઞ=રાજનીતિ જાણનાર. મહાભાગ=ભાગ્યવાન. જનની માતા.

૧૪૨–અભેદનુ આકર્ષણ=ભિન્નભાવ તજાવનાર શક્તિ. મનવાર=મોટુ લડાયક વહાણ. ડાઈનમાઈટ=એક જાતનો ઘણા જોરથી ફાટતો દારૂ. બૅટરી=વીજળી ઉત્પન્ન કરનાર યંત્ર. થરમોમીટર=ઉષ્ણતા માપક યંત્ર વિકાર=ખરાબ વિચાર. ફાયરપ્રુફ=આગમાં ન બળે તેવું મીટર=માપવાનું યંત્ર. રેડીયમ=એક ધાતુ

૧૪૪–ભાવના=ઇચ્છા. નાતાલ=અંગ્રેજ લોકોનો તહેવાર. સંસ્કાર=મન પરની છાપ. વાત્સલ્યભાવ=બાળકો તરફ પ્રેમની લાગણી.

૧૪૫–ઉક્તિ=વચન. સમ્રાટ્=ચક્રવર્તી રાજા. સર્વવ્યાપી=સઘળે ફેલાએલુ. અયથાર્થ=ગેરવાજબી.

૧૪૬–ચંદ્રિકા=ચંદ્રનુ તેજ. ઐશ્વર્ય=વૈભવ. પલાશ=ખાખરાનું ઝાડ અનુરૂપ=યોગ્ય. નિસ્પૃહ=ઇચ્છારહિત. રત્નગર્ભા=રત્ન જેના ગર્ભમાં છે એવી. સંપાદન કર્યું=મેળવ્યું. નવવિવાહિત=તરત પરણેલી. શોચનીય=શોક કરવા જેવી. બિટંબણા=દુઃખ. અવધિ=હદ. પૂર્ણગર્ભા=પુરે માસે આવેલી. મહત્વ=મોટાઈ. વંદ્ય=નમવા યોગ્ય. પુનરૂજ્જીવન=ફરી જન્મ.

૧૪૭=પરિણીત=પરણેલી. અન્યોન્યના=એક બીજાના. શ્વશુર=સસરો વ્યતીત=ગાળવું. વ્યાવહારિક=દુનીઆદારીનું. વિરમવું=અટકવું. યત્કિંચિત= થોડું. વ્યક્તિ=રૂપ પુરક=પૂર્ણ કરનાર. પ્રસ્તુત=ચાલુ મનઃપૂર્વક=અંતઃકરણથી. બાધક=હરકત કરનાર. સાધક=મદદગાર. ભગ્ન થયા=નષ્ટ થયા. તદપિ=તોપણ. ઉદાત્ત=સમર્થ. વલ્કલ=ઝાડની છાલના વસ્ત્ર. આધુનિક=હાલની. ઇચ્છાનુવર્તન= મરજી પ્રમાણે ચાલવું. પૂજ્યબુદ્ધિ=માનની લાગણી. રૂણમોચન=દેવામાંથી મુક્ત થવું. ઉપાસના=સેવા. અનુચિત=અયોગ્ય.

૧૪૮–આર્થિક=નાણા સંબંધી આકર્ષણ=ખેંચાણ. માનસિક=મનના. નૈતિક=નીતિ સંબંધી. રાજકીય=રાજ્ય સંબંધી. રૂપાંતર=ફેરફાર પરિસ્થીતિ= હાલત. અસ્તિત્વ=હોવાપણું. આકર્ષક=ખેચનાર અનુકરણ=નકલ. નેતા=દોર- વનાર. પ્રતિકૂળ=વિરૂદ્ધ. વિનીતતા=વિનય. લાવણ્ય=સૌંદર્ય. પ્રેક્ષક=જોનાર. પતન=નાશ. અધોગતિ=અધમ સ્થિતિ. અનિષ્ટ=ખરાબી.

૧૪૯–કરકમળે=કમળરૂપી હાથમા. ઉષ્મા=સવાર. મર્મભાગ=જીવનસ્થાન. ઊર્મિઓ=ઉમળકા. ઇષ્ટ=પ્રિય. હસ્તગત=હાથમાં. જ્વલંત=પ્રકાશિત. પરમપુ- નિત=ઘણી પવિત્ર. જનકાત્મજા=જનકરાજાની પુત્રી (સીતા). અતિશયોક્તિ= વધારીને કહેવુ. દ્રવ્યોપાર્જન=પૈસો મેળવવો. વહન=ખેંચવો. આદર્શ=નમુનેદાર. ઉદ્‌ભવી=જન્મી. પ્રતિમા=મૂર્તિ. યથેચ્છ=મરજી પ્રમાણે. વિહરે છે=આનંદથી ફરે છે. કિંતુ=પણ. અનેરૂ=વિચિત્ર પ્રજાવત્સલ=સંતતીપર પ્રેમ રાખનારી.

૧૫૦–ચંચુપાત=ચાંચ બોળવી તે, ઘણુંજ જૂજ. પર્યાપ્તિ=સંતોષ અક્ષરશઃ=શબ્દે શબ્દ. ઉદ્ધાર=છુટકો. અનિષ્ટ=નઠારી. લક્ષ્યસ્થળ=ચોક્કસ ઠેકાણું.

૧૫૧–અવર્ણનીય=વર્ણન ન થાય એવા. આશય=હેતુ. આલિંગન દેવું=ભેટવું. ઇતર=બીજું. કાળક્ષેપ કરે=વખત પસાર કરે. સંયુક્ત=એકઠું પ્રયાસ=મહેનત. સંસ્કારિત=સંસ્કાર પામેલી, કેળવણી પામેલી. શ્વસુર=સાસરે. જનસમુહ=લોકો. આજ્ઞાંકિત=કહ્યાગરૂ. ઐક્ય=એકતા. વ્યક્તિ=પુરૂષ યા સ્ત્રી શ્રેય=લાભ. સતત=હંમેશ. ઉદ્દેશ=હેતુ. ઉદ્દાત=ગૃહસ્થને યોગ્ય. ઉન્નત=ઉચા. વિટંબના=દુઃખ. અભિલાષા=ઇચ્છા.

૧૫૨–સહાનુભૂતિ=સંમતિ. ઉછંછલપણું=ઉછાછળાપણું. ક્ષણિક=થોડા વખતના. વ્યતિત કરતાં=ગાળતા.

૧૫૩–મહાલય=મહેલ. સસ્કારગ્રાહી=લક્ષણ પ્રમાણે વર્તનાર. સત્વર=જલદીથી. પ્રત્યક્ષ=ખુલ્લી રીતે. સંસ્કારજન્ય=સંસ્કારથી ઉત્પન્ન થયેલી. **नास्ति...गुरु**=વેદના કરતાં પર બીજું કંઈ શાસ્ત્ર નથી, માતાના જેવો બીજો કોઈ ગુરૂ નથી. **गुरूणां...गुरु**=સઘળા ગુરૂઓમાં માતા એ મોટા ગુરૂ છે. દૈહિક=શરીરની. અનુકરણ નકલ.

૧૫૬–અક્ષય=નાશ ન પામે એવું. ગૃહસચિવ=ઘરની પ્રધાન. કાળક્ષેપ=વખત ગાળવો, સિલ્ક=રેશમ.

૧૫૭–વિદુષી=પંડિતા. પ્રાતઃસ્મરણીય=સંવારમાં નામ લેવા યોગ્ય. સતત=હંમેશ. તિલંજલી આપી=હંમેશને માટે દૂર કરી. પ્રશંસા=વખાણ. શ્રમિત=થાકેલી. મૃદુ=કોમળ. અનુકરણીય=નકલ કરવા જેવું.

૧૫૮–વિદુષી=ભણેલી. અર્વાચીન હાલના. સંમીલન=મેળવવું. પ્રતિધ્વનિ=પડઘો. શુષ્ક=પ્રેમ વિનાની. મનોવ્યથા=મનનુ દુઃખ. મૌન=મુંગું. ક્ષીણ થવું=ઘસાવું. હૃદયભેદક=હૈયું ફાટે એવી. અનુતપ્ત=સંતાપવાળું. કર્ણપ્રિય=કાનને વહાલા.

૧૫૯–જંગાલ=તાંબાનો કાટ ઓળપાઈ જવું=ગળા સુધી ભરાઈ જાય.

૧૬૧–વિદ્યાવિનોદી=વિદ્યામાં આનંદ માનનાર. આકાશ કુસુમવત્=આકાશના ફુલની માફક (મીથ્યા). વ્યવસ્થિત=નિયમસર. અપથ્ય=નુકસાન કરે એવો. ખનીજ=ખાણમાંથી નીકળેલુ અનિવાર્ય=દૂર ન કરી શકાય એવું. **लालने...लालयेत**=લાડ લડાવવામાં બહુ દોષ છે અને મારમાં બહુ ગુણ છે માટે પુત્ર અને શિષ્ય બન્નેને મારવા, લાડ લડાવવા નહિ. ઉચ્છેદ=નાશ. સ્વતઃ=પોતાની મેળે. **लोके गरीयसी माता**=આ લોકમાં મોટી છે. ઋણ=દેવું. વ્યતિત=પસાર કરવો. ધુરા=જુંસરી.

૧૬૩–કુલપતિ = વસિષ્ઠ. અલંકૃત = શણગારેલી. આયુ = આવરદા. રાજકદેવક = નવું જુનું.

૧૬૫–સોહેછે=શોભેછે. અમરાઈ આંબાવાડી. કમળનેન=કમળના જેવી આંખવાળો. સિંહસ્કંધ=સિંહના જેવા ખભાવાળો સંકોચ=શરમ. ચર્યા=રીતભાત.

૧૬૬–ઉપાસન=દુઃખ. સુખદ=સુખ આપનારી. ભીરૂ=બીકણ (સ્ત્રી).

૧૬૯–જલદીર્ઘિકા=વાવ. આમ્રશ્રેણી=આંબાની હાર. મંજરી=મોર(આંબાના). પદ્મિણી પદ્મિણી=કમળના ફૂલવાળુ તળાવ. ભૃંગ=ભમરા. કુરંગ=હરણ. ખંજન=એક જાતનું પક્ષિ. યથા...વારૂણી=જાણે ઘણો દારૂ પીધો હોય તેમ. ઔષધીનાયક=વનસ્પતીનો પતિ, ચંદ્ર. સુધાકર=ચંદ્ર. અંભોજનાયક=કમળનો પતિ. દિવાકર=સૂર્ય. લયશાલી=નાશકરનાર. રત્નાકર=સમુદ્ર. અલકનંદા=ગંગા. શતમુખ=સો મોં. પુનિત=પવિત્ર. આગાર=સ્થાન. સદન=ઘર. હતાશ=આશા વગરનું. નરી=સ્ત્રી. વિકલ=ભ્રષ્ટ થએલો. વિંટાળું=લપેટું. રાધુ=પૂજા કરૂ. ક્ષુદ્ર=હલકુ. અનાર્યતા=જંગલીપણું. રમણ=પતિ. રતિ=પ્રેમ. જાયા=સ્ત્રી. વામા=સ્ત્રી. વંધ્ય=નકામુ. સ્નેહાર્ણવ=સ્નેહરૂપી સમુદ્ર. દુષ્કૃતિ=પાપ. આયના=મર્યાદા. પરિચિત=જાણીતો. ભ્રમણા=ભ્રાંતિ. ગ્નાદે=સૂર્યની સ્ત્રી. મારિચ=સૂર્ય. અસુપતિ=સૂર્ય. અસુ=પ્રાણ. ધર્મ=ધર્મપાળ. વિજનતા=એકાંતપણું. દશમુખ=રાવણ. તૃણમાને=તણખલા જેવું. હૃદગ્રંથી=હૃદયની ગાંઠ. પરિપંથી=રોકનાર. કંજ=કમળ. મયંક=ચંદ્ર. મકરધ્વજ=કામદેવ. મૃણાલ=કમળનો દાંડો. ઉત્કંઠિત=આતુર. ત્વરા=ઉતાવળ. વર્ણપ=વર્ણન. વજ્રકપાટ=સજ્જડ દરવાજા. શૃંખલા=સાંકળ. પ્રચ્છન્ન=છાના. સહચારી=મિત્ર. દાંપત્ય=પતિ પત્નીનો પરસ્પર સ્નેહ. અવલંબન=ટેકો. આહ્લાદ=આનંદ. રમણરતા=પતિવ્રતા. ભદ્ર=કલ્યાણ. ત્રસ્તા=બીધેલી.

૧૭૦–કથાનક=જોડી કાઢેલી વાર્તા. ચમ્પૂ=ગદ્ય પદ્ય મિશ્રિત કાવ્ય. અસાર=સાર વિનાનો. દેશાટન=મુસાફરી. શૂન્યચિત્ત=ગભરાયલું ચિત્ત. પદભ્રષ્ટતા=રાજગાદીથી દૂર હોવાપણું. મનોવ્યથા=મનની પીડા. ઉચિત=યોગ્ય. **બહુ...વસુંધરા**=પૃથ્વીમાં ઘણાં રત્ન છે. નેપથ્ય=પડદો. અંતરિક્ષ=ન દેખાય એવી રીતે

૧૭૧–દૃષ્ટિગોચર થવું=નજરે પડવું. પર્ણકુટી=ઝુંપડી. કિંકરી=દાસી. સરિતા=નદી. અવિવાહિત=કુમારી, વગર પરણેલી. ભવાબ્ધિ=ભવસાગર. કામના=ઇચ્છા. અંતરિક્ષથી=આકાશમાંથી.

ગ્રંથ સમાપ્ત.